# જાહેર વહીવટ

પ્રો. હેમન્તકુમાર શાહ




યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ-૬

31308

# જાહેર વહીવટ

2015/16 31308

1489

પ્રો. હેમન્તકુમાર શાહ

યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ-૬.

*Jaher Vahivat*
Prof. Hemantkumar Shah

પ્રકાશક :
શ્રીમતી ભાવનાબેન દવે
ઉપાધ્યક્ષ
યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય,
અમદાવાદ - ૩૮૦૦૦૬
*Website: www.granthnirman.com*
*E-mail : granthnirman1970@gmail.com*

© યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય

ISBN -978-93-85344-04-6

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૫

નકલ : ૨૧૦૦

કિંમત: રુ.૧૬૦
[redacted]

"Published by the University Book Production Board, Gujarat State; under the Centrally Sponsored Scheme of Production of Books and Literature in Regional Languages at the University level, of the Commission for Scientific and Technical Terminology (CSTT) Government of India in the Ministry of Human Resource Department (Department of Higher Education), New Delhi."

ટાઈપ સેટિંગ :
હરિઓમ કોમ્પ્યુટર્સ
૯૪, અવનીશ સોસાયટી, પવિત્રકુંજ સોસાયટી સામે,
સી.ટી.એમ. ક્રોસ રોડ, અમદાવાદ
મો. ૯૭૨૫૦૧૮૫૫૬, ૯૩૭૬૧ ૯૮૮૨૯
E mail: jyotidhandhukiya@gmail.com

મુદ્રક :
આણંદ પ્રેસ, ગામડી, આણંદ
૦૨૬૯૨ ૨૫૩૯૩૩
anandpress@gmail.com

2015/16 31308

## પ્રકાશન પર્વે

ચારેક દાયકા પહેલાં પ્રાદેશિક ભાષાને પ્રોત્સાહન આપવાની અને યુનિવર્સિટી કક્ષાએ શિક્ષણ પરીક્ષણના માધ્યમ તરીકે પ્રાદેશિક ભાષા પ્રસ્થાપિત કરવાની રાષ્ટ્રવ્યાપી યોજના અમલમાં મુકાઈ. આ યોજના અન્વયે કેન્દ્ર સરકારે પુસ્તક પ્રકાશન માટે અનુદાન આપવાનું સ્વીકારી રાજ્યદીઠ ગ્રંથનિર્માણ બોર્ડ સ્થાપવાનો નિર્ણય કર્યો અને એમ ૧૯૭૦માં આપણા ગુજરાતનું યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ અસ્તિત્વમાં આવ્યું. શરૂઆતથી લઈને સતત બદલાતાં પણ નીવડેલા કેળવણીકારોના નેતૃત્વ હેઠળ આ બોર્ડે વિશુદ્ધ વિદ્યાસંસ્થા તરીકે ગજબનું કાઠું કાઢ્યું છે, એટલું જ નહીં વિદ્યાવ્યાસંગીઓના સંસર્ગમાં રહીને તે સરસ્વતી ઉપાસનાનું તીર્થ બની રહ્યું છે.

યુનિવર્સિટી કક્ષાએ ચાલતા વિવિધ કક્ષાના વિવિધ વિદ્યાશાખાના અભ્યાસક્રમોને અનુરુપ સંદર્ભગ્રંથો તૈયાર કરાવવાનું મહત્ત્વનું કામ બોર્ડ કરે છે. આ માટે વિદ્વાનો અને તજજ્ઞોને ગ્રંથલેખન માટે સન્માનપૂર્વક ઈજન પાઠવવામાં આવે છે, સાથે સાથે વિદ્વાનો તરફથી આવતા ઉપયોગી પ્રકાશનોના પ્રસ્તાવો ઉપર પણ ગંભીરતાથી વિચાર કરવામાં આવે છે. બોર્ડનાં પુસ્તકો માટે ગુણવત્તા (quality)અને પ્રમાણભૂતતા (authenticity)નું પૂરેપૂરું ધ્યાન રાખવામાં આવે છે. વળી, વિદ્યાર્થીઓ માટે જ આ પુસ્તકો લખાતાં હોઈ એની કિંમત પણ વિદ્યાર્થીના ખિસ્સાંને પરવડે એવી રાખવામાં આવે છે.

ગ્રંથપ્રકાશનની આ યોજના હેઠળ **પ્રો. હેમન્તકુમાર શાહ** લિખિત **"જાહેર વહીવટ"**ની પ્રથમ આવૃત્તિ બોર્ડ દ્વારા પ્રકાશિત થઈ રહી છે, ત્યારે હું આનંદની લાગણી અનુભવું છું. સાંપ્રત સમયમાં આ પુસ્તક અર્થશાસ્ત્રના શિક્ષણ માટે તેમજ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઉપયોગી નીવડશે એવી મને શ્રદ્ધા છે. પ્રસ્તુત પુસ્તક પ્રકાશનમાં સહભાગી સૌનો આભાર માનું છું.

શ્રીમતી ભાવનાબેન દવે

ઉપાધ્યક્ષ

# પ્રસ્તાવના

વિવિધ પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં જાહેર વહીવટનો વિષય ખૂબ જ અગત્યનો બન્યો છે. રાજ્ય એક સંસ્થા તરીકે સાર્વભૌમ સત્તા ધરાવે છે અને તેથી તેનો વહીવટ મનુષ્યના તમામ કૌટુંબિક, સામાજિક, ધાર્મિક, આર્થિક, સાંસ્કૃતિક અને રાજકીય વ્યવહારોને સ્પર્શે છે. તેથી જ આ વિષયને પ્રાધાન્ય મળતું જાય છે. ભારતમાં ગરીબી, બેકારી અને કાયદાવિહીનના સાથે સંબંધિત અનેક સમસ્યાઓ છે તેનું એક કારણ કે છે કે ભારતમાં સુશાસનનો અભાવ છે એમ કહેવામાં આવે છે. આથી જ જાહેર વહીવટનો વિષય અગત્યનો બન્યો છે અને તે સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ફરજિયાત વિષય તરીકે દાખલ થયો છે.

ગુજરાત જાહેર સેવા પંચ(જીપીએસસી)ની વર્ગ-1 અને વર્ગ-2ની મુખ્ય પરીક્ષા માટે સામાન્ય અભ્યાસનું જે પ્રથમ પ્રશ્નપત્ર છે તેમાં ગુજરાતનાં ઈતિહાસ, ભૂગોળ, સાહિત્ય, સંસ્કૃતિ અને પંચાયતી રાજ તથા વિકાસ જેવા વિષયો અને અર્થતંત્ર તથા અર્થશાસ્ત્રના વિવિધ વિષયોની સાથે સાથે જાહેર વહીવટ અને સરકારી કામકાજની વ્યવસ્થાનો વિષય સિદ્ધાંતો અને વ્યવહાર બંનેના સંદર્ભમાં સમાવવામાં આવ્યો છે. એ વિષયના તમામ મુદ્દાઓને ધ્યાનમાં લઈને બહુવૈકલ્પિક પ્રશ્નો ધરાવનારું આ પુસ્તક તૈયાર કરાયું છે. જાહેર વહીવટ વિષય જે સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સમાવાયો છે તેના બધા આકાંક્ષીઓને માટે આ પુસ્તક ઉપયોગી સાબિત થશે એમ કહી શકાય.

આ પુસ્તક કુલ 10 ભાગમાં વહેંચવામાં આવ્યું છે. પ્રથમ ભાગ પ્રસ્તાવના સ્વરૂપે છે કે જેમાં જાહેર વહીવટનું કાર્યક્ષેત્ર, એક વિષય તરીકે તેનો વિકાસ, ઉદારીકરણની નીતિઓને લીધે તેની સામે ઊભા થયેલા પડકારો અને તેમાં લોક પસંદગીનો અભિગમ વગેરે મુદ્દા સમાવાયા છે. ઉપરાંત કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર'ના જાહેર વહીવટ સંબંધી ખ્યાલોનો સમાવેશ કરાયો છે. બીજા ભાગમાં તંત્ર વ્યવસ્થાનો સમાવેશ થયો છે. આધુનિક લોકશાહીમાં સરકારી સંસ્થાઓ ઉપરાંત નિયમનકારી સંસ્થાઓનું મહત્ત્વ વધતું જાય છે. તેથી ભારતની મહત્ત્વની સાત નિયમનકારી સંસ્થાઓ તેમાં સમાવાઈ છે. 1991 પછી ભારતમાં જાહેર-ખાનગી ભાગીદારીનું મહત્ત્વ વધ્યું છે તેથી તે મુદ્દો પણ સમાવાયો છે. ત્રીજો ભાગ રાજ્ય સરકારના વહીવટી તંત્ર વિશે છે કે જેમાં બંધારણીય જોગવાઈઓ ઉપરાંતના વહીવટના મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા છે. ચોથા ભાગમાં જિલ્લા સ્તરના વહીવટી તંત્રનો સમાવેશ કરાયો છે. પુસ્તકના પાંચમા ભાગમાં પંચાયતો અને પાલિકાઓ વિશેની બંધારણીય જોગવાઈઓ અને તેમનાં કાર્યોના સંદર્ભમાં વિકેન્દ્રીકરણના મુદ્દાનો સમાવેશ કરાયો છે.

પુસ્તકના છઠ્ઠા ભાગમાં સનદી સેવાઓ અંગેની બંધારણીય જોગવાઈઓ અને સંબંધિત મુદ્દાઓ સમાવાયા છે. વિકાસ માટે આ સેવાઓનું મહત્ત્વ વધતું જાય છે તેથી આ વિષય ખૂબ જ અગત્યનો છે. સાતમો ભાગ રાજ્ય વહીવટના ખૂબ જ અગત્યનાં પાસાં અંગેનો છે, કે જે વ્યવહારુ પાસાં છે. વહીવટ કેવી રીતે થાય છે તે આ મુદ્દા સાથે સ્પર્શે છે. ભાગ-8 કાયદો અને વ્યવસ્થા તથા આતંકવાદ અંગેની કામગીરી વિશે છે કે જે વર્તમાન સ્થિતિના સંદર્ભમાં ખૂબ જ અગત્યનો મુદ્દો છે. ભાગ-9 રાજ્યના નાણાકીય વહીવટ અંગે છે. રાજ્ય કેવી નીતિઓ ઘડે છે, તે કેવી રીતે નાણાં ભેગાં કરે છે અને કેવી રીતે ખર્ચે છે, તેને અંગે પારદર્શકતા કેવી રીતે જાળવે છે વગેરે વિષયો આ ભાગમાં આવરી લેવાયા છે. છેલ્લો દસમો ભાગ સુશાસનના સંદર્ભમાં ખૂબ જ અગત્યનો છે. આધુનિક લોકશાહીનો પાયાનો મુદ્દો સરકાર લોકો માટે પારદર્શક અને લોકો પ્રત્યે ઉત્તરદાયી બને તે છે. તેની સાથે સંબંધિત તમામ મુદ્દાનો સમાવેશ આ ભાગમાં કરાયો છે.

ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓમાં જાહેર વહીવટનો વિષય સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ ભણાવતા અધ્યાપકો અને વિદ્યાર્થીઓને પણ આ પુસ્તક ઉપયોગી થશે એમ લાગે છે. આ પુસ્તક તૈયાર કરવા માટે પ્રેરણા આપનારા સૌ અધ્યાપકો અને વિદ્યાર્થીઓનો હું આભાર માનું છું. ખાસ કરીને અમદાવાદની ઝેવિયર્સ કોલેજના મુલાકાતની અધ્યાપક શ્રી આત્મન શાહે આ પુસ્તક તૈયાર કરવામાં કરેલી મદદનો ઋણસ્વીકાર કરું છું. યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડનાં ઉપાધ્યક્ષ શ્રીમતી ભાવનાબહેન દવેનો વિશેષ આભારી છું કે જેમણે આ પુસ્તક તૈયાર કરવા માટે આગ્રહ રાખીને મને પ્રેરણા આપી છે. યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડના તમામ કર્મચારીઓના સક્રિય સહયોગની આ તબક્કે નોંધ લઉં છું.

તા. 14-4-2015

**આંબેડકર જયંતી**

**- પ્રો. હેમન્તકુમાર શાહ**

અર્થશાસ્ત્ર વિભાગ,

એચ. કે. આર્ટ્સ કોલેજ, અમદાવાદ

# અનુક્રમણિકા

2015/16 31308

## ભાગ-1 જાહેર વહીવટઃ પ્રસ્તાવના


1. પ્રસ્તાવના
   - 1.1 અર્થ અને કાર્યક્ષેત્ર 7
   - 1.2 જાહેર વહીવટનું મહત્ત્વ 13
   - 1.3 કૌટિલ્યનું અર્થશાસ્ત્ર 15
2. જાહેર વહીવટનો ક્રમિક વિકાસ 18
3. લોકોની પસંદગીનો અભિગમ 20
4. ઉદારીકરણના પડકારો 21


## ભાગ-2 તંત્ર વ્યવસ્થા


5. નિયમો અને પદ્ધતિઓ 24
6. સરકારી પંચો 24
7. સરકારી સંસ્થાઓ 25
8. મુખ્ય કાર્યાલય અને ક્ષેત્રીય કચેરી વચ્ચેના સંબંધો 27
9. નિયમનકારી સંસ્થાઓ 28
   - 9.1 TRAI 29
   - 9.2 SEBI 29
   - 9.3 ERC 31
   - 9.4 PFRDA 33
   - 9.5 IRDA 34
   - 9.6 RBI 34
   - 9.7 CCI 36
10. જાહેર - ખાનગી ભાગીદારી 38


## ભાગ-3 રાજ્ય સરકારનું વહીવટી તંત્ર


11. રાજ્યપાલ 41
12. મુખ્ય મંત્રી 44
13. મંત્રીમંડળ 45
14. મુખ્ય સચિવ 47
15. સચિવાલય 49
16. પ્રાદેશિક કચેરીઓ 50

## ભાગ-4 જિલ્લાનું વહીવટીતંત્ર


17. કલેક્ટર 53

18. જિલ્લાનું વહીવટી તંત્ર 55

18.1 જિલ્લા આયોજન સમિતિ અને જિલ્લા આયોજન મંડળ 58


## ભાગ-5 સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ


19. પંચાયતી રાજ 61

19.1 પંચાયતી રાજ અને 73મો બંધારણ સુધારો 61

19.2 ગ્રામ પંચાયત 73

19.3 તાલુકા પંચાયત 84

19.4 જિલ્લા પંચાયત 85

19.5 ગ્રામ સભા 87

19.6 આદિવાસી વિસ્તારોની પંચાયતો 90

19.7 સામાજિક ન્યાય સમિતિ 93

19.8 ગૌચર 95

19.9 નાણાં પંચ અને પંચાયતોની નાણાકીય વ્યવસ્થા 97

20. પાલિકાઓ 101

20.1 74મો બંધારણ સુધારો અને શહેરી શાસન 101

20.2 નગરપાલિકાઓ 104

20.3 મહાનગરપાલિકાઓ 106

21. કેન્દ્ર અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ 107

22. રાજ્ય અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ 107

23. વિકેન્દ્રીકરણ 108


## ભાગ-6 સનદી સેવાઓ


24. બંધારણીય જોગવાઈઓ 114

25. માળખું 116

26. ભરતી, તાલીમ અને ક્ષમતા 118

27. વર્તણૂક અને શિસ્ત 120

28. સ્ટાફ એસોસીએશન 123

29. રાજકીય અધિકારો 124

30. તટસ્થતા 125

31. સારા વહીવટની પહેલ 127

32. સક્રિયતા 129

## ભાગ-7 વહીવટી કાયદો, સંગઠન અને સુધારા


33. વહીવટી કાયદો 130

34. વહીવટી પ્રતિનિધિત્વ 136

35. વહીવટી ટ્રિબ્યુનલો 136

36. વહીવટી સંગઠન 139

36.1 વૈજ્ઞાનિક સંચાલન 139

36.2 પ્રશિષ્ટ સિદ્ધાંત 141

36.3 અમલદારશાહીનો સિદ્ધાંત 143

36.4 વર્તનલક્ષી સિદ્ધાંત 145

36.5 માનવ સંબંધો 148

36.6 વર્તનલક્ષી અભિગમ 151

36.7 પ્રથા અભિગમ 152

37. વહીવટી કાર્યપદ્ધતિ 155

37.1 વહીવટી સુધારા 157

38. કામગીરીનું મૂલ્યાંકન 159

39. ઈ-શાસન 160

40. માહિતી પ્રક્રિયા પદ્ધતિ 162

41. વહીવટમાં સહાયકારી સાધનો 163

41.1 નેટવર્ક એનાલીસિસ 163

41.2 MIS 164

41.3 PERT 167

41.4 CMP 168


## ભાગ-8 કાયદો અને વ્યવસ્થા


42. અંગ્રેજ શાસનની વ્યવસ્થા 170

43. રાષ્ટ્રીય પોલિસ પંચ 170

44. તપાસ કરનારી સંસ્થાઓ 171

45. અર્ધ-લશ્કરી દળો 175

46. આતંકવાદ-વિરોધી કામગીરી 175

47. રાજ્ય અને કેન્દ્રની ભૂમિકા 177

48. જિલ્લા કક્ષાએ તંત્ર 178

49. પોલિસ સુધારા 178

50. પ્રજા અને પોલિસ વચ્ચેના સંબંધો 180

51. કટોકટી 181

## ભાગ-9 નાણાકીય વહીવટ


52. નાણાં નીતિ 184

53. રાજકોષીય નીતિ 186

54. નાણાં મંત્રાલય 187

55. FRBM ધારોઃ કેન્દ્ર 188

56. GFR ધારો 190

57. આયોજન 191

57.1 આયોજન પંચ 196

57.2 નિર્દેશાત્મક આયોજન 196

57.3 વિકેન્દ્રિત આયોજન 197

58. કેન્દ્ર-રાજ્યના નાણાકીય સંબંધો 198

59. નાણાં પંચ 201

59.1 14મું નાણાં પંચ 202

60. જાહેર દેવું 205

60.1 આંતરિક દેવું 207

60.2 બાહ્ય દેવું 209

61. અંદાજપત્રના પ્રકારો 209

62. અંદાજપત્રની પ્રક્રિયા 212

62.1 કેન્દ્ર 212

62.2 રાજ્ય 213

63. જાહેર ખર્ચ 215

63.1 જાહેર ખર્ચ ઉપર અંકુશ 218

64. હિસાબી પદ્ધતિઓ 219

65. CAG 222

66. જાહેર ક્ષેત્ર 224

66.1 સ્વાયત્તતા 226

66.2 જવાબદારી અને નિયંત્રણ 229

66.3 ઉદારીકરણ અને ખાનગીકરણની અસર 230

67. ગ્રામ વિકાસ 233

67.1 ગ્રામ વિકાસની યોજનાઓ 234

67.2 બિન-સરકારી સંગઠનો 238

68. રાષ્ટ્રીય વિકાસ પરિષદ 239

69. વિકાસલક્ષી વહીવટ 240

# ભાગ-10 ઉત્તરદાયિત્વ અને નિયંત્રણ


70. ઉત્તરદાયિત્વ 244

71. નિયંત્રણ 245

72. અંકુશ 246

72.1 ધારાકીય અંકુશ 246

72.2 કારોબારી અંકુશ 249

72.3 નાણાકીય અંકુશ 249

73. માધ્યમોની ભૂમિકા 250

74. હિતધારક સંગઠનો 252

75. નાગરિક સમાજ (Civil Society) 255

76. નાગરિકોનું ખતપત્ર અથવા અધિકારપત્ર 258

77. માહિતીનો અધિકાર 259

78. સામાજિક અન્વેષણ (Social Audit) 264

79. ફરિયાદ નિવારણ તંત્ર 266

80. ગુજરાત નાગરિક જાહેર સેવા અધિકાર ધારો 267


❖

# ભાગ-1 જાહેર વહીવટઃ પ્રસ્તાવના

## 1. પ્રસ્તાવના

### 1.1 અર્થ અને કાર્યક્ષેત્ર

1. "સાર્વજનિક લક્ષ્યાંકો પૂર્ણ કરવા માટે સહકાર સાધતાં જૂથોની પ્રવૃત્તિઓ" એટલે જાહેર વહીવટ એવી વ્યાખ્યા કોણે આપી છે?
   **(A) હર્બર્ટ એ. સાયમન** (B) ફેલિક્સ એ. નિગ્રો
   (C) એલ. ડી. વ્હાઇટ (D) ઈ. એન. ગ્લેડન

2. "વહીવટને કામ કરાવવા સાથે સંબંધ છે, નિર્ધારિત હેતુઓ પરિપૂર્ણ કરવા સાથે તેને સંબંધ છે." - આ વિધાન કોનું છે?
   (A) એલ. ડી. વ્હાઇટ **(B) લ્યુથર ગુલિક** (C) એફ. એમ. માર્ક્સ (D) જેમ્સ મેકેની

3. "જાહેર વહીવટ એ કાયદાનો વિગતવાર અને પદ્ધતિસરનો અમલ છે. કાયદાનો કોઈ પણ નિશ્ચિત વિનિયોગ એ વહીવટનું કૃત્ય છે." - આ વ્યાખ્યા કોણે આપી છે?
   **(A) વુડ્રો વિલ્સન** (B) એમ. ઇ. ડિમોક (C) ઇ. એન. ગ્લેડન (D) લ્યુથર ગુલિક

4. "વહીવટ એ સરકારનો સૌથી સ્પષ્ટ ભાગ છે. જાહેર વહીવટ એટલે સરકારનું કાર્ય, એ સરકારની અમલકારી, કાર્ય કરતી અને સૌથી વધુ દશ્યમાન બાબત છે." - આ વ્યાખ્યા કોણે આપી છે?
   (A) યુજિન મેકગ્રેગોર **(B) વુડ્રો વિલ્સન** (C) ડી. વાલ્ડો (D) જહોન એ. વિગ

5. વ્યાપક અર્થમાં જાહેર વહીવટમાં સરકારની કઈ શાખાનો સમાવેશ થાય છે?
   (A) ધારાગૃહ (B) કારોબારી (C) ન્યાયતંત્ર **(D) ઉપરોક્ત તમામ**

6. સંકુચિત અર્થમાં જાહેર વહીવટમાં સરકારની કઈ શાખાની પ્રવૃત્તિનો સમાવેશ થાય છે?
   **(A) માત્ર કારોબારી** (B) કારોબારી, ન્યાયતંત્ર
   (C) ન્યાયતંત્ર, ધારાગૃહ (D) કારોબારી, ધારાગૃહ

7. "સરકારની વહીવટી શાખાની પ્રવૃત્તિઓ એટલે જ જાહેર વહીવટ" એવું કોણે કહ્યું છે?
   (A) પી. મેક્વીન **(B) ડબ્લ્યુ. એફ. વિલોગ્બી**
   (C) ડી. વાલ્ડો (D) યુજિન મેકગ્રોગોર

8. જાહેર વહીવટ એ સરકારનું ચોથું અંગ છે એમ કોણે પ્રસ્થાપિત કર્યું?
   **(A) ડબ્લ્યુ. એફ. વિલોગ્બી** (B) પી. મેક્વીન (C) વુડ્રો વિલ્સન (D) એફ. એમ. માર્ક્સ

9. "વિષયવસ્તુને આધારે વહીવટ એક ક્ષેત્ર અને બીજા ક્ષેત્ર વચ્ચે બદલાય છે." - આ વિધાન શું વ્યક્ત કરે છે?
   (A) વહીવટનો સંચાલકીય દષ્ટિકોણ **(B) વહીવટનો સંકલિત દષ્ટિકોણ**
   (C) વહીવટનો વ્યાપક દષ્ટિકોણ (D) વહીવટનો સંકુચિત દષ્ટિકોણ

10. કોઈક હેતુ સિદ્ધ કરવા માટે જે ભૌતિક, કારકુની, સંચાલકીય અને ટેકનિકલ પ્રવૃત્તિ હાથ ધરવામાં આવે તે વહીવટ છે.- આ શું કહેવાય?
    1. વહીવટનો સંચાલકીય દષ્ટિકોણ
    2. વહીવટનો સંકલિત દષ્ટિકોણ
    3. વહીવટનો વ્યાપક દષ્ટિકોણ
    4. વહીવટનો સંકુચિત દષ્ટિકોણ

    ઉપરનાંમાંથી શું સાચું છે?
    (A) 1, 2 **(B) ફક્ત 2** (C) 1, 3 (D) 1, 4

11. વહીવટના સંકલિત દષ્ટિકોણનો ખ્યાલ કોણે આપ્યો છે?
    1. હર્બર્ટ સાયમન 2. એલ.ડી. વ્હાઇટ
    3. લ્યુથર ગુલિક 4. એમ. ઇ. ડિમોક
    ઉપરનાંમાંથી શું સાચું છે?
    (A) 1, 3 (B) 2, 3 (C) 1, 2 **(D) 2, 4**
12. "વહીવટ એક એવા પ્રકારનો સહકારી પ્રયાસ છે કે જેમાં ઊંચા સ્તરની તાર્કિકતા હોય છે."- આ વિધાન કોનું છે?
    (A) બ્રૂક્સ એડમ્સ (B) જ્યોર્જ બર્કલે (C) એફ. એમ. માર્ક્સ **(D) ડી. વાલ્ડો**
13. નીચેનાં વિધાનો વાંચો:
    1. જાહેર વહીવટ એ સરકારની બાબતોનું સંચાલન છે.
    2. જાહેર વહીવટ એ સરકારનું બિન-રાજકીય અમલદારશાહી તંત્ર છે.
    3. જાહેર વહીવટ રાજકીય સંદર્ભ સાથે કામ કરે છે.
    4. જાહેર વહીવટ સરકારનો કાર્યલક્ષી ભાગ છે.
    ઉપરનાંમાંથી શું સાચું છે?
    **(A) 1, 2, 3, 4** (B) 1, 2, 3 (C) 1, 2, 4 (D) 1, 3, 4
14. "જાહેર વહીવટ એ આધુનિક સરકારની સમસ્યાનું હાર્દ છે." - આ વિધાન કોનું છે?
    **(A) એલ. ડી. વ્હાઈટ** (B) ચાર્લ્સ એ. બર્ડ (C) ઓર્ડવે રીડ (D) હર્બર્ટ સાયમન
15. જાહેર વહીવટ -
    1. સરકારનો આધાર છે.
    2. રાષ્ટ્રીય અખંડતાનું સાધન છે.
    3. સમાજમાં સ્થિરતાજનક પરિબળ છે.
    4. સેવાઓ પૂરી પાડવાનું સાધન છે.
    5. માનવ સંસાધન વિકાસનું સાધન છે.
    ઉપરનાંમાંથી શું સાચું છે?
    **(A) 1, 2, 3, 4, 5** (B) 2, 3, 4 (C) 1, 2, 3 (D) 1, 3, 5
16. જિરાલ્ડ કેઈડનના મત અનુસાર જાહેર વહીવટે કઈ અગત્યની ભૂમિકા ભજવવાનું આવ્યું છે?
    1. રાજનીતિનું જતન
    2. સામાજિક-આર્થિક પરિવર્તનનું સંસ્થાકરણ
    3. સમાજના નબળા વર્ગોનું રક્ષણ
    4. મોટા પાયા પર વ્યાપારી સેવાઓનું સંચાલન
    ઉપરનાંમાંથી શું સાચું છે?
    (A) 1, 2 **(B) 1, 2, 3, 4** (C) 2, 3 (D) 3, 4
17. "ઈચ્છિત ધ્યેયો સિદ્ધ કરવા માટે માનવીય અને ભૌતિક સંસાધનોનું સંગઠન અને નિર્દેશન" એટલે જાહેર વહીવટ એવું કોણે કહ્યું છે?
    (A) એલ. ડી. વ્હાઇટ **(B) જે. એમ. ફિફનર** (C) જ્હોન એ. વિગ (D) એચ. એ. સાયમન
18. જાહેર વહીવટના કયા દૃષ્ટિકોણ હેઠળ ઉચ્ચ કક્ષાએ બિરાજમાન વ્યક્તિઓની પ્રવૃત્તિઓનો સમાવેશ તેમાં થાય છે?
    **(A) સંચાલકીય** (B) સંકુચિત (C) વ્યાપક (D) સંકલિત
19. નીચેનાં વિધાનો વાંચો:
    1. જાહેર વહીવટ કાનૂની જોગવાઈઓ અનુસાર થાય છે.
    2. જાહેર વહીવટ પર રાજકારણનો પ્રભાવ પડે છે.

3. જાહેર વહીવટને નફા સાથે સંબંધ નથી.
4. જાહેર વહીવટને કલ્યાણ સાથે સંબંધ નથી.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 3, 4 **(B) 1, 2, 3** (C) 2, 3, 4 (D) 3, 4

20. કઈ બાબતમાં જાહેર અને ખાનગી વહીવટ વચ્ચે સામ્ય પ્રવર્તે છે?

(A) સંચાલનની પદ્ધતિઓ (B) ધોરણો (C) કર્મચારીનું કલ્યાણ **(D) ઉપરોક્ત તમામ**

21. જાહેર વહીવટનો કેન્દ્રવાદી (centralist) અભિગમ શું હતો?

**(A) રાજા માટે શાસનનું જરૂરી જ્ઞાન એટલે જાહેર વહીવટ.**

(B) ગરીબોનું કલ્યાણ એટલે જાહેર વહીવટ.

(C) બેકારીનું નિવારણ એટલે જાહેર વહીવટ.

(D) સરકારની આવકનો વહીવટ એટલે જાહેર વહીવટ.

22. POSDCORB શબ્દ કોણે આપ્યો છે?

(A) ફ્રેન્ક ગૂડ **(B) ગુલિક અને ઉર્વિક** (C) રોબર્ટ બ્લૂમ (D) એરિસ્ટોટલ

23. જાહેર વહીવટનું કાર્યક્ષેત્ર કયું છે?

(A) વહીવટ માટેનાં માળખાં (B) વહીવટની પ્રક્રિયા

(C) વહીવટ દરમ્યાનનું વર્તન **(D) ઉપરોક્ત તમામ**

24. વહીવટની પ્રક્રિયામાં કઈ બાબતો અગત્યની છે?

(A) પ્રત્યાયન (B) અંકુશ (C) નિર્ણય પ્રક્રિયા **(D) ઉપરોક્ત તમામ**

25. સરકારની વહીવટી પાંખને કઈ બાબત સાથે સંબંધ છે?

(A) રાજકારણ (B) નીતિનું નિર્ધારણ (C) કાયદાનો અમલ **(D) ઉપરોક્ત તમામ**

26. જાહેર વહીવટમાં સરકારની વહીવટી પાંખ મહત્ત્વની છે એવું કોણે કહ્યું છે?

**(A) રોબર્ટ બ્લૂમ** (B) હર્બર્ટ સાયમન (C) રોબર્ટ ઓ. દાહ્લ (D) મેક્સ મેબર

27. જાહેર વહીવટમાં કઈ બાબતનો સમાવેશ થાય?

(A) લોકોના વ્યવહારોનું સુચારુ નિયમન (B) નીતિ ઘડતરની પ્રક્રિયા

(C) નીતિના અમલ માટેની પ્રક્રિયા **(D) ઉપરોક્ત તમામ**

28. જાહેર વહીવટનું વિષયવસ્તુ કયું છે?

(A) સરકાર શું કરે છે? (B) સરકાર કેવી રીતે તેના કર્મચારીઓની વ્યવસ્થા કરે છે?

(C) સરકાર કેવી રીતે નાણાં એકત્ર કરે છે? **(D) ઉપરોક્ત તમામ**

29. જાહેર વહીવટનું વિષયવસ્તુ શું છે?

(A) વહીવટ કેવી રીતે થાય છે તે. (B) વહીવટ સામૂહિક રીતે થાય છે કે વ્યક્તિગત રીતે?

**(C) A અને B બંને** (D) A અને Bમાંથી એકેય નહિ

30. જાહેર વહીવટનું વિષયવસ્તુ કયું છે?

1. જાહેર વહીવટ લોકો પ્રત્યે ઉત્તરદાયી છે?
2. લોકો સાથેના રાજ્યના સંબંધોની શી વ્યવસ્થા છે?
3. વહીવટમાં આંતરિક રીતે કેવી રીતે સંબંધો જળવાય છે?
4. સરકાર કયાં કયાં કામો કરે છે?

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3, 4** (B) 1, 2, 3 (C) 2, 3 (D) 1, 4

31. જાહેર વહીવટનો કેન્દ્રવાદી અભિગમ કઈ સદી સુધી ચાલ્યો?
(A) 20મી (B) 18મી **(C) 19મી** (D) 17મી

32. "રાજકારણને રાજ્યની નીતિઓ અને રાજ્યની અભિવ્યક્તિ સાથે સંબંધ છે, જ્યારે વહીવટને એ નીતિઓના અમલ સાથે સંબંધ છે." - આ વિધાન કોનું છે?
**(A) ફ્રેન્ક ગૂડનો** (B) રોબર્ટ બ્લૂમ (C) વુડ્રો વિલ્સન (D) વિન્સ્ટન ચર્ચિલ

33. રાજકારણ અને વહીવટ વચ્ચે તફાવત છે એમ સૌ પ્રથમ કોણે કહ્યું?
**(A) વુડ્રો વિલ્સન** (B) રોબર્ટ દાહ્લ (C) ડબ્લ્યુ. વિલોગ્બી (D) ચેસ્ટર બર્નાર્ડ

34. જાહેર વહીવટમાં મૂલ્યો કે ધોરણોનો સમાવેશ થાય છે જ એમ કોણે કહ્યું છે?
**(A) રોબર્ટ દાહ્લ** (B) વુડ્રો વિલ્સન (C) હર્બર્ટ સાયમન (D) ચેસ્ટર બર્નાર્ડ

35. જાહેર વહીવટના અભ્યાસમાં મનુષ્યના વર્તનનો અભ્યાસ જરૂરી છે એમ કોણે કહ્યું છે?
(A) વુડ્રો વિલ્સન (B) ચેસ્ટર બર્નાર્ડ **(C) રોબર્ટ દાહ્લ** (D) એરિસ્ટોટલ

36. જાહેર અને ખાનગી વહીવટ વચ્ચે સામ્યનો મુદ્દો કયો છે?
(A) જનસંપર્ક (B) શ્રેણીગત વ્યવસ્થા
**(C) ઉપરોક્ત બંને** (D) ઉપરનાંમાંથી એક પણ નહિ

37. 'ધ પ્રિન્સ' પુસ્તક કોણે લખ્યું છે?
(A) એરિસ્ટોટલ (B) વુડ્રો વિલ્સન **(C) મેકિયાવેલી** (D) રોબર્ટ દાહ્લ

38. ગુલિક અને ઉર્વિક જાહેર વહીવટનો સિદ્ધાંત કોને ગણાવે છે?
(A) આયોજન (B) સંગઠન (C) કર્મચારી **(D) ઉપરોક્ત ત્રણેય**

39. "કાર્યક્ષમતા અને કરકસર એ જાહેર વહીવટનાં મુખ્ય સૂત્રો છે." - આ વિધાન કોનું છે?
**(A) લિયોનાર્ડ વ્હાઇટ** (B) રોબર્ટ દાહ્લ (C) રોબર્ટ બ્લૂમ (D) વુડ્રો વિલ્સન

40. ગુલિક અને ઉર્વિક દ્વારા શાને જાહેર વહીવટનો સિદ્ધાંત ગણવામાં આવ્યો છે?
(A) દિશાનિર્દેશ (B) સંકલન
**(C) A અને B બંને** (D) A અને Bમાંથી એકેય નહિ

41. જાહેર વહીવટની વિશેષતા શું છે?
**(A) એ મનુષ્યનાં જીવનનાં તમામ પાસાંને સ્પર્શે છે.** (B) જાહેર વહીવટમાં આવક ખૂબ થાય છે.
(C) જાહેર વહીવટમાં સરકારને ખૂબ ખર્ચ થાય છે. (D) જાહેર વહીવટનો શાસન સાથે સંબંધ નથી.

42. જાહેર વહીવટની વિદ્યાશાખામાં કઈ પેટા શાખાનો સમાવેશ થાય છે?
(A) સંગઠનાત્મક સિદ્ધાંત (B) સંગઠનાત્મક વર્તન
(C) જાહેર મહેકમનો વહીવટ **(D) ઉપરોક્ત તમામ**

43. ગુલિક અને ઉર્વિક જાહેર વહીવટ માટે કયો સિદ્ધાંત આપે છે?
(A) રજૂઆત (B) નાણાં વ્યવસ્થા
**(C) A અને B બંને** (D) A અને Bમાંથી એકેય નહિ

44. જાહેર વહીવટની વિદ્યાશાખામાં કઈ પેટા શાખાનો સમાવેશ થાય છે?
(A) તુલનાત્મક વહીવટ (B) વિકાસલક્ષી વહીવટ
(C) નીતિનું વિશ્લેષણ **(D) ઉપરોક્ત તમામ**

45. "જાહેર વહીવટ સરકારના વહીવટ સાથે સંબંધિત છે." - આ વિધાન કોનું છે?
(A) એચ. વોકર **(B) ઈ. એન. ગ્લેડન** (C) એમ. ઈ. ડિમોક (D) લ્યુથર ગુલિક

46. જાહેર વહીવટનો સંકલિત અભિગમ શું છે?
(A) તેમાં કોઈક હેતુ પૂર્ણ કરવા માટે થતી તમામ પ્રવૃત્તિઓને આવરી લેવામાં આવે છે.

(B) તે સંચાલકીય, ટેકનિકલ, કારકુની અને ભૌતિક પ્રવૃત્તિઓનો સરવાળો છે.

(C) તે જે તે સંબંધિત એજન્સીના વિષયવસ્તુ પર આધાર રાખે છે.

**(D) ઉપરોક્ત તમામ**

47. જાહેર વહીવટમાં શું થવું જોઈએ અને શું થવું ના જોઈએ એવું કયા અભિગમમાં વિચારવામાં આવે છે?

**(A) દાર્શનિક અભિગમ** (B) કાનૂની અભિગમ

(C) ઐતિહાસિક અભિગમ (D) માળખાગત અભિગમ

48. જાહેર વહીવટમાં જાહેર સત્તાધીશોનાં કાર્યો, સત્તાઓ અને મર્યાદાઓ ઉપર કયા અભિગમમાં ધ્યાન આપવામાં આવે છે?

(A) દાર્શનિક અભિગમ **(B) કાનૂની અભિગમ**

(C) વિકાસલક્ષી અભિગમ (D) વર્તનલક્ષી અભિગમ

49. "જો આપણી સભ્યતા નિષ્ફળ જાય તો તેનું મુખ્ય કારણ વહીવટી તંત્ર તૂટી પડવાનું હશે." - આ વિધાન કોનું છે?

**(A) ડબ્લ્યુ. બી. ડોન્હામ** (B) રામસે મુઈર (C) એડમંડ બર્ક (D) હેન્રી ફાયોલ

50. જાહેર વહીવટી તંત્રની ભૂમિકા શી છે?

(A) તે રાજ્ય દ્વારા ઘડવામાં આવતાં નીતિઓ, કાયદાઓ અને કાર્યક્રમોનો અમલ કરવા માટેનું સાધન છે.

(B) તે સરકારનો પાયો છે.

(C) તે સમાજમાં સ્થિરતાનું પરિબળ છે.

**(D) ઉપરોક્ત તમામ**

51. જાહેર વહીવટનું મહત્ત્વ વધી રહ્યું છે કારણ કે...

**(A) પોલિસ રાજ્યને બદલે કલ્યાણ રાજ્યનો ખ્યાલ વિકસ્યો છે.**

(B) ખાનગી ક્ષેત્ર નકામું બનતું જાય છે.

(C) ઉપરોક્ત બંને

(D) ઉપરનાંમાંથી એક પણ નહિ

52. જાહેર વહીવટમાં ખર્ચ ઉપર કેવું નિયંત્રણ હોય છે?

(A) ખાનગી નિયંત્રણ **(B) જાહેર નિયંત્રણ**

(C) આવક દ્વારા નિયંત્રણ (D) લશ્કર દ્વારા ખર્ચ ઉપર નિયંત્રણ

53. નીચેનાં વિધાનો વાંચો:

1. જાહેર વહીવટમાં સેવાઓના ખર્ચ અને તેમના મૂલ્ય વચ્ચે સંબંધ ના પણ હોય.
2. ખાનગી વહીવટ કાર્યક્ષમતાને આધાર ગણે છે.
3. જાહેર વહીવટમાં કોઈ માલિક નથી.
4. ખાનગી વહીવટમાં માલિક લોકોને જવાબદાર નથી.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 2, 4 (B) 1, 2 **(C) 1, 2, 3, 4** (D) 1, 2, 3

54. જાહેર વહીવટ અને ખાનગી વહીવટ બંનેમાં શું જરૂરી છે?

(A) જનસંપર્ક (B) કર્મચારીઓનું કલ્યાણ

(C) કર્મચારીઓની ભરતી અને બઢતીનાં ધોરણો **(D) ઉપરોક્ત તમામ**

55. જાહેર વહીવટનો વિષય કયો છે?

(A) લોકોને કેવી રીતે માહિતી આપવામાં આવે છે તે.

(B) લોકો પાસેથી માહિતી કેવી રીતે મેળવવામાં આવે છે તે.

(C) સંદેશો પ્રાપ્ત કરનારનો પ્રતિભાવ કેવો છે તે.

**(D) ઉપરોક્ત તમામ**

56. "કાયદાનો અમલ કરવા માટે સરકાર જે કંઈ કાર્ય કરે છે તે જાહેર વહીવટ કરે છે." - આ વિધાન કોનું છે?
**(A) એચ. વોકર** (B) ડી. વાલ્ડો (C) જ્હોન એ. વેગ (D) એફ. એમ. માર્ક્સ

57. જાહેર વહીવટના અભ્યાસમાં સૌથી જૂનો અભિગમ કયો છે?
(A) કાનૂની અભિગમ (B) ઐતિહાસિક અભિગમ
**(C) દાર્શનિક અભિગમ** (D) માનવ સંબંધોનો અભિગમ

58. જાહેર વહીવટના અભ્યાસમાં દાર્શનિક અભિગમ શું છે?
(A) ઈતિહાસમાંથી પદાર્થપાઠ લેવો. **(B) શું થવું જોઈએ અને શું ના થવું જોઈએ તેનાં ધોરણો.**
(C) કાયદાનો અભ્યાસ કરવો અને અમલ કરવો. (D) ઉપરનાંમાંથી એક પણ નહિ.

59. જાહેર વહીવટમાં 'શું છે' તેનું વિશ્લેષણ થાય તો તેને કયો અભિગમ કહેવાય?
(A) ધોરણલક્ષી અભિગમ (B) ઐતિહાસિક અભિગમ
**(C) અનુભવાશ્રિત અભિગમ** (D) માળખાગત અભિગમ

60. "જાહેર વહીવટ મોટું સર્જનાત્મક બળ છે અને તેનો આદર્શ મનુષ્યનું કલ્યાણ છે" - આ વિધાન કોનું છે?
(A) ડી. વાલ્ડો (B) સી. મેરિયમ **(C) એચ. ફાઈનર** (D) વુડ્રો વિલ્સન

61. જાહેર વહીવટમાં 'શું હોવું જોઈએ?' તેનું વિશ્લેષણ થાય તો તેને કયો અભિગમ કહેવાય?
(A) વર્તનલક્ષી અભિગમ **(B) ધોરણલક્ષી અભિગમ**
(C) માળખાગત અભિગમ (D) વિકાસલક્ષી અભિગમ

62. ભારતમાં શાના વહીવટનો સમાવેશ જાહેર વહીવટમાં થાય?
(A) ગ્રામ પંચાયત (B) કેન્દ્ર સરકાર (C) રાજ્ય સરકાર **(D) ઉપરોક્ત તમામ**

63. ગુજરાતમાં શાના વહીવટનો સમાવેશ જાહેર વહીવટમાં થાય?
(A) GIDC (B) તકેદારી પંચ (C) રાજ્ય માહિતી પંચ **(D) ઉપરોક્ત તમામ**

64. જાહેર વહીવટની પોતાની કોઈ નિશ્ચિત સરહદો હોતી નથી કારણ કે-
(A) સરકારની પ્રવૃત્તિઓ ઘટે છે. (B) સરકારની પ્રવૃત્તિઓ વધે છે.
(C) સરકારની પ્રવૃત્તિઓ સંજોગો અનુસાર બદલાય છે. **(D) ઉપરોક્ત તમામ**

65. શાનો વહીવટ જાહેર વહીવટ કહેવાય?
1. તાલુકા પંચાયત
2. જિલ્લા પંચાયત અને ગ્રામ પંચાયત
3. રાજ્ય સરકાર
4. નગરપાલિકા

ઉપરનાંમાંથી શું સાચું છે?
(A) 1, 2 **(B) 1, 2, 3, 4** (C) 1, 2, 3 (D) 3. 4

66. "સરકારનું કાર્ય માત્ર કાયદો અને વ્યવસ્થા જાળવવાનું તથા કલ્યાણ સાધવા લોકોનો માર્ગ મોકળો કરવાનું છે" એમ કોણ માને છે?
(A) સામ્યવાદીઓ (B) સમાજવાદીઓ **(C) વ્યક્તિવાદીઓ** (D) સરમુખત્યારો

67. "ચોક્કસ વિસ્તારમાં કાયદા માટે વ્યવસ્થિત થયેલો માનવસમૂહ એટલે રાજ્ય." - આ વિધાન કોનું છે?
**(A) વુડ્રો વિલ્સન** (B) એરિસ્ટોટલ (C) ચાણક્ય (D) વિદુર

68. જાહેર વહીવટ માટે નીચેનાંમાંથી કયું વિધાન સાચું છે?
1. તે સરકારની બાબતોનું સંચાલન છે.
2. તે સરકારનું બિન-રાજકીય અમલદારશાહી તંત્ર છે.

3. તે રાજકીય સંદર્ભ સાથે કામ કરે છે.
4. તે સરકાર તરફથી થતું કાર્ય છે.

(A) 2, 4 (B) 1, 4 **(C) 1, 2, 3, 4** (D) 3, 4

69. નીચેનાં વિધાનો વાંચોઃ
1. જાહેર વહીવટમાં ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં વર્તમાન માળખાનો અભ્યાસ કરવામાં આવે છે.
2. વહીવટનું માળખું સરકાર શું છે તે સમજાવે છે.
3. વહીવટની પ્રક્રિયામાં સંચાલન પ્રવેશે છે.
4. વહીવટી અંકુશની અસરો વહીવટી સંગઠન ઉપર પડે છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 3, 4 (B) 2, 4 (C) 1, 2 **(D) 1, 2, 3, 4**

70. જાહેર વહીવટનું વિષયવસ્તુ શું છે?
1. સરકાર કયાં કયાં કામો કરે છે?
2. સરકાર કેવી રીતે નાણાં એકત્ર કરે છે?
3. વહીવટ લોકો પ્રત્યે કેવી રીતે ઉત્તરદાયી છે?
4. વહીવટ કેવી રીતે થાય છે?

(A) 1, 2 (B) 2, 3 **(C) 1, 2, 3, 4** (D) 1, 2, 3

71. જાહેર વહીવટમાં શાને કારણે જડતા આવે છે?

**(A) કાયદાકીય જોગવાઈઓ** (B) કર્મચારીઓનું વર્તન
(C) નફાનો આધાર અને પારદર્શિતા (D) કલ્યાણનો ખ્યાલ અને ઉત્તરદાયિત્વ

72. જાહેર વહીવટમાં અંકુશને મોટે ભાગે શાની સાથે સંબંધ હોય છે?

**(A) હોદ્દો** (B) પોલિસ (C) લશ્કર (D) ધારાગૃહ

73. નીચેનાં વિધાનો વાંચોઃ
(A) જાહેર વહીવટ કાનૂની જોગવાઈઓ અનુસાર થાય છે.
(B) રાજકીય ગણતરીઓ જાહેર વહીવટમાં અગત્યની હોય છે.
(C) જાહેર વહીવટનું કાર્યક્ષેત્ર સમગ્ર પ્રદેશ અને સમગ્ર વસ્તીના વિષયો છે.
(D) ખાનગી વહીવટમાં નફાનો હેતુ મુખ્ય છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 3 **(B) 1, 2, 3, 4** (C) 1, 4 (D) 1, 2

74. રાજકારણ અને વહીવટ અલગ અલગ છે એવું કોણે કહ્યું હતું?

**(A) વુડ્રો વિલ્સન** (B) કાર્લ માર્ક્સ (C) એફ. એમ. માર્ક્સ (D) મેક્સ વેબર

## 1.2 જાહેર વહીવટનું મહત્ત્વ

1. જાહેર વહીવટનું મહત્ત્વ કેવી રીતે છે?
(A) તે મનુષ્યના જીવનના દરેક પાસાને સ્પર્શે છે.
(B) જાહેર વહીવટ નિષ્ફળ જાય તો આધુનિક સમાજ તૂટી પડે.
(C) દેશના સમગ્ર સમુદાયનું કલ્યાણ જાહેર વહીવટ ઉપર આધાર રાખે છે.
**(D) ઉપરોક્ત તમામ**

2. જાહેર વહીવટનું મહત્ત્વ કેવી રીતે છે?
   (A) તે સમગ્ર સમાજમાં સ્થિરતા લાવનાર પરિબળ છે.
   (B) જાહેર વહીવટથી રાજ્ય યથાવત્ રહે છે.
   (C) જાહેર વહીવટથી રાજ્યની સાર્વભૌમ સત્તા યથાવત્ રહે છે.
   **(D) ઉપરોક્ત તમામ**
3. જાહેર વહીવટનું મહત્ત્વ કેવી રીતે છે?
   (A) તે ઘણી વાર સામાજિક પરિવર્તનનું સાધન બને છે. (B) તે સમાજમાં નવા ખ્યાલોને બળ આપે છે.
   (C) તે સમાજમાં અંધાધૂંધી પ્રવર્તતી રોકે છે. **(D) ઉપરોક્ત તમામ**
4. "જો આપણી સભ્યતા નિષ્ફળ જશે તો તેનું કારણ વહીવટ ખોટકાઈ જવાનું હશે."-આ વિધાન કોનું છે?
   **(A) પ્રો. ડબ્લ્યુ. બી. ડોન્હામ** (B) વુડ્રો વિલ્સન
   (C) સર જોસિયા સ્ટેમ્પ (D) હર્બર્ટ સાયમન
5. જાહેર વહીવટનું મહત્ત્વ શા માટે છે?
   **(A) લોકો અનેક પ્રકારની વસ્તુઓ અને સેવાઓની અપેક્ષા જાહેર વહીવટ પાસેથી રાખે છે.**
   (B) લોકો કરવેરા ચૂકવે છે.
   (C) રાજ્ય પાસે એવી સાર્વભૌમ સત્તા છે કે જે બીજા કોઈ પાસે નથી.
   (D) રાજ્ય સમાજનું પ્રતિનિધિત્વ કરે છે.
6. નીચેનાં વિધાનો વાંચો:
   1. સરકાર ઘણી વાર વ્યક્તિના જન્મથી મૃત્યુ સુધીની સેવાઓ પૂરી પાડે છે.
   2. લોકોની સુખાકારી સરકારના કાર્યક્ષમ વહીવટ ઉપર આધાર રાખે છે.
   3. જાહેર વહીવટ સુસંસ્કૃત મનુષ્ય જીવનનો રક્ષક છે.
   4. રાજ્યનાં કાર્યો સતત વધી રહ્યાં છે માટે જાહેર વહીવટનો વ્યાપ વધે છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?
   **(A) 1, 2, 3, 4** (B) 1, 2 (C) 2, 3 (D) 3, 4
7. નીચેનાં વિધાનો વાંચો:
   1. ઔદ્યોગિક ક્રાંતિને લીધે જાહેર વહીવટનું મહત્ત્વ વધ્યું છે.
   2. આધુનિક ટેક્નોલોજીથી જાહેર વહીવટનું કાર્યક્ષેત્ર વિસ્તાર પામ્યું છે.
   3. કલ્યાણ રાજ્યના ખ્યાલને લીધે જાહેર વહીવટની અગત્યતા વધી છે.
   4. રાજ્યની જવાબદારીઓ અને ફરજો વધતાં જાય છે તેથી જાહેર વહીવટનો વ્યાપ વધે છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?
   (A) 1, 2, 3 **(B) 1, 2, 3, 4** (C) 1, 2, 4 (D) 2, 3
8. જાહેર વહીવટનું મહત્ત્વ શાને કારણે છે?
   1. તે સરકારનો પાયો છે.
   2. તે સમાજમાં પરિવર્તનનું સાધન છે.
   3. તે લોકોની જિંદગીમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.
   4. તે કાયદાનો અમલ કરવાનું સાધન છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?
   (A) 1, 2 (B) 2, 3 **(C) 1, 2, 3, 4** (D) 3, 4

9. નીચેનાં વિધાનો વાંચોઃ
   1. રાજ્ય ધારાગૃહ અને ન્યાયતંત્ર વિના અસ્તિત્વ ધરાવી શકે.
   2. રાજ્ય વહીવટી તંત્ર વિના અસ્તિત્વ ન ધરાવી શકે.
   3. રાજ્ય લોકોને અનેક સેવાઓ પૂરી પાડે તે જરૂરી છે.
   4. સરકારની સફળતાનો આધાર જાહેર વહીવટ છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   **(A) 1, 2, 3, 4** (B) 1, 2 (C) 2, 3 (D) 2, 3, 4

10. નીચેનાં વિધાનો વાંચોઃ
    1. જાહેર વહીવટ રાષ્ટ્રીય એકતા અને અખંડતા ઊભાં કરે છે.
    2. જાહેર વહીવટ આર્થિક અસમાનતા દૂર કરવાનું કામ કરે છે.
    3. જાહેર વહીવટ મનુષ્ય જીવનના દરેક પાસાને સ્પર્શે છે.
    4. રાજ્યના વિવિધ કાર્યક્રમો અને નીતિઓનો અમલ જાહેર વહીવટ દ્વારા થાય છે.

    ઉપરનાંમાંથી શું સાચું છે?

    (A) 2, 4 **(B) 1, 2, 3, 4** (C) 1, 2, 3 (D) 1,2

## 1.3 કૌટિલ્યનું અર્થશાસ્ત્ર

1. ચાણક્યે રાજ્યનાં કેટલાં અંગો ગણાવ્યાં છે?

   **(A) 7** (B) 8 (C) 5 (D) 10

2. ચાણક્યે રાજ્યનાં અંગોમાં શાનો સમાવેશ કરેલો છે?

   (A) સ્વામિ, અમાત્ય (B) જનપદ, દુર્ગ

   (C) કોશ, દંડ, મિત્ર **(D) ઉપરોક્ત તમામ**

3. ચાણક્યના મત અનુસાર રાજાએ કોની મદદથી શાસન કરવાનું છે?

   (A) મંત્રી પરિષદ (B) અમાત્યો (C) ગ્રામ સભા **(D) A અને B**

4. ચાણક્યે મંત્રી પરિષદ વિશે નીચેનાંમાંથી કયું વિધાન કર્યું છે?
   1. મંત્રી પરિષદમાં જેટલી સંખ્યામાં સભ્યોની જરૂર હોય તેટલા સભ્યો રાખવા.
   2. મંત્રી પરિષદના બહુમતી સભ્યો જે કંઈ સૂચવે તે પ્રમાણે રાજાએ કામ કરવું.
   3. મંત્રી પરિષદ રાજાની સલાહ પ્રમાણે કામ કરે.
   4. મંત્રી પરિષદમાં રાજા હંમેશાં હાજર રહે અને નાણાકીય બાબતોનો જ તે વહીવટ કરે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 2, 4 **(B) 1, 2** (C) 3, 4 (D) 1, 4

5. રાજા વિશે કૌટિલ્ય શું કહે છે?
   1. પ્રજાના સુખમાં રાજાનું સુખ રહેલું છે.
   2. પ્રજાહિત કરવામાં રાજાનું પોતાનું હિત થાય છે.
   3. રાજાને પોતાને જે કંઈ પ્રિય લાગે તે પોતાનું હિત નથી.
   4. પ્રજાને જે પ્રિય લાગે તેમાં જ રાજાનું હિત રહેલું છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 3, 4 (B) 2, 3 (C) 1, 2 **(D) 1, 2, 3, 4**

6. નીચેનાં વિધાનો વાંચોઃ
   1. રાજા રાજ્યનો પગારદાર નોકર છે.
   2. રાજાનું કામ રક્ષા કરવાનું છે.
   3. સર્વ પ્રકારના દંડ દેવાનું સામર્થ્ય રાજામાં છે.
   4. નાગરિકની ચોરાઈ ગયેલી મિલકત રાજા પાછી ના મેળવી આપે તો રાજાએ પોતાની મિલકતમાંથી તે ભરપાઈ કરી આપવી.

   કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર'માં ઉપરનાંમાંથી કયું વિધાન કરાયું છે?

   **(A) 1, 2, 3, 4** (B) 1, 2 (C) 2, 3 (D) 3, 4

7. કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર'માં કયો ખ્યાલ પ્રવર્તે છે?
   1. રાજા કાયદાથી પર છે.
   2. રાજાથી અન્યાય થઈ જાય તો તેણે પોતાને દંડાધીન થવું.
   3. રાજાથી અન્યાય થઈ જાય તો તેણે પ્રાયશ્ચિત કરીને પોતાની જાતને સજા કરવી.
   4. કાયદાને જીવતો જાગતો રાખવો એ રાજાનો ધર્મ છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 1, 2, 3 **(B) 2, 3, 4** (C) 1, 2, 3 (D) 1, 3, 4

8. નીચેનાં વિધાનો વાંચોઃ
   1. રાજ્યમાં બધા સજ્જનો હોય તો ન્યાય વ્યવસ્થાની જરૂર નથી.
   2. દંડ જો તીક્ષ્ણ હોય તો તે લોકોને ઉદ્વેગમાં રાખે છે.
   3. ન્યાયાધીશને અભાવે સબળ લોકો દુર્બળ લોકોને ગળી જવા માંડે છે.
   4. ન્યાયાધીશ કોઈ પણ કાયદાથી પર છે.

   કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર'ના સંદર્ભમાં ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 1, 4 (B) 2, 4 **(C) 2, 3** (D) 3, 4

9. નીચેનાં વિધાનો વાંચોઃ
   1. રાજત્વ સહાયસાધ્ય છે, તે એક ચક્રથી કદી પણ ચાલે નહિ.
   2. રાજાએ પોતાના સહાધ્યાયીને અમાત્યપદે નીમવા.
   3. રાજા પોતાને માટે ગમે તેટલી સંપત્તિ ભેગી કરી શકે છે.
   4. રાજા કરવેરાની રકમનો ઉપયોગ માત્ર લશ્કર માટે જ કરી શકે.

   કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર'ના સંદર્ભમાં ઉપરનાંમાંથી શું સાચું છે?

   **(A) 1, 2** (B) 2, 3 (C) 3, 4 (D) 1, 4

10. અપરાધના પ્રમાણમાં દંડ હોવો જોઈએ એમ કોણે કહ્યું છે?

    (A) મનુ (B) પરાશર **(C) કૌટિલ્ય** (D) બૃહસ્પતિ

11. કૌટિલ્યના મત અનુસાર દંડને જ્યારે બાજુ પર મૂકવામાં આવે છે ત્યારે -

    **(A) મત્સ્ય ન્યાય ઊભો થાય છે.** (B) સામાજિક ન્યાય ઊભો થાય છે.
    (C) રાજકીય અને આર્થિક ન્યાય ઊભો થાય છે. (D) આર્થિક અન્યાય વધુ પ્રમાણમાં દૂર થાય છે.

12. કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર'માં રાજ્યના કર્મચારીઓ નાણાંની ઉચાપત કરતા હોવાના કેટલા માર્ગો દર્શાવ્યા છે?

    (A) 12 (B) 18 **(C) 24** (D) 08

13. કોઈ અધિકારીના વર્તનને કારણે નાગરિકને નુકસાન થયું હોય તો તે ભરપાઈ કરવા માટે ચાણક્યે કયો માર્ગ સૂચવ્યો છે?

    (A) રાજા પોતાની આવકમાંથી તે રકમ ભરપાઈ કરે.

**(B) અધિકારી પાસે તે નુકસાન ભરપાઈ કરાવવું.**

(C) રાજ્યની તિજોરીમાંથી તે ભરપાઈ થાય.

(D) ઉપરનાંમાંથી એક પણ નહિ.

14. કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર' અનુસાર જો રાજ્યનો કર્મચારી રાજ્યનાં નાણાંનો દુરુપયોગ કરે તો -

(A) રાજા તે નાણાં ભરપાઈ કરે.

**(B) કર્મચારીને દુરુપયોગની તમામ રકમ માટે જવાબદાર ગણવો.**

(C) તેને શારીરિક સજા કરવી.

(D) તેને ફાંસી આપવી.

15. 'ચાણક્ય શાને દોષયુક્ત બાબત ગણે છે?

(A) રાજ્યનાં નાણાંનો જે અંગત હિત માટે ઉપભોગ કરે.

(B) જે અન્યને રાજ્યનાં નાણાંનો અંગત હિત માટે ઉપભોગ કરવા દે.

(C) જો રાજ્યનાં નાણાંની ઉચાપત કરે.

**(D) ઉપરોક્ત તમામ**

16. ભ્રષ્ટાચાર વિશે ચાણક્ય શું કહે છે?

1. રાજ્યના કર્મચારી માટે રાજ્યનાં નાણાંમાંથી થોડુંક પણ ચાખી ના લેવું એ અશક્ય છે.
2. રાજ્યના કર્મચારીઓના હેતુઓ ગુપ્ત હોય છે અને તેમની હિલચાલો જાણી શકાતી હોતી નથી.
3. માછલીઓને પાણી પીતી જોઈ શકાતી નથી એ રીતે જ રાજ્યના નોકરોને ધન લેતા જોઈ શકાતા નથી.
4. રાજ્યનું ધન રાજ્યના નોકરો ખાઈ ના જાય તે માટે તેમની બદલીઓ કરતા રહેવું.

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3, 4** (B) 1, 2 (C) 2, 3 **(D) 1, 4**

17. રાજા ધર્મપ્રવર્તક છે એમ કૌટિલ્ય શા માટે કહે છે?

(A) તે તમામ વ્યવહારો ધાર્મિક શ્રદ્ધા સાથે કરે છે. માટે

**(B) તે ન્યાયનું અધિમૂળ છે માટે.**

(C) તે કાયદા ઘડે છે માટે.

(D) તે કાયદાનું પાલન લોકો પાસે કરાવે છે માટે.

18. કૌટિલ્યના મત મુજબ રાજાનું રાજત્વ શામાં રહેલું છે?

(A) આવક (B) ખર્ચ **(C) દંડ** (D) ધન

19. કૌટિલ્ય શાસન કોને કહે છે?

**(A) રાજાની આજ્ઞા** (B) રાજધર્મ (C) રાજાનો વ્યવહાર (D) રાજદંડ

20. કૌટિલ્યના મત અનુસાર રાજાનું કર્તવ્ય શું છે?

(A) ધર્મભંગ થતો હોય ત્યારે ધર્મરક્ષા કરવી.

(B) રાજાએ ધર્મભંગની બાબતમાં પોતાના પુત્ર કે શત્રુને એકસરખા ગણવા.

(C) પ્રજાનું રક્ષણ કરવું.

**(D) ઉપરોક્ત તમામ**

21. રાજાએ શાને અનુસરીને શાસન કરવાનું છે એમ કૌટિલ્ય કહે છે?

(A) ધર્મ અને વ્યવહાર (B) ચારિત્ર્ય (C) ન્યાય **(D) ઉપરોક્ત તમામ**

22. રાજાએ પ્રજાનું રક્ષણ શાની મદદથી કરવાનું છે એમ કૌટિલ્ય કહે છે?

(A) આવક **(B) ધર્મ** (C) ખર્ચ (D) દંડ

23. કૌટિલ્યના મતે ધર્મન્યાય એટલે શું?
    (A) ધર્મશાસ્ત્ર અનુસાર અપાતો ન્યાય.
    **(B) બુદ્ધિની મદદથી અપાતો ન્યાય.**
    (C) દંડથી થતો ન્યાય.
    (D) દોષિત ને સજા થાય તે.
24. કૌટિલ્ય અનુસાર સારા રાજ્ય (જનપદ)નું લક્ષણ શું છે?
    (A) તેમાં સારાં સ્થાનો આવેલાં હોય.
    (B) લોકોને પોતાના જીવનનિર્વાહનાં સાધનો મળી શકતાં હોય.
    (C) પાણી માટે વરસાદ પર આધાર ન રાખવો પડતો હોય.
    **(D) ઉપરોક્ત તમામ**
25. કૌટિલ્યના મતે રાજા અને રાજ્ય મળીને શું થાય છે?
    **(A) પ્રકૃતિ (રાજત્વ)**
    (B) ભય
    (C) સુખ
    (D) લોભ
26. કૌટિલ્ય કોને અર્થ કહે છે?
    (A) મનુષ્યનો જે વડે નિર્વાહ થાય છે તે.
    (B) જે ભૂમિમાં મનુષ્યો વસે છે તે ભૂમિ.
    **(C) A અને B બંને**
    (D) મનુષ્ય દ્વારા ઉત્પન્ન થતી સંપત્તિ.

## 2. જાહેર વહીવટનો ક્રમિક વિકાસ

1. જાહેર વહીવટ માટે અનિશ્ચિતતાનો સમયગાળો કયો કહેવાય છે?
    (A) 1971 પછી (B) 1948-71 (C) 1938-47 **(D) 1927-37**
2. જાહેર વહીવટની ઉત્કાંતિમાં 1938-47નો તબક્કો શાનો છે?
    **(A) સંગઠનાત્મક વિશ્લેષણ**
    (B) જાહેર વહીવટ સંચાલનનું મૂલ્યમુક્ત વિજ્ઞાન છે એવો ખ્યાલ
    (C) અનિશ્ચિતતા
    (D) રાજકારણ અને વહીવટ વચ્ચેનો દ્વંદ્વ
3. રાજકારણ અને વહીવટ વચ્ચેના દ્વંદ્વનો તબક્કો કયો છે?
    **(A) 1887-1926** (B) 1938-1947 (C) 1927-37 (D) 1971 પછીનો
4. કયા તબક્કામાં જાહેર વહીવટ વિવિધ વિદ્યાશાખાઓને આવરી લેતો વિષય બન્યો?
    (A) 1927-37 **(B) 1971 પછીનો** (C) 1938-47 (D) 1887-1926
5. 1927-37ના જાહેર વહીવટના તબક્કામાં કયો ખ્યાલ વિકસ્યો?
    (A) રાજ્યની નીતિઓ અગત્યની છે.
    (B) જાહેર વહીવટ અને રાજકારણ અલગ અલગ છે.
    **(C) જાહેર વહીવટ એ સંચાલનનું મૂલ્યમુક્ત વિજ્ઞાન છે.**
    (D) સંગઠનાત્મક વિશ્લેષણ જરૂરી છે.
6. જાહેર નીતિનો દૃષ્ટિકોણ જાહેર વહીવટમાં કયા તબક્કામાં વિકસ્યો છે?
    **(A) 1971 પછીનો** (B) 1887-1926 (C) 1938-47 (D) 1948-70
7. જાહેર વહીવટના આરંભના તબક્કામાં કયો મુદ્દો મહત્ત્વનો હતો?
    **(A) વહીવટ અને રાજકારણને અલગ પાડવાં.**
    (B) રાજ્ય અને સરકારને અલગ કરવાં.
    (C) સંગઠન અને સંચાલનને જુદાં પાડવાં.
    (D) વહીવટ એ વિજ્ઞાન નથી.
8. જાહેર વહીવટમાં કયો તબક્કો ઓળખની કટોકટીનો છે?
    **(A) 1948-70** (B) 1887-1926 (C) 1927-37 (D) 1971 પછીનો

9. 'નૂતન જાહેર વહીવટ'નો શબ્દપ્રયોગ જાહેર વહીવટના વિકાસના કયા તબક્કામાં થવા માંડ્યો?
(A) 1887-1926 **(B) 1971 પછી** (C) 1948-70 (D) 1927-37

10. વિવિધ વિષયોના નિષ્ણાતોની જરૂરિયાત જાહેર વહીવટમાં કયા તબક્કામાં વધી?
(A) 1948-70 **(B) 1971 પછી** (C) 1927-37 (D) 1887-1926

11. મૂલ્યો કે ધોરણો અનિવાર્ય તથા જાહેર વહીવટમાં આવે જ છે એવું જાહેર વહીવટના કયા તબક્કામાં પ્રસ્થાપિત થયું?
**(A) 1938-1947** (B) 1927-37 (C) 1887-1926 (D) 1971 પછી

12. જાહેર વહીવટના અભ્યાસમાં મનુષ્યના વર્તનનો અભ્યાસ જરૂરી હોવાનું તેના કયા તબક્કામાં સમજવામાં આવ્યું?
(A) 1887-1926 **(B) 1938-47** (C) 1971 પછી (D) 1927-37

13. જાહેર વહીવટમાં વૈવિધ્ય કયા તબક્કામાં આવ્યું?
(A) 1927-37 (B) 1887-1926 **(C) 1971 પછી** (D) 1938-47

14. જાહેર વહીવટ એક વિજ્ઞાન છે એવો ખ્યાલ કયા તબક્કામાં વિકસ્યો હતો?
(A) 1927-37 **(B) 1887-1926** (C) 1938-47 (D) 1948-70

15. કોના પુસ્તક 'Principles of Public Administration' થી જાહેર વહીવટના બીજા તબક્કાની શરૂઆત થઈ?
**(A) ડબ્લ્યુ. એફ. વિલોગ્બી** (B) એફ. એમ. માર્ક્સ
(C) હર્બર્ટ સાયમન (D) લ્યુથર ગુલિક

16. નીતિ ઘડતરમાં વહીવટ મહત્ત્વની ભૂમિકા ભજવે છે એ ખ્યાલ જાહેર વહીવટના કયા તબક્કામાં ઊભો થયો?
(A) 1938-47 (B) 1887-1926 (C) 1948-70 **(D) 1971 પછીનો**

17. જાહેર વહીવટમાં માનવ સંબંધોનો અભિગમ કયા તબક્કામાં પ્રચલિત બન્યો?
(A) 1971 પછીનો (B) 1948-70 (C) 1927-37 **(D) 1938-47**

18. જાહેર વહીવટનું સ્વરૂપ રાજકીય છે અને તેની રાજકીય ભૂમિકા છે એવો ખ્યાલ કયા તબક્કામાં પ્રચલિત થયો?
**(A) 1938-47** (B) 1971 પછીના (C) 1927-37 (D) 1948-70

19. 1938-47ના તબક્કામાં જાહેર વહીવટ અંગે કયો મહત્ત્વનો ખ્યાલ ઊભો થયો?
1. જાહેર વહીવટ નીતિ ઘડતરમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.
2. વહીવટી વર્તનમાં પર્યાવરણની અસરો હોય છે.
3. જાહેર વહીવટને રાજકારણથી અસર કરી શકાય નહિ.
4. જાહેર વહીવટ માત્ર રાજકીય નીતિવિષયક નિર્ણય પ્રક્રિયા સાથે સંબંધિત નથી.
ઉપરનાંમાંથી શું સાચું છે?
(A) 1, 2, 3 **(B) 1, 2, 3, 4** (C) 1, 4 (D) 1, 2

20. "જાહેર વહીવટના સિદ્ધાંતનો અર્થ રાજકારણનો સિદ્ધાંત પણ છે." - એવું કયા તબક્કામાં કહેવાયું?
**(A) 1948-70** (B) 1887-1926 (C) 1971 પછી (D) 1938-47

21. 1948-70ના તબક્કા દરમ્યાન જાહેર વહીવટમાં કયો મુદ્દો ઉપસી આવ્યો?
1. નૂતન માનવ સંબંધ અભિગમ.
2. તુલનાત્મક જાહેર વહીવટ.
3. જાહેર નીતિની હિમાયત.
4. જૈવ પર્યાવરણીય અભિગમની હિમાયત.
ઉપરનાંમાંથી શું સાચું છે?
(A) 1, 2, 3 (B) 1, 2, 4 (C) 1, 3, 4 **(D) 1, 2, 3, 4**

## ૩. લોકોની પસંદગીનો અભિગમ

1. જાહેર વસ્તુઓ અને સેવાઓની પસંદગીમાં બજારની પદ્ધતિ નિષ્ફળ જવાનું કારણ શું છે?
   (A) જાહેર વસ્તુઓ અને પુરવઠો નિશ્ચિત નથી.
   **(B) જાહેર વસ્તુઓ અને સેવાઓના લાભ કે ખર્ચમાંથી કોઈને વંચિત રાખી શકાતા નથી.**
   (C) જાહેર વસ્તુઓની માંગ નિશ્ચિત હોય છે.
   (D) ખાનગી વસ્તુઓ અને જાહેર વસ્તુઓ વચ્ચે પસંદગી કરવાનું શક્ય નથી.
2. નીચેનાં વિધાનોમાંથી સાચું શું છે?
   1. જાહેર વસ્તુની કોઈ કિંમત હોતી નથી.
   2. જાહેર વસ્તુની પસંદગી જાણવા રાજકીય પ્રક્રિયા જાણવી પડે છે.
   3. જાહેર વસ્તુના ઉત્પાદન અંગે બજારના સંકેતો મળતા નથી.
   4. જાહેર વસ્તુ અંગે લોકોની પસંદગીનો સાચો ક્રમ જાણી શકાતો નથી.
   (A) 1, 2 (B) 2, 3
   **(C) 1, 2, 3, 4** (D) ઉપરનાંમાંથી એક પણ નહિ.
3. મરજિયાત વિનિમયનો સિદ્ધાંત શું કહે છે?
   **(A) જાહેર વસ્તુનું પ્રમાણ ત્યાં નક્કી થાય કે જ્યાં લોકોની એ વસ્તુની માંગ અને ખર્ચ ઉઠાવવાની તૈયારી સરખાં થાય.**
   (B) ખાનગી વસ્તુ અને જાહેર વસ્તુ બંને માંગ મુજબ ઉત્પન્ન થાય છે.
   (C) જાહેર વસ્તુ અને ખાનગી વસ્તુ બંને સરકારે ઉત્પન્ન કરવી જોઈએ.
   (D) જાહેર વસ્તુનું ઉત્પાદન ચૂંટણી દ્વારા નક્કી થાય છે.
4. સમાજમાં અલૌકિક શક્તિ ધરાવનાર કોઈક વ્યક્તિ છે કે જે જાહેર વસ્તુઓ વિશેની લોકોની પસંદગી જાણે છે એમ કોણે કહ્યું છે?
   **(A) પોલ સેમ્યુલસન** (B) એરિક લિન્ડહોલ (C) મિલ્ટન ફ્રીડમેન (D) અમર્ત્ય સેન
5. જાહેર વસ્તુઓની પસંદગી અંગેનો મરજિયાત વિનિમયનો સિદ્ધાંત કોણે આપ્યો છે?
   (A) પોલ સેમ્યુલસન (B) કેનેથ એરો **(C) એરિક લિન્ડહોલ** (D) મિલ્ટન ફ્રીડમેન
6. લોકો જાહેર વસ્તુઓની સાચી પસંદગી વ્યક્ત કરતા હોતા નથી એમ કોણ માને છે?
   (A) એરિક લિન્ડહોલ **(B) પોલ સેમ્યુલસન** (C) હોવર્ડ આર. બોવેન (D) મિલ્ટન ફ્રીડમેન
7. કોના સિદ્ધાંતમાં એમ સમજવામાં આવ્યું છે કે જાહેર વસ્તુઓની પસંદગી ખાનગી વસ્તુઓની જરૂરિયાતોથી સ્વતંત્ર રીતે થાય છે?
   (A) હોવર્ડ બોવેન **(B) એરિક લિન્ડહોલ** (C) કેનેથ એરો (D) પોલ સેમ્યુલસન
8. જાહેર વસ્તુઓના કિસ્સામાં "પ્રાપ્ત થઈ શકે તેવા શ્રેષ્ઠ પરમ સુખ"નો ખ્યાલ કોણે આપ્યો છે?
   (A) કેનેથ એરો (B) એરિક લિન્ડહોલ **(C) પોલ સેમ્યુલસન** (D) હોવર્ડ બોવેન
9. જાહેર વસ્તુઓની લોક પસંદગીની બાબતમાં નીચેનાં વિધાનોમાંથી કયું સાચું છે?
   1. મતદાન કરનાર વ્યક્તિ ખાનગી હિતને બદલે સમગ્ર સમાજનું હિત ધ્યાનમાં લે છે.
   2. જાહેર વસ્તુઓની જરૂરિયાતનો અનુભવ દરેક વ્યક્તિનો અલગ અલગ હોય છે.
   3. મતદાન કરીને લોકો જાહેર સેવાઓ માટેની પસંદગી વ્યક્ત કરે છે.
   4. જાહેર વસ્તુમાંથી વ્યક્તિને થતો ખાનગી લાભ માપી શકાય છે.
   (A) ફક્ત 4 (B) ફક્ત 1 (C) 1, 2, 3 **(D) 1, 2, 3, 4**

10. જાહેર વસ્તુઓના લોક પસંદગીના અભિગમના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચોઃ
   1. બહુમતીથી જાહેર વસ્તુઓની સાચી અને યોગ્ય પસંદગી વ્યક્ત થાય છે જ એવું નથી.
   2. જાહેર વસ્તુઓમાંથી જેટલો લાભ પ્રાપ્ત થાય એટલો કરબોજ ઉઠાવવા નાગરિકો તૈયાર થાય અને એટલું જ જાહેર ખર્ચ થાય.
   3. જાહેર વસ્તુથી કોઈ વ્યક્તિને લાભ ના થાય પણ સમગ્ર સમાજને લાભ થાય એમ બને.
   4. જાહેર વસ્તુઓની પસંદગી ચૂંટણીથી વ્યક્ત થાય છે એમ સ્વીકારીએ તો મતદાન ખાનગી હિતથી પ્રેરાઈને થાય છે એમ સ્વીકારવું પડે, પણ એવું નથી.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 1, 2 (B) 1, 2, 3 (C) 2, 3, 4 **(D) 1, 2, 3, 4**

11. હોવર્ડ આર. બોવેનના લોક પસંદગીના સિદ્ધાંતમાં શું કહેવાયું છે?
   (A) કર ભરનાર ગ્રાહક જાહેર વસ્તુ અંગેની પોતાની પસંદગી વ્યક્ત કરે છે.
   (B) જાહેર વસ્તુનું ઉત્પાદન ખર્ચ એના ઉત્પાદન માટે ખાનગી વસ્તુના જતા કરવા પડેલા ઉત્પાદનની બરાબર હોય છે.
   (C) જાહેર વસ્તુમાંથી પોતાને મળતા લાભનું લોકો જાતે મૂલ્યાંકન કરે છે.
   **(D) ઉપરોક્ત તમામ**

12. આર. એ. મસગ્રેવના જાહેર વસ્તુઓ અંગેના લોક પસંદગીના સિદ્ધાંતમાં શું કહેવામાં આવ્યું છે?
   (A) જાહેર વસ્તુઓની પસંદગી માટે શ્રેષ્ઠ કહી શકાય એવો એક જ ઉકેલ નથી પણ અનેક ઉકેલો છે.
   (B) જાહેર વસ્તુઓની પસંદગી માટે રાજકીય પ્રક્રિયા ઉપર આધાર રાખવો પડે.
   (C) જાહેર વસ્તુની જોગવાઈ કરીને સમાજમાં કોના કલ્યાણમાં વધારો કરવો એ નિર્ણય આર્થિક નથી.
   **(D) ઉપરોક્ત તમામ**

13. એરિક લિન્ડહોલના સિદ્ધાંતમાં જાહેર વસ્તુઓની લોક પસંદગી વિશે શું કહેવાયું છે?
   1. સામાજિક કે જાહેર વસ્તુ કે સેવા માટે લોકો પોતાને પ્રાપ્ત થતા લાભ પ્રમાણે કરબોજ ઉઠાવવા તૈયાર હોય છે.
   2. જાહેર વસ્તુના ઉત્પાદનનું પ્રમાણ ત્યાં નક્કી થાય છે કે જ્યાં લોકોની એ વસ્તુની માંગ અને ખર્ચ ઉઠાવવાની તૈયારી સરખાં છે.
   3. નાગરિકો પરસ્પર સોદા કરીને પોતાનો લાભ મહત્તમ કરે છે.
   4. ખાનગી વસ્તુ માટે જે ભૂમિકા વસ્તુની કિંમત ભજવે છે તે જ ભૂમિકા જાહેર વસ્તુ માટે કરવેરા ભજવે છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 1, 2, 3 (B) 2, 3, 4 (C) 1, 2, 4 **(D) 1, 2, 3, 4**

14. જાહેર વસ્તુઓ અંગેના લોક પસંદગીના અભિગમમાં મૂળભૂત ધારણા કઈ છે?
   **(A) વ્યક્તિઓ રાજકીય પ્રવૃત્તિમાં પણ આર્થિક પ્રવૃત્તિની જેમ જ તેમનું અંગત હિત વધે એ રીતે વર્તતી હોય છે.**
   (B) રાષ્ટ્રીય આવકમાં ફેરફાર થતો નથી અને કરવેરા વધે છે.
   (C) ચૂંટણી દ્વારા લોકોની પસંદગી વ્યક્ત થાય છે.
   (D) લોકો સર્વસંમતિથી જાહેર વસ્તુઓ અંગે પસંદગી વ્યક્ત કરે છે.

15. લોક પસંદગીના અભિગમમાં જાહેર વસ્તુઓ માટે શું નક્કી થાય છે?

   (A) જાહેર દેવું **(B) જાહેર ખર્ચ** (C) ખાધ પુરવણી (D) રાષ્ટ્રીય આવક

## 4. ઉદારીકરણના પડકારો

1. શાને કારણે ઉદારીકરણના યુગમાં જાહેર વહીવટ સામે પડકાર ઊભો થયો છે?

   **(A) વિજ્ઞાન અને ટેક્નોલોજીનો વિકાસ** (B) માનવ અધિકારો

   (C) વધતી જતી સરકારની આવક (D) બજેટમાં વધતી જતી ખાધ

2. જાહેર વહીવટમાં ઉદારીકરણના યુગમાં કઈ નવી વાત જોવા મળે છે?
   (A) જાહેર-ખાનગી ભાગીદારી (B) રાજકીય અર્થતંત્ર
   (C) ટેકનિકલ કાર્યક્ષમતાની જરૂરિયાત **(D) ઉપરોક્ત તમામ**
3. ઉદારીકરણમાં જાહેર વહીવટની ભૂમિકા શી રહી છે?
   **(A) બજારનું નિયમન કરવું.** (B) બજાર ઉપર અંકુશ રાખવો.
   (C) બજારમાં વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરવું. (D) ઉપરનાંમાંથી એક પણ નહિ.
4. ઉદારીકરણને લીધે જાહેર વહીવટ ઉપર શી અસર થઈ છે?
   (A) જાહેર ક્ષેત્રમાં સ્પર્ધા (B) સરકારી કાર્યોમાં લોકોની ભાગીદારી
   (C) સરકારી કામોમાં પારદર્શિતા **(D) ઉપરોક્ત તમામ**
5. ઉદારીકરણને પરિણામે જાહેર વહીવટમાં શાનો પડકાર ઊભો થયો?
   (A) સરકારી તંત્રને પ્રતિભાવાત્મક બનાવવું. (B) જાહેર વહીવટમાં ઉત્તરદાયિત્વ ઊભું કરવું.
   (C) જાહેર વહીવટમાં ઈન્ફોટેકનો ઉપયોગ કરવો. **(D) ઉપરોક્ત તમામ**
6. નીચેનામાંથી કઈ બાબત ઉદારીકરણને પરિણામે જાહેર વહીવટમાં ઊભી થઈ છે?
   (A) વિવિધ વિષયોમાં વિશેષીકરણ (B) કર્મચારીઓની ઉત્પાદકતામાં વધારો
   (C) જાહેર નીતિઓમાં ફેરફારક્ષમતા **(D) ઉપરોક્ત તમામ**
7. ઉદારીકરણને લીધે જાહેર વહીવટ સામે કેવો પડકાર ઊભો થાય છે?
   (A) વૈશ્વિક મંદીના સમયમાં જાહેર ખર્ચમાં વધારો કરવો. (B) આયાત મોંઘી બને તો ફુગાવાને નિયંત્રણમાં રાખવો.
   (C) વિનિમય દરમાં મોટી ઊથલપાથલને ટાળવી. **(D) ઉપરોક્ત તમામ**
8. ઉદારીકરણને પરિણામે જાહેર વહીવટ સામે નીચેનામાંથી કયો પડકાર ઊભો થાય છે?
   1. ખાનગી કંપનીઓ ગ્રાહકોનું શોષણ ન કરે તે જોવું.
   2. ઉત્પાદકો પર્યાવરણમાં પ્રદૂષણ ના ફેલાવે તે જોવું.
   3. સામાન્ય ભાવસપાટીમાં અતિશય વધારો ના થાય તેનું ધ્યાન રાખવું.
   4. લોકોને ઉત્પાદન અને વપરાશ માટે શક્ય તેટલી વધારે સ્વતંત્રતા આપવી.

   **(A) 1, 2, 3, 4** (B) 1, 2, 3 (C) 3, 4 (D) 2, 4
9. જાહેર વહીવટ સામે ઉદારીકરણને લીધે કેવો પડકાર ઊભો થયો છે?
   1. ખાનગી ક્ષેત્રે કોઈ વસ્તુ કે સેવાના બજારમાં ઈજારો ઊભો ના થાય તે જોવું.
   2. આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ ના થાય તે જોવું.
   3. અસમાનતા ઘટાડવા માટે પ્રયાસો કરવા.
   4. કંપનીઓ કાયદાનું પાલન કરે તે જોવું.

   (A) 1, 2, 3 (B) 1, 3, 4 **(C) 1, 2, 3, 4** (D) 1, 3
10. ઉદારીકરણને પરિણામે જાહેર વહીવટ સામે કયો પડકાર ઊભો થયો છે?
   1. જાતે જ સેવા પૂરી પાડવાને બદલે સેવા પૂરી પડાય તે જોવું.
   2. જે પ્રવૃત્તિઓ ખાનગી ક્ષેત્ર કરી શકે તેનું ખાનગીકરણ કરવું.
   3. સ્થાનિક જૂથો તેમની સમસ્યાઓ જાતે ઉકેલે તેમ કરવા માટે તેમનું સશક્તિકરણ કરવું.
   4. સરકારી સંસ્થાઓ પ્રવૃત્તિઓ હાથ ધરે તેને બદલે બિન-સરકારી સંગઠનો તે અસરકારક રીતે હાથ ધરે તે જોવું.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 1, 2 (B) 1, 2, 3 **(C) 1, 2, 3, 4** (D) 1, 3, 4

11. જાહેર વહીવટ સામે કયો પડકાર ઉદારીકરણ અને વૈશ્વિકીકરણને લીધે ઊભો થયો છે?
    (A) બહુરાષ્ટ્રીય કંપનીઓને રાજ્ય ઉપર હાવી ન થવા દેવી.
    (B) ધંધાકીય શાસન વ્યવસ્થા (કોર્પોરેટ ગવર્નન્સ)ને મજબૂત કરવી.
    (C) રાજ્યની નીતિઓ ઉપર કંપનીઓનો પ્રભાવ વધવા ન દેવો.
    **(D) ઉપરોક્ત તમામ**
12. ઉદારીકરણના યુગમાં જાહેર વહીવટ માટે કયો પડકાર ઊભો થયો છે?
    (A) વહીવટી સંગઠનમાં વલણો, મૂલ્યો અને માળખાં ઉપર ધ્યાન આપવું.
    (B) શાસન વ્યવસ્થામાં વિકેન્દ્રીકરણ ઊભું કરવું.
    (C) માનવ અધિકારોનું જતન થાય તેવી વ્યવસ્થા ઊભી કરવી.
    **(D) ઉપરોક્ત તમામ**
13. જાહેર વહીવટ માટે ઉદારીકરણના યુગમાં સૌથી મોટો પડકાર કયો ઊભો થાય છે?
    (A) જાહેર સાહસોને નફો કરતાં કરવાં.
    (B) બજેટની ખાધ દૂર કરવી.
    (C) ચલણનું અવમૂલ્યન થતું રોકવું.
    **(D) બજારનાં પરિબળો સામે રાજ્યની ભૂમિકાને પણ મજબૂત બનાવવી.**
14. ભારતમાં ઉદારીકરણની નીતિ અપનાવવામાં આવી પછી રાજ્યની ભૂમિકા શી થઈ છે?
    (A) બજાર ઉપર નિયંત્રણ રાખનારની
    (B) બજારના નિયમનકાર બનવાની
    (C) બજારમાં સ્પર્ધા જળવાઈ રહે તે જોવાની
    **(D) B અને C**
15. ઉદારીકરણના યુગમાં જાહેર વહીવટની ભૂમિકા શી છે?
    (A) લોકોને ઉત્પાદન માટે સ્વતંત્રતા આપવી.
    (B) ઉત્પાદન ઉપરનાં અંકુશો દૂર કરવા.
    (C) વેપાર આડેના અવરોધો દૂર કરવા અને હરીફાઈ ઊભી કરવી.
    **(D) ઉપરોક્ત તમામ**

# ભાગ-2 તંત્ર વ્યવસ્થા

## 5. નિયમો અને પદ્ધતિઓ

1. જાહેર વહીવટમાં હાલ કઈ પદ્ધતિ દુનિયાભરમાં અસ્તિત્વમાં છે?
   (A) રાજાશાહી (B) સરમુખત્યારશાહી
   (C) ધાર્મિક સરમુખત્યારશાહી **(D) ઉપરોક્ત તમામ**
2. જાહેર વહીવટની પદ્ધતિમાં હાલ કયો મુદ્દો મહત્ત્વનો છે?
   (A) જાહેર-ખાનગી ભાગીદારી (B) સત્તાનું વિકેન્દ્રીકરણ
   (C) ખાનગી કંપનીઓને કોન્ટ્રેક્ટ આપવા **(D) ઉપરોક્ત તમામ**
3. જાહેર વહીવટમાં કઈ પદ્ધતિ હાલ દુનિયાભરમાં અમલમાં છે?
   (A) સંસદીય લોકશાહી (B) પ્રમુખીય લોકશાહી
   (C) સામ્યવાદી સરમુખત્યારશાહી **(D) ઉપરોક્ત તમામ**
4. જાહેર વહીવટમાં કયો મુદ્દો હાલ મહત્ત્વનો બન્યો છે?
   1. બજેટ અંગેની નિર્ણય પ્રક્રિયા
   2. ખાનગીકરણ
   3. વિવિધ જ્ઞાતિઓને અનામત
   4. અમલદારશાહીમાં પ્રતિનિધિત્વ
   5. જાહેર ક્ષેત્રમાં સુધારા

   ઉપરનાંમાંથી શું સાચું છે?
   **(A) 1, 2, 3, 4, 5** (B) 2, 5 (C) 1, 2, 5 (D) ફક્ત 3 અને 4
5. જાહેર વહીવટના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચો:
   1. કાયદા વિધાનસભા ઘડે છે અને તેમના અમલ માટેના નિયમો કારોબારી ઘડે છે.
   2. વહીવટ માટેની સંસ્થાઓનું ગઠન કારોબારી કરે છે.
   3. અમલદારો તમામ વિકાસલક્ષી કામો પર દેખરેખ રાખે છે.
   4. જાહેર વહીવટની તમામ પદ્ધતિઓનો હેતુ કલ્યાણનો છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?
   (A) 1, 2, 3 **(B) 1, 2, 3, 4** (C) 2, 3, 4 (D) 1, 3, 4

## 6. સરકારી પંચો

1. ભારતના બંધારણમાં કયા પંચની રચનાની જોગવાઈ કરવામાં આવી છે?
   1. નાણાં પંચ
   2. કેન્દ્રીય જાહેર સેવા પંચ
   3. ચૂંટણી પંચ
   4. પછાત વર્ગ પંચ
   5. સત્તાવાર ભાષા પંચ

   ઉપરનાંમાંથી શું સાચું છે?
   **(A) 1, 2, 3, 4, 5** (B) 1, 2 (C) 1, 2, 3, 4 (D) 1, 2, 3

2. ભારતમાં સરકારી પંચની રચના કેવી રીતે થાય છે?

(A) બંધારણ દ્વારા (B) વિધાનસભા અને સંસદના કાયદા દ્વારા

(C) સરકારના ઠરાવ દ્વારા **(D) ઉપરોક્ત તમામ**

3. ભારતમાં બંધારણ દ્વારા રચાતા પંચના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચોઃ

1. તેમના સભ્યોની નિમણૂક રાષ્ટ્રપતિ કરે છે.
2. તેમના સભ્યોને નિશ્ચિત કાર્યવાહી સિવાય હોદ્દા પરથી હટાવી શકાય નહિ.
3. તેમના અહેવાલ સંસદના દરેક ગૃહ સમક્ષ મૂકવામાં આવે છે.
4. તેઓ ખાસ્સી સ્વાયત્તતા ભોગવે છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2 **(B) 1, 2, 3** (C) 1, 2, 3 (D) 3, 4

4. સંસદ દ્વારા રચવામાં આવતાં પંચો અંગે નીચેનાં વિધાનો વાંચોઃ

1. તે કાયદા દ્વારા રચાય છે.
2. સંસદ તેની રચના કરતા કાયદામાં ફેરફારો કરી શકે છે.
3. મોટે ભાગે તે કોઈક નિશ્ચિત ક્ષેત્ર માટે હોય છે.
4. તે મંત્રાલયના વહીવટી નિયંત્રણ હેઠળ કામ કરે છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3, 4** (B) 1, 2 (C) 3, 4 (D) 1, 2, 4

5. સરકાર શાને માટે પંચની રચના કરે છે?

(A) ભ્રષ્ટાચારની તપાસ માટે (B) કોઈક ઘટનાની તપાસ માટે

(C) કોઈક ક્ષેત્રનું નિયમન કરવા માટે **(D) ઉપરોક્ત તમામ**

6. સરકાર દ્વારા નિમાતા પંચનું કાર્ય કેવું હોય છે?

(A) વહીવટી (B) અદાલતી

(C) અર્ધ-અદાલતી **(D) ઉપરોક્ત તમામ પ્રકારનું હોઈ શકે**

## 7. સરકારી સંસ્થાઓ

1. સરકાર દ્વારા રચવામાં આવતાં બોર્ડ્ઝના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચોઃ

1. જે વિભાગ હેઠળ તે રચાય તે વિભાગના સચિવ તેના વડા ના હોય.
2. જ્યારે નીતિઓ ઘડવામાં વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવાનો હોય ત્યારે બોર્ડ્ઝની રચના કરવામાં આવે છે.
3. તે સરકારને સલાહ આપવાનું કામ કરે.
4. તે સરકારના વિવિધ કાર્યક્રમોનો અમલ પણ કરે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3, 4** (B) 1, 2 (C) 3, 4 (D) 2, 4

2. જ્યારે નીતિઓ ઘડવામાં વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવામાં આવે ત્યારે સરકાર દ્વારા બોર્ડ્ઝની રચના કરાય છે એમ કોણે કહ્યું છે?

**(A) પ્રો. વિલોગ્બી** (B) વુડ્રો વિલ્સન (C) કાર્લ માર્ક્સ (D) મેક્સ વેબર

3. સરકાર દ્વારા રચવામાં આવતાં વિવિધ બોર્ડ્ઝ કેવા પ્રકારનાં હોય છે?

1. તેના બધા સભ્યો સંયુક્ત રીતે જે તે સરકારી વિભાગને જવાબદાર હોય.
2. બોર્ડ સંયુક્ત રીતે નીતિ ઘડવા માટે જવાબદાર હોય.

3. તેના સભ્યોની જવાબદારીઓ વહેંચાયેલી હોય.
4. તે સરકારને સલાહ આપવા માટે હોય.

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3, 4** (B) 1, 2 (C) 2, 3 (D) 2, 3, 4

4. સરકાર દ્વારા રચવામાં આવતાં બોર્ડ્ઝ વિશે નીચેનાં વિધાનોમાંથી શું સાચું છે?
   1. તે જે તે વિભાગ માટે કામ કરતું હોઈ શકે છે.
   2. તેને અર્ધ-અદાલતી કામ સોંપાઈ શકે છે.
   3. તેને વહીવટી કામો સોંપાઈ શકે છે.
   4. તે કોઈક સમિતિના સ્વરૂપનું હોઈ શકે છે.

   (A) 1, 2 (B) 2, 3, 4 (C) 1, 2, 4 **(D) 1, 2, 3, 4**
5. કઈ સરકાર વિવિધ પ્રકારનાં બોર્ડ્ઝની સ્થાપના કરે છે?

   (A) ભારત સરકાર (B) રાજ્ય સરકાર **(C) A અને B બંને** (D) Aઅને Bમાંથી એકેય નહિ
6. ભારતમાં સરકાર જે બોર્ડ્ઝની રચના કરે છે તેમાં કોણ સભ્યો હોય છે?

   (A) નિષ્ણાતો (B) સાંસદો કે ધારાસભ્યો (C) અધિકારીઓ **(D) ઉપરોક્ત તમામ**
7. સરકાર દ્વારા રચાતાં બોર્ડ્ઝથી શો લાભ થાય છે?
   1. જ્યાં વહીવટની પદ્ધતિઓમાં નિષ્ણાતોની જરૂર હોય ત્યાં તે ઉપયોગી થાય છે.
   2. સરકારની નીતિઓ ઘડવામાં તે ઉપયોગી થાય છે.
   3. સરકારની યોજનાઓ અને કાર્યક્રમોનો અમલ કરવામાં તે ઉપયોગ થાય છે.
   4. તે યોગ્ય ઉકેલો શોધી કાઢે છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 2, 3, 4 **(B) 1, 2, 3, 4** (C) 1, 2 (D) 2, 3
8. સરકાર દ્વારા રચાતાં બોર્ડ્ઝને લીધે કઈ સમસ્યા ઊભી થાય છે?

   (A) સરકારી વિભાગ અને બોર્ડ વચ્ચે જવાબદારી અંગે ગૂંચવાડો.

   (B) બોર્ડની અંદર સભ્યો વચ્ચે જવાબદારી વહેંચાયેલી હોય છે તેથી જવાબદારી નક્કી કરવાનું મુશ્કેલ બને છે.

   (C) ઘણી વાર સરકારી વિભાગ અને બોર્ડ વચ્ચે સંકલનના અભાવે કાર્યોમાં વિલંબ થાય છે.

   **(D) ઉપરોક્ત તમામ**
9. સરકાર દ્વારા રચાતાં બોર્ડ્ઝને લીધે કઈ સમસ્યા ઊભી થાય છે?

   (A) વહીવટી ખર્ચમાં વધારો થાય છે.

   (B) નિર્ણયો કરવામાં વિલંબ થાય છે.

   (C) ઘણી વાર નેતૃત્વ રાજકીય હોવાને લીધે વ્યવસાયી રીતે બોર્ડ્ઝ કામ કરતાં નથી.

   **(D) ઉપરોક્ત તમામ**
10. સરકાર સલાહકાર સમિતિઓની રચના શા માટે કરે છે?

    (A) નિષ્ણાતોની સલાહ લેવા માટે.

    (B) નાગરિકો સાથે સંવાદ કરવા માટે.

    (C) નિર્ણયોમાં લોકભાગીદારી વધારવા માટે.

    **(D) ઉપરોક્ત તમામ**
11. સરકાર સલાહકાર સમિતિઓની રચના કરે છે તેના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચો:

1. તેનાથી સરકારી વિભાગો લોકોમાં સંપર્કમાં રહે છે.
2. તેનાથી સરકારી અધિકારીઓને તળ વાસ્તવિકતાની ખબર પડે છે.
3. વિવિધ સરકારી યોજનાઓ અને કાર્યક્રમોના અમલમાં લોકો સામેલ થાય છે.
4. તેનાથી સરકારને નિષ્ણાતોના જ્ઞાનનો લાભ મળે છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3, 4** (B) 1, 2 (C) 3, 4 (D) 1, 4

12. સરકારની સલાહકાર સમિતિઓના સંદર્ભમાં નીચેનાંમાંથી કયું વિધાન સાચું છે?
1. તેનાથી લોકશાહી મજબૂત થાય છે કારણ કે લોકોની સહભાગિતા નિર્ણય પ્રક્રિયામાં વધે છે.
2. રાજ્યના વિવિધ પ્રદેશોના લોકોને તેમાં સમાવી શકાય છે અને તેથી લોકોનું પ્રતિનિધિત્વ વધે છે.
3. બિન-સરકારી સંગઠનો અને હિતધારક જૂથોને સરકાર સમક્ષ રજૂઆતો કરવાની તક મળે છે.
4. પરામર્શની પ્રક્રિયા લોકો સાથે થાય છે માટે નિર્ણયોનો વિરોધ થવાની શક્યતા વધે છે.

(A) 1, 2, 3 **(B) 1, 2, 3, 4** (C) 2, 3, 4 (D) 1, 3, 4

13. સરકારની સલાહકાર સમિતિઓની રચના શાને આધારે થાય છે?

(A) બંધારણ (B) કાયદો **(C) સરકારી ઠરાવ** (D) ઉપરોક્ત તમામ

14. સરકારની સલાહકાર સમિતિઓના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચોઃ
1. આવી સમિતિઓની રચના સરકારમાં વિવિધ સ્તરે થાય છે.
2. તેનાથી વિકાસલક્ષી વહીવટને વેગ મળે છે.
3. સરકારના નિર્ણયો ઉપર પ્રભાવ પાડવાની લોકોને તક મળે છે.
4. લોકશાહીમાં લોકોનું પ્રતિનિધિત્વ વ્યાપક બને છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2 (B) 1, 2, 3 (C) 1, 2, 4 **(D) 1, 2, 3, 4**

## 8. મુખ્ય કાર્યાલય અને ક્ષેત્રીય કચેરીઓ વચ્ચેના સંબંધો

1. સરકારની ક્ષેત્રીય કચેરીઓ વિશેનાં નીચેનાં વિધાનોમાંથી કયું સાચું છે?
1. તેમણે મહત્ત્વની બાબતોમાં સરકારના મુખ્ય કાર્યાલયની દેખરેખ હેઠળ કામ કરવાનું હોય છે.
2. તે ઘણી વાર અનેક સ્તરે કામ કરે છે.
3. તે ઘણી વાર દરેક વિસ્તારમાં કામ કરે છે.
4. વહીવટી વિસ્તાર મુજબ તેમની રચના થાય છે.

(A) 1, 2 (B) 2, 3 (C) ફક્ત 3 **(D) 1, 2, 3, 4,**

2. સરકારનો ક્ષેત્રીય વહીવટી વિસ્તાર કયા પરિબળને આધારે નક્કી થાય છે?

(A) ઐતિહાસિક (B) ભૌગોલિક (C) રાજકીય **(D) ઉપરોક્ત તમામ**

3. સરકારનો ક્ષેત્રીય વહીવટી વિસ્તાર કયા પરિબળને આધારે નક્કી થાય છે?

(A) કાનૂની (B) સાંસ્કૃતિક (C) નાણાકીય **(D) ઉપરોક્ત તમામ**

4. સરકારની ક્ષેત્રીય કચેરીઓના મુખ્ય કાર્યાલય સાથેના સંબંધોમાં કયાં તત્ત્વો મહત્ત્વનાં બને છે?
1. વહીવટી નિયંત્રણ
2. કાર્યગત નિયંત્રણ
3. મુખ્ય કાર્યાલયની કાર્યરીતિ અને પદ્ધતિ
4. ક્ષેત્રીય કચેરીમાં વિવિધ સ્તરે શ્રેણીગત સંબંધો

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3, 4** (B) 1, 2 (C) 3, 4 (D) 1, 2, 3

5. સરકારના મુખ્ય કાર્યાલય અને ક્ષેત્રીય કચેરીઓ વચ્ચેના સંબંધોમાં કયાં કાર્યો અગત્યનાં બને છે?
(A) આયોજન અને સંકલન (B) નિયંત્રણ
(C) નિર્દેશન **(D) ઉપરોક્ત તમામ**

6. ક્ષેત્રીય કચેરીમાં જે વહીવટી એકમ કે અધિકારી હોય તે કયું કામ કરે છે?
(A) આયોજન અને સંકલન (B) નિયંત્રણ
(C) નિર્દેશન **(D) ઉપરોક્ત તમામ**

7. ક્ષેત્રીય કચેરી ખાતેનું કાર્યગત (functional) એકમ શાનું કામ કરે છે?
(A) સામાન્ય **(B) વિશિષ્ટીકૃત**
(C) માત્ર મંજૂરી આપવાનું (D) ફક્ત આદેશ આપવાનું

8. મુખ્ય કાર્યાલય ક્ષેત્રીય કચેરી ઉપર કેવી રીતે અંકુશ ધરાવે છે?
1. તે ક્ષેત્રીય કેચરી પાસેથી માહિતી મંગાવી શકે છે.
2. વહીવટી નિયમાવલિ ઘડે છે અને તેનું પાલન ક્ષેત્રીય કચેરીઓ કરે તેના પર દેખરેખ રાખે છે.
3. તે બજેટ ઉપર અંકુશ રાખે છે.
4. તે ક્ષેત્રીય કચેરીઓની કામગીરી માટે નિયમો અને આચારસંહિતા ઘડે છે.
5. ગેરરીતિ કે ભ્રષ્ટાચારના કિસ્સામાં તે તપાસ કરે છે.
6. તે સંગઠનની યોજના ઘડે છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?
(A) 2, 4, 6 (B) 1, 3, 5, 6 **(C) 1, 2, 3, 4, 5, 6** (D) 2, 3, 4, 5

## 9. નિયમનકારી સંસ્થાઓ

1. ભારતમાં નાણાં ક્ષેત્રે નિયમનકારી સંસ્થા કઈ છે?
1. નાણાં મંત્રાલય
2. RBI
3. SEBI
4. IRDA
5. PFRDA

ઉપરનાંમાંથી શું સાચું છે?
(A) 1, 2 (B) 1, 2, 3 **(C) 1, 2, 3, 4, 5** (D) 3, 4

2. ભારતમાં નિયમનકારી સંસ્થાઓની સ્થાપના શા માટે કરવામાં આવી?
(A) 1991 પછી ભારત સરકારે ખાનગી ક્ષેત્ર પર અંકુશ રાખવાનું છોડી દીધું.
(B) સરકાર બજારમાં સ્પર્ધા જાળવી રાખવા માગે છે.
(C) ગ્રાહકોનું શોષણ ના થાય તે માટે.
**(D) ઉપરોક્ત તમામ**

3. નિયમનકારી સંસ્થાઓ ભારતમાં અર્થતંત્રના કયા ક્ષેત્રમાં કામ કરે છે?
(A) વીજળી (B) શેર બજાર (C) દૂરસંચાર **(D) ઉપરોક્ત તમામ**

4. ભારતીય અર્થતંત્રમાં નિયમનકારી સંસ્થાઓ કયા ક્ષેત્રે કામ કરે છે?
(A) પેટ્રો પેદાશો (B) વીમો (C) નાણાં બજાર **(D) ઉપરોક્ત તમામ**

5. ભારતમાં નિયમનકારી સંસ્થાઓની સ્થાપના શા માટે કરવામાં આવી?
   (A) સરકારે 1991 પછી મોટા ભાગનાં ક્ષેત્રોમાં પરવાના પ્રથા રદ કરી.
   (B) સરકારે જાહેર ક્ષેત્ર માટેની અનામતોમાં ઘટાડો કર્યો તેથી સ્પર્ધા વધી.
   (C) મૂડીરોકાણ ઉપરનાં નિયંત્રણો દૂર કરવામાં આવ્યાં.
   **(D) ઉપરોક્ત તમામ**

## 9.1. TRAI

1. TRAIની સ્થાપના ક્યારે થઈ?
   (A) 1999 (B) 1991 **(C) 1992** (D) 2002
2. TRAI ગ્રાહકોના હિતમાં કયા ક્ષેત્રે કામ કરે છે?
   (A) ટેલિકોમ સેવાની ગુણવત્તા (B) ટેલિકોમ સેવાના છૂટક અને જથ્થાબંધ દર
   (C) ટેલિકોમ સેવાઓની જોગવાઈમાં પારદર્શિતા **(D) ઉપરોક્ત તમામ**
3. TRAI ગ્રાહકોના હિતમાં કયા ક્ષેત્રે કામ કરે છે?
   (A) ગ્રાહકોની ફરિયાદોનું નિવારણ. (B) ગ્રાહકોની સહભાગિતા
   (C) ટેલિમાર્કેટિંગ પર પ્રતિબંધ **(D) ઉપરોક્ત તમામ**
4. TRAI ભારત સરકારને ટેલિકોમ ક્ષેત્રે શાને વિશે ભલામણ કરે છે?
   (A) સ્પેક્ટ્રમ (B) પરવાના
   (C) ટેલિકોમની સાર્વત્રિક પહોંચ **(D) ઉપરોક્ત તમામ**
5. TRAI ભારત સરકારને ટેલિકોમ ક્ષેત્રે શાને વિશે ભલામણ કરે છે?
   (A) મોબાઈલ નંબરની પોટેબિલિટી (B) એફ.એમ.રેડિયો
   (C) માધ્યમોની માલિકી **(D) ઉપરોક્ત તમામ**
6. TRAI ભારત સરકારને ટેલિકોમ ક્ષેત્રે શાને વિશે ભલામણ કરે છે?
   (A) કોમ્યુનિટી રેડિયો (B) પ્લેટફોર્મ સેવાઓ
   (C) ડિરેક્ટ ટુ હોમ (ડીટીએચ) જોડાણ **(D) ઉપરોક્ત તમામ**
7. TRAI ધારામાં ક્યારે સુધારા કરાયા?
   **(A) 2011** (B) 2003 (C) 2008 (D) 2010
8. TRAI નું કાર્ય શું છે?
   (A) નવા ટેલિકોમ સેવાના પુરવઠાકારની જરૂરિયાત નક્કી કરવી.
   (B) નવા ટેલિકોમ સેવાના પુરવઠાકારની લાયસન્સની શરતો નક્કી કરવી.
   (C) પ્રાપ્ય સ્પેક્ટ્રમનું કાર્યક્ષમ સંચાલન કરવું.
   **(D) ઉપરોક્ત તમામ**

## 9.2 SEBI

1. SEBIની સ્થાપના કરતો કાયદો કયારે ઘડાયો?
   (A) 1995 (B) 1999 **(C) 1992** (D) 2000
2. સેબીની સ્થાપના કયા હેતુસર કરવામાં આવી છે?
   1. જામીનગીરીઓમાં રોકાણ કરનારાઓનાં હિતોનું રક્ષણ કરવું.
   2. જામીનગીરી બજારનો વિકાસ કરવો.
   3. જામીનગીરી બજારનું નિયમન કરવું.

4. જામીનગીરી બજાર સાથે સંબંધિત તમામ બાબતોનું નિયમન કરવું.

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3, 4** (B) 1, 2, 3 (C) 2, 3, 4 (D) 1, 3, 4

3. સેબી કયું કામ કરે છે?

(A) શેર બજારના કામકાજનું નિયમન કરવું. (B) જામીનગીરી બજારના કામકાજનું નિયમન કરવું.

(C) શેર દલાલોની નોંધણી કરવી. **(D) ઉપરોકત તમામ**

4. સેબી કયું કામ કરે છે?

(A) પેટા શેર દલાલોની નોંધણી કરવી અને તેમના કામકાજનું નિયમન કરવું.

(B) ,શેર ટ્રાન્સફર એજન્ટોની નોંધણી કરવી અને તેમના કામકાજનું નિયમન કરવું.

(C) પોર્ટફોલિયો મેનેજર્સના કામકાજનું નિયમન કરવું.

**(D) ઉપરોકત તમામ**

5. સેબીના સંચાલક બોર્ડમાં કેટલા સભ્યો હોય છે?

(A) 15 (B) 13 (C) 11 **(D) 9**

6. સેબીના અધ્યક્ષ અને બોર્ડના સભ્યોની નિમણૂક કોણ કરે છે?

(A) વડા પ્રધાન (B) રાષ્ટ્રપતિ (C) કોલેજિયમ **(D) કેન્દ્ર સરકાર**

7. સેબી કોના કામકાજનું નિયમન કરે છે?

1. ઈસ્યુના બેંકર, પેટા દલાલ
2. મર્ચન્ટ બેંકર, શેર દલાલ
3. અન્ડરરાઈટર, રોકાણ સલાહકારો
4. વિદેશી સંસ્થાકીય રોકાણકારો

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 3, 4 **(B) 1, 2, 3, 4** (C) 1, 4 (D) 1, 2, 3

8. સેબી કોના કામકાજનું નિયમન કરે છે?

(A) મ્યુચ્યુઅલ ફંડો (B) વેન્ચર કેપિટલ ફંડો

(C) ક્રેડિટ રેટિંગ એજન્સીઓ **(D) ઉપરોકત તમામ**

9. સેબી કયું કાર્ય કરે છે?

(A) જામીનગીરીઓમાં ઈન્સાઈડર ટ્રેડિંગ ઉપર પ્રતિબંધ મૂકવો.

(B) રોકાણકારોનાં શિક્ષણ અને તાલીમને પ્રોત્સાહન.

(C) જામીનગીરી બજારમાં ગેરવાજબી વ્યાપાર રીતિ ઉપર નિયમન.

**(D) ઉપરોકત તમામ**

10. કંપનીઓનાં હસ્તાંતરણ અને સંપાદન ઉપર નિયમન કરવાનું કામ કોણ કરે છે?

**(A) SEBI** (B) નાણાં મંત્રાલય (C) RBI (D) PFRDA

11. સેબીના બોર્ડના સભ્યને હોદ્દા પરથી દૂર કરવાની સત્તા કોની પાસે છે?

(A) રાષ્ટ્રપતિ (B) કોલેજિયમ (C) સેબીના અધ્યક્ષ **(D) કેન્દ્ર સરકાર**

12. શેર બજારના સંદર્ભમાં સેબી કયું કામ કરે છે?

(A) માહિતી મંગાવવી. (B) તપાસ હાથ ધરવી. (C) ઓડિટ કરવું. **(D) ઉપરોકત તમામ**

13. નીચેનાં વિધાનો વાંચો:

1. સેબી કોઈ પણ કંપની પાસેથી માહિતી મંગાવી શકે છે.

2. સેબી કોઈ પણ બેંકના દસ્તાવેજો માંગી શકે છે.

3. સેબી કોઈ પણ સત્તામંડળના દસ્તાવેજો તપાસી શકે છે કે જે જામીનગીરીઓમાં સોદા સંદર્ભે હોય.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) ફક્ત 3 (B) 1, 2 (C) ફક્ત 1 **(D) 1, 2, 3**

14. સેબીના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચોઃ

1. તે કોઈ પણ શેરબજારમાં કોઈ પણ જામીનગીરીના સોદા સ્થગિત કરી શકે છે.

2. તે કોઈ પણ વ્યક્તિને જામીનગીરી ખરીદતાં કે વેચતાં રોકી શકે છે.

3. તે કોઈ પણ શેર બજારના હોદ્દેદારને સસ્પેન્ડ કરી શકે છે.

4. તે દીવાની અદાલતની સત્તા ધરાવે છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 2, 4 (B) 3, 4 (C) 1, 2 **(D) 1, 2, 3, 4**

15. સેબીના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચોઃ

1. તે કોઈ પણ વ્યક્તિ જો દસ્તાવેજો ના આપે તો તેને દંડ કરી શકે છે.

2. જો કોઈ કંપની રોકાણકારોની ફરિયાદો ના ઉકેલે તો તે તેને દંડ કરી શકે છે.

3. મ્યુચ્યુઅલ ફંડે તેમાં નોંધણી કરાવવી પડે છે.

4. એસેટ મેનેજમેન્ટ કંપનીએ તેમાં નોંધણી કરાવવી ફરજિયાત છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 2, 3, 4 **(B) 1, 2, 3, 4** (C) 1, 3, 4 (D) 1, 2, 4

## 9.3 વીજ નિયમનકારી પંચ (ERC)

1. કેન્દ્રીય વીજ નિયમનકારી પંચ (CERC)ની સ્થાપના કયા કાયદા હેઠળ કરવામાં આવી છે?

(A) વીજળી ધારો-2003 (B) વીજળી ધારો-1948

**(C) વીજ નિયમનકારી પંચ ધારો-1998** (D) ઉપરનાંમાંથી એકેય નહિ.

2. હાલ વીજ નિયમનકારી પંચ કયા કાયદા હેઠળ કામ કરે છે?

**(A) વીજળી ધારો-2003**

(B) વીજળી ધારો- 1948

(C) વીજ નિયમનકારી પંચ ધારો-1998

(D) ઉપરનાંમાંથી એકેય નહિ

3. કેન્દ્રીય વીજ નિયમનકારી પંચનું મિશન શું છે?

(A) જથ્થાબંધ વીજળીના બજારમાં સ્પર્ધા, કાર્યક્ષમતા અને ઓછા ખર્ચને પ્રોત્સાહન આપવું.

(B) વીજ પુરવઠાની ગુણવત્તામાં સુધારો કરવો.

(C) વીજળી ક્ષેત્રે મૂડીરોકાણને પ્રાત્સાહન આપવું.

**(D) ઉપરોક્ત તમામ**

4. કેન્દ્રીય વીજ નિયમનકારી પંચનું મિશન શું છે?

(A) ગ્રાહકોનાં હિતોનું રક્ષણ કરવું

(B) વીજળીની માંગ અને પુરવઠા વચ્ચેની ખાઈ દૂર કરવા સરકારને સલાહ આપવી.

(C) સંસ્થાગત અવરોધો દૂર કરવા સરકારને સલાહ આપવી.

**(D) ઉપરોક્ત તમામ**

5. કેન્દ્રીય વીજ નિયમનકારી પંચનો હેતુ શો છે?

(A) આંતર-રાજ્ય વીજ વેપારને સુગમ બનાવવો.

(B) તમામ હિતધારકોને માહિતી મળે તેવી વ્યવસ્થા સુધારવી.

(C) પ્રાદેશિક વીજ સંવહન વ્યવસ્થા સુધારવી.

**(D) ઉપરોક્ત તમામ**

6. વીજળી ધારા-2003ની કઈ કલમ હેઠળ કેન્દ્રીય વીજ નિયમનકારી પંચની સ્થાપના કરાઈ હતી?

(A) કલમ-55 **(B) કલમ-76** (C) કલમ-103 (D) કલમ- 47

7. કેન્દ્રીય વીજ નિયમનકારી પંચનો હેતુ શો છે?

(A) વીજળીના ભાવ નક્કી કરનારું કાર્યક્ષમ તંત્ર ઊભું કરવું.

(B) વીજળીના ભાવ વધારા માટેની અરજીઓનો ઝડપી નિકાલ કરવો.

(C) વીજળીના આંતર-રાજ્ય સંવહનમાં ખુલ્લી પહોંચને સુગમ બનાવવી.

**(D) ઉપરોક્ત તમામ**

8. કેન્દ્રીય વીજ નિયમનકારી પંચનું ફરજિયાત કાર્ય કયું છે?

1. કેન્દ્ર સરકારની માલિકીની તથા તેના દ્વારા અંકુશિત વીજ ઉત્પાદક કંપનીઓના ભાવ ઉપર નિયમન રાખવું.
2. એક કરતાં વધારે રાજ્યોમાં વીજળીનું ઉત્પાદન અને વેચાણ કરતી કંપનીઓના ભાવ ઉપર નિયમન રાખવું.
3. વીજળીના આંતર-રાજ્ય વહન માટે વીજળીના ભાવ નક્કી કરવા.
4. વીજળી ધારાના હેતુ માટે ફી લાદવી.

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3, 4** (B) 3, 4 (C) 1, 2 (D) 2, 4

9. કેન્દ્રીય વીજ નિયમનકારી પંચનું ફરજિયાત કાર્ય કયું છે?

(A) વીજળીનો વેપાર કરનારાને પરવાનો આપવો.

(B) વીજળીનું સંવહન કરનારને પરવાનો આપવો.

(C) વીજળીની ગ્રીડ માટે ધોરણો નક્કી કરવાં.

**(D) ઉપરોક્ત તમામ**

10. કેન્દ્રીય વીજ નિયમનકારી પંચ કેન્દ્ર સરકારને શાને માટે સલાહ આપે છે?

(1) રાષ્ટ્રીય વીજળી નીતિ ઘડવી. (2) વીજળીના ભાવ અંગે નીતિ ઘડવી.

(3) વીજ ઉદ્યોગમાં સ્પર્ધાને પ્રોત્સાહન આપવું. (4) વીજ ઉદ્યોગમાં મૂડીરોકાણને પ્રોત્સાહન આપવું

(5) વીજ ઉદ્યોગમાં કાર્યક્ષમતાને પ્રોત્સાહન આપવું.

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3, 4, 5** (B) 2, 3, 4 (C) 1, 2, 3, 4 (D) 2, 3, 4, 5

11. ગુજરાત વીજ નિયમનકારી પંચ (GERC)ની સ્થાપના ક્યારે થઈ?

(A) 1990 **(B) 1998** (C) 2005 (D) 2008

12. રાજ્યોના વીજ નિયમનકારી પંચમાં અધ્યક્ષ સહિત કેટલા સભ્ય હોય છે?

(A) 9 (B) 7 (C) 5 **(D) 3**

13. કેન્દ્રીય વીજ નિયમનકારી પંચમાં અધ્યક્ષ સહિત કેટલા સભ્યો હોય છે?

(A) 11 (B) 9 **(C) 5** (D) 7

14. ગુજરાત વીજ નિયમનકારી પંચ (GERC)માં ગ્રાહકો કોને ફરિયાદ કરી શકે છે?

**(A) વીજ લોકપાલ** (B) ગ્રાહક વિવાદ નિવારણ ફોરમ

(C) જિલ્લા વીજ લોકપાલ (D) ઉપરનાંમાંથી કોઈ નહિ

## 9.4. પેન્શન ફંડ નિયમનકારી અને વિકાસ સત્તામંડળ (PFRDA)

1. PFRDA ની સ્થાપના કરતો કાયદો ક્યારે કરવામાં આવ્યો?
   **(A) 2013** (B) 2014 (C) 2012 (D) 2010
2. PFRDA કોને માટે પેન્શન વ્યવસ્થા ઊભી કરે છે?
   **(A) વૃદ્ધો** (B) કેન્દ્ર સરકારના કર્મચારીઓ
   (C) રાજ્ય સરકારોના કર્મચારીઓ (D) માત્ર મહિલાઓ
3. વચગાળાના PFRDAની સ્થાપના ક્યારે થઈ હતી?
   (A) 2008 **(B) 2003** (C) 2013 (D) 2010
4. PFRDA દ્વારા રાષ્ટ્રીય પેન્શન યોજના (NPS)ક્યારે શરૂ કરવામાં આવી?
   (A) 2013 **(B) 2014** (C) 2015 (D) 2005
5. PFRDA ના અધ્યક્ષ અને સભ્યોની નિમણૂક કોણ કરે છે?
   **(A) કેન્દ્ર સરકાર** (B) રાષ્ટ્રપતિ
   (C) સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ (D) વડા પ્રધાન
6. PFRDAમાં અધ્યક્ષ ઉપરાંત કેટલા સભ્યો હોય છે?
   **(A) છ** (B) પાંચ (C) દસ (D) અગિયાર
7. PFRDAનું કાર્ય શું છે?
   (A) રાષ્ટ્રીય પેન્શન યોજનાનું નિયમન કરવું.
   (B) રાષ્ટ્રીય પેન્શન યોજના સિવાયની પેન્શન યોજનાઓનું નિયમન કરવું.
   (C) પેન્શન યોજના સાથે સંબંધિત વ્યવસાયી સંગઠનોને પ્રોત્સાહન આપવું.
   **(D) ઉપરોક્ત તમામ**
8. PFRDAનું કાર્ય શું છે?
   (A) પેન્શન યોજનાના સભ્યોનાં હિતોનું રક્ષણ કરવું. (B) પેન્શન ફંડોની યોજનાઓને મંજૂરી આપવી.
   (C) પેન્શન ફંડાની નોંધણી કરવી અને તેમનું નિયમન કરવું. **(D) ઉપરોક્ત તમામ**
9. PFRDAનું કાર્ય શું છે?
   (A) પેન્શન ફંડો વચ્ચેના વિવાદોનું સમાધાન કરવું.
   (B) પેન્શન ફંડ અને સભ્યો વચ્ચેના વિવાદોનું સમાધાન કરવું.
   (C) સભ્યોની ફરિયાદોના નિવારણ માટે તંત્ર સ્થાપવું.
   **(D) ઉપરોક્ત તમામ**
10. PFRDAનું કાર્ય શું છે?
    (A) પેન્શન અંગે લોકોને તથા પેન્શન ફંડોના સભ્યોને શિક્ષણ આપવા પગલાં લેવાં.
    (B) પેન્શન ફંડો વિશેની માહિતીનો પ્રચાર-પ્રસાર કરવો.
    (C) પેન્શન ફંડોમાં સભ્યો જે ફાળો આપે તેનું રક્ષણ કરવું.
    **(D) ઉપરોક્ત તમામ**
11. PFRDAના સંદર્ભમાં નીચેનાંમાંથી કયું વિધાન સાચું છે?
    1. કેન્દ્ર સરકાર નીતિવિષયક બાબતો વિશે તેને આદેશો આપી શકે છે.
    2. નીતિવિષયક બાબતોમાં કેન્દ્ર સરકારનો નિર્ણય આખરી ગણાય છે.
    3. તે એક પેન્શન સલાહકાર સમિતિની રચના કરે છે.
    4. પેન્શન સલાહકાર સમિતિમાં 25 કરતાં વધુ નહિ તેટલા સભ્યો હોય છે.
    (A) 1, 2 (B) 3, 4 **(C) 1, 2, 3, 4** (D) 1, 4

## 9.5. IRDA(વીમા નિયમનકારી અને વિકાસ સત્તામંડળ)

1. IRDA માં અધ્યક્ષ ઉપરાંત કેટલા સભ્યો હોય છે?

   **(A) 9** (B) 10 (C) 11 (D) 12

2. IRDAનું કાર્ય શું છે?

   1. તે વીમા કંપનીઓની નોંધણી કરે છે.
   2. તે પોલિસી ધારકોનાં હિતોનું રક્ષણ કરે છે.
   3. સર્વેયર માટે આચારસંહિતા ઘડે છે.
   4. વીમા એજન્ટોની લાયકાતો નક્કી કરે છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 1, 2 (B) 2, 4 **(C) 1, 2, 3, 4** (D) 1, 2, 3

3. IRDA નું કાર્ય શું છે?

   (A) વીમાના ધંધામાં કાર્યક્ષમતા લાવવી.

   (B) વીમાના ધંધા સાથે સંકળાયેલાં સંગઠનોનું નિયમન કરવું.

   (C) વીમા કંપનીઓના ધંધા અંગે તપાસ કરવી.

   **(D) ઉપરોક્ત તમામ**

4. IRDAની સ્થાપના કરનારો કાયદો ક્યારે થયો?

   (A) 1993 (B) 1991 **(C) 1999** (D) 1995

5. IRDA કયું કાર્ય કરે છે?

   (A) વીમા કંપનીઓ જે મૂડીરોકાણ કરે છે તેનું નિયમન કરવું.

   (B) વીમા પોલિસીઓના પ્રિમિયમના દરનું નિયમન કરવું.

   (C) વીમા એજન્ટોને પરવાના આપવા.

   **(D) ઉપરોક્ત તમામ**

6. IRDAના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચોઃ

   1. તે વીમા કંપનીને પરવાનો આપે છે.
   2. તે વીમા કંપનીનો પરવાનો સ્થગિત કરી શકે છે.
   3. તે વીમા કંપનીનો પરવાનો રદ કરી શકે છે.
   4. તે ગ્રાહકોનું શોષણ વીમા કંપનીઓ ના કરે તેની કાળજી રાખે છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   **(A) 1, 2, 3, 4** (B) 1, 2, 3 (C) 1, 4 (D) 2, 3

7. ગ્રાહકોના રક્ષણ માટે IRDA શું કરે છે?

   (A) વીમા પોલિસીની ઈ-રિપોઝિટરી રાખે છે.

   (B) સામાન્ય વીમાની પોલિસીઓ અંગે કંપનીવાર તુલના રજૂ કરે છે.

   (C) ફરિયાદ નિવારણ કેન્દ્ર ચલાવે છે.

   (D) **ઉપરોક્ત તમામ**

## 9.6 RBI

1. રિઝર્વ બેંકની સ્થાપના કરતો કાયદો ક્યારે થયો?

   **(A) 1934** (B) 1937 (C) 1947 (D) 1949

2. રિઝર્વ બેંકનો મુખ્ય ઉદ્દેશ શો છે?
   (A) ભારતમાં નાણાકીય સ્થિરતા જાળવવી.
   (B) દેશની ચલણની અને ધિરાણની વ્યવસ્થા ચલાવવી.
   (C) ચલણી નોટો જારી કરવી અને તેમનું નિયમન કરવું.
   **(D) ઉપરોક્ત તમામ**
3. રિઝર્વ બેંકના બોર્ડમાં કેટલા સભ્યો હોય છે?
   (A) 11 (B) 12 (C) 21 **(D) 19**
4. કયા બે મુખ્ય કાયદા હેઠળ RBI નાણાં બજાર ઉપર નિયમનનું કાર્ય કરે છે?
   1. RBI ધારો-1934
   2. બેકિંગ નિયમન ધારો-1949
   3. ફેમા - 1999
   4. કંપની ધારો - 1956
   5. બેકિંગ કંપની ધારો - 1980
   ઉપરનાંમાંથી શું સાચું છે?
   (A) 1, 4, (B) 2, 3 **(C) 1, 2** (D) 2, 5
5. રિઝર્વ બેંક કયું કાર્ય કરે છે?
   1. નાણાં નીતિ ઘડે છે, તેનો અમલ કરે છે અને તેના પર દેખરેખ રાખે છે.
   2. ભાવોમાં સ્થિરતા જાળવે છે.
   3. ઉત્પાદનનાં ક્ષેત્રોમાં પર્યાપ્ત ધિરાણનો પ્રવાહ વહે તે સુનિશ્ચિત કરે છે.
   4. બેંકિંગ ક્ષેત્રની કામગીરીના માપદંડો નક્કી કરે છે.
   ઉપરનાંમાંથી શું સાચું છે?
   (A) 1, 4 **(B) 1, 2, 3, 4** (C) 1, 3, 4 (D) 1, 2
6. રિઝર્વ બેંક કયું કાર્ય કરે છે?
   1. વિદેશી હૂંડિયામણ નિયમન ધારો (ફેમા)નું સંચાલન કરે છે.
   2. વિદેશ વ્યાપારનો માર્ગ સુગમ કરે છે.
   3. વિનિમય બજારનો વ્યવસ્થિત વિકાસ થાય તે જોવું.
   4. ચલણ જારી કરવું અને ઉપયોગ માટે અયોગ્ય એવા ચલણનો નાશ કરવો.
   ઉપરનાંમાંથી શું સાચું છે?
   **(A) 1, 2, 3, 4** (B) 1, 2, 4 (C) 2, 3, 4 (D) 1, 3, 4
7. નીચેનાં વિધાનો RBI ના સંદર્ભમાં વાંચો:
   1. તે કેન્દ્ર સરકારના બેંકર તરીકે કામ કરે છે.
   2. તે કેન્દ્ર સરકાર માટે મર્ચન્ટ બેંકિંગનું કામ કરે છે.
   3. તે રાજ્ય સરકારના બેંકર તરીકે કામ કરે છે.
   4. તે તમામ અનુસૂચિત બેંકોના હિસાબો જાળવે છે.
   ઉપરનાંમાંથી શું સાચું છે?
   (A) 1, 2, 4 (B) 1, 3 (C) 1, 2 **(D) 1, 2, 3, 4**
8. રિઝર્વ બેંક શું કાર્ય કરે છે?
   1. તે વ્યાજના દરમાં સ્થિરતા જાળવે છે.

2. તે વિનિમય દરમાં સ્થિરતા જાળવે છે.
3. અર્થતંત્રમાં નાણાંની પ્રવાહિતા પૂરી પાડે છે.
4. અર્થતંત્રમાં ચલણનો પર્યાપ્ત પુરવઠો જળવાય તે જુએ છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 3 (B) 1, 2, 4 (C) 1, 3, 4 **(D) 1, 2, 3, 4**

9. રિઝર્વ બેંકના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચો:
1. તે થાપણદારોનાં નાણાંની સુરક્ષા સુનિશ્ચિત કરે છે.
2. નાણાં સંસ્થાઓનો વિકાસ કરે છે.
3. નાણાં બજારનો વિકાસ થાય તે જુએ છે.
4. નાણાં વ્યવસ્થાની સ્થિરતા જાળવે છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 3 (B) 2, 3, 4 (C) 1, 3, 4 **(D) 1, 2, 3, 4**

10. સહકારી બેંકો RBIના નિયમન હેઠળ ક્યારે આવી?

(A) 1937 **(B) 1966** (C) 1991 (D) 2002

11. ચુકવણીની વ્યવસ્થા (Payment System) ઉપર નિયમન રાખવાની સત્તા RBI ને ક્યારે મળી?

(A) 1969 (B) 2001 **(C) 2003** (D) 2010

12. RBI બહુનિર્દેશક અભિગમ અપનાવે છે તેનો અર્થ શું છે?

**(A) તે નાણાં નીતિ ઘડવામાં અનેક પરિબળોને ધ્યાનમાં લે છે.**

(B) તે રાજકોષીય નીતિ હેઠળ ખાધ પુરવણી માટે અનેક પરિબળોને ધ્યાનમાં લઈ લક્ષ્યાંક નક્કી કરે છે.

(C) તે ચલણ બજારમાં વ્યાજના અનેક દર નક્કી કરે છે.

(D) તે નાણાં બજારમાં વ્યાજના એક કરતાં વધારે દર નક્કી કરવાનું બેંકોને જણાવે છે.

## 9.7. ભારતીય સ્પર્ધા પંચ (CCI)

1. ભારતીય સ્પર્ધા પંચ કઈ કામગીરી બજાવે છે?
1. કોઈ કંપની બજારમાં પોતાના વર્ચસ્વનો દુરુપયોગ કરે છે કે કેમ તે ચકાસે છે.
2. તે કંપનીને ગેરવાજબી વ્યાપાર રીતિ કરતાં રોકે છે.
3. બજારમાં વર્ચસ્વનો દુરુપયોગ કરનાર કંપનીને દંડ કરે છે.
4. તે કંપનીને નિશ્ચિત સમયગાળામાં બજારમાં તેનો વ્યવહાર સુધારવા માટે આદેશ આપે છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 3 **(B) 1, 2, 3, 4** (C) 2, 3, 4 (D) 1, 3, 4

2. ભારતીય સ્પર્ધા પંચ કઈ કામગીરી કરે છે?
1. કંપનીઓ વચ્ચેના જોડાણને બજારના સંદર્ભમાં ચકાસે છે.
2. કંપનીઓ જોડાણને મંજૂરી આપે છે.
3. કંપનીઓ વચ્ચેના જોડાણને નામંજૂર કરે છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) ફક્ત 3 (B) ફક્ત 2 (C) 1,2 **(D) 1, 2, 3**

3. ભારતીય સ્પર્ધા પંચની સ્થાપના ક્યારે થઈ?

(A) 2009 (B) 2002 **(C) 2003** (D) 2007

4. ભારતીય સ્પર્ધા ધારો ક્યારે ઘડાયો?

**(A) 2002** (B) 2004 (C) 2009 (D) 2014

5. ભારતીય સ્પર્ધા ધારામાં ક્યારે સુધારો કરાયો?

**(A) 2007** (B) 2004 (C) 2015 (D) 2012

6. ભારતીય સ્પર્ધા પંચ શાનું નિયમન કરે છે?

(A) કંપનીઓ દ્વારા થતી સ્પર્ધા-વિરોધી સમજૂતીઓ.

(B) કંપનીઓ દ્વારા થતો વર્ચસ્વનો દુરુપયોગ.

(C) કંપનીઓ વચ્ચેના જોડાણો.

**(D) ઉપરોક્ત તમામ**

7. ભારતીય સ્પર્ધા પંચના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચો:

1. તેમાં અધ્યક્ષ ઉપરાંત બેથી ઓછા નહિ અને તેથી વધુ નહિ તેટલા સભ્યો હોય છે.
2. તેના અધ્યક્ષની નિમણૂક કેન્દ્ર સરકાર કરે છે.
3. તેના સભ્યોની નિમણૂક રાષ્ટ્રપતિ કરે છે.
4. તેના સભ્યોનાં નામોની ભલામણ એક પસંદગી સમિતિ કરે છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 3, 4 **(B) 1, 2, 4** (C) 1, 2 (D) 3, 4

8. ભારતીય સ્પર્ધા પંચના અધ્યક્ષ અને સભ્યોનાં નામોની ભલામણ કરનારી પસંદગી સમિતિના અધ્યક્ષ કોણ હોય છે?

**(A) સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ કે તેઓ સૂચવે તે.**

(B) વડા પ્રધાન

(C) નાણાં પ્રધાન

(D) ઉદ્યોગ પ્રધાન

9. ભારતીય સ્પર્ધા પંચ કંપનીઓ વચ્ચેની કેવી સમજૂતીઓ પર નિયમન કરે છે?

1. બજારમાં નવા પ્રવેશકો સામે અવરોધો ઊભા કરે તેવી.
2. બજારમાંથી વર્તમાન સ્પર્ધકોને હાંકી કાઢે તેવી.
3. બજારમાં કોઈને પ્રવેશવા જ ના દે તેવી.
4. ગ્રાહકોને થતા લાભો દૂર કરે તેવી.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 3 **(B) 1, 2, 3, 4** (C) 1, 2, 4 (D) 1, 4

10. ભારતીય સ્પર્ધા પંચ કંપનીઓ વચ્ચેની કેવી સમજૂતીઓ પર નિયમન કરે છે?

1. જે વસ્તુઓના ઉત્પાદનમાં સુધારો કરતાં રોકે.
2. જે સેવાઓના ઉત્પાદનમાં સુધારો કરતાં રોકે.
3. જે વસ્તુઓ અને સેવાઓના વિતરણમાં સુધારો કરતાં રોકે.
4. જે વસ્તુઓ અને સેવાઓના ટેકનિકલ વિકાસને પ્રોત્સાહન આપતાં રોકે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, (B) 2, 4 (C) 1, 2, 3 **(D) 1, 2, 3, 4**

## 10. જાહેર-ખાનગી ભાગીદારી

1. જાહેર-ખાનગી ભાગીદારીમાં કોની વચ્ચે કરાર થાય છે?
   (A) ખાનગી કંપની અને ખાનગી કંપની **(B) સરકાર અને ખાનગી કંપની**
   (C) ખાનગી કંપની અને બિન-સરકારી સંગઠન (D) ઉપરોક્ત તમામ
2. ભારતમાં સામાન્ય રીતે જાહેર-ખાનગી ભાગીદારી કયા ક્ષેત્ર માટે અસ્તિત્વમાં આવી છે?
   (A) અસંગઠિત ક્ષેત્ર (B) ખેતી
   (C) ઉદ્યોગ ક્ષેત્ર **(D) માળખાગત સવલતો**
3. જાહેર-ખાનગી ભાગીદારીની ટીકા કયે મુદ્દે થાય છે?
   **(A) ખાનગી ક્ષેત્ર બેફામ નફો કમાય છે.** (B) ઉદ્યોગ ક્ષેત્રનો વિકાસ ધીમો પડે છે.
   (C) ખેતી ક્ષેત્રે મૂડીરોકાણ ઘટે છે. (D) ઉપરોક્ત તમામ
4. જાહેર-ખાનગી ભાગીદારીમાં સામાન્ય રીતે કેવા સમયગાળા માટે કરાર થાય છે?
   (A) ટૂંકો ગાળો **(B) લાંબો ગાળો** (C) અત્યંત ટૂંકો ગાળો (D) ઉપરનાંમાંથી કોઈ પણ
5. જાહેર-ખાનગી ભાગીદારીના પ્રોજેક્ટ્સમાં વધારો થયો છે તેનું કારણ શું છે?
   **(A) સરકારોને જાહેર સેવાઓમાં નફો થતો નથી અને એ સેવાઓની માંગ વધતી જાય છે.**
   (B) ખાનગી ક્ષેત્રનો નફો વધતો જાય છે.
   (C) શેરબજારમાં તેજી છે.
   (D) ઉપરનાંમાંથી કોઈ પણ નહિ.
6. નીચેનાં વિધાનો જાહેર-ખાનગી ભાગીદારીના સંદર્ભમાં વાંચોઃ
   1. તેમાં જાહેર ક્ષેત્રની કેટલીક જવાબદારી ખાનગી ક્ષેત્રને સોંપવામાં આવે છે.
   2. તેમાં સરકારના કોઈ પણ સ્તર અને ખાનગી ક્ષેત્ર વચ્ચે કરાર થાય છે.
   3. તેમાં જાહેર ક્ષેત્રના સાહસના ખાનગીકરણનો સમાવેશ થતો નથી.
   4. તે જાહેર સેવા માટે ખાનગી ક્ષેત્રનાં નાણાં વાપરવાનું મોડેલ છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?
   (A) 1, 2, 3 (B) 2, 3, 4 **(C) 1, 2, 3, 4** (D) 1, 2, 4
7. ગુજરાતમાં જાહેર-ખાનગી ભાગીદારી કયા કાયદા હેઠળ કરવામાં આવે છે?
   **(A) ગુજરાત માળખાગત વિકાસ ધારો-1999** (B) ગુજરાત નગરપાલિકા ધારો-1963
   (C) ગુજરાત પંચાયત ધારો-1993 (D) ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ ધારો-1976
8. જાહેર-ખાનગી ભાગીદારી માટે ભારતમાં સૌ પ્રથમ કાયદો કયા રાજ્યમાં ઘડાયો?
   (A) દિલ્લી (B) મધ્ય પ્રદેશ **(C) ગુજરાત** (D) મહારાષ્ટ્ર
9. જાહેર-ખાનગી ભાગીદારી માટે જે કરાર ખાનગી કંપની સાથે કરવામાં આવે છે તેને શું કહે છે?
   (A) વિકાસ યોજના સમજૂતી **(B) કન્સેશન એગ્રીમેન્ટ**
   (C) નગર વિકાસ યોજના સમજૂતી (D) શહેરી વિકાસ સમજૂતી
10. ગુજરાત માળખાગત વિકાસ ધારો-1999 શાની જોગવાઈ કરે છે?
    (A) શહેરોમાં માળખાગત વિકાસ માટે નાણાંની વ્યવસ્થા
    (B) શહેરી વિકાસ વિભાગનું ખર્ચ
    **(C) માળખાગત વિકાસ માટે જાહેર-ખાનગી ભાગીદારી**
    (D) રાજ્યની મહાનગરપાલિકાઓનું જાહેર-ખાનગી ભાગીદારી માટેનું બજેટ

11. ગુજરાતમાં જાહેર-ખાનગી ભાગીદારીની વ્યવસ્થા કોણ કરી શકે છે?

(A) નગરપાલિકાઓ (B) પંચાયતો

(C) મહાનગરપાલિકાઓ **(D) ઉપરોક્ત તમામ**

12. જાહેર-ખાનગી ભાગીદારી ઊભી કરવા માટે ગુજરાતમાં ક્યારે કાયદો ઘડાયો?

(A) 2001 (B) 2004 **(C) 1999** (D) 2002

13. ગુજરાત માળખાગત વિકાસ ધારો-1999ના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચોઃ

1. તે હેઠળ ગુજરાત માળખાગત વિકાસ બોર્ડની સ્થાપના કરવામાં આવે છે.
2. આ કાયદા હેઠળ કોઈ પણ નગરપાલિકા જાહેર-ખાનગી ભાગીદારી દ્વારા પ્રોજેક્ટ હાથ ધરી શકે છે.
3. તે અન્વયે સરકારી સંસ્થા અને ખાનગી કંપની વચ્ચે જાહેર-ખાનગી ભાગીદારીની સમજૂતી થાય છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) માત્ર 1 (B) માત્ર 1, 3 (C) માત્ર 2, 3 **(D) 1, 2, 3**

14. ગુજરાત માળખાગત વિકાસ ધારો-1999 હેઠળ ગુજરાતમાં જાહેર-ખાનગી ભાગીદારી કયા ક્ષેત્રમાં થઈ શકે છે?

1. વીજળીનું ઉત્પાદન અને વિતરણ
2. ઘન કચરા સંચાલન, રસ્તા અને પુલો
3. શિક્ષણ, શહેરી પરિવહન
4. ગૌણ ખનિજોનો વિકાસ
5. સિંચાઈ, આરોગ્ય સવલતો

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 3, 5 **(B) 1, 2, 3, 4, 5** (C) 2, 3, 4, 5 (D) 1, 2, 4

15. જાહેર-ખાનગી ભાગીદારીમાં શું નક્કી થાય છે?

(A) ધંધાકીય અધિકારની સમજૂતી

(B) વિવિધ સ્વરૂપની પરિયોજનાઓ માટે ખર્ચની વિવિધ રકમો

(C) ધંધાકીય અધિકારની સમજૂતીનું ખર્ચ કરવાની રીત

**(D) ઉપરોક્ત તમામ**

16. જાહેર-ખાનગી ભાગીદારીથી કયો લાભ થાય છે?

1. ખાનગી મૂડીરોકાણ માળખાગત સવલતો માટે આકર્ષી શકાય છે.
2. ખાનગી ક્ષેત્રની કુશળતાનો લાભ મળે છે.
3. ખર્ચ ઘટાડતી ટેક્નોલોજીનો ઉપયોગ થઈ શકે છે.
4. માળખાગત સવલતોના નિભાવમાં કાર્યક્ષમતા ઊભી થાય છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 4 (B) 2,4 **(C) 1, 2, 3, 4** (D) 3, 4

17. જાહેર-ખાનગી ભાગીદારી વિશે નીચેનાં વિધાનો વાંચોઃ

1. તે સરકાર પરનો રાજકોષીય બોજો ઘટાડે છે.
2. તેનાથી સરકારની માળખાગત સવલતો પૂરી પાડવાની જવાબદારી પરિપૂર્ણ થાય છે.
3. ભારતમાં તે સૌથી વધુ રસ્તાઓના બાંધકામ ક્ષેત્રે ઊભી થઈ છે.
4. તેને માટે નિયમનકારી માળખું ઊભું કરવું જરૂરી છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2 **(B) 1, 2, 3, 4** (C) 2, 4 (D) 3, 4

18. જાહેર-ખાનગી ભાગીદારીના સંદર્ભમાં નીચેનાં વિધાનોમાંથી કયું સાચું છે?

1. ધંધાકીય અધિકારની સમજૂતી જાહેર થવી જોઈએ.
2. તેમાં ગ્રાહકોનાં હિતોનું રક્ષણ થવું જોઈએ.
3. તેમાં સ્પર્ધાત્મક ટેન્ડર પ્રથા હોવી જોઈએ.
4. સરકાર તેમાં પારદર્શક બનવી જોઈએ.

(A) 1, 2, 3 (B) 1, 2, 3 (C) 2, 3, 4 **(D) 1, 2, 3, 4**

# ભાગ-3 રાજ્ય સરકારનું વહીવટી તંત્ર

## 11. રાજ્યપાલ

1. ભારતના બંધારણમાં રાજ્યપાલ માટે કયા ભાગમાં જોગવાઈ કરવામાં આવી છે?

   (A) ભાગ - 7 (B) ભાગ - 8 **(C) ભાગ - 6** (D) ભાગ - 9

2. કોઈ વ્યક્તિની નિમણૂક બે અથવા બેથી વધુ રાજ્યોના રાજ્યપાલ તરીકે થઈ શકે એવી જોગવાઈ કરતો બંધારણ સુધારો ક્યારે થયો?

   (A) 1962 (B) 1960 (C) 1958 **(D) 1956**

3. કયા બંધારણ સુધારાથી કોઈ વ્યક્તિની બે કે તેથી વધુ રાજ્યોના રાજ્યપાલ તરીકે થઈ શકે એવી જોગવાઈ કરાઈ?

   **(A) 7** (B) 12 (C) 27 (D) 37

4. નીચેનાં વિધાનો વાંચો:

   1. રાજ્યની કારોબારી સત્તા રાજ્યપાલમાં નિહિત છે.
   2. રાજ્યની વિધાનસભા કાયદો કરીને રાજ્યપાલના હાથ નીચેના સત્તાધિકારીને કોઈ કાર્યો સોંપી શકે છે.
   3. સંસદ કાયદો કરીને રાજ્યપાલ હેઠળના સત્તાધિકારીને કોઈ કાર્યો સોંપી શકે છે.
   4. રાજ્યપાલની નિમણૂક રાષ્ટ્રપતિ કરે છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   **(A) 1, 2, 3, 4** (B) 1, 2, 3 (C) 2, 3, 4 (D) 1, 2

5. રાજ્યપાલના સંદર્ભમાં નીચેનાંમાંથી કયું વિધાન સાચું છે?

   1. રાષ્ટ્રપતિની ઈચ્છાનુસારના સમયગાળા સુધી રાજ્યપાલ હોદ્દા પર રહે છે.
   2. રાજ્યપાલની મુદત 5 વર્ષની હોય છે.
   3. રાજ્યપાલે પોતાનું રાજીનામું રાષ્ટ્રપતિને મોકલવાનું હોય છે.
   4. તેમના અનુગામી હોદ્દો ધારણ ના કરી ત્યાં સુધી રાજ્યપાલ મુદત પૂરી થયા પછી પણ હોદ્દા પર ચાલુ રહે છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 1, 2, 3 (B) 1, 3, 4 (C) 2, 3, 4 **(D) 1, 2, 3, 4**

6. રાજ્યપાલના હોદ્દા પર નિમણૂક માટે કઈ લાયકાત છે?

   1. તેમની ઉંમર 35 વર્ષ હોવી જોઈએ.
   2. તેઓ ભારતના નાગરિક હોવા જોઈએ.
   3. લોકસભાના ઉમેદવાર તરીકે ચૂંટાવાની તેમની લાયકાત હોવી જોઈએ.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   **(A) ફક્ત 1 અને 2** (B) ફક્ત 2 (C) 2, 3 (D) 1, 3

7. રાજ્યપાલની નિમણૂક બંધારણની કઈ કલમ હેઠળ થાય છે?

   (A) કલમ - 153 **(B) કલમ - 155** (C) કલમ - 154 (D) કલમ - 156

8. રાજ્યપાલના હોદ્દા માટેની શરત કઈ છે?

   1. તેઓ રાજ્યના ધારાગૃહના સભ્ય ના હોય.
   2. તેઓ સંસદના સભ્ય ના હોય.
   3. તેઓ કોઈ લાભદાયી હોદ્દો ધરાવતા ના હોય.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2 (C) 1, 2 **(D) 1, 2, 3**

9. રાજ્યપાલના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચોઃ
   1. રાજ્ય સરકારનાં તમામ કારોબારી કાર્યો રાજ્યપાલના નામે થાય છે.
   2. રાજ્ય સરકારનું કામકાજ સરળતાથી ચાલે તે માટે રાજ્યપાલ નિયમો ઘડે છે.
   3. પ્રધાનો વચ્ચે કામકાજની ફાળવણી અંગેના નિયમો રાજ્યપાલ બનાવે છે.
   4. રાજ્યપાલ એડવોકેટ જનરલની નિમણૂક કરે છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   **(A) 1, 2, 3, 4** (B) 1, 2 (C) 1, 4 (D) 2, 3

10. રાજ્યપાલ કોની નિમણૂક કરવાની સત્તા ધરાવે છે?

    (A) રાજ્ય નાણાં પંચના અધ્યક્ષ અને સભ્યો (B) મુખ્ય મંત્રી

    (C) રાજ્યના એડવોકેટ જનરલ **(D) ઉપરોક્ત તમામ**

11. રાજ્યપાલના સંદર્ભમાં નીચેનાંમાંથી કયું વિધાન સાચું છે?
    1. રાજ્યપાલ ધારાગૃહની બેઠક બોલાવે છે.
    2. રાજ્યની વિધાનસભાનું વિસર્જન રાજ્યપાલ કરે છે.
    3. રાજ્યપાલ વિધાનસભાને મૂર્છિત અવસ્થામાં રાખી શકે છે.
    4. રાજ્યપાલ વિધાનસભાને સંબોધવાનો અધિકાર ધરાવે છે.

    **(A) 1, 2, 3, 4** (B) 2, 3 (C) 1, 2, 3 (D) 1, 4

12. રાજ્યપાલના સંદર્ભમાં નીચેનાં વિધાનોમાંથી કયું સાચું છે?
    1. વિધાનસભાની ચૂંટણી પછીના પ્રથમ સત્રના આરંભે રાજ્યપાલ વિધાનસભાને સંબોધે છે.
    2. દર વર્ષે વિધાનસભાના પ્રથમ સત્રના આરંભે રાજ્યપાલ વિધાનસભાને સંબોધે છે.
    3. વિધાનસભામાં રાજ્યપાલના પ્રવચન વિશે ચર્ચા થાય છે.
    4. રાજ્યપાલના પ્રવચન વિશેની ચર્ચાનો જવાબ વિધાનસભામાં સામાન્યતઃ મુખ્ય મંત્રી આપે છે.

    ઉપરનાંમાંથી શું સાચું છે?

    (A) 3, 4 (B) 1, 2 (C) ફક્ત 1 **(D) 1, 2, 3, 4**

13. રાજ્યપાલનો હોદ્દો બંધારણ હેઠળના રાજ્યના કેવા માળખાનું પ્રતિબિંબ પાડે છે?

    **(A) એકતંત્રી સરકાર**

    (B) સમવાયતંત્રી સરકાર

    (C) લોકશાહી સરકાર

    (D) રાજ્ય સ્તરની સ્વતંત્ર સરકાર

14. ભારતના કેન્દ્ર અને રાજ્ય વચ્ચેના સંબંધો વચ્ચે સેતુ તરીકે કોણ કામ કરે છે?

    **(A) રાજ્યપાલ** (B) રાષ્ટ્રપતિ (C) વડા પ્રધાન (D) મુખ્ય પ્રધાન

15. બંધારણની કઈ કલમ હેઠળ કેન્દ્રીય પ્રધાન મંડળની સલાહ મુજબ રાજ્યપાલની નિમણૂક રાષ્ટ્રપતિ કરે છે?

    **(A) કલમ - 155** (B) કલમ - 74 (C) કલમ - 153 (D) કલમ - 161

16. રાજ્યપાલના સંદર્ભમાં નીચેનાં વિધાનોમાંથી કયું સાચું છે?
    1. રાજ્યપાલ રાજ્યના વડા છે તેના કરતાં વધારે તો કેન્દ્રના એજન્ટ છે.
    2. રાજ્યપાલની નિમણૂકની સત્તા રાષ્ટ્રપતિ પાસે છે.
    3. રાજ્યપાલની નિમણૂકમાં રાષ્ટ્રપતિની ભૂમિકા ફક્ત ઔપચારિકતાની જ છે.
    4. સામાન્ય રીતે રાજ્યપાલ જે રાજ્યમાં નિમણૂક પામે છે તે રાજ્યના હોય નહિ એવી પરંપરા છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 4 (B) 1, 3 (C) 1, 4 **(D) 1, 2, 3, 4**

17. સરકારિયા પંચે રાજ્યપાલની નિમણૂકના સંદર્ભમાં કઈ ભલામણ કરી હતી?
   (A) તેઓ કોઈક ક્ષેત્રમાં પ્રખર નિષ્ણાત હોવા જોઈએ.
   (B) તેઓ રાજ્યની બહારના હોવા જોઈએ.
   (C) તેમણે તાજેતરના ભૂતકાળમાં સામાન્ય રીતે રાજકારણમાં મોટી ભૂમિકા ભજવેલી હોવી જોઈએ નહિ.
   **(D) ઉપરોક્ત તમામ**
18. સરકારિયા પંચે રાજ્યપાલની નિમણૂકના સંદર્ભમાં કઈ ભલામણ કરી હતી?
   (A) રાજ્યના રાજકારણ સાથે તેમનો ઘનિષ્ઠ સંબંધ ન હોવો જોઈએ.
   (B) કેન્દ્રમાં જે રાજકીય પક્ષ સત્તા પર હોય તે પક્ષની વ્યક્તિ એવા રાજ્યમાં રાજ્યપાલ તરીકે ન નિમાવી જોઈએ કે જ્યાં અન્ય પક્ષ કે અન્ય પક્ષો સત્તા પર હોય.
   (C) લઘુમતી જૂથની વ્યક્તિને તેમની નિમણૂકમાં તક આપવી જોઈએ.
   **(D) ઉપરોક્ત તમામ**
19. રાજ્યપાલની નિમણૂકના સંદર્ભમાં સરકારિયા પંચે શી ભલામણ કરી હતી?
   (A) તે માટે રાજ્યના મુખ્ય પ્રધાન સાથે પરામર્શ કરવો.
   (B) વડા પ્રધાન રાજ્યપાલની નિમણૂક માટે ઉપરાષ્ટ્રપતિ અને લોકસભાના સ્પીકર સાથે પરામર્શ કરી શકે.
   (C) બંધારણની કલમ-156માં સુધારો કરવો અને રાજ્યના મુખ્ય પ્રધાન સાથેના પરામર્શ માટે જોગવાઈ કરવી.
   **(D) ઉપરોક્ત તમામ**
20. રાજ્યપાલના હોદ્દાનું રાજકીયકરણ થયું હોવાનું મુખ્ય કારણ શું છે?
   (A) બંધારણની કલમ-156 મુજબ રાષ્ટ્રપતિની ઈચ્છા હોય ત્યાં સુધી જ રાજ્યપાલ સત્તા ઉપર રહી શકે છે.
   (B) બંધારણની કલમ-70 અનુસાર કેન્દ્રીય પ્રધાનમંડળની સલાહ મુજબ જ રાષ્ટ્રપતિ તેમની નિમણૂક કરી શકે છે.
   **(C) ઉપરોક્ત બન્ને**
   (D) બંધારણ અનુસાર રાજ્યપાલની નિમણૂક રાષ્ટ્રપતિ જ કરે છે.
21. બંધારણની કઈ કલમને આધારે કેન્દ્ર સરકાર રાજ્યપાલની બદલી કરે છે અથવા તો તેમને પદભ્રષ્ટ કરે છે?
   (A) કલમ - 151 **(B) કલમ - 156** (C) કલમ - 155 (D) કલમ - 161
22. રાષ્ટ્રીય બંધારણ સમીક્ષા પંચે રાજ્યપાલના સંદર્ભમાં શી ભલામણ કરી હતી?
   (A) રાષ્ટ્રપતિ જ રાજ્યપાલની નિમણૂક કરે.
   (B) રાષ્ટ્રપતિ રાજ્યના મુખ્ય પ્રધાન સાથે પરામર્શ કરીને રાજ્યપાલની નિમણૂક કરે.
   (C) સામાન્યતયા તેમની મુદત 5 વર્ષની જ રહે.
   **(D) ઉપરોક્ત તમામ**
23. રાજ્યપાલ પાસે કેવી સત્તા છે?
   (A) કારોબારી વિષયક સત્તા (B) નાણાકીય સત્તા
   (C) ન્યાયકીય સત્તા **(D) ઉપરોક્ત તમામ**
24. રાજ્યપાલ પાસે કેવી સત્તા હોય છે?
   (A) ધારાકીય સત્તા (B) વિવેકાધીન સત્તા
   (C) નાણાકીય સત્તા **(D) ઉપરોક્ત તમામ**
25. "રાજ્યપાલની મુખ્ય કામગીરી રાજ્ય સરકારનાં ગૌરવ, સ્થિરતા તેમ જ તેની સામૂહિક જવાબદારીનું રક્ષણ કરવાની છે."-આ વિધાન કોનું છે?

**(A) ક. મા. મુન્શી** (B) જવાહરલાલ નેહરુ
(C) બી. આર. આંબેડકર (D) લાલબહાદુર શાસ્ત્રી

26. વિધાનલસભાની બેઠક બોલાવવાની સત્તા કોની પાસે છે?
(A) મુખ્ય મંત્રી (B) વિધાનસભાના અધ્યક્ષ
(C) નાયબ મુખ્ય મંત્રી **(D) રાજ્યપાલ**

27. વિધાનસભા ચાલુ ના હોય ત્યારે કોણ વટહુકમ બહાર પાડે છે?
(A) મુખ્ય મંત્રી **(B) રાજ્યપાલ**
(C) વિધાનસભાના અધ્યક્ષ (D) રાષ્ટ્રપતિ

## 12. મુખ્ય મંત્રી

1. રાજ્યના મુખ્ય મંત્રીના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચો:
   1. તેઓ મંત્રી મંડળના વડા છે.
   2. તેમની નિમણૂક રાજ્યપાલ કરે છે.
   3. મંત્રી મંડળના નિર્ણયો વિશે રાજ્યપાલને માહિતી આપવાની ફરજ મુખ્ય મંત્રીની છે.
   4. કાયદાની દરખાસ્તો વિશે રાજ્યપાલને માહિતી આપવાની ફરજ મુખ્ય મંત્રીની છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?
   (A) 1, 2 (B) 3, 4 **(C) 1, 2, 3, 4** (D) 1, 2, 3

2. બંધારણની કઈ જોગવાઈ હેઠળ મુખ્ય મંત્રી હોદ્દાના શપથ લે છે?
   **(A) અનુસૂચિ - 3** (B) અનુસૂચિ - 11 (C) અનુસૂચિ - 4 (D) અનુસૂચિ - 12

3. બંધારણની કઈ કલમ હેઠળ રાજ્યના મુખ્ય મંત્રીની નિમણૂક થાય છે?
   **(A) કલમ - 164** (B) કલમ - 163 (C) કલમ - 155 (D) કલમ - 156

4. નીચેનાં વિધાનો વાંચો:
   1. મુખ્ય મંત્રી પ્રધાન મંડળ અને રાજ્યપાલ વચ્ચેની કડી છે.
   2. રાજ્યના વહીવટ વિશે મુખ્ય મંત્રી રાજ્યપાલને માહિતી આપે છે.
   3. રાજ્યપાલ પોતાની વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરીને જે કાર્યો કરે છે તે અંગે મુખ્ય મંત્રી તેમને કોઈ સલાહ આપી શકે નહિ.
   4. મુખ્ય મંત્રી પોતાની ઈચ્છા પ્રમાણે પોતાના મંત્રી મંડળના સાથીઓ નક્કી કરી શકે છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?
   (A) 1, 2, 3 (B) 1, 2 **(C) 1, 2, 3, 4** (D) ફક્ત 3

5. નીચેનાં વિધાનોમાંથી કયું સાચું છે?
   1. પ્રધાન મંડળના સભ્યોનાં નામો મુખ્ય પ્રધાન નક્કી કરે છે.
   2. મુખ્ય પ્રધાન ભલામણ કરે તો રાજ્યપાલ કોઈ પણ પ્રધાનને હોદ્દા પરથી દૂર કરે.
   3. મુખ્ય પ્રધાન ઈચ્છે ત્યારે પ્રધાન મંડળનું વિસ્તરણ કે સંકોચન કરી શકે છે.
   4. મુખ્ય પ્રધાન કોઈ પણ પ્રધાનને રાજીનામું આપવાનું કહી શકે છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?
   (A) 2, 4 (B) 1, 2 **(C) 1, 2, 3, 4** (D) 3, 4

6. નીચેનાં વિધાનોમાંથી કયું સાચું છે?
   1. રાજ્યના મંત્રી મંડળની બેઠકનું અધ્યક્ષસ્થાન મુખ્ય મંત્રી સંભાળે છે.

2. રાજ્યના મંત્રી મંડળની બેઠકના એજન્ડા ઉપર મુખ્ય મંત્રીનું નિયંત્રણ હોય છે.
3. રાજ્યના મંત્રી મંડળની બેઠકમાં શાની ચર્ચા થાય તે મુખ્ય મંત્રી નક્કી કરી શકે છે.
4. રાજ્ય સરકારના વિવિધ વિભાગો વચ્ચે મુખ્ય મંત્રી સંકલન સાધે છે.

(A) 1, 2 **(B) 1, 2, 3, 4** (C) 1, 2, 3 (D) ફક્ત 4

7. કયા હોદ્દાનો ઉલ્લેખ ભારતના બંધારણમાં કરવામાં આવ્યો નથી?
   (A) વિધાનસભાના અધ્યક્ષ
   (B) રાજ્યપાલ
   (C) મુખ્ય મંત્રી
   **(D) નાયબ મુખ્ય મંત્રી**

8. રાજ્યના મુખ્ય મંત્રીની નિયુક્તિ કોણ કરે છે?
   **(A) રાજ્યપાલ**
   (B) વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ
   (C) રાષ્ટ્રપતિ
   (D) ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ

## 13. મંત્રી મંડળ

1. રાજ્યના મંત્રી મંડળના વડા કોણ છે?
   (A) રાજ્યપાલ **(B) મુખ્ય મંત્રી**
   (C) વિધાનસભાના અધ્યક્ષ નક્કી કરે તે. (D) રાષ્ટ્રપતિ જેની નિમણૂક કરે તે.

2. મંત્રી મંડળના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચો:
   1. પ્રધાનો રાજ્યપાલને જે સલાહ આપે તેને વિશે કોઈ અદાલત તપાસ કરી શકે નહિ.
   2. મંત્રી મંડળ રાજ્યપાલને મદદ કરવા અને સલાહ આપવા માટે છે.
   3. રાજ્યના મંત્રી મંડળનું કદ રાજ્યની વિધાનસભાની સભ્ય સંખ્યાના 15 ટકાથી વધવું જોઈએ નહિ.
   4. રાજ્યના મંત્રી મંડળમાં મુખ્યમંત્રી સહિત 12 સભ્યો તો હોવા જ જોઈએ.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   **(A) 1, 2, 3, 4** (B) 1, 2 (C) 3, 4 (D) ફક્ત 3

3. રાજ્યના મંત્રી મંડળના સંદર્ભમાં નીચેનાં વિધાનોમાંથી કયું સાચું છે?
   1. મંત્રી મંડળ રાજ્યની વિધાનસભાને સામૂહિક રીતે જવાબદાર હોય છે.
   2. જો કોઈ પ્રધાન વિધાનસભ્ય તરીકે બંધારણની અનુસૂચિ-10 અનુસાર ગેરલાયક ઠરે તો તે એ જ દિવસથી પ્રધાન તરીકે પણ ગેરલાયક ઠરે છે.
   3. કોઈ પણ પ્રધાને બંધારણની અનુસૂચિ-3 મુજબ શપથ લેવાના હોય છે.
   4. જે પ્રધાન સતત છ મહિના સુધી વિધાનસભ્ય ના હોય તે છ મહિના બાદ પ્રધાનપદે રહી શકે નહિ.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 3, 4 (B) 1, 2 (C) 2, 3 **(D) 1, 2, 3, 4**

4. રાજ્યના મંત્રી મંડળનું કાર્ય શું છે?
   1. સરકારની નીતિઓ ઘડવી.
   2. સરકારની નીતિઓનો અમલ કરવો.
   3. રાજ્યની વિધાનસભાના અને સંસદના કાયદાઓનું પાલન કરવું.

4. કાયદાઓના પાલન માટે નિયમો ઘડવા.

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3, 4** (B) 1, 2 (C) 3, 4 (D) ફક્ત 4

5. રાજ્યના મંત્રી મંડળના સંદર્ભમાં નીચેનાં વિધાનોમાંથી કયું ખોટું નથી?
   1. તે રાજ્યની તિજોરી પર અંકુશ ધરાવે છે.
   2. રાજ્યનું બજેટ નાણાં પ્રધાન વિધાનસભામાં રજૂ કરે છે.
   3. તે રાજ્યપાલનું પ્રવચન તૈયાર કરે છે.
   4. તે સરકારી ખરડાને મંજૂરી આપે છે અને વિધાનસભામાં રજૂ કરે છે.

   (A) 3, 4 (B) 2, 4 (C) 1, 2 **(D) 1, 2, 3, 4**

6. દ્વિતીય વહીવટી સુધારા પંચે તેના 15મા અહેવાલમાં રાજ્યનું મંત્રીમંડળ કેટલા સભ્યોનું રાખવાની ભલામણ કરી છે?

   **(A) વિધાનસભાની સભ્ય સંખ્યાના 10 ટકાથી 15 ટકા**

   (B) વિધાનસભાની સભ્ય સંખ્યાના 20%

   (C) વિધાનસભાની સભ્ય સંખ્યાના 5%

   (D) ઓછામાં ઓછા 20 સભ્યો

7. જો વિધાનસભ્યોની સંખ્યા રાજ્યમાં 80થી 200ની હોય તો દ્વિતીય વહીવટી સુધારા પંચે તેના 15મા અહેવાલમાં રાજ્યના મંત્રીમંડળની સભ્ય સંખ્યા કેટલી રાખવાની ભલામણ કરી છે?

   **(A) વિધાનસભાની સભ્ય સંખ્યાના 12%**

   (B) વિધાનસભાની સભ્ય સંખ્યાના 15%

   (C) 25

   (D) 30

8. "મંત્રીમંડળની જવાબદારીના સિદ્ધાંતનાં બે પાસાં છે. તેમના સત્તાધિકારના ક્ષેત્રમાં પ્રધાનને સંપૂર્ણ સ્વાયત્તતા છે. તેના અનિવાર્ય તારતમ્ય સ્વરૂપે તેણે પોતાના નોકરોના કાર્યો માટે સંપૂર્ણ જવાબદારી લેવી જ જોઈએ." - આ વિધાન કોનું છે?

   (A) વહીવટી સુધારા પંચ (B) પ્રથમ નાણાં પંચ

   (C) કૃષ્ણમેનન સમિતિ **(D) ચાગલા પંચ**

9. મંત્રીમંડળની જવાબદારી ભારતમાં પહેલી જ વાર ક્યારે સ્વીકારવામાં આવી?

   (A) 1952 **(B) 1958** (C) 1950 (D) 1956

10. કોઈ પણ પ્રધાન શાની જવાબદારી ઉઠાવે છે?

    (A) નીતિ ઘડતર

    (B) મહત્ત્વની બાબતો અંગે નિર્ણયો લેવા

    (C) નીતિઓના અમલ ઉપર દેખરેખ રાખવી.

    **(D) ઉપરોક્ત તમામ**

11. કોઈ પણ પ્રધાન કયું કાર્ય કરે છે?

    (A) ઉચ્ચ હોદ્દાઓ પર નિમણૂક કરવી.

    (B) વહીવટી પ્રશ્નો અંગે નિર્ણયો લેવા.

    (C) લોકોની ફરિયાદોના નિવારણ માટે દરમ્યાનગીરી કરવી.

    **(D) ઉપરોક્ત તમામ**

12. કોઈ પણ પ્રધાનના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન સાચું છે?

    (A) તેઓ ટેકનિકલ વ્યક્તિ હોતા નથી. (B) તેઓ પક્ષપાતી વલણ કરી શકે છે.

    (C) તેઓ નીતિ ઘડતરમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. **(D) ઉપરોક્ત તમામ**

13. નીચેનાં વિધાનોમાંથી કયું સાચું છે?
    (A) નીતિ ઘડતરમાં પ્રધાન વિશેષાધિકાર ધરાવે છે.
    (B) પ્રધાને બંધારણીય જોગવાઈઓ અનુસાર કામ કરવાનું હોય છે.
    (C) પ્રધાને સંસદના અને રાજ્યની વિધાનસભાઓના કાયદા અનુસાર પોતાની ફરજો નિભાવવાની હોય છે.
    **(D) ઉપરોક્ત તમામ**
14. "બંધારણીય રીતે પ્રધાન તેમના સચિવ દ્વારા લેવાયેલાં પગલાં માટે જવાબદાર છે." - આ વિધાન કોનું છે?
    **(A) ચાગલા પંચ**
    (B) વહીવટી સુધારા પંચ
    (C) કોઠારી પંચ
    (D) નાણાંવટી પંચ
15. નીચેનાંમાંથી કયું મંતવ્ય ચાગલા પંચે રજૂ કર્યું હતું?
    (A) પ્રધાનને તેમના સત્તાધિકારના ક્ષેત્રમાં સંપૂર્ણ સ્વાયત્તતા છે.
    (B) પ્રધાને તેમના તાબા હેઠળના નોકરો દ્વારા લેવાયેલાં પગલાંની સંપૂર્ણ જવાબદારી ઉઠાવવી જોઈએ.
    (C) પ્રધાને સામાજિક દબાણ વિના અને પક્ષપાત વિના કામ કરવું જોઈએ.
    **(D) ઉપરોક્ત તમામ**

## 14. મુખ્ય સચિવ

1. ભારતમાં કેન્દ્રના મુખ્ય સચિવનો હોદ્દો ક્યારે ઊભો થયો?
   (A) 1857 (B) 1832 **(C) 1799** (D) 1905
2. ભારતમાં કેન્દ્રના મુખ્ય સચિવનો હોદ્દો કોણે ઊભો કર્યો?
   (A) લોર્ડ કર્ઝન (B) રોબર્ટ ક્લાઈવ (C) જી. એચ. બાર્લો **(D) લોર્ડ વેલેસ્લી**
3. કેન્દ્રમાં મુખ્ય સચિવના હોદ્દાનો અંત આવ્યો અને રાજ્ય સરકારોએ એ હોદ્દો સ્વીકાર્યો એ ઘટના ક્યારે બની?
   **(A) આઝાદી અગાઉ 1900 પછી** (B) 1950ના દાયકામાં
   (C) 1857 અગાઉ (D) 1757ના પ્લાસીના યુદ્ધ બાદ તરત
4. નીચેનાં વિધાનોમાંથી કયું સાચું છે?
   1. મુખ્ય સચિવ રાજ્યના સચિવાલયના વહીવટી વડા છે.
   2. મુખ્ય સચિવ રાજ્યના વહીવટી તંત્રના વડા છે.
   3. મુખ્ય સચિવ તમામ સચિવોના વડા છે.
   4. રાજ્યના સચિવાલયના બધા વિભાગો ઉપર મુખ્ય સચિવનો અંકુશ હોય છે.

   (A) 1, 2, 3 (B) 1, 3, 4 **(C) 1, 2, 3, 4** (D) 1, 4
5. મુખ્ય સચિવ "સરકારની પ્રક્રિયાનો ભાગ છે અને લોકશાહી પ્રજાસત્તાકમાં તેઓ માનવ પ્રક્રિયાનો ભાગ છે" - આ વિધાન કોનું છે?
   **(A) મંગત રાય** (B) મોરારજી દેસાઈ (C) ઈંદિરા ગાંધી (D) બાબાસાહેબ આંબેડકર
6. ક્યારથી ભારતનાં તમામ રાજ્યોમાં સૌથી વરિષ્ઠ મુલકી અધિકારી મુખ્ય સચિવ બને છે?
   **(A) 1973થી** (B) 1969થી (C) 1979થી (D) 1958થી
7. કોની ભલામણથી રાજ્યના મુખ્ય સચિવનો હોદ્દો ભારત સરકારના સચિવના હોદ્દાની સમકક્ષ બન્યો?
   (A) સરકારિયા પંચ **(B) ભારતનું વહીવટી સુધારા પંચ**
   (C) સર્વોચ્ચ અદાલત (D) પ્રથમ રાષ્ટ્રપતિ

8. રાજ્યના મુખ્ય સચિવની પસંદગી કોણ કરે છે?
   **(A) મુખ્ય પ્રધાન** (B) રાષ્ટ્રપતિ (C) રાજ્યપાલ (D) ઉપરનાંમાંથી કોઈ નહિ
9. સામાન્ય રીતે મુખ્ય સચિવની નિમણૂક માટે કઈ બાબતને ધ્યાનમાં લેવાય છે?
   (A) અધિકારીની વરિષ્ઠતા (B) અધિકારની સેવાનો રેકર્ડ, કામગીરી અને ગુણવત્તા
   (C) અધિકારીમાં મુખ્ય પ્રધાનનો વિશ્વાસ **(D) ઉપરોક્ત તમામ**
10. વહીવટી સુધારા પંચે રાજ્યના મુખ્ય સચિવની મુદત કેટલી રાખવાની ભલામણ કરી હતી?
   **(A) 3-4 વર્ષ** (B) 5-9 વર્ષ (C) વધુમાં વધુ 8 વર્ષ (D) વધુમાં વધુ 2 વર્ષ
11. નીચેનાં વિધાનો રાજ્યના મુખ્ય સચિવના સંદર્ભમાં વાંચોઃ
   1. તેમના હોદ્દાની કોઈ નિશ્ચિત મુદત હોતી નથી.
   2. તેઓ મુખ્ય મંત્રીના મુખ્ય સલાહકાર છે.
   3. તેઓ રાજ્યના પ્રધાન મંડળના સચિવ છે.
   4. તેઓ રાજ્યની મુલકી સેવાના વડા છે.
   ઉપરનાંમાંથી શું સાચું છે?
   (A) ફક્ત 4 **(B) 1, 2, 3, 4** (C) 2, 3, 4 (D) 1, 2
12. નીચેનાં વિધાનો રાજ્યના મુખ્ય સચિવના સંદર્ભમાં વાંચોઃ
   1. તેઓ મંત્રી મંડળના સચિવાલયના વહીવટી વડા છે.
   2. તેઓ મંત્રી મંડળની બેઠકમાં હાજરી આપે છે.
   3. તેઓ મંત્રી મંડળની પેટા સમિતિઓની બેઠકમાં હાજરી આપી શકે છે.
   4. તેઓ મંત્રી મંડળની બેઠકની નોંધ રાખે છે અને બેઠકનો એજન્ડા નક્કી કરે છે.
   ઉપરનાંમાંથી શું સાચું છે?
   (A) 1, 2, 3 **(B) 1, 2, 3, 4** (C) 1, 2, 4 (D) 2, 4
13. નીચેનાં વિધાનો રાજ્યના મુખ્ય સચિવની ભૂમિકાના સંદર્ભમાં વાંચોઃ
   1. તેઓ મંત્રી મંડળની બેઠકમાં લેવાયેલા નિર્ણયોનો અમલ કરવા માટે પગલાં લે છે.
   2. તેઓ રાજ્યના વહીવટી તંત્રના મુખ્ય સંયોજક છે.
   3. તેઓ ખાતાંઓના સચિવોને આંતરખાતાકીય મુશ્કેલીઓ અંગે સલાહ આપે છે.
   4. તેઓ રાજ્યની મુલકી સેવાના અધિકારીઓ અને કર્મચારીઓનો જુસ્સો ટકાવી રાખવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે.
   ઉપરનાંમાંથી શું સાચું છે?
   (A) ફક્ત 2 (B) 1, 3,4 **(C) 1, 2, 3, 4** (D) 2, 4
14. રાજ્યના મુખ્ય સચિવ કોની બેઠકોનું અધ્યક્ષસ્થાન સંભાળે છે?
   (A) વિભાગીય કમિશનરો (B) કલેક્ટરો
   (C) જિલ્લાના વહીવટી તંત્રના વિભાગોના વડાઓ **(D) ઉપરોક્ત તમામ**
15. કેન્દ્ર સરકાર અને અન્ય રાજ્ય સરકારો વચ્ચેના સંદેશા વ્યવહારમાં મુખ્ય ચેનલ તરીકે કોણ કામ કરે છે?
   (A) મુખ્ય પ્રધાન (B) રાજ્યપાલ **(C) મુખ્ય સચિવ** (D) પ્રભારી મંત્રી
16. જ્યારે રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લદાય ત્યારે રાજ્યપાલના મુખ્ય સલાહકાર તરીકે કોણ કામ કરે છે?
   (A) રાષ્ટ્રપતિ દ્વારા નિયુક્ત વ્યક્તિ **(B) મુખ્ય સચિવ**
   (C) A અને B બંને (D) નવા નિયુક્ત થતા સલાહકાર
17. રાજ્યના મુખ્ય જાહેર સંબંધ અધિકારી કોણ છે?
   (A) માહિતી ખાતાના સચિવ (B) માહિતી પ્રધાન (C) રાજ્યપાલ **(D) મુખ્ય સચિવ**

## 15. સચિવાલય

1. રાજ્યના વહીવટી તંત્રનું કેન્દ્ર ક્યાં હોય છે?
   (A) મુખ્ય મંત્રી (B) રાજ્યપાલ (C) પ્રધાનમંડળ **(D) સચિવાલય**
2. રાજ્યના સચિવાલયના વડા કોણ હોય છે?
   (A) મુખ્યમંત્રી **(B) મુખ્ય સચિવ** (C) રાજ્યપાલ (D) વિધાનસભાના અધ્યક્ષ
3. રાજ્યના સચિવાલયનું પાયાનું કાર્ય શું છે?
   (A) પ્રધાનને તેની ભૂમિકા પરિપૂર્ણ કરવામાં મદદ કરવી.
   (B) રાજ્ય સરકારનાં નીતિઓ અને કાર્યક્રમો ઘડવાં.
   (C) રાજ્ય સરકારનાં નીતિઓ અને કાર્યક્રમો વચ્ચે સંકલન કરવું.
   **(D) ઉપરોક્ત તમામ**
4. રાજ્યના સચિવાલયનું કાર્ય શું છે?
   1. રાજ્ય સરકારનું બજેટ તૈયાર કરવું અને જાહેર ખર્ચ ઉપર અંકુશ રાખવો.
   2. કાયદાઓ, નિયમો અને નિયમનો ઘડવા.
   3. નીતિઓ અને કાર્યક્રમોનો અમલ ઉપર દેખરેખ રાખવી.
   4. નીતિઓના અમલને લીધે ઊભાં થતાં પરિણામોની સમીક્ષા કરવી.

   ઉપરનાંમાંથી શું સાચું છે?
   (A) 1, 2, 3 (B) 3, 4 **(C) 1, 2, 3, 4** (D) 1, 2
5. રાજ્યના સચિવાલયનું કાર્ય શું છે?
   1. કેન્દ્ર સરકાર અને અન્ય રાજ્ય સરકારો સાથે સંપર્ક જાળવવો.
   2. સરકારની કાર્યક્ષમતા વધે તે માટે પગલાં લેવાં.
   3. રાજ્યની વિધાનસભામાં પૂછાતા પ્રશ્નોના જવાબ તૈયાર કરવામાં પ્રધાનોને મદદ કરવી.
   4. સરકારના જુદા જુદા વિભાગોના વડાઓની નિમણૂક કરવી.

   (A) 2, 4 (B) 1, 2 **(C) 1, 2, 3, 4** (D) 3, 4
6. રાજ્યના સચિવાલયનું કાર્ય શું છે?
   (A) રાજ્ય સરકારના વિચારશીલ જૂથ તરીકે કામ કરવું.
   (B) રાજ્ય સરકારની નાણાકીય સ્થિતિમાં સુધારો કરવાની શક્યતાઓ તપાસવી અને તે માટેનાં પગલાં લેવાં.
   (C) લોકોની ફરિયાદો સ્વીકારવી અને એમનો ઉકેલ લાવવો.
   **(D) ઉપરોક્ત તમામ**
7. મુલકી સેવાઓ અંગેના નિયમો ઘડવાનું કામ રાજ્ય સ્તરે કોણ કરે છે?
   **(A) રાજ્યનું સચિવાલય** (B) મુખ્ય મંત્રી
   (C) રાજ્યપાલ (D) વિધાનસભાના અધ્યક્ષ
8. ગુજરાત સરકારમાં કેટલા વિભાગો છે?
   (A) 17 (B) 24 (C) 22 **(D) 26**
9. દ્વિતીય વહીવટી સુધારા પંચ (2009)એ તેના 15મા અહેવાલમાં રાજ્યના સચિવાલય વિશે શી ભલામણ કરી છે?
   (A) પરસ્પર સંબંધિત પ્રવૃત્તિઓ, કાર્યો અને વિષયો હોય તેવા વિભાગો ભેળવી દેવા.

(B) વિવિધ વિભાગોની પ્રવૃત્તિઓ વચ્ચે સંકલન સાધવું.

(C) પંચાયતો અને પાલિકાઓને મોટા ભાગનાં કાર્યો સોંપવાં.

**(D) ઉપરોક્ત તમામ**

10. દ્વિતીય વહીવટી સુધારા પંચના 2009ના 15મા અહેવાલમાં રાજ્યના સચિવાલય વિશે શી ભલામણ કરવામાં આવી છે?

(A) દરેક વિભાગનાં કાર્યો અને પ્રવૃત્તિઓની ચકાસણી કરવી.

(B) દરેક વિભાગના ધ્યેય સાથે તેનાં કાર્યો સુમેળ સાધે છે કે કેમ તે રાજ્ય સરકારે ચકાસવું.

(C) વિભાગનું કાર્ય સરકારી સંસ્થા દ્વારા જ થઈ શકે એમ છે કે કેમ તે ચકાસવું.

**(D) ઉપરોક્ત તમામ**

11. દરેક વિભાગ દ્વારા રાજ્ય સરકારમાં શું થવું જોઈએ તેની ભલામણ દ્વિતીય વહીવટી સુધારા પંચ-2009ના તેના 15મા અહેવાલમાં શી કરાઈ છે?

(A) તેનું દરેક બોર્ડ કે સંસ્થા અર્ધ-સ્વાયત્ત હોય.

(B) તેના દરેક બોર્ડ કે સંસ્થાનું સંચાલન વ્યવસાયી ધોરણે થવું જોઈએ.

(C) વિભાગનાં કાર્યોનો અમલ કરનારી સંસ્થાઓમાં સ્વાયત્તતા અને ઉત્તરદાયિત્વ વચ્ચે સંકલન સધાવું જોઈએ.

**(D) ઉપરોક્ત તમામ**

## 16. પ્રાદેશિક કચેરીઓ

1. નીચેનાં વિધાનોમાંથી કયું વિધાન સાચું છે?

   1. નિયામકની કચેરી એ રાજ્ય સરકારનું વહીવટી અંગ છે.
   2. રાજ્યના સચિવાલય દ્વારા નિર્ધારિત નીતિનો અમલ નિયામકની કચેરી કરે છે.
   3. નિયામકની કચેરી વાસ્તવમાં વહીવટી પ્રશાખા છે.
   4. નિયામકની કચેરી નીતિનો અમલ ક્ષેત્રીય ધોરણે કરે છે.

   (A) 1, 2, 3 **(B) 1, 2, 3, 4** (C) 2, 3, 4 (D) 1, 3, 4

2. નીચેનાં વિધાનોમાંથી કયું વિધાન સાચું છે?

   1. વહીવટી વિભાગો સચિવાલયના માળખાની બહાર હોય છે.
   2. વહીવટી પ્રશાખાના વડા નિયામક હોય છે.
   3. નિયામકની કચેરી નીતિના અમલ સાથે સંકળાયેલી હોય છે.
   4. તમામ પ્રકારના વહીવટી વિભાગોને ક્ષેત્રીય કાર્યાલય હોય છે.

   (A) 1, 2 (B) 2, 4 **(C) 1, 2, 3, 4** (D) 1, 2, 4

3. રાજ્ય સરકારની ક્ષેત્રીય કચેરીમાં કોનો સમાવેશ થાય છે?

   1. શિક્ષણ નિયામક
   2. પોલિસ નિયામક
   3. વાહનવ્યવહાર નિયામક
   4. ખેતીવાડી નિયામક
   5. શહેરી આયોજન નિયામક

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 2, 3, 4, 5 (B) 1, 2, 3, 4 (C) 1, 3, 4, 5 **(D) 1, 2, 3, 4, 5**

2015/16 31368

4. રાજ્ય સરકારની પ્રાદેશિક કચેરીઓના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન સાચું છે?
   1. તેથી વહીવટી તંત્ર લોકોની નજીક આવે છે.
   2. તે સરકારની નીતિઓનો અમલ કરે છે.
   3. તે સરકારની વિવિધ નીતિઓ ઘડે છે.
   4. તેમની ભૂમિકા સરકારનાં કાર્યોનું સંકલન કરવાની છે.

   (A) 1, 3, 4 **(B) 1, 2, 4** (C) 2, 3, 4 (D) 1, 2, 3, 4

5. પ્રાદેશિક વહીવટી વ્યવસ્થાને કયું પરિબળ અસર કરે છે?
   1. રાજ્યનો વિસ્તાર
   2. કાર્યબોજ
   3. કાર્યનો પ્રકાર
   4. ઐતિહાસિક કારણો
   5. જે તે અધિકારીનું વ્યક્તિત્વ
   6. ભૌગોલિક વિકાસ

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 1, 2, 3, 6 **(B) 1, 2, 3, 4, 5, 6** (C) 2, 3, 4, 5 (D) 3, 4, 5, 6

6. પ્રાદેશિક વહીવટી વ્યવસ્થા કોને કહેવામાં આવે છે?
   **(A) જિલ્લાની ઉપર અને રાજ્યના વડા મથકની વચ્ચેની**
   (B) જિલ્લા અને તાલુકાની વચ્ચેની
   (C) જિલ્લા અને ગામની વચ્ચેની
   (D) રાજ્ય સરકાર અને ગ્રામ પંચાયત વચ્ચેની

7. પ્રાદેશિક કક્ષાના અધિકારીની જવાબદારી શી હોય છે?
   (A) જિલ્લા કક્ષાએ વિભાગનાં કાર્યો ઉપર દેખરેખ અને સંકલન.
   (B) અધિકારીઓ માટે કામકાજનાં ધોરણો નક્કી કરવાં.
   (C) જિલ્લા કક્ષાના અધિકારીઓ ઉપર દેખરેખ રાખવી.
   **(D) ઉપરોક્ત તમામ**

8. પ્રાદેશિક કક્ષાના અધિકારી કઈ જવાબદારી અદા કરે છે?
   1. પંચાયતની રાજ સંસ્થાઓના સંપર્કમાં રહે છે.
   2. રાજ્યના વડા મથકને નીતિઓના અમલ અંગે માહિતગાર કરે છે.
   3. નીતિઓના અમલમાં નડતી મુશ્કેલીઓના નિવારણ માટે પગલાં લે છે.
   4. નીચલી કક્ષાએ જરૂરી માર્ગદર્શન આપે છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 1, 2, 3 **(B) 1, 2, 3, 4** (C) 1, 4 (D) 2, 3

9. 'જેમ છે તેમ' અભિગમ પ્રાદેશિક વહીવટી કચેરીઓના સંદર્ભમાં શું જણાવે છે?
   (A) તેમની બિલકુલ આવશ્યકતા નથી.
   **(B) સચિવાલય અને પ્રાદેશિક નિયામકની કચેરીઓની વહીવટી માળખા અંતર્ગત ચોક્કસ ભૂમિકા છે.**

(C) પ્રાદેશિક કચેરીઓમાં કર્મચારીઓની સંખ્યા ઓછામાં ઓછી હોવી જોઈએ.

(D) સચિવાલયનો વિસ્તાર વધે ત્યારે પ્રાદેશિક કચેરીઓ બંધ કરી દેવી જોઈએ.

10. કયો અભિગમ પરંપરાગત લાઈન અને સ્ટાફ વ્યવસ્થાને અનુરૂપ છે?

**(A) 'જેમ છે તેમ' અભિગમ**

(B) અંતર દૂર કરવાનો અભિગમ

(C) જુદું રાખવાનો અભિગમ

(D) પૂછપરછનો અભિગમ

11. પ્રાદેશિક કચેરી અંગેનો 'જેમ છે તેમ' અભિગમ શું સૂચવે છે?

1. અમલની જવાબદારી નિયામકની કચેરીની હોય છે.
2. વિભાગીય વડાનો તેમની નીચેના કર્મચારીગણ ઉપર સંપૂર્ણ કાબૂ હોવો જોઈએ.
3. નિયામક ની કચેરી 'હાઉસ કીપિંગ'ની જવાબદારી ધરાવે છે.
4. તેમાં સચિવાલય 'સ્ટાફ' છે અને સંલગ્ન કાર્યાલય 'લાઈન' તરીકે છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3, 4** (B) 1, 2 (C) 3, 4 (D) 1, 4

12. પ્રાદેશિક કચેરીઓના સંદર્ભમાં 'જેમ છે તેમ' અભિગમની તરફેણમાં નીચેનામાંથી કઈ દલીલ કરવામાં આવે છે?

1. જે નીતિનો અમલ કરે તે જ મૂલ્યાંકન કરી શકે નહિ.
2. તેનાથી સત્તાનું વિકેન્દ્રીકરણ શક્ય બને છે.
3. સત્તાના વિભાજનની પદ્ધતિની અસરકારકતા પુરવાર થયેલી છે.
4. નીતિ અંગે આ અભિગમથી વિશાળ પરિપ્રેક્ષ્ય ઊભો થાય છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2 **(B) 1, 2, 3, 4** (C) 3, 4 (D) 1, 2, 3

# ભાગ-4 જિલ્લાનું વહીવટી તંત્ર

## 17. કલેક્ટર

1. કલેક્ટરે કયા મહત્ત્વના મુદ્દે અસરકારક કામગીરી બજાવવાની હોય છે?
   1. જાહેર પ્રશ્નોનો નિશ્ચિત સમયગાળામાં ઉકેલ.
   2. જમીનોના દસ્તાવેજો આધુનિક બનાવવા અને એમનું સારી રીતે રક્ષણ કરવું.
   3. લોકોની ઊભરતી જતી જરૂરિયાતો પ્રત્યે વહીવટી તંત્રને સંવેદનશીલ બનાવવું.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) ફક્ત 1 (B) ફક્ત 2 (C) 2, 3 **(D) 1, 2, 3**

2. કલેક્ટરે કયા મુદ્દે અસરકારક રીતે કામગીરી બજાવવાની હોય છે?

   (A) શાસનમાં લોકોનો વિશ્વાસ વધારવો અને શાસનને પહોંચક્ષમ બનાવવું.

   (B) તેમના નેતૃત્વ હેઠળ અધિકારીઓ કાર્યક્ષમ રીતે કામ કરે તેવું વાતાવરણ ઊભું કરવું.

   (C) કાર્યવાહીઓ સરળ બનાવવી અને તેમનો અમલ કરવો.

   **(D) ઉપરોક્ત તમામ**

3. ગુજરાતમાં સૌ પ્રથમ કલેક્ટર મેન્યુઅલ ક્યારે બહાર પાડવામાં આવ્યું?

   **(A) 2008** (B) 2012 (C) 2005 (D) 2006

4. કલેક્ટર સીધી રીતે ગુજરાત સરકારના કયા વિભાગ હેઠળ કામ કરે છે?

   (A) નાણાં **(B) મહેસૂલ** (C) કાયદા (D) સામાન્ય વહીવટ

5. કલેક્ટરની નીચે કયા અધિકારી કામ કરે છે?
   1. જિલ્લા પુરવઠા અધિકારી
   2. નિવાસી અધિક કલેક્ટર
   3. પ્રાંત ઓફિસર
   4. નાયબ કલેક્ટર (મધ્યાહ્ન ભોજન યોજના)
   5. નાયબ કલેક્ટર (જમીન સંપાદન)
   6. નાયબ કલેક્ટર

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 2, 4, 5, 6 (B) 1, 3 (C) 1, 2, 4, 5, 6 **(D) 1, 2, 3, 4, 5, 6**

6. જિલ્લામાં રાજ્ય સરકારના સત્તાવાર એજન્ટ કોણ છે?

   **(A) કલેક્ટર** (B) જિલ્લા વિકાસ અધિકારી

   (C) જિલ્લા પંચાયતના પ્રમુખ (D) નાયબ કલેક્ટર

7. જિલ્લામાં મહેસૂલી વહીવટી તંત્રના વડા કોણ છે?

   (A) જિલ્લા વિકાસ અધિકારી **(B) કલેક્ટર** (C) નાયબ કલેક્ટર (D) જિલ્લા પંચાયતના પ્રમુખ

8. કલેક્ટર કયું કાર્ય કરે છે?

   (A) જમીન મહેસૂલ ઉઘરાવવું. (B) જમીનોના દસ્તાવેજો જાળવવા.

   (C) તગાવી લોનની વહેંચણી કરવી અને વસૂલાત કરવી. **(D) ઉપરોક્ત તમામ**

9. કલેક્ટર કયું કામ કરે છે?
   (A) સ્ટેમ્પ ધારાનો અમલ કરવો.
   (B) સરકારની મિલકતોનું સંચાલન કરવું.
   (C) જમીન સુધારાનો અમલ કરવો.
   **(D) ઉપરોક્ત તમામ**
10. કલેક્ટર શું કામ કરે છે?
   (A) કુદરતી આપત્તિ સમયે નુકસાનની આકારણી કરવી.
   (B) મુખ્ય જમીન સંપાદન અધિકારી તરીકે કામ કરવું.
   (C) ગ્રામીણ સ્તરના આંકડા એકત્ર કરવા.
   **(D) ઉપરોક્ત તમામ**
11. જિલ્લા આયોજન મંડળના અધ્યક્ષ કોણ હોય છે?
   **(A) જે તે જિલ્લાના ઈન-ચાર્જ મંત્રી**
   (B) કલેક્ટર
   (C) જિલ્લા પંચાયતના પ્રમુખ
   (D) જિલ્લા વિકાસ અધિકારી
12. જિલ્લા કલેક્ટર ખરેખર શું છે?
   (1) જમીનના સંચાલક અને જમીન મહેસૂલના વહીવટદાર
   (2) કાયદો અને વ્યવસ્થા જાળવનાર
   (3) મહેસૂલી રેકર્ડના કસ્ટોડિયન
   (4) તમામ પ્રસંગોના આયોજક
   ઉપરનાંમાંથી શું સાચું છે?
   (A) 3, 4 (B) 2, 4 **(C) 1, 2, 3, 4** (D) 1, 2
13. કલેક્ટર સીધા રાજ્યના કયા પ્રધાનના હાથ નીચે કામ કરે છે?
   (A) પંચાયત પ્રધાન **(B) મહેસૂલ પ્રધાન** (C) નાણાં પ્રધાન (D) મુખ્ય પ્રધાન
14. કલેક્ટરના મહેસૂલી કાર્યની માસિક સમીક્ષા કોણ કરે છે?
   (A) નાણાં પ્રધાન
   (B) પ્રાંત ઓફિસર
   **(C) રેવન્યુ ઈન્સ્પેક્શન કમિશનર**
   (D) મહેસૂલ પ્રધાન
15. હાલના લોકશાહી માળખામાં કલેક્ટર ખરેખર શું છે?
   (A) સમતા-આધારિત ન્યાય કરનાર
   (B) કટોકટીની સ્થિતિમાં પ્રબંધક
   (C) મહેસૂલી રેકર્ડના કસ્ટોડિયન
   **(D) ઉપરોક્ત તમામ**
16. કલેક્ટર શું કહેવાય છે?
   (A) સરકારી જમીનના ખજાનચી અને ટ્રસ્ટી
   (B) જિલ્લાના વહીવટી તંત્રનું મૂળ
   (C) સમીક્ષા કરનાર સત્તાધિકારી
   **(D) ઉપરોક્ત તમામ**
17. કલેક્ટરની નિમણૂક રાજ્ય સરકાર શાના હેઠળ કરે છે?
   **(A) જમીન મહેસૂલ ધારો-1879**
   (B) જમીન સંપાદન ધારો - 1894
   (C) કલેક્ટર મેન્યુઅલ
   (D) જંગલ ધારો - 1929
18. નીચેનાં વિધાનોમાં શું સાચું છે?
   1. કલેક્ટર જિલ્લાની તિજોરીના વડા છે.
   2. કલેક્ટર જિલ્લાની તિજોરીનો વહીવટ કરે છે.
   3. કલેક્ટર રાજ્ય સરકારના ઓડિટ વિભાગને જવાબદાર છે.
   4. કલેક્ટર જિલ્લા પંચાયતના સહાયક સભ્ય છે.
   (A) 2, 3, 4 (B) 1, 2, 3 (C) 1, 3 **(D) 1, 2, 3, 4**
19. કલેક્ટર શાને અંગેના કાયદાનો અમલ કરે છે?
   (A) મહેસૂલી કાયદા
   (B) ન્યાયિક કાયદા

(C) લેણાંની વસૂલાત અંગેના કાયદા **(D) ઉપરોક્ત તમામ**

20. કલેક્ટર શાને અંગેના કાયદાનો અમલ કરે છે?
   1. જાહેર વિતરણ વ્યવસ્થા સાથે સંબંધિત કાયદા
   2. શહેરી વિકાસ અંગેના કાયદા
   3. ચૂંટણી વિશેના કાયદા અને નિયમો
   4. બાળ મજૂરી પ્રતિબંધ ધારો

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   **(A) 1, 2, 3, 4** (B) 3, 4 (C) 2, 4 (D) 1, 4
21. ગુજરાતમાં 2012માં કલેક્ટર કેટલી જિલ્લા કક્ષાની સમિતિઓના અધ્યક્ષ હતા?

   **(A) 81** (B) 22 (C) 34 (D) 58
22. લોકસભાની ચૂંટણી સમયે જિલ્લાના મુખ્ય ચૂંટણી અધિકારી તરીકે કોણ ફરજ બજાવે છે?

   **(A) કલેક્ટર** (B) પ્રાંત અધિકારી (C) DDO (D) નાયબ કલેક્ટર

## 18. જિલ્લાનું વહીવટી તંત્ર

1. અંગ્રેજ શાસનમાં ક્યારે જિલ્લો ક્ષેત્રીય વહીવટનું એકમ બન્યો?

   (A) 1905 (B) 1902 (C) 1831 **(D) 1781**
2. અંગ્રેજોએ જિલ્લા કલેક્ટર સાથેનું જિલ્લા વહીવટી તંત્ર ઊભું કર્યું તેનો ઈરાદો શો હતો?

   (A) અંગ્રેજ શાસન પ્રત્યે વફાદારી ઊભી થાય.

   (B) દેશભરમાં તેમનું વર્ચસ્વ ઊભું થાય.

   (C) મહેસૂલની નિયમિત ઉઘરાણી માટે મજબૂત તંત્ર ઊભું થાય.

   **(D) ઉપરોક્ત તમામ**
3. આઝાદી બાદ ભારતમાં જિલ્લાના વહીવટી તંત્રમાં શો મોટો ફેરફાર થયો?

   (A) કલેક્ટરની ભૂમિકા ઘટી. (B) તંત્ર વધુ વિકાસલક્ષી વહીવટ તરફ વળ્યું.

   (C) પંચાયતોનું મહત્ત્વ વધ્યું. **(D) ઉપરોક્ત તમામ**
4. જિલ્લાના વહીવટી તંત્રના વડા કોણ છે?

   **(A) કલેક્ટર** (B) નાયબ કલેક્ટર (C) DDO (D) જિલ્લા પંચાયતના પ્રમુખ
5. જિલ્લાના વહીવટી તંત્રમાં વિકેન્દ્રીકરણ માટે બંધારણમાં કયા સુધારા કરાયા?

   **(A) 73, 74** (B) 73, 86 (C) 73, 122 (D) 73, 108
6. અંગ્રેજોએ જિલ્લાના વહીવટી તંત્ર માટેના ઉચ્ચ હોદ્દાને કયું નામ આપ્યું હતું?
   1. કલેક્ટર
   2. જિલ્લા મેજિસ્ટ્રેટ
   3. નાયબ કમિશનર

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   **(A) ફક્ત 1** (B) 1, 2 (C) 1, 3 (D) 1, 2, 3
7. જિલ્લાના વહીવટી તંત્રમાં એક જ વ્યક્તિ કયા હોદ્દા તરીકે કયું કામ કરે છે?
   1. કલેક્ટર - મહેસૂલી વહીવટ, જિલ્લા મેજિસ્ટ્રેટ - ફોજદારી ન્યાયનો વહીવટ, નાયબ કમિશનર - સામાન્ય વહીવટ
   2. કલેક્ટર - ફોજદારી ન્યાયનો વહીવટ, નાયબ કમિશનર - સામાન્ય વહીવટ, જિલ્લા મેજિસ્ટ્રેટ - મહેસૂલી વહીવટ
   3. કલેક્ટર - સામાન્ય વહીવટ, જિલ્લા મેજિસ્ટ્રેટ - ફોજદારી વહીવટ, નાયબ કમિશનર - મહેસૂલી વહીવટ

   ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1** (B) 2 (C) 3

8. જિલ્લાના વહીવટી તંત્રના માળખામાં શાનો સમાવેશ થાય છે?
   (A) કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ
   (B) રાજ્ય સ્તરના વિભાગો અને તેમની સંસ્થાઓની જિલ્લા અને તેનાથી નીચેના સ્તરની કચેરીઓ
   (C) પંચાયતો
   **(D) ઉપરોક્ત તમામ**
9. 2012માં ગુજરાતમાં વહીવટ માટે કેટલા પ્રાન્ત હતા?
   (A) 64 (B) 220 **(C) 112** (D) 92
10. ગુજરાતમાં જિલ્લામાં ચિટાનિસ સીધા કોના હેઠળ કામ કરે છે?
   (A) પ્રાંત ઓફિસર **(B) નિવાસી અધિક કલેક્ટર**
   (C) જિલ્લા પુરવઠા અધિકારી (D) કલેક્ટર
11. ગુજરાતમાં મામલતદાર સીધા કોના હેઠળ કામ કરે છે?
   **(A) પ્રાંત ઓફિસર** (B) નિવાસી અધિક કલેક્ટર
   (C) કલેક્ટર (D) જિલ્લા પુરવઠા અધિકારી
12. તલાટી-કમ-મંત્રી સીધા કોને જવાબદાર હોય છે?
   (A) મામલતદાર **(B) સર્કલ ઓફિસર** (C) ચિટનિસ (D) પ્રાંત ઓફિસર
13. ગુજરાતમાં સર્કલ ઓફિસર સીધા કોને જવાબદાર હોય છે?
   **(A) મામલતદાર** (B) કલેક્ટર (C) નાયબ કલેક્ટર (D) ચિટનિસ
14. સર્કલ ઓફિસર કઈ ફરજ બજાવે છે?
   (A) ઢોરની વસ્તી ગણતરી ઉપર નિરીક્ષણ
   (B) જન્મ-મૃત્યુનાં પ્રમાણપત્રોનાં નિવેદનોનું નિરીક્ષણ
   (C) વિવિધ પાકો હેઠળના અંદાજો થાય પછી ખરાઈ કરવી.
   **(D) ઉપરોક્ત તમામ**
15. ગુજરાત સરકારના મહેસૂલ વિભાગમાં કેટલી શાખાઓ કામ કરે છે?
   (A) 04 **(B) 40** (C) 08 (D) 09
16. નગરપાલિકાઓને નિયંત્રિત કરવાની અને માર્ગદર્શન આપવાની જવાબદારી કોની છે?
   **(A) કલેક્ટર** (B) ચીફ ઑફિસર
   (C) મામલતદાર (D) ઉપરનાંમાંથી એક પણ નહીં
17. જિલ્લા તકેદારી સમિતિના અધ્યક્ષ કોણ હોય છે?
   (A) મામલતદાર (B) જિલ્લા પંચાયતના પ્રમુખ
   **(C) કલેક્ટર** (D) જે તે જિલ્લાના પ્રભારી મંત્રી
18. આવશ્યક ચીજવસ્તુ ધારા-1955નો અમલ કોણ કરે છે?
   **(A) જિલ્લા કલેક્ટર** (B) જિલ્લા પંચાયત (C) તાલુકા પંચાયત (D) મામલતદાર
19. ઈ-સેવા સોસાયટીના જિલ્લા સ્તરે અધ્યક્ષ કોણ છે?
   (A) જિલ્લા પંચાયતના પ્રમુખ **(B) કલેક્ટર**
   (C) જિલ્લા વિકાસ અધિકારી (D) સર્કલ ઑફિસર
20. સર્કલ ઓફિસર કઈ ફરજ બજાવે છે?
   (A) ગામના પાકની આનાવારીની તૈયારીમાં મદદ કરવી.

(B) મામલતદાર દ્વારા કરાયેલા હુકમો અને ઠરાવોના અમલ ઉપર દેખરેખ રાખવી.

(C) તળાવો અને કૂવાઓ અંગેનાં નિવેદનોનું નિરીક્ષણ કરવું.

**(D) ઉપરોક્ત તમામ**

21. તાલુકાના સ્થાનિક મહેસૂલી વહીવટી તંત્રની મુખ્ય જવાબદારી કોની છે?

**(A) મામલતદાર** (B) સર્કલ ઓફિસર (C) નાયબ કલેક્ટર (D) પ્રાંત ઓફિસર

22. મામલતદારની નિમણૂક શાના હેઠળ થાય છે?

(A) જમીન મહેસૂલ ધારો (B) જમીન સંપાદન ધારો

(C) ફોજદારી કાર્યવાહી અધિનિયમ (D) ઉપરનાંમાંથી એક પણ નહિ

23. નીચેનાં વિધાનોમાંથી કયું સાચું છે?

1. મામલતદાર રાજ્ય સરકારના ગેઝેટેડ ઓફિસર છે.
2. મામલતદાર તાલુકાના વડા તરીકેની ભૂમિકા ભજવે છે.
3. મામલતદાર પ્રાંત ઓફિસર અને કલેક્ટરને જવાબદાર છે.
4. મામલતદાર સીધા લોકોના સંપર્કમાં આવે છે અને તેઓ લોકોની સમસ્યાઓ ઉકેલે છે.

**(A) 1, 2, 3, 4** (B) 1, 2 (C) 2, 3 (D) 1, 4

24. મામલતદારની ફરજો કઈ કઈ છે?

(A) તેઓ તાલુકાના જમીનના દસ્તાવેજોના કસ્ટોડિયન છે.

(B) તેઓ સરકારી જમીનના રખેવાળ છે.

(C) તેઓ સરકારી જમીન પર દબાણ ના થાય તેની તકેદારી રાખે છે.

**(D) ઉપરોક્ત તમામ**

25. મામલતદાર કયું કાર્ય કરે છે?

1. સરકારનાં લેણાંની વસૂલાત કરે છે.
2. સરકારી મિલકતની ચોરી થતી રોકે છે.
3. તાલુકાના મહેસૂલ કર્મચારીઓ ઉપર દેખરેખ રાખે છે.
4. તાલુકાના મુખ્ય સંકલનકાર તરીકે કામ કરે છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3, 4** (B) 1, 2, 3 (C) 1, 3, 4 (D) 2, 3, 4

26. જિલ્લામાં મનોરંજન વેરાની વસૂલાત કોણ કરે છે?

(A) કલેક્ટર (B) નાયબ કલેક્ટર **(C) મામલતદાર** (D) પ્રાંત ઓફિસર

27. પ્રાંત ઓફિસરની નિમણૂક શાના હેઠળ થાય છે?

**(A) જમીન મહેસૂલ ધારો-1879** (B) જમીન સંપાદન ધારો - 1894

(C) ફોજદારી કાર્યવાહી અધિનિયમ (D) ઉપરનાંમાંથી એક પણ નહિ

28. જિલ્લામાં સબ ડિવિઝનલ ઓફિસર તરીકેની સત્તા કોની પાસે છે?

(A) મામલતદાર **(B) પ્રાંત ઓફિસર** (C) કલેક્ટર (D) નાયબ કલેક્ટર

29. પ્રાંત ઓફિસરનું મહત્ત્વનું કાર્ય શું છે?

(A) નવાં નાણાકીય સંસાધનોનું સર્જન કરવું અને અસરકારક વસૂલાત કરવી.

(B) નાગરિકોને વધુ સેવાઓ પૂરી પાડવી.

(C) મહેસૂલ સંબંધી દસ્તાવેજોનું નિરીક્ષણ અને અસરકારક સંચાલન.

**(D) ઉપરોક્ત તમામ**

30. પ્રાંત ઓફિસર કઈ ફરજ બજાવે છે?
    1. લોકસભા માટે મદદનીશ ચૂંટણી અધિકારી
    2. વિધાનસભા માટે ચૂંટણી અધિકારી
    3. મતદાર નોંધણી અધિકારી
    4. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના ચૂંટણી અધિકારી

    ઉપરનાંમાંથી શું સાચું છે?

    (A) 1, 2, 3 **(B) 1, 2, 3, 4** (C) 1, 2 (D) 2, 4
31. સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ તરીકેની જવાબદારી કોણ નિભાવે છે?

    (A) કલેક્ટર (B) નાયબ કલેક્ટર **(C) પ્રાંત ઓફિસર** (D) મામલતદાર
32. 2014ની સ્થિતિએ પ્રાંત ઓફિસરે કેટલા કાયદાનો અમલ કરવાની જવાબદારી નિભાવવાની હોય છે?

    (A) 22 (B) 70 **(C) 54** (D) 48

## 18.1 જિલ્લા આયોજન સમિતિ સાથે અને જિલ્લા આયોજન મંડળ

1. ગુજરાતમાં જિલ્લા આયોજન સમિતિઓની રચના માટેનો કાયદો ક્યારે ઘડાયો?

   (A) 2010 **(B) 2008** (C) 2009 (D) 2007
2. જિલ્લા આયોજન સમિતિમાં કેટલા સભ્યો હોય છે?

   **(A) 30થી 40** (B) 10થી 20 (C) 20થી 30 (D) 15થી 25
3. જિલ્લા આયોજન સમિતિના અધ્યક્ષની નિમણૂક કોણ કરે છે?

   (A) કેન્દ્ર સરકાર **(B) રાજ્ય સરકાર** (C) કલેક્ટર (D) જિલ્લા વિકાસ અધિકારી
4. જિલ્લા આયોજન સમિતિમાં કાયમી નિમંત્રિત કોણ છે?

   (A) જિલ્લા પંચાયતના પ્રમુખ (B) જિલ્લાના સાંસદ (C) જિલ્લાના ધારાસભ્યો **(D) B અને C**
5. જિલ્લા આયોજન સમિતિમાં સભ્યપદ માટે કોની ચૂંટણી થાય છે?

   (A) ગ્રામ પંચાયતના સભ્યો (B) તાલુકા પંચાયતના સભ્યો

   **(C) જિલ્લા પંચાયતના સભ્યો** (D) ઉપરોક્ત તમામ
6. જિલ્લા આયોજન સમિતિમાં સભ્યપદ માટે કોની ચૂંટણી થાય છે?

   (A) નગરપાલિકાઓના સભ્યો (B) જિલ્લા પંચાયતના સભ્યો

   (C) ગ્રામ પંચાયતના સભ્યો **(D) A અને B**
7. જિલ્લા આયોજન સમિતિમાં કાયમી નિમંત્રિત કોણ હોઈ શકે છે કે જેમની નિમણૂક રાજ્ય સરકાર કરે છે?
   1. કોઈક નિગમના અધિકારી
   2. સંસદ સભ્ય
   3. કોઈક બોર્ડ કે સત્તામંડળના અધિકારી
   4. ધારાસભ્ય

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 2,3 (B) 2, 4 **(C) 1, 3** (D) 1, 4
8. જિલ્લા આયોજન સમિતિને અનુદાન કોણ આપે છે?

   **(A) રાજ્ય સરકાર** (B) કેન્દ્રનું આયોજન પંચ

   (C) કલેક્ટર (D) જિલ્લા આયોજન મંડળ

9. જિલ્લા આયોજન સમિતિનું કાર્ય શું છે?
   1. સમગ્ર જિલ્લાની વિકાસ યોજનાનો મુસદ્દો તૈયાર કરવો.
   2. બધા જ તાલુકાની વિકાસ યોજનાનો મુસદ્દો તૈયાર કરવો.
   3. પંચાયતો અને નગરપાલિકાઓ દ્વારા તૈયાર કરાયેલી યોજનાઓનું સંકલન કરવું.
   4. રાજ્ય સરકારને જિલ્લાની પંચવર્ષીય યોજના ઘડવામાં મદદ કરવી.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 2, 3 (B) 1, 4 **(C) 1, 3** (D) 2, 4

10. નીચેનાં વિધાનોમાંથી કયાં સાચાં વિધાનો છે?
    1. જિલ્લા આયોજન સમિતિ પેટા સમિતિઓની રચના કરી શકે છે.
    2. જિલ્લા આયોજન સમિતિએ રાજ્ય સરકારને જિલ્લાની વિકાસ યોજનાનો મુસદ્દો મોકલવાનો હોય છે.
    3. જિલ્લા આયોજન સમિતિએ ગ્રામ પંચાયતોને માટે વિકાસ યોજનાઓ તૈયાર કરવાની હોય છે.
    4. જિલ્લા આયોજન સમિતિએ વિકાસ યોજના તૈયાર કરતી વખતે પર્યાવરણનું જતન કેવી રીતે કરવું તે ધ્યાનમાં લેવાનું હોય છે.

    ઉપરનાંમાંથી કયું વિધાન સાચું છે?

    (A) 1, 4 (B) 3, 4 **(C) 2, 4** (D) 1, 3

11. જિલ્લા આયોજન સમિતિએ જિલ્લાની વિકાસ યોજનાનો મુસદ્દો તૈયાર કરતી વખતે કઈ બાબત ધ્યાનમાં રાખવાની હોય છે?
    1. પ્રાપ્ય સંસાધનોના પ્રકાર અને તેમનું પ્રમાણ
    2. ભૌતિક અને પ્રાકૃતિક સંસાધનો
    3. માળખાગત સવલતોનો સંકલિત વિકાસ
    4. પર્યાવરણનું જતન

    ઉપરનાંમાંથી શું સાચું છે?

    **(A) 1, 2, 3, 4** (B) 2, 4 (C) 1, 4 (D) 3, 4

12. જિલ્લા આયોજન સમિતિ અંગેના નિયમોમાં કોણ સુધારા કરી શકે છે?

    (A) વિકાસ કમિશનર (B) કલેક્ટર

    **(C) વિધાનસભા** (D) રાજ્યનો આયોજન વિભાગ

13. ગુજરાતમાં જિલ્લા આયોજન મંડળની રચના ક્યારથી થઈ?

    (A) 1961 **(B) 1980** (C) 1963 (D) 1992

14. જિલ્લા આયોજન સમિતિમાં ચૂંટાનારા સભ્યોની ચૂંટણી કોણ કરે છે?

    (A) રાજ્ય ચૂંટણી પંચ (B) વિકાસ કમિશનર **(C) કલેક્ટર** (D) જિલ્લા વિકાસ અધિકારી

15. ગુજરાતમાં જિલ્લા આયોજન સમિતિના અધ્યક્ષ કોણ હોય છે?

    **(A) જે તે જિલ્લાના પ્રભારી મંત્રી** (B) જિલ્લા પંચાયતના પ્રમુખ

    (C) જિલ્લાના કલેક્ટર (D) જિલ્લા વિકાસ અધિકારી

16. જિલ્લા આયોજન મંડળના અધ્યક્ષ કોણ હોય છે?

    (A) કલેક્ટર (B) જિલ્લા વિકાસ અધિકારી

    **(C) જે તે જિલ્લાના પ્રભારી મંત્રી** (D) જિલ્લા પંચાયતના પ્રમુખ

17. જિલ્લા આયોજન મંડળનું કાર્ય શું છે?
    1. જિલ્લાની દષ્ટિકોણ યોજના તૈયાર કરવી.
    2. જિલ્લાની વાર્ષિક યોજના તૈયાર કરવી.

3. જિલ્લાની પંચવર્ષીય યોજના તૈયાર કરવી.
4. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની મહત્તમ ભાગીદારી સુનિશ્ચિત કરવી.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 3 (B) 2, 3 **(C) 1, 2, 3, 4** (D) 1, 3

18. જિલ્લા આયોજન મંડળને કઈ સમિતિ મદદ કરે છે?

(A) જિલ્લા આયોજન સમિતિ (B) તાલુકા આયોજન સમિતિ

(C) વહીવટી આયોજન સમિતિ **(D) B અને C**

19. જિલ્લા આયોજન મંડળનું કાર્ય શું છે?

1. સ્વૈચ્છિક સંસ્થાઓ અને લોકોની મહત્તમ ભાગીદારી સુનિશ્ચિત કરવી.
2. જિલ્લા સ્તરની યોજનાઓની સમીક્ષા કરવી અને મૂલ્યાંકન કરવું.
3. જિલ્લા સ્તરની યોજનાઓના અમલ આડેના અવરોધો દૂર કરવા પ્રયત્ન કરવો.
4. વિકેન્દ્રિત જિલ્લા આયોજન હેઠળના ભંડોળ માટે વિવિધ ક્ષેત્રની યોજનાઓ ઘડવી.

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3, 4** (B) 1, 4 (C) 2, 3, 4 (D) 2, 3

20. જિલ્લા આયોજન સમિતિની રચના શાના હેઠળ કરવામાં આવે છે?

(A) 73મો બંધારણ સુધારો

**(B) 74મો બંધારણ સુધારો**

(C) રાજ્ય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

(D) આયોજન પંચની માર્ગરેખાઓ

# ભાગ-5 સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ

## 19. પંચાયતી રાજ

### 19.1 પંચાયતી રાજ અને 73મો બંધારણ સુધારો

1. સરપંચની ચૂંટણી અંગે 73મા બંધારણ સુધારામાં શી જોગવાઈ કરવામાં આવી છે?
   **(A) રાજ્યની વિધાનસભા કાયદો કરીને નક્કી કરે તે રીતે સરપંચ ચૂંટાશે.**
   (B) ગ્રામ પંચાયતના બધા મતદારો સરપંચને ચૂંટશે.
   (C) ગ્રામ પંચાયતના સભ્યો સરપંચ ચૂંટશે.
   (D) ઉપરનાંમાંથી એકેય નહિ.
2. 73મા બંધારણ સુધારામાં અનામત બેઠકો અંગે શી જોગવાઈ કરાઈ છે?
   1. દરેક પંચાયતમાં અનુસૂચિત જાતિઓ માટે બેઠકો અનામત રહેશે.
   2. દરેક પંચાયતમાં અનુસૂચિત જનજાતિઓ માટે બેઠકો અનામત રહેશે.
   3. દરેક પંચાયતમાં અનામત બેઠકો ફરતી રહેશે.
   4. દરેક પંચાયતમાં મહિલાઓ માટે એક-તૃતીયાંશથી ઓછી નહિ તેટલી બેઠકો અનામત રહેશે.
   ઉપરનાંમાંથી શું સાચું છે?
   (A) 1, 2 (B) 1, 2, 3, 4 **(C) 1, 2, 3** (D) 3, 4
3. પંચાયતની ચૂંટણી અંગે 73મા બંધારણ સુધારામાં શી જોગવાઈ કરાઈ છે?
   (A) દરેક પંચાયતની મુદત તેની પ્રથમ બેઠક મળે ત્યારથી 5 વર્ષની રહેશે.
   (B) 5 વર્ષની મુદત પૂરી થાય તે પહેલાં ચૂંટણી કરવામાં આવશે.
   (C) જો પંચાયતનું વિસર્જન થાય તો છ માસમાં ચૂંટણી કરાશે.
   **(D) ઉપરોક્ત તમામ**
4. બંધારણમાં કઈ અનુસૂચિ હેઠળ પંચાયતોને કાર્યો સોંપવામાં આવ્યાં છે?
   (A) અનુસૂચિ - 7 (B) અનુસૂચિ - 5 **(C) અનુસૂચિ - 11** (D) અનુસૂચિ - 12
5. પંચાયતોને કઈ સત્તાઓ અને જવાબદારીઓની વહેંચણી 73મા બંધારણ સુધારા હેઠળ થઈ છે?
   (A) આર્થિક વિકાસ માટેની યોજનાઓની તૈયારી
   (B) સામાજિક વિકાસ માટેની યોજનાઓની તૈયારી
   (C) 11ની અનુસૂચિમાં જણાવાયેલાં કાર્યોનો અમલ
   **(D) ઉપરોક્ત તમામ**
6. આદિવાસી વિસ્તારો માટે 73મો બંધારણ સુધારો લાગુ કરવા માટેના કાયદામાં ગ્રામ સભા માટે શી જોગવાઈ કરાઈ છે?
   (A) તે ગરીબી નિવારણના કાર્યક્રમના લાભાર્થી નક્કી કરે.
   (B) તે સામાજિક-આર્થિક વિકાસ માટેના આયોજનને મંજૂર કરે.
   **(C) ઉપરોક્ત બંને.**
   (D) ઉપરનાંમાંથી એકેય નહિ.

7. જોડકાં જોડોઃ

| **બંધારણની અનુસૂચિ** | **વિગત** |
|---|---|
| 1. 11 | (a) પાલિકાઓનાં કામોની યાદી |
| 2. 12 | (b) આસામ, મેઘાલય, ત્રિપુરા અને મિઝોરમના આદિવાસી વિસ્તારો |
| 3. 5 | (c) પંચાયતોની કામોની યાદી |
| 4. 6 | (d) અનુસૂચિત આદિવાસી વિસ્તારો |

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1-c, 2-a, 3-d, 4-b** (B) 1-d, 2-c, 3-b, 4-a
(C) 1-b, 2-a, 3-d, 4-c (D) 1-a, 2-d, 3-b, 4-c

8. જોડકાં જોડોઃ

| | |
|---|---|
| 1. પંચાયતનાં કામો | (a) 18 |
| 2. પાલિકાઓનાં કામો | (b) 100 |
| 3. રાજ્યનાં કામો | (c) 29 |
| 4. કેન્દ્રનાં કામો | (d) 61 |

નીચેનાંમાંથી કયું સાચું છે?

(A) 1-a, 2-c, 3-d, 4-b **(B) 1-c, 2-a, 3-d, 4-b**
(C) 1-d, 2-b, 3-a, 4-c (D) 1-b, 2-c, 3-d, 4-a

9. 73મા બંધારણ સુધારાનો અમલ કઈ તારીખથી થયો?

**(A) 1-6-1993** (B) 1-1-1993 (C) 1-1-1992 (D) 1-6-1992

10. કયા રાજ્યમાં તાલુકા પંચાયતની રચના મરજિયાત છે?

(A) જેની વસ્તી 40 લાખથી ઓછી હોય. **(B) જેની વસ્તી 20 લાખથી ઓછી હોય.**
(C) જેની વસ્તી 5 કરોડથી ઓછી હોય. (D) જેની વસ્તી 2 કરોડથી 5 કરોડ હોય.

11. પંચાયતી રાજને મજબૂત કરવા અંગે કયા પડકારો છે?

(A) પંચાયતોમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓને તાલીમ. (B) ગ્રામ સભાને સક્રિય કરવી.
**(C) ઉપરોક્ત બંને** (D) ઉપરનાંમાંથી એકેય નહિ.

12. 73મા બંધારણ સુધારાનું મહત્ત્વ શું છે?

(A) મહિલાઓ માટે અનામત બેઠકો. (B) ભારતના સમવાયતંત્રમાં પંચાયતોને બંધારણીય સ્થાન.
(C) ગ્રામ સભાને શાસનનું એકમ બનાવાઈ. **(D) ઉપરોક્ત તમામ**

13. 73મા બંધારણ સુધારાથી દેશમાં પ્રથમ વાર કોને માટે રાજકીય અનામત પ્રથા દાખલ થઈ?

**(A) મહિલાઓ** (B) અનુસૂચિત જાતિઓ
(C) અનુસૂચિત જનજાતિઓ (D) ઉપરોક્ત તમામ

14. પંચાયતી રાજની જરૂર શા માટે છે?

(A) શાસનને વિકેન્દ્રિત બનાવવા. (B) શાસનમાં લોકભાગીદારી ઊભી કરવા.
(C) શાસનને વધુ સહભાગી બનાવવા. **(D) ઉપરોક્ત તમામ**

15. 2001માં નિમાયેલા આયોજન પંચના કાર્ય દળે પંચાયતી રાજ માટે શી ભલામણ કરી હતી?

1. પંચાયતોને નિયમિત ભંડોળ મળે તે જોવું.
2. અનુસૂચિ-11માં સોંપાયેલાં 29 કામો વાસ્તવમાં પંચાયતોના કાર્યક્ષેત્રમાં લાવવાં.
3. પંચાયતો માટે દેખરેખની વ્યવસ્થા ઊભી કરવા કાનૂની જોગવાઈઓ કરવી.

4. યોજનાઓની જવાબદારી પંચાયતોને સોંપવી.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 3 (B) 1, 2, 3, 4 (C) 2, 3, 4 **(D) 2 અને 4**

16. 73મો બંધારણ સુધારો કેન્દ્રશાસિત પ્રદેશોને લાગુ પાડવા માટે જાહેરનામું કોણ બહાર પાડી શકે?

(A) કેન્દ્રશાસિત પ્રદેશના ઉપરાજ્યપાલ **(B) રાષ્ટ્રપતિ**

(C) સંસદ (D) કેન્દ્રશાસિત પ્રદેશની વિધાનસભા

17. પંચાયતોના હિસાબોના ઓડિટ અંગે 73મા બંધારણ સુધારામાં શી જોગવાઈ કરવામાં આવી છે?

(A) રાજ્ય સરકાર પરિપત્ર બહાર પાડે. (B) કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (કેગ) વ્યવસ્થા કરે.

**(C) રાજ્યની વિધાનસભા કાયદાકીય જોગવાઈ કરે.** (D) ઉપરનાંમાંથી એકેય નહિ.

18. 73મો બંધારણ સુધારો અનુસૂચિત વિસ્તારોને લાગુ પાડવા માટેનો કાયદો સંસદ ક્યારે ઘડ્યો?

(A) 1999 (B) 1997 (C) 1998 **(D) 1996**

19. 73મા બંધારણ સુધારાનું મહત્ત્વ શું છે?

1. ભારતમાં પહેલી જ વાર પંચાયતો ઊભી થઈ.
2. પંચાયતો ત્રીજા સ્તરની સરકાર બની.
3. શાસનની વ્યવસ્થામાં પ્રથમ વાર મહિલાઓ માટે રાજકીય અનામતની જોગવાઈ.
4. રાજ્ય નાણાં પંચની જોગવાઈ થઈ.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 3, 4 **(B) 2, 3, 4** (C) 1, 2, 3 (D) 1, 2, 4

20. પંચાયતી રાજની સ્થાપના કયા ઉદ્દેશથી કરવામાં આવી છે?

(A) સત્તાનું વિકેન્દ્રીકરણ થાય. (B) શાસનમાં લોકોની સહભાગિતા ઊભી થાય.

(C) શાસન વધારે પારદર્શક બને. **(D) ઉપરોક્ત તમામ**

21. 73મા બંધારણ સુધારાના ઉદ્દેશો કયા કયા છે?

1. અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને મહિલાઓ વગેરેને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં પ્રતિનિધિત્વ આપવું.
2. પંચાયતોને નાણાકીય સંસાધનો આપીને સક્ષમ બનાવવી.
3. પંચાયતોને સત્તાઓ સોંપવી.
4. પંચાયતોને રાજ્ય સરકારોથી અલગ કરીને વધુ સ્વાયત્ત બનાવવી.

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3** (B) 2, 3, 4 (C) 1, 3, 4 (D) 1, 2, 4

22. 73મા બંધારણ સુધારા હેઠળ ભાગ-9માં કઈ કલમો છે?

(A) 243થી 244 (B) 243થી 243આઈ **(C) 243થી 243ઓ** (D) 243થી 243ઝેડ

23. પંચાયતોની ચૂંટણી કોની નિગેહબાની હેઠળ યોજાય છે?

(A) કેન્દ્ર સરકાર (B) રાજ્ય સરકાર **(C) રાજ્ય ચૂંટણી પંચ** (D) કેન્દ્રીય ચૂંટણી પંચ

24. રાજ્ય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં પંચાયતો અંગે શી જોગવાઈ કરાઈ છે?

**(A) ગ્રામ પંચાયતોની રચના કરવા માટે રાજ્ય પગલાં ભરશે.**

(B) તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતોની રચના કરવા માટે રાજ્ય પગલાં ભરશે.

(C) ઉપરોક્ત બંને.

(D) ઉપરનાંમાંથી એકેય નહિ.

25. રાજ્ય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં પંચાયતો અંગે શી જોગવાઈ કરાઈ છે?
   (A) ગ્રામ પંચાયતોની રચના કરવા માટે રાજ્ય પગલાં ભરશે.
   (B) તાલુકા અને જિલ્લા પંચાયતોની રચના રાજ્ય સરકાર કરશે.
   (C) સ્વરાજ્યના એકમો તરીકે ગ્રામ પંચાયતો કાર્ય કરી શકે તે માટે રાજ્ય તેમને જરૂરી સત્તા અને અધિકારો આપશે.
   **(D) A અને C**
26. પંચાયતોની મુદત અંગે 73મા બંધારણ સુધારામાં શી જોગવાઈ કરવામાં આવી છે?
   (A) દરેક પંચાયતની મુદત તેની પ્રથમ બેઠક મળે તે તારીખથી પાંચ વર્ષની રહેશે.
   (B) પાંચ વર્ષની મુદત પૂરી થાય તે પહેલાં દરેક પંચાયતની ચૂંટણી કરવામાં આવશે.
   **(C) ઉપરોક્ત બંને**
   (D) ફક્ત A
27. પંચાયતોની મુદત અંગે 73મા બંધારણ સુધારામાં શી જોગવાઈ કરવામાં આવી છે?
   (A) દરેક પંચાયતની મુદત તેની પ્રથમ બેઠક મળે તે તારીખથી પાંચ વર્ષની રહેશે.
   (B) પાંચ વર્ષની મુદત પૂરી થાય તે પહેલાં દરેક પંચાયતની ચૂંટણી કરવામાં આવશે.
   (C) જો પંચાયતનું વિસર્જન થાય અને તેની મુદતમાં છ માસ કરતાં ઓછો સમય બાકી રહ્યો હોય તો તેની ચૂંટણી યોજવાનું જરૂરી નથી.
   **(D) ઉપરોક્ત તમામ.**
28. પંચાયતોની મુદત અંગે 73મા બંધારણ સુધારામાં શી જોગવાઈ કરવામાં આવી છે?
   (A) દરેક પંચાયતની મુદત તેની પ્રથમ બેઠક મળે તે તારીખથી 5 વર્ષની રહેશે.
   (B) જો પંચાયતનું વિસર્જન કરવામાં આવ્યું હોય તો વિસર્જનની તારીખથી છ માસના ગાળામાં તેની ચૂંટણી થવી જોઈએ.
   (C) જો પંચાયતનું વિસર્જન થયું હોય અને તેની ચૂંટણી થાય તો તે પાંચ વર્ષમાં બાકી રહેલા ગાળા માટે ચાલુ રહેશે.
   **(D) ઉપરોક્ત તમામ.**
29. પંચાયતો ત્રીજા સ્તરની સરકાર કેવી રીતે બની છે?
   (A) 73મા બંધારણ સુધારાએ પંચાયતોનાં રચના અને કાર્યો અંગે જોગવાઈ કરી માટે.
   (B) 73મા બંધારણ સુધારાએ પંચાયતોનાં સત્તાઓ અને નાણાકીય વ્યવસ્થાઓ અંગે જોગવાઈ કરી માટે.
   (C) ઉપરનાંમાંથી એકેય નહિ.
   **(D) A અને B બંને**
30. પંચાયતની રાજની આવશ્યકતા શા માટે છે?
   (A) શાસનમાં ઉત્તરદાયિત્વ ઊભું કરવા.
   (B) સ્થાનિક શાસનમાં પારદર્શિતા લાવવા.
   (C) ગ્રામીણ શાસનને વધારે સહભાગી બનાવવા.
   **(D) ઉપરોક્ત તમામ.**
31. ભારતમાં પંચાયતી રાજ કોના કાયદા દ્વારા અમલમાં છે?
   (A) સંસદના કાયદા દ્વારા
   **(B) રાજ્યોની વિધાનસભાઓના કાયદા દ્વારા**
   (C) પંચાયતોના પોતાના કાયદા દ્વારા
   (D) ઉપરોક્ત ત્રણેય
32. 73મા બંધારણ સુધારામાં મહિલાઓ માટે કેટલી બેઠકો અનામત રખાઈ છે?
   (A) 33 ટકા
   **(B) 33 ટકાથી ઓછી નહિ તેટલી**
   (C) 33 ટકાથી વધુ નહિ
   (D) વસ્તી મુજબ
33. 73મા બંધારણ સુધારા અનુસાર પંચાયતોમાં અનામતો અંગે કઈ જોગવાઈ છે?
   1. દરેક પંચાયતમાં અનુસૂચિત જાતિઓ માટેની અનામત બેઠકો જે તે વિસ્તારની કુલ વસ્તીમાં એમની વસ્તીના ટકાવારી પ્રમાણ જેટલી રહેશે.

2. દરેક પંચાયતમાં અનુસૂચિત જનજાતિઓ માટેની અનામત બેઠકો જે તે વિસ્તારની કુલ વસ્તીમાં એમની વસ્તીના ટકાવારી પ્રમાણ જેટલી રહેશે.
3. દરેક પંચાયતમાં અધ્યક્ષના હોદ્દાઓ માટે અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને મહિલાઓ માટે અનામતની જોગવાઈ થશે.
4. અનામત બેઠકો જે તે પંચાયતમાં વિવિધ મતવિસ્તારો વચ્ચે ફરતી રહેશે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2 (B) 4 **(C) 1, 2, 3, 4** (D) 1, 3, 4

34. ગુજરાતમાં પંચાયતી રાજનો કાયદો ગુજરાત પંચાયત ધારા-1961નો અમલ ક્યારથી થયો?

**(A) 1-4-1963** (B) 1-4-1961 (C) 1-4-1962 (D) 1-4-1964

35. ગુજરાતમાં પંચાયતી રાજ વ્યવસ્થામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે કેટલા પ્રમાણમાં અનામત બેઠકો રાખવામાં આવી છે?

(A) વસ્તી પ્રમાણે (B) એક તૃતીયાંશ (C) 20 ટકા **(D) ઉપરનાંમાંથી એકેય નહિ**

36. દરેક પંચાયતની મુદત કેટલી હોય છે?

**(A) તેની પહેલી બેઠકની તારીખથી 5 વર્ષ સુધી** (B) તેની ચૂંટણીની તારીખથી 5 વર્ષ સુધી
(C) તેનું વિસર્જન થાય ત્યાં સુધી (D) ઉપરનાંમાંથી એકેય નહિ.

37. પંચાયતની રચના કરવા માટેની ચૂંટણી અંગેનાં આ વિધાનો જુઓ:

1. પંચાયતની મુદત પૂરી થાય તે પહેલાં ચૂંટણી થાય.
2. તેના વિસર્જનની તારીખથી છ મહિનાની મુદત પૂરી થાય તે પહેલાં તેની ચૂંટણી થાય.
3. વિસર્જિત પંચાયતની બાકી મુદત છ મહિના કરતાં ઓછી હોય તો ચૂંટણી ના થાય.
4. વિસર્જિત પંચાયતની ચૂંટણી થાય તો તે 5 વર્ષ માટે ચાલુ રહે છે.

ઉપરોક્ત વિધાનોમાંથી કયાં સાચાં છે?

**(A) 1, 2, 3** (B) 1, 3, 4 (C) 3, 4 (D) 2, 3, 4

38. 73મો બંધારણ સુધારો કઈ કલમોમાં છે?

**(A) કલમ-243થી કલમ-243ઓ** (B) કલમ-243થી કલમ-243જી
(C) કલમ-243થી કલમ-243ઝેડ (D) કલમ-243એથી કલમ-243ઝેડ

39. ગ્રામ સભા અંગે 73મા બંધારણ સુધારામાં શી જોગવાઈ કરવામાં આવી છે?

(A) ગ્રામ સભા એટલે ગામ સ્તરે પંચાયત વિસ્તારમાં સમાવિષ્ટ ગામની મતદાર યાદીમાં નોંધાયેલા લોકોની સંસ્થા
(B) ગ્રામ સભાએ અનુસૂચિ-11 અનુસાર 29 કાર્યો કરવાનાં છે.
(C) રાજ્યની વિધાનસભા કાયદાથી જોગવાઈ કરે તે કાર્યો ગ્રામ સભા બજાવશે.
**(D) A અને C**

40. ભારતના બંધારણમાં પંચાયતોનો ઉલ્લેખ બંધારણના આરંભથી શામાં કરવામાં આવ્યો હતો?

(A) આમુખ (B) મૂળભૂત અધિકારો
**(C) રાજ્ય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતો** (D) વિશેષ જોગવાઈઓ

41. કયા સ્તરની પંચાયતોની રચના માટે રાજ્ય પગલાં ભરે એમ ભારતના બંધારણમાં રાજ્ય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં જણાવાયું હતું?

(A) તાલુકા પંચાયત (B) જિલ્લા પંચાયત **(C) ગ્રામ પંચાયત** (D) ઉપરોક્ત ત્રણેય

42. કઈ કલમમાં ભારતના બંધારણમાં રાજ્ય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં પંચાયતોનો ઉલ્લેખ કરાયો છે?

**(A) કલમ-40** (B) કલમ-243 (C) કલમ-41 (D) કલમ-241

43. પંચાયતોએ કરવાનાં કામો માટે બંધારણમાં કઈ કલમ હેઠળ જોગવાઈ કરાઈ છે?
(A) કલમ-243 **(B) કલમ-243જી** (C) કલમ-243આઈ (D) કલમ-243ઝેડ

44. બંધારણની અનુસૂચિ-11નો અર્થ શું થાય છે?
(A) પંચાયતોએ જે કામો કરવાનાં છે તે માટેનાં નાણાં રાજ્ય સરકારે તેમને આપવાં જોઈએ.
**(B) યાદીમાં દર્શાવાયેલાં કામો રાજ્ય સરકારે નથી કરવાનાં, પણ પંચાયતોએ કરવાનાં છે.**
(C) પંચાયતોએ જે કાર્યો કરવાનાં છે તે માટેનાં નાણાં કેન્દ્ર સરકારે પંચાયતોને આપવાનાં છે.
(D) A અને B

45. ગામડાંના વહીવટનો વિષય બંધારણ હેઠળ કોને સોંપવામાં આવ્યો છે?
(A) કેન્દ્ર (B) કલેક્ટર **(C) રાજ્યો** (D) મામલતદાર

46. ભારતમાં આધુનિક સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનો પાયો કોણે નાખ્યો?
(A) લોર્ડ મેયો (B) લોર્ડ કર્ઝન **(C) લોર્ડ રિપન** (D) રોયલ કમિશન

47. ભારતમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના સિદ્ધાંતો નક્કી કરતો ઠરાવ ક્યારે થયો?
(A) 1992 (B) 1882 (C) 1915 **(D) 1907**

48. ભારત સરકારે સ્થાનિક સ્વશાસન અંગેના સિદ્ધાંતો નક્કી કરતો ઠરાવ ક્યારે કર્યો?
(A) 1882 (B) 1907 **(C) 1915** (D) 1917

49. 1917ના ભારત સરકાર ધારામાં કઈ જોગવાઈ કરાઈ હતી?
(A) સ્થાનિક સ્વરાજની સંસ્થાઓનો વિષય પ્રાંતીય સરકારોને સોંપવો.
(B) સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ માટે દરેક પ્રાંતમાં ચૂંટાયેલા મંત્રી હોય.
(C) સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ પોતાના માટે નાખી શકે તેવા વેરાની અલગ યાદી હોય.
**(D) ઉપરોક્ત તમામ**

50. 1907ના રોયલ કમિશને શાની ભલામણ કરી હતી?
**(A) ગ્રામ પંચાયતોના કાર્યક્ષેત્રને વિસ્તૃત બનાવવું.** (B) ગ્રામ પંચાયતોને જિલ્લા પંચાયતમાં ભેળવી દેવી.
(C) ગ્રામ પંચાયતોને તાલુકા પંચાયતમાં ભેળવી દેવી. (D) ગ્રામ પંચાયતોનાં કાર્યોને ખૂબ જ મર્યાદિત કરવાં.

51. ભારતમાં ત્રિ-સ્તરીય પંચાયતી રાજની ભલામણ કોણે કરી હતી?
(A) અશોક મહેતા સમિતિ **(B) બળવંતરાય મહેતા સમિતિ**
(C) ઝીણાભાઈ દરજી સમિતિ (D) રિખવદાસ શાહ સમિતિ

52. બળવંતરાય મહેતા સમિતિએ નીચેનાંમાંથી કઈ ભલામણ કરી હતી?
1. ગ્રામ વિસ્તારોમાં ત્રિસ્તરીય સ્થાનિક સરકાર હોવી જોઈએ.
2. તાલુકા પંચાયત આયોજન અને વિકાસનું એકમ બને.
3. જિલ્લા પંચાયત સંકલનકાર અને દેખરેખ રાખનારી સંસ્થા બને.
4. ગ્રામ પંચાયતની ચૂંટણી સીધી રીતે થાય.

ઉપરનાંમાંથી શું સાચું છે?
(A) 1, 3, 4 **(B) 1, 2, 3, 4** (C) 1, 3 (D) 2, 3

53. ગ્રામ વિસ્તારોમાં દ્વિસ્તરીય પંચાયતોની ભલામણ કઈ સમિતિએ કરી હતી?
**(A) અશોક મહેતા સમિતિ** (B) રિખવદાસ શાહ સમિતિ
(C) ઝીણાભાઈ દરજી સમિતિ (D) બળવંતરાય મહેતા સમિતિ

54. પંચાયતી રાજની સંસ્થાઓ માટે મતદાર યાદી ક્યારે તૈયાર કરવાની હોય છે?
**(A) પંચાયતની મુદત પૂરી થતી હોય તેના બે મહિના અગાઉ**

(B) પંચાયતની મુદત પૂરી થતી હોય તેના ચાર મહિના અગાઉ

(C) પંચાયતની મુદત પૂરી થતી હોય તેના છ મહિના અગાઉ

(D) પંચાયતની ચૂંટણીની તારીખ જાહેર થાય ત્યારે તે અગાઉ

55. પંચાયતો માટેની મતદાર યાદીમાં નામની નોંધણી માટે કયો કાયદો લાગુ પડે છે?

(A) ફોજદારી કાર્યવાહી અધિનિયમ **(B) લોક પ્રતિનિધિત્વ ધારો**

(C) ભારતીય દંડ સંહિતા (D) ગુજરાત પંચાયત ધારો-1993

56. અશોક મહેતા સમિતિએ તેના અહેવાલમાં પંચાયતી રાજનું મૂલ્યાંકન કરવા માટે કયાં વિધાનો કર્યાં હતાં?

1. ભારતમાં પંચાયતી રાજથી નાગરિકો તેમના અધિકારો પ્રત્યે જાગૃત બન્યા છે.
2. મહિલાઓના વિકાસમાં પંચાયતી રાજનો મહત્ત્વનો ફાળો છે.
3. પંચાયતી રાજે ગ્રામજનોમાં વિકાસ માટેનું માનસ ઊભું કર્યું.
4. પંચાયતી રાજે ભદ્ર વર્ગીય અમલદારો અને લોકો વચ્ચેની ખાઈ પૂરી.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 2, 3, 4 **(B) 1, 3, 4** (C) 1, 2, 4 (D) 1, 2, 3

57. નીચે આપેલાં વિધાનો વાંચો:

1. ત્રિ-સ્તરીય પંચાયતી રાજની સ્થાપના કરવી.
2. પંચાયતોને યોગ્ય સત્તાઓ અને જવાબદારીઓ સોંપવાં.
3. પંચાયતો તેમની જવાબદારીઓ નિભાવી શકે માટે તેમને પૂરતાં સંસાધનો તબદીલ કરવાં જોઈએ.
4. આર્થિક-સામાજિક વિકાસના તમામ કાર્યક્રમો પંચાયતો દ્વારા અમલી બનવા જોઈએ.

ઉપરોક્ત ભલામણો કઈ સમિતિ દ્વારા કરવામાં આવી હતી?

(A) અશોક મહિતા સમિતિ (B) જી. રામચંદ્રન સમિતિ

(C) વી. કે. આર. વી. રાવ સમિતિ **(D) બળવંતરાય મહેતા સમિતિ**

58. નીચે આપેલાં વિધાનો જુઓ:

1. દરેક જિલ્લામાં જિલ્લા પરિષદની રચના કરવી અને કલેક્ટર તેના મુખ્ય સચિવ તરીકે કામ કરે.
2. દરેક રાજ્યમાં એક વિધાન પરિષદ હોય કે જેમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાંથી ચૂંટાયેલા પ્રતિનિધિઓ હોય.
3. રાજ્ય નાણાં પંચો કેન્દ્રીય નાણાં પંચની ભલામણોને ધ્યાનમાં લે.
4. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને બંધારણ હેઠળ સોંપાયેલાં તમામ કામો સોંપવાં.

ઉપરોક્ત ભલામણો કોના દ્વારા કરવામાં આવી હતી?

(A) અશોક મહેતા સમિતિ (B) બળવંતરાય મહેતા સમિતિ

**(C) વહીવટી સુધારા પંચ** (D) ઉપરોક્તમાંથી એકેય નહિ

59. પંચાયતી રાજને મજબૂત કરવા માટે કોના સમયગાળા દરમ્યાન 64મો બંધારણ સુધારો સંસદમાં રજૂ થયો હતો?

(A) વી. પી. સિંહ **(B) રાજીવ ગાંધી**

(C) પી. વી. નરસિંહરાવ (D) ઈન્દરકુમાર ગુજરાલ

60. પંચાયતો માટેનો 64મો બંધારણ સુધારો લોકસભામાં ક્યારે દાખલ થયો હતો?

**(A) 1989** (B) 1988 (C) 1987 (D) 1985

61. પંચાયતો માટેનો 73મો બંધારણ સુધારો સંસદમાં કોની સરકાર દરમ્યાન દાખલ કરાયો હતો?

**(A) વી. પી. સિંહ** (B) પી. વી. નરસિંહરાવ

(C) રાજીવ ગાંધી (D) એચ. ડી. દેવગોવડા

62. 1986માં કોના અધ્યક્ષપદે પંચાયતી રાજ અંગેની સમિતિની રચના કરાઈ હતી?
(A) એલ. સી. જૈન (B) વીરપ્પા મોઈલી
**(C) એલ. એમ. સિંઘવી** (D) જી. વી. કે. રાવ

63. કઈ સમિતિની ભલામણને આધારે 73મો બંધારણ સુધારો કરીને પંચાયતોને બંધારણમાં સ્થાન અપાયું?
(A) અશોક મહેતા સમિતિ **(B) પી. કે. થુંગન સમિતિ**
(C) બળવંતરાય મહેતા સમિતિ (D) જી. વી. કે. રાવ સમિતિ

64. બંધારણની અનુસૂચિ-11 હેઠળનાં કેટલાં કામો પંચાયતોને સોંપાયાં હોવાનું ગુજરાત સરકારે કેન્દ્રને જણાવેલું છે?
(A) 29 (B) 25 (C) 10 **(D) 15**

65. બંધારણની અનુસૂચિ-11 હેઠળનાં કેટલાં કામો પંચાયતોને આંશિક રીતે સોંપાયાં હોવાનું ગુજરાત સરકારે કેન્દ્રને જણાવેલું છે?
(A) 10 (B) 15 **(C) 5** (D) 25

66. ગુજરાત પંચાયત ધારામાં કેટલી કલમો છે?
(A) 280 (B) 239 **(C) 279** (D) 270

67. પંચાયતી રાજનું ઉદ્‌ઘાટન કયા રાજ્યમાં થયું હતું?
(A) ગુજરાત (B) ઓરિસ્સા (C) કર્ણાટક **(D) રાજસ્થાન**

68. 73મા બંધારણ સુધારા અગાઉ પંચાયતોને સામાન્ય રીતે શું ગણવામાં આવતી હતી?
(A) સ્થાનિક સ્વશાસન માટેની સંસ્થાઓ **(B) સરકારી યોજનાઓનો અમલ કરનારી સંસ્થાઓ**
(C) કાનૂની રીતે ઘડાયેલી સ્વરાજ માટેની સંસ્થાઓ (D) ત્રીજા સ્તરની સરકારી સંસ્થાઓ

69. "આર્થિક, સામાજિક અને રાજકીય વૃદ્ધિમાં લોકોની ભાગીદારીની અસરકારક વાહક બને તે રીતે પંચાયતોની રચના થવી જોઈએ." - આ વિધાન કઈ સમિતિના અહેવાલનું છે?
**(A) અશોક મહેતા સમિતિ** (B) પી. કે. થુંગન સમિતિ
(C) રસિકલાલ પરીખ સમિતિ (D) બળવંતરાય મહેતા સમિતિ

70. છઠ્ઠા વહીવટી સુધારા પંચે પંચાયતી રાજ વિશે શી ભલામણ કરી?
**(A) કાર્યો અને સત્તાઓની સોંપણી સ્પષ્ટપણે પંચાયતોને કરવી.**
(B) બે સ્તરની જ પંચાયતો રાખવી.
(C) જિલ્લા અને તાલુકા પંચાયતોને પરસ્પર ભેળવી દેવી.
(D) ઉપરોક્ત તમામ

71. ગુજરાતના વિસ્તારોમાં પંચાયતી રાજ કાનૂની રીતે કયા કાયદાથી દાખલ થયું હતું?
**(A) મુંબઈ ગ્રામ પંચાયત ધારો - 1933** (B) ગુજરાત પંચાયત ધારો - 1961
(C) મુંબઈ ગ્રામ પંચાયત ધારો - 1963 (D) ગુજરાત પંચાયત ધારો - 1963

72. રાષ્ટ્રીય મોરચાની સરકારે 1989માં પંચાયતો અને પાલિકાઓ માટે કેટલામો સંયુક્ત બંધારણ સુધારા ખરડો રજૂ કર્યો હતો?
(A) 64 મો (B) 84 મો **(C) 74મો** (D) 73 મો

73. પંચાયતોને બંધારણીય દરજ્જો આપતો 64મો બંધારણ સુધારા ખરડો કેમ પસાર થયો નહોતો?
(A) લોકસભામાં તે પસાર થયો નહોતો.
(B) લોકસભામાં તે માત્ર સાદી બહુમતીથી પસાર થયો હતો.
**(C) રાજ્યસભામાં તે પસાર થયો નહોતો.**
(D) ઉપરનાંમાંથી એકેય નહિ.

74. "દરેક ગામ એક સંપૂર્ણ પ્રજાસત્તાક હોવું જોઈએ" - આ વિધાન કોનું છે?
(A) બળવંતરાય મહેતા **(B) મહાત્મા ગાંધી**
(C) જવાહરલાલ નેહરુ (D) સરદાર પટેલ

75. ગુજરાત પંચાયત ધારા-1961નો અમલ કયા જિલ્લામાં મોડો થયો હતો?
(A) કચ્છ (B) ડાંગ **(C) કચ્છ અને ડાંગ** (D) કચ્છ અને જામનગર

76. કચ્છ જિલ્લામાં ગુજરાત પંચાયત ધારા-1961નો અમલ ક્યારથી થયો હતો ?
(A) તા-1-4-1963 **(B) તા-15-4-1963**
(C) તા-1-4-1961 (D) તા-15-4-1961

77. ડાંગ જિલ્લામાં ગુજરાત પંચાયત ધારા-1961નો અમલ ક્યારથી થયો હતો?
**(A) 1-6-1972** (B) 15-4-1972 (C) 15-4-1963 (D) 1-6-1963

78. ગ્રામ પંચાયતનો ઠરાવ કે આદેશ કાયદા વિરુદ્ધનો હોય તો તેની સામે મનાઈ હુકમ આપવાની સત્તા કોની છે?
**(A) તાલુકા વિકાસ અધિકારી** (B) જિલ્લા વિકાસ અધિકારી
(C) તલાટી (D) મામલતદાર

79. નીચેનાં વિધાનો વાંચોઃ
1. પંચાયતોમાં મહિલાઓનું સાચું પ્રતિનિધિત્વ મોટે ભાગે નામનું જ છે અને પુરુષો જ શાસન કરે છે.
2. પંચાયતો પાસે નાણાકીય સંસાધનો ખૂબ જ છે અને તે રાજ્ય સરકાર પર આધારિત નથી.
3. ચૂંટાયેલા પ્રતિનિધિઓને પંચાયતી રાજ અંગે પૂરતી તાલીમ આપવામાં આવતી નથી.
4. પંચાયતોને નાણાકીય સ્વતંત્રતા નથી.

ભારતમાં પંચાયતી રાજના સંદર્ભમાં ઉપરનાંમાંથી કઈ સમસ્યાઓ પ્રવર્તે છે?
(A) 1, 2, 3 (B) 2, 3, 4 **(C) 1, 3, 4** (D) 2, 4

80. ભારતમાં પ્રાચીન કાળમાં ગ્રામ પંચાયતોનું અસ્તિત્વ હતું એવા ઉલ્લેખો કયા વેદમાંથી મળે છે?
(A) ઋગ્વેદ (B) સામવેદ (C) યજુર્વેદ અને ઋગ્વેદ **(D) ઋગ્વેદ અને અથર્વવેદ**

81. ભારતમાં ગ્રામ સમિતિઓનો વ્યવસ્થિત ધોરણે વિકાસ કયા કાળ દરમ્યાન થયો હતો?
**(A) ગુપ્ત યુગ** (B) મોગલ યુગ (C) વૈદિક યુગ (D) મહાભારત યુગ

82. ગુપ્ત યુગ દરમ્યાન ભારતમાં ગ્રામ સભાની કેટલી સમિતિઓ હોવાના ઉલ્લેખો મળે છે?
(A) સાત **(B) પાંચ** (C) ત્રણ (D) નવ

83. ગુપ્ત યુગ દરમ્યાન ગ્રામ સભાનાં કાર્યો કયાં હતાં?
(A) મહેસૂલ ભેગું કરવું. (B) મહેસૂલ ન ભરનારની જમીન જપ્ત કરવી.
(C) મંદિરોની મિલકતનો વહીવટ કરવો. **(D) ઉપરોક્ત તમામ**

84. ગુપ્ત યુગ દરમ્યાન ગ્રામ સભાનાં કાર્યો કયાં હતાં?
(A) શરાફી મંડળીઓ ચલાવવી. (B) બિન-ખેડાઉ જમીનને ખેતીસાધ્ય કરવી.
(C) પીવાના પાણીની વ્યવસ્થા કરવી. **(D) ઉપરોક્ત તમામ**

85. ગુપ્ત યુગ દરમ્યાન ગ્રામ સભાનાં કાર્યો કયાં હતાં?
(A) સિંચાઈનો પ્રબંધ કરવો. (B) રસ્તાઓ બાંધવા.
(C) જાહેર વિશ્રામસ્થાનો બાંધવાં. **(D) ઉપરોક્ત તમામ**

86. ગુપ્ત યુગ દરમ્યાન ગ્રામ સભાની આવકનાં સાધનો કયાં હતાં?
(A) દાન (B) ગુનેગારો પરનો દંડ
(C) સ્થાનિક કરવેરા **(D) ઉપરોક્ત તમામ**

87. ગુપ્ત યુગ દરમ્યાન ગ્રામ સભાનાં કાર્યો કયાં હતાં?
(A) જમીન ખરીદવી અને વેચવી. (B) મહેસૂલીમાં માફી કે સહાય મેળવવી.
(C) ઝઘડાઓનું નિવારણ કરવું. **(D) ઉપરોક્ત તમામ**

88. મધ્ય યુગમાં કર્ણાટકના ગામડાંમાં કઈ સંસ્થાઓ કામ કરતી હતી?

(A) ગ્રામ સભા (B) ગ્રામ સમિતિ (C) ગ્રામ ન્યાયાલય **(D) A અને B બંને**

89. સાતમી સદીમાં કામ કરતી ગ્રામ પંચાયતો અંગેનું લખાણ હાલના ક્યા રાજ્યમાંથી મળ્યું છે?

(A) ગુજરાત (B) ઓરિસ્સા **(C) રાજસ્થાન** (D) આસામ

90. ગ્રામ વિસ્તારોમાં સ્થાનિક સ્વશાસન સ્થાપવાનો લોર્ડ મેયોનો ઠરાવ ક્યારે પસાર થયો હતો?

(A) 1850 (B) 1857 (C) 1860 **(D) 1870**

91. મદ્રાસ, બંગાળ, પંજાબ અને સંયુક્ત પ્રાંતે ગ્રામ વિસ્તારોમાં સ્થાનિક સંસ્થાઓ સ્થાપવાના કાયદા ક્યારે પસાર કર્યા?

**(A) 1871** (B) 1867 (C) 1857 (D) 1881

92. ભારતમાં આધુનિક પંચાયતી રાજનો મજબૂત પાયો કોણે નાખ્યો?

(A) લોર્ડ મેયો **(B) લોર્ડ રિપન** (C) રોબર્ટ ક્લાઈવ (D) લોર્ડ કર્ઝન

93. લોર્ડ રિપને ક્યારે ગ્રામ વિસ્તારોમાં સ્થાનિક સ્વશાસન અંગેનો ઠરાવ પસાર કર્યો?

(A) 1857 **(B) 1882** (C) 1885 (D) 1832

94. લોર્ડ રિપનના ઠરાવમાં સ્થાનિક સ્વશાસન અંગે કયા મુદ્દાઓનો સમાવેશ થયો હતો?

(A) સ્થાનિક સંસ્થાઓમાં સરકારી સભ્યોની સંખ્યા ઘટાડવી. (B) બોર્ડના સભ્યોની ચૂંટણી લોકો કરે.

(C) તાલુકામાં લોકલ બોર્ડની સ્થાપના કરવી. **(D) ઉપરોક્ત તમામ**

95. ભારતમાં આધુનિક પંચાયતી રાજના પિતા તરીકે કોને ઓળખવામાં આવે છે?

**(A) લોર્ડ રિપન** (B) લોર્ડ કર્ઝન (C) રોબર્ટ ક્લાઈવ (D) વોરન હેસ્ટિંગ્સ

96. બોમ્બે વિલેજ સેનિટેશન એક્ટ ક્યારે પસાર થયો?

(A) 1879 (B) 1869 **(C) 1889** (D) 1899

97. જિલ્લા બોર્ડ અને તાલુકા બોર્ડની સ્થાપના કરનારો બોમ્બે લોકલ બોર્ડ ધારો ક્યારે પસાર થયો?

(A) 1864 **(B) 1884** (C) 1869 (D) 1857

98. નીચેનાંમાંથી કયાં વિધાનો સાચાં છે?

1. લોર્ડ રિપનના ઠરાવમાં ગ્રામ પંચાયતોની સ્થાપના માટે જોગવાઈ કરવામાં આવી.
2. અંગ્રેજ સરકારે 1907માં વિકેન્દ્રીકરણ માટે રોયલ કમિશનની નિમણૂક કરી.
3. 1889ના બોમ્બે વિલેજ સેનિટેશન એક્ટ હેઠળ સફાઈ સમિતિ અને સફાઈ બોર્ડની રચના ગામમાં કરવાની હતી.
4. સ્થાનિક સ્વશાસનની શરૂઆત ભારતમાં અંગ્રેજોએ ગ્રામ પંચાયતોની સ્થાપના માટે કાયદા ઘડીને કરી.

**(A) 2, 3** (B) 1, 4 (C) 1, 2, 3 (D) 1, 3, 4

99. 1907માં નિમાયેલા રોયલ કમિશને તેના અહેવાલમાં શાની ભલામણ કરી હતી?

(A) ગ્રામ પંચાયતોને ન્યાયિક સત્તાઓ સોંપવી. (B) ગામના બજારનો વહીવટ ગ્રામ પંચાયત કરે.

(C) ગામનાં કૂવા અને તળાવોનું બાંધકામ ગ્રામ પંચાયત કરે. **(D) ઉપરોક્ત તમામ**

100. અંગ્રેજ શાસન કાળ દરમ્યાન ભારતમાં સ્થાનિક સ્વશાસન અંગેના સિદ્ધાંતો નક્કી કરતો ઠરાવ ક્યારે પસાર થયો?

(A) 1905 (B) 1925 **(C) 1915** (D) 1935

101. 1917ના ભારત સરકાર ધારામાં પંચાયતી રાજ અંગે કઈ મહત્ત્વની જોગવાઈ હતી?

(A) સ્થાનિક સ્વરાજની સંસ્થાનો વિષય પ્રાંતીય સરકારોને સોંપવો.

(B) જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોને કરવેરા નાખવાની સત્તા ન આપવી પણ પ્રાંતીય સરકારોને આપવી.

(C) સ્થાનિક સંસ્થાઓના કરવા અંગે અલગ અનુસૂચિ આપવી.

**(D) A અને C**

102. શાને આધારે ભારતમાં અંગ્રેજ શાસનકાળ દરમ્યાન પ્રાંતોએ ગ્રામ પંચાયતોની સ્થાપના અંગે કાયદા ઘડ્યા?

(A) લૉર્ડ રિપનનો ઠરાવ **(B) 1917નો ભારત સરકાર ધારો**

(C) 1907ના રોયલ કમિશનની ભલામણો (D) 1935નો ભારત સરકાર ધારો

103. બળવંતરાય મહેતા સમિતિની ભલામણોમાં નીચેનાંમાંથી શાનો સમાવેશ થાય છે?

1. ગ્રામ વિસ્તારોમાં ત્રિસ્તરીય પંચાયતોની સ્થાપના કરવી.
2. તાલુકા પંચાયતને આયોજન અને વિકાસનું એકમ બનાવવી.
3. જિલ્લા પંચાયત તાલુકા પંચાયતોનાં બજેટ મંજૂર કરે.
4. ગ્રામ પંચાયતોનાં બજેટ જિલ્લા પંચાયત મંજૂર કરે.

**(A) 1, 2, 3** (B) 1, 2 (C) 2, 3, 4 (D) 2, 4

104. બળવંતરાય મહેતા સમિતિએ કઈ ભલામણો કરી હતી?

1. જિલ્લા પંચાયત સંકલન કરનારી સંસ્થા બને.
2. ગ્રામ પંચાયતની સીધી ચૂંટણી થાય.
3. ગ્રામ પંચાયત, નગરપાલિકા અને સહકારી મંડળીઓના સભ્યોમાંથી તાલુકા પંચાયત બને.
4. જિલ્લા પંચાયતના અધ્યક્ષપદે કલેક્ટર રહે.

(A) 2, 3, 4 **(B) 1, 2, 3** (C) 1, 3, 4 (D) 1, 2, 3, 4

105. 'પંચાયતી રાજ' જેવો શબ્દપ્રયોગ કોણે સૌ પ્રથમ પ્રચલિત કર્યો હતો?

(A) મહાત્મા ગાંધી (B) સરદાર પટેલ

**(C) જવાહરલાલ નેહરુ** (D) ભીમરાવ આંબેડકર

106. અશોક મહેતા સમિતિની રચના પંચાયતી રાજના વિષય માટે થઈ ત્યારે વડા પ્રધાન કોણ હતું?

(A) ઇંદિરા ગાંધી **(B) મોરારજી દેસાઈ**

(C) લાલબહાદુર શાસ્ત્રી (D) પી. વી. નરસિંહરાવ

107. અશોક મહેતા સમિતિએ નીચેનાંમાંથી કઈ ભલામણો કરી હતી?

1. ન્યાય પંચાયતોનું નવનિર્માણ કરવું.
2. નિયત સમયાંતરે પંચાયતોની ચૂંટણી થાય.
3. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને બંધારણીય દરજ્જો આપવો.
4. સામાજિક ઑડિટની વ્યવસ્થા કરવી.

**(A) 1, 2, 3, 4** (B) 1, 4 (C) 2, 4 (D) 3, 4

108. 64મા બંધારણ સુધારામાં પંચાયતો માટે કઈ જોગવાઈઓ હતી?

1. મહિલાઓ માટે 33 ટકા અનામત.
2. પંચાયતોની ચૂંટણીનું સંચાલન ભારતનું ચૂંટણી પંચ કરે.
3. પંચાયતોનું ઑડિટ 'કેગ' કરે.
4. પંચાયતોની મુદત 5 વર્ષની હોય.

(A) 1, 3, 4 (B) 2, 4 (C) 2, 3, 4 (D) 1, 4

109. અશોક મહેતા સમિતિએ નીચેનાંમાંથી કઈ ભલામણો કરી હતી?

1. પંચાયતોને બંધારણીય સંસ્થા બનાવવી.
2. જિલ્લામાં ચાલતી તમામ વિકાસ પ્રવૃત્તિઓ જિલ્લા પંચાયતને [illegible]
3. પંચાયતોને સુપરસીડ કરવી હોય તો વિધાનસભાનો મત [illegible]
4. જિલ્લા પંચાયતના અધ્યક્ષપદે બિન-સરકારી વ્યક્તિ હોય.

**(A) 1, 2, 3, 4** (B) 1, 4 (C) 2, 4 (D) 3, 4

110. 64મો બંધારણ સુધારા ખરડો ફરી વખત ક્યારે સંસદમાં રજૂ થયો હતો?

(A) 1989 **(B) 1990** (C) 1991 (D) 1985

111. 73મા બંધારણ સુધારા અનુસાર વિધાનસભાઓ કઈ બાબતો અંગે નિર્ણય લઈ શકે છે?

1. ગ્રામ સભાની સત્તાઓ અને ફરજો.
2. સરપંચને તાલુકા પંચાયતમાં સભ્ય બનાવવા કે નહિ.
3. અન્ય પછાત વર્ગો માટેની અનામત.
4. સરપંચની ચૂંટણીની પદ્ધતિ.

(A) 1, 2, 3 **(B) 1, 2, 3, 4** (C) 2 અને 4 (D) 1 અને 3

112. 73મા બંધારણ સુધારા મુજબ વિધાનસભાઓ કઈ બાબતો અંગે નિર્ણય લઈ શકે છે?

1. અનામત બેઠકો ફરતી રાખવી કે નહિ.
2. રાજ્ય નાણાં પંચના સભ્યોની નિમણૂક અને લાયકાતો.
3. રાજ્ય નાણાં પંચની રચના કરવી કે નહિ.
4. પંચાયતોની મુદત

(A) 2, 4 (B) 1, 4 (C) 3, 4 **(D) 1, 2**

113. ભારતમાં કેટલાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં દ્વિસ્તરીય પંચાયતી રાજ છે?

**(A) 9** (B) 8 (C) 7 (D) 10

114. 2014માં ગુજરાત પંચાયત ધારામાં કયો સુધારો થયો?

1. ગ્રામ પંચાયતના સભ્યોની સંખ્યા વધારવામાં આવી.
2. તાલુકા પંચાયતના સભ્યોની સંખ્યા વધારાઈ.
3. જિલ્લા પંચાયતના સભ્યોની સંખ્યા વધારાઈ.
4. મતદાન ફરજિયાત કરાવું.

ઉપરનામાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3, 4** (B) 1, 2, 3 (C) 1, 4 (D) 1, 2, 4

115. 2014માં ગુજરાત પંચાયત ધારામાં સુધારો કરીને તાલુકા પંચાયતમાં લઘુતમ સભ્ય સંખ્યા કેટલી કરાઈ?

(A) 14 **(B) 16** (C) 22 (D) 20

116. 2014માં ગુજરાત પંચાયત ધારામાં સુધારો કરીને જિલ્લા પંચાયતમાં લઘુતમ સભ્ય સંખ્યા કેટલી કરાઈ?

(A) 32 (B) 30 (C) 22 **(D) 18**

117. 2014માં ગુજરાત પંચાયત ધારામાં સુધારો કરીને ગ્રામ પંચાયતમાં લઘુતમ સભ્ય સંખ્યા કેટલી કરવામાં આવી?

(A) 12 **(B) 8** (C) 10 (D) 14

118. ગુજરાત પંચાયત ધારામાં 2014માં કરાયેલા સુધારા અનુસાર કેટલી વસ્તી સુધી ગ્રામ પંચાયતની રચના થશે?

(A) 15,000 (B) 30,000 **(C) 25,000** (D) 10,000

119. ગુજરાત પંચાયત ધારામાં 2014માં સુધારો કરીને મહિલાઓ માટે અનામતનું પ્રમાણ ત્રણેય સ્તરની પંચાયતોમાં કેટલું કરાયું?

(A) 33% **(B) 50%**

(C) મહિલાઓની વસ્તી પ્રમાણે (D) ઉપરનામાંથી એક પણ નહિ

## 19.2 ગ્રામ પંચાયત

1. 2001માં નિમાયેલા આયોજન પંચના કાર્ય દળે ગ્રામ પંચાયત માટે શી ભલામણ કરી હતી?
   1. અત્યાચારના કેસની નોંધણી થાય અને ઝડપી તપાસ થાય તે માટે પંચાયતે પુરાવા એકત્ર કરવા.
   2. બાળકો અધવચ્ચે શાળા છોડી ના દે તે માટે તેણે ગ્રામ સભા જાગૃતિ કાર્યક્રમ હાથ ધરવો.
   3. ગ્રામ પંચાયતે અત્યાચારો અંગે સક્ષમ સત્તાવાળાને અહેવાલ આપવો.
   4. બાળકોના શૈક્ષણિક વિકાસના તમામ કાર્યક્રમોમાં ગ્રામ પંચાયતની સક્રિય સામેલગીરી ઊભી કરવી.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   **(A) 1, 2, 3 અને 4** (B) 1 અને 4 (C) 3 અને 4 (D) 2 અને 4
2. ગુજરાત પંચાયત ધારા-1993 અનુસાર ગ્રામ પંચાયતોને કેટલાં કામો સોંપવામાં આવ્યાં છે?

   (A) 111 (B) 221 **(C) 112** (D) 102
3. ગ્રામ પંચાયતે દરેક નાણાકીય વર્ષ માટે ક્યારે અંદાજપત્ર તૈયાર કરવાનું હોય છે?

   **(A) 15મી ડિસેમ્બર સુધી** (B) 1, જાન્યુઆરી સુધી
   (C) 31મી ડિસેમ્બર સુધી (D) 15, જાન્યુઆરી સુધી
4. ગ્રામ પંચાયતનું અંદાજપત્ર કેવું હોવું જરૂરી છે?

   **(A) આવકની 10 ટકા રકમ સિલક રહે તેવું** (B) ખાધવાળું
   (C) આવકની 5 ટકા રકમ જેટલી ખાધવાળું. (D) ઉપરનાંમાંથી એકેય નહિ.
5. ગ્રામ પંચાયતનું અંદાજપત્ર કોણ ચકાસે છે?

   (A) જિલ્લા આયોજન મંડળ (B) જિલ્લા આયોજન સમિતિ
   **(C) તાલુકા પંચાયત** (D) જિલ્લા પંચાયત
6. ગ્રામ પંચાયતે મોડામાં મોડું ક્યાં સુધીમાં પોતાનું અંદાજપત્ર મંજૂર કરવું પડે છે?

   **(A) 31મી માર્ચ** (B) 31મી જાન્યુઆરી સુધીમાં
   (C) 28મી ફેબ્રુઆરી સુધીમાં (D) 30મી એપ્રિલ સુધીમાં
7. જો 31મી માર્ચ સુધીમાં ગ્રામ પંચાયત અંદાજપત્ર મંજૂર ના કરે તો શું થાય?

   (A) સરપંચ બરતરફ થાય. (B) ગ્રામ પંચાયત બરતરફ થાય.
   (C) તલાટી બરતરફ થાય. (D) સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ બરતરફ થાય.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 1, 2, 3, 4 **(B) 1, 2** (C) 1, 2, 3 (D) 1, 3
8. નીચેનાં વિધાનોમાંથી કયાં વિધાનો ખોટાં છે?
   1. ગ્રામ પંચાયત સુધારેલું અંદાજપત્ર રજૂ કરી શકે છે.
   2. સરપંચે ગુજરાત પંચાયત ધારા-1993ની કલમ-55 અનુસાર કાયદાની જોગવાઈઓનો અમલ કરવાનો છે.
   3. ગ્રામ પંચાયતે જિલ્લા પંચાયતને અંદાજપત્ર મોકલવાનું હોય છે.
   4. ગ્રામ પંચાયતે પૂરક અંદાજપત્ર 31, ઑગસ્ટ સુધીમાં રજૂ કરવું પડે છે.

   (A) 1, 3 (B) 2, 4 **(C) 3, 4** (D) 1, 2
9. ગ્રામ પંચાયત દોષિત ઠરે તો તેને કોણ બરખાસ્ત કરી શકે છે?

   **(A) રાજ્ય સરકાર** (B) તાલુકા વિકાસ અધિકારી
   (C) જિલ્લા વિકાસ અધિકારી (D) કલેક્ટર

10. નીચેનામાંથી કયા વિધાન [illegible] માટે સાચા છે?

1. ગ્રામ પંચાયત [illegible]
2. ગ્રામ પંચાયતને [illegible] માંથી મુક્ત નથી.
3. ગ્રામ પંચાયતને [illegible] અનુદાન મળે છે.
4. પ્રથમ રાજ્ય [illegible] ગ્રામ પંચાયત માટે [illegible] કરવાની ભલામણ કરી હતી.

(A) 1, 2 (B) 3, 4 (C) 2, 4 (D) 1, 3

11. જો કોઈ [illegible] કોણ કરે છે?

(A) કલેક્ટર (B) [illegible] (C) ગ્રામ પંચાયત (D) તાલુકા વિકાસ અધિકારી

12. ગ્રામ ફંડ વિશે નીચે કેટલાક વિધાનો આપ્યા છે:

1. ગ્રામ ફંડમાં ગ્રામ પંચાયતની [illegible] થાય.
2. ગ્રામ ફંડમાં ગ્રામ પંચાયત [illegible] થાય.
3. ગ્રામ ફંડ એ તાલુકા પંચાયતનું [illegible] છે.
4. ગ્રામ ફંડમાંથી [illegible] ગ્રામ પંચાયત [illegible] શકે નહિ.

ઉપરનામાંથી કયાં વિધાનો [illegible]?

(A) 2, 4 (B) [illegible] (C) [illegible] 3, 4 (D) 1, 4

13. ગામની વિકાસ યોજના વિશે નીચે કેટલાક વિધાનો આપ્યા છે:

1. ગ્રામ પંચાયતે દર વર્ષે ગામ માટેની [illegible] યોજના તૈયાર કરવાની હોય છે.
2. ગામની વિકાસ યોજનામાં ગ્રામ પંચાયતે આર્થિક વિકાસ અને સામાજિક ન્યાય માટેની યોજનાનો સમાવેશ કરવાનો હોય છે.
3. ગ્રામ પંચાયતે [illegible] આર્થિક આયોજન કરીને ગામની વિકાસ યોજના તૈયાર કરવાની હોતી નથી.
4. તાલુકા પંચાયતે ગ્રામ પંચાયતની વાર્ષિક વિકાસ યોજનાને મંજૂરી આપવાની હોતી નથી.

ઉપરનામાંથી કયાં વિધાનો [illegible] નથી?

(A) [illegible] 4 (B) [illegible] 4 (C) 1, 3, 4 (D) [illegible]

14. નીચેનાં વિધાનો જુઓ:

1. રાજ્ય સરકાર [illegible] શરતોને અધીન ગ્રામ પંચાયતોને [illegible] શકે છે.
2. તાલુકા અને જિલ્લા [illegible] ગ્રામ પંચાયતને [illegible]
3. રાજ્ય સરકાર [illegible] ગ્રામ પંચાયત [illegible] કરી શકે નહિ.
4. રાજ્ય સરકાર [illegible] ગ્રામ પંચાયતને [illegible]

ઉપરનામાંથી કયાં વિધાનો [illegible]?

(A) 3 અને 4 (B) [illegible] (C) 2 અને 3 (D) 2 અને 4

15. ગ્રામ પંચાયતમાં [illegible]

(A) 3000ની વસ્તી સુધી [illegible] 2 સભ્યો
(B) 5000ની વસ્તી સુધી [illegible] 2 સભ્યો
(C) [illegible] સભ્યો
(D) [illegible] 15 સભ્યો

16. નીચેનામાંથી [illegible] ગ્રામ પંચાયતને [illegible] છે?

(A) જિલ્લા [illegible] (B) જિલ્લા વિકાસ [illegible]
(C) જિલ્લા [illegible] (D) [illegible]

17. ગ્રામ પંચાયતની મિલકતમાં શાનો સમાવેશ થાય છે?

(A) રાજ્ય સરકારે સોંપેલી જમીનો
(B) તાલુકા પંચાયતે તબદીલ કરેલી મિલકત
(C) જિલ્લા પંચાયતે તબદીલ કરેલી મિલકત
**(D) ઉપરોક્ત ત્રણેય**

18. ગ્રામ પંચાયતના વાર્ષિક વહીવટી અહેવાલ વિશે નીચે કેટલાંક વિધાનો આપ્યાં છે:

1. તલાટીએ ગ્રામ પંચાયતના વહીવટનો વાર્ષિક અહેવાલ તૈયાર કરવાનો હોય છે.
2. વાર્ષિક વહીવટી અહેવાલને ગ્રામ પંચાયત મંજૂરી આપે છે.
3. ગ્રામ પંચાયતે પોતાનો વાર્ષિક વહીવટી અહેવાલ રાજ્ય સરકારને મોકલવાનો હોય છે.
4. વાર્ષિક વહીવટી અહેવાલ ગ્રામ પંચાયતે દર વર્ષે 31મી માર્ચ સુધીમાં જિલ્લા પંચાયતને મોકલવાનો હોય છે.

ઉપરનાંમાંથી કયાં વિધાનો સાચાં છે?

**(A) 1, 2** (B) 3, 4 (C) 2, 4 (D) 2, 3

19. ગ્રામ પંચાયતના ગામ ફંડમાં કઈ રકમો જમા થાય છે?

1. પંચાયતે નાખેલી ફીની આવક
2. પંચાયતે નાખેલા વેરાની આવક
3. રાજ્ય સરકારે ગામ ફંડ માટે આપેલી રકમ
4. જિલ્લા પંચાયતે ગામ ફંડ માટે આપેલી રકમ

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2 (B) 3, 4 **(C) 1, 2, 3, 4** (D) 2, 4

20. ગ્રામ પંચાયતની સામાજિક ન્યાય સમિતિનાં કામો કયાં છે?

1. ગ્રામ પંચાયતના અંદાજપત્રને મંજૂરી આપવી.
2. સમાજના નબળા વર્ગોના કલ્યાણ માટે આર્થિક અને સામાજિક ક્ષેત્રે સહકારી પ્રવૃત્તિઓનું સંચાલન કરવું
3. સમાજના નબળા વર્ગો માટે ગ્રામ ગૃહનિર્માણ યોજનાને ઉત્તેજન આપવું.
4. નશાબંધીનો પ્રચાર કરવો.

**(A) 2, 3, 4** (B) 2, 3 (C) 1, 2 (D) 1, 4

21. નીચેનાંમાંથી કયાં વિધાનો સાચાં છે?

1. તાલુકા પંચાયત દરેક ગ્રામ પંચાયતનું અંદાજપત્ર ચકાસે છે.
2. નાણાકીય વર્ષમાં ગમે ત્યારે ગ્રામ પંચાયત પોતાનું અંદાજપત્ર સુધારી શકે છે.
3. અંદાજપત્રમાં જોગવાઈ ન થઈ હોય તેવી બાબતનું ખર્ચ ગ્રામ પંચાયત કરી શકે નહિ.
4. ગ્રામ પંચાયત 31 માર્ચ પહેલાં બજેટ મંજૂર ના કરે તો તે દોષિત ઠરે.

(A) 1, 4 **(B) 1, 2, 3, 4** (C) 2, 3, 4 (D) [illegible], 4

22. ગ્રામ પંચાયતના ગામ ફંડમાં કઈ રકમ જમા થાય છે?

1. પંચાયતે નાખેલા ઉપકરની રકમ
2. ઢોરના ડબ્બાની ફી
3. પંચાયતે લીધેલી લોન
4. પંચાયતે જમીનની ખરીદી માટે ઉઘરાવેલો ફાળો

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2 (B) 2, 4 **(C) 1, 2, 3, 4** (D) 3, 4

23. ગ્રામ પંચાયતના ગામ ફંડમાં કઈ રકમો જમા થાય?

(A) અદાલત હુકમ કરે તે રકમ
(B) અદાલત વળતર તરીકે આપેલી રકમ
(C) ગ્રામ પંચાયતે નાખેલા વેરાની આવક
**(D) ઉપરોક્ત ત્રણેય**

24. ગ્રામ પંચાયતના ગામ ફંડમાં કઈ રકમ જમા થાય?
(A) ગ્રામ પંચાયતને સોંપાયેલા વેરાની આવક (B) પંચાયતની કોઈ પણ મિલકતની આવક
(C) પંચાયતે લીધેલી લોન **(D) ઉપરોક્ત ત્રણેય**

25. ગ્રામ પંચાયતના અંદાજપત્રમાં કયા ખર્ચના અંદાજો મૂકવા જરૂરી છે?
(A) લોન પરનું વ્યાજ (B) કર્મચારીઓના પગાર
(C) કેળવણી માટેનું ખર્ચ **(D) ઉપરોક્ત ત્રણેય**

26. ગ્રામ પંચાયતના અંદાજપત્રમાં કઈ વિગતો હોય?
1. આગામી વર્ષના આવક-ખર્ચના અંદાજો
2. વીતેલા વર્ષના આવક-ખર્ચના સુધારેલા અંદાજો
3. આગામી બે વર્ષની યોજનાઓ અને તેના ખર્ચના અંદાજો
4. ચાલુ વર્ષના આવક-ખર્ચના સુધારેલા અંદાજો
ઉપરનાંમાંથી શું સાચું છે?
**(A) 1, 4** (B) 1, 2 (C) 2, 4 (D) 2, 3

27. ગ્રામ પંચાયતની રચના માટે નીચેનાં વિધાનો જુઓ:
1. 3,000 સુધીની વસ્તી માટે ગ્રામ પંચાયત 8 સભ્યોની હોય.
2. 25,000 સુધીની વસ્તી માટે ગ્રામ પંચાયત 8 સભ્યોની હોય.
3. 3,000 સુધીની વસ્તી માટે ગ્રામ પંચાયત 8 સભ્યોની હોય અને પછી દર ત્રણ હજારની વસ્તી દીઠ 2 સભ્યો ઉમેરાય.
4. ગ્રામ પંચાયત 25,000ની વસ્તી સુધીના ગામ માટે રચાય.
ઉપરનાંમાંથી કયાં વિધાનો સાચાં છે?
**(A) 1, 3, 4** (B) 2, 4 (C) 1, 2, 4 (D) 1, 3

28. જાહેર રસ્તા અને ખુલ્લી જગ્યાઓ ઉપરનાં નડતર અને દબાણો દૂર કરવાની સત્તા કોને છે?
(A) કલેક્ટર **(B) ગ્રામ પંચાયત** (C) તાલુકા પંચાયત (D) મામલતદાર

29. કઈ નિધિમાં ગ્રામ પંચાયતે ફાળો આપવાનો હોય છે?
(A) જિલ્લા સમકારી વિધિ **(B) જિલ્લા વિકાસ નિધિ**
(C) રાજ્ય સમકારી નિધિ (D) સામાજિક ન્યાય નિધિ

30. ગ્રામ પંચાયતે જમીન મહેસૂલની કુલ આવકની કેટલા ટકા રકમની શિક્ષણ માટે જોગવાઈ કરવી જરૂરી છે?
(A) 15 ટકા **(B) 5 ટકા** (C) 20 ટકા (D) 10 ટકા

31. જૂથ ગ્રામ પંચાયતના કિસ્સામાં કેટલી મહેસૂલી ગ્રાન્ટ દરેક ગામ માટે વાપરવી જરૂરી છે?
(A) 15 ટકા (B) 25 ટકા **(C) 75 ટકા** (D) 85 ટકા

32. ગ્રામ પંચાયતના અંદાજપત્ર માટે કોણે ઠરાવ કરવો જરૂરી છે?
**(A) ગ્રામ પંચાયત** (B) ગ્રામ સભા (C) તાલુકા પંચાયત (D) તલાટી

33. ગ્રામ પંચાયતના બજેટમાં આવકના કેટલા ટકા બચત જરૂરી છે?
**(A) 10 ટકા** (B) 15 ટકા (C) 20 ટકા (D) 21 ટકા

34. ગ્રામ પંચાયતના બજેટમાં કુલ મહેસૂલી આવકના કેટલા ટકા જોગવાઈ ખેતીવાડી માટે કરવી જરૂરી છે?
(A) 5 ટકા (B) 20 ટકા **(C) 15 ટકા** (D) 10 ટકા

35. ગુજરાત સરકારે ગ્રામ પંચાયત માટે કેટલા વેરા ઉઘરાવવાનું ફરજિયાત ઠરાવ્યું છે?
(A) 17 (B) 7 (C) 10 **(D) 3**

36. ગ્રામ પંચાયતના બજેટમાં વહીવટી ખર્ચનું પ્રમાણ વધુમાં વધુ કેટલું હોવું જોઈએ?

(A) 5 ટકાથી 10 ટકા (B) 10 ટકાથી 15 ટકા

(C) 50 ટકાથી 60 ટકા **(D) 20 ટકાથી 25 ટકા**

37. ગ્રામ પંચાયતના બજેટમાં કુલ મહેસૂલી આવકની કેટલી રકમ ગ્રામ રક્ષક દળ માટે ખર્ચાવી જરૂરી છે?

(A) 15 ટકા (B) 10 ટકા **(C) 5 ટકા** (D) 20 ટકા

38. ગ્રામ પંચાયતનું બજેટ કોણ ચકાસે છે?

(A) જિલ્લા વિકાસ અધિકારી **(B) તાલુકા વિકાસ અધિકારી**

(C) કલેક્ટર (D) મામલતદાર

39. જમીન મહેસૂલની વસૂલાતમાંથી કઈ નિધિઓની સ્થાપના કરાઈ છે?

1. રાજ્ય સમકારી નિધિ
2. જિલ્લા સમકારી નિધિ
3. સામાજિક ન્યાય નિધિ
4. જિલ્લા ગ્રામોત્તેજન નિધિ

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 2, 3, 4 (B) 1, 3, 4 **(C) 1, 2, 4** (D) 2, 4

40. ગ્રામ વન ઊભું કરવા માટે કોણે ઠરાવ કરવાનો હોય છે?

(A) તાલુકા પંચાયત **(B) ગ્રામ પંચાયત** (C) જિલ્લા પંચાયત (D) ગ્રામ સભા

41. ગ્રામ પંચાયતના વિસ્તારમાં ગ્રામ વન ઊભું કરવા માટે કલેક્ટર કેટલી જમીનની મર્યાદામાં મંજૂરી આપી શકે છે?

(A) 4 એકર **(B) 4 હેક્ટર** (C) 40 હેક્ટર (D) 40 એકર

42. ગ્રામ વનની ચોખ્ખી ઊપજની કેટલી રકમ સીધી ગ્રામ પંચાયતમાં જમા થાય છે?

(A) 60 ટકા (B) 25 ટકા (C) 40 ટકા **(D) 75 ટકા**

43. તલાટીની હિસાબી કામગીરીમાં કઈ બાબતનો સમાવેશ થાય છે?

(A) પંચાયતનો સામાન્ય રોજમેળ દરરોજ લખવો.

(B) ઓડિટ નોંધ અનુસાર હિસાબી સુધારા કરવા.

(C) પંચાયતનું અંદાજપત્ર સમયસર તૈયાર કરવું અને મંજૂર કરાવવું.

**(D) A, B અને C**

44. નીચેનાંમાંથી કયાં વિધાનો ખોટાં છે?

1. ગ્રામ પંચાયતનું ઓડિટ પૂરું થાય પછી બે માસમાં ઓડિટની નોંધની નકલ ગ્રામ પંચાયતને મોકલવામાં આવે છે.
2. ગ્રામ પંચાયતનું ઓડિટ પૂરું થાય પછી એક માસમાં ઓડિટ નોંધની નકલ તાલુકા પંચાયતને મોકલવામાં આવે છે.
3. ઓડિટ નોંધ મળે પછી ગ્રામ પંચાયતે ખામીઓ સુધારવાની હોય છે.
4. ઓડિટ નોંધ મુજબ ખામીઓ સુધારી છે એવી નોંધ ગ્રામ પંચાયતે જિલ્લાના કલેક્ટરને મોકલવી જરૂરી છે.

(A) 2, 4 (B) 1, 3 **(C) 1, 4** (D) 2, 3

45. ગ્રામ પંચાયત જમીન મહેસૂલ પર કેટલા પ્રમાણમાં સેસ નાખી શકે છે?

(A) 15 ટકા **(B) 25 ટકા** (C) 35 ટકા (D) 50 ટકા

46. ગામ ફંડમાં કઈ રકમ જમા થઈ શકે છે?

(A) ગ્રામ પંચાયતે લીધેલી લોન (B) પંચાયતે નાખેલા ઉપકરની રકમ

(C) રાજ્ય સરકાર કોઈ વેરામાંથી ફાળો આપે તે રકમ **(D) ઉપરોક્ત તમામ**

47. ગ્રામ પંચાયતનાં કામોમાં કયાં ક્ષેત્રોનો સમાવેશ થાય છે?
(A) સ્વાસ્થ્ય અને સફાઈ (B) જાહેર બાંધકામ (C) શિક્ષણ અને સંસ્કાર **(D) ઉપરોક્ત તમામ**

48. ગુજરાત પંચાયત ધારા-1993 અનુસાર જમીન મહેસૂલની વસૂલાત કરવાનું કામ કોણ કરે છે?
(A) કલેક્ટર **(B) ગ્રામ પંચાયત** (C) મામલતદાર (D) તાલુકા પંચાયત

49. કઈ વ્યક્તિ પંચાયતની સભ્ય થઈ શકે નહિ?
1. નાગરિક હક રક્ષણ ધારા-1955 હેઠળ દોષિત વ્યક્તિ
2. મુંબઈ નશાબંધી ધારા-1949 હેઠળ દોષિત વ્યક્તિ
3. અન્ય કોઈ ગુના માટે દોષિત અને 6 માસ સુધીના કેદ ભોગવેલી વ્યક્તિ
4. નાદાર ઠરાવાયેલી વ્યક્તિ
ઉપરનાંમાંથી શું સાચું છે?
(A) 1, 2, 3 (B) 2, 3, 4 **(C) 1, 2, 3, 4** (D) 1, 3, 4

50. ગ્રામ પંચાયતમાં ઉપસરપંચની પસંદગી કેવી રીતે થાય?
(A) ગ્રામ પંચાયતની કોઈ પણ બેઠકમાં ચૂંટણીથી.
**(B) નવી ચૂંટાયેલી ગ્રામ પંચાયતની પ્રથમ બેઠકમાં પંચાયતના સભ્યો દ્વારા ચૂંટણી.**
(C) નવી ચૂંટાયેલી ગ્રામ પંચાયતની પ્રથમ બેઠકમાં સરપંચ દ્વારા નિમણૂક.
(D) સરપંચ દ્વારા ગમે ત્યારે નિમણૂક.

51. ગ્રામ પંચાયતની પ્રથમ બેઠકમાં શું કામકાજ થાય છે?
(A) ગ્રામ પંચાયતની સમિતિઓની રચના (B) સરપંચનું નિવેદન
(C) તાલુકા વિકાસ અધિકારીનું નિવેદન **(D) ઉપસરપંચની ચૂંટણી**

52. સરપંચનાં કાર્યો વિશે નીચેનાં વિધાનો વાંચો:
1. પંચાયતની બેઠકનું અધ્યક્ષસ્થાન સંભાળવું.
2. પંચાયતના કર્મચારીઓનાં કામો પર દેખરેખ અને નિયંત્રણ.
3. પંચાયત ફંડની સલામત કસ્ટડી.
4. તમામ પત્રકો અને અહેવાલો તૈયાર રાખવાં.
ઉપરનાંમાંથી શું ખોટું છે?
**(A) એક પણ નહિ** (B) 2, 3 (C) 3, 4 (D) 2, 4

53. સરપંચ અને ઉપસરપંચની ગેરહાજરીમાં પંચાયતની બેઠકનું અધ્યક્ષસ્થાન કોણ સંભાળે?
(A) તલાટી-કમ-મંત્રી (B) તાલુકા વિકાસ અધિકારી
**(C) પંચાયતના કોઈ પણ સભ્ય** (D) ઉપરનાંમાંથી ગમે તે

54. સરપંચ અને ઉપસરપંચની સામેના અવિશ્વાસ પ્રસ્તાવ અંગે નીચેનાં વિધાનો વાંચો:
1. પંચાયતમાં તે પ્રસ્તાવ સભ્યોની સાદી બહુમતીથી રજૂ થાય.
2. પંચાયતમાં તે પ્રસ્તાવ સભ્યોની બે-તૃતીયાંશ બહુમતીથી રજૂ થાય.
3. પંચાયતમાં તે પ્રસ્તાવ સભ્યોની બે-તૃતીયાંશ બહુમતીથી પસાર થાય.
4. પંચાયતમાં તે પ્રસ્તાવ સભ્યોની સાદી બહુમતીથી પસાર થાય.
ઉપરનાંમાંથી કઈ બે શરતો પ્રસ્તાવ મંજૂર થવા માટે જરૂરી છે?
(A) 2 અને 4 **(B) 1 અને 3** (C) 1 અને 2 (D) 1 અને 4

55. કેટલા સભ્યો વિનંતી કરે તો સરપંચે ગ્રામ પંચાયતની બેઠક બોલાવવી જ પડે?
**(A) એક-તૃતીયાંશ** (B) બે-તૃતીયાંશ (C) 50 ટકા (D) 25 ટકા

56. ગુજરાત પંચાયત ધારા-1993 હેઠળ કઈ સમિતિ રચવાનું ગ્રામ પંચાયત સ્તરે ફરજિયાત છે?
(A) કારોબારી સમિતિ (B) સામાજિક ન્યાય સમિતિ
**(C) ઉપરોક્ત બંને** (D) ઉપરનાંમાંથી એકેય નહિ

57. 2005માં ભારતમાં આશરે કેટલી તાલુકા પંચાયત હતી?
(A) 7.15 લાખ (B) 4.38 લાખ **(C) 2.35 લાખ** (D) 3.78 લાખ

58. ગુજરાતમાં વ્યવસાય વેરાનો વહીવટ ગ્રામ પંચાયતને ક્યારથી સોંપવામાં આવ્યો છે?
(A) 2010 **(B) 2006** (C) 2009 (D) 2007

59. ગ્રામ શિક્ષણ સમિતિના અધ્યક્ષ કોણ હોય છે?
(A) તલાટી (B) ઉપસરપંચ **(C) સરપંચ** (D) શાળાના આચાર્ય

60. ગ્રામ પંચાયતની પ્રથમ બેઠકમાં શું કરવામાં આવે છે?
**(A) ઉપસરપંચની ચૂંટણી થાય.** (B) ચાલુ વર્ષનું અંદાજપત્ર રજૂ થાય.
(C) નવા વર્ષનું આયોજન થાય. (D) ઉપરોક્ત તમામ

61. સરપંચનાં કાર્યો શું છે?
(A) પંચાયતની બેઠકોનું અધ્યક્ષસ્થાન લેવું. (B) પંચાયતના ફંડનો વહીવટ ચલાવવો.
(C) પંચાયતના અધિકારીઓ ઉપર નિયંત્રણ રાખવું. **(D) ઉપરોક્ત તમામ**

62. સરપંચ સામે અવિશ્વાસનો પ્રસ્તાવ ક્યાં રજૂ થાય?
**(A) ગ્રામ પંચાયત સમક્ષ** (B) ગ્રામ સભા સમક્ષ
(C) તાલુકા વિકાસ અધિકારી સમક્ષ (D) તલાટી સમક્ષ

63. ગ્રામ પંચાયતના સભ્ય તેમનું સભ્યપદ ક્યારે ગુમાવે છે?
(A) જ્યારે તે બે મહિના સુધી પંચાયતની બેઠકોમાં ગેરહાજર રહે.
**(B) જ્યારે તે ચાર મહિના સુધી ગ્રામ પંચાયતોની બેઠકોમાં ગેરહાજર રહે.**
(C) જ્યારે તે છ મહિના સુધી ગામમાં ગેરહાજર રહે.
(D) જ્યારે તે 12 મહિનાથી વધુ સમય માટે ગામમાં ન રહે.

64. નીચેનાં વિધાનો જુઓઃ
1. ગ્રામ પંચાયત વધુમાં વધુ બે વ્યક્તિઓને પોતાની બેઠકમાં નિમંત્રી શકે છે.
2. ગ્રામ સભામાં નિર્ણય હાજર સભ્યોની બહુમતીથી થાય છે.
3. ગ્રામ પંચાયતમાં નિર્ણયો હાજર સભ્યોની બહુમતીથી થાય છે.
4. ગ્રામ સભામાં નિર્ણય તેના કુલ સભ્યોની બહુમતીથી થાય છે.

ગુજરાતમાં પંચાયત ધારા-1993ની જોગવાઈઓ અનુસાર ઉપરનાંમાંથી શું સાચું છે?
(A) 1, 2, 4 (B) 2, 3, 4 **(C) 1, 2, 3** (D) 1 અને 2

65. કેટલા સભ્યો લેખિત વિનંતી કરે તો ગ્રામ પંચાયતની મીટિંગ સરપંચે બોલાવવી પડે?
**(A) એક-તૃતીયાંશ** (B) બે-તૃતીયાંશ (C) 50 ટકા (D) 25 ટકા

66. ગ્રામ પંચાયતની સામાન્ય સભા કેટલા દિવસની નોટિસથી મળે?
**(A) ચોખ્ખા 5 દિવસ** (B) ચોખ્ખા 3 દિવસ (C) ચોખ્ખા છ દિવસ (D) ચોખ્ખા 4 દિવસ

67. ગ્રામ પંચાયતની ખાસ સભા કેટલા દિવસની નોટિસથી મળી શકે?
(A) ચોખ્ખા 5 દિવસ **(B) ચોખ્ખા 3 દિવસ** (C) ચોખ્ખા 7 દિવસ (D) ચોખ્ખા 4 દિવસ

68. નીચેનાં વિધાનો જુઓઃ
1. ગામ લોકો ગ્રામ પંચાયતની મીટિંગમાં પ્રેક્ષક તરીકે હાજર રહી શકે છે.

2. ગ્રામ પંચાયતના દરેક સભ્યને મીટિંગની જુદી નોટિસ મોકલવી જરૂરી નથી.
3. ગ્રામ પંચાયતની મીટિંગનાં તારીખ, સ્થળ અને સમય સરપંચ નક્કી કરે.
4. ગ્રામ પંચાયતની મીટિંગનું અધ્યક્ષ સ્થાન તલાટી-કમ-મંત્રી સંભાળે છે.

ઉપરનાંમાંથી કયાં વિધાનો સાચાં છે?

(A) 1, 4 (B) 2, 4 **(C) 1, 3** (D) 3, 4

69. ગુજરાતમાં સમરસ ગ્રામ પંચાયત યોજનાનો અમલ ક્યારથી થયો?

**(A) 2001** (B) 2002 (C) 2003 (D) 2004

70. બિન-હરીફ ચૂંટાતી ગ્રામ પંચાયતોને પ્રોત્સાહક અનુદાન આપવાની જોગવાઈ ગુજરાતમાં ક્યારથી શરૂ થઈ હતી?

(A) 1992 (B) 1999 **(C) 1962** (D) 2001

71. 1996માં બિન-હરીફ ચૂંટાતી ગ્રામ પંચાયતોને માટે પ્રોત્સાહક અનુદાન ગુજરાતમાં કેટલું કરાયું હતું?

(A) રૂ. 1,000 (B) રૂ. 10, 000 **(C) રૂ. 2,000** (D) રૂ. 20,000

72. 2001માં પ્રથમ વારની 5000થી ઓછી વસ્તી ધરાવતી સમરસ ગ્રામ પંચાયત માટે ગુજરાત સરકારે કેટલું અનુદાન જાહેર કર્યું હતું?

(A) રૂ. 1,00,000 (B) રૂ. 50,000 **(C) રૂ. 60, 000** (D) રૂ. 70,000

73. 2006માં પ્રથમ વારની 5000થી ઓછી વસ્તી ધરાવતી સમરસ ગ્રામ પંચાયત માટે ગુજરાત સરકારે કેટલું અનુદાન જાહેર કર્યું હતું?

**(A) રૂ. 1,00,000** (B) રૂ. 1,25,000 (C) રૂ. 2,00,000 (D) રૂ. 2,25,000

74. સમરસ ગ્રામ પંચાયતની યોજના માટે 2001માં ગુજરાત સરકાર દ્વારા કયાં કારણો આપવામાં આવ્યાં?

1. ચૂંટણી ખર્ચાળ છે.
2. ચૂંટણીથી ગામમાં વિખવાદો વધે છે.
3. લોકશાહી મજબૂત થાય છે.
4. સર્વસંમતિથી વિકાસ માટે વિધાયક વાતાવરણ જન્મે છે.

ઉપરનાંમાંથી કયાં ખોટાં છે?

(A) 2, 4 **(B) 1, 3** (C) 1, 4 (D) 3, 4

75. 2006માં 5000થી ઓછી વસ્તી ધરાવતી બીજી વારની સમરસ ગ્રામ પંચાયતને કેટલું અનુદાન આપવાની જાહેરાત ગુજરાત સરકાર દ્વારા કરાઈ હતી?

**(A) રૂ. 1.25 લાખ** (B) રૂ. 1.50 લાખ (C) રૂ. 2.00 લાખ (D) રૂ. 3.00 લાખ

76. ગુજરાત સરકાર દ્વારા 5000થી વધુ વસ્તી ધરાવતી સમરસ ગ્રામ પંચાયત માટે 2006માં કેટલું અનુદાન જાહેર કરાયું હતું?

(A) રૂ. 60,000 (B) રૂ. 1.25 લાખ **(C) રૂ. 1 લાખ** (D) રૂ. 50,000

77. 5000થી વધુ વસ્તી ધરાવતી પ્રથમ વારની સમરસ ગ્રામ પંચાયત માટે 2006માં ગુજરાત સરકાર દ્વારા કેટલું અનુદાન જાહેર કરાયું હતું?

(A) રૂ. 1.00 લાખ (B) રૂ. 2.00 લાખ **(C) રૂ. 1.50 લાખ** (D) રૂ. 2.50 લાખ

78. 5000થી વધુ વસ્તી ધરાવતી બીજી વારની સમરસ ગ્રામ પંચાયત માટે 2006માં ગુજરાત સરકાર દ્વારા કેટલું અનુદાન જાહેર કરાયું હતું?

(A) રૂ.1.25 લાખ (B) રૂ. 1.50 લાખ (C) રૂ. 37,500 **(D) રૂ. 1,87,500**

79. સમરસ ગ્રામ પંચાયતની યોજના પાછળ કઈ ધારણા કામ કરે છે?

1. વિકાસ માટે સર્વસંમતિ જરૂરી છે.
2. ગામમાં એખલાસ હોય તો સહભાગિતા ઊભી થાય.
3. નાણાકીય પ્રોત્સાહનથી ગામમાં એખલાસ જન્મશે.

4. અસંમતિ સામાજિક રીતે વિઘાતક છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 2, 4 **(B) 1, 2, 3, 4** (C) 1, 4 (D) 3, 4

80. સમરસ યોજનાની તરફેણ શા માટે કરવામાં આવે છે?

(A) ગામમાં ભ્રાતૃત્વ અને એખલાસ જળવાય છે. (B) ગામમાં લોકો વચ્ચે જૂથો પડી જતાં નથી.

(C) સરકારને ચૂંટણીનું ખર્ચ ઓછું થાય છે. **(D) ઉપરોક્ત તમામ**

81. સમરસ યોજનાનો વિરોધ શા માટે કરવામાં આવે છે?

(A) સમાજના અમુક વર્ગોમાંથી જ પ્રતિનિધિઓ પસંદ થાય છે.

(B) યુવા નેતૃત્વને મહત્ત્વ અપાતું નથી.

(C) સમાજના નબળા વર્ગો નિર્ણય પ્રક્રિયામાં સામેલ થતા નથી.

**(D) ઉપરોક્ત તમામ**

82. સમરસ યોજનાનો વિરોધ શા માટે કરવામાં આવે છે?

(A) ગ્રામ પંચાયતમાં ચૂંટણી લોકશાહીનું હાર્દ છે, તેનો ઈન્કાર કરી શકાય નહિ.

(B) ગ્રામ પંચાયતમાં અમુક જ લોકો પસંદગી પામે છે અને તેઓ તેમની પસંદગી કરનારની કઠપૂતળી બની જાય છે.

(C) પ્રતિનિધિઓની પસંદગીમાં બધા જ મતદારો સામેલ થતા નથી.

**(D) ઉપરોક્ત તમામ**

83. સમરસ ગ્રામ પંચાયતની યોજનાના વિરોધ માટે કઈ દલીલો કરવામાં આવે છે?

(A) ચૂંટાયેલા પ્રતિનિધિઓ પર કોઈ વિરોધનું દબાણ રહેતું જ નથી.

(B) સામાન્ય રીતે નબળી મહિલાને જ સમરસ સરપંચ તરીકે પસંદ કરવામાં આવે છે.

(C) ચૂંટાયેલી રાજ્ય સરકાર ચૂંટણી જ ના થાય તે માટે પ્રયત્ન કરે એ વાજબી નથી.

**(D) ઉપરોક્ત તમામ**

84. સમરસ ગ્રામ પંચાયતની યોજનાના વિરોધમાં કઈ દલીલ કરવામાં આવે છે?

(A) સક્ષમ અને પ્રતિબદ્ધ પ્રતિનિધિઓ લોકશાહી પ્રક્રિયા દ્વારા આગળ આવતા નથી.

(B) પ્રતિનિધિ ઘણી વાર ઉચ્ચ જ્ઞાતિઓના લોકો દ્વારા ઠોકી બેસાડવામાં આવે છે.

(C) ઉપરનાંમાંથી એકેય નહિ.

**(D) ઉપરોક્ત બંને.**

85. કઈ વિભાવના સમરસ ગ્રામ પંચાયતની યોજના પાછળ છે?

**(A) સામાજિક સમરસતા** (B) સામાજિક ન્યાય (C) સામાજિક વિકાસ (D) સામાજિક સ્વતંત્રતા

86. સમરસ ગ્રામ પંચાયતની યોજના કઈ ધારણા હેઠળ પ્રયોજવામાં આવી છે?

(A) વિરોધ ના હોય તો જ વિકાસ થાય. (B) નાગરિકો વચ્ચેના શાંતિપૂર્ણ સંબંધો જરૂરી છે.

(C) નાગરિકો વચ્ચે એખલાસ અને સહકાર જરૂરી છે. **(D) ઉપરોક્ત તમામ**

87. સમરસ ગ્રામ પંચાયતની યોજનાનો વિરોધ કઈ દલીલ હેઠળ કરવામાં આવે છે?

(A) તે મતદાનના અધિકારને જ છીનવી લે છે. (B) તે ઉમેદવાર બનવાના અધિકારને છીનવી લે છે.

(C) સર્વસંમતિ ખરેખર સર્વસંમતિ હોતી જ નથી. **(D) ઉપરોક્ત તમામ**

88. સમરસ ગ્રામ પંચાયત યોજનાની તરફેણ માટે કઈ દલીલ કરવામાં આવે છે?

(A) સરકારનું કુલ ચૂંટણી ખર્ચ ઘટે છે.

(B) ઉમેદવારોનું ચૂંટણી ખર્ચ ઘટે છે.

(C) પસંદ થયેલા સભ્યો વિકાસ માટે વધુ જવાબદાર બને છે.

**(D) ઉપરોક્ત તમામ**

89. સમરસ ગ્રામ પંચાયતની યોજનાનો વિરોધ કઈ દલીલ સાથે કરવામાં આવે છે?

(A) તેનાથી ચૂંટણી અને વિકાસ બે પરસ્પર વિરોધી છે એવી છાપ ઊભી થાય છે.

(B) તેને પરિણામે ચૂંટણી ખરાબ છે અને તેથી લોકશાહી જ ખરાબ છે એવી છાપ ઊભી થાય છે.

(C) સર્વસંમતિમાં મજબૂત અવાજ આપોઆપ હાવી થઈ જાય છે.

**(D) ઉપરોક્ત તમામ**

90. સુપરસિડ કરાયેલી ગ્રામ પંચાયતની ચૂંટણી થાય તો તેની મુદત કેટલી રહે?

(A) પાંચ વર્ષ **(B) જૂની પંચાયતની બાકી રહેલી મુદત જેટલી**

(C) અઢી વર્ષ (D) ઉપરનાંમાંથી એકેય નહિ

91. ગુજરાતમાં અલગ ગ્રામ પંચાયતની રચના કરવાની સત્તા કોની પાસે છે?

(A) જિલ્લા વિકાસ અધિકારી (B) કલેક્ટર **(C) વિકાસ કમિશનર** (D) તાલુકા પંચાયત

92. ગ્રામ પંચાયત અને તલાટી વચ્ચેના સંબંધ વિશે નીચે આપેલાં વિધાનો વાંચો:

1. ગ્રામ પંચાયત બે-તૃતીયાંશ બહુમતીથી ઠરાવ કરીને તલાટી સામે પગલાં લઈ શકે અને બદલી માગી શકે.
2. તલાટી નિયમિત ના હોય તો ગ્રામ પંચાયત તાલુકા પંચાયતમાં લેખિત ફરિયાદ કરી શકે.
3. તલાટી વિશે ખાનગી અહેવાલ સરપંચ લખે.
4. તલાટીએ ગેરહાજરી માટે સરપંચની રજા લેવી જરૂરી છે.

ઉપરનાંમાંથી કયું વિધાન સાચું છે?

(A) ફક્ત 3 (B) 3, 4 **(C) 1, 2, 3, 4** (D) 1, 2

93. ઉપસરપંચની ચૂંટણીમાં સરખા મત પડે તો શું કરવામાં આવે છે?

(A) સરપંચ પોતાનો મત આપી શકે. (B) તરત જ ફરી મતદાન કરવામાં આવે.

**(C) ચિઠ્ઠી નાખીને પરિણામ નક્કી કરવામાં આવે.** (D) 15 દિવસ પછી ફરી ચૂંટણી યોજાય.

94. ગ્રામ પંચાયતની મીટિંગની નોંધ કરવાની જવાબદારી કોની છે?

**(A) તલાટી-કમ-મંત્રી** (B) સરપંચ (C) ઉપસરપંચ (D) પંચાયતના કોઈ પણ સભ્ય

95. ગ્રામ પંચાયતની બેઠકની કાર્યવાહીની નોંધ કોને મોકલવામાં આવે છે?

(A) મામલતદાર **(B) તાલુકા વિકાસ અધિકારી**

(C) કલેક્ટર (D) જિલ્લા વિકાસ અધિકારી

96. નદીની રેતી પરની રોયલ્ટી કોને મળે છે?

**(A) ગ્રામ પંચાયત** (B) તાલુકા પંચાયત

(C) જિલ્લા પંચાયત (D) ગ્રામ પંચાયત અને જિલ્લા પંચાયત

97. જૂથ ગ્રામ પંચાયત હોય તો જુદા જુદા ગામમાંથી થયેલી આવકમાંથી કેટલી આવક જે તે ગામમાં જ વપરાય?

**(A) 75 ટકા** (B) 25 ટકા (C) 60 ટકા (D) 40 ટકા

98. ખરાબાની જમીનનો ઉપયોગ ગ્રામ પંચાયત કોની મંજૂરીથી કરી શકે છે?

(A) મામલતદાર **(B) કલેક્ટર**

(C) તાલુકા વિકાસ અધિકારી (D) જિલ્લા વિકાસ અધિકારી

99. ગામતળના પ્લોટની હરાજી થાય તો કોના ખાતામાં આવક જમા થાય?

(A) ગામ ફંડ (B) તાલુકા ફંડ (C) જિલ્લા ફંડ **(D) રાજ્ય સરકાર**

100. ગામમાં બાંધકામ માટેની મંજૂરી કોણ આપે છે?

(A) તાલુકા પંચાયત **(B) ગ્રામ પંચાયત** (C) જિલ્લા પંચાયત (D) મામલતદાર

101. નીચેનાં વિધાનો જુઓઃ
1. ગામ ફંડમાં ગ્રામ પંચાયતની બધી આવક જમા થાય છે.
2. ગ્રામ પંચાયત સુધારેલું અંદાજપત્ર તૈયાર કરી શકે છે.
3. દબાણ હટાવવાની જવાબદારી કલેક્ટરની છે.
4. ગૌચર જમીનની માલિકી ગ્રામ પંચાયતની છે.

ઉપરનાંમાંથી કયાં વિધાનો સાચાં નથી?
(A) 1, 2 **(B) 3, 4** (C) 2, 3 (D) 1, 3

102. ગુજરાતમાં 2001માં આશરે કેટલા ટકા ગ્રામ પંચાયતો સમરસ થઈ હતી?
**(A) 26** (B) 76 (C) 56 (D) 36

103. ગુજરાતમાં 2001માં સૌથી વધુ સમરસ ગ્રામ પંચાયતો કયા જિલ્લામાં થઈ હતી?
(A) અમરેલી (B) કચ્છ **(C) મહેસાણા** (D) અમદાવાદ

104. ગુજરાતમાં 2001માં સૌથી ઓછી ગ્રામ પંચાયતો કયા જિલ્લામાં સમરસ થઈ હતી?
(A) દાહોદ (B) સાબરકાંઠા **(C) ડાંગ** (D) પંચમહાલ

105. ગુજરાતમાં 2006માં સૌથી ઓછી ગ્રામ પંચાયતો કયા જિલ્લામાં સમરસ થઈ હતી?
**(A) ડાંગ** (B) સાબરકાંઠા (C) દાહોદ (D) બનાસકાંઠા

106. 2006માં સૌથી વધુ ગ્રામ પંચાયતો કયા જિલ્લામાં સમરસ થઈ હતી?
**(A) ભાવનગર** (B) સુરેન્દ્રનગર (C) જામનગર (D) ગાંધીનગર

107. કેટલા ટકા ગ્રામ પંચાયતો 2006માં સમરસ થઈ હતી?
(A) 38 **(B) 28** (C) 48 (D) 58

108. ગ્રામ પંચાયતોમાં ચૂંટણી ના થવી જોઈએ એવું કથન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કયા નેતાનું હતું?
**(A) એમ. એસ. ગોલવલકર** (B) કેશવ હેડગેવાર (C) કુપ સી. સુદર્શન (D) રાજેન્દ્રસિંહ

109. 1967માં કોણે લઘુતમ 3000થી 5000ની વસ્તી માટે ગ્રામ પંચાયતની રચના કરવાની ભલામણ કરી હતી?
(A) અશોક મહેતા સમિતિ **(B) વહીવટી સુધારા પંચ**
(C) બળવંતરાય મહેતા સમિતિ (D) ડાહ્યાભાઈ નાયક સમિતિ

110. ગુજરાતમાં ન્યાય પંચાયતો સક્રિય અને લોકપ્રિય થઈ શકી નહોતી એવું કોના અહેવાલમાં નોંધાયું હતું?
(A) ડાહ્યાભાઈ નાયક સમિતિ **(B) ઝીણાભાઈ દરજી સમિતિ**
(C) રિખવદાસ શાહ સમિતિ (D) રસિકલાલ પરીખ સમિતિ

111. પંચાયતોમાં જુદા જુદા વોર્ડમાં અનામત બેઠકો ફાળવવાની સત્તા કોની છે?
**(A) કલેક્ટર** (B) જિલ્લા વિકાસ અધિકારી
(C) તાલુકા વિકાસ અધિકારી (D) વિકાસ કમિશનર

112. ગ્રામ પંચાયતોમાં કુલ સભ્ય સંખ્યા નક્કી કરવાની સત્તા કોની છે?
**(A) વિકાસ કમિશનર** (B) જિલ્લા વિકાસ અધિકારી
(C) કલેક્ટર (D) તાલુકા વિકાસ અધિકારી

113. દરેક પંચાયતની મુદત કેટલી હોય છે?
**(A) પ્રથમ બેઠક મળે ત્યારથી 5 વર્ષ** (B) વિસર્જન થાય ત્યાં સુધી
(C) 5 વર્ષ (D) ઉપરનાંમાંથી એકેય નહિ.

114. સરપંચનું વિશિષ્ટ મહત્ત્વ શું છે?
(A) તે ગ્રામ પંચાયતના વડા છે. **(B) તે મતદારોમાંથી સીધા ચૂંટાય છે.**
(C) ઉપરોક્ત બંને (D) ઉપરનાંમાંથી એકેય નહિ.

## 19.3 તાલુકા પંચાયત

1. ગુજરાત પંચાયત ધારા-1993 હેઠળ તાલુકા પંચાયતને કેટલાં કામો સોંપાયાં છે?
   (A) 69 **(B) 70** (C) 102 (D) 112
2. 1. તાલુકાની વસ્તી 1 લાખ કરતાં ઓછી હોય તો તાલુકા પંચાયતની બેઠકો 15 હોય.
   2. તાલુકાની વસ્તી 1 લાખ કરતાં વધારે હોય તો તાલુકા પંચાયતની બેઠકો દર 25,000 દીઠ બે વધે.
   3. તાલુકા પંચાયતની બેઠકોની સંખ્યા વધુમાં વધુ 31 હોય.
   4. તાલુકા પંચાયતની બેઠકોની સંખ્યા ઓછાં માં ઓછી 21 હોય.
   ઉપરનાંમાંથી કયાં વિધાનો સાચાં છે?
   **(A) 1, 2** (B) 2,3 (C) 3,4 (D) 1,4
3. તાલુકા પંચાયતની પ્રથમ બેઠકમાં શું થાય છે?
   (A) પ્રમુખની ચૂંટણી (B) ઉપપ્રમુખની ચૂંટણી
   (C) સમિતિઓની રચના **(D) A અને B**
4. તાલુકા પંચાયતની બેઠકો વિશે નીચે આપેલાં વિધાનો વાંચો:
   1. તાલુકા પંચાયતની બેઠક દર ત્રણ મહિને મળે.
   2. બે-તૃતીયાંશ સભ્યો માગણી કરે તો પ્રમુખે તાલુકા પંચાયતની બેઠક બોલાવવી પડે.
   3. એક-તૃતીયાંશ સભ્યોની વિનંતીથી પ્રમુખે તાલુકા પંચાયતની બેઠક બોલાવવી પડે.
   4. તાલુકા પંચાયતની બેઠક દર મહિને મળે.
   ઉપરનાંમાંથી કયાં વિધાનો ખોટાં નથી?
   (A) 1, 2 (B) 1, 3 **(C) 1, 3** (D) 2, 4
5. તાલુકા પંચાયતમાં ગુજરાત પંચાચત ધારા-1993 અનુસાર કઈ સમિતિઓની રચના ફરજિયાત છે?
   (A) કારોબારી સમિતિ (B) સામાજિક ન્યાય સમિતિ
   **(C) ઉપરોક્ત બંને** (D) ઉપરનાંમાંથી એકેય નહિ
6. તાલુકા પંચાયતની કારોબારી સમિતિમાં કેટલા સભ્યો હોય?
   **(A) પાંચથી નવ** (B) પાંચથી સાત (C) સાતથી દસ (D) ઉપરનાંમાંથી એકેય નહિ
7. તાલુકા પંચાયતે કારોબારી સમિતિ અને સામાજિક ન્યાય સમિતિ ઉપરાંત સમિતિઓની રચના કરવા કોની પાસેથી મંજૂરી મેળવવી પડે?
   (A) કલેક્ટર **(B) રાજ્ય સરકાર** (C) મામલતદાર (D) જિલ્લા વિકાસ અધિકારી
8. તાલુકા પંચાયતની કારોબારી સમિતિની મુદત કેટલી હોય છે?
   **(A) બે વર્ષ** (B) 3 વર્ષ
   (C) એક વર્ષ (D) તાલુકા પંચાયતની મુદત જેટલી
9. 2005માં ભારતમાં તાલુકા પંચાયતોમાં કેટલા ટકા મહિલા પ્રતિનિધિઓ હતા?
   (A) 45 ટકા (B) 33 ટકા (C) 45 ટકા (D) **43 ટકા**
10. તાલુકા પંચાયતની પ્રથમ બેઠકમાં શું કામકાજ થાય?
    (A) આગામી વર્ષનું આયોજન થાય. (B) ચાલુ વર્ષના અંદાજપત્રીય ખર્ચની ચર્ચા થાય.
    **(C) પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી થાય.** (D) ઉપરોક્ત તમામ
11. તાલુકા પંચાયતના પ્રમુખનાં કાર્યો શું છે?
    (A) પંચાયતની બેઠક બોલાવવી. (B) પંચાયતની બેઠકનું અધ્યક્ષસ્થાન સંભાળવું.
    (C) પંચાયતની બેઠકનું સંચાલન કરવું. **(D) ઉપરોક્ત તમામ**

12. તાલુકા પંચાયતના સભ્ય ક્યારે સભ્યપદ ગુમાવે?
    **(A) પંચાયતની રજા વગર સતત ચાર બેઠકમાં ગેરહાજર રહે.**
    (B) પંચાયતની રજા વગર સતત છ બેઠકમાં ગેરહાજર રહે.
    (C) પંચાયતની રજા વગર સતત આઠ બેઠકમાં ગેરહાજર રહે.
    (D) ઉપરનાંમાંથી એકેય નહિ.
13. તાલુકા પંચાયતની કારોબારી સમિતિ કેટલી પેટા સમિતિ રચી શકે?
    **(A) વધુમાં વધુ બે** (B) એક જ (C) ગમે તેટલી (D) વધુમાં વધુ ત્રણ
14. નીચેનાં વિધાનો વાંચોઃ
    1. તાલુકા પંચાયતમાં સામાજિક ન્યાય સમિતિની રચના કરવાનું ફરજિયાત છે.
    2. તાલુકા પંચાયતમાં કારોબારી સમિતિની રચના કરવાનું ફરજિયાત છે.
    3. તાલુકા પંચાયતમાં કારોબારી સમિતિની રચના કરવાનું મરજિયાત છે.
    4. કારોબારી સમિતિ અને સમાજિક ન્યાય સમિતિ સિવાયની કોઈ પણ સમિતિ તાલુકામાં પંચાયતમાં રચી શકાય નહિ.
    **(A) 1, 2** (B) 3, 4 (C) 2, 4 (D) 1, 4
15. તાલુકા ફંડમાં કઈ રકમો જમા થાય છે?
    (A) વેરાની આવક (B) ફીની આવક (C) લોનની રકમ **(D) ઉપરોક્ત તમામ**
16. તાલુકા પંચાયતે ચકાસણી માટે પોતાનું બજેટ કોને મોકલવાનું હોય છે?
    (A) મામલતદાર (B) કલેક્ટર **(C) જિલ્લા પંચાયત** (D) ઉપરનાંમાંથી એકેય નહિ
17. તાલુકા અયોજન સમિતિના પ્રમુખ કોણ હોય છે?
    (A) તાલુકા વિકાસ અધિકારી **(B) તાલુકા પંચાયતના પ્રમુખ**
    (C) તાલુકાની સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ (D) ઉપરનાંમાંથી કોઈ નહિ

## 19.4 જિલ્લા પંચાયત

1. ગુજરાત પંચાયત ધારા-1993 હેઠળ જિલ્લા પંચાયતને કેટલાં કામો સોપવામાં આવ્યાં છે?
    (A) 173 **(B) 73** (C) 69 (D) 70
2. જિલ્લા પંચાયતોએ વિકાસ યોજનાનો મુસદ્દો તૈયાર કરીને 74મા બંધારણ સુધારા અનુસાર કોને મોકલવાનો હોય છે?
    **(A) જિલ્લા આયોજન સમિતિ** (B) જિલ્લા આયોજન મંડળ
    (C) રાજ્યનું આયોજન પંચ (D) આયોજન વિભાગ, રાજ્ય સરકાર
3. જિલ્લા સમકારી ફંડનો ઉપયોગ શાને માટે થાય છે?
    (A) તાલુકા પંચાયતને લોન આપવા માટે
    **(B) જિલ્લાની સામાજિક અને આર્થિક અસમાનતા ઘટાડવા માટે**
    (C) ગ્રામ પંચાયતોને લોન આપવા માટે
    (D) જિલ્લામાં પાણીની પ્રાપ્યતા વધારવાનાં કામો માટે
4. જિલ્લા પંચાયતની બેઠકનું અધ્યક્ષ સ્થાન કોણ સંભાળે છે?
    **(A) જિલ્લા પંચાયતના પ્રમુખ** (B) જિલ્લાની સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ
    (C) કલેક્ટર (D) જિલ્લા વિકાસ અધિકારી
5. જિલ્લા પંચાયતને શામાંથી આવક થાય છે?
    1. જમીન મહેસૂલ ઉપકર 2. સ્ટેમ્પ ડ્યુટીમાં વધારો
    3. આબકારી જકાત 4. રાજ્ય સરકારનું અનુદાન
    ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 3 **(B) 1, 2, 4** (C) 2, 3, 4 (D) 3, 4

6. જિલ્લા પંચાયતના મંત્રી તરીકે કોણ ફરજ બજાવે છે?
   (A) કલેક્ટર **(B) જિલ્લા વિકાસ અધિકારી**
   (C) નાયબ કલેક્ટર (D) નાયબ જિલ્લા વિકાસ અધિકારી
7. જિલ્લા પંચાયત માટે નીચેનાંમાંથી શું સાચું છે?
   (A) જિલ્લાની વસ્તી પાંચ લાખથી ઓછી હોય તો તેની સભ્ય સંખ્યા 19 હોય.
   (B) જિલ્લાની વસ્તી 4 લાખથી ઓછી હોય તો તેની સભ્ય સંખ્યા 17 હોય.
   **(C) ઉપરોક્ત બંને.**
   (D) A અને B બેમાંથી એકેય નહિ.
8. રાજ્ય સમકારી ફંડનો હેતુ શો છે?
   (A) જિલ્લાઓ વચ્ચે પ્રવર્તમાન અસમાનતા ઘટાડવી. (B) તાલુકાઓ વચ્ચે પ્રવર્તમાન અસમાનતા ઘટાડવી.
   **(C) ઉપરોક્ત બંને.** (D) A અને B બેમાંથી એકેય નહિ.
9. જિલ્લા સમકારી ફંડનો હેતુ શો છે?
   (A) જિલ્લાઓ વચ્ચેની અસમાનતા ઘટાડવી.
   **(B) જિલ્લામાંની પંચાયતો વચ્ચેની આર્થિક અને સામાજિક અસમાનતા ઘટાડવી.**
   (C) ગ્રામ પંચાયતોને જળાશયોના બાંધકામ માટે લોન આપવી.
   (D) તાલુકા પંચાયતોને જળાશયોના બાંધકામ માટે લોન આપવી.
10. જિલ્લા પંચાયતમાં કેટલી સમિતિઓની રચના કરવી ફરજિયાત છે?
    (A) 5 **(B) 9** (C) 2 (D) 6
11. નીચેનામાંથી કઈ સમિતિ જિલ્લા પંચાયત સ્તરે ફરજિયાત છે?
    (A) કારોબારી (B) અપીલ સમિતિ (C) જાહેર આરોગ્ય સમિતિ **(D) ઉપરોક્ત ત્રણેય**
12. જિલ્લા પંચાયતની બેઠક ક્યારે મળે છે?
    (A) દર મહિને એક વાર **(B) દર ત્રણ મહિને એક વાર**
    (C) દર બે મહિને એક વાર (D) દર ચાર મહિને એક વાર
13. જિલ્લા ગ્રામ ઉત્તેજન નિધિનો હેતુ શો છે?
    **(A) ગ્રામ પંચાયત નવાં વેરા કે ફી નાખે તે માટે તેને પ્રોત્સાહન આપવું.**
    (B) ગ્રામ વિસ્તારોમાં શિક્ષણ વધે તે માટે અનુદાન આપવું.
    (C) ગ્રામ સભાને સક્રિય બનાવવા માટે અનુદાન આપવું.
    (D) ઉપરોક્ત તમામ.
14. જિલ્લા ગ્રામ ઉત્તેજન નિધિનો ઉદ્દેશ શું છે?
    (A) ગ્રામ પંચાયતો નવાં વેરા-ફી નાખે તેને પ્રોત્સાહન આપવું.
    (B) ગ્રામ પંચાયતો તેમનાં વર્તમાન વેરા-ફી વધારે તેને પ્રોત્સાહન આપવું.
    **(C) A અને B બંને**
    (D) ગ્રામ પંચાચતોને આરોગ્ય સેવાઓ ઊભી કરવા માટે પ્રોત્સાહન આપવું.
15. ગુજરાત પંચાયત ધારા-1993 હેઠળ જિલ્લા પંચાયતે કરવાનાં કામોનું ક્ષેત્ર કયું છે?
    (A) બાંધકામ (B) સ્વાસ્થ્ય અને સફાઈ (C) સામૂહિક વિકાસ **(D) ઉપરોક્ત તમામ**
16. જિલ્લા પંચાયતની પ્રથમ બેઠકમાં કયું કામકાજ થઈ શકે છે?
    (A) પ્રમુખની ચૂંટણી (B) ઉપપ્રમુખની ચૂંટણી
    (C) સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષની ચૂંટણી **(D) A અને B**

17. દેશમાં 2005માં જિલ્લા પંચાયતોમાં મહિલા સભ્યોનું પ્રમાણ આશરે કેટલું હતું?
(A) 37 ટકા (B) 41 ટકા (C) 33 ટકા **(D) 51 ટકા**

18. ગુજરાતમાં જિલ્લા આયોજન મંડળની રચના ક્યારથી થાય છે?
(A) 1961 (B) 1960 (C) 1970 **(D) 1980**

19. જિલ્લા પંચાયતની પ્રથમ બેઠકમાં શું કામકાજ થાય?
(A) અંદાજપત્ર તૈયાર કરવામાં આવે. **(B) પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી થાય.**
(C) વિકાસલક્ષી યોજના તૈયાર કરવામાં આવે. (D) ઉપરોક્ત ત્રણેય

20. જિલ્લા પંચાયતમાં કઈ સમિતિઓ રચવાનું ફરજિયાત છે?
(A) કારોબારી સમિતિ (B) આરોગ્ય સમિતિ (C) શિક્ષણ સમિતિ **(D) ઉપરોક્ત તમામ**

21. નીચેનાં વિધાનો વાંચો:
1. જિલ્લા પંચાયતમાં સાત સમિતિઓની રચના કરવી ફરજિયાત છે.
2. તાલુકા પંચાયતમાં બે સમિતિઓની રચના કરવી ફરજિયાત છે.
3. જિલ્લા પંચાયત પંચાયતી રાજ્યમાં સૌથી ઉપલા સ્તરની વ્યવસ્થા નથી.
4. જિલ્લા પંચાયતમાં રાજ્ય સરકારની પૂર્વ મંજૂરીથી જ કોઈ પણ સમિતિની રચના કરવાની હોય છે.
ઉપરનાંમાંથી શું સાચું છે?
(A) 1, 4 **(B) 1, 2** (C) 2, 4 (D) 3, 4

22. જિલ્લા ફંડમાં કઈ રકમો જમા થઈ શકે છે?
(A) ભાડું (B) મિલકતમાંથી ઊપજ
(C) દંડની રકમ **(D) ઉપરોક્ત તમામ**

23. જિલ્લા ફંડમાં કઈ રકમો જમા થઈ શકે છે?
(A) કરવેરાની આવક (B) રાજ્ય સરકારનું અનુદાન
(C) ફીની આવક **(D) ઉપરોક્ત તમામ**

## 19.5 ગ્રામ સભા

1. ગ્રામ સભાથી ભારતમાં કેવા પ્રકારની શાસન વ્યવસ્થાની શરૂઆત થઈ ગણાય?
(A) પ્રતિનિધિત્વવાળી લોકશાહી (B) પરોક્ષ લોકશાહી **(C) પ્રત્યક્ષ લોકશાહી** (D) A અને C

2. ગુજરાત પંચાયત ધારા-1993 અનુસાર આદિવાસી વિસ્તારોમાં ગ્રામ સભા માટે શી વિશિષ્ટ જોગવાઈઓ છે?
(A) દરેક ગામની એક ગ્રામ સભા હશે.
(B) ગ્રામ સભા લોકોનાં પરંપરાગત રૂઢિ અને રિવાજોનું જતન કરવા સક્ષમ હશે.
(C) ગ્રામ સભા પોતાના રિવાજો પ્રમાણે વિવાદોનો ઉકેલ લાવે.
**(D) ઉપરોક્ત તમામ**

3. ગ્રામ સભામાં ઓછામાં ઓછી કેટલી વ્યક્તિઓની હાજરી અનિવાર્ય છે?
(A) 100 (B) 150 **(C) 50** (D) 15

4. ગ્રામ સભાએ કઈ પ્રવૃત્તિઓની સમીક્ષા કરવાનું કાર્ય કરવાનું હોય છે?
(A) ગોકુળ ગ્રામ યોજના અને સંકલિત ગ્રામ વિકાસ યોજના હેઠળનાં કામો
(B) ગ્રામ પંચાયતનાં કામો
(C) જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી (DRDA) દ્વારા હાથ ધરાયેલાં કામો
**(D) ઉપરોક્ત ત્રણેય**

5. ગુજરાત પંચાયત ધારા-1993 અનુસાર ગ્રામ સભાની પ્રથમ બેઠક દર નાણાકીય વર્ષે ક્યાં સુધીમાં મળવી જોઈએ?
(A) 30મી એપ્રિલ (B) 15મી એપ્રિલ **(C) 31મી મે** (D) 15મી મે

6. ગ્રામ સભાની દરેક નાણાકીય વર્ષની પ્રથમ બેઠકમાં કયા દસ્તાવેજો રજૂ થાય તે જરૂરી છે?
1. પાછલા વર્ષના હિસાબોનું પત્રક
2. પાછલા વર્ષનો વહીવટી અહેવાલ
3. ઓડિટ નોંધ
4. ગ્રામ પંચાયતનું અંદાજપત્ર
ઉપરનાંમાંથી શું સાચું છે?
**(A) '1, 2, 3** (B) 1, 3, 4 (C) 2, 3, 4 (D) 1, 2, 4

7. ગ્રામ સભાની દરેક નાણાકીય વર્ષની બેઠકમાં ગ્રામ પંચાયતે કયા દસ્તાવેજો રજૂ કરવા જરૂરી છે?
1. ઓડિટ અહેવાલની નોંધ
2. ઓડિટ નોંધ ઉપરનાં ગ્રામ પંચાયતના જવાબો
3. પાછલા વર્ષનો વહીવટી અહેવાલ
4. પાછલા વર્ષના હિસાબોનું પત્રક
ઉપરનાંમાંથી શું સાચું છે?
**(A) 1, 2, 3, 4** (B) 3, 4 (C) 1, 2 (D) ફક્ત 3

8. ગ્રામ પંચાયતના હિસાબોના ઓડિટની નોંધ કોને મોકલવામાં આવે છે?
(A) મામલતદાર **(B) ગ્રામ પંચાયત અને તાલુકા પંચાયત**
(C) કલેક્ટર (D) જિલ્લા પંચાયત

9. ગ્રામ પંચાયત ક્યાંથી લોન મેળવી શકે છે?
(A) તાલુકા પંચાયત (B) જિલ્લા પંચાયત (C) રાજ્ય સરકાર **(D) A અને C**

10. ગ્રામ સભાના એજન્ડામાં કયા મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે?
(A) ગ્રામ વિકાસનાં કામોમાં લોકોનો ફાળો.
(B) ગ્રામ વિકાસની યોજનાઓમાં થયેલાં કામોની સમીક્ષા.
(C) અછતનાં કામોની સમીક્ષા.
**(D) A, B અને C**

11. ગુજરાત પંચાયત ધારા-1993 અનુસાર ગ્રામ સભાની અસામાન્ય બેઠક કોણ બોલાવી શકે?
(A) સરપંચ (B) જિલ્લા પંચાયત
(C) તાલુકા પંચાયત **(D) ઉપરનાંમાંથી એકેય નહિ**

12. ગ્રામ સભાનું અધ્યક્ષસ્થાન કોણ સંભાળે છે?
(A) સરપંચ (B) સરપંચ ના હોય તો ઉપસરપંચ
(C) તલાટી-કમ-મંત્રી **(D) A અને B**

13. ગ્રામ સભામાં નિર્ણયો કેવી રીતે લેવાય?
(A) સર્વાનુમતે (B) બે-તૃતીયાંશ બહુમતીથી
**(C) સાદી બહુમતીથી** (D) ત્રણ-ચતુર્થાંશ બહુમતીથી

14. મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજનામાં સામાજિક અન્વેષણ (ઓડિટ) કોણે કરવાનું હોય છે?
(A) તાલુકા પંચાયત **(B) ગ્રામ સભા**
(C) ગ્રામ પંચાયત (D) ગ્રામ પંચાયતની સામાજિક ન્યાય સમિતિ

15. નીચેનાં વિધાનો જુઓ:
   1. દર વર્ષે ગ્રામ સભાની ઓછામાં ઓછી બે બેઠકો ભરવાની રહે છે.
   2. ગ્રામ સભાની બે બેઠકો વચ્ચેનો સમયગાળો ત્રણ મહિના કરતાં ઓછો હોવો જોઈએ નહિ.
   3. ગ્રામ સભામાં જિલ્લા પંચાયતના કોઈ અધિકારી રહી શકે છે.
   4. ગ્રામ સભામાં તાલુકા પંચાયતના કોઈ અધિકારી હાજર રહી શકે છે.

   ગુજરાત પંચાયત ધારા-1993 અનુસાર ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 1, 2, 3 (B) 2, 3, 4 **(C) 1, 2, 3, 4** (D) 2 અને 4

16. ગ્રામ સભા અંગે ગુજરાત પંચાયત ધારા-1993માં નીચેનામાંથી કઈ જોગવાઈઓ કરાઈ છે?
   1. ગ્રામ સભાના અધ્યક્ષ સરપંચ હોય.
   2. સરપંચની ગેરહાજરીમાં ઉપસરપંચ ગ્રામ સભાના અધ્યક્ષ બને.
   3. તાલુકા પંચાયતના કોઈ અધિકારી ગ્રામ સભામાં હાજર રહી શકે અને મત આપી શકે.
   4. સરપંચ અને ઉપસરપંચની ગેરહાજરીમાં પંચાયતના કોઈ સભ્ય ગ્રામ સભાના અધ્યક્ષ બને.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   **(A) 1, 2, 4** (B) 1, 3, 4 (C) 2, 3, 4 (D) 2 અને 4

17. દર વર્ષે ગ્રામ સભાની પ્રથમ બેઠક ક્યારે મળે?

   (A) નાણાકીય વર્ષના પ્રથમ ત્રણ માસમાં **(B) નાણાકીય વર્ષના પ્રથમ બે માસમાં**
   (C) નાણાકીય વર્ષના પ્રથમ છ માસમાં (D) સરપંચ નક્કી કરે ત્યારે

18. ગ્રામ સભાની પ્રથમ બેઠકમાં કયાં કાર્યો થાય?
   1. હિસાબોનું વાર્ષિક પત્રક મૂકાય અને તેના પર ચર્ચા થાય.
   2. પાછલા હિસાબી વર્ષનો વહીવટી અહેવાલ રજૂ થાય અને ચર્ચા થાય.
   3. છેલ્લા ઓડિટની નોંધ રજૂ થાય અને તેના પર ચર્ચા થાય.
   4. તાલુકા પંચાયત નક્કી કરે તે બાબત રજૂ થાય અને તેના પર ચર્ચા થાય.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 2, 4 (B) 2, 3 (C) 1, 2 **(D) 1, 2, 3, 4**

19. ગ્રામ સભા માટે કોરમ શું છે?

   (A) કુલ સભ્યોના 10 ટકા (B) ઓછામાં ઓછા 50 (C) કુલ સભ્યોના 20 ટકા **(D) A અને B**

20. ગ્રામ સભા કયા સ્થાનિક કર્મચારીઓની કામગીરી ચકાસી શકે છે?

   (A) તલાટી (B) ગ્રામ મિત્ર
   (C) ગ્રામ સેવક **(D) ઉપરોક્ત તમામ**

21. ગ્રામ સભાનાં કાર્યો નીચે જણાવ્યાં છે:
   1. તે તલાટીની બદલી કરી શકે છે.
   2. તે તલાટીનો પગાર કાપી શકે છે.
   3. તે તલાટીની કામગીરી વિશેનો ખાનગી અહેવાલ તૈયાર કરી શકે છે.
   4. તે તલાટીની કામગીરી વિશે ચર્ચા કરી શકે છે.

   ઉપરનાંમાંથી શું સાચું નથી?

   (A) 2, 3, 4 (B) 3, 4 **(C) 1, 2, 3** (D) 2, 3

22. "ગ્રામ પંચાયત અને ગ્રામ સભા વચ્ચેનો સંબંધ પ્રધાનમંડળ અને વિધાનસભા જેવો હોવો જોઈએ." - આ વિધાન કોનું છે?

   (A) મહાત્મા ગાંધી **(B) જયપ્રકાશ નારાયણ** (C) સરદાર પટેલ (D) વિનોબા ભાવે

23. ગ્રામ સભા અને ગ્રામ સંસદ એવી બે પ્રકારની જોગવાઈ કયા રાજ્યમાં છે?
(A) મહારાષ્ટ્ર (B) કેરળ **(C) પશ્ચિમ બંગાળ** (D) મેઘાલય
24. કયા વર્ષને ભારત સરકારે ગ્રામ સભા વર્ષ જાહેર કર્યું હતું?
**(A) 1999-2000** (B) 2004-05 (C) 2000-2001 (D) 1993-94
25. કયા નાણાં પ્રધાને તેમના બજેટ પ્રવચનમાં 'ગ્રામ સભા વર્ષ'ની ઉજવણીની જાહેરાત કરી હતી?
(A) મનમોહનસિંહ (B) પી. ચિદંબરમ **(C) યશવંત સિંહા** (D) જશવંતસિંહ

## 19.6 આદિવાસી વિસ્તારોની પંચાયતો

1. અનુસૂચિત વિસ્તારોની પંચાયતો માટેની જોગવાઈઓ શાની સાથે સુસંગત હોવી જોઈએ?
(A) પરંપરાગત કાયદા
(B) સામાજિક અને ધાર્મિક આચાર
(C) સામૂહિક સંપત્તિનો પરંપરાગત રીતે ઉપયોગ કરવાની પ્રણાલી
**(D) ઉપરોક્ત તમામ**
2. અનુસૂચિત વિસ્તારોમાં યોગ્ય સ્તરની પંચાયત કે ગ્રામ સભાને કઈ સત્તા આપવામાં આવી છે?
(A) ગૌણ ખનિજો મેળવવા માટે લાયન્સ કે ભાડાપટા આપવા.
(B) ગૌણ વન પેદાશો પરની માલિકી.
(C) A અને B માંથી એકેય નહિ.
**(D) A અને B બંને**
3. PESA (અનુસૂચિત વિસ્તારોમાં પંચાયતોનું વિસ્તરણ) શા માટે ઘડાયો?
(A) 73મો બંધારણ સુધારો અનુસૂચિ-5ના વિસ્તારોમાં લાગુ પાડવા.
**(B) આદિવાસી વિસ્તારોમાં પંચાયતો માટે વિશેષ જોગવાઈ કરવા.**
(C) અનુસૂચિ-5 રદ કરવા.
(D) બંધારણની અનુસૂચિ-6ના વિસ્તારોમાં પંચાયતોની રચના કરવા.
4. પંચાયતોની જોગવાઈઓ (અનુસૂચિત વિસ્તારોમાં વિસ્તરણ) ધારો-1996 આદિવાસી વિસ્તારો માટે કઈ વિશેષ જોગવાઈ કરે છે?
(A) ગૌણ વન પેદાશ પરની ગ્રામ સભાની માલિકી.
(B) ગામની બજાર વ્યવસ્થાનું સંચાલન ગ્રામ સભા કરે.
(C) આદિવાસીઓને નાણાં ધીરનાર પર ગ્રામ સભાનું નિયંત્રણ.
**(D) ઉપરોક્ત તમામ**
5. અનુસૂચિત વિસ્તારોમાં ગ્રામ સભા શાનું પ્રમાણપત્ર આપે છે?
(A) સામાજિક વિકાસના ભંડોળની વપરાશનું (B) આર્થિક વિકાસના ભંડોળની વપરાશનું
(C) ઉપરનાંમાંથી એકેય નહિ. **(D) A અને B બંને**
6. અનુસૂચિત વિસ્તારોની પંચાયતોના કિસ્સામાં નીચેનાંમાંથી શું સાચું છે?
1. ગ્રામ સભા જમીનની તબદીલી થતી રોકવાનો અધિકાર ધરાવી શકે.
2. દરેક ગામની એક ગ્રામ સભા હોય.
3. ગ્રામ સભા ગરીબી નિવારણના કાર્યક્રમોના લાભાર્થીઓ નક્કી કરે.
4. તમામ સ્તરે અધ્યક્ષોની બધી જ બેઠકો આદિવાસીઓ માટે અનામત.
(A) 2, 4 **(B) 1, 2, 3, 4** (C) 1, 3 (D) 3, 4

7. દેશના અનુસૂચિત વિસ્તારો માટે પંચાયતોની વિશિષ્ટ જોગવાઈ કરતો કાયદો ક્યારે થયો?
   (A) 1992 (B) 1993 **(C) 1996** (D) 1997
8. કઈ સમિતિની ભલામણોને આધારે દેશના અનુસૂચિત વિસ્તારો માટે પંચાયતોની વિશિષ્ટ જોગવાઈ કરતો કાયદો થયો?
   **(A) ભુરિયા સમિતિ** (B) અશોક મહેતા સમિતિ
   (C) બળવંતરાય મહેતા સમિતિ (D) ઉપરનાંમાંથી એકેય નહિ.
9. ગુજરાતના આદિવાસી વિસ્તારો માટે પંચાયતોની વિશિષ્ટ જોગવાઈઓ કેવી રીતે કરવામાં આવી છે?
   (A) ગુજરાત પંચાયત ધારો- 1961માં સુધારો કરાયો.
   **(B) ગુજરાત પંચાયત ધારો-1993માં સુધારો કરાયો.**
   (C) ગુજરાત પંચાયત ધારામાં સુધારા માટે સમિતિની રચના કરાઈ.
   (D) ઉપરોક્ત તમામ
10. આદિવાસી વિસ્તારો માટે ગામની વ્યાખ્યા શું છે?
   (A) ગામ એટલે ગ્રામ પંચાયતનો એવો વિસ્તાર કે જ્યાં તેની હકૂમત હોય.
   **(B) ગામ એટલે એવાં વસાહત, વસાહતોનો સમૂહ, પરાં કે પરાંનો સમૂહ કે જેમાં વસતો સમાજ પોતાના આચાર-વ્યવહાર પરંપરાગત રૂઢિઓ અને રિવાજો અનુસાર કરતો હોય છે.**
   (C) ગામ એટલે એવા લોકોનો સમૂહ કે જે પરંપરાગત રૂઢિઓ અને રિવાજો અનુસાર આચાર-વ્યવહાર કરે.
   (D) ગામ એટલે એવાં વસાહત, વસાહતોનો સમૂહ અને પરાં કે પરાંનો સમૂહ કે જેમાં ગ્રામ પંચાયતની હકૂમત હોય.
11. બંધારણની કઈ અનુસૂચિ હેઠળ આદિવાસી વિસ્તારો ઘોષિત કરવામાં આવ્યા છે?
   (A) અનુસૂચિ - 5 (B) અનુસૂચિ-6
   **(C) અનુસૂચિ-5 અને અનુસૂચિ-6** (D) અનુસૂચિ-11 અને અનુસૂચિ-12
12. ભારતમાં આદિવાસી વિસ્તારો કયા કહેવાય છે?
   (A) અનુસૂચિ-5માં સમાવાયેલા વિસ્તારો. (B) અનુસૂચિ-6માં સમાવાયેલા વિસ્તારો.
   **(C) ઉપરોક્ત બંને.** (D) ઉપરનાંમાંથી એકેય નહિ.
13. ગુજરાત પંચાયત ધારા-1993 અનુસાર આદિવાસી વિસ્તારોમાં ગ્રામ સભા માટે શી વિશિષ્ટ જોગવાઈઓ કરાઈ છે?
   (A) ગ્રામ સભા ગરીબી નિવારણના અને અન્ય કાર્યક્રમો હેઠળના લાભાર્થીઓ નક્કી કરવા માટે જવાબદાર રહેશે.
   (B) ગ્રામ પંચાયતે સામાજિક અને આર્થિક વિકાસનાં આયોજનો, કાર્યક્રમો અને યોજનાઓ માટેના ભંડોળની વપરાશ અંગેનું પ્રમાણપત્ર ગ્રામ સભા પાસેથી લેવાનું રહેશે.
   (C) ગ્રામ સભા સામાજિક અને આર્થિક વિકાસના કાર્યક્રમો અમલમાં મૂકાય તે પહેલાં તેમને મંજૂરી આપશે.
   **(D) ઉપરોક્ત તમામ.**
14. આદિવાસી વિસ્તારોમાં આદિવસીઓની સાંસ્કૃતિક ઓળખ અને સામૂહિક સંપત્તિનું જતન કરવાની કામગીરી કોની છે?
   **(A) ગ્રામ સભા** (B) ગ્રામ પંચાયત (C) તાલુકા પંચાયત (D) જિલ્લા પંચાયત
15. અનુસૂચિત વિસ્તારોમાં પંચાયતોનું વિસ્તરણ (PESA) કાયદા હેઠળ લોકોના વિસ્થાપન અને પાણીનાં કામોના આયોજન અંગે શી જોગવાઈ છે?
   1. વિકાસની યોજનાઓ માટે જમીન સંપાદન કરતાં પહેલાં રાજ્ય સરકાર ગ્રામ સભા સાથે મસલત કરે.
   2. વિકાસની યોજનાઓ માટે જમીન સંપાદન કરતાં પહેલાં રાજ્ય સરકાર યોગ્ય સ્તરની પંચાયત સાથે મસલત કરે.
   3. વિકાસ યોજનાઓને લીધે વિસ્થાપિત થયેલા લોકોના પુનર્સ્થાપન માટે જમીન સંપાદન કરતાં પહેલાં ગ્રામ સભા સાથે રાજ્ય સરકાર મસલત કરે.
   4. વિકાસ યોજનાઓને લીધે વિસ્થાપિત થયેલા લોકોના પુનર્સ્થાપન માટે જમીન સંપાદન કરતાં પહેલાં યોગ્ય સ્તરની પંચાયત સાથે રાજ્ય સરકાર મસલત કરે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3, 4** (B) 1, 3 (C) 2, 4 (D) 4

16. આદિવાસી વિસ્તારોની ગ્રામ પંચાયતો માટે નીચેનાંમાંથી શું સાચું નથી?

**(A) તે ગૌણ વન પેદાશો પરની માલિકી ધરાવતી નથી.**

(B) તેને ગામની બજાર વ્યવસ્થાનું સંચાલન કરવાની સત્તા છે.

(C) આદિવાસીઓને વ્યાજે નાણાં ધીરનાર ઉપર નિયંત્રણની તેને સત્તા છે.

(D) તેને નશાબંધી લાદવાની સત્તા છે.

17. ગુજરાત પંચાયત ધારા-1993માં રાજ્યના આદિવાસી વિસ્તારો માટે સુધારા કરતો વટહુકમ ક્યારે બહાર પડાયો હતો?

(A) 1998 **(B) 1997** (C) 1994 (D) 1999

18. ગુજરાત ગૌણ વન પેદાશ વ્યાપાર રાષ્ટ્રીયકરણ ધારા-1979 હેઠળ કેટલી ગૌણ પેદાશો જણાવાઈ છે?

(A) 17 (B) 117 **(C) 13** (D) 112

19. આદિવાસી વિસ્તારોમાં ગામની હકૂમતમાં આવેલા હોય તેવા વન વિસ્તારમાંથી મળતી ગૌણ વન પેદાશો ક્યાં નિહિત થાય?

(A) તાલુકા વિકાસ અધિકારી **(B) ગ્રામ પંચાયતનું ગામ ફંડ**

(C) મામલતદારની કચેરી (D) ઉપરોક્ત ત્રણેય

20. કયા વિસ્તારોમાંથી મળતી ગૌણ વન પેદાશો ગ્રામ પંચાયતમાં નિહિત થાય છે?

**(A) ગામની હકૂમતમાં હોય તેવો વન વિસ્તાર** (B) રાષ્ટ્રીય ઉપવનો

(C) અભયારણ્યો (D) ઉપરોક્ત ત્રણેય

21. ગ્રામ પંચાયત કક્ષાએ ગૌણ વન પેદાશોના વહીવટ અંગેની સમિતિના અધ્યક્ષ કોણ હોય છે?

(A) વન વિકાસ સમિતિના પ્રમુખ **(B) સરપંચ**

(C) તલાટી (D) સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ

22. આદિવાસી વિસ્તારોમાં પંચાયતી રાજ બાબતે નીચેનાં વિધાનો જુઓ:

1. ગ્રામ પંચાયતો માટે જળાશયોનું આયોજન કરવું અને તેમની વ્યવસ્થા કરવી એ તેની ફરજ છે.
2. ગ્રામ સભા ગરીબી નિવારણના કાર્યક્રમોના લાભાર્થી નક્કી કરે.
3. ગ્રામ પંચાયતે સામાજિક અને આર્થિક વિકાસની યોજનાને મંજૂરી આપવાની છે.
4. વન વિસ્તારની જમીન ગ્રામ પંચાયતમાં નિહિત થાય છે.

ઉપરનાંમાંથી કયાં વિધાનો સાચાં છે?

(A) 1, 2, 4 **(B) 1, 2** (C) 2, 3, 4 (D) 2, 4

23. ગુજરાતમાં આદિવાસી વિસ્તારોની પંચાયતો માટે કયા કાયદામાં સુધારા કરાયા ?

1. ગુજરાત પંચાયત ધારો-1993
2. ગુજરાત ગૌણ વન પેદાશ વ્યાપાર રાષ્ટ્રીયકરણ ધારો-1979
3. મુંબઈનો નાણાંની ધીરધાર કરનારાઓ બાબતનો અધિનિયમ-1946
4. મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ-1879

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 4 (B) 1, 2 **(C) 1, 3, 4** (D) 3, 4

24. નાણાં ધીરધાર કરનાર કોઈ પણ આદિવાસી વિસ્તારમાં રહેતા કોઈ પણ આદિવાસીને કોની પૂર્વમંજૂરી વિના નાણાં ધીરી શકે નહિ?

**(A) ગ્રામ પંચાયત** (B) તાલુકા પંચાયત (C) મામલતદાર (D) કલેક્ટર

25. તમામ આદિવાસી વિસ્તારોની ગ્રામ પંચાયતના સરપંચો કોણ હોય?

**(A) માત્ર આદિવાસી જ** (B) આદિવાસી વિસ્તારમાં રહેનાર કોઈ પણ વ્યક્તિ

(C) ઉપરોક્ત બંને (D) A અને Bમાંથી એકેય નહિ

26. ગૌણ વન પેદાશોના સંદર્ભમાં કયા સ્તરે સમિતિ રચવાની હોય છે?
(A) ગ્રામ પંચાયત (B) જિલ્લા પંચાયત (C) તાલુકા પંચાયત **(D) A અને C**

27. તાલુકા કક્ષાની ગૌણ વન પેદાશ સમિતિના અધ્યક્ષ કોણ હોય છે?
(A) મામલતદાર **(B) તાલુકા વિકાસ અધિકારી**
(C) તાલુકા પંચાયતના પ્રમુખ (D) તાલુકાની સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ

28. ગ્રામ પંચાયત કક્ષાની ગૌણ વન પેદાશ સમિતિના અધ્યક્ષ કોણ છે?
(A) તલાટી (B) જિલ્લાની સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ
**(C) સરપંચ** (D) ઉપસરપંચ

29. ગુજરાતમાં અનુસૂચિત વિસ્તારોમાં કઈ ગ્રામ પંચાયતોમાં સરપંચનો હોદ્દો આદિવાસીઓ માટે અનામત નથી?
(A) જ્યાં 25 ટકા કરતાં વધારે વસ્તી આદિવાસી હોય.
(B) જ્યાં 50 ટકા કરતાં વધારે વસ્તી બિન-આદિવાસી હોય.
(C) જ્યાં 60 ટકા કરતાં વધારે વસ્તી બિન-આદિવાસી હોય.
**(D) જ્યાં 75 ટકા કરતાં વધારે વસ્તી બિન-આદિવાસી હોય.**

30. ગુજરાતમાં આદિવાસી વિસ્તારોમાં કેટલી વસ્તી હોય તો અલગ ગ્રામ પંચાયત રચી શકાય છે?
(A) 1000 **(B) 500** (C) 1500 (D) 10,000

31. ભારતમાં કેટલાં રાજ્યોમાં બંધારણની અનુસૂચિ-5 હેઠળના આદિવાસી વિસ્તારો છે?
**(A) 8** (B) 10 (C) 15 (D) 20

32. આદિવાસી વિસ્તારોમાં સરપંચની અનામત અંગેની જોગવાઈમાં ફેરફાર કરતું જાહેરનામું ગુજરાતમાં ક્યારે બહાર પડાયું?
(A) 2003 (B) 2002 (C) 2004 **(D) 2001**

## 19.7 સામાજિક ન્યાય સમિતિ

1. સામાજિક ન્યાય સમિતિઓની સ્થાપના કરવાની ભલામણ કઈ સમિતિએ કરી હતી?
(A) રિખવદાસ શાહ સમિતિ **(B) ઝીણાભાઈ દરજી સમિતિ**
(C) બળવંતરાય મહેતા સમિતિ (D) અશોક મહેતા સમિતિ

2. ગુજરાત પંચાયત ધારા-1993ની કઈ કલમ અનુસાર ગ્રામ પંચાયતમાં સામાજિક ન્યાય સમિતિની રચના થાય છે?
(A) કલમ - 123 (B) કલમ - 124 **(C) કલમ - 92** (D) કલમ - 102

3. ગ્રામ પંચાયતની સામાજિક ન્યાય સમિતિમાં વધુમાં વધુ કેટલા સભ્યો હોય છે?
(A) 10 (B) 15 **(C) 5** (D) 3

4. સામાજિક ન્યાય સમિતિઓની મુદત કેટલી હોય છે?
**(A) પંચાયતની મુદત જેટલી** (B) 5 વર્ષ
(C) 5વર્ષથી ઓછી (D) નિમણૂક થાય તે તારીખથી 3વર્ષ

5. સામાજિક ન્યાય સમિતિએ કયા નબળા વર્ગો માટે કામ કરવાનું છે?
(A) અનુસૂચિત જાતિ (B) નાના અને સીમાંત ખેડૂતો
(C) નિરાધાર કુટુંબો **(D) ઉપરોક્ત ત્રણેય**

6. ગુજરાત પંચાયત ધારાની કઈ કલમ અનુસાર જિલ્લા પંચાયતમાં સામાજિક ન્યાય સમિતિની રચના થાય છે?
(A) કલમ - 92 **(B) કલમ - 145** (C) કલમ -198 (D) કલમ- 155

7. ગ્રામ પંચાયતની સામાજિક ન્યાય સમિતિમાં કોણ સભ્ય બની શકે છે?
1. ગ્રામ પંચાયતમાં ચૂંટાયેલા સભ્ય

2. વાલ્મીકિ સમુદાયના સભ્ય
3. અનુસૂચિત જાતિના સભ્ય
4. અનુસૂચિત જનજાતિના સભ્ય

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2 (B) 3, 4 **(C) 1, 2, 3, 4** (D) 2, 4

8. ગુજરાત પંચાયત ધારા-1993ની કઈ કલમ અનુસાર તાલુકા પંચાયતમાં સામાજિક ન્યાય સમિતિની રચના થાય છે?

(A) કલમ - 92 (B) કલમ - 125 (C) કલમ - 145 **(D) કલમ - 123**

9. ગ્રામ પંચાયતની સામાજિક ન્યાય સમિતિનું કાર્ય શું છે?

1. સમાજના નબળા વર્ગોને થતા અન્યાયના અને તેમની પ્રત્યે રખાતા ભેદભાવના કિસ્સા તપાસવા.
2. સમાજના નબળા વર્ગોની સામાજિક અને નૈતિક ઉન્નતિને ઉત્તેજન આપવું.
3. અસ્પૃશ્યતા નિવારણ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું.
4. નબળા વર્ગોને શિક્ષણ આપવું.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 3 (B) 1, 3 **(C) 1, 2, 3, 4** (D) 3, 4

10. સામાજિક ન્યાય સમિતિઓએ કયા નબળા વર્ગો માટે કામ કરવાનું છે?

(A) અનુસૂચિત જનજાતિ (B) વિચરતી જાતિ (C) ગામડાંના કારીગરો **(D) ઉપરોક્ત ત્રણેય**

11. તાલુકા પંચાયતની સામાજિક ન્યાય સમિતિ વિશેનાં નીચેનાં વિધાનો વાંચો:

1. સમિતિમાં પાંચથી વધુ નહિ તેટલા સભ્યો હોય.
2. તાલુકા પંચાયત કોઈ મતદારની નિમણૂક સમિતિમાં કરી શકે અને એ રીતે નિમાયેલી વ્યક્તિ મત પણ આપી શકે.
3. તેની મુદત તાલુકા પંચાયત જેટલી જ હોય છે.
4. તાલુકા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના સચિવ તરીકે તાલુકા પંચાયતના પ્રમુખ કાર્ય કરે છે.

ઉપરનાંમાંથી કયાં વિધાનો ખોટાં છે?

(A) 1, 4 **(B) 2, 4** (C) 3, 4 (D) 1, 3

12. જિલ્લા પંચાયતની સામાજિક ન્યાય સમિતિ વિશે નીચે આપેલાં વિધાનો જુઓ:

1. સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ તેના સભ્યોમાંથી જ હોય.
2. સામાજિક ન્યાય સમિતિની મુદત જિલ્લા પંચાયત જેટલી જ હોય છે.
3. સામાજિક ન્યાય સમિતિમાં સમિતિના સભ્યો સિવાય કોઈ હાજર રહી શકે નહિ.
4. સામાજિક ન્યાય સમિતિએ અસ્પૃશ્યતા નિવારણ માટે કાર્ય કરવાનું છે.

ઉપરનાંમાંથી કયાં વિધાનો સાચાં છે?

**(A) 1, 2, 4** (B) 1, 2, 3, 4 (C) 1, 2 (D) 3, 4

13. સામાજિક ન્યાય નિધિ વિશેનાં કેટલાંક વિધાનો નીચે આપેલાં છે?

1. આ નિધિમાંથી અનુસૂચિ જાતિઓના કલ્યાણ માટે જ નાણાં વાપરી શકાય.
2. આ નિધિમાંથી કોઈ નાણાકીય વર્ષમાં રકમ ન વપરાય તો તે રકમ આગલા વર્ષે આગળ ખેંચાય.
3. જિલ્લા પંચાયતના અંદાજપત્રમાં સામાજિક ન્યાય નિધિની જોગવાઈ થાય તે જોવાની જવાબદારી કલેક્ટરની છે.
4. સામાજિક ન્યાય નિધિનો ઉપયોગ અન્ય પછાત વર્ગોના કલ્યાણ માટે કરી શકાય છે.

ઉપરનાંમાંથી કયાં વિધાનો ખોટાં છે?

**(A) 1, 3** (B) 1, 4 (C) 2, 3 (D) 1, 3, 4

14. સામાજિક ન્યાય નિધિની જોગવાઈ જિલ્લા પંચાયતના અંદાજપત્રમાં થાય તે જોવાની જવાબદારી કોની છે?
(A) જિલ્લા પંચાયતના પ્રમુખ (B) કલેક્ટર (C) A અને B બંને **(D) જિલ્લા વિકાસ અધિકારી**

15. સામાજિક ન્યાય નિધિમાંથી અનુસૂચિત જાતિઓ માટે કેટલી રકમ ફાળવવાની અનિવાર્ય છે?
**(A) ઓછામાં ઓછી 6 ટકા** (B) 6 ટકા સુધી
(C) જિલ્લાની અનુસૂચિત જાતિની વસ્તી મુજબ (D) 7 ટકા સુધી

16. કયા સ્તરની સામાજિક ન્યાય સમિતિ પોતાના સભ્યોમાંથી પેટા સમિતિની નિમણૂક કરી શકે છે?
(A) ગ્રામ પંચાયત (B) તાલુકા પંચાયત (C) રાજ્ય સરકાર **(D) જિલ્લા પંચાયત**

17. સામાજિક ન્યાય નિધિની સ્થાપના કયા સ્તરે ફરજિયાત છે?
(A) રાજ્ય સરકાર (B) તાલુકા પંચાયત **(C) જિલ્લા પંચાયત** (D) ગ્રામ પંચાયત

18. સામાજિક ન્યાય નિધિની રચના શામાંથી થાય છે?
(A) જિલ્લા પંચાયતની સ્વભંડોળની આવક
(B) જિલ્લા પંચાયતની કુલ આવક
(C) જિલ્લા પંચાયતને રાજ્ય સરકાર તરફથી મળેલું અનુદાન
**(D) જિલ્લા પંચાયતની સ્વભંડોળની ચોખ્ખી આવક**

19. સામાજિક ન્યાય નિધિમાંથી આર્થિક યોજનાઓ માટે કેટલી રકમ વાપરી શકાય?
(A) 50 ટકા (B) 20 ટકા **(C) 40 ટકા** (D) 60 ટકા

20. સામાજિક ન્યાય નિધિમાંથી બક્ષી પંચની કોમો માટે કેટલી રકમની જોગવાઈ કરવી અનિવાર્ય છે?
(A) 8 ટકા (B) 70 ટકા **(C) 7 ટકા** (D) 80 ટકા

21. જિલ્લા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના નિર્ણયથી નારાજ થયેલી કોઈ વ્યક્તિ કેટલા દિવસમાં કોને અપીલ કરી શકે છે?
(A) 30 દિવસમાં જિલ્લા પંચાયતને (B) 60 દિવસમાં કલેક્ટરને
**(C) 60 દિવસમાં રાજ્ય સરકારને** (D) 30 દિવસમાં કલેક્ટરને

22. તાલુકા પંચાયતની સામાજિક ન્યાય સમિતિની મુદત કેટલી હોય છે?
(A) 5 વર્ષ (B) 2 વર્ષ
**(C) તાલુકા પંચાયતની મુદત જેટલી** (D) 3 વર્ષ

23. ગ્રામ પંચાયતની સામાજિક ન્યાય સમિતિના નિર્ણયથી નારાજ વ્યક્તિએ કોને અપીલ કરવી પડે છે?
**(A) તાલુકા પંચાયતની સામાજિક ન્યાય સમિતિ** (B) જિલ્લા પંચાયતની સામાજિક ન્યાય સમિતિ
(C) મામલતદાર (D) કલેક્ટર

## 19.8 ગૌચર

1. ગુજરાત સરકારે નક્કી કરેલા ધોરણ અનુસાર દરેક ગ્રામ પંચાયતમાં ગૌચર માટે કેટલી જમીન હોવી જોઈએ?
(A) 100 ઢોર માટે 20 એકર **(B) 100 ઢોર માટે 40 એકર**
(C) 40 ઢોર માટે 100 એકર (D) 80 ઢોર માટે 100 એકર

2. જંગલ વિસ્તાર નજીક હોય તો ગૌચર માટે સરકારી ધોરણ અનુસાર કેટલી જમીન હોવી જોઈએ?
(A) 100 ઢોર માટે 60 એકર (B) 80 ઢોર માટે 40 એકર
(C) 100 ઢોર માટે 20 એકર **(D) 100 ઢોર માટે 40 એકર**

3. કયા કાયદા હેઠળ ગૌચરની માલિકી રાજ્ય સરકારની છે?
**(A) જમીન મહેસૂલ ધારો** (B) ગુજરાત પંચાયત ધારો
(C) જમીન સંપાદન ધારો (D) ઉપરમાંથી એકેય નહિ

4. ગૌચર ઉપરનું દબાણ દૂર કરવાની સત્તા કોની છે?
(A) રાજ્ય સરકાર (B) જિલ્લા પંચાયત **(C) ગ્રામ પંચાયત** (D) તાલુકા પંચાયત
5. ગૌચરની જમીન કયા લોકોને ખેડાણ માટે આપી શકાય?
(A) અનુસૂચિત જાતિ (B) અનુસૂચિત જનજાતિ
(C) અન્ય પછાત વર્ગો **(D) ઉપરોક્ત ત્રણેય**
6. ગ્રામ પંચાયત ગૌચર ઉપરનાં દબાણો દૂર ના કરી શકે તો તે દૂર કરવાની સત્તા કોને છે?
(A) વિકાસ કમિશનર (B) કલેક્ટર
(C) જિલ્લા વિકાસ અધિકારી **(D) તાલુકા વિકાસ અધિકારી**
7. ગૌચર ઉપરનું દબાણ હટાવવા કયા કાયદાનો ઉપયોગ થઈ શકે?
1. ગુજરાત પંચાયત ધારો
2. જમીન મહેસૂલ ધારો
3. ફોજદારી કાર્યવાહી ધારો
4. ગુજરાતનો જાહેર મિલકતો અનધિકૃત કબજો ખાલી કરાવવા બાબતના ધારો
ઉપરનાંમાંથી શું સાચું છે?
**(A) 1, 2, 3, 4** (B) 1, 2, 3 (C) 2, 4 (D) 1, 4
8. ગૌચરની જમીન કેવી રીતે વધારી શકાય?
(A) ગ્રામ પંચાયત ઠરાવ કરીને તાલુકા વિકાસ અધિકારી સમક્ષ માગણી કરે.
(B) ગ્રામ સભા ઠરાવ કરીને જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ માગણી કરે.
**(C) ગ્રામ પંચાયત ઠરાવ કરીને કલેક્ટર સમક્ષ માગણી કરે.**
(D) ગ્રામ પંચાયત ઠરાવ કરીને વિકાસ કમિશનર સમક્ષ માગણી કરે.
9. ગૌચર અનામત રાખવાનું ધોરણ કોને લાગુ પડે છે?
(A) ગ્રામ પંચાયત (B) નગરપાલિકા
(C) મહાનગરપાલિકા **(D) ઉપરોક્ત તમામ**
10. ગૌચરની જમીન ગ્રામ પંચાયત પાસેથી કોણ પરત લઈ શકે?
**(A) કલેક્ટર** (B) મામલતદાર
(C) જિલ્લા વિકાસ અધિકારી (D) તાલુકા વિકાસ અધિકારી
11. રાજ્ય સરકાર ગૌચરની જમીન ઉદ્યોગોને ક્યારે આપી શકે?
(A) નિર્ધારિત કરતાં ગૌચર ઓછું હોય તો પણ.
(B) નિર્ધારિત ધોરણ કરતાં ગૌચર વધારે હોય ત્યારે.
(C) ગ્રામ પંચાયત ઠરાવ કરીને મંજૂરી આપે ત્યારે.
**(D) A અને C**
12. ગૌચર ઉપરનાં દબાણના કિસ્સામાં કયા કાયદા હેઠળ પોલિસ ફરિયાદ થાય?
(A) ભારતીય દંડ સંહિતા (B) ફોજદારી કાર્યવાહી અધિનિયમ
**(C) મુંબઈ જિલ્લા પોલિસ ધારો** (D) ઉપરનાંમાંથી એકેય નહિ
13. ગૌચરની જમીન અન્ય હેતુ માટે વાપરવા અગાઉ કોની મંજૂરી જરૂરી છે?
(A) તાલુકા પંચાયત (B) ગ્રામ સભા **(C) ગ્રામ પંચાયત** (D) જિલ્લા પંચાયત
14. ગ્રામ પંચાયતોમાં કેટલી જમીન 100 ઢોર દીઠ ગૌચર માટે નીમ કરવાનું ધોરણ નક્કી થયેલું છે?
(A) 100 એકર (B) 50 એકર **(C) 40 એકર** (D) 80 એકર

15. ગ્રામ વિસ્તારોમાં જંગલ વિસ્તાર નજીક હોય ત્યાં કેટલી જમીન 100 ઢોરદીઠ ગૌચર માટે નીમ કરવાનું ધોરણ છે?
(**A) 20 એકર** (B) 60 એકર (C) 40 એકર (D) 80 એકર
16. ગૌચરમાં ઢોર ચરાવવાના હકોનું નિયંત્રણ કોણ કરે છે?
(A) ટીડીઓ **(B) કલેક્ટર** (C) મામલતદાર (D) ડીડીઓ
17. ગૌચર જમીનનો હેતુફેર કરવાની સત્તા કોને છે?
(A) તાલુકા વિકાસ અધિકારી (B) જિલ્લા વિકાસ અધિકારી
**(C) કલેક્ટર** (D) વિકાસ કમિશનર
18. ગૌચરની વેચાયેલી જમીન પાછી મેળવવાની સત્તા કોની પાસે છે?
**(A) કલેક્ટર** (B) તાલુકા વિકાસ અધિકારી
(C) વિકાસ કમિશનર (D) જિલ્લા વિકાસ અધિકારી

## 19.9 નાણાં પંચ અને પંચાયતોની નાણાકીય વ્યવસ્થા

1. રાજ્ય નાણાં પંચની નિમણૂક કોણ કરે છે?
(A) વિધાનસભા **(B) રાજ્યપાલ** (C) મુખ્ય પ્રધાન (D) ઉપરમાંથી એકેય નહિ
2. રાજ્ય નાણા પંચ કોની નાણાકીય સ્થિતિની સમીક્ષા કરે છે?
(A) પંચાયતો **(B) પંચાયતો, પાલિકાઓ અને રાજ્ય સરકાર**
(C) પાલિકાઓ અને રાજ્ય સરકાર (D) રાજ્ય સરકાર અને પંચાયતો
3. રાજ્ય નાણાં પંચ કોને તેની ભલામણો સુપરત કરે છે?
**(A) રાજ્યપાલ** (B) પંચાયત પ્રધાન
(C) મુખ્ય પ્રધાન (D) વિધાનસભાના અધ્યક્ષ
4. રાજ્ય નાણાં પંચ કઈ બાબતો વિશે ભલામણ કરે છે?
   1. રાજ્ય સરકાર દ્વારા લાદવામાં આવેલા વેરાની ચોખ્ખી આવકમાંથી પંચાયતો તથા પાલિકાઓ અને રાજ્ય સરકાર વચ્ચે વહેંચણી
   2. રાજ્યના એકત્રિત ભંડોળમાંથી અનુદાન
   3. પંચાયતોની નાણાકીય સ્થિતિ સુધારવા માટે જરૂરી પગલાં
   4. પંચાયતોને સોંપવામાં આવેલા વેરાનો ઉપયોગ

   ઉપરનાંમાંથી શું સાચું છે?
(A) 1, 2 અને 3 (B) 3 અને 4 **(C) 1, 2, 3, 4** (D) 1 અને 2
5. રાજ્ય નાણાં પંચના સંદર્ભમાં રાજ્યપાલની જવાબદારી શું છે?
(A) તેઓ રાજય નાણાં પંચની નિમણૂક કરે છે.
(B) નાણાં પંચની ભલામણો વિધાનસભા સમક્ષ રજૂ થાય તે જુએ છે.
(C) વિધાનસભા સમક્ષ નાણાં પંચ પરનો પગલાં અહેવાલ રજૂ થાય તે તેઓ જુએ છે.
**(D) ઉપરોક્ત ત્રણેય**
6. ભારતના બંધારણમાં કઈ કલમમાં રાજ્ય નાણાં પંચની જોગવાઈ કરવામાં આવી છે?
(A) કલમ-243આઈ **(B) કલમ-243આઈ અને કલમ-243વાય**
(C) કલમ-243વાય (D) કલમ-243આઈ અને કલમ-243સી

7. જોડકાં જોડો:

| | |
|---|---|
| 1. પંચાયતને સોંપાયેલું કામ | (a) રાજ્યના એકત્રિત ભંડોળમાંથી પંચાયતોને અનુદાન |
| 2. પંચાયતોની વેરા નાખવાની સત્તા | (b) જાહેર વિતરણ વ્યવસ્થા અંગે |
| 3. રાજ્ય નાણાં પંચનું કાર્ય | (c) રાજ્યની વિધાનસભા નક્કી કરે. |
| 4. પંચાયતની સત્તા | (d) સામાજિક ન્યાય માટેની યોજનાની તૈયારી |

ઉપરનાંમાંથી કયાં સાચાં છે?

(A) 1-a, 2-c, 3-d, 4-b
(B) 1-d, 2-c, 3-b, 4-a
**(C) 1-b, 2-c, 3-a, 4-d**
(D) 1-c, 2-a, 3-d, 4-b

8 રાજ્ય નાણાં પંચ અંગે કઈ સમસ્યા ઊભી થઈ છે?

1. તેના અહેવાલમાંની તમામ ભલામણો અમલ થતો નથી.
2. તેની નિમણૂક સમયસર થતી નથી.
3. તેમાં પૂરતા સભ્યોની નિમણૂક કરવામાં આવતી નથી.
4. તેમાં પૂરતો સ્ટાફ નીમવામાં આવતો નથી.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 2, 4 (B) 1, 2 **(C) 1, 2, 3 અને 4** (D) 1, 2, 3

9. પંચાયતો કઈ નાણાકીય સમસ્યાઓથી પિડાય છે?

1. પંચાયતો પોતે પૂરતાં વેરા-ફી ઉઘરાવતી નથી.
2. પંચાયતોને રાજ્ય સરકાર પાસેથી ઓછું અનુદાન મળે છે.
3. પંચાયતોને મળતું અનુદાન શરતી અનુદાન છે.
4. પંચાયતોને અનુદાન મળવામાં વિલંબ થાય છે.

(A) 1, 2, 3 (B) 2, 3 **(C) 1, 2, 3, 4** (D) 3, 4

10. દસમા નાણાં પંચે પંચાયતોને કેટલું અનુદાન આપવાની ભલામણ કરી હતી?

(A) રૂ. 1,600 કરોડ
(B) રૂ. 20,000 કરોડ
**(C) 1971ની વસ્તી ગણતરીને આધારે ગ્રામીણ વસ્તીને ધ્યાનમાં લઈને માથાદીઠ રૂ. 100**
(D) ઉપરનાંમાંથી એકેય નહિ

11. કેન્દ્ર સરકારે કોની ભલામણથી પંચાયતોને અનુદાન આપવાની શરૂઆત કરી?

(A) સંસદનો ઠરાવ
(B) આયોજન પંચ
(C) કેન્દ્રીય પ્રધાનમંડળની આર્થિક બાબતોની સમિતિ
**(D) 10મું નાણાં પંચ**

12. રાજ્ય નાણાં પંચો માટે 12મા નાણાં પંચે શી ભલામણો કરી?

(A) રાજ્ય નાણાં પંચની ભલામણોનો રાજ્ય સરકારો અમલ કરે.
(B) આવક અને ખર્ચની આકારણીમાં રાજ્ય સરકારો યોગ્ય હિસાબી પદ્ધતિ અપનાવે.
(C) **ઉપરોક્ત બંને**
(D) Aઅને Bમાંથી એકેય નહિ.

13. રાજ્ય નાણાં પંચની રચના પાછળનો મુખ્ય ઉદ્દેશ શું છે?

(A) રાજ્ય સરકાર અને પાલિકાઓ-પંચાયતો વચ્ચેનું નાણાકીય અસંતુલન નિવારવું.

(B) પંચાયતો અને પાલિકાઓને નાણાકીય રીતે સક્ષમ બનાવવી.

**(C) ઉપરોક્ત બંને**

(D) ઉપરનાં બેમાંથી એકેય નહિ.

14. રાજ્ય નાણાં પંચને પોતાનાં કાર્યો બજાવતી વખતે કયા કાયદા હેઠળ અદાલતની તમામ સત્તાઓ મળે છે?

**(A) દીવાની કાર્યરીતિ અધિનિયમ-1908** (B) ભારતીય દંડ સંહિતા

(C) ગુજરાત પંચાયત ધારો-1993 (D) ઉપરોક્ત તમામ

15. ગુજરાત પંચાયત ધારાની કઈ કલમ અનુસાર રાજ્ય નાણાં પંચની રચના થાય છે?

(A) 227 (B) 228 **(C) 226** (D) 221

16. ગુજરાતના પ્રથમ રાજ્ય નાણાં પંચના અધ્યક્ષ કોણ હતા?

(A) ધીરુભાઈ શાહ (B) સનત મહેતા **(C) જશવંત મહેતા** (D) વિનય શર્મા

17. ગુજરાતના બીજા રાજ્ય નાણાં પંચના અધ્યક્ષ કોણ હતા?

(A) સનત મહેતા (B) ધીરુભાઈ શાહ (C) જશવંત મહેતા **(D) વિનય શર્મા**

18. ગુજરાતનું પ્રથમ રાજ્ય નાણાં પંચ કયા સમયગાળા માટે ભલામણો કરવા નિમાયું હતું?

(A) 1993-98 (B) 2000-05 (C) 2002-07 **(D) 1995-2000**

19. ગુજરાતનું દ્વિતીય રાજ્ય નાણાં પંચ કયા સમયગાળા માટે ભલામણો કરવા નિમાયું હતું?

**(A) 2005-10** (B) 2003-08 (C) 2002-07 (D) 2010-15

20. પંચાયતોને ગુજરાત રાજ્ય સરકાર તરફથી મળતું અનુદાન કેવું હોય છે?

(A) બિન-શરતી (B) કામચલાઉ (C) કાયમી **(D) શરતી**

21. ગુજરાતમાં દ્વિતીય રાજ્ય નાણાં પંચની રચના ક્યારે કરાઈ હતી?

**(A) 2003** (B) 2004 (C) 2006 (D) 2007

22. ગુજરાતના પ્રથમ રાજ્ય નાણાં પંચે કેટલા વેરા ઉપર સરચાર્જ નાખવાની ભલામણ કરી હતી?

(A) 17 (B) 18 **(C) 7** (D) 10

23. 12મા નાણાં પંચે પાંચ વર્ષના સમયગાળામાં પંચાયતોને કેટલાં નાણાં અનુદાન પેટે આપવાની ભલામણ કરી હતી?

(A) રૂ. 5,000 કરોડ (B) રૂ. 25,000 કરોડ

(C) રૂ. 10,000 કરોડ **(D) રૂ. 20,000 કરોડ**

24. 11મા નાણાં પંચે પંચાયતોને અનુદાન આપવાની ભલામણ કરવાની સાથે શાની શરતો મૂકી હતી?

(A) હિસાબોની જાળવણી (B) માહિતીના પાયાનું સર્જન

(C) ઓડિટના સુધારા **(D) ઉપરોક્ત તમામ**

25. 11મા નાણાં પંચે પંચાયતોને કેટલાં નાણાં આપવાની ભલામણ કરી હતી?

(A) રૂ. 20,000 કરોડ **(B) રૂ. 1,600 કરોડ**

(C) રૂ. 30,000 કરોડ (D) રૂ. 16,000 કરોડ

26. 12મા નાણાં પંચની ભલામણો અનુસાર ગુજરાતને કેન્દ્ર સરકાર તરફથી પંચાયતોને આપવા માટે કેટલું અનુદાન મળ્યું?

(A) રૂ. 20,000 કરોડ (B) રૂ.10,000 કરોડ

**(C) રૂ. 931 કરોડ** (D) રૂ.1,035 કરોડ

27. કેન્દ્ર સરકારે પંચાયતોને માટે અનુદાન આપવાની શરૂઆત ક્યારથી થઈ?

(A) પ્રથમ નાણાં પંચથી **(B) 73મા બંધારણ સુધારા બાદ**

(C) પંચાયતોએ 1990માં કરેલી માગણીઓ બાદ (D) બંધારણના આરંભથી

28. રાજ્ય નાણાં પંચ શાને વિશે ભલામણો કરે છે?
    (A) પંચાયતોને કયા વેરા આપવા.
    (B) પંચાયતોની નાણાકીય સ્થિતિ સુધારવા માટેનાં પગલાં.
    (C) રાજ્યના વેરાની ચોખ્ખી આવકની પંચાયતોને વહેંચણી.
    **(D) ઉપરોક્ત ત્રણેય.**

29. રાજ્ય નાણાં પંચના સભ્યપદે કોણ હોઈ શકે?
    1. વડી અદાલતના ન્યાયમૂર્તિ કે તેના ભૂતપૂર્વ ન્યાયમૂર્તિ કે એ પદે નિમાવાને લાયક વ્યક્તિ
    2. આર્થિક બાબતોનું ખાસ જ્ઞાન ધરાવતી વ્યક્તિ
    3. નાણાકીય બાબતો અને વહીવટમાં બહોળો અનુભવ ધરાવનારી વ્યક્તિ
    4. સરકારના અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓનાં નાણાં અને હિસાબોનું જ્ઞાન ધરાવનારી વ્યક્તિ.

    ઉપરનાંમાંથી શું સાચું છે?
    (A) 2, 3, 4 (B) 1, 2, 3 **(C) 1, 2, 3, 4** (D) 1, 2

30. ગુજરાતમાં પંચાયાતોને સૌથી વધુ અનુદાન રાજ્ય સરકારના કયા વિભાગ તરફથી મળે છે?
    **(A) શિક્ષણ વિભાગ** (B) મહિલા અને બાળ વિકાસ વિભાગ
    (C) આરોગ્ય વિભાગ (D) મહેસૂલ વિભાગ

31. ગુજરાતના દ્વિતીય રાજ્ય નાણાં પંચે કયો અભિગમ સ્વીકાર્યો હતો?
    (A) રાજકોષીય શિસ્ત
    (B) રાજ્યમાંથી સ્થાનિક સંસ્થાઓને થનારી સંસાધનોની તબદીલીનું કદ નક્કી કરવું.
    (C) સમતાનો સિદ્ધાંત
    **(D) ઉપરોક્ત તમામ**

32. ગુજરાતના પ્રથમ રાજ્ય નાણાં પંચના અભિગમ વિશે નીચેનાં વિધાનો જુઓ:
    1. સ્થાનિક સંસ્થાઓના છેલ્લાં 3 વર્ષના ખરેખર નાણાકીય વ્યવહારોનું પૃથક્કરણ કરી અભ્યાસ કરવો.
    2. સરકારની ગ્રાન્ટની ચુકવણીમાં વિલંબ દૂર કરવા સરલીકરણ સૂચવવું.
    3. રાજ્ય સરકારની રાજકોષીય ખાધ દૂર થાય તે જોવું.
    4. પંચાયતો અંગેની કાનૂની નાણાકીય જોગવાઈઓને બંધારણની સાથે સુસંગત બનાવવી.

    ઉપરનાંમાંથી શું સાચું છે?
    (A) 2, 4 (B) 1, 4 **(C) 1, 2** (D) 3, 4

33. ગુજરાતમાં કયા રાજ્ય નાણાં પંચની પુનર્રચના કરવામાં આવી હતી?
    **(A) પ્રથમ રાજ્ય નાણાં પંચ** (B) દ્વિતીય રાજ્ય નાણાં પંચ
    (C) ઉપરોક્ત બંને (D) ઉપરનાંમાંથી એકેય નહિ.

34. પંચાયતોના સ્વભંડોળની આવક વધારવા માટે ગુજરાતમાં પ્રથમ રાજ્ય નાણાં પંચે કઈ બાબતોની ભલામણ કરી?
    (A) સ્થાનિક વેરાના દરમાં વધારો કરવો.
    (B) સ્થાનિક વેરાની વસૂલાતનો દર વધારવો.
    (C) સંસાધનોની વૃદ્ધિ અને ફાળવણી માટેની કાર્યવાહીનું સરલીકરણ કરવું.
    **(D) ઉપરોક્ત ત્રણેય.**

35. ગ્રામ પંચાયતને મળતા અનુદાનમાં કઈ બાબતોનો સમાવેશ થાય છે?
    1. ગુજરાત પંચાયત ધારા-1993ની જોગવાઈઓ મુજબ મળતું અનુદાન
    2. વિવિધ નિધિઓમાંથી મળતું અનુદાન

3. રાજ્ય સરકારની પ્રવૃત્તિઓ માટે મળતું અનુદાન
4. રાજ્ય સરકારની યોજનાઓ માટે મળતું અનુદાન

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2 (B) 3, 4 **(C) 1, 2, 3, 4** (D) 1, 3, 4

36. ગુજરાતના પ્રથમ રાજ્ય નાણાં પંચે કોની ઉપર વકરા વેરો નાખવાની ભલામણ કરી હતી?

(A) ઉદ્યોગો (B) વેપારીઓ

**(C) ખેત ઉત્પન્ન બજાર સમિતિઓ** (D) ઉપરોક્ત તમામ

37. પંચાયતોને કયા વેરા સોંપવા તેનો નિર્ણય કોણ કરે છે?

**(A) વિધાનસભા** (B) લોકસભા (C) સંસદ (D) કલેક્ટર

38. 10મા નાણાં પંચે પંચાયતો માટે એડ હોક ધોરણે અનુદાનની ભલામણ કરી કારણ કે-

**(A) રાજ્ય નાણાં પંચોના અહેવાલો પ્રાપ્ય ન હતા.**

(B) 73મો બંધારણ સુધારો તેને માટે કશું કહેતો ન હતો.

(C) રાજ્ય સરકારોએ પંચાયતોને આપવા માટે વધુ નાણાં માંગ્યાં હતાં.

(D) ઉપરનાંમાંથી એકેય નહિ.

39. 11મા નાણાં પંચે રાજ્ય નાણાં પંચો વિશે શું જણાવ્યું હતું?

(1) રાજ્ય નાણાં પંચોના અહેવાલોના અભિગમો જુદા જુદા છે.

(2) રાજ્ય નાણાં પંચોના અહેવાલોના અમલમાં વિલંબ થાય છે.

(3) રાજ્ય નાણાં પંચોના અહેવાલો રાજ્યોની વિધાનસભાઓમાં મૂકવામાં વિલંબ થતો નથી.

(4) જુદાં જુદાં રાજ્ય નાણાં પંચોના અહેવાલોની ગુણવત્તા જુદી જુદી છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2 **(B) 1, 3, 4** (C) 2, 4 (D) 1, 2, 3

40. 10મા નાણાં પંચની ભલામણ અનુસાર પંચાયતોને કેટલી રકમ મળી હતી?

(A) રૂ. 5381 કરોડ (B) રૂ. 6831 કરોડ **(C) રૂ. 4381 કરોડ** (D) રૂ. 3831 કરોડ

41. 10મા નાણાં પંચની ભલામણ અનુસાર કેન્દ્ર સરકારના વહેંચણીપાત્ર ભંડોળમાંથી કેટલી રકમ પંચાયતોને મળી હતી?

**(A) 1.38 ટકા કરતાં ઓછી** (B) 3.82 ટકા (C) 2.38 ટકા (D) 8.00 ટકા કરતાં વધારે

42. 12મા નાણાં પંચની ભલામણ અનુસાર કેન્દ્ર સરકારના વહેંચણીપાત્ર ભંડોળમાંથી કેટલી રકમ પંચાયતોને મળી હતી?

(A) 2.24 ટકા (B) 4.00 ટકા કરતાં વધારે

**(C) 1.24 ટકા કરતાં ઓછી** (D) 2.41 ટકા

# 20. પાલિકાઓ

## 20.1 74મો બંધારણ સુધારો અને શહેરી શાસન

1. પાલિકાઓને શહેરી વિસ્તારો માટે ત્રીજા સ્તરની સરકાર બનાવતો 74મો બંધારણ સુધારો ક્યારે કરવામાં આવ્યો?

(A) 1995 (B) 1998 **(C) 1992** (D) 2002

2. 74મા બંધારણ સુધારાનો અમલ ક્યારથી થયો?

**(A) 1-6-1993** (B) 2-7-1995 (C) 1-11-1992 (D) 1-12-2001

3. 74મા બંધારણ સુધારા હેઠળ ભારતના બંધારણમાં કઈ કલમો દાખલ કરવામાં આવી?

**(A) 243Pથી 243ZT** (B) 243થી 243P (C) 35થી 52 (D) 53થી 103

4. 74મા બંધારણ સુધારાથી ભારતના બંધારણમાં કયો ભાગ ઉમેરવામાં આવ્યો?

(A) 9C (B) 9D **(C) 9A** (D) 9E

૫. 74મા બંધારણ સુધારો શાની રચનાની જોગવાઈ કરે છે?

1. ગ્રામ પંચાયતો
2. નગર પંચાયતો
3. નગરપાલિકા
4. મહાનગરપાલિકા

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 3 અને 4 **(C) 2, 3, 4** (D) ફક્ત 1 અને 3

6. 74મા બંધારણ સુધારા મુજબ પાલિકાની રચના કોણ કરે છે?

(A) રાજ્યના મહેસૂલ સચિવ **(B) રાજ્યપાલ**
(C) મુખ્ય પ્રધાન (D) મહેસૂલ પ્રધાન

7. 74મા બંધારણ સુધારા અનુસાર પાલિકામાં વોર્ડ સમિતિઓની રચના માટે કેટલી વસ્તી પાલિકામાં હોવી જોઈએ?

**(A) ત્રણ લાખ કે તેથી વધુ** (B) બે લાખથી ઓછી
(C) પાંચ લાખ કે તેથી વધુ (D) એક લાખ કે તેથી ઓછી

8. 74મા બંધારણ સુધારા અનુસાર કયા વિસ્તારમાં પાલિકાની રચના થતી નથી?

(A) ત્રણ લાખથી ઓછી વસ્તી હોય ત્યાં **(B) ઔદ્યોગિક ટાઉનશિપ**
(C) જ્યાં વસ્તી 10 લાખથી વધુ હોય ત્યાં (D) જ્યાં ખેતીનો વિસ્તાર હોય તેમાં

9. 74મા બંધારણ સુધારામાં અનામતો વિશે કઈ જોગવાઈ કરવામાં આવી છે?

1. SC અને ST માટે વસ્તીના પ્રમાણ જેટલી અનામત
2. કુલ બેઠકોના ત્રીજા ભાગથી ઓછી નહિ તેટલી અનામત મહિલાઓ માટે
3. પછાત વર્ગના નાગરિકો માટે રાજ્યની વિધાનસભા કાયદો કરીને નક્કી કરે તેટલી

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) ફક્ત 3 (B) ફક્ત 2 (C) ફક્ત 1 **(D) 1, 2, 3**

10. 74મા બંધારણ સુધારામાં નગરપાલિકાની મુદત વિશે શી જોગવાઈ કરાઈ છે?

(A) પ્રથમ બેઠક મળે ત્યારથી 5 વર્ષની
(B) પાંચ વર્ષની મુદત પૂરી થાય તો અગાઉ નગરપાલિકાનું વિસર્જન થઈ શકે
(C) વિસર્જન થાય તો છ મહિનામાં ચૂંટણી
**(D) ઉપરોક્ત તમામ**

11. 74મા બંધારણ સુધારામાં અનામત માટે કઈ જોગવાઈ કરવામાં આવી છે?

1. પાલિકામાં અનામત બેઠકો ફરતી રહે.
2. પાલિકામાં હોદ્દાઓ માટે પણ અનામત હોય.
3. પાલિકામાં હોદ્દાઓ માટેની અનામતમાં પણ મહિલાઓ માટે અનામત હોય.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2 (C) ફક્ત 3 **(D) 1, 2 અને 3**

12. 74મા બંધારણ સુધારામાં શાની જોગવાઈ કરાઈ છે?

(A) જિલ્લા આયોજન સમિતિ (B) રાજ્ય નાણાં પંચ
(C) મેટ્રોપોલિટન આયોજન સમિતિ **(D) ઉપરોક્ત તમામ**

13. 74મા બંધારણ સુધારા અનુસાર શાની રચના કરવાનું જણાવાયું છે?

(A) ગ્રામ સભા **(B) વોર્ડ સમિતિ** (C) સામાજિક ન્યાય સમિતિ (D) ઉપરોક્ત તમામ

14. કેન્દ્રશાસિત પ્રદેશોને વહીવટ કેન્દ્રના કયા મંત્રાલયને હસ્તક છે?
**(A) ગૃહ બાબતો** (B) નાણાં (C) ઉદ્યોગ અને ખનિજ (D) કાનૂની બાબતો

15. શહેરી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં શાનો સમાવેશ થાય છે?
1. નગરપાલિકા અને મહાનગરપાલિકા
2. નોટિફાઈડ એરિયા કમિટી
3. ટાઉન એરિયા કમિટી
4. કેન્ટોન્મેન્ટ બોર્ડ
ઉપરનાંમાંથી શું સાચું છે?
(A) 1, 2, 3 **(B) 1, 2, 3, 4** (C) 1, 3, 4 (D) 1, 2, 4

16. શહેરી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં શાનો સમાવેશ થાય છે?
1. ઔદ્યોગિક ટાઉનશિપ
2. પોર્ટ ટ્રસ્ટ
3. સ્પેશ્યલ પરપઝ એજન્સી
4. નગરપાલિકા અને મહાનગરપાલિકા
ઉપરનાંમાંથી શું સાચું છે?
(A) 1, 2, 4 (B) 1, 3, 4 **(C) 1, 2, 3, 4** (D) 2, 3, 4

17. ભારતમાં શહેરી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના વિકાસ માટેનો સૌ પ્રથમ ઠરાવ કોણે ક્યારે કર્યો હતો?
(A) રોબર્ટ ક્લાઈવ, 1757 **(B) લોર્ડ માયો, 1870**
(C) લોર્ડ કર્ઝન, 1905 (D) ભારત સરકાર, 1946

18. ભારતમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના પિતા તરીકે કોને ઓળખવામાં આવે છે?
(A) રોબર્ટ ક્લાઈવ (B) લોર્ડ કર્ઝન **(C) લોર્ડ રિપન** (D) લોર્ડ માયો

19. સ્થાનિક સ્વશાસનના 'મેગ્નાકાર્ટા' તરીકે કોને ઓળખવામાં આવે છે?
**(A) લોર્ડ રિપનનો 1882નો ઠરાવ** (B) રોયલ કમિશનનો 1907નો અહેવાલ
(C) લોર્ડ માયોનો 1870નો ઠરાવ (D) ભારત સરકાર ધારો-1919

20. 65મો બંધારણ સુધારો નગરપાલિકાઓ માટે ક્યારે સંસદમાં રજૂ થયો હતો?
(A) 1988 **(B) 1989** (C) 1990 (D) 1987

21. 74મા બંધારણ સુધારા અનુસાર પાલિકામાં કોના પ્રતિનિધિત્વની જોગવાઈ થઈ શકે છે?
(A) લોકસભાના સભ્ય (B) રાજ્યસભાના સભ્ય
(C) વિધાનસભાના સભ્ય **(D) ઉપરોક્ત તમામ**

22. પાલિકાઓમાં વોર્ડ સમિતિ વિશેની જોગવાઈ 74મા બંધારણ સુધારામાં કેવી છે?
(A) ત્રણ લાખથી વધુ વસ્તી ધરાવતા નગરમાં તેની રચના થાય.
(B) એક કે તેથી વધુ વોર્ડ માટે એક જ વોર્ડ સમિતિની રચના થઈ શકે.
**(C) A અને B**
(D) વોર્ડ સમિતિની રચના માટે વોર્ડના મતદારોમાં ચૂંટણી થાય.

23. 74મા બંધારણ સુધારા હેઠળની અનુસૂચિ-12 અન્વયે પાલિકાઓને કયાં કામો સોંપાયાં છે?
1. શહેરી આયોજન અને નગર રચના
2. જમીનના ઉપયોગનું નિયમન
3. મકાનોના બાંધકામ પર નિયમન

4. રસ્તાઓ અને પુલો
5. પાણી પુરવઠો
6. અગ્નિશમન સેવાઓ
7. શહેરી ગરીબી નિવારણ

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 3, 4, 5 **(B) 1, 2, 3, 4, 5, 6, 7**
(C) 1, 3, 5, 7 (D) 1, 2, 4, 6, 7

24. 74મા બંધારણ સુધારા અન્વયે કઈ અનુસૂચિ હેઠળ પાલિકાઓને કામો સોંપવામાં આવ્યાં છે?

(A) 'અનુસૂચિ-11 **(B) અનુસૂચિ-12** (C) અનુસૂચિ-7 (D) અનુસૂચિ-5

25. 74મા બંધારણ સુધારા અન્વયે પાલિકાઓને કેટલાં કામો સોંપવામાં આવ્યાં છે?

(A) 52 (B) 29 **(C) 18** (D) 61

26. ભારતમાં 'સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ લોકલ ગવર્મેન્ટ'ની સ્થાપના ક્યારે થઈ?

(A) 1966 **(B) 1956** (C) 1954 (D) 1969

27. સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ લોકલ ગવર્મેન્ટ ભારત સરકારને શાને વિશે સલાહ આપે છે?

**(A) પાલિકાઓ** (B) પંચાયતો (C) નોટિફાઈડ એરિયા (D) અનુસૂચિ-12

28. બંધારણની અનુસૂચિ-12 અન્વયે પાલિકાઓને કયાં કામો સોંપવામાં આવ્યાં છે?

1. ઝૂંપડપટ્ટીની સુધારણા અને આધુનિકીકરણ
2. બગીચાઓ અને રમતનાં મેદાનોની જોગવાઈ
3. જાહેર આરોગ્ય
4. સફાઈ
5. કતલખાનાનું નિયમન
6. નબળા વર્ગોનાં હિતોનું રક્ષણ

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 3, 4, 5 **(B) 1, 2, 3, 4, 5, 6**
(C) 1, 2, 5 (D) 2, 4, 6

29. 74મા બંધારણ સુધારામાં પાલિકાઓ માટે શાની જોગવાઈ કરાઈ છે?

(A) તેમની રચના (B) તેમની ચૂંટણી (C) વોર્ડ સમિતિઓની રચના **(D) ઉપરોક્ત તમામ**

30. 74મા બંધારણ સુધારામાં પાલિકાઓ માટે શાની જોગવાઈ કરવામાં આવી છે?

(A) રાજ્ય ચૂંટણી પંચની રચના (B) તેમાં અનામત બેઠકો
(C) પાલિકાઓનાં કાર્યો **(D) ઉપરોક્ત તમામ**

## 20.2 નગરપાલિકાઓ

1. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ ધારો ક્યારે ઘડવામાં આવ્યો?

(A) 1991 (B) 1999 **(C) 1976** (D) 1987

2. ગુજરાતમાં શહેરોમાં નગર આયોજન યોજન કયા કાયદા હેઠળ ઘડાય છે?

**(A) ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ ધારો-1976**
(B) મુંબઈ પ્રાંત મહાનગરપાલિકા ધારો- 1949
(C) ગુજરાત નગરપાલિકા ધારો-1963
(D) A અને B

3. ગુજરાતમાં શહેર માટેની વિકાસ યોજના કયા કાયદા હેઠળ તૈયાર કરવામાં આવે છે?
   (A) ગુજરાત નગરપાલિકા ધારો-1963
   (B) મુંબઈ પ્રાંત મહાનગરપાલિકા ધારો-1949
   **(C) ગુજરાત નગર રચના અને શહેરી શહેરી વિકાસ ધારો-1976**
   (D) B અને C
4. ગુજરાતમાં પાલિકાઓની ટીપી સ્કિમમાં શાનો સમાવેશ થાય છે?
   1. શેરીઓના રસ્તાનું નેટવર્ક
   2. જમીનની પુનર્રચના
   3. શેરીઓની સામાજિક અને ભૌતિક માળખાગત સવલતો
   4. શેરીઓની માળખાગત સવલતો માટેની નાણાકીય વ્યવસ્થા
   ઉપરનાંમાંથી શું સાચું છે?
   **(A) 1, 2, 3, 4** (B) 1, 2, 3 (C) 2, 3, 4 (D) 1, 3, 4
5. ગુજરાતમાં શહેરોના વિકાસ માટે શહેરી વિકાસ સત્તામંડળની રચના કયા કાયદા હેઠળ કરવામાં આવે છે?
   (A) મુંબઈ પ્રાંત મહાનનગરપાલિકા ધારો- 1949
   (B) ગુજરાત નગરપાલિકા ધારો-1963
   **(C) ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ ધારો-1976**
   (D) A અને C
6. ગુજરાતમાં શહેરી વિકાસ સત્તામંડળના અધ્યક્ષની નિમણૂક કોણ કરે છે?
   (A) રાજ્ય સરકાર **(B) રાજ્યપાલ**
   (C) વિધાનસભા ઠરાવ કરીને (D) વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ
7. ગુજરાતમાં દરેક શહેરની વિકાસ યોજના કેટલાં વર્ષ માટે તૈયાર કરવામાં આવે છે?
   (A) 5 **(B) 10** (C) 20 (D) 15
8. ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ ધારા-1976 હેઠળ તૈયાર થતી વિકાસ યોજનામાં શું હોય છે?
   1. શહેરી વિકાસનું માળખું
   2. જે તે ઝોનની જમીનનો ઉપયોગ
   3. રસ્તાઓનું નેટવર્ક
   4. વિકાસ માટેનાં નિયમનો
   ઉપરનાંમાંથી શું સાચું છે?
   (A) ફક્ત 2, 3 (B) ફક્ત 3 (C) ફક્ત 1, 2, 3 **(D) 1, 2, 3, 4**
9. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ ધારા-1976માં કઈ બાબતનો સમાવેશ કરાયો છે?
   (A) શહેરી વિસ્તાર વિકાસ મંડળની રચના (B) વિકાસ યોજના ઘડવી
   (C) નગર રચના યોજનાઓ **(D) ઉપરોક્ત તમામ**
10. ગુજરાતમાં પાલિકાઓની વિકાસ યોજનાને મંજૂરી કોણ આપે છે?
   (A) નગરપાલિકા પોતે **(B) રાજ્ય સરકાર** (C) મહાનગરપાલિકા પોતે (D) A અને C
11. ગુજરાતમાં પાલિકાઓમાં ટીપી સ્કિમની તૈયારી માટે વધુમાં વધુ કેટલો સમય મુકરર કરાયો છે?
   (A) 12 માસ (B) 24 માસ **(C) 27 માસ** (D) 36 માસ
12. ગુજરાતમાં પાલિકાઓની ટીપી યોજનાને મંજૂરી કોણ આપે છે?
   (A) નગરપાલિકા પોતે **(B) રાજ્ય સરકાર**
   (C) મહાનગરપાલિકા પોતે (D) જે તે પાલિકાના નગર આયોજન અધિકારી

## 20.3 મહાનગરપાલિકાઓ

1. ભારતમાં સૌ પ્રથમ મહાનગરપાલિકાની સ્થાપના ક્યાં અને ક્યારે થઈ?
   **(A) મદ્રાસ, 1687** (B) બોમ્બે, 1726 (C) કલકતા, 1757 (D) દિલ્હી, 1770
2. મહાનગરપાલિકાની ચૂંટણીનું સંચાલન કોણ કરે છે?
   **(A) રાજ્ય ચૂંટણી પંચ** (B) કેન્દ્રીય ચૂંટણી પંચ
   (C) રાજ્ય સરકાર (D) શહેરી વિકાસ વિભાગ
3. ગુજરાતમાં મહાનગરપાલિકાઓનો વહીવટ કયા કાયદા હેઠળ કરવામાં આવે છે?
   **(A) મુંબઈ પ્રાંત મહાનગરપાલિકા ધારો - 1949**
   (B) ગુજરાત નગરપાલિકા ધારો - 1963
   (C) નગર આયોજન અને વિકાસ ધારો - 1978
   (D) ઉપરોક્ત તમામ
4. ગુજરાતમાં મહાનગરપાલિકાનું ઓડિટ ક્યા કાયદા હેઠળ થાય છે?
   **(A) ગુજરાત લોકલ ફંડ ઓડિટ એક્ટ- 1963**
   (B) મુંબઈ પ્રાંત મહાનગરપાલિકા ધારો - 1949
   (C) નગર આયોજન અને વિકાસ ધારો - 1978
   (D) ઉપરોક્ત તમામ
5. ગુજરાતમાં મહાનગરપાલિકાને મોબાઈલ ટાવર ઉપર વેરા નાખવાની સત્તા ક્યારે આપવામાં આવી?
   (A) 2012 **(B) 2011** (C) 2009 (D) 2014
6. મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટી (સ્થાયી સમિતિ)માં કેટલા નગરસેવકો હોય છે?
   (A) 20 (B) 15 **(C) 12** (D) 21
7. મુંબઈ પ્રાંત મહાનગરપાલિકા ધારા અનુસાર નીચેનાંમાંથી કઈ જોગવાઈ કરવામાં આવી છે?
   (A) સ્થાયી સમિતિની રચના કરવી.
   (B) પરિવહન સમિતિની રચના કરવી.
   (C) મહાનગરપાલિકા ઈચ્છે તે સમિતિની રચના કરી શકે.
   **(D) ઉપરોક્ત તમામ**
8. મ્યુનિસિપલ કમિશનરની નિમણૂક કોણ કરે છે?
   **(A) રાજ્ય સરકાર** (B) કેન્દ્ર સરકાર (C) રાષ્ટ્રપતિ (D) રાજ્યપાલ
9. મ્યુનિસિપલ કમિશનરની નિમણૂક કેટલાં વર્ષ માટે થાય છે?
   (A) 5 (B) 4 **(C) 3** (D) 6
10. મહાનગરપાલિકાના મ્યુનિસિપલ ફંડમાં કઈ રકમ જમા થાય છે?
    1. વેરાની આવક
    2. ફીની આવક
    3. રોકાણ ઉપરનું વ્યાજ
    4. રોકાણ ઉપરનો નફો
    5. મિલકતનું ભાડું
    6. મિલકતના વેચાણમાંથી થતી આવક
    ઉપરનામાંથી શું સાચું છે?
    (A) 1, 2 (B) 1, 2, 3, 4 **(C) 1, 2, 3, 4, 5, 6** (D) 2, 3, 4, 5

## 21. કેન્દ્ર અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ

1. કેન્દ્ર સરકાર અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ વચ્ચેના સંબંધો અંગેનાં નીચેનાં વિધાનો વાંચો:
   1. કેન્દ્ર સરકાર વિકાસલક્ષી કામોમાં પંચાયતોને સામેલ કરવાનો માર્ગ અપનાવે છે.
   2. નાણાં પંચની ભલામણ અનુસાર કેન્દ્ર સરકાર પંચાયતો અને પાલિકાઓને ગ્રાન્ટ આપે છે.
   3. કેન્દ્ર સરકાર પંચાયતોના ચૂંટાયેલા પ્રતિનિધિઓને તાલીમ આપવા નાણાં ખર્ચે છે.
   4. કેન્દ્ર સરકાર કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓના અમલ માટે પંચાયતોને સામેલ કરે છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   **(A) 1, 2, 3, 4** (B) 1, 2 (C) 2, 3 (D) 3, 4
2. કેન્દ્ર સરકારે રાજીવ ગાંધી પંચાયત સશક્તિકરણ અભિયાન (RGPSA) કઈ પંચવર્ષીય યોજના દરમ્યાન શરૂ કર્યું?

   (A) 9 મી (B) 10 મી (C) 11 મી **(D) 12મી**
3. કેન્દ્ર સરકારના રાજીવ ગાંધી પંચાયત સશક્તિકરણ અભિયાન (RGPSA) નો ઉદ્દેશ શો છે?
   1. પંચાયતોની અસરકારકતા અને ક્ષમતા વધારવાં.
   2. ગ્રામ સભાની અસરકારકતા અને ક્ષમતા વધારવાં.
   3. લોકોની સહભાગિતાને પ્રોત્સાહન આપવું.
   4. સત્તા અને જવાબદારીઓની પંચાયતોને સોંપણી કરવી.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 1, 3, 4 **(B) 1, 2, 3, 4** (C) 1, 2, 4 (D) 2, 3, 4
4. કેન્દ્ર સરકારના ઈ-પંચાયત પ્રોજેક્ટમાં શાનો સમાવેશ કરવામાં આવ્યો છે?

   (A) આયોજન (B) દેખરેખ (C) અમલ **(D) ઉપરોક્ત તમામ**
5. કેન્દ્ર સરકારના ઈ-પંચાયત પ્રોજેક્ટમાં શાનો સમાવેશ કરવામાં આવ્યો છે?

   (A) બજેટ (B) હિસાબી વ્યવસ્થા (C) સામાજિક અન્વેષણ **(D) ઉપરોક્ત તમામ**
6. કેન્દ્ર સરકારના ઈ-પંચાયત પ્રોજેક્ટમાં પંચાયતોની કામગીરીના કયા પાસાનો સમાવેશ કરાયો છે?

   (A) નાગરિકોને પૂરી પડાતી સેવાઓ. (B) નિર્ણય પ્રક્રિયામાં લોકોની સહભાગિતા વધારવી.

   **(C) A અને B બંને** (D) A અને B માંથી એકેય નહિ
7. આદિવાસી વિસ્તારોની પંચાયતો માટે ભારત સરકારે ક્યારે નમૂનારૂપ નિયમો બહાર પાડ્યા?

   (A) 2008 (B) 2010 **(C) 2009** (D) 2007

## 22. રાજ્ય અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ

1. બંધારણની કઈ અનુસૂચિમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓનો વિષય રાજ્યોને સોંપાયો છે?

   **(A) અનુસૂચિ-7** (B) અનુસૂચિ-11 (C) અનુસૂચિ-12 (D) અનુસૂચિ-10
2. રાજ્યો સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના સંદર્ભમાં કયું કાર્ય કરે છે?
   1. તે તેમના વિશે કાયદા કરે છે.
   2. તે તેમને ગ્રાન્ટ આપે છે.
   3. તે તેમને લોન આપે છે.
   4. તે પોતાની યોજનાઓનો અમલ તેમના દ્વારા કરાવે છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   **(A) 1, 2, 3, 4** (B) 1, 2, 3 (C) 1, 2, 4 (D) 2, 3, 4

3. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના કરવેરાના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચોઃ
   1. તે રાજ્યની વિધાનસભા કાયદો કરીને નક્કી કરે છે.
   2. રાજ્ય સરકાર ગમે ત્યારે ગમે તે વેરો સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ પાસેથી પોતાની પાસે લઈ શકે છે.
   3. વેરાઓ માટે તેઓ રાજ્ય સરકારો પર નિર્ભર છે.
   4. રાજ્ય સરકાર તેમને અંગેના કાયદામાં કરવેરા નક્કી કરે છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 1, 2 (B) 1, 2, 3 **(C) 1, 2, 3, 4** (D) 2, 3, 4

4. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના સંદર્ભમાં નીચેનાં વિધાનોમાંથી કયું વિધાન સાચું છે?
   (A) તેમને બંધારણની અનુસૂચિ-11 અને અનુસૂચિ-12 હેઠળ સોંપાયેલાં કામો તે સંપૂર્ણપણે કરતી નથી.
   (B) રાજ્યો તેમને અનુસૂચિ-11 અને અનુસૂચિ-12 હેઠળનાં કામો સંપૂર્ણપણે સોંપતી નથી.
   (C) રાજ્ય સરકારો ઉપરથી પોતાના નિર્ણયો સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ પર લાદે છે.
   **(D) ઉપરોક્ત તમામ**

5. રાજ્યો સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને જે ગ્રાન્ટ આપે છે તે મોટે ભાગે કેવી હોય છે?
   **(A) બધી જ શરતી** (B) બધી જ બિન-શરતી
   (C) શરતી વધારે અને બિન-શરતી ઓછી (D) બિન-શરતી વધારે અને શરતી ઓછી

6. રાજ્ય સરકારો અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ વચ્ચેના સંબંધોના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચોઃ
   1. મોટે ભાગે દરેક રાજ્ય સરકાર તેમના વિશે એક અલગ વિભાગ ધરાવે છે.
   2. મોટે ભાગે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને એક કરતાં વધારે વિભાગોમાંથી અનુદાન મળે છે.
   3. પોતાના બજેટ માટે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ રાજ્ય સરકારો પર નિર્ભર હોય છે.
   4. રાજ્ય સરકારો સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓ ગણતી નથી.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   **(A) 1, 2, 3, 4** (B) 1, 2, 3 (C) ફક્ત 4 (D) ફક્ત 3

## 23. વિકેન્દ્રીકરણ

1. કેન્દ્ર અને રાજ્યો વચ્ચે કાર્યવિભાજન બંધારણની કઈ અનુસૂચિમાં થયું છે?
   (A) અનુસૂચિ-6 **(B) અનુસૂચિ-7** (C) અનુસૂચિ-12 (D) અનુસૂચિ-11

2. બંધારણની કઈ કલમ હેઠળ રાજ્યો અને કેન્દ્ર વચ્ચે કાર્યવિભાજન થયું છે?
   (A) કલમ - 31 (B) કલમ-356 (C) કલમ-315 **(D) કલમ-246**

3. બંધારણની અનુસૂચિ-7 હેઠળ કેન્દ્ર સરકારને 2014 સુધીની સંઘ યાદી અનુસાર કેટલાં કામો સોંપાયાં છે?
   **(A) 100** (B) 98 (C) 112 (D) 95

4. બંધારણની અનુસૂચિ-7 હેઠળ રાજ્યોને 2014 સુધી કેટલાં કામો સોંપાયાં છે?
   (A) 100 **(B) 61** (C) 29 (D) 18

5. નીચેનાં વિધાનો વાંચોઃ
   1. સત્તા છેક નીચલા સ્તર સુધી પહોંચેલી હોવી જોઈએ.
   2. લોકો વધુ આત્મનિર્ધારનો અધિકાર માગે છે.
   3. વિકેન્દ્રીકરણથી જાહેર ક્ષેત્ર વધારે કાર્યક્ષમ બને છે.
   4. વિકેન્દ્રીકરણને હંમેશાં સંઘર્ષનો સામનો કરવો પડે છે.

   વિકેન્દ્રીકરણના સંદર્ભમાં ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 3, 4 **(B) 1, 2, 3, 4** (C) 1, 2 (D) 1, 4

6. કાર્યવિભાજન માટે બંધારણની અનુસૂચિ-7માં કેટલી યાદીઓ આપવામાં આવી છે?

(A) 05 **(B) 03** (C) 02 (D) 06

7. બંધારણની અનુસૂચિ-7 હેઠળ સંયુક્ત યાદીમાં 2014 સુધીમાં કેટલાં કામો લખવામાં આવ્યાં છે?

(A) 61 (B) 100 **(C) 52** (D) 07

8. જુદા જુદાં કામો સરકારનાં જુદા જુદા વિભાગોને સોંપવામાં આવે તો તેને કેવું વિકેન્દ્રીકરણ કહેવાય?

**(A) કાર્યાત્મક** (B) ભૌગોલિક (C) રાજકીય (D) વહીવટી

9. જુદા જુદા નિર્ણયો લેવાની સત્તા પંચાયતોને અને પાલિકાઓને સોંપાય એને કેવું વિકેન્દ્રીકરણ કહેવાય?

(A) કાર્યાત્મક (B) વહીવટી **(C) રાજકીય** (D) ભૌગોલિક

10. સત્તા કે કાર્યો પેટા વિભાગોમાં વહેંચવામાં આવે તેને કેવું વિકેન્દ્રીકરણ કહેવાય?

**(A) વહીવટી** (B) કાર્યાત્મક (C) રાજકીય (D) ભૌગોલિક

11. સ્થાનિક કક્ષાના નિર્ણયો સ્થાનિક કક્ષાએ લેવાય એને કેવું વિકેન્દ્રીકરણ કહેવાય?

**(A) ભૌગોલિક** (B) વહીવટી (C) રાજકીય (D) કાર્યાત્મક

12. સંગઠનમાં નીચલી કક્ષાએ લેવાતા નિર્ણયોની સંખ્યા વધારે તેમ વિકેન્દ્રીકરણ .........

(A) ઓછું (B) સ્થિર (C) શૂન્ય **(D) વધારે**

13. સંગઠનમાં નીચલી કક્ષાએ જેમ વધારે મહત્ત્વના નિર્ણયો લેવાય તેમ વિકેન્દ્રીકરણની માત્રા .........

(A) શૂન્ય (B) ઓછી **(C) વધારે** (D) સ્થિર

14. મોટા ભાગનાં કાર્યોને અસરકર્તા નિર્ણયો નીચલી કક્ષાએ લેવાય તો વિકેન્દ્રીકરણ કેવું થયું કહેવાય?

(A) ઓછું **(B) વધારે** (C) શૂન્ય (D) સ્થિર

15. નિર્ણયો પર નિયંત્રણની આવશ્યકતા ઓછી હોય તો વિકેન્દ્રીકરણ કેવું થયું કહેવાય?

(A) ઓછું (B) સ્થિર **(C) વધારે** (D) અસ્થિર

16. વિકેન્દ્રીકરણ વધારે ક્યારે થયું કહેવાય?

1. નિર્ણય લેતાં પહેલાં વરિષ્ઠ અધિકારીને પૂછવું ના પડે.
2. પંચાયતો વધારે મહત્ત્વના નિર્ણયો લે.
3. પાલિકાઓ વધારે મહત્ત્વના નિર્ણયો લે.
4. નિર્ણય લેતાં પહેલાં ઓછા લોકોની સલાહ લેવી પડે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 3 **(B) 1, 2, 3, 4** (C) 2, 3, 4 (D) 1, 2

17. વિકેન્દ્રીકરણથી શો લાભ થાય છે?

1. સ્થાનિક વિસ્તાર અને સ્થાનિક લોકોની જરૂરિયાતો અને માંગ પ્રત્યે વધુ ધ્યાન અપાય છે.
2. ઉપલા સ્તરનો કાર્યબોજ ઘટે છે.
3. નવા વિચારો આવકારદાયક બને છે.
4. કાર્યસ્થળે જ નિર્ણયો લઈ શકાય છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3, 4** (B) 1, 2, 3 (C) 1, 3, 4 (D) 2, 3, 4

18. વિકેન્દ્રીકરણથી કયો ગેરલાભ ઊભો થઈ શકે?

1. ઉપરથી મોકલાતા સંદેશા ઘણી વાર વિકૃત બની જાય.
2. નીતિવિષયક નિર્ણયો અને નીતિના અમલની કક્ષાએ અસરકારક સંકલનનો અભાવ.

3. સંગઠનનાં વિવિધ સ્તરો વચ્ચે સંકલનનો અભાવ.
4. જુદા જુદા સ્તરે જુદાં જુદાં ધોરણો.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 3 (B) 2, 3, 4 (C) 3, 4 **(D) 1, 2, 3, 4**

19. બંધારણની કઈ કલમ હેઠળ પંચાયતો માટેનાં કામો નક્કી કરાયાં છે?

**(A) 243જી** (B) 243 (C) 243ઓ (D) 243ઝેડ

20. બંધારણની કઈ કલમ હેઠળ પાલિકાઓને કામો સોંપવામાં આવ્યાં છે?

(A) 243જી **(B) 243ડબલ્યુ** (C) 243પી (D) 243ઝેડએ

21. કઈ અનુસૂચિ હેઠળ બંધારણમાં પંચાયતોને કામો સોંપવામાં આવ્યાં છે?

**(A) અનુસૂચિ - 11** (B) અનુસૂચિ - 12 (C) અનુસૂચિ - 7 (D) અનુસૂચિ - 8

22. કઈ અનુસૂચિ હેઠળ બંધારણમાં પાલિકાઓને કામો સોંપવામાં આવ્યાં છે?

(A) અનુસૂચિ - 8 (B) અનુસૂચિ - 9 (C) અનુસૂચિ - 11 **(D) અનુસૂચિ - 12**

23. બંધારણ હેઠળ પંચાયતોને કેટલાં કામો સોંપવામાં આવ્યાં છે?

(A) 100 (B) 61 **(C) 29** (D) 52

24. બંધારણ હેઠળ પાલિકાઓને કેટલાં કામો સોંપવામાં આવ્યાં છે?

(A) 29 (B) 61 (C) 100 **(D) 18**

25. વિકેન્દ્રીકરણ સફળ થવા માટેની મહત્ત્વની શરત કઈ છે?

1. વિકેન્દ્રીકરણના માળખામાં સ્થાનિક નાણાકીય વ્યવસ્થા અને રાજકોષીય સત્તાધિકાર સાથે જોડાણ હોય.
2. સ્થાનિક સમુદાયને જાહેર સેવાના ખર્ચ વિશે માહિતી હોય.
3. સ્થાનિક લોકો સહભાગી રીતે બજેટ બનાવે.
4. સ્થાનિક લોકો પોતે પોતાની પ્રાથમિકતાઓ નક્કી કરે.
5. ઉત્તરદાયિત્વની વ્યવસ્થા ઊભી કરવામાં આવે.
6. વિકેન્દ્રીકરણ માટે કાનૂની અને સંસ્થાકીય માળખું ઊભું થાય.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 2, 3, 4, 6 (B) 1, 3, 4, 5

(C) 1, 2, 4, 5, 6 **(D) 1, 2, 3, 4, 5, 6**

# ભાગ-6 : સનદી સેવાઓ

1. નીચેનાંમાંથી કયું વિધાન સાચું છે?
   1. બંધારણમાં UPSCના સભ્યોની સંખ્યા નક્કી કરવામાં આવી નથી.
   2. UPSCના અર્ધા સભ્યો એવા હોવા જોઈએ કે જેમણે કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકારમાં કમ-સે-કમ પાંચ વર્ષ સેવા કરી હોય.
   3. UPSCના અધ્યક્ષ અને સભ્યો પાંચ વર્ષ કે 60 વર્ષની વય સુધી હોદ્દા પર રહે છે.
   4. UPSCના અધ્યક્ષ અને સભ્યોનાં પગાર-જથ્થા સંસદ નક્કી કરે છે.
   5. UPSCનું બધું ખર્ચ ભારતના એકત્રિત નિધિમાંથી થાય છે.

   **(A) 1, 5** (B) 2, 5 (C) 3, 5 (D) 4, 5

2. સનદી સેવાઓમાંની વ્યક્તિઓને કેવી કારોબારી કહે છે?

   (A) હંગામી **(B) કાયમી** (C) નિશ્ચિત મુદતવાળી (D) 10 વર્ષની મુદતવાળી

3. નીચેનામાંથી કઈ ભલામણ વહીવટી સુધારા પંચે કરી હતી?
   1. વરિષ્ઠ અધિકારીઓ નિર્ભયતાથી અને ન્યાયી રીતે કામ કરી શકે તેવું વાતાવરણ ઊભું કરવાનો પ્રયાસ પ્રધાનોએ કરવો જોઈએ.
   2. ગંભીર ગેરવહીવટના કિસ્સા સિવાય પ્રધાનોએ રોજિંદા વહીવટમાં દરમ્યાનગીરી કરવી જોઈએ નહિ.
   3. પ્રધાન અને સચિવ વચ્ચેનો સંબંધ વિશ્વાસ અને વફાદારીનો હોવો જોઈએ.
   4. વડા પ્રધાને અધિકારીઓ અને પ્રધાનો વચ્ચે વ્યક્તિગત રીતે બિન-તંદુરસ્ત સંબંધો ના વિકસે તેનું ધ્યાન રાખવું જોઈએ.
   5. તમામ મહત્ત્વના નિર્ણયો ટૂંકમાં લેખિત હોવા જોઈએ.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 1, 2, 5 **(B) 1, 2, 4 અને 5** (C) 2, 3, 4 (D) 1, 3, 4, 5

4. કયા સંજોગોમાં રાષ્ટ્રપતિ સર્વોચ્ચ અદાલતની સલાહ લીધા વિના UPSCના કોઈ સભ્યને હોદ્દા પરથી દૂર કરી શકે છે?
   1. જો તેઓ ક્યાંય નોકરી કરતા હોય.
   2. જો તેઓ નાદાર જાહેર થયા હોય.
   3. જો તેઓ શારીરિક કે માનસિક વિકલાંગતા ધરાવે અને તેને પરિણામે કામ કરવા અશક્તિમાન બને.
   4. કોઈ સરકારી કોન્ટ્રેક્ટમાં તેમનું હિત હોય.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   **(A) 1, 2, 3** (B) 1, 2, 3, 4 (C) 1, 2 (D) 2, 4

5. જોડકાં જોડો:

| યાદી-1 | | યાદી-2 |
|---|---|---|
| A. IRS | | 1. મહેકમ મંત્રાલય |
| B. ઈન્ડિયન ફોરેસ્ટ સર્વિસ | | 2. ગૃહ મંત્રાલય |
| C. IFS | | 3. વન અને પર્યાવરણ મંત્રાલય |
| D. IPS | | 4. વિદેશ મંત્રાલય |
| | | 5. નાણાં મંત્રાલય |

| | A | B | C | D |
|---|---|---|---|---|
| (A) | 1 | 3 | 2 | 4 |
| (B) | 5 | 4 | 2 | 1 |
| **(C)** | **5** | **3** | **4** | **2** |
| (D) | 1 | 5 | 2 | 4 |

6. જોડકાં જોડો:

| | **તાલીમ આપનાર સંસ્થા** | | **સ્થાપના વર્ષ** |
|---|---|---|---|
| a. | ASCI | 1. | 1948 |
| b. | NIRD | 2. | 1954 |
| c. | IIPA | 3. | 1958 |
| d | ઈન્સ્ટિટ્યુટ ઓફ સેક્રેટરિયેટ ટ્રેનિંગ એન્ડ મેનેજમેન્ટ (ISTM) | 4. | 1959 |
| | | 5. | 1957 |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| **(A)** | **5** | **3** | **2** | **1** |
| (B) | 3 | 5 | 1 | 2 |
| (C) | 3 | 4 | 2 | 5 |
| (D) | 5 | 4 | 1 | 3 |

7. કઈ સેવા કયા વર્ષમાં ઊભી કરાઈ? જોડકાં જોડો:

| | **સેવા** | | **વર્ષ** |
|---|---|---|---|
| a. | ઈન્ડિયન ઈકોનોમિક સર્વિસ | 1. | 1947 |
| b. | IAS | 2. | 1956 |
| c. | સેન્ટ્રલ સેક્રેટરિયેટ સર્વિસ | 3. | 1963 |
| d. | ઈન્ડિયન ફોરેન સર્વિસ | 4. | 1961 |
| | | 5. | 1948 |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 3 | 2 | 5 | 3 |
| (B) | 4 | 3 | 2 | 5 |
| **(C)** | **4** | **1** | **5** | **3** |
| (D) | 3 | 4 | 2 | 1 |

8. કોઈ પણ સનદી અધિકારીનું કાર્ય શું છે?

(A) નીતિઓ અને નિર્ણયોનો અમલ કરવો.

(B) નીતિ નિર્ધારણ માટે જરૂરી માહિતી પૂરી પાડવી.

(C) પોતાના તાબાના કર્મચારીઓને કામ માટે દિશાનિર્દેશ કરવો.

**(D) ઉપરોક્ત તમામ**

9. સનદી અધિકારી કે કર્મચારી માટે શું કહી શકાય?

1. તે વ્યવસાયી હોય છે.
2. તે ટેકનિકલ નિષ્ણાત હોઈ શકે છે.
3. તેણે બિન-પક્ષપાતી હોવું જોઈએ.
4. તે કાયમી કરોબારીનો સભ્ય છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 2, 3, 4 (B) 1, 2, 3 (C) 1, 4 **(D) 1, 2, 3, 4**

10. નીચેનાંમાંથી કયું વિધાન સાચું છે?

1. મંત્રી ટેકનિકલ જ્ઞાન ન ધરાવતા હોઈ શકે છે.
2. સનદી અધિકારીઓ પ્રધાનો ઓછો સંપર્ક લોકો સાથે ધરાવે છે.
3. મંત્રી ઉપર ટેકનિકલ અભિપ્રાયનો પ્રભાવ પડે છે.
4. સનદી અધિકારીની ભૂમિકા સલાહકારની હોય છે.

(A) 1, 2, 3 **(B) 1, 2, 3, 4** (C) 1, 3, 4 (D) 2, 4

11. સનદી સેવાના અધિકારી અંગે નીચેનાં વિધાનો વાંચો:

1. તેમની સલાહની વિરુદ્ધ મંત્રી નિર્ણય લે તો પણ તેમણે તેનો અમલ કરવાનો હોય છે.
2. તે પોતાનો મત પ્રધાન સમક્ષ વ્યક્ત કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા ધરાવે છે.
3. તેણે તટસ્થતા અને નિષ્પક્ષતાના સિદ્ધાંતોનું પાલન કરવાનું છે.
4. તેણે બિન-રાજકીય રહેવું જોઈએ.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 4 **(B) 1, 2, 3, 4** (C) 3, 4 (D) 2, 4

12. સનદી અધિકારીઓ અને પ્રધાનો વચ્ચે સંઘર્ષ ઊભો થવાનું કારણ શું છે?

1. સામાન્યતયા પ્રધાનો સનદી અધિકારી સ્વતંત્ર અને નિખાલસ સલાહ આપે એને પ્રોત્સાહન આપતા નથી.
2. મુલકી સેવાનું રાજકીયકરણ થયું છે.
3. બદલીઓ વારંવાર કરવામાં આવે છે.
4. મુલકી અધિકારીઓમાં પણ જ્ઞાતિવાદ, સ્પર્ધા અને જૂથવાદ વિકસ્યાં છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3, 4** (B) 1, 2, 4 (C) 2, 3, 4 (D) 1, 4

13. સનદી અધિકારીઓ અને પ્રધાનો વચ્ચે સંઘર્ષ ઊભો થવાનું કારણ શું છે?

(A) બંનેને પોતાની ભૂમિકાઓ વિશે સ્પષ્ટ સમજ નથી.

(B) સનદી અધિકારીઓને સસ્પેન્શન અને શિસ્તભંગનાં પગલાંની બીક લાગે છે.

(C) પોતાની નિષ્ફળતાઓ માટે પ્રધાનો અધિકારીઓને જવાબદાર ગણાવે છે.

**(D) ઉપરોક્ત તમામ**

14. સનદી અધિકારીઓ અને પ્રધાનો વચ્ચે સંઘર્ષ ઊભો થવાનું કારણ શું છે?

(A) અધિકારીઓ ખાનગીમાં પ્રધાનોની નીતિઓ વિશે ટીકા કરે છે.

(B) અધિકારીઓ અને પ્રધાનો વહીવટ અંગે અલગ અલગ દૃષ્ટિકોણ ધરાવે છે.

(C) અધિકારીઓ જેવું વ્યવસાયીપણું પ્રધાનો ધરાવતા નથી.

**(D) ઉપરોક્ત તમામ**

## 24. બંધારણીય જોગવાઈઓ

1. કેન્દ્રીય સેવાઓ અને હોદ્દાઓમાં નિયુક્ત થતી વ્યક્તિઓની ભરતી અને સેવાની શરતો ઉપર નિયમન કોણ કરે છે?

   **(A) સંસદ** (B) વડા પ્રધાન (C) રાષ્ટ્રપતિ (D) કેન્દ્રીય પ્રધાન મંડળ

2. રાષ્ટ્રપતિની ઈચ્છા સુધી અખિલ ભારતીય સેવાઓ તથા કેન્દ્રીય સેવાઓ અને હોદ્દાઓના સભ્યો હોદ્દા પર રહી શકે એવી જોગવાઈ ભારતના બંધારણમાં કઈ કલમમાં કરવામાં આવી છે?

   (A) કલમ-309 **(B) કલમ-310** (C) કલમ-324 (D) કલમ-335

3. સનદી સેવાઓ બંધારણમાં કરાયેલી જોગવાઈઓ વિશે નીચેનાં વિધાનોમાંથી શું સાચું છે?

   1. સનદી સેવાઓમાંની વ્યક્તિઓ રાષ્ટ્રપતિની ઈચ્છા સુધી હોદ્દા પર રહી શકે છે.
   2. 'સંસદ સનદી સેવાઓની ભરતીનું નિયમન કરે છે.
   3. સંસદ સનદી સેવાઓમાં સેવાની શરતોનું નિયમન કરે છે.
   4. કોઈ પણ અખિલ ભારતીય સેવા ઊભી કરવાની સત્તા સંસદને છે.

   (A) 1, 2, 3 **(B) 1, 2, 3, 4** (C) 1, 2 (D) 2, 4

4. નવી સનદી સેવાનું સર્જન કોના દ્વારા થઈ શકે છે?

   **(A) સંસદનો કાયદો** (B) રાષ્ટ્રપતિનો હુકમ (C) પ્રધાનમંડળનો ઠરાવ (D) લોકસભાનો ઠરાવ

5. સંયુક્ત જાહેર સેવા પંચની નિમણૂક કોણ કરી શકે છે?

   (A) રાષ્ટ્રપતિ (B) રાજ્યપાલ (C) રાજ્યનું પ્રધાન મંડળ **(D) ભારતની સંસદ**

6. UPSCનાં કાર્યો કોણ વિસ્તારી શકે છે?

   **(A) સંસદ** (B) રાષ્ટ્રપતિ
   (C) કેન્દ્રનું મહેકમ મંત્રાલય (D) કેન્દ્રનું પ્રધાનમંડળ

7. બંધારણમાં કઈ સનદી સેવાઓનો ઉલ્લેખ કરાયો છે?

   1. ઈન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ
   2. ઈન્ડિયન ફોરેસ્ટ સર્વિસ
   3. ઈન્ડિયન પોલિસ સર્વિસ
   4. ઓલ-ઈન્ડિયા જ્યુડિશિયલ સર્વિસ
   5. ઈન્ડિયન ફોરેન સર્વિસ

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 1, 2, 4 (B) 1, 4, 5 **(C) 1, 3, 4** (D) 1, 3, 5

8. જોડકાં જોડો:

| **જોગવાઈ** | | **બંધારણની કલમ** |
|---|---|---|
| a. | કેન્દ્રમાં કે રાજ્યમાં સેવા બજાવનાર વ્યક્તિના હોદ્દાની મુદત | 1. કલમ-315 |
| b. | કેન્દ્ર અને રાજ્ય માટે જાહેર સેવા પંચ | 2. કલમ-310 |
| c. | કેન્દ્ર અને રાજ્ય માટે સનદી સેવાની ભરતી અને શરતો | 3. કલમ-312 |
| d. | સનદી સેવકોને હોદ્દા પરથી દૂર કરવા | 4. કલમ-309 |
| | | 5. કલમ-311 |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 4 | 1 | 2 | 5 |
| (B) | 4 | 5 | 2 | 3 |
| **(C)** | **2** | **1** | **4** | **5** |
| (D) | 2 | 1 | 5 | 4 |

9. બંધારણના કયા ભાગમાં સનદી સેવાઓ અંગે જોગવાઈ કરવામાં આવી છે?
   **(A) ભાગ-14** (B) ભાગ-4 (C) ભાગ-8 (D) ભાગ-9
10. બંધારણની કઈ કલમોમાં સનદી સેવાઓની જોગવાઈઓ કરાઈ છે?
   (A) કલમ-294થી કલમ-300 **(B) કલમ-308થી કલમ-323**
   (C) કલમ-310થી કલમ-324 (D) કલમ-315થી કલમ-335
11. સનદી અધિકારીની બરતરફી અંગેની જોગવાઈ બંધારણની કઈ કલમમાં કરવામાં આવી છે?
   (A) કલમ-244 (B) કલમ-246 **(C) કલમ-311** (D) કલમ-309
12. બંધારણનો ભાગ-14 શાની જોગવાઈ કરે છે?
   (A) રાજ્યના સનદી અધિકારીની ભરતી અને સેવાની શરતો
   (B) કેન્દ્રના સનદી અધિકારીની ભરતી અને સેવાની શરતો
   (C) કેન્દ્ર અને રાજ્યના સનદી અધિકારીની બરતરફી
   **(D) ઉપરોક્ત તમામ**
13. બંધારણની કલમ-314માં શાની જોગવાઈ કરાઈ હતી?
   (A) કેન્દ્રના સનદી અધિકારીઓની ભરતી **(B) કેટલીક સેવાઓના વર્તમાન અધિકારીઓનું રક્ષણ**
   (C) રાજ્યના સનદી અધિકારીઓની સેવાની શરતો (D) કેન્દ્રીય જાહેર સેવા પંચ
14. કેન્દ્રીય જાહેર સેવા પંચ (UPSC) કોને પોતાનો વાર્ષિક અહેવાલ સુપરત કરે છે?
   (A) લોકસભાના અધ્યક્ષ (B) વડા પ્રધાન **(C) રાષ્ટ્રપતિ** (D) સંસદીય બાબતોના પ્રધાન
15. નીચેનાં વિધાનો વાંચો. તેમાંથી કયું સાચું છે?
   1. રાષ્ટ્રપતિ (UPSC)ના અધ્યક્ષની અને તેના સભ્યોની નિમણૂક કરે છે.
   2. UPSC તેનો વાર્ષિક અહેવાલ રાષ્ટ્રપતિનો સુપરત કરે છે.
   3. રાષ્ટ્રપતિની જવાબદારી છે કે UPSCનો વાર્ષિક અહેવાલ સંસદમાં રજૂ થાય.

   (A) 1, 2 (B) ફક્ત 3 (C) ફક્ત 2 **(D) 1, 2, 3**
16. રાજ્યપાલના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન સાચું છે?
   1. રાજ્યપાલ GPSCના અધ્યક્ષની નિમણૂક કરે છે.
   2. GPSCનો વાર્ષિક અહેવાલ રાજ્યપાલને સુપરત કરવામાં આવે છે.
   3. રાજ્યપાલની જવાબદારી છે કે GPSCનો વાર્ષિક અહેવાલ વિધાનસભામાં રજૂ થાય.

   (A) ફક્ત 3 (B) ફક્ત 1 (C) ફક્ત 2 **(D) 1, 2, 3**
17. જાહેર સેવા પંચોની જોગવાઈ ભારતના બંધારણમાં કઈ કલમોમાં કરાઈ છે?
   (A) કલમ-308થી કલમ-314 **(B) કલમ-315થી કલમ-323**
   (C) કલમ-308થી કલમ-320 (D) કલમ-309થી કલમ-322

## 25. માળખું

1. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન (IIPA)ની સ્થાપના ક્યારે કરવામાં આવી?
   (A) 1969 **(B) 1954** (C) 1950 (D) 1962
2. એડમિનિસ્ટ્રેટિવ સ્ટાફ કોલેજ ઓફ ઈન્ડિયા (ASCI)ની સ્થાપના ક્યારે કરવામાં આવી?
   (A) 1952 **(B) 1957** (C) 1950 (D) 1959
3. UPSCનું મૂળ શામાં છે?
   (A) 1905નો કાયદો **(B) 1919નો કાયદો** (C) 1935નો કાયદો (D) 1947નો કાયદો
4. UPSCનાં કાર્યોનું સ્રોત શું છે?
   1. બંધારણ
   2. સંસદના કાયદા
   3. વહીવટી નિયમો અને હુકમો
   4. પરંપરાઓ

   ઉપરનાંમાંથી શું સાચું છે?
   (A) 2, 3 (B) 1, 2 **(C) 1, 2, 3, 4** (D) 3, 4
5. કોઈ સ્થાનિક સત્તામંડળ, કોર્પોરેટ સંસ્થા કે જાહેર સંસ્થાના મહેકમની વ્યવસ્થા કોણ UPSCના કાર્યક્ષેત્રમાં મૂકી શકે?
   **(A) સંસદ** (B) રાષ્ટ્રપતિ
   (C) કેન્દ્રનું મહેકમ મંત્રાલય (D) સર્વોચ્ચ અદાલત
6. UPSCના અધ્યક્ષ અને સભ્યોનો કાર્યકાળ કેટલો હોય છે?
   (A) ચાર વર્ષ **(B) છ વર્ષ** (C) પાંચ વર્ષ (D) બે વર્ષ
7. કયા પગાર પંચ દ્વારા અખિલ ભારતીય સેવાઓનું વર્ગીકરણ વર્ગ-1, 2, 3 અને 4ને બદલે જૂથ-A, B, C અને Dમાં કરવામાં આવ્યું?
   **(A) ત્રીજા** (B) બીજા (C) ચોથા (D) પાંચમા
8. ઈન્ડિયન ઈકોનોમિક સર્વિસ અને ઈન્ડિયન સ્ટેટિસ્ટિકલ સર્વિસની સ્થાપના ક્યારે થઈ?
   **(A) 1961** (B) 1950 (C) 1952 (D) 1955
9. કોઠારી સમિતિની ભલામણો ક્યારે સ્વીકારવામાં આવી?
   (A) 1974 (B) 1969 **(C) 1977** (D) 1966
10. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન (IIPA)ના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન સાચું છે?
    1. તેની સ્થાપના 1953માં થઈ.
    2. તે વહીવટલક્ષી સંશોધન કરે છે.
    3. તે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને જાહેર સાહસોના કર્મચારીઓ માટે ઓપ વર્ગ (refresher course) ચલાવે છે.
    4. તે વહીવટનાં વિવિધ પાસાં અંગે પ્રકાશનો કરે છે.

    **(A) 2, 3, 4** (B) 1, 3, 4 (C) 1, 2, 3, 4 (D) 1, 2
11. સામાન્યજ્ઞ (generalist) વહીવટદારની ભૂમિકા શી છે?
    (A) તે નીતિઓ ઘડે છે. (B) તે નિર્ણયોનો અમલ કરે છે.
    (C) તે સમસ્યાઓનો ઉકેલ લાવે છે. **(D) ઉપરોક્ત તમામ**
12. નીચેનાં વિધાનોમાંથી કયું સાચું છે?
    1. આધુનિક વહીવટી તંત્રની જટિલ અને ટેકનિકલ સમસ્યાઓને ઉકેલવા માટે વિશેષ જ્ઞાનની જરૂરિયાત છે.
    2. નોકરશાહી વ્યાવસાયિક રીતે પૂરી સજ્જ હોવી જોઈએ.

3. વહીવટનાં પરંપરાગત ક્ષેત્રોમાં પણ વિશેષજ્ઞની ભૂમિકા મહત્ત્વની ગણાવા માંડી છે.
4. સામાન્યજ્ઞ કોઈ વિશિષ્ટ કે ટેકનિકલ લાયકાત ધરાવતો નથી.

(A) 2, 3, 4 (B) 1, 2, 3 **(C) 1, 2, 3, 4** (D) 1, 3, 4

13. ભારતમાં સનદી સેવાનું વર્ગીકરણ શાને આધારે કરવામાં આવેલું છે?
(A) બંધારણની કલમ-308 (B) સંસદનો કાયદો
**(C) સિવિલ સર્વિસિસ રુલ્સ-1930** (D) ઉપરોક્ત તમામ

14. ભારતમાં સનદી સેવાઓમાં કેવું વર્ગીકરણ અપનાવવાયું છે?
**(A) પાયરી (rank) વર્ગીકરણ** (B) હોદ્દા મુજબ વર્ગીકરણ
(C) પગાર મુજબ વર્ગીકરણ (D) ભૌગોલિક વર્ગીકરણ

15. સનદી સેવાઓના વર્ગીકરણ અનુસાર રાજપત્રિત વર્ગ કોણ છે?
(A) વર્ગ-1ના અધિકારી (B) વર્ગ-2ના અધિકારી
(C) વર્ગ-3ના કર્મચારી **(D) A અને B**

16. સનદી સેવાઓમાં કોને અધિકારી કહેવામાં આવે છે?
(A) વર્ગ-1 (B) વર્ગ-2
**(C) A અને B બંને** (D) ઉપરનાંમાંથી એક પણ નહિ

17. નીચેનાં વિધાનોમાંથી કયું સાચું છે?
1. સામાન્યતયા વર્ગ-1 અને વર્ગ-2ના અધિકારીઓ રાજપત્રિત અધિકારીઓ કહેવાય છે.
2. સામાન્યતયા વર્ગ-3 અને વર્ગ-4ના બિન-રાજપત્રિત કર્મચારીઓ કહેવાય છે.
3. રાજપત્રિત અધિકારીઓનાં નામ બદલી, નિમણૂક, બઢતી કે નિવૃત્તિ સમયે રાજપત્ર (ગેઝેટ)માં પ્રકાશિત થાય છે.
4. રાજપત્રિત અધિકારીઓ કેટલાક વિશેષાધિકારો ભોગવે છે.

(A) 1, 2, 3 (B) 1, 2 (C) 2, 4 **(D) 1, 2, 3, 4**

18. સનદી સેવાઓમાં હોદ્દાને આધારે વર્ગીકરણની ભલામણ કોણે કરી હતી?
(A) તૃતીય નાણાં પંચ (B) બીજું પગાર પંચ
**(C) વહીવટી સુધારા પંચ (1966-70)** (D) ચોથું પગાર પંચ

19. કોણે સનદી સેવાઓ માટે કાર્યગત વર્ગીકરણની ભલામણ કરી હતી?
(A) છઠ્ઠું નાણાં પંચ **(B) પાંચમું પગાર પંચ**
(C) વહીવટી સુધારા પંચ (D) દસમું નાણાં પંચ

20. સનદી સેવાઓમાંના પાયરી (rank) વર્ગીકરણની ટીકા કયા મુદ્દે કરવામાં આવે છે?
**(A) તે વર્ગીય સભાનતા ઊભી કરે છે.**
(B) તે ભેદભાવ ઊભો કરે છે.
(C) તેનાથી પગાર ધોરણ બદલાય છે અને તે અસમાનતા ઊભી કરે છે.
(D) તે પ્રધાનો અને અધિકારીઓ વચ્ચે વિખવાદ ઊભો કરે છે.

21. સામાન્ય કેન્દ્રીય સેવાઓમાં શાનો સમાવેશ થાય છે?
(A) વર્ગ-1ના અધિકારીઓ
(B) વર્ગ-2ના અધિકારીઓ
**(C) કેન્દ્રીય સનદી સેવાના કોઈ પણ વર્ગનાં પદો કે જે અન્ય કોઈ પણ કેન્દ્રીય સનદી સેવામાં સમાવવામાં ના હોય.**
(D) વર્ગ-1 અને વર્ગ-2ના અધિકારીઓ

22. સનદી સેવાઓમાં શા માટે વર્ગીકરણ કરવામાં આવે છે?
   (A) તેનાથી યોગ્ય કાર્ય વિભાજન સુગમ બને છે.
   (B) તે મનસ્વી ધોરણો દૂર કરે છે.
   (C) તે કર્મચારીઓની કાર્યપ્રેરણામાં વધારો કરે છે.
   **(D) ઉપરોક્ત તમામ**
23. સનદી સેવાઓમાં શા માટે વર્ગીકરણ કરવામાં આવે છે?
   (A) તે ભરતીની પ્રક્રિયાને ગતિ આપે છે.
   (B) તે તાલીમની જરૂરિયાતોનો નિર્દેશ કરે છે.
   (C) તેનાથી માનવ સંસાધનોનું અસરકારક આયોજન થાય.
   **(D) ઉપરોક્ત તમામ**
24. સનદી સેવાઓના સંદર્ભમાં વર્ગની વ્યાખ્યા "એકસરખાં પદોનું એવું જૂથ કે જે ફરજો અને જવાબદારીઓમાં ઠીક ઠીક પ્રમાણમાં સમાનતા ધરાવતું હોય." - આ વ્યાખ્યા કોણે આપી છે?
   (A) વુડ્રો વિલ્સન
   **(B) ગ્લેન સ્ટાહલ**
   (C) ભારતનું વહીવટી સુધારા પંચ
   (D) ભારતનું પાંચમું પગાર પંચ
25. સનદી સેવાઓમાં વર્ગીકરણ શા માટે કરવામાં આવે છે?
   (A) તેનાથી મહેકમ અદ્યતન રેકર્ડ જાળવવામાં મદદ મળે છે.
   (B) તે માનવ સંસાધનોના યોગ્ય ઉપયોગની ખાતરી પૂરી પાડે છે.
   (C) તેનાથી કાર્યનાં સમાન ધોરણો સ્થપાય છે.
   **(D) ઉપરોક્ત તમામ**

## 26. ભરતી, તાલીમ અને ક્ષમતા

1. આઈએએસ પ્રોબેશનરની નિમણૂક કયા સ્થાને કરવી તે કોણ નક્કી કરે છે?
   (A) લાલ બહાદુર શાસ્ત્રી નેશનલ એકેડમી ઓફ એડમિનિસ્ટ્રેશનના નિયામક
   (B) રાજ્યના મુખ્ય પ્રધાન
   **(C) રાજ્યના મુખ્ય સચિવ**
   (D) કેન્દ્રનું મહેકમ મંત્રાલય
2. નવી દિલ્લી ખાતે IAS ટ્રેનિંગ સ્કૂલની સ્થાપના ક્યારે કરવામાં આવી?
   (A) 1950 (B) 1955 **(C) 1947** (D) 1960
3. અખિલ ભારતીય સેવાના પિતા તરીકે કોને ઓળખવામાં આવે છે?
   (A) જવાહરલાલ નેહરુ **(B) સરદાર પટેલ** (C) ભીમરાવ આંબેડકર (D) લોર્ડ માઉન્ટબેટન
4. મસૂરી ખાતેની નેશનલ એકેડેમી ઓફ એડમિનિસ્ટ્રેશનની સ્થાપના ક્યારે કરવામાં આવી?
   (A) 1950 (B) 1952 **(C) 1959** (D) 1945
5. આઈએએસ પ્રોબેશનરની તાલીમનો સમયગાળો કેટલો હોય છે?
   (A) 6 મહિના (B) 12 મહિના (C) 36 મહિના **(D) 24 મહિના**
6. ખાનગી ક્ષેત્ર અને જાહેર ક્ષેત્ર બંનેના કર્મચારીઓને તાલીમ આપવાનું કામ કોણ કરે છે?
   (A) SPIPA **(B) ASCI** (C) NIRD (D) IIPA
7. કયા પંચ કે કઈ સમિતિની ભલામણોને આધારે ભારતમાં ઉચ્ચ સનદી સેવાઓનું હાલનું માળખું અસ્તિત્વમાં આવ્યું?
   1. સતીષચંદ્ર સમિતિ
   2. કોઠારી સમિતિ
   3. મેકોલે સમિતિ
   4. સરકારિયા પંચ

   ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 2, 3, 4 (B) 1, 2 (C) માત્ર 4 **(D) 1, 2, 3**

8. UPSC દ્વારા મેરિટને આધારે સફળ ઉમેદવારોની યાદી બનાવીને કોને સુપરત કરવામાં આવે છે?

**(A) વિદેશ મંત્રાલય** (B) ગૃહ મંત્રાલય (C) નાણાં મંત્રાલય (D) મહેકમ મંત્રાલય

9. UPSC શેના વિશે કામ કરે છે?

1. સેવાઓનું વર્ગીકરણ
2. બઢતી
3. તાલીમ
4. સ્થાન નક્કી કરવું
5. શિસ્તભંગ સંબંધી બાબતો
6. પ્રતિભાની ખોજ

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 3, 4** (B) 2, 3, 4 (C) 2, 4, 6 (D) 3, 4, 5

10. આઈએએસ પ્રોબેશનરની તાલીમ માટેની 'સેન્ડવિચ પેટર્ન' કોની ભલામણથી દાખલ થઈ હતી?

**(A) વહીવટી સુધારા પંચ** (B) NDC (C) આયોજન પંચ (D) નાણાં પંચ

11. નીચેનામાંથી કયું વિધાન સાચું છે?

1. આઈએએસ પ્રોબેશનરની તાલીમની 'સેન્ડવિચ પેટર્ન' 1968માં દાખલ થઈ.
2. IAS અને અન્ય સનદી અધિકારીઓ માટેનો ફાઉન્ડેશન કોર્સ છ મહિનાનો હોય છે.
3. IAS અધિકારીની બે તાલીમ થાય છે અને બે વચ્ચેનો સમયગાળો એક વર્ષનો હોવો જરૂરી છે.
4. IAS પ્રોબેશનરનું સ્થળ લાલબહાદુર શાસ્ત્રી નેશનલ એકેડમી ઓફ એડમિનિસ્ટ્રેશનના નિયામક કરે છે.

(A) ફક્ત 4 **(B) ફક્ત 3** (C) 1, 2 (D) 3, 4

12. જોડકાં જોડો:

| **તાલીમનો પ્રકાર** | **તાલીમ આપનાર સંસ્થા** |
|---|---|
| a. અભિમુખતા તાલીમ | 1. ASCI |
| b. કેન્દ્રીય તાલીમ | 2. નેશનલ પોલિસ એકેડેમી |
| c. વ્યવસાયી તાલીમ | 3. નેશનલ એકેડેમી ઓફ એડમિનિસ્ટ્રેશન |
| d. સેવા સમયની તાલીમ | 4. NIRD |

| | **a** | **b** | **c** | **d** |
|---|---|---|---|---|
| (A) | 4 | 2 | 1 | 3 |
| **(B)** | **4** | **3** | **2** | **1** |
| (C) | 3 | 1 | 2 | 4 |
| (D) | 3 | 4 | 2 | 1 |

13. "ભરતી એ સમગ્ર જાહેર મહેકમ માળખામાં પાયાનો પથ્થર છે." - આ વિધાન કોનું છે?

(A) ભારતનું પ્રથમ પગાર પંચ (B) હર્બર્ટ સાયમન

**(C) ગ્લેન સ્ટેહલ** (D) વુડ્રો વિલ્સન

14. ભારતમાં સનદી સેવાઓમાં બઢતીને શું કહેવામાં આવે છે?

(A) પ્રત્યક્ષ ભરતી **(B) પરોક્ષ ભરતી** (C) ભલામણ ભરતી (D) પાયરી ભરતી

15. સનદી સેવામાં સીધી ભરતીનો શો લાભ છે?

1. લાયકાત ધરાવતી તમામ વ્યક્તિઓને સમાન તક મળે છે.
2. તે ભરતીના ક્ષેત્રને વ્યાપક બનાવે છે.

3. તે સક્ષમ અને લાયકાત ધરાવતી વ્યક્તિઓને આકર્ષે છે.
4. તે નવા વિચારોવાળી વ્યક્તિઓને વહીવટમાં લાવવામાં મદદરૂપ થાય છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 3 **(B) 1, 2, 3, 4** (C) 2, 3, 4 (D) 1, 3, 4

16. સનદી સેવાઓમાં ભરતી માટેની સામાન્ય લાયકાતમાં શાનો સમાવેશ થાય છે?

(A) નાગરિકતા (B) ઉંમર અને જાતિ (C) સ્થાનિક નિવાસ **(D) ઉપરોક્ત તમામ**

17. સનદી સેવામાં ભરતી માટેની વિશેષ લાયકાતમાં શાનો સમાવેશ થાય છે?

(A) શૈક્ષણિક લાયકાત (B) અનુભવ (C) ટેકનિકલ જ્ઞાન **(D) ઉપરોક્ત તમામ**

18. સનદી સેવામાં ભરતીની કઈ પદ્ધતિ અમલમાં છે?

(A) કેડર પદ્ધતિ અને નિષ્ણાત પદ્ધતિ (B) સામાન્ય માનસિક ક્ષમતા પદ્ધતિ
(C) બાહ્ય (lateral) પ્રવેશ પદ્ધતિ **(D) ઉપરોક્ત તમામ**

19. નીચે સનદી સેવા માટે તાલીમ આપનારી સંસ્થાઓ અને તેમના સ્થાપના વર્ષની યાદીઓ આપી છે. જોડકાં જોડો:

| **સંસ્થા** | **સ્થાપના વર્ષ** |
|---|---|
| (a) ફોરેન સર્વિસ ઈન્સ્ટિટ્યુટ | (1) 1954 |
| (b) IIPA | (2) 1986 |
| (c) નેશનલ પોલિસ એકેડેમી | (3) 1957 |
| (d) ASCI | (4) 1948 |

**(A) a-2, b-1, c-4, d-3** (B) a-4, b-3, c-2, d-1
(C) a-3, b-4, c-2, d-1 (D) a-1, b-3, c-4, d-2

20. નીચે સનદી સેવાઓ માટે તાલીમ આપનારી સંસ્થાઓ અને તેમના સ્થાપના વર્ષની યાદીઓ આપી છે. જોડકાં જોડો:

| **સંસ્થા** | **સ્થાપના વર્ષ** |
|---|---|
| (a) NIRD | (1) 1954 |
| (b) નેશનલ ફોરેસ્ટ એકેડેમી | (2) 1948 |
| (c) ઈન્સ્ટિટ્યુટ ઓફ સેક્રેટરિયેટ ટ્રેનિંગ એન્ડ મેનેજમેન્ટ | (3) 1938 |
| (d) IIPA | (4) 1958 |

(A) a-3, b-4, c-3, d-1 **(B) a-4, b-3, c-2, d-1**
(C) a-2, b-3, c-4, d-1 (D) a-1, b-2, c-3, d-4

21. સનદી સેવાઓમાં તાલીમ શા માટે આપવામાં આવે છે?

(A) અધિકારીઓ અને કર્મચારીઓ સમુદાય પ્રત્યે સભાન બને.
(B) અધિકારીઓ અને કર્મચારીઓ ચોકસાઈ અને સ્પષ્ટતા સાથે કામ કરે.
(C) બદલાતા વિશ્વના નવા વિચારોથી માહિતગાર થાય.
**(D) ઉપરોક્ત તમામ**

## 27. વર્તણૂક અને શિસ્ત

1. "મુલકી સેવકો તેમના માનસિક દષ્ટિકોણની બાબતમાં તદ્દન જરી-પુરાણા બની ગયા છે" - આ વિધાન કોનું છે?

(A) વી. પી. સિંહ (B) મોરારજી દેસાઈ
**(C) જવાહરલાલ નેહરુ** (D) ઈંદિરા ગાંધી

2. અખિલ ભારતીય સેવાઓને માટે સેવાઓની શરતો કોણ નક્કી કરે છે?

**(A) સંસદ** (B) રાષ્ટ્રપતિ (C) ઉપરાષ્ટ્રપતિ (D) કેન્દ્રીય પ્રધાનમંડળ

3. અમલદારોની વર્તણૂક અને શિસ્ત માટેના નિયમો શાની સાથે સંબંધિત છે?
   (A) તેમની રાજકીય પ્રવૃત્તિઓ પર નિયંત્રણ
   (B) બહારની એજન્સીઓ સાથેના તેમના સંબંધો
   (C) તેમના દ્વારા થતી સરકારની ટીકા કરવા ઉપર નિયંત્રણ
   **(D) ઉપરોક્ત તમામ**
4. અમલદારોની વર્તણૂક અને શિસ્ત માટેના નિયમો શાની સાથે સંબંધિત છે?
   (A) તેમની ખાનગી મિલકતની જાહેરાત
   (B) તેમની ખાનગી રોકાણની જાહેરાત
   (C) જાહેરમાં દેખાવો યોજવા અંગે તેમના પર નિયંત્રણ
   **(D) ઉપરોક્ત તમામ**
5. અખિલ ભારતીય સેવા વર્તણૂકના નિયમો ક્યારે ઘડવામાં આવ્યા?
   **(A) 1954** (B) 1959 (C) 1948 (D) 1936
6. કેન્દ્રીય સેવા વર્તણુકના નિયમો ક્યારે ઘડવામાં આવ્યા?
   **(A) 1955** (B) 1965 (C) 1938 (D) 1948
7. રેલવે સેવા વર્તણૂકના નિયમો ક્યારે ઘડવામાં આવ્યા?
   **(A) 1956** (B) 1970 (C) 1960 (D) 1949
8. સરકારી કર્મચારી પાસેથી શું અપેક્ષિત છે?
   (A) તે સરકારની નીતિની જાહેરમાં ટીકા ના કરે.
   (B) તે માહિતી અધિકાર ધારા હેઠળ માગવામાં આવેલી માહિતી સમય મર્યાદામાં પૂરી પાડે.
   (C) તે સરકારને બેવફા બની શકે નહિ.
   **(D) ઉપરોક્ત તમામ**
9. સરકારી કર્મચારી પાસેથી કેવા વર્તનની અપેક્ષા રાખવામાં આવે છે?
   (A) સરકારને ઊથલાવવાનું વલણ રાખતી પ્રવૃત્તિ કરનારી પોતાના કુટુંબની સભ્ય વ્યક્તિને તેમ કરતાં તેણે રોકવી જોઈએ.
   (B) તેઓ માધ્યમોમાં રજૂઆત કરે તેમાં સરકારની નીતિની ટીકા તેઓ ના કરે.
   (C) કોઈ પણ મૂડીરોકાણમાં સટ્ટાખોરી ના કરે.
   **(D) ઉપરોક્ત તમામ**
10. સરકારી કર્મચારી પાસેથી કેવા વર્તનની અપેક્ષા છે?
    1. તે કોઈ ભેટ કે ઈનામ લઈ શકે નહિ.
    2. તેના કુટુંબના કોઈ સભ્ય કોઈ ભેટ કે ઈનામ લઈ શકે નહિ.
    3. સરકાર જે કંપની કે પેઢી સાથે સંબંધ ધરાવતી હોય તેમાં કુટુંબના કોઈ સભ્યને સરકારની પૂર્વમંજૂરી વિના નોકરી કરવાની પરવાનગી સરકારી અમલદાર આપી શકે નહિ.
    4. પ્રવર્તમાન સરકારની સેવા તે નિષ્ઠા અને વફાદારી સાથે કરે.

    ઉપરનાંમાંથી શું સાચું છે?

    (A) 1, 2 (B) ફક્ત 3, 4 (C) ફક્ત 2 **(D) 1, 2, 3, 4**
11. કઈ બાબતને શિસ્તભંગ ગણીને સરકારી કર્મચારી સામે પગલાં ભરવામાં આવે છે?
    1. ઉઠાઉગીરી, સરકારી મિલકતની ચોરી
    2. હિસાબમાં છેતરપિંડી, નાણાંની ઉચાપત

3. અપ્રામાણિક રીતે કરાયેલા નાણાકીય દાવા
4. ખોટા દસ્તાવેજો બનાવવા

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2 (B) 1, 2, 3 **(C) 1, 2, 3, 4** (D) 1, 4

12. કઈ બાબતને શિસ્તભંગ ગણીને સરકારી કર્મચારી સામે પગલાં ભરવામાં આવે છે?

(A) અપ્રમાણસર મિલકત ધારણ કરવી (B) લાંચ લેવી, ભ્રષ્ટાચાર કરવો

(C) સરકારને દગો કરવો **(D) ઉપરોક્ત તમામ**

13. કઈ બાબતને શિસ્તભંગ ગણીને સરકારી કર્મચારી સામે પગલાં ભરવામાં આવે છે?

(A) 'આદેશોનું પાલન ના કરવું (B) ઉપરી અધિકારી સાથે ગેરવર્તણૂક

(C) સહકર્મચારી સાથે ગેરવર્તણૂક **(D) ઉપરોક્ત તમામ**

14. સરકારી કર્મચારીના શિસ્તભંગ સબબ કેવાં પગલાં ભરવામાં આવે છે?

1. ઠપકો અપાય.
2. બઢતી અટકાવી દેવાય.
3. પગારમાં ઈજાફો રોકાય.
4. ફરજિયાતપણે નિવૃત્ત કરી દેવાય.

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3, 4** (B) 2, 4 (C) 2, 3 (D) 3, 4

15. સરકારી કર્મચારીઓની શિસ્તના સંદર્ભમાં નીચેનાં વિધાનોમાંથી કયું વિધાન સાચું છે?

1. તેમને શિસ્તહેતુ કાર્યવાહીની વિગતોની ખબર હોતી નથી.
2. શિસ્તભંગ સામે પગલાં લેવામાં ઘણો વિલંબ થાય છે.
3. મોટા ભાગના અમલદારોને પોતાના નિર્ણયો સામે અપીલ થાય તે ગમતું નથી.
4. નિયમો સરળ અને સ્પષ્ટ નથી.

(A) 1, 2, 3 (B) 2, 4 **(C) 1, 2, 3, 4** (D) 1, 2, 4

16. સરકારી કર્મચારીઓની વર્તણૂક અને શિસ્તના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચોઃ

1. કર્મચારીઓએ તમામ લોકોની સમાન રીતે નિષ્પક્ષતાથી સેવા કરવી જોઈએ.
2. શિસ્તભંગ સામેનાં પગલાં સુસંગત હોવાં જોઈએ.
3. કર્મચારીઓમાં હાલ લોકો માટેની ચિંતાનો અભાવ જણાય છે.
4. તેમની વર્તણૂક અને શિસ્ત માટેનાં નિયમો અને નિયંત્રણો કાળજીપૂર્વક ઘડાવાં જોઈએ.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 3 **(B) 1, 2, 3, 4** (C) 2, 4 (D) 1, 4

17. વહીવટી નીતિનિયમોના અમલ માટેનું આવશ્યક તત્ત્વ કયું છે?

1. રાજકીય અને વહીવટી નેતૃત્વ
2. જાહેર સેવકો માટેનાં નૈતિક ધોરણો
3. જાહેર સેવકોની સર્જનાત્મકતા
4. ઈષ્ટતમ કામગીરીનું વાતાવરણ

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 3 (B) 1, 2, 3 **(C) 1, 2, 3, 4** (D) 2, 3

18. વહીવટી નીતિનિયમોના અમલ માટેનું આવશ્યક તત્ત્વ કયું છે?
   (A) કર્મચારીની ફરજ બજાવવાની ભાવના
   (B) રાજકારણમાં નીતિશાસ્ત્રનું મિશ્રણ
   (C) નિર્ધારિત કરેલા લક્ષ્યાંકો પ્રત્યે વહીવટકર્તાઓનું નિષ્ઠાપૂર્વકનું વલણ
   **(D) ઉપરોક્ત તમામ**
19. વહીવટી નીતિનિયમોના અમલ માટેનું આવશ્યક તત્ત્વ કયું છે?
   (A) કર્મચારીઓનું બિન-પક્ષપાતી વલણ
   (B) રાજકીય તટસ્થતા
   (C) લોકસંપર્ક
   **(D) ઉપરોક્ત તમામ**
20. વહીવટી નીતિનિયમોના અમલ માટેનું આવશ્યક તત્ત્વ કયું છે?
   (A) નાગરિકોનો અસરકારક સહયોગ  (B) રાજકીય તટસ્થતા
   (C) જાહેર વહીવટની ન્યાયયુક્તતા  **(D) ઉપરોક્ત તમામ**

## 28. સ્ટાફ એસોસીએશન

1. સરકારી કર્મચારીઓનાં મંડળો વિશે નીચેનાં વિધાનો વાંચો:
   1. તેઓ પોતાને વહીવટી તંત્રના હિસ્સારૂપ માને છે.
   2. તેઓ દેશના વિકાસમાં પૂર્ણ ભાગીદારીની તકો ઝંખે છે.
   3. તેઓ અસરકારક અને પ્રગતિશીલ વહીવટી તંત્ર માટે અસ્કામત છે.
   4. તેઓ સરકારને કોઈ પ્રશ્ન અંગેના દૃષ્ટિબિંદુને સમજવાની તક આપે છે.

   ઉપરનાંમાંથી સાચું છે?
   (A) 1, 2, 3  (B) 3, 4  **(C) 1, 2, 3, 4**  (D) 2, 4
2. સરકારી કર્મચારીઓ મંડળો વિશે નીચેનાં વિધાનો વાંચો:
   1. તે કર્મચારીઓના કલ્યાણ માટેનાં ઉપયોગી સાધનો છે.
   2. સરકારને તેમની સાથેના વર્તનમાં ઉદાર થવાની તે ફરજ પાડે છે.
   3. તેમને પરિણામે કર્મચારીઓ સ્વતંત્રતા અને સલામતીનો અનુભવ કરે છે.
   4. તે જાહેર સેવકોની રોજબરોજની મુશ્કેલીઓને વ્યક્ત કરવાનું શક્ય બનાવે છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?
   **(A) 1, 2, 3, 4**  (B) 1, 2, 3  (C) 1, 2, 4  (D) 2, 3, 4
3. 1959માં ઘડાયેલા કેન્દ્રીય સનદી સેવા નિયમોમાં કર્મચારી મંડળને માન્યતા આપવા માટે કયો નિયમ છે?
   1. સરકારી નોકર ના હોય તેવી વ્યક્તિ મંડળ સાથે સંકળાયેલી ના હોય.
   2. સભ્યો ચૂંટણી દ્વારા કારોબારી નક્કી કરે.
   3. મંડળ સરકારી કર્મચારીના કોઈ વ્યક્તિગત પ્રશ્નને ટેકો આપશે નહિ.
   4. મંડળ રાજકીય ભંડોળ નહિ રાખે.
   5. તે કોઈ રાજકીય પક્ષનો કે રાજકીય વિચારધારાનો પ્રચાર કરશે નહિ.

   ઉપરનાંમાંથી શું સાચું છે?
   **(A) 1, 2, 3, 4, 5**  (B) 2, 3, 4, 5  (C) 4, 5  (D) 3, 4, 5

4. સરકારી કર્મચારીઓનાં મંડળોના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચોઃ
   1. તેમને ઈન્ડિયન ટ્રેડ યુનિયન એક્ટ-1926ની જોગવાઈઓ લાગુ પડતી નથી.
   2. તેમને સરકાર સાથે મંત્રણા કરવા કાનૂની દરજ્જો મળે છે.
   3. સરકાર તેમને માન્યતા આપે છે.
   4. સરકારનીતિ મોટે ભાગે તુંદરસ્ત શ્રમિક ચળવળને પ્રોત્સાહન આપવાની રહી છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 1, 2, 3 (B) 1, 2 ,3, 4 (C) ફક્ત 4 **(D) 1, 2, 3, 4**

5. સરકારી કર્મચારી કયા હકો માગે છે?
   1. મંડળ રચવાનો હક
   2. માન્યતા પ્રાપ્ત કરવાનો હક
   3. પ્રતિનિધિત્વનો હક
   4. જોડાણનો હક

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 1, 2, 3 **(B) 1, 2, 3, 4** (C) 2, 3, 4 (D) 1,2,4

6. સરકારી કર્મચારીઓના મંડળનો ઉદ્દેશ શો હોય છે?

   (A) નોકરીની શરતો સંબંધી પ્રશ્નોનો ઉકેલ લાવવો.

   (B) સરકાર સાથે મંત્રણાઓ કરવી.

   (C) લાયકાત-આધારિત પ્રથાનું રક્ષણ કરવું.

   **(D) ઉપરોક્ત તમામ**

7. સરકારી કર્મચારીઓનાં મંડળો કયું કાર્ય કરે છે?

   (A) કર્મચારીઓના અધિકારોનું મંડળો કયું કાર્ય કરે છે?

   (B) સરકાર સમક્ષ ફરિયાદો રજૂ કરવી.

   (C) કર્મચારીઓનો સામાજિક-સાંસ્કૃતિક વિકાસ કરવો.

   **(D) ઉપરોક્ત તમામ**

## 29. રાજકીય અધિકારો

1. અમલદારોના રાજકીય અધિકારો અંગે નીચેનાં વિધાનોમાંથી કયું સાચું છે?
   1. તેઓ મતાધિકાર ધરાવે છે.
   2. તેમનામાં રાજકીય તટસ્થતા હોવી જોઈએ.
   3. તેમણે રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લેવો જોઈએ નહિ.
   4. તેઓ કોઈ પણ સ્તરે રાજકીય પ્રતિનિધિત્વ માટે ઉમેદવારી કરી શકે નહિ.

   **(A) 1, 2, 3, 4** (B) 1, 2, 3 (C) 1, 2 (D) 1, 4

2. અમલદારોના રાજકીય અધિકારો પર નિયંત્રણો મૂકવા પાછળ કઈ દલીલ કરવામાં આવે છે?

   (A) રાજકારણને વહીવટી તંત્રથી અલગ રાખવું જોઈએ.

   (B) તેઓ પ્રજાકીય હેતુઓ માટે સમર્પિત હોય છે માટે તેમણે રાજકીય દૃષ્ટિએ તટસ્થ રહેવું જોઈએ.

   **(C) A અને B બંને**

   (D) રાજકારણ રાજકીય પક્ષો પૂરતું જ મર્યાદિત હોય, વહીવટમાં નહિ.

3. ભારતમાં સરકારી કર્મચારીઓના રાજકીય અધિકારોના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચોઃ
   1. તેઓ મતાધિકાર ધરાવે છે.
   2. તેઓ મંડળો રચવાનો અધિકાર ધરાવે છે.
   3. તેઓ કોઈ રાજકીય પક્ષના સભ્ય બની શકે નહિ.
   4. તેઓ રાજકીય પક્ષના સભ્ય બની શકે નહિ.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   **(A) 1, 2, 3, 4** (B) 1, 2 (C) 3, 4 (D) 1, 3

4. ભારતમાં સરકારી કર્મચારીના રાજકીય અધિકારોના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચોઃ
   1. તે રાજકીય પક્ષના સભ્ય બની શકે નહિ.
   2. તે રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લેતા કોઈ સંગઠનના સભ્ય બની શકે નહિ.
   3. તે રાજકીય આંદોલનમાં ભાગ લઈ શકે નહિ.
   4. તે રાજકીય આંદોલનને મદદ કરી શકે નહિ.

   (A) 1, 2 (B) 3, 4 (C) 1, 2, 3 **(D) 1, 2, 3, 4**

5. સરકારી કર્મચારીના રાજકીય અધિકારોના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચોઃ
   1. તે કોઈ ચૂંટણીમાં પ્રચાર કરી શકે નહિ.
   2. તે કોઈ ચૂંટણીમાં દરમ્યાનગીરી કરી શકે નહિ.
   3. તે ચૂંટણીમાં પોતાના પ્રભાવનો રાજકીય ઉપયોગ કરી શકે નહિ.
   4. તે રાજદ્રોહી પ્રચાર કરી શકે નહિ.
   5. તે સરકારી કર્મચારીઓનું સંગઠન રચી શકે છે અને તેના સભ્ય બની શકે છે.
   6. હડતાળ પાડવી એ સરકારી કર્મચારીનો અધિકાર છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 1, 3, 5, 6 **(B) 1, 2, 3, 4, 5, 6** (C) 2, 4, 5 (D) 4, 5, 6

## 30. તટસ્થતા

1. સનદી સેવામાં તટસ્થતાનો અર્થ શું છે?
   (A) રાજકીય રીતે સનદી અધિકારી નિષ્પક્ષ હોય.
   (B) સનદી સેવાનું સ્વરૂપ બિન-રાજકીય હોય.
   (C) સત્તામાં આવનારી વિવિધ સરકારોની સનદી અધિકારી નિષ્પક્ષ રીતે સેવા બજાવે.
   **(D) ઉપરોક્ત તમામ**

2. સનદી સેવામાં તટસ્થતાનો શો અર્થ થાય છે?
   1. સનદી અધિકારીએ કોઈ પણ રાજકીય ગણતરી કર્યા વિના રાજકીય કારોબારીને સ્વતંત્ર અને નિખાલસ સલાહ આપી.
   2. સનદી અધિકારીએ બિન-પક્ષપાતી વ્યવસાયી બનવાનું છે.
   3. સનદી અધિકારીએ અ-રાજકીય અને વસ્તુલક્ષી બનવાનું છે.
   4. રાજકારણમાં આવતા ફેરફારોની સનદી સેવાના અધિકારીઓને કોઈ અસર થવી જોઈએ નહિ.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 1, 2 (B) 3, 4 **(C) 1, 2, 3, 4** (D) 1, 3, 4

3. સનદી સેવામાં તટસ્થતાનો શો અર્થ થાય છે?
   (A) સનદી અધિકારીએ પોતાની જાતને રાજકારણથી અલગ રાખવાની છે.

(B) સનદી અધિકારીએ રાજકીય નેતાને ટેકનિકલ સલાહ આપવાની છે.

(C) સનદી અધિકારીએ રાજકીય રીતે સંવેદનશીલ બનવાનું નથી.

**(D) ઉપરોક્ત તમામ**

4. સનદી અધિકારીની તટસ્થતાનો અર્થ શું થાય છે?

1. તેણે રાજકીય પ્રવૃત્તિમાં સામેલ થવાનું નથી.
2. તેણે કોઈ રાજકીય પક્ષના સભ્ય થવાનું નથી.
3. તેણે રાજકીય કારોબારીની ઈચ્છા મુજબ વર્તવાનું છે.
4. કોઈ નિર્ણયનાં રાજકીય પરિણામો શું આવી શકે તે તેણે વિચારવાનું નથી.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 3 (B) 2, 3, 4 **(C) 1, 2, 3, 4** (D) 1, 3, 4

5. કઈ ધારણાને આધારે સનદી સેવામાં તટસ્થતાના સિદ્ધાંતની હિમાયત કરવામાં આવે છે?

(A) ચૂંટણીઓ આવે ત્યારે રાજકીય વિચારધારા બદલાય એમ બને.

(B) સનદી અધિકારીની નિમણૂક તેની લાયકાતને આધારે કરવામાં આવે છે, તેની રાજકીય વિચારધારાને આધારે નહિ.

(C) સનદી અધિકારી તટસ્થતાને આધારે જ વ્યવસાયી રીતે વર્તી શકે.

**(D) ઉપરોક્ત તમામ**

6. કોણે બ્રિટનમાં સનદી અધિકારીઓને માટે તટસ્થતાના સિદ્ધાંતને પુષ્ટિ આપી હતી?

**(A) માસ્ટરમેન સમિતિ** (B) રેડક્લિફ સમિતિ

(C) સાયમન કમિશન (D) રોયલ કમિશન ઓન લેબર

7. કોણે સનદી અધિકારીઓની તટસ્થતાને લોકશાહીનું સૌથી મજબૂત પાસું ગણાવ્યું હતું?

(A) વુડ્રો વિલ્સન **(B) અર્લ એટલી** (C) મેક્સ વેબર (D) હર્બર્ટ સાયમન

8. સરકારી અમલદારોની રાજકીય પ્રવૃત્તિઓ વિશેની માસ્ટરમેન સમિતિ બ્રિટનમાં ક્યારે નિમાઈ હતી?

(A) 1857 (B) 1830 (C) 1957 **(D) 1947**

9. અમલદારો તટસ્થતાનો સિદ્ધાંત પામે તો શું થાય?

1. લોકોને સનદી અધિકારીમાં વિશ્વાસ બેસે.
2. પ્રધાનને સનદી અધિકારીમાં વિશ્વાસ બેસે.
3. અમલદારોનો જુસ્સો જળવાઈ રહે.
4. માત્ર ગુણવત્તાને આધારે જ પોતાને બઢતી મળશે એમ તેઓ પણ માને.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 3, 4 (B) 1, 2 **(C) 1, 2, 3, 4** (D) 1, 3, 4

10. સનદી સેવાની રાજકીય નિષ્પક્ષતા વિશે બ્રિટનની માસ્ટરમેન સમિતિએ શું કહ્યું હતું ?

(A) જો એ પરંપરા નબળી પડે તો રાજકીય સનદી સેવા ઊભી થાય.

(B) જો રાજકીય સનદી સેવા ઊભી થાય તો તે જાહેર હિતમાં નથી.

(C) જો રાજકીય સનદી સેવા ઊભી થાય તો તે સનદી સેવાના પોતાના હિતમાં નથી.

**(D) ઉપરોક્ત તમામ**

11. અમેરિકામાં સનદી સેવાઓની તટસ્થતાનો ખ્યાલ કોણે ઊભો કર્યો?

**(A) હૂવર કમિશન** (B) બ્રુન્ટલેન્ડ કમિશન (C) સર્વોચ્ચ અદાલત (D) જ્હોન એફ. કેનેડી

12. અમેરિકાના હૂવર કમિશને સનદી સેવાઓની તટસ્થતાના સંદર્ભમાં શું કહ્યું હતું?

1. સનદી અધિકારીઓએ વહીવટી તંત્રની નીતિઓ સાથે લાગણીથી જોડાવું જોઈએ નહિ.

2. સનદી અધિકારીઓએ નવા નેતાઓ સાથે સંવાદિતાથી કામ કરવું જોઈએ.
3. કોઈ રાજકીય પક્ષ કે નીતિ સાથે પોતે વ્યક્તિગત રીતે જોડાયા હોવાની છાપ ઊભી થતી સનદી અધિકારીઓએ ટાળવી જોઈએ.
4. સનદી અધિકારીએ ખાનગી કે જાહેર નિવેદનો કરવાનું ટાળવું જોઈએ.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2 (B) 2, 4 **(C) 1, 2, 3, 4** (D) 3, 4

13. સનદી સેવાઓમાં રાજકીય તટસ્થતાના સિદ્ધાંતનો શો અર્થ થાય છે?
1. સનદી અધિકારીઓની રાજકીય તટસ્થતા તેમના સરકાર સાથેના સંદર્ભમાં છે.
2. એક વાર નિર્ણય લેવાઈ જાય પછી સનદી અધિકારીએ તેને ટેકો આપવાનો છે અને તેનો અમલ કરવાનો છે.
3. નીતિના ઘડતરની પ્રક્રિયામાં સનદી અધિકારીએ સ્પષ્ટ અને પ્રામાણિક સલાહ આપવાની છે.
4. સનદી અધિકારીએ વિવિધ નીતિવિષયક વિકલ્પોનું મૂલ્યાંકન કરીને સલાહ આપવાની છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 3 (B) 1, 3 (C) ફક્ત 4 **(D) 1, 2, 3, 4**

14. જાહેર હોદ્દા પર તટસ્થતા એ નૈતિક ભ્રષ્ટાચાર છે એવું કોણે કહ્યું છે?

(A) વુડ્રો વિલ્સન **(B) બ્રિયાન ચેપમેન** (C) જવાહરલાલ નેહરુ (D) ઈન્દિરા ગાંધી

15. "સનદી અધિકારીઓને તેમના માનસિક દૃષ્ટિકોણની બાબતમાં જડ બનાવી દેવામાં આવી રહ્યા છે." - આ વિધાન કોનું છે?

(A) ઈન્દિરા ગાંધી **(B) જવાહરલાલ નેહરુ** (C) મોરારજી દેસાઈ (D) વી. પી. સિંહ

16. "આજનું બધું વહીવટી તંત્ર રાજકીય છે કારણ કે તે જાહેર હિત પ્રત્યે પ્રતિભાવાત્મક હોવું જ જોઈએ." - આ વિધાન કોનું છે?

**(A) પોલ એપલબી** (B) બ્રિયાન ચેપમેન (C) રાજીવ ગાંધી (D) મનમોહન સિંહ

17. સનદી સેવા "પક્ષથી પર" હોવી જોઈએ અને "રાજકીય ગણતરીઓ લઘુતમ હોવી જોઈએ" એવું કોણે કહ્યું છે?

(A) બી. આર. આંબેડકર (B) જગજીવનરામ (C) જવાહરલાલ નેહરુ **(D) સરદાર પટેલ**

18. "સનદી અધિકારીઓએ રાજકીય તટસ્થતાનો અર્થ "કાર્યક્રમની તટસ્થતા" ન કરવો જોઈએ"- આ વિધાન કોનું છે?

(A) કાર્લ માર્ક્સ **(B) પોલ એપલબી** (C) મેક્સ વેબર (D) હર્બર્ટ સાયમન

## 31. સારા વહીવટની પહેલ

1. સરકારી અધિકારી સારા વહીવટ માટે કેવી રીતે પહેલ કરી શકે?
   1. કાયદાનો ભંગ કરીને પણ લોકોને મદદ કરે.
   2. તત્કાળ સેવા પૂરી પાડે.
   3. નિયમો સરળ બનાવે.
   4. લોકોના અભિપ્રાયો પ્રત્યે ધ્યાન આપે.

   ઉપરનામાંથી શું સાચું છે?

   **(A) 1, 2, 3, 4** (B) 1, 2
   (C) ફક્ત 1 (D) ફક્ત 4

2. સારા વહીવટ માટે અધિકારી પહેલ કરે ત્યારે શું થાય છે?
   (A) સારો કાયદો ઘડાય છે.
   (B) કાયદાના અમલ માટે સારા નિયમો ઘડાય છે.
   (C) જાહેર સેવાની ગુણવત્તા સુધરે છે.
   **(D) ઉપરોક્ત તમામ**

3. સરકારી અધિકારી કે કર્મચારી સારા વહીવટ માટે પહેલ કરે તો તેનું શું પરિણામ આવે છે?

(A) 1, 2 (B) 1, 2, 3

**(C) 1, 2, 3, 4** (D) 1, 2, 4

4. સરકારી કર્મચારી કે અધિકારી સારા વહીવટ માટે પહેલ કરે તો તેનું શું પરિણામ આવે છે?

(A) તુમારશાહી ઘટે છે.

(B) સરકારી સેવાઓનો પુરવઠો વધે છે.

(C) સરકારી સેવાઓની પ્રતિભાવાત્મકતા વધે.

**(D) ઉપરોક્ત તમામ**

5. સારા વહીવટ માટે કોઈ કર્મચારી કે અધિકારી કેવી રીતે પહેલ કરી શકે છે?

(A) શ્રેષ્ઠ પ્રક્રિયાનો નમૂનો તૈયાર કરે.

(B) નિયમોમાં સરળતા લાવે.

(C) કામના નિકાસ માટેની સમય મર્યાદા ઘડાડે.

**(D) ઉપરોક્ત તમામ**

6. સારા વહીવટ માટેની પહેલ સરકારી કર્મચારી કે અધિકારી કેવી રીતો કરી શકે છે?

1. જાહેર નીતિની અસરકારકતા વધારે
2. સરકારી કામ ઓછા ખર્ચે કેવી રીતે થાય તે શોધી કાઢે અને અમલી બનાવે.
3. કામગીરી ઉપર વિશેષ ધ્યાન આપવામાં આવે.
4. જવાબદારીઓનું વિકેન્દ્રીકરણ કરવામાં આવે.

ઉપરનામાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3, 4** (B) 1, 2, 3

(C) 1, 2, 4 (D) 2, 3, 4

7. સારા વહીવટ માટે સરકારી કર્મચારી કે અધિકારી પહેલ કરે તો તેનું શું પરિણામ આવે છે?

1. નાગરિકોનું સશક્તિકરણ થાય છે.
2. લોકોની ફરિયાદોનું નિવારણ ઝડપથી થાય છે.
3. કાયદાની સમીક્ષા કરવાની ફરજ પડે છે.
4. નિયમો અને કાર્યવાહીઓની સમીક્ષા કરવાની ફરજ પડે છે.

ઉપરનામાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3, 4** (B) 1, 2

(C) 3, 4 (D) 1, 3, 4

8. સારા વહીવટ માટે સરકારી કર્મચારી કે અધિકારી પહેલ કરે તો તેનું શું પરિણામ આવે છે?

1. સ્પર્ધાત્મકતા વધે છે.
2. નવી પહેલ કરવા માટે કર્મચારીઓમાં ઉત્સાહ વધે છે.
3. કર્મચારીઓમાં સર્જનાત્મકતા વધે છે.
4. શાસન વ્યવસ્થામાં સુધારો થાય છે.

ઉપરનામાંથી શું સાચું છે?

(A) 1, 2, 3 (B) 2, 3, 4

(C) 1, 2, 3 **(D) 1, 2, 3, 4**

## 32. સક્રિયતા (activism)

1. સરકારી અધિકારી કે કર્મચારી સક્રિયતા શા માટે દાખવે છે?
   1. સામાજિક પરિવર્તન માટે
   2. વ્યક્તિને સહાય કરવા માટે
   3. સારી સરકારી સેવા પુરી પાડવા માટે
   4. સારી નીતિઓ ઘડવા માટે

   ઉપરનામાંથી શું સાચું છે?

   **(A) 1, 2, 3, 4** (B) 1, 2, 3
   (C) 1, 2, 4 (D) 1, 3, 4
2. સરકારી અધિકારી કે કર્મચારીની સક્રિયતાનો શો અર્થ થાય છે?
   (A) તે સામાજિક સંદર્ભમાં સક્રિય બને છે.
   (B) નીતિવિષયક બાબતો માટે તે ઉત્સાહ બતાવે.
   (C) સામાજિક પરિવર્તન માટેની નીતિઓમાં અમલમાં તે સક્રિય બને.
   **(D) ઉપરોક્ત તમામ**
3. અદાલતી સક્રિયતા (judccial activvism) નો અર્થ શો કરવામાં આવે છે?
   1. ન્યાયમૂર્તિઓ ચુકાદા આપવામાં તેમનાં અંગત મંતવ્યો ઉપર આધાર રાખે છે.
   2. ન્યાયમૂર્તિઓ બંધારણીય અધિકારોનું ચુસ્ત અર્થઘટન કરતા નથી.
   3. ન્યાયમૂર્તિઓ માનવ અધિકારો ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે.

   ઉપરનામાંથી શું સાચું છે?

   (A) ફક્ત 1 (B) ફક્ત 2
   (C) ફક્ત 3 **(D) 1, 2, 3, 4**
4. અદાલતી સક્રિયતાનો અર્થ શો કરવામાં આવે છે?
   1. ન્યાયમૂર્તિની સક્રિયતા અને સર્જનાત્મકતા
   2. ન્યાયમૂર્તિની ગતિશીલતા
   3. માનવ અધિકારોના ક્ષેત્રે ક્રાંતિ લાવવી.
   4. સામાજિક કલ્યાણના ક્ષેત્રે ક્રાંતિ લાવવી.

   ઉપરનામાંથી શું સાચું છે?

   (A) 1, 2 (B) 1, 2, 3
   (C) 3, 4 **(D) 1, 2, 3, 4**
5. શા માટે અદાલતી સક્રિયતા ઊભી થઈ હોવાનું કહેવાય છે?
   1. સરકારમાં જવાબદારીનું પતન
   2. નાગરિકોની અદાલતો પાસેની અપેક્ષામાં વધારો
   3. ન્યાયમૂર્તિઓમાં લોકોનો વિશ્વાસ
   4. સામાજિક સુધારામાં ભાગીદાર થવાનો ન્યાયમૂર્તિઓનો ઉત્સાહ

   ઉપરનામાંથી શું સાચું છે?

   **(A) 1, 2, 3, 4** (B) 1, 2, 3
   (C) 2, 3, 4 (D) 1, 4
6. અદાલતી સક્રિયતાનું શું પરિણામ આવે છે?
   1. સમાજમાં ક્રાંતિકારી ફેરફારો આવે છે.
   2. સરકારને નિયમો બનાવવાની કે સુધારવાની ફરજ પડે છે.
   3. જાહેર હિતની અરજીઓને અદાલત સાંભળે છે.
   4. સરકારને કાયદા મુજબ વર્તવાની ફરજ પડે છે.

   ઉપરનામાંથી શું સાચું છે?

   **(A) 1, 2, 3, 4** (B) 1, 2, 3
   (C) 2, 4 (D) 3, 4

# ભાગ-7 વહીવટી કાયદો, સંગઠન અને સુધારા

## 33. વહીવટી કાયદો

1. વહીવટી કાયદા સંબંધી નીચેનાં વિધાનોમાંથી કયું સાચું છે?
   1. તે સરકારની વહીવટી સંસ્થાઓની પ્રવૃત્તિઓ માટેના કાયદા છે.
   2. તે જાહેર કાનૂનની શાખા છે.
   3. તે સરકારના એકમોની નિર્ણય પ્રક્રિયા સાથે સંબંધ ધરાવે છે.
   4. તે રાષ્ટ્રીય નિયમનકારી યોજનાનો ભાગ છે.

   **(A) 1, 2, 3, 4** (B) 1, 2, 4 (C) 1, 2, 3 (D) 1, 3, 4
2. વહીવટી કાયદા સંબંધી નીચેનાં વિધાનોમાંથી કયું સાચું છે?
   1. તે જાહેર કાનૂનની આડ પેદાશ છે.
   2. રાજ્યની ભૂમિકા 20મી સદીમાં બદલાઈ તેથી તેનું મહત્ત્વ વધ્યું છે.
   3. વિવેકાધીન સત્તાનો દુરુપયોગ વધે છે તેથી તેની જરૂર પડે છે.
   4. તેને વહીવટી સંસ્થાઓની કાર્યવાહીઓ સાથે સંબંધ છે.

   **(A) 1, 2, 3, 4** (B) 2, 4 (C) 3, 4 (D) 1, 3, 4
3. કાયદાના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચો:
   1. રાજ્ય દ્વારા વ્યક્ત થતી ઈચ્છા કાયદો છે.
   2. કાયદો સાર્વભૌમ સત્તા ધરાવતી વ્યક્તિ કે વ્યક્તિઓ કે ધારાગૃહ દ્વારા વ્યક્ત થાય છે.
   3. કાયદો રાજ્યની ઈચ્છા હોવાથી તે લિખિત સ્વરૂપે સ્પષ્ટ હોય છે.
   4. કાયદાને સાર્વભૌમ સત્તાનું પીઠબળ છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   **(A) 1, 2, 3, 4** (B) 1, 2, 3 (C) 2, 4 (D) 1, 3
4. વહીવટી કાયદાનો અર્થ શું છે?

   (A) જાહેર વહીવટ સંબંધી તમામ કાયદા, નિયમો, નિયમનો.

   (B) સરકારી સેવાઓ પૂરી પાડવાના સિદ્ધાંતો.

   (C) સરકારના ઠરાવો, પરિપત્રો, હુકમો, ન્યાયતંત્રના ચુકાદા.

   **(D) ઉપરોક્ત તમામ**
5. નીચેનાં વિધાનો વાંચો:
   1. લોકશાહી સરકારો કાયદા દ્વારા મળેલી સત્તાનો ઉપયોગ કરે છે.
   2. અદાલતો સ્વતંત્ર અને મજબૂત હોય છે.
   3. કાયદા હેઠળ સૌને સમાન રક્ષણ મળે છે.
   4. કાયદા લોકોની ઈચ્છાને વ્યક્ત કરનારા હોય.

   ઉપર મુજબની સ્થિતિ પ્રવર્તતી હોય તો તે શું કહેવાય?

   (A) કાયદા દ્વારા શાસન (B) અકુદરતી કાયદો

   **(C) કાયદાનું શાસન** (D) માનવ અધિકારો

6. એરિસ્ટોટલ કોને શ્રેષ્ઠ શાસન કહે છે?
   (A) એ કે જ્યાં કાયદા દ્વારા જ શાસન હોય.
   **(B) એ કે જ્યાં કાયદા દ્વારા શાસન હોય જ નહીં.**
   (C) એ કે જ્યાં કુદરતી કાયદો ના હોય.
   (D) એ કે જ્યાં માનવ અધિકારોનો અમલ થાય.

7. કાયદાના શાસનમાં નીચેનામાંથી કઈ બાબતનો સમાવેશ થાય છે?
   1. કાર્યવાહીગત નિયમો અગાઉથી નક્કી થયેલા હોય અને જાહેર થયેલા હોય.
   2. કાર્યવાહીના નિયમો પારદર્શી રીતે લાગુ પડે.
   3. કાર્યવાહીના નિયમો સુસંગત રીતે લાગુ પડાતા હોય.
   4. સરકારો પોતે પણ કાયદાનાં નિયંત્રણોને અધીન હોય.
   (A) 1, 2, 3 (B) 1, 2 **(C) 1, 2, 3, 4** (D) 2, 4

8. લોકશાહી રાજ્યમાં વ્યવહારમાં કાયદાના શાસનનો અર્થ શો થાય છે?
   (A) કાયદો રાજકીય નેતાઓના તરંગો ઉપર આધારિત ના હોય.
   (B) ન્યાયમૂર્તિઓ પ્રશિક્ષિત, વ્યવસાયી, સ્વતંત્ર અને નિષ્પક્ષ હોય.
   (C) કોઈ પણ વ્યક્તિ કે જૂથને કાયદો તદ્દન અલગ રીતે લાગુ ના પડે.
   **(D) ઉપરોક્ત તમામ**

9. થોમસ હોબ્સ કોને કુદરતી કાયદો કહે છે?
   1. ઉપકારનો બદલો અપકારથી ન વાળવો.
   2. બદલો લેવાની વૃત્તિ પર સંયમ રાખવો.
   3. શાંતિ માટે મધ્યસ્થી કરનારાની સલામતીનું સંપૂર્ણ રક્ષણ થાય.
   4. શાંતિના બારણે આવતાં પહેલાં દરેક પોતાના બધા અધિકારો ઉંબરે મૂકી દેવા.
   ઉપરનાંમાંથી શું સાચું છે?
   (A) 1, 2, 3 **(B) 1, 2, 3, 4** (C) 3, 4 (D) 2, 3

10. વહીવટી કાયદો શો છે?
   (A) સત્તાવાર સત્તા અને જવાબદારીનો કાયદો (B) અધિકારીની સત્તા
   (C) અધિકારીની વિવેકાધીન સત્તા **(D) ઉપરોક્ત તમામ**

11. અધિકારો અને સ્વતંત્રતા જ કાયદાનો સ્રોત બને છે એમ કોણ માને છે?
   (A) ફ્રેડરિક વોન હાયેક **(B) એ. વી. ડાઈસી** (C) બી. જે. રાઝ (D) આર. જી. ગેટલ

12. કાયદાનું ઉદ્ભવસ્થાન કયું છે?
   (A) રૂઢિ-રિવાજો અને ધર્મ (B) અદાલતી ચુકાદા અને નિષ્ણાતોનું વિવરણ
   (C) ધારાગૃહ અને સમતા **(D) ઉપરોક્ત તમામ**

13. કાયદાનું શાસન શાને માટે ટેકો પૂરો પાડે છે?
   (A) બંધારણ **(B) ઉદારમતવાદી શાસન**
   (C) સામ્યવાદી શાસન શૈલી (D) રાજ્યનું સર્જન

14. "કાયદો એ બાહ્ય વર્તણૂકનો સામાન્ય નિયમ છે, જે સર્વોપરી રાજકીય સત્તા દ્વારા અમલમાં મુકાય છે." - આ વિધાન કોનું છે?
   (A) આર. જી. ગેટલ (B) વુડ્રો વિલ્સન
   (C) ફ્રેડરિક વોન હાયેક **(D) હોલાંડ**

15. હોલાંડ કાયદા વિશે શું જણાવે છે?
   1. કાયદો સર્વ દ્વારા માન્ય થયેલો નિયમ છે.
   2. કાયદો ચોક્કસ માનવસત્તા દ્વારા રચાય છે.
   3. કાયદો ઘડનારી સત્તા સર્વોચ્ચ છે.
   4. કાયદાનો અમલ સર્વોચ્ચ સત્તા દ્વારા કરાય છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   **(A) 1, 2, 3, 4** (B) 1, 2, 3 (C) 2, 3, 4 (D) 1, 2

16. ફ્રેડરિક વોન હાયેકના મત મુજબ કાયદાનું શાસન કાયદામાં કયાં તત્ત્વો હોય ત્યારે કહેવાય?

   (A) ન્યાય અને સ્વતંત્રતા **(B) સમાનતા, સામાન્યતા અને નિશ્ચિતતા**
   (C) સમાનતા અને સ્વતંત્રતા (D) સમાનતા, ન્યાય અને સ્વતંત્રતા

17. બી. જે. રાઝના મતે કાયદાનું શાસન ક્યારે કહેવાય?
   1. ન્યાયતંત્ર સ્વતંત્ર હોય.
   2. કુદરતી ન્યાયનો સિદ્ધાંત કામ કરતો હોય.
   3. કાનૂની અદાલતી સમીક્ષા થઈ શકતી હોય.
   4. વહીવટી કૃત્યોની અદાલતી સમીક્ષા થઈ શકતી હોય.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 1, 2 **(B) 1, 2, 3, 4** (C) 1, 3, 4 (D) 3, 4

18. વહીવટી કાયદાનું કાર્યક્ષેત્ર શું છે?

   (A) વહીવટી નિયમન (B) વહીવટી તપાસ
   (C) રાજકોષીય વહીવટની સમસ્યાઓ **(D) ઉપરોક્ત તમામ**

19. એ. વી. ડાઈસી કાયદા વિશે શું જણાવે છે?
   1. વિવેકાધીન સત્તા કોઈને ના હોય.
   2. સરકારે અગાઉથી જાહેર થયેલી કાનૂની કાર્યવાહીઓનું પાલન કરવું પડે.
   3. બધાને એક જ કાયદો લાગુ પડે.
   4. મનુષ્યના અધિકારો અને સ્વતંત્રતા જ કાયદાનું સ્રોત છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 1, 2, 3 (B) 2, 3 (C) 3, 4 **(D) 1, 2, 3, 4**

20. બી. જે. રાઝ કાયદાના શાસન વિશે કયો સિદ્ધાંત જણાવે છે?
   1. કાયદો અમુક ધોરણો અનુસારનો હોવો જોઈએ.
   2. કાયદા ખુલ્લા અને સ્પષ્ટ હોવા જોઈએ.
   3. કાયદા વારંવાર બદલાવા ના જોઈએ.
   4. ગુનાઓને અટકાવવા માટે સરકારની સંસ્થાઓને જે સત્તા સોંપવામાં આવી હોય તે સત્તાનો દુરુપયોગ થવો જોઈએ નહિ.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   **(A) 1, 2, 3, 4** (B) 3, 4
   (C) 2, 4 (D) 1, 4

21. લોકશાહી રાજ્યમાં વ્યવહારમાં કાયદાના શાસનનો શો અર્થ થાય છે?

   (A) કાયદા હેઠળ સૌને સમાન રક્ષણ મળે. (B) આડેધડ ધરપકડ સામે નાગરિકોને રક્ષણ મળે.
   (C) સરકારો પોતે પણ કાયદાના નિયંત્રણને અધીન હોય. **(D) ઉપરોક્ત તમામ**

22. કાયદા દ્વારા શાસનનો અર્થ શું છે?
   (A) કાયદો સરકારનું સાધન છે.
   (B) સરકાર કાયદાનો ઉપયોગ નાગરિકો ઉપર કરે છે.
   (C) સરકાર કાયદાથી પર છે.
   **(D) ઉપરોક્ત તમામ**
23. વહીવટી કાયદાના કાર્યક્ષેત્રમાં શાનો સમાવેશ થાય છે?
   (A) વહીવટી વિવેકાધીન સત્તા વાપરવાની કાનૂની શરતો
   (B) સરકારી કરારો
   (C) વહીવટી પગલાં સામેના ઉકેલો
   **(D) ઉપરોક્ત તમામ**
24. વહીવટી કાયદાનું સ્રોત કયું છે?
   1. દેશનું બંધારણ
   2. ધારાગૃહનો કાયદો
   3. હુકમો, નિયમો
   4. વટહુકમ, નિયમનો
   ઉપરનાંમાંથી શું સાચું છે?
   **(A) 1, 2, 3, 4**
   (B) 1, 2, 3
   (C) 1, 2, 4
   (D) 1, 3, 4
25. બંધારણીય કાયદો શું કરે છે?
   (A) તે રાજ્યનું જીવંત સ્વરૂપ નક્કી કરે છે.
   (B) તેને સાર્વભૌમ સત્તા દ્વારા ટેકો પ્રાપ્ત થાય છે.
   (C) તેને લોકમત દ્વારા પ્રત્યક્ષ રીતે ટેકો પ્રાપ્ત થાય છે.
   **(D) ઉપરોક્ત તમામ**
26. "કાયદા સિવાય વ્યવસ્થા નથી. તેના સિવાય માણસ દિશાવિહીન અને કાર્યશૂન્ય બને છે." - આ વિધાન કોનું છે?
   **(A) પ્રો. મેકાઈવર**
   (B) વુડ્રો વિલ્સન
   (C) ફ્રેડરિક વોન હાયેક
   (D) પ્રો. આર. જી. ગેટલ
27. કાયદાના શાસનનો લાભ શું છે?
   (A) તે સરકારની તાર્કિકતામાં વધારો કરે છે.
   (B) તે સરકારના સ્વચ્છંદીપણાને મર્યાદિત કરે છે.
   (C) તે સરકારને નિર્ણયો લેવામાં વધારે બુદ્ધિશાળી અને સભાન બનાવે છે.
   **(D) ઉપરોક્ત તમામ**
28. કાયદાના શાસનનો મુખ્ય સિદ્ધાંત શું છે?
   (A) બધી જ વ્યક્તિઓ અને સરકાર કાયદાને અધીન છે.
   (B) કાયદો કોઈક ધોરણો પર આધારિત છે.
   (C) મનુષ્યના વિવેક કે નિર્ણયો ઉપર કાયદાનો અંકુશ છે.
   **(D) ઉપરોક્ત તમામ**
29. કુદરતી કાયદો કોને કહેવામાં આવે છે?
   **(A) નૈતિક સિદ્ધાંત**
   (B) બંધારણીય કાયદો
   (C) સ્વતંત્ર ન્યાયતંત્ર
   (D) કાયદા દ્વારા પ્રસ્થાપિત વ્યવસ્થા
30. "માણસના સ્વભાવમાં પ્રતિષ્ઠિત એવા કુદરતી કાયદા અવિકારી અને શાશ્વત છે." - આ વિધાન કોનું છે?
   (A) વુડ્રો વિલ્સન
   (B) પ્રો. આર. જી. ગેટલ
   **(C) થોમસ હોબ્સ**
   (D) ફ્રેડરિક વોન હાયેક
31. થોમસ હોબ્સે નીચેનામાંથી કોને કુદરતી કાયદો ગણાવ્યો છે?
   1. બીજાં કરતાં પોતે ચડિયાતો છે એવું અભિમાન ના કરવું.
   2. જે વ્યક્તિને નિર્ણય કરવાનું સોંપાય તેણે નિષ્પક્ષપણે વર્તવું.

3. તમામ કરારોનું કે સમજૂતીઓનું માણસોએ પાલન કરવું.
4. બધા માણસોએ બધા સાથે હળીમળીને જીવવું.

(A) ફક્ત 2, 3 **(B) 1, 2, 3, 4** (C) ફક્ત 1, 4 (D) 1, 2,3

32. વહીવટી કાયદાના આંતરિક વહીવટી કાયદો અને બાહ્ય વહીવટી કાયદો એવા બે ભાગ કોણે પાડ્યા છે?

**(A) જેમ્સ હાર્ટ** (B) થોમસ હોબ્સ (C) એ. વી. ડાઈસી (D) વુડ્રો વિલ્સન

33. ભારતના વહીવટી કાયદાનું વર્ણન કરતું પ્રથમ પુસ્તક આધુનિક ઈતિહાસમાં ક્યારે બહાર પડ્યું હતું?

(A) 1955 (B) 1946 (C) 1937 **(D) 1918**

34. આધુનિક ઈતિહાસમાં ભારતના વહીવટી કાયદા વિશેનું પ્રથમ પુસ્તક કોણે લખ્યું હતું?

**(A) એન. એન. ઘોષ** (B) રમેશચંદ્ર દત્ત (C) દાદાભાઈ નવરોજી (D) બિપીનચંદ્ર પાલ

35. નીચેનાંમાંથી શું વહીવટી કાયદો કહેવાય?

1. સરકારના શિક્ષણ વિભાગનો ઠરાવ
2. ટ્રિબ્યુનલનો ચુકાદો
3. બાંધકામ કામદારોનાં હિતોના રક્ષણ માટેના કાયદા હેઠળ ઘડાયેલા નિયમો
4. રાજ્યની વડી અદાલતનો ચુકાદો
5. સર્વોચ્ચ અદાલતનો ચુકાદો

(A) 2, 4, 5 (B) 1, 3 **(C) 1, 2, 3, 4, 5** (D) ફક્ત 1

36. "કાયદાનું શાસન સરકારની બુદ્ધિમત્તામાં વધારો કરે છે." - આ વિધાન કોનું છે?

**(A) પ્રો. સ્ટિફન હોમ્સ** (B) થોમસ હોબ્સ (C) જ્હોન લોક (D) ફ્રેડરિક વોન હાયેક

37. કાયદાના શાસનનો સૂચિતાર્થ શો છે?

1. તે સરકારની તાર્કિકતામાં વધારો કરે છે.
2. તે સરકારને લાંબા ગાળાના હિત અને તર્ક અનુસાર વર્તવાની ફરજ પાડે છે.
3. તેમાં સરકારની વિવેકાધીન સત્તા ઉપર મર્યાદા આવે છે.
4. તેમાં સરકારની કાયદા બદલવાની સત્તા ઉપર મર્યાદા આવે છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 3, 4 (B) 2, 4 (C) 1, 2 **(D) 1, 2, 3, 4**

38. કાયદાના શાસનનો સૂચિતાર્થ શો છે?

1. સરકાર ઉપર પણ કાયદો પ્રવર્તે છે.
2. સરકારે કાયદા હેઠળ જ શાસન કરવાનું છે.
3. સરકાર કાયદાથી પર નથી.
4. કાયદાનું શાસન લોકશાહી માટે જરૂરી સંસ્થાગત વ્યવસ્થા છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3, 4** (B) 1, 2 (C) 3, 4 (D) 1, 2, 3

39. કાયદાના શાસનના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચો:

1. બધી જ વ્યક્તિઓ અને સરકાર તેમાં કાયદાને અધીન હોય.
2. તેમાં કાયદો કોઈક ધોરણો પર આધારિત હોય.
3. તેમાં નિશ્ચિત કાર્યવાહીનું મહત્ત્વ છે.
4. તેમાં કાયદાની સરકાર છે, માણસોની સરકાર નથી.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 2, 3 (B) 1, 2 **(C) 1, 2, 3, 4** (D) 3,4

40. કાયદાના શાસનનો સૂચિતાર્થ નીચેનાંમાંથી કયા વિધાનમાં વ્યક્ત થાય છે?

1. તેમાં મનુષ્યના વિવેક કે નિર્ણયો ઉપર કાયદાનો અંકુશ છે.
2. તેમાં કાયદાનો આધાર નૈતિકતા છે.
3. તેમાં કાયદો પાછલી અસરથી વ્યક્તિને લાગુ થઈ શકે નહિ.
4. લોકશાહી સરકારો કાયદા દ્વારા મળેલી સત્તાનો ઉપયોગ કરે છે.

(A) ફક્ત 2 **(B) 1, 2, 3, 4** (C) 1, 2 (D) ફક્ત 1

## 34. વહીવટી પ્રતિનિધિત્વ

1. વહીવટી પ્રતિનિધિત્વમાં કઈ બાબતનું ધ્યાન રખાવું જોઈએ?
   1. કાયદો જાણવો અને પ્રશ્નોને સમજવા.
   2. અસીલને મોકલવામાં આવેલી સુનાવણીની નોટિસ બરાબર વાંચવી.
   3. હકીકતોની તપાસ કરવી અને ખરાઈ કરવી.
   4. કાયદાના પાયાના માળખાને સમજવું.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 1, 2 (B) 2, 4 (C) 3, 4 **(D) 1, 2, 3, 4**
2. વહીવટમાં તમામ વર્ગના નાગરિકોના પ્રતિનિધિત્વ પાછળનો ઉદ્દેશ શો છે?
   1. તમામ વર્ગોને એમ લાગે કે રાજ્ય તેમનું પણ છે.
   2. વહીવટમાં સમાનતાનો ખ્યાલ ઊભો થાય.
   3. તમામ વર્ગો પ્રત્યે રાજ્ય સમાન રીતે વર્તે.
   4. સમાજનાં તમામ વર્ગોનું હિત રાજ્યમાં સચવાય.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 1, 2, 4 (B) 2, 3, 4 (C) 1, 2, 3 **(D) 1, 2, 3, 4**
3. વહીવટમાં તમામ વર્ગોના પ્રતિનિધિત્વ પાછળ કયો હેતુ રહેલો છે?

   (A) રાજ્યની નીતિઓમાં તમામ વર્ગોનો અવાજ રજૂ થાય.

   (B) શાસનની પ્રક્રિયા સહભાગિતાવાળી બને.

   (C) અમલદારશાહી પ્રતિનિધિત્વવાળી બને.

   **(D) ઉપરોક્ત તમામ**
4. વહીવટમાં લોકોનું પ્રતિનિધિત્વ ઊભું કરવા શું કરવામાં આવે છે?

   (A) રાજકીય અનમાત ઊભી કરાય.

   (B) રાજ્યની નોકરીઓમાં અનામત ઊભી કરાય.

   (C) વિવિધ વિભાગોમાં સલાહકાર સમિતિઓની રચના કરવામાં આવે.

   **(D) ઉપરોક્ત તમામ**
5. ભારતમાં વહીવટમાં પ્રતિનિધિત્વ કેવી રીતે ઊભું કરવામાં આવ્યું છે?

   (A) લોકસભામાં SC અને ST માટે અનામત ઊભી કરીને.

   (B) રાજ્યોની વિધાનસભાઓમાં SC અને ST ને માટે અનામત ઊભી કરીને.

   (C) પંચાયતોમાં મહિલાઓ માટે અનામત ઊભી કરીને.

   **(D) ઉપરોક્ત તમામ**

## 3.5 વહીવટી ટ્રિબ્યુનલો (ન્યાયપંચો)

1. વહીવટી ટ્રિબ્યુનલો કોની ફરિયાદોના નિવારણ માટે રચવામાં આવી છે?

   **(A) સરકારી કર્મચારીઓ** (B) ગ્રાહકો

   (C) નાગરિકો (D) દર્દીઓ
2. સનદી સેવા ન્યાયપંચોનું માળખું ઊભું કરવાની ભલામણ કોણે કરી હતી?

   **(A) વહીવટી સુધારા પંચ** (B) કાનૂન પંચ

   (C) તૃતીય મજૂર પંચ (D) ચોથું પગાર પંચ

3. વહીવટી ટ્રિબ્યુનલ સામાન્ય રીતે સરકારી કર્મચારીની શાને અંગેની ફરિયાદ સાંભળે છે?
   (A) તેને હોદ્દા પરથી દૂર કરવામાં આવે.
   (B) તેને નોકરીમાંથી દૂર કરવામાં આવે.
   (C) તેના હોદ્દામાં ઘડાટો કરવામાં આવે.
   **(D) ઉપરોકત તમામ**
4. સરકારી કર્મચારીઓની ફરિયાદોના ઉકેલ માટે સ્વતંત્ર ન્યાયપંચનું માળખું ઊભું કરવાની ભલામણ સૌ પ્રથમ કોણે કરી હતી?
   **(A) જે. સી. શાહ સમિતિ** (B) કાકા કાલેલકર સમિતિ
   (C) દ્વિતીય પગાર પંચ (D) કાનૂન પંચ
5. વહીવટી ન્યાયપંચો અંગેનો કાયદો ક્યારે કરવામાં આવ્યો?
   **(A) 1985** (B) 1991 (C) 1995 (D) 1966
6. વહીવટી ન્યાયપંચોની સ્થાપના માટે બંધારણની કઈ કલમમાં જોગવાઈ કરાઈ છે?
   (A) કલમ-395 (B) કલમ-4 **(C) કલમ-323A** (D) કલમ-243
7. વહીવટી ન્યાયપંચનો કયો લાભ છે?
   (A) તે સરકારી કર્મચારી માટે ન્યાય મેળવવાનું અસરકારક સાધન છે.
   (B) ન્યાયપંચો કાયદાની આંટીઘૂંટીથી મુક્ત છે.
   (C) સરકારી કર્મચારીઓ માટે તે ન્યાય મેળવવાનું ઓછું ખર્ચાળ બનાવે છે.
   **(D) ઉપરોકત તમામ**
8. વહીવટી ન્યાયપંચોથી સરકારી કર્મચારીઓને કયો લાભ થાય છે?
   (A) જડ નિયમો અને કાર્યવાહીઓથી તે બંધાયેલાં નથી.
   (B) તેમાં લાંબી અને કંટાળાજનક પ્રક્રિયા નથી.
   (C) સ્થિતિને અનુરૂપ કુદરતી ન્યાયનો સિદ્ધાંત સ્વીકારવામાં આવે છે.
   **(D) ઉપરોકત તમામ**
9. વહીવટી ન્યાયપંચોની કઈ મર્યાદા જણાય છે?
   (A) તે પૂર્વાનુભાવો પર આધાર રાખતા નથી. (B) તે ઘણી વાર અસંગત નિર્ણયો લે છે.
   (C) અદાલતી સમીક્ષાને કોઈ અવકાશ રહેતો નથી. **(D) ઉપરોક્ત તમામ**
10. વહીવટી ન્યાયપંચોના સંદર્ભમાં નીચેનાંમાંથી કયું વિધાન સાચું છે?
    1. તેમની સંખ્યામાં સતત વધારો થતો રહ્યો છે.
    2. તેમની રચના ઉપયોગી અને અસરકારક સાબિત થઈ છે.
    3. કેસ લડવામાં કર્મચારીને ઓછો ખર્ચ થાય છે.
    4. કેસનો ઝડપી નિકાલ આવે છે.
    (A) 1,2, (B) 2, 4 **(C) 1, 2, 3, 4** (D) 1, 2, 3
11. સંયુક્ત વહીવટી ન્યાયપંચ કોને માટે રચાય છે?
    **(A) બે કે તેથી વધુ રાજ્યો** (B) બે કે તેથી વધુ સરકારી વિભાગો
    (C) બે કે તેથી વધુ મંત્રાલયો (D) બે કે તેથી વધુ જિલ્લા અદાલતો
12. કેન્દ્રીય વહીવટી ટ્રિબ્યુનલને કઈ બાબત સાથે સંબંધ છે?
    **(A) ભરતી અને સેવાલક્ષી તમામ બાબતો** (B) માત્ર ભરતી સાથે સંબંધિત બાબતો
    (C) શિસ્ત સાથે સંબંધિત બાબતો (D) બઢતી સંબંધિત બાબતો
13. કેન્દ્રીય વહીવટી ટ્રિબ્યુનલની કેટલી પીઠો છે?
    **(A) 17** (B) 27 (C) 33 (D) 22

14. કેન્દ્રીય વહીવટી ટ્રિબ્યુનલની દેશમાં કેટલી ખંડપીઠો છે?

(A) 17 (B) 11 (C) 22 **(D) 33**

15. ટ્રિબ્યુનલોની સ્થાપના માટે ભારતના બંધારણના કયા ભાગમાં જોગવાઈ કરવામાં આવી છે?

**(A) ભાગ-14એ** (B) ભાગ-14 (C) ભાગ-13 (D) ભાગ-9

16. ટ્રિબ્યુનલોની સ્થાપના કરવા માટે જોગવાઈ કરતો બંધારણ સુધારો ક્યારે કરવામાં આવ્યો ?

**(A) 1976** (B) 1985 (C) 1982 (D) 1972

17. કયા બંધારણ સુધારા દ્વારા ટ્રિબ્યુનલોની સ્થાપના માટે જોગવાઈ કરવામાં આવી?

**(A) 42મો** (B) 43મો (C) 44મો (D) 45મો

18. વહીવટ સિવાયની બાબતોની ટ્રિબ્યુનલો માટે બંધારણમાં કઈ કલમમાં જોગવાઈ કરાઈ છે?

(A) 323A (B) 301C (C) 243B **(D) 323B**

19. કેન્દ્રીય વહીવટી ટ્રિબ્યુનલના કાર્યક્ષેત્રમાં કેન્દ્ર સરકારના કર્મચારીઓ ઉપરાંત કેટલા અન્ય સંગઠનો છે?

(A) 12 **(B) 45** (C) 33 (D) 17

20. વહીવટી ટ્રિબ્યુનલ ધારો-1985 કોનો લાગુ પડતો નથી?

1. અર્ધ-લશ્કરી દળો
2. કેન્દ્રનાં સશસ્ત્ર દળો
3. સર્વોચ્ચ અદાલતના અધિકારીઓ
4. સંસદના સચિવાલયના કર્મચારીઓ
5. વિધાનગૃહોના સચિવાલયના કર્મચારીઓ.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 3 (B) 2, 4, 6 **(C) 1, 2, 3, 4, 5** (D) 1, 2

21. કેન્દ્રીય વહીવટી ટ્રિબ્યુનલના અધ્યક્ષ કોણ હોય છે?

**(A) વડી અદાલતના વર્તમાન કે નિવૃત્ત ન્યાયમૂર્તિ**

(B) સર્વોચ્ચ અદાલતના વર્તમાન ન્યાયમૂર્તિ

(C) કોઈ પણ નિવૃત્ત સેશન્સ ન્યાયમૂર્તિ

(D) સર્વોચ્ચ અદાલતના ભૂતપૂર્વ ન્યાયમૂર્તિ

22. કેન્દ્રીય વહીવટી ટ્રિબ્યુનલમાં કેટલા ઉપાધ્યક્ષ હોય છે?

(A) 25 (B) 22 **(C) 16** (D) 18

23. કેન્દ્રીય વહીવટી ટ્રિબ્યુનલમાં કેટલા સભ્યો હોય છે?

(A) 16 **(B) 49** (C) 18 (D) 36

24. વહીવટી ટ્રિબ્યુનલની રચના કોના માટે થાય છે?

1. કેન્દ્ર સરકારના કર્મચારીઓ
2. કેન્દ્ર સરકારના હોદ્દા પરના અધિકારીઓ
3. કોઈ પણ સ્થાનિક સંસ્થામંડળના કર્મચારીઓ
4. રાજ્ય સરકારના કર્મચારીઓ
5. સરકારી કંપનીના કર્મચારીઓ

ઉપરનાંમાંથી શું સાચુ છે?

**(A) 1, 2, 3, 4, 5** (B) 1, 3, 4, 5 (C) 1, 2, 3 (D) ફક્ત 2

25. કેન્દ્રીય વહીવટી ટ્રિબ્યુનલની સ્થાપના કોના દ્વારા થાય છે?

(A) રાષ્ટ્રપતિ **(B) સંસદનો કાયદો**

(C) કાયદા પંચ (D) વહીવટી સુધારા પંચ

26. રાજ્યની વહીવટી ટ્રિબ્યુનલની સ્થાપના કોણ કરે છે?

(A) રાષ્ટ્રપતિ (B) રાજ્યપાલ **(C) સંસદનો કાયદો** (D) વિધાનસભા

27. વહીવટી ટ્રિબ્યુનલના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચોઃ

1. સંસદ કેન્દ્રીય અને રાજ્ય વહીવટી ટ્રિબ્યુનલની રચના માટે કાયદો કરી શકે છે.
2. ભારત સરકારની માલિકીની કોઈ કંપનીના કર્મચારીઓ માટે વહીવટી ટ્રિબ્યુનલની રચના કરતો કાયદો સંસદ કરી શકે છે.
3. રાજ્યની વિધાનસભામાં જે વિષય માટે કાયદો કરી શકે તે વિષય માટે ટ્રિબ્યુનલ રચના એ કાયદો કરી શકે છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) ફક્ત 1 (B) 1, 2 **(C) 1, 2, 3** (D) 1, 3

## 36. વહીવટી સંગઠન

### 36.1 વૈજ્ઞાનિક સંચાલન

1. વૈજ્ઞાનિક સંચાલનનો જાહેર વહીવટનો સિદ્ધાંત કોણે આપ્યો છે?

**(A) ફ્રેડરિક ટેલર** (B) વુડ્રો વિલ્સન (C) મેક્સ વેબર (D) રેઈનહાર્ડ બેન્ડિક્સ

2. ફ્રેડરિક ટેલર દ્વારા શાને માટે પ્રયોગો કરાયા?

(A) કામદારોની પ્રેરણાને સમજવા માટે.

(B) માનસિક ફેરફારની પ્રક્રિયાને સમજવા માટે.

**(C) અમુક નિશ્ચિત કાર્યો હાથ ધરવાનો શ્રેષ્ઠ માર્ગ શોધવા માટે.**

(D) સંગઠનમાંના માનવ વર્તનને સમજવા માટે.

3. વૈજ્ઞાનિક સંચાલનનો સિદ્ધાંત શાના ઉપર ભાર મૂકે છે?

(1) તાર્કિકતા

(2) વિશેષીકરણ

(3) ટેક્નિકલ ક્ષમતા

(4) પૂર્વસૂચનીયતા

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2 (B) 1, 2, 3, (C) 2, 3, 4 **(D) 1, 2, 3, 4**

4. વૈજ્ઞાનિક સંચાલનના સિદ્ધાંતને કોણે સંગઠનનો માનસશાસ્ત્રીય સિદ્ધાંત કહ્યો છે?

(A) સાયમન અને આર્ગિરિસ (B) સાયમન અને લિકર્ટ

(C) માર્ચ અને બર્નાર્ડ **(D) માર્ચ અને સાયમન**

5. વૈજ્ઞાનિક સંચાલનના સિદ્ધાંત અનુસાર સંચાલન શું છે?

(A) તે નિશ્ચિત કાયદા અને નિયમો પર આધાર રાખે છે.

(B) તે વૈજ્ઞાનિક પદ્ધતિઓને લાગુ કરવા પર આધાર રાખે છે.

(C) તે નિશ્ચિત સિદ્ધાંતો પર આધાર રાખે છે.

**(D) ઉપરોક્ત તમામ**

6. વૈજ્ઞાનિક સંચાલનનો સિદ્ધાંત શાના ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે?

**(A) સંગઠનના છેક નીચલા સ્તર ઉપર** (B) સંગઠનના છેક ઉપલા સ્તર ઉપર

(C) સંગઠનના હોદ્દા ઉપર (D) ઉપરનાંમાંથી એક પણ નહીં

7. જાહેર વહીવટના વૈજ્ઞાનિક સંચાલનના સિદ્ધાંતમાં ફ્રેડરિક ટેલરે શું કહ્યું છે?

(A) કામ કરવાનો એક શ્રેષ્ઠ માર્ગ પસંદ કરવો.

(B) કામદારોને વૈજ્ઞાનિક રીતે પસંદ કરવા.

(C) કામદારોને વૈજ્ઞાનિક રીતે તાલીમ આપવી.

**(D) ઉપરોક્ત તમામ**

8. સંચાલકો અને કામદારો વચ્ચે કામનું સમાન વિભાજન થવું જોઈએ જાહેર વહીવટનો કયો સિદ્ધાંત કહે છે?

(A) પ્રશિષ્ટ સિદ્ધાંત **(B) વૈજ્ઞાનિક સંચાલન**

(C) આકસ્મિક સિદ્ધાંત (D) નિર્ણય પ્રક્રિયા

9. વૈજ્ઞાનિક સંચાલનનાં લક્ષણો ક્યાં છે?

(A) સહકાર (B) સંવાદિતા **(C) વિજ્ઞાન** (D) મહત્તમ ઉત્પાદન

10. દરેક મનુષ્યનો વિકાસ તેની શ્રેષ્ઠ કાર્યક્ષમતા અનુસાર થાય એમ જાહેર વહીવટનો કયો સિદ્ધાંત કહે છે?

**(A) વૈજ્ઞાનિક સંચાલન** (B) માનવ સંબંધો (C) નિર્ણય પ્રક્રિયા (D) અમલદારશાહી

11. દરેક કામદાર આર્થિક માનવી છે એવી ધારણા જાહેર વહીવટના કયા સિદ્ધાંતમાં કરવામાં આવી છે?

(A) નિર્ણય પ્રક્રિયા (B) માનવ સંબંધો

**(C) વૈજ્ઞાનિક સંચાલન** (D) ઉપરનાંમાંથી એક પણ નહીં

12. કામદારો અને સંચાલકોનું સંયુક્ત હિત એક જ છે એમ કયો સિદ્ધાંત કહે છે?

(A) પ્રથા અભિગમ (B) આકસ્મિતા સિદ્ધાંત

(C) પ્રશિષ્ટ સિદ્ધાંત **(D) વૈજ્ઞાનિક સંચાલન**

13. જાહેર વહીવટના વૈજ્ઞાનિક સંચાલનના સિદ્ધાંતની ટીકા કયા મુદ્દે કરવામાં આવે છે?

1. તે સંગઠનાત્મક પ્રક્રિયાને નીચલા સ્તર સિવાય અવગણે છે.
2. તે સંગઠનમાં ઉપલા સ્તર સાથે સંકલન ઉપર ભાર મૂકતો નથી.
3. તે એક યાંત્રિક સિદ્ધાત છે.
4. તેમાં માનવ પ્રેરણાને વધુ પડતી સરળ સમજાઈ છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 3, 4 **(B) 1, 2, 3, 4** (C) 1, 2, (D) 2, 3,

14. કામની પદ્ધતિઓનું ધોરણીકરણ જાહેર વહીવટના કયા સિદ્ધાંતમાં અપનાવવામાં આવ્યું છે?

**(A) વૈજ્ઞાનિક સંચાલન** (B) પ્રથા અભિગમ

(C) સહભાગી સંચાલન (D) પ્રશિષ્ટ સિદ્ધાંત

15. ફ્રેડરિક ટેલર કોને 'સોલ્જરિંગ' (soldierling) કહે છે?

1. ઉત્પાદનને નીચું રાખવાનું કામદારોનું વલણ.
2. વધુ વેતન મેળવવાનું કામદારોનું વલણ.
3. વધુ ઉત્પાદન કરવાની કામદારોની તૈયારી.
4. વધુ કાર્યક્ષમતા બતાવવાનું કામદારોનું વલણ.

**(A) ફક્ત 1** (B) ફક્ત 4 (C) 1, 2, 3 (D) 1, 2, 4

16. સારો કામદાર એ છે કે જે સંચાલકના હુકમોને સ્વીકારે છે એવું જાહેર વહીવટનો કયો સિદ્ધાંત કહે છે?
(A) પ્રથા સિદ્ધાંત
(B) નિર્ણય પ્રક્રિયા
**(C) વૈજ્ઞાનિક સંચાલન**
(D) પ્રશિષ્ટ સિદ્ધાંત

17. મનુષ્યની પ્રેરણાને જાહેર વહીવટના કયા સિદ્ધાંતમાં ઓછી આંકવામાં આવી હોવાનું કહેવાય છે?
(A) પ્રશિષ્ટ સિદ્ધાંત
**(B) વૈજ્ઞાનિક સંચાલન**
(C) પ્રથા સિદ્ધાંત
(D) માનવ સંબંધો

18. જાહેર વહીવટના કયા સિદ્ધાંતમાં કામ પૂરું કરવા માટે નિર્ધારિત સમયગાળો નક્કી કરવામાં આવે છે?
(A) પ્રથા અભિગમ
(B) માનવ સંબંધો
(C) પ્રશિષ્ટ સિદ્ધાંત
**(D) વૈજ્ઞાનિક સંચાલન**

19. કામ કરવા માટેનો એક શ્રેષ્ઠ માર્ગ શોધી કાઢવા વૈજ્ઞાનિક સંચાલનના સિદ્ધાંત અનુસાર કઈ પદ્ધતિ અપનાવવામાં આવે છે?
(A) પીસ રેટ
**(B) મોશન સ્ટડી**
(C) રોજનું વેતન
(D) માસિક વેતન

20. દરેક કામદાર માત્ર વધુ નાણાં મેળવવા માટે જ કામ કરે છે એમ જાહેર વહીવટના કયા સિદ્ધાંતમાં માનવામાં આવે છે?
(A) આકસ્મિકતા સિદ્ધાંત
(B) પ્રથા સિદ્ધાંત
**(C) વૈજ્ઞાનિક સંચાલન**
(D) માનવ સંબંધો

## 36.2 પ્રશિષ્ટ સિદ્ધાંત

1. જાહરે વહીવટનો પ્રશિષ્ટ સિદ્ધાંત ક્યારે વિકસ્યો?
(A) વીસમી સદીનો ઉત્તરાર્ધ
**(B) વીસમી સદીનો પૂર્વાર્ધ**
(C) 19મી સદીનો ઉત્તરાર્ધ
(D) 18મી સદીનો પૂર્વાર્ધ

2. માળખાગત સિદ્ધાંત તરીકે જાહેર વહીવટનો કયો સિદ્ધાંત ઓળખાય છે?
(A) નિર્ણય પ્રક્રિયા (B) પ્રથા સિદ્ધાંત (C) માનવ સંબંધો **(D) પ્રશિષ્ટ સિદ્ધાંત**

3. ઔપચારિક સંગઠનનો સિદ્ધાંત કોને કહેવામાં આવે છે?
**(A) પ્રશિષ્ટ સિદ્ધાંત** (B) વૈજ્ઞાનિક સંચાલન (C) માનવ સંબંધો (D) નિર્ણય પ્રક્રિયા

4. જાહેર વહીવટના પ્રશિષ્ટ સિદ્ધાંતમાં શાના પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી છે?
(A) વહીવટની પ્રક્રિયા (B) વિશેષીકરણ (C) કાર્યક્ષમતા **(D) ઉપરોક્ત તમામ**

5. જાહેર વહીવટના પ્રશિષ્ટ સિદ્ધાંતમાં કઈ બાબતો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે?
(A) શ્રમ વિભાજન (B) તાર્કિકતા (C) માળખું **(D) ઉપરોક્ત તમામ**

6. માત્ર નાણાંને કારણે જ મનુષ્યને કામ કરવાની પ્રેરણા મળે છે એમ જાહેર વહીવટનો કયો સિદ્ધાંત કહે છે?
**(A) પ્રશિષ્ટ સિદ્ધાંત** (B) પ્રથા સિદ્ધાંત (C) અમલદારશાહી (D) માનવ સંબંધો

7. હેન્રી ફાયોલ ઔદ્યોગિક સાહસની પ્રવૃત્તિમાં શાનો સમાવેશ કરે છે?
(A) ટેક્નિકલ પ્રવૃત્તિઓ
(B) વાણિજ્યિક પ્રવૃત્તિઓ
(C) નાણાકીય પ્રવૃત્તિઓ
**(D) ઉપરોક્ત તમામ**

8. ઔદ્યોગિક સાહસની પ્રવૃત્તિની વહીવટી પ્રવૃત્તિમાં હેન્રી ફાયોલ શાનો સમાવેશ કરે છે?
(A) આયોજન, સંગઠન (B) આદેશ, નિયંત્રણ (C) સંકલન **(D) ઉપરોક્ત તમામ**

9. હેન્રી ફાયોલ ઔદ્યોગિક સાહસની પ્રવૃત્તિમાં શાનો સમાવેશ કરે છે?
(A) સલામતીની પ્રવૃત્તિઓ
(B) હિસાબી પ્રવૃત્તિઓ
(C) સંચાલકીય પ્રવૃત્તિઓ
**(D) ઉપરોક્ત તમામ**

10. વહીવટનું તત્ત્વ હેન્રી ફાયોલના જણાવ્યા અનુસાર કયું છે?
(A) ભાવિનું દર્શન (B) આયોજન (C) સંગઠન કરવું **(D) ઉપરોક્ત તમામ**

11. વહીવટનું તત્ત્વ હેન્રી ફાયોલના જણાવ્યા મુજબ કયું છે?
1. નિર્ધારિત નિયમ મુજબ બધાં કાર્યો થાય.
2. તમામ પ્રવૃત્તિઓ વચ્ચે સંકલન.
3. આદેશ આપવા.
4. સંગઠનમાં માળખું ઊભું કરવું.
ઉપરનાંમાંથી શું સાચું છે?
(A) 1, 2 (B) 2, 3 **(C) 1, 2, 3, 4** (D) 2, 3, 4

12. વહીવટ માટે હેન્રી ફાયોલે કેટલા સિદ્ધાંત ગણાવ્યા છે?
(A) 10 **(B) 14** (C) 11 (D) 9

13. સંગઠનમાં ઉચ્ચ સ્તરે હેન્રી ફાયોલના મત મુજબ શું જરૂરી છે?
**(A) વહીવટી ક્ષમતા** (B) ટેક્નિકલ ક્ષમતા
(C) ઊંચો પગાર (D) નાણાકીય ખર્ચની ક્ષમતા

14. "વહીવટના સિદ્ધાંતોની સંખ્યાની કોઈ મર્યાદા નથી."- એમ કોણે કહ્યું છે?
(A) વુડ્રો વિલ્સન **(B) હેન્રી ફાયોલ** (C) જે. ડી. મૂની (D) લ્યૂથર ગુલિક

15. ગુલિક અને ઉર્વિકના મત અનુસાર સંગઠનની કામગીરીનું નિર્ણયક પરિબળ કયું છે?
**(A) સંગઠનનું માળખું** (B) સંગઠનની નાણાકીય ક્ષમતા
(C) વિચારધારા (D) વિશેષીકરણ

16. ગુલિક અને ઉર્વિક તેમના જાહેર વહીવટના સિદ્ધાંતમાં શાને અવગણે છે?
(A) વિશેષીકરણ **(B) માનવીય પરિબળ** (C) નિયંત્રણ વિસ્તાર (D) શ્રેણીગત વ્યવસ્થા

17. સંચાલનની સમસ્યાઓને કોણે વૈજ્ઞાનિક પદ્ધતિઓ લાગુ પાડી?
**(A) ફ્રેડરિક ટેલર અને હેન્રી ફાયોલ** (B) હેન્રી ફાયોલ અને વુડ્રો વિલ્સન
(C) ફ્રેડરિક ટેલર અને મેક્સ વેબર (D) મેક્સ વેબર અને વુડ્રો વિલ્સન

18. ખાતાકીય સંગઠનનો પાયો કયો હોવાનું લ્યુથર ગુલિકે કહ્યું છે?
(A) હેતુ (કાર્ય) (B) પ્રક્રિયા (કુશળતા) (C) વ્યક્તિ (અસીલ) **(D) વિસ્તાર**

19. તાલીમ દ્વારા સંચાલકીય કુશળતા પ્રાપ્ત કરી શકાય છે એવું કોણ માને છે?
(A) ગુલિક અને ઉર્વિક **(B) ફાયોલ અને ટેલર**
(C) વુડ્રો વિલ્સન અને મેક્સ વેબર (D) મેક્સ વેબર અને હેન્રી ફાયોલ

20. જે. ડી. મૂની અને એ. સી. ટીલીએ જાહેર વહીવટના કયા સિદ્ધાંત ગણાવ્યા?
1. સંકલન 2. સંગઠનની ડિઝાઈનમાં શ્રેણી
3. કાર્યગત ભેદભાવ 4. લાઈન અને સ્ટાફ
ઉપરનાંમાંથી શું સાચું છે?
(A) 2, 3, 4 (B) 1, 2 **(C) 1, 2, 3, 4** (D) 1, 2, 3

21. "તમામ સંગઠિત પ્રયાસોનો આરંભ અને અંત સંકલન છે."- એવું કોણે કહ્યું છે?
(A) વુડ્રો વિલ્સન (B) હેન્રી ફાયોલ **(C) જેમ્સ ડી. મૂની** (D) મેક્સ વેબર

22. જેમ્સ ડી. મૂની "સાર્વજનિક હેતુ સિદ્ધ કરવા માટે કાર્યની એકતા પૂરી પાડવાના જૂથકીય પ્રયાસોની વ્યવસ્થિત ગોઠવણી" ને શું કહે છે?
**(A) સંકલન** (B) કાર્યગત ભેદભાવ (C) સમતા (D) નિયંત્રણ

23. જે. ડી. મૂની અને એ. સી. ટોલી સ્કેલર પ્રોસેસ કોને કહે છે?
**(A) સંગઠનના માળખામાં શ્રેણીગત વ્યવસ્થા** (B) સંગઠનમાં નિયંત્રણ
(C) સંગઠનમાં જુસ્સો ટકાવી રાખવો (D) સંગઠનમાં ભાવિ આયોજન

24. હર્બર્ટ સાયમન જાહેર વહીવટના પ્રશિષ્ટ સિદ્ધાંતને કેવો કહે છે?
(A) અવ્યવહારુ (B) માળખાગત (C) નિયંત્રાત્મક **(D) અવૈજ્ઞાનિક**

25. "સત્તાધિકારને જવાબદારીથી અલગ પાડીને વિચારી શકાય નહી." - એવું કોણે કહ્યું છે?
(A) મેક્સ વેબર (B) હર્બર્ટ સાયમન **(C) હેન્રી ફાયોલ** (D) ફ્રેડરિક ટેલર

## 36.3 અમલદારશાહી સિદ્ધાંત

1. અમલદારશાહી શબ્દ સૌ પ્રથમ કઈ સદીમાં વપરાયો?
(A) 13મી (B) 15મી **(C) 18મી** (D) 20મી

2. અમલદારશાહી શબ્દ સૌ પ્રથમ કોણે પ્રયોજ્યો?
**(A) વિન્સેન્ટ દ ગાર્ની** (B) એફ. એમ. માર્ક્સ (C) કાર્લ માર્ક્સ (D) મેક્સ વેબર

3. અમલદારશાહી વિશેની સૌ પ્રથમ વૈજ્ઞાનિક સમજ કોણે આપી?
**(A) મેક્સ વેબર** (B) કાર્લ માર્ક્સ (C) થોમસ કાર્લાઇલ (D) એફ. એમ. માર્ક્સ

4. મેક્સ વેબરના મતે સત્તાધિકાર એટલે શું?
(A) સામાજિક સંબંધોમાં પ્રતિકાર થતો હોવા છતાં વ્યક્તિ પોતાની ઇચ્છાનુસાર વર્તવાની સ્થિતિમાં હોય તે.
**(B) અમુક વ્યક્તિઓનું જૂથ કોઈકના અમુક આદેશને માને તે.**
(C) અમલદારો પોતાની સત્તાનો ઉપયોગ કરીને તેમની ઇચ્છાનુસાર ન વર્તનારને દંડ કરે તે.
(D) ઉપરનાંમાંથી એક પણ નહીં.

5. 'The Ruling Class' પુસ્તક કોણે લખ્યું છે?
**(A) રોબર્ટ મિશેલ્સ** (B) ગીતાનો મોસ્કા (C) મેક્સ વેબર (D) થોમસ કાર્લાઇલ

6. કાર્લ માર્ક્સના વિચારોમાં અમલદારશાહી કેન્દ્રીય સ્થાન ધરાવે છે ખરી?
(A) હા (B) ક્યારેક (C) થોડુંક **(D) સહેજ પણ નહીં**

7. કાર્લ માર્ક્સના મતે અમદારશાહી શું છે?
**(A) સામાજિક વર્ગો પર વર્ચસ્વ ઊભું કરવાનું સાધન.**
(B) વંચિત વર્ગો માટેની કલ્યાણકારી વ્યવસ્થા.
(C) (A) અને (B) માંથી એક પણ નહીં
(D) મૂડીપતિઓને ખતમ કરનારી સંસ્થા.

8. કાર્લ માર્ક્સના મતે અમલદારશાહીનું હિત શાની સાથે જોડાયેલું છે?
**(A) રાજ્યના અને વર્ચસ્વ ધરાવતા વર્ગોના હિત સાથે**
(B) વંચિત વર્ગોના કલ્યાણ સાથે
(C) મૂડીપતિઓને ખતમ કરવા સાથે
(D) ઉપરોક્ત તમામ

9. મેક્સ વેબર તેના અમલદારશાહીના ખ્યાલને શું કહે છે?
(A) ઉચ્ચ શિક્ષણ **(B) આદર્શ પ્રકાર** (C) નિમ્ન સ્તર (D) વહીવટી સિદ્ધિ

10. સત્તાધિકાર (Authority) વિશેના મેક્સ વેબરના ખ્યાલમાં શાનો સમાવેશ થાય છે?
(A) શાસન કરનાર વ્યક્તિ કે વ્યક્તિઓનું મંડળ

(B) શાસિત વ્યક્તિ કે વ્યક્તિઓ

(C) શાસકોની શાસિતોના વર્તન ઉપર પ્રભાવ પાડવાની ઈચ્છા

**(D) ઉપરોક્ત તમામ**

11. મેક્સ વેબરના મતાનુસાર સત્તાધિકાર (Authority) કઈ બાબત ઉપર આધાર રાખે છે?

(A) પરંપરા (B) કરિશ્મા

(C) કાનૂન અને તાર્કિકતા **(D) ઉપરોક્ત તમામ**

12. જાહેર વહીવટના અમલદારશાહી સિદ્ધાંત સાથે કોનું નામ સંકળાયેલું છે?

(A) ફ્રેડરિક ટેલર **(B) રોબર્ટ મિશેલ્સ** (C) ગીતાનો મોસ્કા (D) હેન્રી ફાયોલ

13. મેક્સવેબરના મત મુજબ અમલદારીશાહીનું લક્ષણ કયું છે?

1. અમલદારો પાસે સત્તાવાર ક્ષમતા છે.
2. અમલદારો હોદ્દાની શ્રેણી મુજબ ગોઠવાયેલા હોય છે.
3. ઉપરનો અમલદાર નીચેના અમલદાર ઉપર નિયંત્રણ ધરાવે છે.
4. અમલદારો રાજકીય પ્રભાવ મોટા પ્રમાણમાં ધરાવે છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 3, 4 (B) 1, 2, 4 (C) 2, 3, 4 **(D) 1, 2, 3**

14. કોણે રાજકીય વ્યવસ્થાને સામંતશાહી અને અમલદારશાહી એમ બે શ્રેણીમાં વહેંચી છે?

(A) મેક્સ વેબર (B) રોબર્ટ મિશેલ્સ **(C) ગીતાનો મોસ્કો** (D) કાર્લ માર્ક્સ

15. શાને કારણે સત્તા સત્તાધિકારમાં પરિવર્તન પામે છે?

**(A) લોકસ્વીકૃતિ** (B) લોકશાહી (C) તાર્કિકતા (D) કાયદો

16. સામાજિક સંબંધોમાં કોઈ વ્યક્તિ તેનો પ્રતિકાર થતો હોવા છતાં પણ પોતાની ઈચ્છાનુસાર વર્તે તેને મેક્સ વેબર શું કહે છે?

(A) સત્તાધિકાર **(B) સત્તા** (C) કાયદો (D) તર્કબદ્ધતા

17. અમલદારશાહી પર અંકુશ માટે મેક્સ વેબર શું સૂચવે છે?

1. નિર્ણય પ્રક્રિયામાં એક કરતાં વધારે વ્યક્તિઓને સામેલ કરવી.
2. સત્તાનું વિભાજન કરવું.
3. વ્યવસાયી ના હોય તેવી વ્યક્તિઓ દ્વારા વહીવટ કરવો.
4. પ્રત્યક્ષ લોકશાહી ઊભી કરવી.
5. ચૂંટાયેલા પ્રતિનિધિઓ રાખવા.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 3 (B) 2, 3, 4, 5 **(C) 1, 2, 3, 4, 5** (D) 1, 4

18. લોકો પ્રત્યેનું ઉત્તરદાયિત્વ સુનિશ્ચિત કરવામાં આવે તો અમલદારશાહી ઉપર નિયંત્રણ રહે એમ કોણે કહ્યું છે?

(A) કાર્લ માર્ક્સ (B) રોબર્ટ મિશેલ્સ (C) હર્બર્ટ સાયમન **(D) મેક્સ વેબર**

19. મેક્સ વેબર શાને કારણે અમલદારશાહીનો ઉદય થાયનું માને છે?

(A) રાજાશાહી **(B) લોકશાહી** (C) રાજધર્મ (D) ધર્મ

20. શાને કારણે અમલદારશાહીનો ઉદય થયાનું મેક્સ વેબર માને છે?

1. નાણાંનું અર્થતંત્ર 2. વસ્તીવૃદ્ધિ

3. મૂડીવાદી અર્થતંત્રનો વિકાસ 4. જટિલ વહીવટી સમસ્યાઓ

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2 (B) 2, 3 **(C) 1, 2, 3, 4** (D) 2, 3

21. અમલદારશાહીનાં માળખાગત લક્ષણો કયાં છે?
    1. શ્રમ વિભાજન
    2. શ્રેણી
    3. નિયમોની પદ્ધતિ
    4. નિશ્ચિત ભૂમિકા

    ઉપરનાંમાંથી શું સાચું છે?

    (A) 1, 2, 3 (B) 1, 2 **(C) 1, 2, 3, 4** (D) 2, 4
22. અમલદારશાહીનાં વર્તનલક્ષી લક્ષણો કયાં છે?

    **(A) તાર્કિકતા અને અવૈયક્તિકતા** (B) શ્રમ વિભાજન (C) શ્રેણી (D) ઉપરોક્ત તમામ
23. અમલદારશાહીનાં વર્તનલક્ષી લક્ષણો કયાં છે?

    **(A) નિયમાભિમુખતા અને તટસ્થતા** (B) તટસ્થતા અને શ્રેણી (C) શ્રેણી અને નિયમાભિમુખતા (D) શ્રમ વિભાજન અને શ્રેણી
24. જેમાં વ્યક્તિગત વફાદારી મહત્ત્વની હોય એને મેક્સ વેબર કેવો સત્તાધિકાર કહે છે?

    **(A) પરંપરાગત** (B) કરિશ્મા-પ્રેરિત (C) કાનૂની (D) ઉપરોક્ત તમામ
25. અમલદારશાહીનો સમાજશાસ્ત્રીય અભ્યાસ કોણે કર્યો?

    (A) હર્બર્ટ સાયમન (B) હેન્રી ફાયોલ **(C) મેક્સ વેબર** (D) મિલ્ટન ફ્રીડમેન

## 36.4 વર્તનલક્ષી સિદ્ધાંત

1. વહીવટ એક સામાજિક પ્રક્રિયા છે એમ કોણ માને છે?

   **(A) મેરી પાર્કર ફોલેટ** (B) મેક્સ વેબર (C) કાર્લ માર્ક્સ (D) હેન્રી ફાયોલ
2. કોઈ પણ સંગઠનમાં સંઘર્ષો ઉદ્‌ભવવાનું કારણ શું હોવાનું ફોલેટ માને છે?

   **(A) વ્યક્તિગત મતભેદો** (B) રાજ્યનાં નાણાં (C) રાજ્યનું સ્વરૂપ (D) સરકારની સત્તા
3. 'રચનાત્મક સંઘર્ષ'નો ખ્યાલ જાહેર વહીવટમાં કોણે આપ્યો છે?

   (A) કાર્લ માર્ક્સ **(B) એમ. પી. ફોલેટ** (C) હેન્રી ફાયોલ (D) મેક્સ વેબર
4. એમ. પી. ફોલેટ કોઈ સંગઠનમાંના સંઘર્ષને ઉકેલવા શો ઉપાય બતાવે છે?

   1. વર્ચસ્વ 2. સમાધાન 3. સંકલન 4. તાર્કિકતા

   (A) 1, 2, 4 (B) 1, 3, 4 **(C) 1, 2, 3** (D) 2, 3, 4
5. એમ. પી. ફોલેટ વર્ચસ્વનો અર્થ શો કરે છે?

   (A) તર્કબદ્ધ નિર્ણય

   (B) નિર્ણય પ્રક્રિયામાં થોડીક વ્યકિતઓની સામેલગીરી

   **(C) એક પક્ષ ઉપર બીજા પક્ષનો વિજય**

   (D) એક પક્ષનું જ અસ્તિત્વ
6. સંગઠનમાંના સંઘર્ષનો ઉકેલ લાવવા માટે એમ. પી. ફોલેટ શાને શ્રેષ્ઠ સાધન ગણે છે?

   (A) વર્ચસ્વ **(B) સંકલન** (C) તાર્કિકતા (D) સમાધાન
7. કોઈ પણ પક્ષ બલિદાન ના આપે તે રીતે સંઘર્ષનો ઉકેલ લાવવો તેને એમ. પી. ફોલેટ શું કહે છે?

   (A) સત્તાધિકાર (B) વર્ચસ્વ (C) સત્તા **(D) સંકલન**

8. સંઘર્ષમાં હોય તેવા પક્ષો પોતાને જે કંઈ જોઈએ છે તેમાંથી થોડુંક ગુમાવે તેને એમ. પી. ફોલેટ શું કહે છે?
(A) અવૈયક્તિકરણ (B) લાભદાયિતા (C) તર્કબદ્ધ વર્તન **(D) સમાધાન**
9. એમ. પી. ફોલેટ સંગઠનમાંના સંઘર્ષના ઉકેલ માટે સંકલનને શ્રેષ્ઠ ગણે છે એનું કારણ શું છે?
(A) મૂળ સંઘર્ષનો કાયમી ઉકેલ આવી જાય છે.
(B) ઉકેલ લાવવા વધુ સારી પદ્ધતિનો ઉપયોગ થાય છે.
(C) નવાં મૂલ્યોની પ્રસ્થાપના થાય છે.
(D) ઉપરનાંમાંથી તમામ
10. Power-over નો અર્થ એમ. પી. ફોલેટ શું આપે છે?
(A) પોતાનું કહ્યું કરાવવું
(B) બીજા ઉપર પોતાની ઈચ્છા લાદવી
(C) (A) અને (B) બન્ને
(D) સજા અને દંડનો ઉપયોગ કરવો
11. Power-with નો અર્થ એમ. પી. ફોલેટ શું કરે છે?
**(A) ઉપરીએ પોતાના તાબેદારોને તેમની સત્તા વિકસાવવાની તક આપવી.**
(B) ઉપરી જ તમામ સત્તા ભોગવે.
(C) ઉપરી તાબેદારને સજા કરે કે કરાવે.
(D) ઉપરી પોતાના હાથ નીચેનાને દંડ કરે કે કરાવે.
12. એમ. પી. ફોલેટ કોને સત્તાધિકાર (Authority) કહે છે?
(A) નિહિત સત્તા (B) સત્તા વિકસવાવાનો અધિકાર
(C) સત્તા વાપરવાનો અધિકાર **(D) ઉપરોક્ત તમામ**
13. સત્તાધિકારને હોદ્દા સાથે નહીં પણ કાર્ય કે કામ સાથે સંબંધ છે એમ કોણ કહે છે?
(A) કાર્લ માર્ક્સ **(B) એમ. પી. ફોલેટ** (C) એડમ સ્મિથ (D) હેન્રી ફેયોલ
14. સંગઠનમાં સંઘર્ષના ઉકેલ માટે સંકલન આડે કયો અવરોધ હોય છે?
(A) મોટા ભાગના લોકોને પોતાનું વર્ચસ્વ જામે એ ગમે છે.
(B) લોકોને સંકલન માટે તાલીમ મળી હોતી નથી.
(C) તેમાં ખૂબ બુદ્ધિની જરૂર હોય છે.
**(D) ઉપરોક્ત તમામ**
15. સત્તાધિકાર સાથે જવાબદારી આવે જ છે એમ કોણે કહ્યું છે?
**(A) એમ. પી. ફોલેટ** (B) મેક્સ વેબર (C) હેન્રી ફાયોલ (D) હર્બર્ટ સાયમન
16. જાહેર વહીવટમાં હુકમો આપવા માટે કયું વલણ એમ. પી. ફોલેટ સૂચવે છે?
1. સભાન વલણ
2. જવાબદાર વલણ
3. પ્રયોગશીલતાનું વલણ
4. પરિણામલક્ષી વલણ
ઉપરનાંમાંથી કયું સાચું છે?
(A) 1, 2, 3, 4 (B) 1,2 **(C) 3, 4** (D) 2, 3, 4
17. સત્તાધિકારનો કયો ખ્યાલ એમ. પી. ફોલેટે આપ્યો?
(A) સંચયિત સત્તાધિકાર (B) બહુત્વવાદી સત્તાધિકાર
(C) કાર્યગત સત્તાધિકાર **(D) કાનૂની સત્તાધિકાર**

18. એમ. પી. ફોલેટ નેતા કોને કહે છે?
   (A) જે પોતાના જૂથ ઉપર પ્રભાવ પાડે.
   **(B) જે પોતાના જૂથ ઉપર પ્રભાવ પાડે અને જૂથથી પણ પ્રભાવિત થાય.**
   (C) જે જૂથ ઉપર વર્ચસ્વ ભોગવે અને વર્ચસ્વ ક્યાંય વિભાજિત ન થાય.
   (D) જે જૂથનાં તમામ કાર્યો કરે અને એ રીતે વર્ચસ્વ મેળવે.
19. એમ. પી. ફોલેટ કોને નેતા ગણે છે?
   **(A) જે પોતાના જૂથમાં સત્તાનું સર્જન કરે .**
   (B) જે પોતાના જૂથ ઉપર સત્તા ભોગવે.
   (C) જે પોતાના જૂથને વર્તમાનમાં સત્તા ભોગવવા દે.
   (D) જે પોતાના જૂથને બીજા જૂથ પર સત્તા ભોગવવા પ્રેરે.
20. સંગઠનમાં સંઘર્ષનો ઉકેલ લાવવા સંકલન આડે એમ. પી. ફોલેટના મતે કયો અવરોધ હોય છે?
   (A) લોકોની વધુ પડતી સંખ્યા (B) લોકો વચ્ચેના મતભેદો
   **(C) વિરોધ ઊભો થાય તેવી ભાષાનો પ્રયોગ** (D) ઉપરી દ્વારા દબાણ
21. સત્તાધિકારની સોંપણી એ જરી-પુરાણો ખ્યાલ છે એમ કોણે કહ્યું છે?
   **(A) એમ. પી. ફોલેટ** (B) સી. આઇ. બર્નાર્ડ (C) હેન્રી ફાયોલ (D) મેક્સ વેબર
22. જાહેર વહીવટમાં જવાબદારી શાના ઉપર આધાર રાખે છે એમ એમ. પી. ફોલેટ માને છે?
   (A) સંગઠનનું કાર્ય (B) સંગઠનની સ્થિતિ (C) જૂથની જવાબદારી **(D) (A) અને (B)**
23. "કામમાંથી જ સત્તાધિકાર જન્મે છે અને તે કામ સાથે જ રહે છે." - આ વિધાન કોનું છે?
   (A) સી. આઇ. બર્નાર્ડ **(B) એમ. પી. ફોલેટ** (C) વુડ્રો વિલ્સન (D) મેક્સ વેબર
24. કોઈ પણ સંગઠનમાંના સંઘર્ષને એમ. પી. ફોલેટ કેવો ગણવાનું જણાવે છે?
   (A) હાનિકારક (B) બગાડપૂર્ણ **(C) સામાન્ય પ્રક્રિયા** (D) સત્તાધિકાર ધરાવતો
25. એમ. પી. ફોલેટ બહુત્વવાદી જવાબદારીમાં શાનો સમાવેશ કરે છે?
   (A) નીતિ ઘડતરમાં નિમ્ન સ્તરના કર્મચારીઓની સહભાગિતા
   (B) સંચાલનમાં કામદારોની ભાગીદારી
   **(C) સત્તાધિકારની સોંપણીનો અભાવ**
   (D) આખરી જવાબદારી
26. જાહેર વહીવટમાં સામાજિક પ્રથાના પિતા તરીકે કોણ ઓળખાય છે?
   **(A) સી. આઇ. બર્નાર્ડ** (B) વુડ્રો વિલ્સન (C) વિન્સ્ટન ચર્ચિલ (D) બર્નાર્ડ શો
27. કોઈ પણ સંગઠન "સભાન રીતે સંયોજિત પ્રવૃત્તિઓની પ્રથા" છે એમ કોણે કહ્યું છે?
   (A) વુડ્રો વિલ્સન **(B) સી. આઇ. બર્નાર્ડ** (C) મેક્સ વેબર (D) હેન્રી ફાયોલ
28. જે અનૌપચારિક સંગઠન છે તે સી. આઇ. બનાર્ડની દૃષ્ટિએ કેવું છે?
   **(A) કુદરતી વ્યવસ્થા** (B) સહકારી વ્યવસ્થા (C) સરકારી વ્યવસ્થા (D) બંધારણીય વ્યવસ્થા
29. સી. આઇ. બર્નાર્ડના મતાનુસાર કોઈ પણ સંગઠનનાં તત્ત્વો કયાં હોય છે?
   1. સંચાર
   2. સહકાર સાધવાની તૈયારી
   3. સમાન હેતુ
   4. સહ-અસ્તિત્વ
   ઉપરનાંમાંથી શું સાચું છે?
   (A) 3, 4 (B) 2, 3, 4 **(C) 1, 2, 3** (D) 1, 4

30. સી. આઇ. બર્નાર્ડ સંચારનો કયો સિદ્ધાંત ગણાવે છે?
    1. સંચારની વાહિકા નિશ્ચિત હોય.
    2. દરેક વ્યક્તિ પાસે સંચારની નિશ્ચિત વાહિકા હોય.
    3. સંચારની રીત સીધી અને ટૂંકી હોય.
    4. દરેક સંચાર અધિકૃત હોય.
    ઉપરનાંમાંથી શું સાચું છે?
    (A) 1, 2, 3 **(B) 1, 2, 3, 4** (C) 2, 3, 4 (D) 1, 3, 4
31. સંગઠનમાં કામ કરનાર વ્યક્તિનાં પ્રદાન અને સંતોષ વચ્ચે સંતુલન હોવું જોઈએ એવું કોણે કહ્યું છે?
    (A) કાર્લ માર્ક્સ (B) વુડ્રો વિલ્સન **(C) સી. આઈ. બર્નાર્ડ** (D) મેક્સ વેબર
32. સંગઠનમાં વ્યક્તિનો સંતોષ કઈ બાબત પર આધાર રાખતો હોવાનું સી. આઇ. બર્નાર્ડ કહે છે?
    (A) નાણાં જેવી ભૌતિક પ્રોત્સાહનની બાબત (B) તકો
    (C) કામની ભૌતિક સ્થિતિ (D) કામનું ગૌરવ
33. સત્તાધિકારનો સ્વીકૃતિનો સિદ્ધાંત કોણે આપ્યો છે?
    (A) હેન્રી ફાયોલ **(B) સી. આઈ. બર્નાર્ડ** (C) એલ્ટન માયો (D) વુડ્રો વિલ્સન
34. નીચેનાં વિધાનો સી. આઇ. બર્નાર્ડના જાહેર વહીવટના સિદ્ધાંતના સંદર્ભમાં વાંચો:
    1. ઔપચારિક સંગઠનોને અનૌપચારિક સંગઠનો જન્મ આપે છે.
    2. સંગઠનનું અસ્તિત્વ તેના સહભાગીઓનાં પ્રદાન અને સંતોષ વચ્ચેના સંતુલન ઉપર આધાર રાખે છે.
    3. દરેક સંચાર અધિકૃત હોવો જોઈએ.
    4. વહીવટદારનું કાર્ય હેતુઓ નક્કી કરવાનું છે.
    ઉપરનાંમાંથી શુ સાચું છે?
    (A) 1, 2 (B) 2, 3 **(C) 1, 2, 3, 4** (D) 2, 3, 4
35. નિર્વાહ સ્તરથી ઉપરનું ભૌતિક વળતર બિન-અસરકારક હોય છે એમ કોણ માને છે?
    (A) વુડ્રો વિલ્સન (B) મેક્સ વેબર (C) કાર્લ માર્ક્સ **(D) સી. આઇ. બર્નાર્ડ**

## 36.5 માનવ સંબંધો

1. જાહેર વહીવટનો માનવ સંબંધોનો સિદ્ધાંત કયા સિદ્ધાંતની પ્રતિક્રિયારૂપે છે?
   (A) વિશિષ્ટ સિદ્ધાંત (B) વૈજ્ઞાનિક સંચાલન (C) અમલદારશાહી **(D) ઉપરોક્ત તમામ**
2. જાહેર વહીવટમાં માનવ સંબંધોના સિદ્ધાંતના પિતા તરીકે કોને ઓળખવામાં આવે છે?
   **(A) એલ્ટન માયો** (B) મેક્સ વેબર (C) કાર્લ માર્ક્સ (D) એડમ સ્મિથ
3. એલ્ટન માયોએ તેમના જાહેર વહીવટના સિદ્ધાંતમાં કયા પાસાને ધ્યાનમાં લીધું છે?
   (A) આર્થિક અને સામાજિક (B) માનસિક (C) ભૌતિક અને શારીરિક **(D) ઉપરોક્ત તમામ**
4. એલ્ટન માયોનો સિદ્ધાંત જાહેર વહીવટમાં કઈ બાબત ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે?
   (A) ઉત્પાદનનું પ્રમાણ (B) કલ્યાણ
   **(C) ઉત્પાદન ક્ષમતા અને વર્તન** (D) નફો
5. જાહેર વહીવટમાં નવ-પ્રશિષ્ટ સિદ્ધાંત તરીકે કોનો સિદ્ધાંત જાણીતો છે?
   (A) મેક્સ વેબર **(B) એલ્ટન માયો** (C) સી. આઇ. બર્નાર્ડ (D) વુડ્રો વિલ્સન
6. જાહેર વહીવટના માનવ સંબંધોના સિદ્ધાંતનો પાયો કોણે કરેલા અભ્યાસો છે?
   **(A) હાર્વર્ડ બિઝનેસ સ્કૂલ** (B) કેમ્બ્રિજ યુનિવર્સિટી
   (C) ઓક્સફર્ડ યુનિવર્સિટી (D) મેક્સ વેબર

7. એલ્ટન માયોએ વહીવટમાં માનવ સંબંધો અંગે ક્યારે અભ્યાસો કર્યા હતા?
(A) 1931-37 **(B) 1924-32** (C) 1938-49 (D) 1922-31

8. એલ્ટન માયોએ વહીવટ અંગેના અભ્યાસો ક્યાં કર્યા?
(A) બર્લિન-જર્મની **(B) હોથ્રોન-અમેરિકા** (C) વાનકુવર - કેનેડા (D) લંડન-યુકે

9. એલ્ટન માયોના વહીવટ અંગેના સિદ્ધાંતના સંદર્ભમાં નીચેનાં વિધાનોમાં સાચું શું છે?
1. સંગઠન એક સામાજિક વ્યવસ્થા છે.
2. કામદારોના વર્તન ઉપર બિન-આર્થિક બાબતોની ઘણી અસર પડે છે.
3. શ્રમ વિભાજન એ સૌથી કાર્યક્ષમ અભિગમ નથી.
4. કામના સ્થળે માનસિક અને સામાજિક પરિબળો અગત્યની ભૂમિકા ભજવે છે.
(A) 1, 3 (B) 1, 2, 3 **(C) 1, 2, 3, 4** (D) 2, 3

10. વહીવટ અંગેના માનવ સંબંધોના સિદ્ધાંતમાં કયાં તત્ત્વો અગત્યનાં છે?
(A) વ્યક્તિ (B) અનૌપચારિક સંગઠન
(C) સહભાગી સંચાલન **(D) ઉપરોક્ત તમામ**

11. વહીવટ અંગેના માનવ સંબંધોના સિદ્ધાંત વિશે નીચેનાં વિધાનો વાંચોઃ
1. વ્યક્તિની લાગણી અને ખ્યાલોનું મહત્ત્વ છે.
2. દરેક વ્યક્તિ અજોડ છે.
3. ઔપચારિક સંગઠનની અંદર અનૌપચારિક સંગઠન અસ્તિત્વમાં હોય છે.
4. મનુષ્યનાં સામાજિક પાસાં મહત્ત્વનાં નથી.
ઉપરનાંમાંથી શું ખોટું નથી?
**(A) 1, 2, 3** (B) 2, 3, 4 (C) 1, 2, 4 (D) 1, 3, 4

12. વહીવટ અંગેના માનવ સંબંધોના સિદ્ધાંત અંગેનાં નીચેનાં વિધાનો વાંચોઃ
1. વ્યક્તિની ઉત્પાદકતા, વર્તન અને સંતોષમાં નેતૃત્વ, સંચાર અને સહભાગિતા મહત્ત્વની ભૂમિકા ભજવે છે.
2. વ્યક્તિઓ સામાજિક પ્રાણીઓ છે.
3. વ્યક્તિઓ વ્યક્તિગત રીતે નહીં પણ અનૌપચારિક જૂથ તરીકે સંચાલકો સામે પ્રતિક્રિયા આપે છે.
4. કામદારો સંગઠનમાં નાનાં સામાજિક જૂથોની રચના કરે છે.
ઉપરનાંમાંથી શું સાચું છે?
(A) 1, 2 **(B) 1, 2, 3, 4** (C) 2,4 (D) 3, 4

13. અનૌપચારિક સંગઠનનું લક્ષણ કયું છે?
(A) તે લેખિત હોતું નથી.
(B) તે પરંપરાગત હોય છે.
(C) તે સંવેદનાત્મક અને વ્યક્તિગત હોય છે.
**(D) ઉપરોક્ત તમામ**

14. સહભાગી સંચાલનનો ખ્યાલ જાહેર વહીવટના કયા સિદ્ધાંતમાં છે?
(A) વૈજ્ઞાનિક સંચાલન **(B) માનવ સંબંધો** (C) અમલદારશાહી (D) પ્રશિષ્ટ

15. સહભાગી સંચાલનથી કયો લાભ થાય છે?
1. જૂથમાં સહકારની ભાવના ઊભી થાય છે.
2. ઉત્પાદકતા વધે છે.
3. કામનું પર્યાવરણ આનંદદાયક બને છે.

4. સંગઠનનાં લક્ષ્યો સ્વીકરાય છે.

ઉપરનામાંથી શું સાચું છે?

(A) 1, 2, 3 (B) 2, 4 (C) 1, 4 **(D) 1, 2, 3, 4**

16. કામદારો સંચાલકો પ્રત્યે દુશ્મનાવટ ધરાવતા નથી એમ કોણ કહે છે?

**(A) એલ્ટન માયો** (B) વુડ્રો વિલ્સન (C) કાર્લ માર્ક્સ (D) મેક્સ વેબર

17. કામના સ્થળનું સામાજિક પર્યાવરણ મહત્ત્વનું છે એમ વહીવટનો કયો સિદ્ધાંત માને છે?

(A) પ્રશિષ્ટ સિદ્ધાંત

(B) વર્તનલક્ષી સિદ્ધાંત

**(C) માનવ સંબંધો**

(D) અમલદારશાહી

18. સંગઠનાત્મક વર્તન કર્મચારીઓનાં વલણો, લાગણીઓ અને સંવેદનાઓ ઉપર આધાર રાખે છે એમ વહીવટનો કયો સિદ્ધાંત કહે છે?

(A) વર્તનલક્ષી સિદ્ધાંત

**(B) માનવ સંબંધો**

(C) અમલદારશાહી

(D) ઉપરનામાંથી એક પણ નહીં

19. એલ્ટન માયોના વહીવટના સિદ્ધાંતમાં માણસ -

**(A) સામાજિક પ્રાણી છે.**

(B) આર્થિક માનવી છે.

(C) રાજકીય પ્રાણી છે.

(D) નફાલક્ષી પ્રાણી છે.

20. વહીવટનો માનવ સંબંધોનો અભિગમ શું કહે છે?

(A) કર્મચારીઓનાં અનૌપચારિક જૂથો ઉત્પાદનનાં ધોરણો નક્કી કરે છે.

(B) અનૌપચારિક જૂથો કાયદા દ્વારા રચાય છે.

(C) શ્રમ વિભાજનથી કાર્યક્ષમતા અને ઉત્પાદન વધે છે.

**(D) ઉપરનામાંથી એક પણ નહીં.**

21. વહીવટનો માનવ સંબંધોનો સિદ્ધાંત શાના પર ભાર મૂકે છે?

(A) કર્મચારીઓ સામાજિક મનુષ્યો છે.

(B) દરેક ઔપચારિક સંગઠનમાં અનેક અનૌપચારિક જૂથો હોય છે.

(C) કર્મચારીઓનો સંતોષ અને જુસ્સો અગત્યનાં છે.

**(D) ઉપરોક્ત તમામ**

22. દરેક વ્યક્તિ અલગ અલગ છે એમ વહીવટનો કયો સિદ્ધાંત કહે છે?

(A) વૈજ્ઞાનિક સંચાલન (B) અમલદારશાહી

**(C) માનવ સંબંધો** (D) વર્તનલક્ષી સિદ્ધાંત

23. ઔપચારિક સંગઠન કેવું હોય છે?

(A) તાર્કિક, અવૈયક્તિક અને છતાં લાગણીશીલ (B) સંવેદનાત્મક

**(C) કાનૂની, તાર્કિક અને અવૈયક્તિક** (D) ઉપરનામાંથી એક પણ નહીં

24. સહભાગી સંચાલનથી કયો ફાયદો થાય છે?
    1. તે જૂથમાં સહકારની ભાવના વિકસાવે છે.
    2. તે કર્મચારીઓને સંચાલકથી અળગા ન પડવા દે.
    3. તે ઉત્પાદકતા વધારે.
    4. કર્મચારીઓ સંગઠનના લક્ષ્યાંકો સ્વીકારે.

    ઉપરનાંમાંથી શું સાચું છે?

    (A) 1, 2 (B) 3, 4 **(C) 1, 2, 3, 4** (D) 1, 2, 3

2015/16 31308

25. વહીવટનો માનવ સંબંધોનો સિદ્ધાંત કેવા સિદ્ધાંત તરીકે જાણીતો છે?

    **(A) સામાજિક-આર્થિક સિદ્ધાંત** (B) અમલદારશાહી

    (C) કલ્યાણલક્ષી (D) નફાલક્ષી

## 36.6 વર્તનલક્ષી અભિગમ

1. વહીવટના વર્તનલક્ષી અભિગમને કેવો અભિગમ કહેવામાં આવે છે?

    **(A) નવો માનવ સંબંધોનો અભિગમ**

    (B) નૂતન અમલદારશાહી અભિગમ

    (C) નૂતન પ્રશિષ્ટ સિદ્ધાંત

    (D) નૂતન નૃવંશશાસ્ત્રીય અભિગમ

2. હર્બર્ટ સાયમનના મતે મનુષ્યોનું વર્તન શાના પર આધાર રાખે છે?

    (A) તેમનું માનસ (B) હેતુઓ

    **(C) સામાજિક પર્યાવરણ** (D) ઉપરોક્ત તમામ

3. વહીવટનો વર્તનલક્ષી અભિગમ કેવો છે?

    **(A) વર્ણનાત્મક અને વિશ્લેષણાત્મક** (B) ગાણિતિક અને બુદ્ધિગમ્ય

    (C) આંકડાશાસ્ત્રીય અને વિશ્લેષણાત્મક (D) કાનૂની અને તાર્કિક

4. વહીવટનો વર્તનલક્ષી અભિગમ-

    (A) સંગઠનનાં ઉત્પાદન અને નફાને ધ્યાનમાં લે છે.

    **(B) અનૌપચારિક સંબંધો અને સંચારની તરાહ ઉપર ભાર મૂકે છે.**

    (C) કલ્યાણલક્ષી અભિગમ ધરાવે છે.

    (D) અમલદારોની કાર્યશૈલી ઉપર ભાર મૂકે છે.

5. વહીવટનો વર્તનલક્ષી સિદ્ધાંત ડેવિડ ઈસ્ટનના મત મુજબ શાના પર આધાર રાખે છે?
    1. વર્તનમાં નિયમિતતા
    2. જ્ઞાનની ચકાસણી
    3. માહિતી મેળવવા માટેની યોગ્ય પદ્ધતિઓ
    4. શક્ય હોય ત્યાં માહિતીનું માપન

    ઉપરનાંમાંથી શું સાચું છે?

    (A) 3, 4 (B) 2, 4 **(C) 1, 2, 3, 4** (D) 1, 2

6. જાહેર વહીવટમાં વર્તનવાદી અભિગમ શું માને છે?

    **(A) પ્રેરણા, નેતૃત્વ, નિર્ણય-પ્રક્રિયા, સત્તા અને સત્તાધિકાર ઉપર ધ્યાન આપવું જોઈએ.**

    (B) આદેશ અને શિસ્ત મહત્ત્વનાં છે.

(C) વળતર અને સત્તાના કેન્દ્રીકરણ ઉપર ભાર મૂકવો.

(D) નિશ્ચિત નિયમો અને કાયદા અગત્યના છે.

7. ડેવિડ ઈસ્ટનના મતે વહીવટનો વર્તનવાદી અભિગમ શાના પાયા પર ઊભો છે?

1. તે મૂલ્યો પ્રત્યે તટસ્થ હોય.
2. સંશોધન અને સિદ્ધાંત નિર્માણ અગત્યનાં છે.
3. નફો અને કલ્યાણ બન્ને સાથે થઈ શકે.
4. આદેશ, શિસ્ત અને સત્તાધિકાર ઉપર ધ્યાન આપવું.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 4 (B) 3, 4 **(C) 2, 4** (D) 1, 2

8. સાર્વભૌમ સત્તાને બદલે સ્વીકૃતતાને વહીવટમાં કયા સિદ્ધાંતમાં મહત્ત્વ અપાયું છે?

(A) પ્રશિષ્ટ સિદ્ધાંત (B) વૈજ્ઞાનિક સંચાલન

**(C) વર્તનલક્ષી અભિગમ** (D) માનવ સંબંધો

9. વહીવટના વર્તનવાદી અભિગમમાં સ્મિથબર્ગ શું કહે છે?

1. વહીવટી સંગઠનમાં તે વ્યક્તિ અને તેના સંબંધો ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે.
2. તે વહીવટી સંગઠનનો સામાજિક પ્રથા તરીકે અભ્યાસ કરે છે.
3. તે સંચારનાં સાધનો ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે.
4. તે લોક સ્વીકૃતિને મહત્ત્વની ગણે છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3, 4** (B) 1, 2 (C) 2, 3 (D) 3, 4

10. વહીવટના કયા સિદ્ધાંતમાં સંચારના અવૈધિક સાધનો ઉપર વધારે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે?

(A) વૈજ્ઞાનિક સંચાલન **(B) વર્તનવાદી અભિગમ**

(C) પ્રશિષ્ટ સિદ્ધાંત (D) અમલદારશાહી

## 36.7 પ્રથા અભિગમ (Systems Approach)

1. જાહેર વહીવટ અંગેના પ્રથા અભિગમમાં શાનો સમાવેશ થાય છે?

1. પ્રથાના ભાગો
2. પ્રથાના ભાગો વચ્ચેની આંતરક્રિયા
3. પ્રથા અને તેના પર્યાવરણ વચ્ચેના સંબંધો
4. પર્યાવરણનું પ્રદૂષણ અને પ્રથા

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 2, 3, 4 (B) 2, 3 **(C) 1, 2, 3** (D) 1, 2

2. જાહેર વહીવટમાં પ્રથાના ભાગોને શું કહેવામાં આવે છે?

**(A) પેટા પ્રથા** (B) પ્રથાનું પર્યાવરણ

(C) પ્રથાની મુશ્કેલીઓ (D) પ્રથાનું પ્રદૂષણ

3. જાહેર વહીવટમાં પ્રથામાં શાનો સમાવેશ થાય છે?

1. નિક્ષેપ (input)
2. પ્રક્રિયા
3. બહિર્ક્ષેપ (output)

4. પ્રતિપુષ્ટિ (feedback)
5. પર્યાવરણ

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 3 **(B) 1, 2, 3, 4, 5** (C) 2, 4 (D) 2, 3, 4

4. નીચેનાં વિધાનો જાહેર વહીવટના સંદર્ભમાં વાંચો:
   1. પ્રથા એક જટિલ સમગ્ર છે કે જેમાં અનેક ભાગો છે.
   2. પ્રથાના બાહ્ય પર્યાવરણને supra-system કહેવામાં આવે છે.
   3. પ્રથાના ભાગોને પેટા પ્રથા (sub-system) કહેવામાં આવે છે.
   4. પેટા પ્રથાઓ તેમના કાર્ય માટે પરસ્પરાવલંબી હોય છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 2, 3, 4 (B) 1, 2, 3 **(C) 1, 2, 3, 4** (D) 1, 2, 4

5. જાહેર વહીવટની કોઈ પણ પ્રથામાં નિક્ષેપ (input) ક્યાંથી આવે છે?

   (A) પેટા પ્રથા **(B) પર્યાવરણ** (C) સંચાલકો (D) કર્મચારીઓ

6. નીચેનાં વિધાનો જાહેર વહીવટના સંદર્ભમાં વાંચો:

   (A) પર્યાવરણમાં થતા ફેરફારો અનુસાર પ્રથા પરિવર્તન પામે છે.

   (B) પ્રથા અને પર્યાવરણ વચ્ચે સંતુલન સધાય છે.

   (C) પ્રથા અને પર્યાવરણ વચ્ચે સતત આંતરક્રિયા ચાલે છે.

   (D) કોઈ પણ પ્રથાને તેની નિશ્ચિત સરહદ હોય છે અને તેની બહાર જઈને તે પર્યાવરણ સાથે આંતરક્રિયા કરે છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 1, 3, 4 (B) 1, 2, 4 (C) 2, 3, 4 **(D) 1, 2, 3**

7. કયું પર્યાવરણ કોઈ સંગઠનને અસર કરે છે?

   (A) સામાજિક-સાંસ્કૃતિક (B) આર્થિક (C) રાજકીય (D) ટેક્નિકલ

   ઉપરનાંમાંથી શું ખોટું છે?

   (A) 1, 2 (B) 2, 4 (C) તમામ **(D) એક પણ નહીં**

8. એક સામાજિક પ્રથા તરીકે સંગઠનમાં કઈ પેટા પ્રથા હોય છે?

   (A) નિભાવ અને ટેકારૂપ (B) માનસિક-સામાજિક

   (C) માળખાગત **(D) ઉપરોક્ત તમામ**

9. જાહેર વહીવટમાં ખુલ્લી પ્રથા એટલે શું?

   **(A) તે પર્યાવરણ સાથે સતત આંતરક્રિયા કરે છે.**

   (B) તે પર્યાવરણમાંથી પ્રતિભાવ ન મેળવે.

   (C) તે રાજ્યને ટેકો આપે.

   (D) તે પ્રતિભાવ મેળવવા તૈયાર રહે પણ સતત તેને અવગણે.

10. જાહેર વહીવટમાં બંધિયાર (closed) પ્રથામાં શું હોય છે?

   (A) રાબેતા મુજબનાં કાર્યો સ્થિર સ્થિતિમાં નથી થતાં.

   **(B) શ્રમ વિભાજન ખૂબ કેન્દ્રિત ઢબે થાય છે.**

   (C) સંગઠનમાં સંઘર્ષ નીચલા સ્તરે નિવારાય છે.

   (D) જવાબદારી ઉપર ભાર મૂકવામાં આવતો નથી.

11. સામાજિક પ્રથા તરીકે સંગઠનમાં કઈ પેટા પ્રથા હોય છે?
    (A) ટેક્નિકલ (B) ટેકારૂપ (C) સંચાલકીય **(D) ઉપરોક્ત તમામ**
12. જાહેર વહીવટમાં નિભાવની પેટા પ્રથાનો અર્થ શું છે?
    **(A) તે માનવ કૌશલ્યોનો જરૂરી નિક્ષેપ સુનિશ્ચિત કરે છે.**
    (B) તે જાહેર ખર્ચ ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે.
    (C) તે જાહેર દેવા ઉપર ધ્યાન આપે છે.
    (D) તેનો હેતુ પ્રથાને પર્યાવરણ સાથે જોડવાનો છે.
13. જાહેર વહીવટમાં પ્રથાનો અભિગમ શું છે?
    1. તે સંગઠનને એક બંધિયાર પ્રથા તરીકે જુએ છે.
    2. તે સંગઠનાત્મક વર્તનને એક ઘટના ગણે છે.
    3. તે અનેક પરિબળોને કારણ તરીકે જુએ છે.
    4. તે સંગઠનમાં બધાં પાસાં વિશે વિચારે છે.
    ઉપરનાંમાંથી શું સાચું છે?
    (A) માત્ર 1 (B) માત્ર 3 **(C) 2, 3, 4** (D) માત્ર 4
14. જાહેર વહીવટની કઈ પ્રથામાં સાધનોને બદલે સાધ્યો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે?
    **(A) ખુલ્લી પ્રથા** (B) બંધિયાર પ્રથા (C) સંગઠનાત્મક પ્રથા (D) ઉપરોક્ત તમામ
15. જાહેર વહીવટના પ્રથા અભિગમમાં પ્રથાની અંદર શું થાય છે?
    (A) નિક્ષેપ **(B) નિક્ષેપ અને પ્રક્રિયા**
    (C) બહિર્ક્ષેપ (D) ઉપરનાંમાંથી એક પણ નહીં
16. જાહેર વહીવટમાં માળખાગત પેટા પ્રથાને શાની સાથે સંબંધ છે?
    (A) પ્રથાની કામગીરી (B) સંગઠનમાંના ઔપચારિક સંબંધો
    (C) સંગઠનનો ઉદ્દેશ **(D) પ્રથાનો હેતુ**
17. જાહેર વહીવટમાં ટેકારૂપ પ્રથાને શાની સાથે સંબંધ છે?
    (A) કાચો માલ પૂરો પાડવો. (B) જાહેરખબરો.
    (C) સંગઠનની પ્રવૃત્તિ માટે વ્યવસ્થા ઊભી કરવી. **(D) ઉપરોક્ત તમામ**
18. જાહેર વહીવટમાં સંચાલકીય પેટા પ્રથાને શાની સાથે સંબંધ છે?
    1. વિવિધ પેટા પ્રથાઓ વચ્ચે સંકલન.
    2. પર્યાવરણ સાથેના સંબંધોનું નિયમન.
    3. સંગઠનમાંના આંતરિક સંબંધોનું નિયમન.
    4. સંગઠનની પ્રવૃત્તિઓને ટેકો.
    ઉપરનાંમાંથી શું સાચું છે?
    (A) 1, 2, 3 **(B) 1, 2, 3, 4** (C) 1, 2, 4 (D) 1, 3, 4
19. જાહેર વહીવટનો કયો અભિગમ તે અમૂર્ત છે એવી તેની ટીકા થાય છે?
    (A) પ્રથા અભિગમ **(B) પ્રશિષ્ટ સિદ્ધાંત** (C) વૈજ્ઞાનિક સંચાલન (D) અમલદારશાહી
20. સંગઠનમાં જ્ઞાન બધે જ છે એવું જાહેર વહીવટની કઈ પ્રથા માને છે?
    (A) બંધિયાર પ્રથા **(B) ખુલ્લી પ્રથા** (C) વૈજ્ઞાનિક સંચાલન (D) અમલદારશાહી
21. સંગઠનમાં લોકો વચ્ચે તમામ સ્તરે આંતરક્રિયા થાય એવું જાહેર વહીવટના કયા સિદ્ધાંતમાં માનવામાં આવે છે?
    **(A) ખુલ્લી પ્રથાનો અભિગમ**

(B) બંધિયાર પ્રથાનો અભિગમ

(C) વૈજ્ઞાનિક સંચાલનનો સિદ્ધાંત

(D) પ્રશિષ્ટ સિદ્ધાંત

22. જ્ઞાન માત્ર શ્રેણીગત વ્યવસ્થામાં ઉચ્ચ સ્તરે જ છે એમ શામાં માનવામાં આવે છે?

(A) ખુલ્લી પ્રથાનો અભિગમ (B) અમલદારશાહી સિદ્ધાંત

**(C) બંધિયાર પ્રથાનો અભિગમ** (D) પ્રશિષ્ટ સિદ્ધાંત

23. જાહેર વહીવટમાં સંગઠનના માળખાને પીરામિડ જેવું શામાં ગણવામાં આવે છે?

(A) લોકશાહી પ્રથા **(B) બંધિયાર પ્રથા** (C) ખુલ્લી પ્રથા (D) અરાજકીય પ્રથા

24. પ્રથાના બાહ્ય પર્યાવરણને જાહેર વહીવટમાં શું કહેવામાં આવે છે?

(A) Super-system **(B) Supra-system**

(C) Hyper-system (D) ઉપરનાંમાંથી એક પણ નહીં

25. નીચેનાં વિધાનો જાહેર વહીવટના સંદર્ભમાં વાંચોઃ

(A) જાહેર વહીવટમાં ખુલ્લી અને બંધિયાર પ્રથા હોઈ શકે છે.

(B) જાહેર વહીવટમાં ટેકનિકલ પેટા પ્રથાને આંતરિક પ્રક્રિયાઓ સાથે સંબંધ છે.

(C) મનો-સામાજિક પેટા પ્રથા માનવ વર્તન સાથે સંબંધિત હોઈ શકે નહિ.

(D) બંધિયાર પ્રથામાં સંઘર્ષોનો ઉકેલ ઉચ્ચ સ્તરેથી ના આવે.

ઉપરનાંમાંથી શું ખોટું છે?

**(A) 3, 4** (B) 1, 2 (C) 2, 3 (D) 1, 4

## 37. વહીવટી કાર્યપદ્ધતિ

1. નિર્દેશનનો અર્થ શો કરવામાં આવે છે?

(A) કોઈ નીતિનો અમલ શરૂ કરવા માટે હુકમ આપવો.

(B) કોઈ યોજનાનો અમલ શરૂ કરવા માટે હુકમ કરવો.

(C) નીતિ કે યોજનાનો અમલ શરૂ કરવા માટે માર્ગદર્શન આપવું.

**(D) ઉપરોક્ત તમામ**

2. નિર્દેશનનો અર્થ શો કરવામાં આવે છે?

(A) નીતિ કે યોજનાનો અમલ શરૂ કરવા માટે સૂચનાઓ આપવી.

(B) અમલ દરમ્યાન ઊભી થતી શંકાઓનું નિવારણ કરવું.

(C) અમલ દરમ્યાન ઊભી થતી મુસીબતો દૂર કરવી.

**(D) ઉપરોક્ત તમામ**

3. વહીવટી કાર્યપદ્ધતિમાં નિર્દેશન (direction) નું કાર્ય શું છે?

**(A) વહીવટ સુચારુરૂપે ચાલુ રહે તે.**

(B) વહીવટમાં સતત નવી ભરતી થાય તે.

(C) કર્મચારીઓને બઢતી દ્વારા નવી તક મળે તે.

(D) વહીવટ ઓછા ખર્ચે થાય તે.

4. વહીવટી કાર્યપદ્ધતિ સુનિશ્ચિત કરવા માટે શું તૈયાર કરવામાં આવે છે?

(A) બજેટ (B) નિયમાવલિ (C) હેન્ડબૂક **(D) B અને C**

5. વહીવટની કાર્યપદ્ધતિના નિયમો વિશે નીચેનાં વિધાનો વાંચો:

   1. કોઈ નિયમો તદ્દન સંપૂર્ણ હોતા નથી.
   2. નિયમોનું અર્થઘટન અલગ અલગ થઈ શકે છે.
   3. વહીવટની રાબેતા મુજબની બાબતો માટે તે પૂરતું માર્ગદર્શન આપે છે.
   4. તે અમુક નિશ્ચિત સંજોગોમાં કામ કરવા માટેના સ્થાયી હુકમો છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   **(A) 1, 2, 3, 4** (B) 2, 3, 4 (C) 1, 2, 4 (D) 1, 3, 4

6. વહીવટી કાર્યપદ્ધતિના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચો:

   1. તેમાં કામનું પુનરાવર્તન ના થાય તેની કાળજી રાખવામાં આવે છે.
   2. તેમાં વિવિધ પ્રવૃત્તિઓ વચ્ચે સંકલન થાય તેનું ધ્યાન રખાય છે.
   3. તેનો ઈરાદો કાર્યક્ષમ રીતે વહીવટ કરવાનો છે.
   4. તેનો હેતુ સંગઠનના ઉદ્દેશો પાર પાડવાનો છે.

   **(A) 1, 2, 3, 4** (B) 1, 2, 4 (C) 3, 4 (D) 1, 3, 4

7. વહીવટી કાર્યપદ્ધતિ વાસ્તવમાં શું છે?

   **(A) તે નિશ્ચિત હેતુઓ પાર પાડવાનું સાધન છે.**
   (B) તે વહીવટનું ધ્યેય છે.
   (C) તે નફો કમાવા માટેનું સાધન બની શકે છે કે જેથી બજેટમાં ખાધ ઊભી ના થાય.
   (D) તે નાગરિકો સુધી પહોંચવાનો માર્ગ બની શકે નહિ

8. વહીવટી કાર્યપદ્ધતિ વાસ્તવમાં શું છે?

   (A) જ્યારે અધિકારી જવાબદારી ઉઠાવવા તૈયાર હોતા નથી.
   (B) જ્યારે અધિકારી પોતાના વિવેક અનુસાર નિર્ણય લેતા નથી.
   (C) જ્યારે અધિકારી નિયમોને જડ રીતે વળગી રહે છે.
   **(D) ઉપરોક્ત તમામ**

9. તુમારશાહીના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચો:

   1. જો કર્મચારી ઉપરથી હુકમ આવે તેની જ રાહ જોયા કરે તો તુમારશાહી ઊભી થાય છે.
   2. જો અધિકારી કે કર્મચારી કામ બીજા ઉપર નાખવાનું વલણ ધરાવે તો તુમારશાહી ઊભી થાય.
   3. મોટે ભાગે મોટાં સંગઠનોમાં તુમારશક્તિ ઊભી થાય છે.
   4. તુમારશાહી ઊભી થવાની પાછળ કર્મચારીનાં માનસિક વલણો પણ જવાબદાર હોય છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 2, 3, 4 **(B) 1, 2, 3, 4** (C) 1, 2, 3 (D) 1, 2, 4

10. વહીવટની કાર્યપદ્ધતિ શાને અંગે નક્કી થયેલી હોય છે?

    (A) સંગઠનની આંતરિક કામગીરીનું નિયમન કરવા માટે.
    (B) કર્મચારીઓ અને અધિકારીઓની કામગીરીનું સંકલન કરવા માટે.
    (C) નાગરિકોને પૂરી પાડવામાં આવતી સેવાઓ માટે.
    **(D) ઉપરોક્ત તમામ**

11. વહીવટી કાર્યપદ્ધતિના ઔપચારિક (formal) પ્રકારમાં શાનો સમાવેશ થાય છે?

    (A) પત્રવ્યવહાર (B) ફાઈલિંગ (C) દસ્તાવેજોની જાળવણી **(D) ઉપરોક્ત તમામ**

12. વહીવટની ઔપચારિક કાર્યપદ્ધતિમાં શાનો સમાવેશ થાય છે?
   1. કાર્યવિભાજન
   2. જવાબદારીની વહેંચણી
   3. નાણાકીય સંચાલન
   4. સાધનસામગ્રીની ખરીદી
   5. બેઠકો અને પરિષદો
   6. સંકલન અને પરામર્શ

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 1, 2, 3, 4 (B) 2, 3, 4, 5 **(C) 1, 2, 3, 4, 5, 6** (D) 3, 4, 5, 6

13. વહીવટની ઔપચારિક કાર્યપદ્ધતિને કેવી કાર્યવાહી કહેવામાં આવે છે?

   **(A) સંસ્થાગત** (B) બાહ્ય (C) મહેસૂલી (D) સંચાલકીય

14. વહીવટી કાર્યપદ્ધતિના સંદર્ભમાં નીચેનાંમાંથી કયું વિધાન ભારત અંગે સાચું છે?
   1. કાર્યવાહી ઘડવાનું કામ વિવિધ સ્તરે થાય છે.
   2. સંસદ અને વિધાનસભાઓ કાયદા ઘડે છે.
   3. પંચાયતો અને પાલિકાઓ કાયદા ઘડતી નથી.
   4. કાયદા અંગેના નિયમો મંત્રાલયો અને વિભાગો ઘડે છે.
   5. જે તે વિભાગ કાયદાના નિયમોના પાલન માટે કાર્યવાહી નક્કી કરે છે.

   (A) 2, 3 (B) 1, 5 (C) 1, 2, 3 **(D) 1, 2, 3, 4, 5**

## 37.1 વહીવટી સુધારા

1. નીચેનાં વિધાનો વહીવટી સુધારાના સંદર્ભમાં વાચોઃ
   1. તે પ્રેરણા પર આધારિત હોય છે.
   2. તે વહીવટમાં કાયાપલટની પ્રક્રિયા છે.
   3. તે પરિવર્તનની પ્રક્રિયા છે અને તેનો પ્રતિકાર થતો હોય છે.
   4. તે ક્રમિક પરિવર્તન કરતાં કંઈક વિશેષ છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) ફક્ત 4 (B) 1, 2 (C) 1, 4 **(D) 1, 2, 3, 4**

2. ગેરાલ્ડ ઈ. કેઈડન વહીવટી સુધારાના કેટલા પ્રકાર પાડે છે?

   (A) 6 (B) 3 **(C) 4** (D) 8

3. રાજકીય ક્રાંતિ દ્વારા થતા વહીવટી સુધારામાં શું થાય છે?

   (A) રાજકીય પરિવર્તનની અસર વહીવટી તંત્ર ઉપર થાય છે.

   (B) રાજકીય પરિવર્તનને લીધે વહીવટનું માળખું બદલાય છે.

   (C) રાજકીય પરિબળો વહીવટી માળખાને નવો આકાર આપે છે.

   **(D) ઉપરોક્ત તમામ**

4. નીચેનાં વિધાનો વહીવટી સુધારાના સંદર્ભમાં વાંચોઃ
   1. નવો કાયદો વહીવટી તંત્રનાં પરિવર્તનો આવે છે.
   2. વહીવટી તંત્રની જડતા દૂર કરવા તેમાં સુધારા કરાય છે.
   3. વહીવટી સંગઠનમાં જોડાયેલા લોકોનાં વલણો બદલાય તો વહીવટી સુધારા થાય છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) ફક્ત 1 (B) 1, 2 (C) ફક્ત 3 **(D) 1, 2, 3**

5. ગેરાલ્ડ ઈ. કેઈડન કયા વહીવટી સુધારા ગણાવે છે?
   1. રાજકીય ક્રાંતિ દ્વારા લાદવામાં આવતા સુધારા.
   2. સંગઠનાત્મક જડતા દૂર કરવા દાખલ કરાતા સુધારા.
   3. કાનૂની પદ્ધતિના માધ્યમથી થતા સુધારા.
   4. વલણોના પરિવર્તનને કારણે થતા વહીવટી સુધારા.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 1, 2, 3 (B) 1, 2 **(C) 1, 2, 3, 4** (D) 2, 4
6. વહીવટી સુધારા માટેનો પોલ એચ. એપલબીનો અભ્યાસ ક્યારે રજૂ થયો હતો?

   (A) 1977 (B) 1969 **(C) 1953** (D) 1986
7. 1961-62માં ટી. ટી. કૃષ્ણમાચારી સમિતિએ કયો વહીવટી સુધારો સૂચવ્યો હતો?

   (A) વહીવટી સેવામાં સીધી ભરતી કરવી. (B) વહીવટી સેવામાં સંખ્યા વધારવી.

   (C) રાજ્યોમાં અજમાયશી તાલીમ દાખલ કરવી. **(D) ઉપરોક્ત તમામ**
8. વહીવટી સુધારા માટેની ટી. ટી. કૃષ્ણમાચારી સમિતિએ કયો સુધારો સૂચવ્યો હતો?

   (A) વહીવટી સેવામાં 6-7 વર્ષનો અનુભવ ધરાવનારા કર્મચારીઓ માટે ઓપ વર્ગો શરૂ કરવા.

   (B) રાષ્ટ્રીય અકાદમીમાં અપાતી પૂર્વ-પ્રવેશ તાલીમમાં સુધારા કરવા.

   (C) વહીવટી સેવામાં સીધી ભરતી ના કરવી.

   (D) A અને B
9. વહીવટી સુધારા પંચની નિમણૂક ક્યારે કરવામાં આવી?

   (A) 1975 (B) 1972 **(C) 1966** (D) 1980
10. સરકારી સાહસોના વહીવટી સુધારા અંગેનો પોલ એચ. એપલબીનો અહેવાલ ક્યારે રજૂ થયો હતો?

    (A) 1953 (B) 1959 **(C) 1956** (D) 1962
11. વહીવટી સુધારા પંચની સ્થાપના કયા વિભાગના ઠરાવથી થઈ?

    **(A) ગૃહ વિભાગ** (B) મહેકમ વિભાગ (C) નાણાં વિભાગ (D) સામાન્ય વહીવટ વિભાગ
12. વહીવટી સુધારા પંચ કયા ક્ષેત્ર વિશે વહીવટમાં સુધારા સૂચવે છે?

    (A) ભારત સરકારની તંત્ર વ્યવસ્થા (B) ભારત સરકારની કાર્ય પદ્ધતિ

    (C) તમામ કક્ષાએ આયોજન માટેનું તંત્ર **(D) ઉપરોક્ત તમામ**
13. વહીવટી સુધારા પંચ કયા ક્ષેત્ર માટે સુધારા સૂચવે છે?

    (A) કેન્દ્ર-રાજ્ય સંબંધો (B) વિકાસલક્ષી વહીવટી તંત્ર

    (C) કાર્મિક વહીવટી તંત્ર **(D) ઉપરોક્ત તમામ**
14. વહીવટી સુધારા પંચ કયા ક્ષેત્ર માટે સુધારા સૂચવે છે?

    (A) આર્થિક વહીવટી તંત્ર (B) રાજ્ય કક્ષાનું વહીવટી તંત્ર

    (C) જિલ્લા વહીવટી તંત્ર અને ફરિયાદ નિવારણ તંત્ર **(D) ઉપરોક્ત તમામ**
15. વહીવટી સુધારા પંચે નીચેનામાંથી કઈ ભલામણ કરી છે?
    1. બધા જ મુખ્ય નિર્ણયો લેખિત સ્વરૂપે મૂકવા.
    2. કોઈ પણ મંત્રાલયની નીતિ-ઘડતરની પ્રક્રિયામાં બેથી વધુ પ્રધાનોનો સમાવેશ ના કરવો.
    3. વહીવટી સુધારા વિભાગને સીધો નાયબ વડા પ્રધાન હસ્તક રાખવો.

4. કેન્દ્રીય સુધારા એજન્સીમાં ભાવિ સુધારા માટે ખાસ ઘટકની રચના કરવી.
5. કેબિનેટ સચિવની ભૂમિકા સંકલનકાર તરીકે સીમિત ના બને.

(A) 1, 2, 3 **(B) 1, 2, 3, 4, 5** (C) 1,2 (D) 2, 3, 4

16. વહીવટી સુધારા માટેનો એ. ડી. ગોરવાલા અહેવાલ ક્યારે રજૂ થયો?

(A) 1975 **(B) 1951** (C) 1984 (D) 1968

17. કેન્દ્ર સરકારની વહીવટી કામગીરીની સમીક્ષા સૌ પ્રથમ કોણે કરી હતી?

**(A) એન. ગોપાલસ્વામી આયંગર** (B) એ. ડી. ગોરવાલા
(C) બી. આર. આંબેડકર (D) સરદાર પટેલ

## 38. કામગીરીનું મૂલ્યાંકન

1. કામગીરી મૂલ્યાંકનનું લક્ષણ કર્યું છે?
   1. સોંપાયેલા કામ સંબંધી હેતુઓ
   2. સમયગાળો
   3. હેતુઓ સિદ્ધ કરવા માટે જરૂરી કૌશલ્યો
   4. હેતુઓ સિદ્ધ થયા કે નહિ તેની ચકાસણી

   ઉપરનામાંથી શુ સાચું છે?

   (A) 1, 3 (B) 3, 4 (C) 1,4 **(D) 1, 2, 3, 4**

2. કામગીરી મૂલ્યાંકનનું લક્ષણ કયું છે?
   1. જો હેતુઓ સિદ્ધ ના થાય તો કર્મચારીને તે જણાવવું.
   2. જો હેતુઓ સિદ્ધ ના થાય તો તેનાં કારણો શોધવા.
   3. જો હેતુઓ સિદ્ધ થયા હોય તો ઈનામ આપવું.
   4. કર્મચારીને હેતુઓ પાર પાડવા માટે પ્રેરણા આપવી.

   ઉપરનામાંથી શું સાચું છે?

   (A) 1, 2, 3 (B) ફક્ત ૪ **(C) 1, 2, 3, 4** (D) 1, 2

3. કર્મચારીના ઔપચારિક મૂલ્યાંકનનો હેતુ શો છે?

   (A) નાગરિકોનું રક્ષણ કરવું.
   (B) ગુનાઓ ઉપર દેખરેખ રાખવી.
   (C) ગુનેગારોને પકડવા અને આરોપનામાં તૈયાર કરવાં.
   **(D) ઉપરોક્ત તમામ**

4. કર્મચારીના અનૌપચારિક મૂલ્યાંકનમાં શાનો સમાવેશ થાય છે?

   (A) અવલોકન, સંચાર
   (B) કામની ચકાસણી, તરત પ્રતિભાવ
   (C) A અને B બંને
   **(D) તાલીમ અને ગુણવત્તા**

5. કર્મચારીની કામગીરીના મૂલ્યાંકનમાં ક્યો મુદ્દો ધ્યાનમાં લેવાય છે?
   1. ક્ષમતા
   2. પ્રતિબદ્ધતા
   3. સુસંગતતા
   4. લઘુતમ ખર્ચ

   ઉપરનામાંથી શું સાચું છે?

   (A) 1, 2 (B) 1, 2, 3 **(C) 1, 2, 3, 4** (D) 1, 2, 4

## 39. ઈ-શાસન (e- Governance)

1. ગુજરાતમાં ઇ-ગ્રામ વિશ્વગ્રામ પ્રૉજેક્ટ ક્યારે શરૂ કરાયો?
   (A) 2007-08 **(B) 2004-05** (C) 2001-02 (D) 2008-09
2. ઇ-ગ્રામ વિશ્વગ્રામ યોજનાનો હેતુ શો છે?
   1. સરકારના વિવિધ વિભાગોની ઇ-સેવાઓ ગ્રામ પંચાયત ખાતે ઉપલબ્ધ કરવી.
   2. શહેરી અને ગ્રામીણ ક્ષેત્રો વચ્ચેની માહિતી અને ટેક્નોલોજીની ખાઈ દૂર કરવી.
   3. વેપારી સેવાઓ પૂરી પાડવી.
   4. 73મા બંધારણ સુધારાના હેતુઓ પાર પાડવા.

   ઉપરનાંમાંથી શું સાચું છે?
   (A) 3, 4 (B) 2, 4 (C) 1, 2 **(D) 1, 2, 3, 4**
3. ઇ-ગ્રામ વિશ્વગ્રામ યોજના હેઠળ કયું પ્રમાણપત્ર બ્રોડબેન્ડ સેવા દ્વારા ઉપલબ્ધ થાય છે?
   (A) જન્મનું પ્રમાણપત્ર (B) મૃત્યુનું પ્રમાણપત્ર (C) આવકનું પ્રમાણપત્ર **(D) ઉપરોક્ત તમામ**
4. ઇ-ગ્રામ વિશ્વગ્રામ યોજના થકી શાસન વ્યવસ્થામાં શું લાવવાનો પ્રયાસ થયો છે?
   (A) સરળતા અને કરકસર (B) કાર્યક્ષમતા અને નીતિમત્તા
   (C) અસરકારકતા **(D) ઉપરોક્ત તમામ**
5. ઇ-ગ્રામ વિશ્વગ્રામ યોજના હેઠળ શું બ્રોડબેન્ડ સેવાથી પ્રાપ્ત થાય છે?
   (A) જ્ઞાતિનું પ્રમાણપત્ર (B) કરવેરાની ચુકવણીની પહોંચ
   (C) 7/12 નો ઉતારો **(D) ઉપરોક્ત તમામ**
6. ઇ-ગ્રામ વિશ્વગ્રામ યોજના હેઠળ શું બ્રોડબેન્ડ સેવાથી પ્રાપ્ત થાય છે?
   (A) તમામ વિકાસલક્ષી યોજનાઓનાં અરજીપત્રક (B) આઇ.ટી.આઇ. નું અરજીપત્રક
   (C) 8-અનો ઉતારો **(D) ઉપરોક્ત તમામ**
7. ઇ-ધારા કેન્દ્ર ક્યાં હોય છે?
   **(A) મામલતદારની કચેરી** (B) કલેક્ટરની કચેરી (C) DDOની કચેરી (D) TDOની કચેરી
8. ઇ-ધારા યોજના શા માટે છે?
   **(A) જમીનના દસ્તાવેજોની નોંધ** (B) 7/12નો ઉતારો મેળવવા
   (C) ગૌચર જમીનની માપણી (D) ઉપરોક્ત તમામ
9. ઇ-ધારા યોજનાનો હેતુ શો છે?
   1. ગ્રામ પંચાયતના જમીનના દસ્તાવેજો વીજાણુ સ્વરૂપમાં રાખવા.
   2. જમીનના દસ્તાવેજોનો સ્વયંસંચાલિત નિભાવ કરવો.
   3. જમીનના દસ્તાવેજો સતત આધુનિક કરવા.
   4. જમીનના દસ્તાવેજોના આ માળખાને સ્વાવલંબી બનાવવું.

   ઉપરનાંમાંથી શું સાચું છે?
   (A) 3, 4 (B) 2, 4 (C) 1, 2 **(D) 1, 2, 3, 4**
10. ઇ-ધારા યોજનાનો લાભ શું છે?
    (A) મહેસૂલી દસ્તાવેજો માટે નવો સ્રોત (B) કાનૂની કેસોમાં મદદ
    (C) વધુ પારદર્શિતા **(D) ઉપરોક્ત તમામ**
11. GSWANનો હેતુ શો છે?
    1. જાહેર સેવાઓની ગુણવત્તામાં સુધારો કરવો.

2. આંતર-ખાતાકીય સંચાર વ્યવસ્થાને આધુનિક બનાવવી.
3. વહીવટમાં અસરકારકતા ઊભી કરવી.
4. વહીવટમાં કાર્યક્ષમતા લાવવી.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 2, 4 (B) 3, 4 **(C) 1, 2, 3, 4** (D) 1, 2, 3

12. 'જીસ્વાન'નો આરંભ ગુજરાત સરકારે ક્યારે કર્યો?

**(A) 2001-02** (B) 2003-04 (C) 2009-10 (D) 2006-07

13. ગુજરાત સરકારમાં ઈન્ફર્મેશન હાઈ-વે તરીકે શું કામ કરે છે?

(A) e-dhara **(B) GSWAN** (C) e-gram (D) VATIS

14. ફરિયાદોના નિવારણ માટે કઈ વ્યવસ્થા ગુજરાતમાં ગોઠવવામાં આવી છે?

**(A) SWAGAT** (B) GSWAN (C) e-gram (D) VATIS

15. ઈ-શાસનનો અર્થ શો કરવામાં આવે છે?

1. સરકારી સેવાઓ પૂરી પાડવા માટે માહિતી અને પ્રત્યાયન ટેક્નોલોજીનો ઉપયોગ.
2. માહિતીની આપ-લે.
3. સરકારના સમગ્ર માળખામાં સંકલન.
4. સરકારની વિવિધ વ્યવસ્થાઓ વચ્ચે સંકલન.

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3, 4** (B) 1, 2, 3 (C) 1, 2, 3 (D) 1, 3, 4

16. ઈ-શાસનને લીધે સરકારની નાગરિકો માટેની સેવાઓ કેવી બને છે?

(A) પારદર્શક (B) સરળતાથી ઉપલબ્ધ (C) કાર્યક્ષમ **(D) ઉપરોક્ત તમામ**

17. ઈ-શાસનમાં કોની વચ્ચેની વ્યવસ્થાઓ અને સેવાઓનું સંકલન થાય છે?

1. સરકાર અને સરકારની અંદરની વ્યવસ્થાઓ
2. સરકાર અને ગ્રાહકો
3. સરકાર અને તેના કર્મચારીઓ
4. સરકાર અને ધંધાકીય ક્ષેત્ર

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3, 4** (B) 1, 2, 3 (C) 1, 3, 4 (D) 1, 2, 4

18. ઈ-સરકારમાં શાનો સમાવેશ થાય છે?

1. જાહેર વહીવટમાં માહિતી અને પ્રત્યાયન ટેક્નોલોજીનો ઉપયોગ.
2. સંગઠનમાં પરિવર્તન.
3. સંગઠનમાં નવી કુશળતાઓ દાખલ કરવી.
4. જાહેર સેવાઓમાં સુધારો કરવો.
5. લોકશાહી પ્રક્રિયાઓમાં સુધારો કરવો.
6. લોકોને અપાતો ટેકો મજબૂત કરવો.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 3, 4 **(B) 1, 2, 3, 4, 5, 6** (C) 1, 2, 3, 4, 5 (D) 2, 3, 4, 6

19. ઈ-શાસનના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન સાચું છે?

1. તેમાં દ્વિમાર્ગી પ્રત્યાયન થઈ શકે છે.

2. લોકો વહીવટદારોનો સંપર્ક કરી શકે છે.
3. લોકો પોતાનો મત વ્યક્ત કરી શકે છે.
4. લોકો પોતાની ફરિયાદો ઓનલાઈન રજૂ કરી શકે છે.

(A) 1, 2, 3 **(B) 1, 2, 3, 4** (C) 1, 2, 3 (D) 2, 4

20. ભારતમાં પ્રવર્તમાન ઇ-શાસન વ્યવસ્થાના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચો:
1. તેનાથી સરકારમાં પારદર્શિતા અને ઉત્તરદાયિત્વ વધ્યાં છે.
2. તેને પરિણામે સરકારનો ભ્રષ્ટાચાર છતો થાય તેવી શક્યતા વધી છે.
3. ઈ-શાસન પોતે જ ભ્રષ્ટાચારનું સ્રોત બની શકે છે.
4. સાયબર સલામતીની મુસીબતોમાં વધારો થયો છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3, 4** (B) 2, 4 (C) 3, 4 (D) 1, 4

21. ભારત સરકારે સ્ટેટ વાઈડ એરિયા નેટવર્ક (SWAN) દરેક રાજ્યમાં સ્થાપવાની યોજના ક્યારે શરૂ કરી?

**(A) 2005** (B) 2010 (C) 2011 (D) 2009

22. ભારતમાં સ્ટેટ વાઈડ એરિયા નેટવર્ક (SWAN) માં શું કરવામાં આવ્યું છે?

(A) રાજ્યના વડા મથકને જિલ્લા સાથે સાંકળવામાં આવે છે.
(B) રાજ્યના વડા મથકને તાલુકા સાથે સાંકળવામાં આવે છે.
(C) તેને માટે કેન્દ્ર સરકારે રાજ્યોને ટેકનિકલ અને નાણાકીય સહાય પૂરી પાડી છે.
**(D) ઉપરોક્ત તમામ**

23. ભારતમાં સ્ટેટ વાઈડ એરિયા નેટવર્ક (SWAN)માં શું કરવામાં આવ્યું છે?

(A) તે PPP મોડેલથી ઊભું કરાયું છે. (B) તે NIC મોડેલથી ઊભું કરાયું છે.
(C) તેમાં થર્ડ પાર્ટી ઓડિટર (TPA) હોય છે. **(D) ઉપરોક્ત તમામ**

24. ગુજરાતમાં સ્ટેટ ડેટા સેન્ટર (SDC) માટે અમલકર્તા સંસ્થા કોણ છે?

(A) WIPRO **(B) ગુજરાત ઈન્ફર્મેટિક્સ લિમિટેડ**
(C) KPMG (D) ટેક્નોલોજી ડેવલપમેન્ટ એજન્સી

25. ઈ-શાસન વ્યવસ્થાનો ગેરલાભ શો છે?

(A) વેબ ઉપર પ્રાપ્ય માહિતીની અવિશ્વસનીયતા
(B) ઈન્ટરનેટની મર્યાદિત પહોંચ
(C) સરકારનો લોકમત પર પ્રભાવ પાડવાનો છૂપો ઈરાદો
**(D) ઉપરોક્ત તમામ**

## 40. માહિતી પ્રક્રિયા પદ્ધતિ

1. માહિતી પ્રક્રિયા પદ્ધતિના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચો:
1. તેમાં માહિતી એક સ્વરૂપમાં લેવામાં આવે છે.
2. તેમાં માહિતીનું રૂપાંતર કરવામાં આવે છે.
3. તેમાં નિક્ષેપ, રૂપાંતરકાર, સંગ્રહ અને બહિર્ક્ષેપનો સમાવેશ થાય છે.
4. તે પદ્ધતિ યાંત્રિક, વીજળીક કે જૈવિક હોઈ શકે છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3, 4** (B) 1, 2, 3 (C) 2, 3, 4 (D) 1, 2, 4

2. માહિતી પ્રક્રિયા પદ્ધતિના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચો:
   1. જે માહિતી પ્રાપ્ત કરે છે તે તેના પર પ્રક્રિયા કરી શકે છે.
   2. માહિતીનું સંવહન થતાં પહેલાં તેમાં માહિતીનું રૂપાંતર થાય છે.
   3. કોઈ પણ પરિવર્તનનું વર્ણન કરવા તેનો ઉપયોગ થઈ શકે છે.
   4. માહિતી આંકડાશાસ્ત્રીય રીતે રજૂ કરી શકાય છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 1, 2, 3 **(B) 1, 2, 3, 4** (C) ફક્ત 4 (D) ફક્ત 2, 3
3. માહિતીની પ્રક્રિયાનો અભિગમ કઈ ધારણા ઉપર કામ કરે છે?
   1. પર્યાવરણમાંથી જે માહિતી પ્રાપ્ત થાય છે તેના પર અનેક પદ્ધતિઓ દ્વારા પ્રક્રિયા થઈ શકે છે.
   2. તેમાં માહિતીનું પદ્ધતિસર રૂપાંતર થાય છે.
   3. તેમાં પ્રક્રિયાઓ અને માળખાં નક્કી કરવામાં આવે છે.
   4. મનુષ્યના દિમાગમાં માહિતીની જે પ્રક્રિયા થાય છે તે જ કોમ્પ્યૂટરમાં થાય છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 1, 2, 3 (B) 2, 3, 4 **(C) 1, 2, 3, 4** (D) ફક્ત 4
4. માહિતી પ્રક્રિયા પદ્ધતિમાં શાનો સમાવેશ થાય છે?
   1. માહિતી એકત્ર કરવી.
   2. માહિતીનો પરસ્પર સંબંધ જોડવો.
   3. માહિતીનું આંકડાશાસ્ત્રીય પદ્ધતિએ રૂપાંતર કરવું.
   4. માહિતીમાં પરિવર્તન આણવું.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 1, 2, 3 (B) 1, 2, 4 (C) 2, 3, 4 **(D) 1, 2, 3, 4**
5. માહિતી પ્રક્રિયા પદ્ધતિમાં શાનો સમાવેશ થાય છે?

   (A) બીઝનેસ સોફ્ટવેર (B) ઓપરેટિંગ સીસ્ટમ (C) કોમ્પ્યુટર **(D) ઉપરોક્ત તમામ**
6. માહિતી પ્રક્રિયા પદ્ધતિમાં શાનો સમાવેશ થાય છે?

   (A) ઓપરેટિંગ સીસ્ટમ (B) નેટવર્ક (C) મેઈનફ્રેમ **(D) ઉપરોક્ત તમામ**

## 41. વહીવટમાં સહાયકારી સાધનો

## 41.1 નેટવર્ક એનાલીસિસ

1. સામાજિક નેટવર્ક વિશ્લેષણની શરૂઆત કોણે કરી હતી?

   **(A) જ્યોર્જ સિમેલ, એમિલી દુર્ખેમ** (B) જુર્ગેન હેબરમાસ

   (C) પિટર ડ્રકર (D) જ્યોર્જ જોસેફ સ્ટિગ્લર, જોસેફ સ્ટિગ્લિટ્ઝ
2. નેટવર્ક વિશ્લેષણમાં શું કરવામાં આવે છે?
   1. જટિલ પરિયોજનાની માહિતીને પ્રવૃત્તિ, ઘટનાઓ વગેરેમાં વહેંચવામાં આવે છે.
   2. કોઈ પણ પરિયોજનાનાં ઘટકોનું પરસ્પરાવલંબન સમજવામાં આવે છે.
   3. કોઈ પણ પરિયોજનામાં ઘટકોના આંતરસંબંધો સમજવામાં આવે છે.
   4. પરિયોજના ઝડપથી પૂરી કરવા વિવિધ કાર્યોનો સમયગાળો નક્કી કરાય છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 2, 3, 4 **(B) 1, 2, 3** (C) 1, 2, 4 (D) 1, 3, 4

3. જાહેર વહીવટના નેટવર્કમાં કોનો સમાવેશ થાય છે?
   (A) હિત જૂથો (B) જાહેર સંસ્થાઓ (C) કાનૂની સંસ્થાઓ **(D) ઉપરોક્ત તમામ**
4. શાસનના નેટવર્કમાં શાનો સમાવેશ થાય છે?
   (A) અધિકારો, નિયમો (B) પ્રાથમિકતાઓ (C) સંસાધનો **(D) ઉપરોક્ત તમામ**
5. જાહેર વહીવટમાં નેટવર્કમાં શાના નેટવર્કનો સમાવેશ થાય છે?
   (A) નીતિવિષયક નેટવર્ક (B) સેવા પૂરી પાડવાનું નેટવર્ક
   (C) શાસનનું નેટવર્ક **(D) ઉપરોક્ત તમામ**
6. નેટવર્ક એનાલીસિસમાં શું કરવામાં આવે છે?
   1. પરસ્પર સંબંધ ધરાવતી વિવિધ વ્યક્તિઓ પાસેથી માહિતી એકત્ર કરી તેનું વિશ્લેષણ કરવામાં આવે છે.
   2. પરસ્પર સંબંધ ધરાવતાં વિવિધ સંગઠનો પાસેથી માહિતી એકત્ર કરી તેનું વિશ્લેષણ કરવામાં આવે છે.
   3. તેમાં સંગઠનોના નેટવર્ક ઉપર ભાર મૂકાય છે.
   4. સંગઠનો થતી વ્યક્તિઓ પરસ્પર સંબંધ રાખે છે એ બાબતને ધ્યાનમાં રાખી વિશ્લેષણ કરવામાં આવે છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?
   **(A) 1, 2, 3, 4** (B) 1, 2, 3 (C) 2, 3, 4 (D) 1, 3, 4
7. નેટવર્ક એનીલીસિસમાં શાનું વિશ્લેષણ થાય છે?
   (A) સંગઠન (B) સંગઠનો વચ્ચેના સંબંધો
   (C) સંગઠનની અંદરની વ્યક્તિઓ વચ્ચેના સંબંધો **(D) B અને C**
8. નેટવર્ક એનાલીસિસમાં શાનું વિશ્લેષણ કરવામાં આવે છે?
   (A) નેટવર્કમાં કયું સંગઠન કેન્દ્રમાં છે?
   (B) નેટવર્કની બહારનાં સંગઠનો સાથે કયાં સભ્ય સંગઠનો સંપર્કમાં છે?
   (C) વ્યક્તિગત સંબંધોને આધારે જ નેટવર્ક ઊભું થયું છે?
   **(D) ઉપરોક્ત તમામ**
9. નેટવર્ક એનાલીસિસમાં શાનું વિશ્લેષણ કરવામાં આવે છે?
   (A) નેટવર્કમાં કેટલાક સંબંધો મજબૂત કેમ છે?
   (B) નેટવર્કમાં કેટલાક સંબંધો નબળા કેમ છે?
   (C) નેટવર્કમાંના નબળા સંબંધો ચાલુ રાખવા જોઈએ કે બંધ કરી દેવા જોઈએ?
   **(D) ઉપરોક્ત તમામ**
10. નેટવર્ક એનાલીસિસમાં શાનું વિશ્લેષણ કરવામાં આવે છે?
   (A) નેટવર્કનાં સભ્ય સંગઠનોમાં પેટા જૂથો છે? તેમની વચ્ચે કેવા સંબંધો છે?
   (B) નેટવર્કનાં સભ્ય સંગઠનોનો ઉપયોગ નેટવર્કના હેતુઓ પાર પાડવા માટે કઈ રીતે કરી શકાય?
   (C) નેટવર્કની અંદર વિશ્વાસનું વાતાવરણ કેવું છે?
   **(D) ઉપરોક્ત તમામ**

## 41.2 MIS (Management Information System)

1. MIS શું છે?
   1. તે સંગઠનના વિભાગોનું સંગઠન કરવા માટેનાં સાધનો પૂરાં પાડે છે.
   2. તે સંગઠનના વિભાગોનું મૂલ્યાંકન કરવા માટે મેનેજરને સાધનો પૂરાં પાડે છે?
   3. તે સંગઠનના વિભાગોનું કાર્યક્ષમ રીતે સંચાલન કરવા માટે પ્રબંધકને સાધનો પૂરાં પાડે છે?

   ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 3 (C) 1 અને 2 **(D) 1, 2, 3**

2. MISમાં કઈ બાબતનો સમાવેશ થાય છે?
   1. સોફ્ટવેર
   2. ડેટાબેઝ
   3. હાર્ડવેર
   4. ડિસિઝન સપોર્ટ સીસ્ટમ
   5. લોક સંચાલન
   6. પરિયોજના સંચાલન વિનિયોગ

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 2, 3, 4, 5, 6 (B) 1, 2, 3, 4 **(C) 1, 2, 3, 4, 5, 6** (D) 1, 2, 5, 6

3. MISનો શો અર્થ થાય છે?
   (A) તે માત્ર સરકારી સંગઠનોનો અભ્યાસ કરવાનું સાધન છે.
   **(B) તે લોકો, ટેક્નોલોજી અને સંગઠનો તથા તેમની વચ્ચેના સંબંધોનો અભ્યાસ છે.**
   (C) તે માત્ર જાહેર સાહસોના સરકાર સાથેના સંબંધોનો અભ્યાસ કરે છે.
   (D) તે સરકારના કોઈ એક વિભાગના બીજા વિભાગો સાથેના સંબંધો અને તેમના લોકો સાથેના સંબંધોનો જ અભ્યાસ કરે છે.

4. MISથી શો લાભ થાય છે?
   (A) સંગઠનનું એકંદર ચિત્ર પ્રાપ્ત થાય છે.
   (B) સંગઠન તેની તાકાત અને નબળાઈને ઓળખી કાઢે છે.
   (C) સંગઠન તેની કામગીરી સુધારી શકે છે.
   **(D) ઉપરોક્ત તમામ**

5. MISથી શો લાભ થાય છે?
   (A) તે પ્રત્યાયનના સાધન તરીકે કામ કરે છે.
   (B) તે આયોજનના સાધન તરીકે કામ કરે છે.
   (C) તેનાથી સંગઠનને તેની પ્રક્રિયાઓ સુધારવાની તક મળે છે.
   **(D) ઉપરોક્ત તમામ**

6. MISથી શો લાભ થાય છે?
   1. તેનાથી નાગરિકો વિશે માહિતી મળે છે.
   2. તેનાથી નાગરિકોનો પ્રતિભાવ જાણી શકાય છે.
   3. તેનાથી નાગરિકોની જરૂરિયાતો જાણી શકાય છે.
   4. સરકાર પોતાના સંગઠનને અસરકારક બનાવવા તેની મદદ લઈ શકે છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   **(A) 1, 2, 3, 4** (B) 1, 2 (C) 1, 3 (D) 2, 4

7. MISનો ઉદ્ભવ કઈ ટેક્નોલોજી સાથે જોડાયેલો છે?
   (A) બાયોટેક્નોલોજી **(B) કોમ્પ્યુટર ટેક્નોલોજી** (C) બાંધકામ ટેક્નોલોજી (D) ઉપરોક્ત તમામ

8. MIS વિશે શું કહી શકાય?
   (A) તે સંગઠનને નિર્ણયો લેવા માટે માહિતીનો ટેકો પૂરો પાડે છે.
   (B) તે સંગઠનની કામગીરીને ટેકો આપવા માહિતી પૂરી પાડે છે.

(C) તે માણસ અને મશિનની સંકલિત વ્યવસ્થા છે.

**(D) ઉપરોક્ત તમામ**

9. MIS વિશે નીચેનાંમાંથી કયું વિધાન સાચું છે?

1. તે સંગઠનના માહિતીના પાયા પર આધારિત વ્યવસ્થા છે.
2. તે કોમ્પ્યુટર-આધારિત માહિતી વ્યવસ્થા છે.
3. તે સંગઠનના લોકોને માહિતી પૂરી પાડવા માટે ઊભી કરાઈ હોય છે.
4. તે સંગઠનના લોકો માટેની માહિતી સંગઠનના લોકોને પણ પૂરી પાડે છે.

(A) 1, 2, 3 (B) 2, 3, 4 **(C) 1, 2, 3, 4** (D) 1, 2, 4

10. MIS વિશે નીચેનાં વિધાનોમાંથી શું સાચું છે?

1. તે ખૂબ મોટા પ્રમાણમાં માહિતીનો સંગ્રહ કરે છે.
2. તે ખૂબ ઝડપથી જરૂરી માહિતી શોધી આપે છે.
3. તે સમયસર માહિતી શોધી આપે છે.
4. તે માહિતીનું બહુ-આયામી વિશ્લેષણ કરી આપે છે.

(A) 1, 2, 3 (B) 1, 2, 4 (C) 2, 3, 4 **(D) 1, 2, 3, 4**

11. MIS સંગઠનના સંચાલનમાં કઈ બાબતમાં ટેકો પૂરો પાડે છે?

(A) આયોજન (B) સ્ટાફની ભરતી (C) નિર્દેશન **(D) ઉપરોક્ત તમામ**

12. MIS સંગઠનના સંચાલનમાં કઈ બાબતમાં ટેકો પૂરો પાડે છે?

(A) વ્યૂહરચનાઓ વચ્ચે પસંદગી (B) ઈષ્ટતમ પરિણામો માટે સંકલન

(C) સંગઠનમાં નિયંત્રણ **(D) ઉપરોક્ત તમામ**

13. ભારત સરકારના કયા કાર્યક્રમોમાં MISનો ઉપયોગ થાય છે?

1. MNREGA
2. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના
3. રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન
4. રાષ્ટ્રીય ગ્રામીણ પંચ જળ કાર્યક્રમ

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 4 **(B) 1, 2, 3, 4** (C) 1, 3, 4 (D) 1, 4

14. ભારત સરકારના કયા કાર્યક્રમમાં MISનો ઉપયોગ થાય છે?

1. સંપૂર્ણ સ્વચ્છતા ઝુંબેશ
2. રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતીકરણ યોજના
3. ઈન્દિરા આવાસ યોજના
4. આદિ જાતિ વિસ્તાર પેટા યોજના

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 3, 4 **(B) 1, 2, 3** (C) 1, 2, 4 (D) 2, 3, 4

15. ભારત સરકારના કયા કાર્યક્રમમાં MISનો ઉપયોગ થાય છે?

1. સર્વ શિક્ષા અભિયાન
2. સિંચાઈ
3. ગ્રામીણ ફોન વ્યવસ્થા
4. JNNURM
5. ICDS

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 3 (B) 4, 5 **(C) 1, 2, 3, 4, 5, 6** (D) 1, 4, 5, 6

16. ભારતમાં વિવિધ મંત્રાલયો માટે MIS કોણે વિકસાવી છે?

(A) આયોજન પંચ **(B) NIC** (C) MHRD (D) ઉપરોક્ત તમામ

17. સર્વ શિક્ષા અભિયાન માટે કોણે MIS વિકસાવી છે?

(A) NIC (B) આયોજન પંચ

**(C) એજ્યુકેશનલ કન્સલ્ટન્ટ્સ ઈન્ડિયા લિમિટેડ** (D) MHRD

18. રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન (NRHM) માટે કોણે MIS વિકસાવી છે?

**(A) વયમ ટેક્નોલોજીઝ લિમિટેડ** (B) NIC

(C) ગ્રામ વિકાસ મંત્રાલય (D) C-DAC

19. MNREGA માટેની MIS કોણે વિકસાવી છે?

**(A) NIC** (B) C-DAC (C) MHRD (D) આયોજન પંચ

20. MIS હેઠળ MNREGA માં માહિતીનું એકત્રીકરણ ક્યાં થાય છે?

(A) ગ્રામ પંચાયત **(B) તાલુકા સ્તર** (C) જિલ્લા સ્તર (D) રાજ્ય સરકાર

21. ઈંદિરા આવાસ યોજનામાં MIS હેઠળ માહિતીનું એકત્રીકરણ ક્યાં થાય છે?

(A) ગ્રામ પંચાયત (B) તાલુકા સ્તર **(C) જિલ્લા સ્તર** (D) કેન્દ્ર સરકાર

22. સર્વ શિક્ષા અભિયાન માટે MIS હેઠળ માહિતીનું એકત્રીકરણ ક્યાં થાય છે?

(A) ગ્રામ પંચાયત **(B) જિલ્લા સ્તર** (C) રાજ્ય સરકાર (D) કેન્દ્ર સરકાર

23. ICDS માટે MIS હેઠળ માહિતીનું એકત્રીકરણ ક્યાં થાય છે?

**(A) જિલ્લા સ્તર** (B) આંગણવાડી (C) કેન્દ્ર સરકાર (D) રાજ્ય સરકાર

24. મધ્યાહ્ન ભોજન યોજના માટે MIS હેઠળ માહિતીનું એકત્રીકરણ ક્યાં થાય છે?

**(A) જિલ્લા સ્તર** (B) તાલુકા સ્તર (C) પેમેન્ટ શાળા સ્તર (D) રાજ્ય સરકાર

## 41.3 PERT (Program Evaluation and Review Technique)

1. PERT એ કેવું સાધન છે?

**(A) આંકડાકીય** (B) આર્થિક (C) સામાજિક (D) રાજકીય

2. PERT શામાં ઉપયોગી થાય છે?

**(A) પરિયોજનાનું સંચાલન**

(B) આર્થિક વિકાસ

(C) ઉત્પાદનમાં વધારો

(D) સેવાની ગુણવત્તાની શોધ

3. PERT પદ્ધતિ સૌ પ્રથમ કોણે વિકસાવી હતી?

**(A) અમેરિકાનું નૌકા દળ** (B) હિટલરનું પાય દળ

(C) યુકેનું હવાઈ દળ (D) પોલેન્ડનું પાય દળ

4. PERTની શોધ ક્યારે કરવામાં આવી?

(A) 1960નો કાયદો **(B) 1950નો દાયકો** (C) 1980 (D) 1970

5. PERTમાં શું કરવામાં આવે છે?

1. કોઈ પરિયોજનામાં કેટલાં કાર્યો કરવાનાં છે તે નક્કી થાય છે.
2. પરિયોજનાનાં કાર્યો કયા ક્રમમાં પૂરાં કરવાનાં છે તે નક્કી થાય છે.

3. પરિયોજનાનું દરેક કાર્ય પૂર્ણ કરવા કેટલો સમય જોઈશે તે નક્કી કરવામાં આવે છે.
4. સમગ્ર પરિયોજના કેટલા સમયમાં પૂરી થશે તે નક્કી કરવામાં આવે છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2 (B) 1, 2, 3 **(C) 1, 2, 3, 4** (D) 2, 3, 4

6. PRETથી કયો લાભ થાય છે?
   (A) કયું કાર્ય કઈ બાબત પર આધાર રાખે છે તેની ખબર પડે છે.
   (B) પરિયોજના પૂરી કરવાના માર્ગને દશ્યમાન બનાવે છે.
   (C) પરિયોજનાનું કયુ કાર્ય ક્યારે કરવું તે નક્કી કરી શકાય છે.
   **(D) ઉપરોક્ત તમામ**
7. PRET થી કયો લાભ થાય છે?
   (A) પરિયોજના ઓછા સમયમાં પૂરી થવાની સંભાવના વધે છે.
   (B) પરિયોજનાની પ્રવૃત્તિઓ બેવડાતી નથી.
   (C) મોટા પ્રમાણમાં પરિયોજના સાથે સંબંધિત માહિતી ભેગી થાય છે.
   **(D) ઉપરોક્ત તમામ**
8. PERTના આયોજનમાં શું કરવામાં આવે છે?
   1. નિશ્ચિત પ્રવૃત્તિઓ અને તેમનો સમય નક્કી કરાય.
   2. પ્રવૃત્તિઓનો ક્રમ નક્કી કરાય.
   3. નેટવર્ક આલેખ તૈયાર થાય.
   4. દરેક પ્રવૃત્તિ પૂરી કરવા માટે જરૂરી સમયનો અંદાજ નક્કી થાય.
   5. પ્રવૃત્તિઓનો નિશ્ચિત માર્ગ નક્કી થાય.
   6. પરિયોજનામાં પ્રગતિ થાય તેમ તેમ તેનો ચાર્ટ આધુનિક બનાવાય.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 1, 2, 3 (B) 2, 3, 4 **(C) 1, 2, 3, 4, 5, 6** (D) 3, 4, 6
9. PRETની મર્યાદા કઈ છે?
   1. પ્રવૃત્તિનો સમય એ વ્યક્તિલક્ષી ખ્યાલ છે.
   2. જો અનુભવ ના હોય તો તે માત્ર અંદાજ બની રહે છે.
   3. સમયના અંદાજમાં વ્યક્તિગત દષ્ટિકોણ આવી શકે છે.
   4. સમયની વાસ્તવિક ફાળવણી દરેક પ્રવૃત્તિ માટે અંદાજ કરતાં જુદી હોઈ શકે છે.
   5. પરિયોજના પૂર્ણ કરવાના સમયનો અંદાજ મોટે ભાગે ખોટો પડી શકે છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 1, 2, 3, 5 (B) 2, 3, 4, 5 **(C) 1, 2, 3, 4, 5** (D) 1, 2, 3, 4

## 41.4 CPM (Critical Path Method)

1. CPM ક્યારે શોધવામાં આવી હતી?

   (A) 1955 **(B) 1957** (C) 1945 (D) 1962
2. CPMમાં શું કરવામાં આવે છે?
   (A) પરિયોજનાની દરેક પ્રવૃત્તિ માટે નિશ્ચિત સમય નક્કી કરાય છે.
   (B) પરિયોજનાનો આરંભ ઝડપથી કરવામાં આવે છે.

(C) પરિયોજના બંધ કરવાનો સમય નક્કી કરવામાં આવે છે.

**(D) ઉપરોક્ત તમામ**

3. CPMમાં શું કરવામાં આવે છે?

(A) દરેક પ્રવૃત્તિ માટે જરૂરી સમયનો સરવાળો કરાય છે.

(B) પરિયોજના માટે સૌથી લાંબો માર્ગ નક્કી થાય છે.

(C) પરિયોજનાનો કુલ સમયગાળો નક્કી થાય છે.

**(D) ઉપરોક્ત તમામ**

4. CPMને લીધે શું નક્કી થઈ શકે છે?

1. પરિયોજનાના આરંભનો સૌથી વહેલો સમય
2. પરિયોજના પૂરી કરવાનો સૌથી વહેલો સમય
3. પરિયોજના આરંભવાનો સૌથી મોડો સમય
4. પરિયોજના પૂર્ણ કરવાનો સૌથી મોડો સમય

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3, 4** (B) 1, 3 (C) 2, 4 (D) 1, 3, 4

5. CPMમાં સૌથી આશાસ્પદ સમય કયો કહેવાય છે?

**(A) પરિયોજના પૂર્ણ કરવાનો સૌથી વહેલો સમય**

(B) પરિયોજના પૂર્ણ કરવાનો સંભાવ્ય સમય

(C) પરિયોજના પૂર્ણ કરવાનો સૌથી લાંબો સમયગાળો

(D) પરિયોજનાનો આરંભનો સમયગાળો

# ભાગ-8 કાયદો અને વ્યવસ્થા

## 42. અંગ્રેજ શાસનની વ્યવસ્થા

1. ઈન્ડિયન ઈમ્પિરિયલ પોલિસની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી?
   **(A) 1861** (B) 1857 (C) 1892 (D) 1905
2. પ્રથમ પોલિસ ધારો ક્યારે ઘડવામાં આવ્યો હતો?
   **(A) '1861** (B) 1857 (C) 1830 (D) 1947
3. ઈન્ડિયન પિનલ કોડ ક્યારે ઘડવામાં આવ્યો?
   (A) 1861 **(B) 1860** (C) 1857 (D) 1885
4. ક્રિમિનલ પ્રોસિજર કોડ (CrPC) ક્યારે ઘડવામાં આવ્યો?
   (A) 1857 **(B) 1861** (C) 1885 (D) 1890
5. કયા કાયદાને આધારે ભારતમાં પોલિસ વિભાગનું માળખું અને કાર્યો ઘડાયાં છે?
   (A) IPC (B) CrPC **(C) પોલિસ ધારો** (D) ઉપરોક્ત તમામ

## 43. રાષ્ટ્રીય પોલિસ પંચ

1. ભારત સરકારે રાષ્ટ્રીય પોલિસ પંચની રચના ક્યારે કરી હતી?
   (A) 1972 (B) 1975 **(C) 1977** (D) 1969
2. ભારત સરકારે રચેલા રાષ્ટ્રીય પોલિસ પંચના અધ્યક્ષ કોણ હતા?
   **(A) ધર્મવીર** (B) એન. કે. રેડ્ડી (C) રવીન્દ્ર વર્મા (D) નીલમ સંજીવ રેડ્ડી
3. ભારતમાં સૌ પ્રથમ પોલિસ પંચ ક્યારે નિમાયું હતું?
   **(A) 1860** (B) 1915 (C) 1930 (D) 1942
4. ધર્મવીર પોલિસ પંચે 1979-81 દરમ્યાન કેટલા અહેવાલો કેન્દ્ર સરકારને સુપરત કર્યા હતા?
   (A) 12 **(B) 8** (C) 9 (D) 10
5. રાષ્ટ્રીય પોલિસ પંચે કઈ બાબતમાં અદાલતની તપાસ ફરજિયાત કરવાની ભલામણ કરી હતી?
   (A) પોલિસ કસ્ટડીમાં સ્ત્રી પર બળાત્કાર. (B) પોલિસ કસ્ટડીમાં મોત અથવા ગંભીર ઈજા.
   (C) પોલિસ ગોળીબારમાં બે કે તેથી વધુ જણાનાં મોત. **(D) ઉપરોક્ત તમામ**
6. રાષ્ટ્રીય પોલિસ પંચે નીચેનાંમાંથી કઈ ભલામણ કરી હતી?
   1. કાયદા પંચને બદલે ફોજદારી ન્યાય પંચ રચવું.
   2. રાજ્ય સ્તરે પણ ફોજદારી ન્યાય પંચ રચવું.
   3. બંધારણ કે કાયદાની જોગવાઈઓ વિરુદ્ધની સરકારની ઈચ્છાઓનું પોલિસે પાલન ના કરવું.
   4. પોલિસે કાયદાનો અમલ કરનારી સંસ્થા તરીકે કામ કરવું અને કાયદાની દૃષ્ટિએ નિષ્પક્ષ સેવા બજાવવી.

   (A) 1, 2 (B) 3, 4 (C) 1, 2, 4 **(D) 1, 2, 3, 4**
7. રાષ્ટ્રીય પોલિસ પંચે શાની રચના માટે ભલામણ કરી હતી?
   1. કેન્દ્ર સ્તરે ફોજદારી ન્યાય પંચ
   2. રાજ્ય સ્તરે ફોજદારી ન્યાય પંચ
   3. રાજ્ય સલામતી પંચ

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) ફક્ત 1 (B) 2, 3 (C) ફક્ત 1 અને **(D) 1, 2, 3**

8. અનુસૂચિત નીતિઓ અને અનુસૂચિત જનજાતિઓ સામેના અત્યાચારોના કિસ્સામાં તપાસની પ્રગતિ ઉપર દેખરેખ રાખવા રાજ્યોના પોલિસ વિભાગમાં વિશેષ તપાસ વિભાગ સ્થાપવાની ભલામણ કોણે કરી હતી?

(A) ફોજદારી ન્યાય પંચ **(B) રાષ્ટ્રીય પોલિસ પંચ** (C) કાયદા પંચ (D) સર્વોચ્ચ અદાલત

9. કોમી રમખાણોના સંદર્ભમાં રાષ્ટ્રીય પોલિસ પંચે શી ભલામણ કરી હતી?

(A) કેસની તપાસ માટે રાજ્યની સીઆઈડીમાં વિશેષ તપાસ સ્કવોડની સ્થાપના કરવી.

(B) રાજ્ય સરકારે બને ત્યાં સુધી કેસો પાછા ના ખેંચવા.

(C) સઘન તપાસ હાથ ધરવી.

**(D) ઉપરોક્ત તમામ**

10. રાષ્ટ્રીય પોલિસ પંચે પોલિસના ઉત્તરદાયિત્વ માટે શી ભલામણ કરી છે?

(A) પોલિસ દળોની કામગીરી ઉપર સતત દેખરેખ રાખવી.

(B) પોલિસની કામગીરી અંગેનો અહેવાલ રાજ્યની વિધાનસભા સમક્ષ રજૂ કરવો.

(C) પોલિસે લોકો પ્રત્યે ઉત્તરદાયી બનવું.

**(D) ઉપરોક્ત તમામ**

11. ભારતીય પોલિસ પંચની રચના ક્યારે કરવામાં આવી હતી?

**(A) 1902** (B) 1857 (C) 1931 (D) 1940

12. રાષ્ટ્રીય પોલિસ પંચે શાના વિશે ભલામણો કરી હતી?

(A) પોલિસ સામેની ફરિયાદોનો ઉકેલ (B) પોલિસની ભૂમિકા

(C) પોલિસના કાર્યમાં રાજકીય દરમ્યાનગીરી **(D) ઉપરોક્ત તમામ**

13. રાજ્યના પોલિસ વડાની પસંદગી માટે કોણ ત્રણ નામોની ભલામણ કરે એમ રાષ્ટ્રીય પોલિસ પંચે જણાવ્યું હતું?

**(A) UPSCના અધ્યક્ષપદ હેઠળની સમિતિ**

(B) સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિના વડપણ હેઠળની સમિતિ

(C) રાજ્યની વડી અદાલતના ન્યાયમૂર્તિના વડપણ હેઠળની સમિતિ

(D) રાજ્યપાલ નીમે તે ત્રણ સભ્યોની સમિતિ

14. 1861ના પોલિસ ધારાને સ્થાને નવો પોલિસ કાયદો લાવવાની ભલામણ કોણે કરી હતી?

(A) સંસદની ગૃહ મંત્રાલયની સ્થાયી સમિતિ

(B) ભારતીય પોલિસ પંચ -1902

**(C) રાષ્ટ્રીય પોલિસ પંચ - 1977**

(D) સર્વોચ્ચ અદાલત

## 44. તપાસ કરનારી સંસ્થાઓ

1. નેશનલ ટેકનિકલ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (NTRO) ની સ્થાપના ક્યારે થઈ ?

**(A) 2004** (B) 2006 (C) 2008 (D) 2002

2. NTRO કઈ બાબતમાં ટેકનોલોજિકલ ક્ષમતા વિકસાવે છે?

(A) ઉડ્ડયન (B) રિમોટ સેન્સિંગ

(C) માહિતીનું એકત્રીકરણ અને પ્રક્રિયા **(D) ઉપરોક્ત તમામ**

3. NTRO કઈ બાબતમાં ટેકનોલોજિકલ ક્ષમતા વિકસાવે છે?

(A) સાયબર સલામતી (B) વ્યૂહાત્મક હાર્ડવેર અને સોફ્ટવેર

(C) વ્યૂહાત્મક દેખરેખ **(D) ઉપરોક્ત તમામ**

4. રિસર્ચ એન્ડ એનાલીસિસ વિંગ (રો) શું છે?
(A) **વિદેશોમાં ગુપ્તચર કામ કરતી સંસ્થા** (B) આર્થિક ગુનાશોધક સંસ્થા
(C) શસ્ત્રોની હેરાફેરી શોધનારી સંસ્થા (D) પોલિસ સંગઠનમાં જ ગુપ્તચર સંસ્થા
5. રિસર્ચ એન્ડ એનાલીસિસ વિંગ (રો) શું કરે છે?
(A) વિદેશી ગુપ્તચર માહિતી એકત્ર કરે છે.
(B) વિદેશી કંપનીઓ અને વ્યક્તિઓ વિશેની માહિતી ભેગી કરે છે.
(C) ભારતના અણુ કાર્યક્રમની સલામતી જાળવે છે.
**(D) ઉપરોક્ત તમામ**
6. રિસર્ચ એન્ડ એનાસીસિસ વિંગ (રો) ની સ્થાપના ક્યારે થઈ?
**(A) 1968** (B) 1972 (C) 1976 (D) 1982
7. રિસર્ચ એન્ડ એનાલીસિસ વિંગ (રો) સીધા રીતે કોના નિયંત્રણ હેઠળ હોય છે?
(A) રાષ્ટ્રપતિ **(B) વડા પ્રધાન** (C) ગૃહ પ્રધાન (D) વિદેશ પ્રધાન
7. રિસર્ચ એન્ડ એનાલીસિસ વિંગ (રો) ની સ્થાપના કોના મોડેલ હેઠળ થઈ છે?
(A) FBI **(B) CIA** (C) CBI (D) IB
9. રિસર્ચ એન્ડ એનાલીસિસ વિંગ (રો) સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચો :
1. તે ભારતના લોકોને જવાબદાર નથી, માત્ર વડા પ્રધાનને જ જવાબદાર છે એવી તેની ટીકા થાય છે.
2. કટોકટી દરમ્યાન તેનો ઉપયોગ વિપક્ષી નેતાઓને ડરાવવા માટે કરાયો હોવાનો આક્ષેપ જનતા પક્ષે કર્યો હતો.
3. તે કોઈ જ પ્રકારનું નાણાકીય ઉત્તદાયિત્વ ધરાવતી સંસ્થા ન હોવાની તેની ટીકા થાય છે.
4. તે ટેકનિકલ ગુપ્તચર શાખા તરીકે મજબૂત છે પણ માનવ ગુપ્તચર શાખા તરીકે નબળી છે એવી તેની ટીકા થાય છે.
ઉપરનાંમાંથી શું સાચું છે?
(A) 2, 3, 4 (B) 1, 2, 3 **(C) 1, 2, 3, 4** (D) 1, 3, 4
10. નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યુરોની સ્થાપના ભારતમાં ક્યારે કરવામાં આવી?
(A) 1992 **(B) 1986** (C) 1976 (D) 1978
11. નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યુરોમાં કયા અધિકારીઓ હોય છે?
**(A) IPS, IRS** (B) IAS, IFS (C) IPS, IFS (D) IRS, IAS
12. નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યુરો કોની સાથે સંકળાયેલું છે?
(A) PMO **(B) ગૃહ મંત્રાલય** (C) રાષ્ટ્રપતિ ભવન (D) રસાયણ વિભાગ
13. ભારતમાં ઈકોનોમિક ઈન્ટેલિજન્સ કાઉન્સિલ (EIC)ની સ્થાપના ક્યારે કરવામાં આવી?
(A) 1998 (B) 2003 **(C) 1990** (D) 2000
14. ઈકોનોમિક ઈન્ટેલિજન્સ કાઉન્સિલ શાની સાથે સંકળાયેલી ગુપ્તચર સંસ્થા છે?
(A) PMO **(B) નાણાં મંત્રાલય** (C) ગૃહ મંત્રાલય (D) ઉદ્યોગ મંત્રાલય
15. ઈકોનોમિક ઈન્ટેલિજન્સ કાઉન્સલ કયા વિષય વિશે સંકલન કરે છે?
(A) દાણચોરી (B) નાણાંની હેરાફેરી
(C) કરચોરી અને છેતરપિંડી **(D) ઉપરોક્ત તમામ**
16. નેશનલ ઈન્વેસ્ટિગેટિંગ એજન્સી (NIA) શાને માટે કામ કરે છે?
(A) કરચોરી **(B) આતંકવાદ ઉપર અંકુશ**
(C) માદક દ્રવ્યોની હેરાફેરી (D) ફોન ટેપ કરવા

17. નેશનલ ઈન્વેસ્ટિગેટિંગ એજન્સી ક્યારે સ્થાપવામાં આવી?

(A) 2005 **(B) 2009** (C) 2008 (D) 2012

18. નેશનલ ઈન્વેસ્ટિગેટિંગ એજન્સી (NIA)ની સ્થાપના શાના સંદર્ભમાં કરવામાં આવી હતી?

**(A) મુંબઈ ઉપરનો આતંકવાદી હુમલો** (B) મેરઠનાં કોમી રમખાણો

(C) સંસદ ઉપરનો આતંકવાદી હુમલો (D) અક્ષરધામ ઉપરનો આતંકવાદી હુમલો

19. નેશનલ ઈન્વેસ્ટિગેટિંગ એજન્સીના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચોઃ

1. તે વ્યવસાયી સરકારી તપાસ સંસ્થા છે.
2. તે આતંકવાદી પ્રવૃત્તિઓ અને રાષ્ટ્રીય સલામતી સામેના ગુનાઓ અંગે તપાસ અને ફરિયાદ કરી શકે છે.
3. તે એક કાનૂની તપાસ સંસ્થા છે.
4. તેના કાયદા હેઠળ વિવિધ વિશેષ અદાલતોની સ્થાપના કરવામાં આવી છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3, 4** (B) 1, 3 (C) 2, 4 (D) ફક્ત 2

20. નેશનલ ઈન્વેસ્ટિગેટિંગ એજન્સી (NIA)ના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચોઃ

1. તેના કાયદા હેઠળ વિવિધ પોલિસ સ્ટેશન્સમાં નોંધાયેલા કેસો માટે વિશેષ અદાલતની સ્થાપના થાય છે.
2. તેના કાયદા હેઠળ રચાયેલી વિશેષ અદાલતોનું કાર્યક્ષેત્ર કેન્દ્ર સરકાર નક્કી કરે છે.
3. કેન્દ્ર સરકાર તેની વિશેષ અદાલતોમાં ન્યાયમૂર્તિની નિમણૂક કરે છે.
4. તેના કાયદા હેઠળ રચાયેલી વિશેષ અદાલતોને CrPC - 1973 હેઠળ કેસ ચલાવવા માટેની સત્તા છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2 (B) 3, 4 (C) ફક્ત 3 **(D) 1, 2, 3, 4**

21. ડિરેક્ટોરેટ ઓફ એન્ફોર્સમેન્ટ કયા ગુનાની તપાસ માટે સ્થાપવામાં આવ્યું છે?

**(A) વિદેશી ચલણોમાં વિનિમય સંબંધી ગુના**

(B) કેન્દ્રીય આબકારી જકાત સંબંધી ગુના

(C) કસ્ટમ જકાત સંબંધી ગુના

(D) આવક વેરા સંબંધી ગુના

22. ડિરેક્ટોરેટ ઓફ એન્ટી-ઈવેઝન શાને અંગેના ગુનાની તપાસ કરે છે?

**(A) કેન્દ્રીય આબકારી જકાત** (B) આવક વેરો

(C) કસ્ટમ જકાત (D) સેવા વેરો

23. આર્થિક ગુનાઓની તપાસ માટેની સંસ્થાઓ કેન્દ્રના નાણાં મંત્રાલયના કયા વિભાગ હેઠળ કામ કરે છે?

**(A) મહેસૂલ વિભાગ** (B) ખર્ચ વિભાગ

(C) નાણાં પંચ વિભાગ (D) બજેટ વિભાગ

24. આર્થિક ગુનાઓની તપાસ માટેની સંસ્થાઓનું ભારતમાં કોના હેઠળ સંકલન થાય છે?

**(A) સેન્ટ્રલ ઈકોનોમિક ઈન્ટેલિજન્સ બ્યુરો** (B) ડિરેક્ટોરેટ જનરલ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ

(C) ડિરેક્ટોરેટ ઓફ એન્ફોર્સમેન્ટ (D) ડિરેક્ટોરેટ જનરલ ઓફ એન્ટી-ઈવેઝન

25. સેન્ટ્રલ ઈકોનોમિક ઈન્ટોલિજન્સ બ્યુરો કયું કામ કરે છે?

1. કાળાં નાણાં સંબંધી માહિતી ભેગી કરવી.
2. સંબંધિત સત્તાવાળાઓને વિશેષ અહેવાલો સુપરત કરવા.
3. આર્થિક ગુનાઓ પર દેખરેખ રાખવી.
4. કોફેપોસાનો અમલ કરવો.

5. ઈકોનોમિક ઈન્ટેલિજન્સ કાઉન્સિલના સચિવાલય તરીકે કામ કરવું.
ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 3 **(B) 1, 2, 3, 4** (C) 1, 2 (D) 2,4

26. CBIની સ્થાપના ક્યારે થઈ હતી?

**(A) 1963** (B) 1954 (C) 1968 (D) 1958

27. CBI તેની સ્થાપના અગાઉ શું નામ ધરાવતી હતી?

**(A) Special Police Establishment (SPE)**

(B) CIA

(C) Federal Bureau of Invertigation (FBI)

(D) NCTC

28. સ્પેશ્યલ પોલિસ એસ્ટાબ્લિશમેન્ટ (SPE)ની સ્થાપના ક્યારે થઈ હતી?

(A) 1999 (B) 1947 **(C) 1941** (D) 1967

29. કોના ઠરાવથી CBI ની સ્થાપના થઈ?

(A) પ્રધાનમંડળ (B) સંસદ **(C) ગૃહ મંત્રાલય** (D) લોકસભા

30. આરંભમાં CBI કેવા ગુના સંબંધી તપાસ કરતી હતી?

**(A) કેન્દ્ર સરકારના નોકરોનો ભ્રષ્ટાચાર**

(B) રાજ્ય સરકારોના નોકરોનો ભ્રષ્ટાચાર

(C) કેન્દ્ર અને રાજ્યોના નોકરોનો ભ્રષ્ટાચાર

(D) ભ્રષ્ટાચારના કોઈ પણ કિસ્સા

31. "ફરજ પ્રત્યેની વફાદારી સૌ પ્રથમ આવે, બધે જ બધો સમય અને બધા જ સંજોગોમાં-" CBI ના કયા નિયામકનું આ વિધાન છે?

**(A) ડી. પી. કોહલી** (B) એસ. એન. માથુર

(C) જહોન લોબો (D) જે. એસ. બાવા

32. 1965 થી CBI ને શાની તપાસ માટે કામગીરી સોંપાઈ?

(A) આર્થિક ગુના (B) ખૂન, આતંકવાદી ગુના

(C) અપહરણ **(D) ઉપરોક્ત તમામ**

33. CBI માં ભ્રષ્ટાચાર-વિરોધી વિભાગ અને વિશેષ ગુના વિભાગ એમા બે વિભાગની સ્થાપના ક્યારે કરવામાં આવી?

(A) 1991 (B) 1982 **(C) 1987** (D) 1996

34. ઈન્ટેલિજન્સ બ્યુરો (IB) ની મૂળ શરૂઆત ક્યારે થઈ હતી?

(A) 1901 **(B) 1887** (C) 1947 (D) 1952

35. ઈન્ટેલિજન્સ બ્યુરો (IB) ની કાયદેસરતાને પડકારતી જાહેર હિતની અરજી ક્યારે કરવામાં આવી હતી?

(A) 2001 (B) 2010 **(C) 2012** (D) 2014

36. ઈન્ટેલિજન્સ બ્યુરો (IB) ના સંદર્ભમાં નીચેનાંમાંથી કયું વિધાન સાચું છે?

1. તે ભારતની સંસદના કાયદા દ્વારા સ્થપાયેલી સંસ્થા નથી.

2. તે કોઈ વહીવટી હુકમ દ્વારા સ્થપાયેલી સંસ્થા નથી.

3. તેને માટે 2011માં એક ખાનગી ખરડો સંસદમાં રજૂ થયો હતો.

4. તેમાં પારદર્શિતાની જરૂર છે.

**(A) 1, 2, 3, 4** (B) 1, 2, 3 (C) 1, 2, 4 (D) 1, 2

## 45. અર્ધ-લશ્કરી દળો

1. ભારતમાં અર્ધ-લશ્કરી દળોમાં કોનો સમાવેશ થાય છે?
   (A) આસામ રાયફલ્સ (B) સ્પેશ્યલ ફ્રન્ટિયર ફોર્સ
   (C) ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ **(D) ઉપરોક્ત તમામ**
2. ભારતમાં અર્ધ-લશ્કરી દળોની વ્યાખ્યા છેલ્લે ક્યારે નક્કી થઈ?
   (A) 1992 **(B) 2011** (C) 2014 (D) 1999
3. ભારતમાં અર્ધ-લશ્કરી દળોમાં કોનો સમાવેશ થતો નથી?
   1. આસામ રાયફલ્સ
   2. સ્પેશ્યલ ફ્રન્ટિયસ ફોર્સ
   3. ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ
   4. CRPF
   5. રાજ્યોમાં સશસ્ત્ર પોલિસ દળો
   ઉપરનાંમાંથી શું સાચું છે?
   **(A) 4, 5** (B) 1, 4 (C) 2, 3 (D) 3, 5
4. આસામ રાયફલ્સની મૂળ રચના ક્યારે થઈ હતી?
   **(A) 1835** (B) 1857 (C) 1861 (D) 1885
5. ભારતનાં અર્ધ-લશ્કરી દળોમાં કોનો સમાવેશ થતો નથી?
   1. રાષ્ટ્રીય રાયફલ્સ 2. આસામ રાયફલ્સ
   3. હોમગાર્ડ 4. CRPF
   5. ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ
   ઉપરનાંમાંથી શું સાચું છે?
   (A) 1, 2, 4 **(B) 1, 3, 4** (C) 3, 4, 5 (D) 2, 3, 4

## 46. આંતકવાદ-વિરોધી કામગીરી

1. નેશનલ કાઉન્ટર ટેરરિઝમ સેન્ટર (NCTC) ની સ્થાપનાનો વિચાર કઈ ઘટના પછી ભારત સરકારને આવ્યો?
   (A) ઈંદિરા ગાંધીની હત્યા (B) રાજીવ ગાંધીની હત્યા
   **(C) મુંબઈ પર 2008ના આતંકવાદી હુમલા** (D) સંસદ પરનો આતંકવાદી હુમલો
2. NCTCની સ્થાપના માટેનો હુકમ ક્યારે કરવામાં આવ્યો?
   **(A) 2010** (B) 2012 (C) 2008 (D) 1986
3. NCTCનું કાર્ય શું છે?
   1. આતંકવાદના સામના માટે પ્રાથમિકતાઓ નક્કી કરવી.
   2. આતંકવાદના સામના માટે યોજના ઘડવી અને સંકલન કરવું.
   3. આતંકવાદ સંબંધિત ગુપ્તચર માહિતીનું સંકલન કરવું.
   4. આતંકવાદીઓ વિશે સર્વગ્રાહી માહિતી ભેગી કરવી.
   ઉપરનાંમાંથી શું સાચું છે?
   **(A) 1, 2, 3, 4** (B) 1, 2, 3 (C) 1, 3, 4 (D) 1, 2
4. NCTCની સ્થાપના કયા કાયદા હેઠળ થઈ છે?
   (A) FEMA (B) CrPC
   (C) IPC **(D) ગેરકાનૂની પ્રવૃત્તિ પ્રતિરોધ ધારો-1967**

5. NCTCના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચો:
   1. તેને ઈન્ટરસ્ટેટ ઈન્ટેલિજન્સ સપોર્ટ ટીમની સ્થાપના કરવાની સત્તા છે.
   2. તેને નેશનલ સિક્યુરિટી ગાર્ડની સેવાઓ મેળવવાની સત્તા છે.
   3. તેને કોઈ પણ વિશેષ દળોની સેવાઓ પ્રાપ્ત કરવાની સત્તા છે.
   4. તેને કોઈ પણ વ્યક્તિની ધરપકડ કરવાની સત્તા છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 1, 2, 3 (B) ફક્ત 4 (C) ફક્ત 2 **(D) 1, 2, 3, 4**

6. NCTC ની જરૂરિયાતતા સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચો:
   1. રાજ્યોમાં આંતરિક સલામતીની સમસ્યા સમયે કેન્દ્ર લશ્કરી કે અર્ધ-લશ્કરી દળો આપમેળે મોકલી શકતું નહોતું.
   2. ઘણી વાર રાજ્યો રાજકીય દબાણને કારણે કેન્દ્રીય દળોને બોલાવતાં નહોતાં.
   3. રાજ્યો મક્કમપણે આતંકવાદ સામે લડવાની રાજકીય ઈચ્છાશક્તિ ધરાવતાં નહોતાં.
   4. ઘણી વાર રાજ્યો કાયદો અને વ્યવસ્થાની સમસ્યા વખતે સમયસર પોતાનાં દળો ગોઠવતાં નહોતાં.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) ફક્ત 2, 4 (B) ફક્ત 1, 3 **(C) 1, 2, 3, 4** (D) 2, 3, 4

7. NCTC શાના હેઠળ કામ કરે છે?

   **(A) IB** (B) CBI (C) NIA (D) ED

8. આતંકવાદ પ્રતિરોધ ધારો (POTA) ભારતમાં ક્યારે ઘડાયો હતો?

   (A) 2006 (B) 2004 **(C) 2002** (D) 2008

9. કયા કાયદાને બદલે આતંકવાદ પ્રતિરોધ ધારો (POTA) અસ્તિત્વમાં આવ્યો હતો?

   (A) POTA (B) TADA **(C) A અને B બંને** (D) IPC

10. આતંકવાદ પ્રતિરોધ ધારા (POTA) હેઠળ શાની જોગવાઈ કરવામાં આવી હતી?
    1. શંકાને આધારે કોઈ પણ વ્યક્તિની અટકાયત 180 દિવસ માટે થઈ શકે, અદાલતમાં આરોપનામું મૂકવાની જરૂર નથી.
    2. સાક્ષીઓની ઓળખ આપવાની જરૂર નથી.
    3. પોલિસ સમક્ષ કબૂલાત કરાય તો વ્યક્તિ દોષિત ગણાય.
    4. કેન્દ્ર અને રાજ્ય સ્તરે કેસો માટે સમીક્ષા સમિતિ નિમાય.

    ઉપરનાંમાંથી શું સાચું છે?

    (A) 1, 2 **(B) 1, 2, 3, 4** (C) 1, 2, 3 (D) 2, 3, 4

11. આંતકવાદ પ્રતિરોધ ધારો (POTA) ક્યારે પાછો ખેંચાયો હતો?

    (A) 2006 **(B) 2004** (C) 2003 (D) 2008

12. આતંકવાદ પ્રતિરોધ ધારા (POTA)ના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચો:
    1. તેનો ખરડો રાજ્યસભામાં પસાર થયો નહોતો.
    2. તેનો ખરડો સંસદનાં બંને ગૃહોની સંયુક્ત બેઠકમાં પસાર થયો હતો.
    3. રાજ્યોએ તેનો દુરુપયોગ કર્યો હતો.
    4. ખૂબ મોટી સંખ્યામાં લોકોની ધરપકડ કરવામાં આવી હતી અને તેમને જેલમાં ધકેલવામાં આવ્યા તે પછી તે પાછો ખેંચાયો હતો.

    ઉપરનાંમાંથી શું સાચું છે?

    (A) 3, 4 (B) 1, 2 (C) 1, 2, 3 **(D) 1, 2, 3, 4**

13. આતંકવાદી અને વિઘાતક પ્રવૃત્તિ પ્રતિરોધ ધારો (TADA) ક્યારે ઘડવામાં આવ્યો હતો?
(A) 1987 **(B) 1985** (C) 1989 (D) 1983

14. આતંકવાદી અને વિઘાતક પ્રવૃત્તિ પ્રતિરોધ ધારો (TADA) ક્યારે રદ કરવામાં આવ્યો?
(A) 1989 (B) 1987 (C) 1985 **(D) 1995**

15. મહારાષ્ટ્રમાં મકોકા કાયદો ક્યારે ઘડવામાં આવ્યો?
**(A) 1999** (B) 1991 (C) 1992 (D) 1994

## 47. રાજ્યો અને કેન્દ્રની ભૂમિકા

1. રાષ્ટ્રીય સલામતી પરિષદમાં શાનો સમાવેશ થાય છે?
1. સ્ટ્રેટેજિક પોલિસી ગ્રૂપ
2. નેશનલ સિક્યુરિટી એડવાઈઝરી બોર્ડ
3. જોઈન્ટ ઈન્ટેલિજન્સ કમિટી
4. ઈન્ટેલિજન્સ બ્યુરો
ઉપરનાંમાંથી શું સાચું છે?
(A) 1, 2, 4 (B) 2, 3, 4 (C) 1, 3, 4 **(D) 1, 2, 3**

2. કાયદો અને વ્યવસ્થા મૂળભૂત રીતે કોનો વિષય છે?
**(A) રાજ્યો** (B) કેન્દ્ર (C) પંચાયતો (D) પાલિકાઓ

3. કેન્દ્ર સરકારના પોલિસ સંગઠનમાં કોનો સમાવેશ થાય છે?
1. IB
2. CBI
3. નેશનલ ક્રાઈમ રેકર્ડ્ઝ બ્યુરો
4. નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી
ઉપરનાંમાંથી શું ખોટું નથી?
**(A) 1, 2, 3, 4** (B) 1, 2, 3 (C) 1, 2 (D) 3, 4

4. સત્તાવાર ગુપ્તતા ધારાનો અમલ કેન્દ્રનો કયો વિભાગ કરે છે?
(A) વિજ્ઞાન અને ટેક્નોલોજી **(B) ગૃહ**
(C) માનવ સંસાધન વિકાસ (D) ઉપરોક્ત તમામ

5. રાષ્ટ્રીય સલામતી ધારો ક્યારે ઘડવામાં આવ્યો?
(A) 1985 **(B) 1980** (C) 1915 (D) 1975

6. ભારતમાં શસ્ત્ર ધારો ક્યારે ઘડવામાં આવ્યો?
**(A) 1959** (B) 1969 (C) 1979 (D) 1989

7. તા 31-12-2010ના રોજની સ્થિતિઓ દેશમાં IPS અધિકારીઓની અધિકૃત સંખ્યા કેટલી છે?
(A) 525 **(B) 4720** (C) 3210 (D) 830

8. IPSની કેટલી કેડર છે?
**(A) 24 રાજ્યો** (B) 28 રાજ્યો (C) 15 રાજ્યો (D) 21 રાજ્યો

9. IPS ના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન સાચું છે?
1. તેની રચના ભારતના બંધારણની કલમ-312 હેઠળ થઈ છે.
2. તેની કેડરની સમીક્ષા દર 5 વર્ષે થાય છે?

3. તે કેન્દ્ર અને રાજ્યોમાં પોલિસ વિભાગ દ્વારા થાય છે.
4. તેનું સંચાલન ગૃહ મંત્રાલયના પોલિસ વિભાગ દ્વારા થાય છે.

**(A) 1, 2, 3, 4** (B) 1, 2 (C) 1, 3 (D) 1, 4

## 48. જિલ્લા કક્ષાએ તંત્ર

1. ગુજરાતમાં કેટલા પોલિસ જિલ્લા છે?

(A) 32 (B) 29 (C) 26 **(D) 36**

2. જિલ્લા પોલિસ તંત્રની કામગીરીમાં શાનો સમાવેશ થાય છે?

(A) નાગરિકોનું રક્ષણ કરવું.
(B) ગુનાઓ ઉપર દેખરેખ રાખવી.
(C) ગુનેગારોને પકડવા અને આરોપનામાં તૈયાર કરવાં.
**(D) ઉપરોક્ત તમામ**

3. જિલ્લા પોલિસ તંત્રના વડા કોણ હોય છે?

(A) SP (B) DVSP (C) IGP **(D) DGP**

4. જિલ્લા પોલિસ તંત્રમાં સામાન્ય રીતે કયા વિભાગ હોય છે?

1. ગુના શાખા
2. નિયંત્રણ શાખા
3. ટ્રાફિક પોલિસ
4. પોલિસ વડું મથક
5. વિશેષ શાખા
6. વહીવટી શાખા

ઉપરનામાંથી શું સાચું છે?

(A) 2, 3, 4, 5, 6 (B) 1, 2, 3, 4
**(C) 1, 2, 3, 4, 5, 6** (D) 1, 2,3 ,4, 5, 6

5. નાગરિકોના અધિકારપત્ર અનુસાર પોલિસ તંત્રમાં નાગરિકોને કયો અધિકાર છે?

(A) નાગરિકોનું રક્ષણ કરવું. (B) ગુનાઓ ઉપર દેખરેખ રાખવી.
(C) ગુનેગારોને પકડવા અને આરોપનામાં તૈયાર કરવાં. **(D) ઉપરોક્ત તમામ**

6. નાગરિકોના અધિકારપત્ર અનુસાર પોલિસ તંત્રમાં નાગરિકોને કયો અધિકાર છે?

(A) કોઈ પણ ફરિયાદ કોઈ પણ પોલિસ સ્ટેશનમાં થઈ શકે.
(B) જે તે પોલિસ સ્ટેશનની હદમાં ઘટના ના બની હોય તો પણ તેમાં ફરિયાદ થઈ શકે.
(C) સંબંધિત પોલિસ સ્ટેશનમાં ફરિયાદ મોકલવાની જવાબદારી જ્યાં ફરિયાદ નોંધાઈ હોય તે પોલિસ સ્ટેશનની છે.
**(D) ઉપરોક્ત તમામ**

## 49. પોલિસ સુધારા

1. સર્વોચ્ચ અદાલતે 2006માં પ્રકાશસિંહ વિરુદ્ધ ભારત સરકારના કેસમાં પોલિસ ક્ષેત્રે સૂચવેલા સુધારાનો કયો હેતુ હતો?

(A) પોલિસને કામ કરવાની સ્વાયત્તતા મળે.
(B) સંગઠનાત્મક કામગીરીની બાબતમાં પોલિસનું ઉત્તરદાયિત્વ વધે.
(C) વ્યક્તિગત ગેરવર્તણૂકની બાબતમાં પોલિસનું ઉત્તરદાયિત્વ વધે.
**(D) ઉપરોક્ત તમામ**

2. પોલિસની સ્વાયત્તતા માટે સર્વોચ્ચ અદાલતે શાની ભલામણ કરી?
   (A) પોલિસ અને સરકારની વચ્ચે એક Buffer body ની સ્થાપના કરવી.
   (B) હોદ્દાની મુદતની સલામતી ઊભી કરવી.
   (C) નિમણૂક અને બદલીની પ્રક્રિયામાં સુધારા કરવા.
   **(D) ઉપરોક્ત તમામ**
3. પોલિસ સુધારા માટે સર્વોચ્ચ અદાલતે 2006માં કેટલાં પગલાંનો કાર્યક્રમ સૂચવ્યો?
   (A) 6 **(B) 7** (C) 8 (D) 10
4. 2006માં સર્વોચ્ચ અદાલતે પોલિસ ક્ષેત્રે કયો સુધારો સૂચવ્યો?
   (A) દરેક રાજ્યમાં રાજ્ય સલામતી પંચની રચના થાય.
   (B) વ્યાપક નીતિવિષયક માર્ગરેખાઓ ઘડવામાં આવે.
   (C) પોલિસ ઉપર બિન-જરૂરી દબાણ કે પ્રભાવ ન પડે તે રાજ્ય સરકાર સુનિશ્ચિત કરે.
   **(D) ઉપરોક્ત તમામ**
5. રાજ્યની પોલિસની કામગીરીનું મૂલ્યાંકન કરવા માટે સર્વોચ્ચ અદાલતે 2006માં શાની સ્થાપના માટે સૂચન કર્યું?
   **(A) રાજ્ય સલામતી પંચ** (B) રાજ્ય પોલિસ પંચ
   (C) રાજ્ય કાયદા પંચ (D) રાજ્ય પોલિસ સુધારા પંચ
6. રાજ્યના ડીજીપી (ડિરેક્ટર જનરલ ઓફ પોલિસ)ના હોદ્દા માટે સર્વોચ્ચ અદાલતે શું જણાવ્યું છે?
   (A) તેમની નિમણૂક ગુણવત્તાને આધારે થાય.
   (B) તેમની નિમણૂક પારદર્શી પ્રક્રિયા દ્વારા થાય.
   (C) તેમની નિમણૂક કમ-સે-કમ બે વર્ષ માટે થાય.
   **(D) ઉપરોક્ત તમામ**
7. સર્વોચ્ચ અદાલતે પોલિસ ક્ષેત્રે સુધારા માટે 2006માં શૂં સૂચવ્યું છે?
   (A) સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલિસ (SP)ની નિમણૂક કમ-સે-કમ બે વર્ષ માટે થાય.
   (B) પોલિસનાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી તથા તપાસનાં કાર્યોને અલગ પાડવાં.
   (C) બદલી અને બઢતી વગેરે માટે પોલિસ એસ્ટાબ્લિશમેન્ટ બોર્ડ (PEB) ની સ્થાપના કરવી.
   **(D) ઉપરોક્ત તમામ**
8. સર્વોચ્ચ અદાલતે પોલિસ ક્ષેત્રે સુધારા માટે 2006માં શું સૂચવ્યું છે?
   (A) રાજ્ય સ્તરે પોલિસ ફરિયાદ સત્તામંડળ (PCA) ની સ્થાપના કરવી.
   (B) રાષ્ટ્રીય સલામતી પંચની નિમણૂક કરવી કે જે કેન્દ્રીય પોલિસ સંગઠનોના વડાઓની પસંદગી કરે.
   **(C) A અને B બંને**
   (D) A અને Bમાંથી એકેય નહિ
9. સર્વોચ્ચ અદાલતના આદેશને ધ્યાનમાં લઈ ગુજરાતમાં બોમ્બે પોલિસ એક્ટ-1951માં ક્યારે સુધારો કરાયો?
   **(A) 2007** (B) 2009 (C) 2011 (D) 2013
10. ગુજરાતના રાજ્ય સલામતી પંચના અધ્યક્ષ કોણ છે?
   **(A) મુખ્ય પ્રધાન** (B) રાજ્યપાલ
   (C) ડીજીપી (D) વડી અદાલતના નિવૃત્ત ન્યાયમૂર્તિ
11. નમૂનારૂપ પોલિસ ધારો ભારત સરકારે ક્યારે ઘડ્યો?
   (A) 2008 **(B) 2006** (C) 2004 (D) 2010

## 50. પોલિસ અને પ્રજા વચ્ચેનો સંબંધો

1. પોલિસ અને પ્રજા વચ્ચેના સંબંધો મજબૂત થાય તે માટે ગુજરાત પોલિસમાં કયો પ્રોજેક્ટ શરૂ કરાયો છે?
   **(A) સુરક્ષા સેતુ** (B) સલામતી કર્મ
   (C) પોલિસ સમાજ (D) સામાજિક પોલિસ સુરક્ષા
2. સુરક્ષા સેતુ પ્રોજેક્ટ હેઠળ કયા સ્તરે સુરક્ષા સેતુ સોસાયટીની સ્થાપના કરાઈ છે?
   (A) વોર્ડ, પાલિકા, રાજ્ય **(B) રાજ્ય, કમિશનર, જિલ્લા**
   (C) ગ્રામ પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકા (D) ગ્રામ પંચાયત, તાલુકા અને રાજ્ય
3. ગુજરાત પોલિસના સુરક્ષા સેતુ પ્રોજેક્ટનો હેતુ શો છે?
   (A) પોલિસની ભૂમિકા ગુનાઓ ઉકેલવાથી ઉપર લઈ જવી.
   (B) સમાજમાં ગુનાઓની સંખ્યા લઘુતમ બનાવવી.
   (C) પોલિસ દળને માનવીય ચહેરો આપવો.
   **(D) ઉપરોક્ત તમામ**
4. ગુજરાત પોલિસના સુરક્ષા સેતુ પ્રોજેક્ટનો હેતુ શો છે?
   (A) પોલિસ સત્તા અને સત્તાધિકારનું જ પ્રતીક ના બને.
   (B) પોલિસ પ્રજાની મિત્ર છે એમ દેખાય.
   (C) નાગરિકોની સમસ્યાઓ પ્રત્યે પોલિસ સંવેદનશીલ બને.
   **(D) ઉપરોક્ત તમામ**
5. ગુજરાત પોલિસ તંત્રમાં રચાયેલી સુરક્ષા સેતુ સોસાયટીનો હેતુ શો છે?
   (A) લોકો અને પોલિસ વચ્ચે પારસ્પરિક વિશ્વાસ વધારવો.
   (B) લોકો પોતાની સમસ્યા પોલિસ પાસે લઈને આવે તે માટે તેમને પ્રોત્સાહન આપવું.
   (C) પોલિસનું માનસ બદલવું અને નાગરિકોને સહાય કરવાના સંસ્કાર તેનામાં વિકસાવવા.
   **(D) ઉપરોક્ત તમામ**
6. ગુજરાત પોલિસ દ્વારા નાગરિકોને ઝડપી સેવાઓ પૂરી પાડવા માટે શાની સ્થાપના કરવામાં આવી છે?
   **(A) સુરક્ષા સેતુ કેન્દ્ર** (B) સલામતી સેવા કેન્દ્ર
   (C) પ્રજા-પોલિસ ભાગીદારી (D) નાગરિક સેવા કેન્દ્ર
7. ગુજરાત પોલિસના સુરક્ષા સેતુ કેન્દ્રમાં શાની ફરિયાદ નોંધાય છે?
   (A) ગુમ થયેલી વ્યક્તિ (B) ગુમ થયેલ વાહન, પાસપોર્ટ
   (C) ખોવાયેલ મિલકત **(D) ઉપરોક્ત તમામ**
8. ગુજરાત પોલિસના સુરક્ષા સેતુ કેન્દ્રમાં શાની નોંધણી થાય છે?
   1. ભાડુઆત
   2. ઘરેલુ કામવાળા, નોકર
   3. વિદેશીઓ
   4. સામુદાયિક પોલિસ
   5. પોલિસના મિત્ર

   ઉપરનામાંથી શું સાચું છે?
   (A) 1, 2, 3 (B) 1, 2
   (C) 4, 5 **(D) 1, 2, 3, 4, 5**

9. પોલિસે લોકો સાથેના સંબંધો સુધારવા શું કરવું જોઈએ?
   1. માનવ અધિકારોના ભંગ ઉપર નજર રાખવી.
   2. લોકોની ફરિયાદ અંગે તત્કાળ નિર્ણયો લેવા.
   3. પગલાં લેવામાં તટસ્થતા જાળવવી.
   4. સત્તાનો દુરુપયોગ ના કરવો.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 3, 4 (B) 2, 4
   **(C) 1, 2, 3, 4** (D) 1, 2

10. રાષ્ટ્રીય પોલિસ પંચ-૧૯૭૮ દ્વારા નાગરિકો સાથેના પોલિસના સંબંધોના સંદર્ભમાં કઈ ભલામણ કરી હતી?
   1. નાગરિકો પ્રત્યેની પોલિસની સીધી જવાબદારી ઊભી કરવી.
   2. નાગરિકો પ્રત્યેની પોલિસની સીધી જવાબદારી વિશે પોલિસને જાગૃત કરવી.
   3. પોલિસે નિરીક્ષણ (ઈન્સ્પેક્શન) દરમ્યાન લોકોને મળતાં અચકાવું નહિ.
   4. પોલિસ સ્ટેશનના અધિકારીઓની પ્રતિષ્ઠા ઉપર ધ્યાન આપવું.

   **(A) 1, 2, 3, 4** (B) 1, 2, 3
   (C) 2, 3, 4 (D) 1, 3, 4

## 51. કટોકટી

1. ભારતના બંધારણમાં કટોકટી જાહેર કરવાની જોગવાઈ કયા ભાગમાં કરવામાં આવી છે?
   (A) ભાગ- 4 (B) ભાગ-15 **(C) ભાગ-18** (D) ભાગ-16
2. બંધારણમાં કટોકટી જાહેર કરવાની જોગવાઈઓ કઈ કલમોમાં કરવામાં આવી છે?
   **(A) કલમ-352થી કલમ-360** (B) કલમ-348થી કલમ-351
   (C) કલમ-343થી કલમ-34 (D) કલમ-343 અને કલમ-344
3. કટોકટીની જાહેરાત બંધારણ હેઠળ કોણ કરે છે?
   **(A) રાષ્ટ્રપતિ** (B) ઉપરાષ્ટ્રપતિ
   (C) સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ (D) વડા પ્રધાન
4. બંધારણની કલમ-352 હેઠળ કયા સંજોગોમાં રાષ્ટ્રપતિ કટોકટીની જાહેરાત કરી શકે છે?
   (A) ભારતની આંતરિક સલામતી સામે ખતરો (B) ભારતના કોઈ પ્રદેશની આંતરિક સલામતી સામે ખતરો
   (C) યુદ્ધ **(D) ઉપરોક્ત તમામ**
5. 44મા બંધારણ સુધારાથી કટોકટીની જાહેરાતના સંદર્ભમાં કયો સુધારો થયો?
   **(A) "આંતરિક અશાંતિ" શબ્દોને બદલે "સશસ્ત્ર બળવો" શબ્દો દાખલ કરાયા.**
   (B) સમગ્ર ભારતમાં કે ભારતના કોઈ ભાગમાં કટોકટી ઘોષણા થઈ શકે તેવી જોગવાઈ કરાઈ.
   (C) યુદ્ધ શરૂ થાય તે પહેલાં કટોકટીની ઘોષણા થઈ શકે તેવી જોગવાઈ દાખલ કરાઈ.
   (D) ઉપરોક્ત તમામ
6. ભારતના બંધારણમાં કટોકટી અંગે કરાયેલી જોગવાઈઓના સંદર્ભમાં નીચેનાંમાંથી કયું વિધાન સાચું છે?
   1. રાષ્ટ્રપતિ કટોકટીની ઘોષણા કરે છે.
   2. 44મા બંધારણ સુધારા પછી આંતરિક અશાંતિને નામે કટોકટીની ઘોષણા થઈ શકે તેમ નથી.
   3. રાષ્ટ્રપતિ કટોકટીની ઘોષણામાં ફેરફાર કરી શકે છે.
   4. કેન્દ્રનું પ્રધાન મંડળ લેખિત રજૂઆત કરે તો જ રાષ્ટ્રપતિ કટોકટીની ઘોષણા કરી શકે.

(A) 1, 2, 3 **(B) 1, 2, 3, 4** (C) 2, 4 (D) 1, 4

7. ભારતના બંધારણમાં કટોકટીની ઘોષણા માટે કરાયેલી જોગવાઈઓના સંદર્ભમાં નીચેનાંમાંથી કયું વિધાન સાચું છે?
   1. કટોકટીની ઘોષણા સંસદના દરેક ગૃહમાં એક મહિનાના ગાળામાં રજૂ થાય.
   2. સંસદનું દરેક ગૃહ ઠરાવ કરીને કટોકટીની ઘોષણાને એક મહિનામાં માન્ય ના કરે તો કટોકટીની ઘોષણા રદ થાય.
   3. કટોકટીની ઘોષણા સંસદનાં બંને ગૃહો પસાર કરે પછી છ મહિના સુધી જ અમલમાં રહે.
   4. જો ઘોષણાના એક મહિનાના ગાળામાં કટોકટીને લોકસભા માન્ય ના કરે તો ઘોષણા રદ થાય.

   (A) 1, 2, 3 (B) 1, 2, 4 (C) 1, 2 **(D) 1, 2, 3, 4**

8. ભારતમાં કટોકટીની ઘોષણા વધુમાં વધુ કેટલો સમય અમલમાં રહી શકે છે?

   **(A) 2 મહિના** (B) 6 મહિના (C) એક મહિનો (D) 24 મહિના

9. કટોકટીની ઘોષણા કેવી રીતે સંસદ માન્ય કરે?

   (A) લોકસભાના કુલ સભ્યોની બહુમતીથી

   (B) લોકસભાના હાજર સભ્યોની બે-તૃતીયાંશ બહુમતીથી

   (C) રાજ્યસભાના કુલ સભ્યોની બહુમતી અને હાજર સભ્યોની બે-તૃતીયાંશ બહુમતીથી

   **(D) ઉપરોક્ત તમામ**

10. કટોકટીની જોગવાઈઓની બાબતમાં કયો બંધારણ સુધારો સૌથી મહત્ત્વનો છે?

    (A) 42મો બંધારણ સુધારો **(B) 44મો બંધારણ સુધારો**

    (C) સાતમો બંધારણ સુધારો (D) 38મો બંધારણ સુધારો

11. કટોકટીની ઘોષણા જારી કરાઈ હોય તે દરમ્યાન શું થઈ શકે?

    (A) સંઘની કારોબારી કોઈ પણ રાજ્યને આદેશો આપી શકે.

    (B) સંઘ યાદીમાં ના હોય તેવા કોઈ પણ વિષય વિશે સંઘને સત્તા આપતો કાયદો સંસદ કરી શકે.

    (C) સંઘ યાદીમાં સમાવાયો ન હોય તેવા કોઈ પણ વિષય વિશે સંઘને સત્તા આપતો કાયદો સંસદ કરી શકે.

    **(D) ઉપરોક્ત તમામ**

12. કટોકટીની ઘોષણા થયેલી હોય ત્યારે શું થઈ શકે છે?
    1. બંધારણની કલમ-19 હેઠળના સ્વતંત્રતાના અધિકારો સ્થગિત થઈ શકે.
    2. બંધારણના ભાગ-3 હેઠળના તમામ મૂળભૂત અધિકારો સ્થગિત કરી શકાય.
    3. રાજ્ય એવું કોઈ પણ પગલું લઈ શકે કે જેથી સ્વતંત્રતાના અધિકારો સ્થગિત થઈ જાય.
    4. રાજ્ય સ્વાતંત્ર્યના અધિકારો સ્થગિત કરતો કાયદો કરી શકે પણ તે કાયદો કટોકટીની ઘોષણાના સમયગાળા પૂરતો જ અમલમાં રહે.

    ઉપરનાંમાંથી શું સાચું છે?

    (A) 1, 2, 3 (B) 1, 2, 4 (C) 1, 3, 4 **(D) 1, 2, 3, 4**

13. નાણાકીય કટોકટીની ઘોષણાની જોગવાઈ ભારતના બંધારણના કઈ કલમમાં કરવામાં આવી છે?

    (A) કલમ-359 **(B) કલમ-360** (C) કલમ-352 (D) કલમ-354

14. નાણાકીય કટોકટી અંગે ભારતના બંધારણમાં કરાયેલી જોગવાઈઓના સંદર્ભમાં નીચેનાંમાંથી કયું વિધાન સાચું છે?
    1. નાણાં પ્રધાન તેની જાહેરાત કરે.
    2. નાણાકીય સ્થિરતા સામે ખતરો જણાય ત્યારે તેની ઘોષણા થઈ શકે.
    3. સમગ્ર ભારતમાં તેનો અમલ થઈ શકે.
    4. ભારતના કોઈ પણ ભાગ માટે તેની ઘોષણા થઈ શકે.

    (A) 1, 2, 3, 4 (B) 1, 3, 4 (C) 1, 2, 4 **(D) 2, 3, 4**

15. નાણાકીય કટોકટીની ઘોષણા દરમ્યાન શું થઈ શકે છે?

1. રાજ્યના કર્મચારીઓ અને અધિકારીઓનાં પગાર-ભથ્થામાં ઘટાડો કરી શકાય.
2. તમામ નાણાં ખરડા વિશે રાષ્ટ્રપતિ વિચારણા કરી શકે.
3. સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિઓનાં પગાર-ભથ્થામાં ઘટાડો કરી શકાય.
4. સંઘની કારોબારી કોઈ પણ રાજ્યને નાણાકીય બાબતો અંગે આદેશો આપી શકે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 3 (B) 1, 2, 4 **(C) 1, 2, 3, 4** (D) 1, 3, 4

16. ઈંદિરા ગાંધીએ 1975-77ના ગાળા દરમ્યાન લાદેલી કટોકટી કઈ જોગવાઈ હેઠળની હતી?

**(A) આંતરિક અશાંતિ** (B) સશસ્ત્ર બળવો (C) યુદ્ધ (D) નાણાકીય અસ્થિરતા

17. નાણાકીય કટોકટીની ઘોષણાના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચો:

1. રાષ્ટ્રપતિ તેની ઘોષણા કરે.
2. તે મહત્તમ બે માસ સુધી ચાલુ રહે છે.
3. જો લોકસભા તે ઘોષણાને મંજૂર ના કરે તો તે 30 દિવસ પછી અમલમાં રહે નહિ.
4. રાષ્ટ્રપતિ નાણાકીય કટોકટીની ઘોષણામાં સુધારા કરી શકે છે.

ઉપરનાંમાંથી કયું સાચું છે?

(A) 1, 2, 3 **(B) 1, 2, 3, 4** (C) 2, 3, 4 (D) 1, 4

18. પંજાબમાં કટોકટીની જોગવાઈઓ લાગુ પાડવા માટે 59મો બંધારણ સુધારો ક્યારે કરાયો હતો?

**(A) 1988** (B) 1985 (C) 1984 (D) 1989

19. પંજાબમાં કટોકટીની જોગવાઈઓ લાગુ પાડતી જોગવાઈ કયા બંધારણ સુધારાથી રદ કરાઈ?

**(A) 63** (B) 59 (C) 58 (D) 55

20. બંધારણમાં કરાયેલી કટોકટીની જોગવાઈના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચો:

1. તે દરમ્યાન કોઈ પણ મૂળભૂત અધિકાર સ્થગિત થઈ શકે છે.
2. કોઈ પણ અદાલતમાં મૂળભૂત અધિકારોના અમલ માટે ચાલતી કાર્યવાહી સ્થગિત થઈ શકે છે.
3. કોઈ પણ મૂળભૂત અધિકારના અમલ માટે અદાલતમાં ના જઈ શકાય તેવો હુકમ રાષ્ટ્રપતિ કરી શકે છે.
4. રાજ્ય કોઈ પણ કાયદો કરી શકે છે અને તે કાયદો મૂળભૂત અધિકારોથી નિયંત્રિત ના પણ થતો હોય.

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3, 4** (B) 1, 2, 3 (C) 1, 2, 4 (D) 1, 3, 4

# ભાગ-9 નાણાકીય વહીવટ

## 52. નાણાં નીતિ

1. નાણાકીય નીતિ દ્વારા શેના ઉપર નિયંત્રણ રાખવામાં આવે છે?

**(A) નાણાંનો પુરવઠો** (B) નાણાંની માંગ (C) વસ્તુઓનો પુરવઠો (D) વસ્તુઓની માંગ

2. નાણાકીય નીતિ સામાન્ય રીતે કઈ પરિસ્થિતિ દરમ્યાન અપનાવવામાં આવે છે?

1. ફુગાવાના સમયગાળા દરમ્યાન
2. યુદ્ધના સમયગાળા દરમ્યાન
3. મંદીના સમયગાળા દરમ્યાન

યોગ્ય વિકલ્પ પસંદ કરો:

(A) 1 અને 2 (B) 2 અને 3 **(C) 1 અને 3** (D) માત્ર 2

3. નાણાકીય નીતિ કોણ ઘડે છે?

(A) કેન્દ્ર સરકાર **(B) કેન્દ્રીય બેંક** (C) રાજ્ય સરકાર (D) ગ્રામ પંચાયત

4. નાણાકીય નીતિ શેમાં થતા ફેરફારોને વ્યક્ત કરે છે?

(A) વસ્તુની કિંમતમાં થતો ફેરફાર (B) વસ્તુના પુરવઠામાં થતો ફેરફાર

(C) નાણાંની માંગમાં થતો ફેરફાર **(D) વ્યાજના દરમાં થતો ફેરફાર**

5. સંકુચિત નાણાકીય નીતિમાં નાણાંના પુરવઠામાં શું ફેરફાર થાય છે?

1. વધે. 2. ઘટે.
3. સ્થિર રહે. 4. વધે કે ઘટે બંને.

યોગ્ય વિકલ્પ પસંદ કરો:

(A) માત્ર 1 (B) 1 અને 2 **(C) માત્ર 2** (D) માત્ર 3 અને 4

6. જો કેન્દ્રીય બેંક નાણાંનો પુરવઠો વધારે તો તેને કેવા પ્રકારની નીતિ કહે છે?

**(A) વિસ્તૃત નાણાકીય નીતિ** (B) વિસ્તૃત રાજકોષીય નીતિ

(C) સંકુચિત નાણાકીય નીતિ (D) સંકુચિત રાજકોષીય નીતિ

7. વિસ્તૃત નાણાકીય નીતિ ક્યારે અપનાવવામાં આવે છે?

1. ફુગાવાના સમયગાળા દરમ્યાન
2. મંદીના સમયગાળા દરમ્યાન
3. યુદ્ધના સમયગાળા દરમ્યાન

યોગ્ય વિકલ્પ પસંદ કરો:

(A) 1 અને 2 **(B) માત્ર 2** (C) માત્ર 1 (D) માત્ર 3

8. વિસ્તૃત નાણાકીય નીતિમાં વ્યાજના દરમાં શો ફેરફાર થાય છે?

1. ઘટે છે. 2. વધે છે.
3. સ્થિર રહે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો:

(A) માત્ર 2 (B) 1 અને 2 (C) માત્ર 3 **(D) માત્ર 1**

9. ફુગાવાના સમયગાળા દરમ્યાન કેન્દ્રીય બેંક કઈ નીતિ અપનાવે છે?
   (A) વિસ્તૃત નાણાકીય નીતિ **(B) સંકુચિત નાણાકીય નીતિ**
   (C) સંકુચિત રાજકોષીય નીતિ (D) વિસ્તૃત રાજકોષીય નીતિ

10. સંકુચિત નાણાકીય નીતિમાં વ્યાજ દરમાં શું ફેરફાર થાય છે?
   1. વધે છે. 2. ઘટે છે.
   3. સ્થિર રહે.
   યોગ્ય વિકલ્પ પસંદ કરો:
   (A) માત્ર 2 **(B) માત્ર 1** (C) માત્ર 3 (D) 1 અને 2

11. નાણાકીય નીતિ દ્વારા કઈ બાબતોમાં ફેરફાર કરી શકાય છે?
   1. નાણાંનો પુરવઠો
   2. નાણાંની પ્રાપ્યતા
   3. વ્યાજનો દર
   4. નાણાંની માંગ
   યોગ્ય વિકલ્પ પસંદ કરો:
   (A) 1 અને 2 (B) 2, 3, 4 (C) 1 અને 3 **(D) 1, 2 અને 3**

12. ભારતમાં નાણાકીય નીતિ કોણ ઘડે છે?
   **(A) RBI** (B) કેન્દ્ર સરકાર (C) SBI (D) રાજ્ય સરકાર

13. RBI મુજબ ભારતમાં નાણાકીય નીતિના મુખ્ય ઉદ્દેશો કયા છે?
   1. ભાવ સપાટીમાં સ્થિરતા
   2. બેંક ધિરાણ પર નિયંત્રણ
   3. સ્થિર મૂડીરોકાણને પ્રોત્સાહન
   4. ધિરાણની સમાન વહેંચણી
   5. કાર્યક્ષમતાને પ્રોત્સાહન આપવું
   યોગ્ય વિકલ્પ પસંદ કરો:
   (A) 1, 2, 3 અને 4 (B) 2, 3, 4 અને 5 (C) 1, 3, 4 અને 5 **(D) 1, 2, 3, 4 અને 5**

14. નાણાકીય નીતિનાં સાધનો કયાં છે?
   1. ખુલ્લા બજારની કામગીરી 2. રેપો રેટ
   3. રિવર્સ રેપો રેટ 4. CRR
   5. SLR
   યોગ્ય વિકલ્પ પસંદ કરો:
   (A) 1, 2, 3, અને 4 **(B) 1, 2, 3, 4 અને 5**
   (C) 2, 3 અને 4 (D) 1, 2 અને 4

15. ચક્રવર્તી સમિતિએ નાણાકીય નીતિના ઉદ્દેશો અંગેનો અહેવાલ કયારે આપ્યો હતો?
   (A) 1980 (B) 1981 (C) 1987 **(D) 1985**

16. નાણાં નીતિનો 'નાણાંની તટસ્થતા'નો ઉદ્દેશ શેના પર આધારિત છે?
   **(A) નાણાંના પરિમાણનો સિદ્ધાંત** (B) ગતિશીલ અર્થતંત્ર
   (C) સમ-ખરીદશક્તિનો સિદ્ધાંત (D) આવકની અસમાનતા

17. નાણાં નીતિ એ -

(A) રાજકોષીય નીતિની વિરુદ્ધની નીતિ છે.
(B) ફુગાવાના સમયગાળા દરમ્યાન વધુ ઉપયોગી છે.
**(C) રાજકોષીય નીતિની પૂરક નીતિ તરીકે વર્તે છે.**
(D) મંદીના સમયગાળા દરમ્યાન વધુ ઉપયોગી છે.

18. નાણાં નીતિનો 'આર્થિક વૃદ્ધિ'નો ઉદ્દેશ કેવા પ્રકારનો છે?

1 ટૂંકા ગાળાનો ઉદ્દેશ
2 લાંબા ગાળાનો ઉદ્દેશ
3 માત્ર વિકાસશીલ દેશો સાથે સંકળાયેલો છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો:

(A) માત્ર 1 (B) 1 અને 3 (C) માત્ર 3 **(D) માત્ર 2**

19. નાણાં નીતિનો 'ભાવોની સ્થિરતા'નો ઉદ્દેશ શું દર્શાવે છે?

**(A) સાપેક્ષ કિંમતોમાં સ્થિરતા**
(B) સામાન્ય ભાવ સપાટીમાં સ્થિરતા
(C) વેતન દરમાં સ્થિરતા
(D) a અને b બંને

20. સુવર્ણ ધોરણના સમયે નાણાકીય નીતિનો મુખ્ય ઉદ્દેશ શું હતો?

(A) ભાવસપાટીમાં સ્થિરતા
(B) વેતન દરમાં સ્થિરતા
(C) વ્યાજ દરમાં સ્થિરતા
**(D) વિનિમય દરમાં સ્થિરતા**

21. નાણાં નીતિનો મુખ્ય ઉદ્દેશ પૂર્ણ રોજગારી પ્રાપ્ત કરવાનો હોવો જોઈએ તેવું કોણે કહ્યું હતું?

(A) મિલ્ટન ફ્રીડમેન (B) એ. માર્શલ **(C) જે. એમ. કેઈન્સ** (D) એ. સી. પીગૂ

## 53. રાજકોષીય નીતિ

1. સરકારની આવક અને ખર્ચની નીતિને શું કહે છે?

(A) નાણાકીય નીતિ **(B) રાજકોષીય નીતિ** (C) વ્યાપાર નીતિ (D) (b) અને (c) બંને

2. રાજકોષીય નીતિને બીજા કયા નામે ઓળખવામાં આવે છે?

**(A) અંદાજપત્રીય નીતિ** (B) નાણાકીય નીતિ (C) વ્યાપાર નીતિ (D) (b) અને (c) બંને

3. રાજકોષીય નીતિમાં સરકાર શેના અંગે નિર્ણયો લે છે?

1. જાહેર ખર્ચ અંગેના નિર્ણયો
2. કર માળખા અંગેના નિર્ણયો
3. જાહેર દેવા અંગેના નિર્ણયો

યોગ્ય વિકલ્પ પસંદ કરો:

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 1 અને 3 **(D) 1, 2 અને 3**

4. મંદીના સમયગાળામાં સરકાર શું વધારવા માટે રાજકોષીય નીતિની મદદ લે છે?

**(A) માંગ** (B) પુરવઠો (C) કિંમત (D) નિકાસ

5. મંદીના સમયગાળા દરમ્યાન રાજકોષીય નીતિ હેઠળ સરકાર કયું પગલું લે છે?

1. જાહેર ખર્ચ વધારે છે.
2. સબસિડીમાં વધારો કરે છે.
3. કરવેરાના દરમાં ઘટાડો કરે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો:

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 1 અને 3 **(D) 1, 2 અને 3**

6. ભારતમાં રાજકોષીય નીતિના મુખ્ય ઉદ્દેશો કયા રહ્યા છે?
   1. આર્થિક વૃદ્ધિ માટે સંસાધનોને ગતિશીલ બનાવવાં.
   2. ખાનગી ક્ષેત્રમાં આર્થિક વૃદ્ધિને પ્રોત્સાહન પૂરું પાડવું.
   3. અર્થતંત્રમાં શક્ય તેટલી ભાવસ્થિરતા જાળવી રાખવી.
   4. આવક અને સંપત્તિની સમાન વહેંચણી કરવી.

   યોગ્ય વિકલ્પ પસંદ કરો:
   (A) 1, 2 અને 3 (B) 2, 3 અને 4 **(C) 1, 2, 3 અને 4** (D) 1 અને 3
7. સરકાર ક્યારે વિસ્તારશીલ (expansionary) રાજકોષીય નીતિ અપનાવે છે?
   (A) ફુગાવો હોય ત્યારે **(B) મંદી હોય ત્યારે**
   (C) તેજી હોય ત્યારે (D) (a) અને (c) બંને
8. વિસ્તારશીલ (expansionary) રાજકોષીય નીતિમાં -
   **(A) જાહેર ખર્ચ > કર પ્રાપ્તિ થાય.** (B) જાહેર ખર્ચ = કર પ્રાપ્તિ થાય.
   (C) જાહેર ખર્ચ < કર પ્રાપ્તિ થાય. (D) (a) અને (c) બંને
9. ખર્ચ સંકોચનવાળી (Contractionary) રાજકોષીય નીતિ સરકાર કેવી પરિસ્થિતિમાં અપનાવે છે?
   (A) તેજીના સમયગાળા દરમ્યાન (B) મંદીના સમયગાળા દરમ્યાન
   (C) ફુગાવાના સમયગાળા દરમ્યાન **(D) (a) અને (c) બંને**
10. ખર્ચ સંકોચનવાળી રાજકોષીય નીતિમાં -
    (A) જાહેર ખર્ચ > કર પ્રાપ્તિ થાય. **(B) જાહેર ખર્ચ < કર પ્રાપ્તિ થાય.**
    (C) જાહેર ખર્ચ = કર પ્રાપ્તિ થાય. (D) કર પ્રાપ્તિ > જાહેર દેવું થાય.
11. રાજકોષીય નીતિને વધુ વ્યાપક અને પ્રચલિત કોણે બનાવી?
    **(A) જે. એમ. કેઈન્સ** (B) એડમ સ્મિથ (C) મિલ્ટન ફ્રીડમેન (D) કાર્લ માર્ક્સ

## 54. નાણાં મંત્રાલય, ભારત સરકાર

1. નાણાં મંત્રાલયમાં કયો વિભાગ કામ કરે છે?
   1. આર્થિક બાબતો
   2. ખર્ચ
   3. મહેસૂલ
   4. નાણાકીય સેવાઓ
   5. મૂડી વિસર્જન

   ઉપરનાંમાંથી શું સાચું છે?
   (A) 1, 2, 3 (B) 2, 3, 4 **(C) 1, 2, 3, 4, 5** (D) 1, 3, 5
2. નાણાં મંત્રાલયનો કયો વિભાગ કેન્દ્ર સરકારનું બજેટ તૈયાર કરે છે?
   **(A) આર્થિક બાબતો** (B) ખર્ચ (C) નાણાકીય સેવાઓ (D) મહેસૂલ
3. નાણાં મંત્રાલયનો કયો વિભાગ વિદેશી હૂંડિયામણ નિયમન ધારા (ફેમા)નો અમલ કરે છે?
   (A) ખર્ચ (B) મહેસૂલ (C) નાણાકીય સેવાઓ **(D) આર્થિક બાબતો**
4. નાણાં મંત્રાલયના ખર્ચ વિભાગ દ્વારા કયું કામ થાય છે?
   **(A) ભારત સરકારનાં તમામ મંત્રાલયોને નાણાકીય મંજૂરી આપવી.**
   (B) ખર્ચના હિસાબો અંગે મંત્રાલયોને સલાહ આપવી.

(C) રાજ્યોની વાર્ષિક યોજનાઓ માટે કેન્દ્રીય સહાય છૂટી કરવી.

(D) રાજ્યોની નાણાકીય સ્થિતિનું વિશ્લેષણ કરવું .

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3, 4** (B) 1, 2 (C) 2, 3 (D) 3, 4

5. ભારત સરકારનો આવક વેરા વિભાગ નાણાં મંત્રાલયના કયા વિભાગ હેઠળ કામ કરે છે?

(A) આર્થિક બાબતો (B) નાણાકીય સેવાઓ

**(C) મહેસૂલ** (D) ઉપરનાંમાંથી એક પણ નહિ

6. કેન્દ્ર સરકારનો આર્થિક ગુપ્તચર વિભાગ નાણાં મંત્રાલયના કયા વિભાગ હેઠળ કામ કરે છે?

(A) નાણાકીય સેવાઓ (B) ખર્ચ (C) આર્થિક બાબતો **(D) મહેસૂલ**

7. ભારત સરકારનાં જાહેર સાહસોના શેરવેચાણનું કાર્ય નાણાં મંત્રાલયનો કયો વિભાગ સંભાળે છે?

(A) મહેસૂલ (B) નાણાકીય સેવાઓ **(C) મૂડી વિસર્જન** (D) આર્થિક બાબતો

8. પેન્શન, બેંકિંગ અને વીમા ક્ષેત્ર અંગેનું કાર્ય ભારત સરકારના નાણાં મંત્રાલયનો કયો વિભાગ કરે છે?

**(A) આર્થિક બાબતો** (B) નાણાકીય સેવાઓ (C) ખર્ચ (D) મહેસૂલ.

9. નાણાં મંત્રાલય કયું કાર્ય કરે છે?

1. તે મંત્રાલયનો વાર્ષિક અહેવાલ તૈયાર કરે છે.
2. તે બજેટની અર્ધવાર્ષિક સમીક્ષા તૈયાર કરે છે.
3. તે પરિણામ અંદાજપત્ર તૈયાર કરે છે.
4. તે નાણાંની હેરફેર ઉપર દેખરેખ રાખે છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) ફક્ત 2, 3 (B) 1, 2, 3 **(C) 1, 2, 3, 4** (D) ફક્ત 2, 4

10. દુનિયાના દેશો સાથે દ્વિપક્ષી રોકાણ પ્રોત્સાહન અને રક્ષણ સમજૂતી ભારત સરકારનું કયું મંત્રાલય કરે છે?

**(A) નાણાં** (B) ગૃહ (C) ઉદ્યોગ (D) વિજ્ઞાન અને ટેક્નોલોજી

## 55. રાજકોષીય જવાબદારી અને બજેટ સંચાલન ધારો-કેન્દ્ર

1. FRBM કાયદો કયા વર્ષે ઘડવામાં આવ્યો હતો?

**(A) 2003** (B) 2005 (C) 2007 (D) 2009

2. FRBM કાયદાના મુખ્ય હેતુઓ શું છે?

1. નાણાકીય શિસ્ત ઊભી કરવી.
2. રાજકોષીય ખાધ ઘટાડવી.
3. સમગ્રલક્ષી સંચાલન સુધારવું.

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો:

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 1 અને 3 **(D) 1, 2 અને 3**

3. FRBM કાયદા હેઠળ કેન્દ્રની મહેસૂલી ખાધ કયાં સુધી દૂર કરવાનો અંદાજ હતો?

**(A) 2007-08** (B) 2009-10 (C) 2010-11 (D) 2008-09

4. FRBM કાયદા હેઠળ કેન્દ્રની મહેસૂલી ખાધ દર વર્ષે કેટલી ઘટાડવાની હતી?

(A) GDPના 1% (B) GDPના 2 % **(C) GDPના 0.5%** (D) GDPના 1.5%

5. FRBM કાયદા હેઠળ રાજકોષીય ખાધ વર્ષ 2007-08ના અંતે ઘટાડીને કેટલી કરવાની હતી?

(A) GDPના 2% (B) GDPના 1 % (C) GDPના 5% **(D) GDPના 3%**

6. FRBM કાયદા હેઠળ કોઈ એક નાણાકીય વર્ષ દરમ્યાન કેન્દ્ર સરકારની બાંયધરીની મર્યાદા કેટલી નક્કી કરવામાં આવી છે?
**(A) GDPના 0.5%** (B) GDPના 1.5% (C) GDPના 2.5% (D) GDPના 3.5%

7. FRBM કાયદા હેઠળ વર્ષ 2006-07માં વધારાની જવાબદારીઓની મર્યાદા કેટલી નક્કી કરવામાં આવી છે?
(A) GDPના 9% **(B) GDPના 7%** (C) GDPના 8% (D) GDPના 4%

8. FRBM કાયદા મુજબ કેન્દ્ર સરકાર દ્વારા કોની પાસેથી નાણાં ઉછીનાં ન લઈ શકાય?
(A) IMF (B) WTO **(C) RBI** (D) WB

9. FRBM ધારાનો મુખ્ય હેતુ શો છે?
(A) દેશમાં રાજકોષીય સંચાલનની વ્યવસ્થાને પારદર્શક બનાવવી.
(B) લાંબા ગાળે દેશનાં દેવાંનું વધારે સારી રીતે સંચાલન કરવું.
(C) લાંબા ગાળે રાજકોષીય સ્થિરતા ઊભી કરવી.
**(D) ઉપરોક્ત તમામ**

10. FRBM ધારા અન્વયે કેન્દ્ર સરકારની રાજકોષીય ખાધ દર વર્ષે કેટલી ઘટાડવાનો લક્ષ્યાંક હતો?
**(A) GDPના લઘુતમ 0.3%** (B) GDPના લઘુતમ 3.0%
(C) GDPના લઘુતમ 2.3% (D) GDPના લઘુતમ 3.2%

11. FRBM ધારા હેઠળ કેન્દ્ર સરકારનું દેવું 2004-05માં કેટલું કરવાનો મૂળ અંદાજ મૂકાયો હતો?
**(A) GDPના 6%** (B) GDPના 5% (C) GDPના 9% (D) GDPના 10%

12. FRBM ધારા હેઠળ કેન્દ્ર સરકાર માટે શાનો લક્ષ્યાંક નક્કી કરાયો?
(A) રાજકોષીય ખાધમાં ઘટાડો (B) મહેસૂલી ખાધનું નિર્મૂલન
(C) સરકારના દેવાની મર્યાદા **(D) ઉપરોક્ત તમામ**

13. FRBM ધારા અન્વયે દર વર્ષે બજેટ સમયે કેન્દ્ર સરકારે કયું નિવેદન બહાર પાડવું પડે?
(A) મધ્યમ ગાળાની રાજકોષીય નીતિ. (B) રાજકોષીય નીતિની વ્યૂહરચના.
(C) દેશનું સમગ્રલક્ષી આર્થિક માળખું. **(D) ઉપરોક્ત તમામ**

14. FRBM ધારાની ટીકા કયા મુદ્દે થાય છે?
1. એને લીધે સરકારને સામાજિક સેવાઓના ખર્ચમાં કાપ મૂકવાની ફરજ પડી શકે.
2. લક્ષ્યાંકો વધુ પડતા આશાવાદી હોય છે.
3. સરકારના હાથ ખર્ચની બાબતમાં બાંધી શકાય નહિ.
4. સરકાર પોતાનું ખર્ચ વધારવા આ કાયદામાં ફેરફાર કરે જ છે.
ઉપરનાંમાંથી શું સાચું છે?
(A) 1, 2, 3 **(B) 1, 2, 3, 4** (C) 1, 2 (D) 1, 4

15. FRBM ધારાના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચોઃ
1. કેન્દ્ર સરકાર તેના અમલ માટે નિયમો બનાવે છે.
2. દેશની દીવાની અદાલતો આ કાયદાના અમલ માટે કંઈ કરી શકે નહિ.
3. કેન્દ્ર સરકારને જ આ કાયદાના અમલની સત્તા છે.
ઉપરનાંમાંથી શું સાચું છે?
(A) ફક્ત1 (B) ફક્ત 2 (C) 1, 2 **(D) 1, 2, 3**

16. FRBM ધારામાં ક્યારે સુધારો કરવામાં આવ્યો?
(A) 2007 (B) 2009 (C) 2010 **(D) 2012**

17. 2013-14ના આર્થિક સર્વેમાં FRBM ધારા વિશે શું કહેવાયું છે?
   1. ધારાને વધારે મજબૂત બનાવવો.
   2. વધારે સારી હિસાબી વ્યવસ્થા ઊભી કરવી.
   3. બજેટ સંચાલનમાં સુધારો કરવો.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) ફક્ત 3 **(B) 1, 2 અને 3** (C) ફક્ત 2, 3 (D) ફક્ત 1, 3

## 56. ગુજરાત રાજવિત્તીય જવાબદારી અધિનિયમ

1. ગુજરાતમાં ગુજરાત રાજવિત્તીય જવાબદારી અધિનિયમ (GFRA) કઈ સાલમાં ઘડવામાં આવ્યો?

   (A) 2004 **(B) 2005** (C) 2006 (D) 2007

2. ગુજરાતના રાજવિત્તીય જવાબદારી અધિનિયમના મુખ્ય ઉદ્દેશો કયા છે?
   1. રાજવિત્તીય વહીવટી તંત્ર વધુ પારદર્શક બનાવવું.
   2. રાજ્ય સરકારને જવાબદાર બનાવવી.
   3. રાજવિત્તીય વ્યવસ્થાતંત્ર અને રાજવિત્તીય સ્થિરતામાં સમજદારી સુનિશ્ચિત કરવાં.

   યોગ્ય વિકલ્પ પસંદ કરો:

   (A) 1 અને 2 (B) 2 અને 3 (C) 1 અને 3 **(D) 1, 2 અને 3**

3. ગુજરાતના રાજવિત્તીય જવાબદારી અધિનિયમની કઈ કલમ મુજબ રાજ્ય સરકારે અંદાજપત્રની સાથે દરેક નાણાકીય વર્ષમાં રાજ્ય વિધાનસભા સમક્ષ મધ્યમ મુદતનું રાજવિત્તીય નિવેદન તેમ જ રાજવિત્તીય નીતિ વ્યૂહ નિવેદન રજૂ કરવાનું હોય છે?

   **(A) કલમ - 3** (B) કલમ-4 (C) કલમ-5 (D) કલમ-6

4. મધ્યમ મુદતના રાજવિત્તીય નીતિ વ્યૂહ નિવેદનમાં કયા લક્ષ્યાંકો ગુજરાત સરકાર જાહેર કરે છે?
   1. રાજ્ય સરકારના રાજવિત્તીય ઉદ્દેશો
   2. રાજવિત્તીય અગ્રતાઓ
   3. રાજવિત્તીય વહીવટી તંત્ર

   યોગ્ય વિકલ્પ પસંદ કરો:

   (A) 1 અને 2 (B) 1 અને 3 **(C) 1, 2 અને 3** (D) 2 અને 3

5. ગુજરાતના રાજવિત્તીય જવાબદારી અધિનિયમની કલમ-5માં શેના લક્ષ્યાંકો નિયત કરવામાં આવ્યા છે?

   (A) રાજવિત્તીય વહીવટી તંત્ર (B) રાજવિત્તીય નીતિ વ્યૂહ નિવેદન
   **(C) રાજવિત્તીય એકત્રીકરણ** (D) (a) અને (c) બંને

6. રાજ્ય માટે સુદૃઢ રાજવિત્તીય રૂપરેખાની ભલામણ કોણે કરી હતી?

   (A) 12મું નાણાં પંચ **(B) 13મું નાણાં પંચ** (C) RBI (D) ભારત સરકાર

7. ગુજરાત માટેની સુધારેલી સુદૃઢ રાજવિત્તીય રૂપરેખામાં 2011-12થી મહેસૂલી ખાધ કેટલી કરવાની હતી?

   **(A) શૂન્ય** (B) GDPના 1% (C) GDP 2 % (D) GDPના 3 %

8. ગુજરાત માટેની સુધારેલી સુદૃઢ રાજવિત્તીય રૂપરેખામાં રાજવિત્તીય ખાધ કેટલી ઘટાડવાની હતી?

   (A) GDPના 4% થી વધુ ન હોય તેટલી (B) GDPના 1% થી વધુ ન હોય તેટલી
   **(C) GDPના 3% થી વધુ ન હોય તેટલી** (D) GDPના 2% થી વધુ ન હોય તેટલી

9. ગુજરાતમાં 2014-15માં જાહેર દેવું કેટલે સુધી ઘડાડવાનો અંદાજ હતો?

   (A) GDPના 28.8 % **(B) GDPના 27.1%** (C) GDPના 25.4 % (D) GDPના 12.7 %

10. ગુજરાત રાજ્ય સરકારે રાજવિત્તીય સુધારણા પથને પ્રસ્થાપિત કરવા માટે જે પગલાં લીધાં છે તેમાં શેનો સમાવેશ થાય છે?
    1. નીતિનિર્ધારણ
    2. અમલીકરણ
    યોગ્ય વિકલ્પ પસંદ કરો:
    (A) માત્ર 1 (B) માત્ર 2 **(C) 1 અને 2** (D) એક પણ નહીં
11. ગુજરાત રાજ્ય સરકારની રાજકોષીય નીતિમાં રાજવિત્તીય સુધારણા પથ માટે નીતિ ઘડતર અન્વયે શેનો સમાવેશ કરવામાં આવે છે?
    1. કરમાળખાનું સુનિયોજન
    2. બાંયધરી પર ટોચમર્યાદા
    3. VAT ની શરૂઆત
    4. નવી પેન્શન યોજના
    યોગ્ય વિકલ્પ પસંદ કરો:
    (A) 1, 2 અને 3 (B) 2, 3 અને 4 (C) 1 અને 4 **(D) 1, 2, 3 અને 4**
12. ગુજરાતમાં બાંયધરી ફેડણી નીધિ (Gurantee Redemption Fund) નું ભંડોળ 2013ના અંતે કેટલું હતું?
    **(A) રૂ. 2128 કરોડ** (B) રૂ. 3138 કરોડ (C) રૂ. 1818 કરોડ (D) રૂ. 4148 કરોડ
13. રાજ્ય સરકાર રાજવિત્તીય સુધારણા પથ માટે અમલીકરણ અન્વયે શેનો સમાવેશ થાય છે?
    1. સંકલિત નાણાકીય સંચાલન વ્યવસ્થાપન.
    2. ઓનલાઈન બજેટ તૈયાર કરવું.
    3. ઈ-ગવર્નન્સ માધ્યમોનો વ્યાપાક ઉપયોગ કરીને VAT ના વહીવટી તંત્રમાં પ્રક્રિયા સુધારવી.
    યોગ્ય વિકલ્પ પસંદ કરો:
    (A) 1 અને 2 (B) માત્ર 2 **(C) 1, 2 અને 3** (D) 2 અને 3

## 57. આયોજન

1. 'Planned Economy For India' નામનું પુસ્તક કોણે લખ્યું હતું?
   (A) જવાહરલાલ નેહરુ (B) બાબાસાહેબ આંબેડકર
   **(C) એમ. વિશ્વેશ્વરૈયા** (D) પ્રો. વી. એમ. દાંડેકર
2. 'The Bombay Plan' કયા વર્ષમાં તૈયાર થયો હતો?
   (A) 1946 **(B) 1944** (C) 1948 (D) 1947
3. 'Gandhian Plan' કોણે તૈયાર કર્યો હતો?
   (A) મહાત્મા ગાંધી (B) જયપ્રકાશ નારાયણ
   (C) જવાહરલાલ નેહરુ **(D) શ્રીમન્ નારાયણ**
4. જયપ્રકાશ નારાયણે જે આયોજન રજૂ કર્યું તે કયા નામે ઓળખાયું?
   (A) The Bombay Plan (B) Gandhian Plan (C) People's Plan **(D) Sarvodaya Plan**
5. 'Sarvodaya Plan'ની રજૂઆત કઈ સાલમાં થઈ હતી?
   (A) 1945 (B) 1960 **(C) 1950** (D) 1965
6. ભારતમાં આયોજનમાં મુખ્ય ઉદ્દેશો કયા રહ્યા છે?
   1. આર્થિક સ્વાવલંબન
   2. સામાજિક ન્યાય
   3. આર્થિક સ્થિરતા

4. અર્થતંત્રનું આધુનિકીકરણ
5. ઊંચો આર્થિક વૃદ્ધિ દર
6. ઊંચું જીવનધોરણ

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 3 (B) 5, 6 (C) 2, 3, 5, 6 **(D) 1, 2, 3, 4, 5, 6**

7. ભારતની પ્રથમ આઠ પંચવર્ષીય યોજનાઓમાં શાના પર ભાર મૂકવામાં આવ્યો હતો?

**(A) પાયાના અને ભારે ઉદ્યોગોમાં જંગી રોકાણ સાથેનું જાહેર ક્ષેત્ર**

(B) ખેતીનો વિકાસ અને ખેતીમાં રોજગારીમાં વધારો

(C) ખાનગી ક્ષેત્રને સંપૂર્ણ છૂટછાટ

(D) જાહેર સેવાઓના ક્ષેત્રે ખાનગી ક્ષેત્ર દ્વારા વધુ મૂડી રોકાણ

8. 'Gandhian Plan'ની રજૂઆત કયા વર્ષમાં થઈ હતી?

**(A) 1944** (B) 1948 (C) 1950 (D) 1947

9. 1990માં આઠમી પંચવર્ષીય યોજનાની શરૂઆત કયા કારણસર થઈ શકી નહોતી?

**(A) ભારતમાં બદલાતી રાજકીય સ્થિતિ**

(B) રૂપિયાનું અવમૂલ્યન

(C) ઝડપથી ઘટતો વૃદ્ધિ દર

(D) ભારતના વ્યાપારમાં ખાધ

10. પ્રથમ પંચવર્ષીય યોજનાનો સમયગાળો કયો હતો?

**(A) 1951-56** (B) 1947-52 (C) 1948-53 (D) 1953-58

11. પ્રથમ પંચવર્ષીય યોજના કોના મોડેલ પર આધારિત હતી?

(A) પી. સી. મહાલનોબિસ **(B) હેરડ-ડોમર** (C) નિકોલસ કાલ્ડોર (D) પી. આર. બ્રહ્માનંદ

12. પ્રથમ પંચવર્ષીય યોજના દરમ્યાન GDP નો વૃદ્ધિ દર કેટલો રહ્યો હતો?

(A) 5.6% (B) 4.2% **(C) 3.6%** (D) 2.1%

13. પ્રથમ પંચવર્ષીય યોજના દરમ્યાન સૌથી વધુ મહત્ત્વ કયા ક્ષેત્રને આપવામાં આવ્યું હતું?

(A) મોટા ઉદ્યોગો (B) સેવા ક્ષેત્ર (C) (a) અને (b) બંને **(D) ખેતી ક્ષેત્ર**

14. ભાકરા બંધ અને હીરાકુડ બંધના પાયા કઈ યોજના દરમ્યાન નંખાયા હતા?

(A) બીજી પંચવર્ષીય યોજના **(B) પ્રથમ પંચવર્ષીય યોજના**

(C) છઠ્ઠી પંચવર્ષીય યોજના (D) આઠમી પંચવર્ષીય યોજના

15. પ્રથમ પંચવર્ષીય યોજનામાં કુલ ખર્ચનો કેટલો હિસ્સો સિંચાઈ અને ઊર્જા પાછળ ખર્ચવામાં આવ્યો હતો?

**(A) 27.2%** (B) 17% (C) 30.1% (D) 10%

16. બીજી પંચવર્ષીય યોજના (1956-61) કોના મોડેલ પર આધારિત હતી?

(A) હેરડ-ડોમર (B) એડમ સ્મિથ **(C) પી. સી. મહાલનોબિસ** (D) પી. આર. બ્રહ્માનંદ

17. બીજી પંચવર્ષીય યોજનામાં કઈ બાબત પર વધુ ભાર મૂકવામાં આવ્યો હતો?

(A) મોટા ઉદ્યોગો (B) ગૃહ ઉદ્યોગો (C) જાહેર ક્ષેત્ર **(D) (a) અને (c) બંને**

18. ઔદ્યોગિક નીતિ-1956 કઈ પંચવર્ષીય યોજનામાં ઘડવામાં આવી હતી?

(A) પ્રથમ પંચવર્ષીય યોજના **(B) બીજી પંચવર્ષીય યોજના**

(C) ત્રીજી પંચવર્ષીય યોજના (D) ચોથી પંચવર્ષીય યોજના

19. ભારતીય અર્થતંત્ર કઈ યોજના દરમ્યાન 'take-off stage' પર પહોંચ્યું હોવાનું જણાવાય છે?
(A) પ્રથમ પંચવર્ષીય યોજના (B) છઠ્ઠી પંચવર્ષીય યોજના
(C) પાંચમી પંચવર્ષીય યોજના **(D) ત્રીજી પંચવર્ષીય યોજના**

20. ત્રીજી પંચવર્ષીય યોજનામાં સૌથી વધુ મહત્ત્વ કયા ક્ષેત્રને આપવામાં આવ્યું હતું?
(A) ઉદ્યોગ ક્ષેત્ર (B) સેવા ક્ષેત્ર **(C) ખેતી ક્ષેત્ર** (D) ઊર્જા ક્ષેત્ર

21. 'Plan Holidays'નાં વર્ષો કયાં છે?
**(A) 1966-69** (B) 1961-66 (C) 1963-66 (D) 1966-71

22. 'Self-reliance and self-generating economy' એ બાબત કઈ યોજનામાં સૌ પ્રથમ વાર દાખલ થઈ હતી?
(A) પાંચમી પંચવર્ષીય યોજના (B) બીજી પંચવર્ષીય યોજના
(C) છઠ્ઠી પંચવર્ષીય યોજના **(D) ત્રીજી પંચવર્ષીય યોજના**

23. બેંકોનું રાષ્ટ્રીયકરણ કઈ પંચવર્ષીય યોજના દરમ્યાન થયું હતું?
(A) પ્રથમ યોજના (B) બીજી યોજના **(C) ચોથી યોજના** (D) ત્રીજી યોજના

24. ચોથી યોજના (1969-74)માં સૌથી વધુ મહત્ત્વ કયા ક્ષેત્રને આપવામાં આવ્યું હતું?
**(A) વાહન વ્યવહાર અને ઊર્જા** (B) ખેતી ક્ષેત્ર (C) સિંચાઈ અને ઊર્જા (D) મોટા ઉદ્યોગો

25. પાંચમી પંચવર્ષીય યોજના (1974-79) કોના માર્ગદર્શન હેઠળ તૈયાર થઈ હતી?
(A) હેરડ-ડોમર (B) પી. સી. મહાલનોબિસ
**(C) સી. સુબ્રમણ્યમ** (D) વી. એમ. દાંડેકર

26. પાંચમી યોજનાનો અંતિમ મુસદ્દો કોણે રજૂ કર્યો હતો?
(A) સી. સુબ્રમણ્યમ **(B) ડી. પી. ધાર** (C) વી. એમ. દાંડેકર (D) પી. આર. બ્રહ્માનંદ

27. 'ગરીબી હટાવો' સૂત્ર કઈ યોજના દરમ્યાન અપનાવવામાં આવ્યું હતું?
(A) બીજી પંચવર્ષીય યોજના (B) ચોથી પંચવર્ષીય યોજના
(C) ત્રીજી પંચવર્ષીય યોજના **(D) પાંચમી પંચવર્ષીય યોજના**

28. 'હિંદુ વિકાસ દર'નો ખ્યાલ કયા અર્થશાસ્ત્રી સાથે સંકળાયેલો છે?
**(A) પ્રો. રાજક્રિષ્ના** (B) વી. એમ. દાંડેકર
(C) પી. આર. બ્રહ્માનંદ (D) એમ. એલ. દાંતવાલા

29. 'ગાડગિલ સૂત્ર' કઈ યોજના દરમ્યાન અપનાવવામાં આવ્યું હતું?
(A) બીજી અને ત્રીજી યોજના (B) ત્રીજી અને ચોથી યોજના
(C) પહેલી અને બીજી યોજના **(D) ચોથી અને પાંચમી યોજના**

30. 'ગાડગિલ સૂત્ર' કઈ સાલમાં રજૂ કરવામાં આવ્યું હતું?
(A) 1975 **(B) 1969** (C) 1980 (D) 1965

31. 'ગાડગિલ સૂત્ર' કઈ બાબત સાથે સંકળાયેલું હતું?
(A) સામાજિક ક્ષેત્ર (B) ઉદ્યોગો
**(C) રાજ્યો વચ્ચે આયોજિત ફેરબદલીની વહેંચણી** (D) રાજ્યો વચ્ચે કરવેરાની વહેંચણી

32. વી. એન. ગાડગિલે પોતાના સૂત્રમાં સૌથી વધુ ભાર કઈ બાબત પર મૂક્યો હતો?
**(A) વસ્તી** (B) માથાદીઠ આવક (C) કુલ આવક (D) કરવેરા

33. 'ભારતીય રાષ્ટ્રીય ધોરીમાર્ગ વ્યવસ્થા (The Indian National Highway System)ની શરૂઆત કઈ યોજના દ્વારા થઈ હતી?
(A) બીજી યોજના (B) ત્રીજી યોજના (C) ચોથી યોજના **(D) પાંચમી યોજના**

34. 'Rolling Plan'નાં વર્ષો કયાં હતાં?
(A) 1980-85 **(B) 1978-81** (C) 1985-90 (D) 1990-95

35. 74મા બંધારણ સુધારામાં શાની જોગવાઈ કરાઈ છે?
**(A) જિલ્લા આયોજન સમિતિ** (B) આયોજન પંચ (C) જિલ્લા આયોજન મંડળ (D) રાજ્ય આયોજન પંચ

36. છઠ્ઠી યોજના (1980-85)માં સૌથી વધુ કયા ક્ષેત્ર પર ભાર મૂકવામાં આવ્યો હતો?
(A) વાહનવ્યવહાર (B) ઉદ્યોગ **(C) ઊર્જા** (D) સંદેશાવ્યવહાર

37. છઠ્ઠી યોજના દરમ્યાન ખેતી ક્ષેત્રનો વૃદ્ધિ દર કેટલો રહ્યો હતો?
(A) 2.1% **(B) 4.3%** (C) 1.8% (D) 3.8%

38. 'હરિયાળી ક્રાંતિ' કઈ પંચવર્ષીય યોજના દરમ્યાન શરૂ થઈ હતી?
**(A) ત્રીજી યોજના** (B) પાંચમી યોજના (C) છઠ્ઠી યોજના (D) સાતમી યોજના

39. જવાહર રોજગાર યોજનાની શરૂઆત કઈ સાલમાં થઈ હતી?
(A) 1995 **(B) 1989** (C) 1992 (D) 1991

40. વિદેશી હૂંડિયામણની કટોકટી કઈ પંચવર્ષીય યોજના દરમ્યાન ઊભી થઈ હતી?
(A) પાંચમી યોજના (B) સાતમી યોજના (C) છઠ્ઠી યોજના **(D) આઠમી યોજના**

41. આઠમી યોજનામાં સૌથી વધુ ભાર કઈ બાબત પર મૂકવામાં આવ્યો હતો?
**(A) ઊર્જા** (B) વાહનવ્યવહાર (C) ખેતી (D) ઉદ્યોગો

42. ભારત કઈ પંચવર્ષીય યોજના દરમ્યાન WTOનું સભ્ય બન્યું હતું?
(A) સાતમી યોજના (B) છઠ્ઠી યોજના **(C) આઠમી યોજના** (D) નવમી યોજના

43. ભારત સરકારે ઉદારીકરણ, વૈશ્વિકીકરણ અને ખાનગીકરણની નવી ઔદ્યોગિક નીતિ કઈ યોજના દરમ્યાન અપનાવી?
(A) સાતમી યોજના **(B) આઠમી યોજના** (C) નવમી યોજના (D) દસમી યોજના

44. પ્રધાનમંત્રી રોજગાર યોજનાની શરૂઆત કઈ પંચવર્ષીય યોજના દરમ્યાન થઈ હતી?
**(A) આઠમી યોજના** (B) સાતમી યોજના (C) નવમી યોજના (D) દસમી યોજના

45. માનવ વિકાસનો ખ્યાલ સૌ પ્રથમ વાર કઈ પંચવર્ષીય યોજનામાં દાખલ કરવામાં આવ્યો?
(A) પાંચમી યોજના (B) છઠ્ઠી યોજના (C) સાતમી યોજના **(D) આઠમી યોજના**

46. 'સમાન અને ન્યાયી વહેંચણી સાથેનો વિકાસ'નો ખ્યાલ કઈ યોજનામાં દાખલ કરવામાં આવ્યો હતો?
(A) સાતમી યોજના **(B) નવમી યોજના** (C) દસમી યોજના (D) આઠમી યોજના

47. દસમી પંચવર્ષીય યોજના (2002-07)માં સાક્ષરતા દર 2007 સુધીમાં વધીને કેટલો થવાનો અંદાજ હતો?
**(A) 75%** (B) 80% (C) 70% (D) 65%

48. દસમી પંચવર્ષીય યોજના દરમ્યાન બાળ મૃત્યુ દર (IMR) ઘટાડીને કેટલો કરવાનો અંદાજ હતો?
(A) 40 (B) 50 (C) 60 **(D) 45**

49. દસમી પંચવર્ષીય યોજના દરમ્યાન માતૃત્વ મૃત્યુ દર (MMR) ઘટાડીને દર એક લાખ બાળકોના જીવંત જન્મે કેટલો કરવાનો અંદાજ હતો?
(A) 7 **(B) 2** (C) 8 (D) 10

50. અગિયારમી પંચવર્ષીય યોજનાનું સૂત્ર શું હતું?
(A) ગરીબી હટાવો (B) સમાન અને ન્યાયી વહેંચણી સાથેનો વિકાસ
**(C) ઝડપી અને સમાવેશી વિકાસ** (D) જય જવાન, જય કિસાન

51. અગિયારમી પંચવર્ષીય યોજનામાં IMR ઘટાડીને કેટલો કરવાનો અંદાજ હતો?
**(A) 28** (B) 45 (C) 30 (D) 50

52. અગિયારમી પંચવર્ષીય યોજનામાં MMR ઘટાડીને દર એક લાખ બાળકોમાં જીવંત જન્મે કેટલો કરવાનો અંદાજ હતો?

(A) 2 (B) 5 (C) 3 **(D) 1**

53. અગિયારમી પંચવર્ષીય યોજનામાં કુલ પ્રજોત્પત્તિ દર (TFR) કેટલો કરવાનો અંદાજ હતો?

(A) 3.2 (B) 1.2 **(C) 2.1** (D) 4.0

54. અગિયારમી પંચવર્ષીય યોજનામાં GDP નો વૃદ્ધિ દર કેટલો રહ્યો હતો?

**(A) 7.86%** (B) 5.5% (C) 4.2% (D) 8.0%

55. બારમી પંચવર્ષીય યોજના (2012-17)માં કયાં ક્ષેત્રો પર સૌથી વધુ ભાર મૂકવામાં આવ્યો હતો?

1. ખેતી ક્ષેત્ર
2. ઊર્જા ક્ષેત્ર
3. સામાજિક અને સમુદાય વિકાસ
4. શિક્ષણ અને આરોગ્ય

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો:

(A) (1) અને (2) **(B) (2) અને (3)** (C) (2) અને (4) (D) (3) અને (4)

56. બારમી પંચવર્ષીય યોજનામાં GDPનો વૃદ્ધિ દર કેટલો અંદાજવામાં આવ્યો હતો?

**(A) 8.2%** (B) 10% (C) 7.8% (D) 9.2%

57. બારમી પંચવર્ષીય યોજનામાં ગરીબીમાં કેટલા ટકા ઘટાડાનો અંદાજ રાખવામાં આવ્યો હતો?

(A) 7% (B) 15% **(C) 10%** (D) 20%

58. બારમી પંચવર્ષીય યોજનામાં IMR કેટલે સુધી ઘટાડવાનો અંદાજ છે?

(A) 10 (B) 20 (C) 15 **(D) 25**

59. ભારતના બંધારણમાં કઈ કલમમાં જિલ્લા આયોજન સમિતિની રચનાની જોગવાઈ કરાઈ છે?

**(A) 243ઝેડડી** (B) 243એ (C) 243ઝેડ (D) 243સી

60. જિલ્લા પંચાયતો અને નગરપાલિકાઓ દ્વારા તૈયાર થયેલી યોજનાઓ એકત્ર કરાય અને તેમાંથી સમગ્ર જિલ્લા માટે વિકાસ યોજનાનો મુસદ્દો તૈયાર કરાય એવું કામ કોને બંધારણ દ્વારા સોંપાયું છે?

(A) જિલ્લા પંચાયત (B) જિલ્લા આયોજન મંડળ

**(C) જિલ્લા આયોજન સમિતિ** (D) જિલ્લા સામાજિક ન્યાય સમિતિ

61. જિલ્લા આયોજન સમિતિએ વિકાસ યોજનાનો મુસદ્દો તૈયાર કરતી વખતે કઈ બાબત ધ્યાનમાં રાખવી જરૂરી છે?

1. પંચાયતો અને નગરપાલિકાઓ વચ્ચેના સમાન હિતની બાબતો.
2. પ્રાકૃતિક સંસાધનોની વહેંચણી.
3. પર્યાવરણનું જતન.
4. પ્રાપ્ય નાણાકીય સંસાધનો.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 2, 3, 4 (B) 1, 2, 3 (C) 1, 2, 4 **(D) 1, 2, 3, 4**

62. ભારતના બંધારણમાં વિકેન્દ્રિત આયોજન માટે શાની જોગવાઈ કરાઈ છે?

1. જિલ્લા આયોજન સમિતિ
2. જિલ્લા આયોજન મંડળ
3. મેટ્રોપોલિટન આયોજન સમિતિ
4. રાષ્ટ્રીય વિકાસ પરિષદ

(A) 1, 4 (B) 3, 4 (C) 2, 3 **(D) 1, 3**

## 57.1 આયોજન પંચ

1. આયોજન પંચની સ્થાપના ક્યારે થઈ?
   **(A) માર્ચ - 1950** (B) એપ્રિલ - 1951 (C) માર્ચ - 1949 (D) મે - 1952
2. આયોજન પંચના અધ્યક્ષ કોણ રહેતા હતા?
   **(A) વડા પ્રધાન** (B) રાષ્ટ્રપતિ (C) ઉપરાષ્ટ્રપતિ (D) RBIના ગવર્નર
3. કોના ઠરાવ દ્વારા આયોજન પંચની સ્થાપના થઈ હતી?
   (A) લોકસભા **(B) ભારત સરકાર** (C) રાજ્યસભા (D) રાષ્ટ્રપતિ
4. આયોજન પંચનું મુખ્ય કાર્ય શું હતું?
   (A) ભૌતિક, મૂડીગત અને માનવ સંસાધનોની આકારણી કરવી અને તેમાં વધારો કરવા માટેની શક્યતાઓ તપાસવી.
   (B) દેશનાં સંસાધનોના અસરકારક અને સંતુલિત ઉપયોગ માટે યોજના બનાવવી.
   (C) પ્રાથમિકતાઓ નક્કી કરવી અને યોજનાના તબક્કા નક્કી કરવા.
   **(D) ઉપરોક્ત તમામ**
5. આયોજન પંચનું મુખ્ય કાર્ય શું હતું?
   (A) આર્થિક વિકાસને મંદ પાડનારાં પરિબળો જણાવવાં અને યોજનાની સફળતા માટેની શરતો નક્કી કરવી.
   (B) યોજનાના દરેક તબક્કાના અમલમાં સધાયેલી પ્રગતિ વિશે માહિતગાર થવું અને નીતિ તથા પગલાંમાં જરૂરી ફેરફારો કરવા.
   (C) યોજનાનો સફળતાપૂર્વક અમલ કરવો.
   **(D) ઉપરોક્ત તમામ**
6. નીચેનાં વિધાનો આયોજન પંચના સંદર્ભમાં છે. તેમાંથી કયું સાચું છે?
   1. તેણે આરંભમાં અત્યંત કેન્દ્રિત આયોજનની પદ્ધતિ વિકસાવી પણ પછી તેણે નિર્દેશાત્મક આયોજન તરફ ગતિ કરી.
   2. તેણે ક્ષેત્રીય લક્ષ્યાંકો નક્કી કર્યા હતા.
   3. તેણે ઉત્પાદન મહત્તમ કરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.
   4. તેણે વિકાસના સમગ્રલક્ષી અભિગમને અપનાવ્યો હતો.

   (A) 1, 2, 3 **(B) 1, 2, 3, 4** (C) 2, 3, 4 (D) 1, 3, 4
7. આયોજન પંચ કોના માર્ગદર્શન હેઠળ કામ કરતું હતું?
   (A) વડા પ્રધાન (B) કેન્દ્રીય પ્રધાનમંડળ
   **(C) રાષ્ટ્રીય વિકાસ પરિષદ** (D) રાષ્ટ્રપતિ
8. આયોજન પંચમાં કેટલા વિભાગો હતા?
   (A) 18 (B) 20 **(C) 31** (D) 42
9. આયોજન પંચ ક્યારે વિખેરી નાખવામાં આવ્યું?
   (A) 2015 **(B) 2014** (C) 2012 (D) 2010

## 57.2 નિર્દેશાત્મક આયોજન (Indicative planing)

1. નિર્દેશાત્મક આયોજનમાં શું થાય છે?
   1. અપૂર્ણ માહિતીની સમસ્યા ઉકેલવામાં આવે છે.
   2. આર્થિક કામગીરીમાં વધારો કરવા માટે આયોજન કરવામાં આવે છે.
   3. મિશ્ર અર્થતંત્ર અને બજારની સમસ્યા ઉકેલવામાં આવે છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?
   (A) 1, 2 (B) ફક્ત (C) ફક્ત 3 **(D) 1, 2, 3**

2. નિર્દેશાત્મક આયોજનમાં રાજ્ય શાનો ઉપયોગ કરે છે?
   1. સબસિડી
   2. ગ્રાન્ટ
   3. કરવેરા

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) ફક્ત 3 (B) ફક્ત 2 (C) 1, 2 **(D) 1, 2, 3**
3. નિર્દેશાત્મક આયોજનના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચોઃ
   1. તેમાં ખાનગી અને જાહેર મૂડીરોકાણ વચ્ચે સંકલન સાધવાનો પ્રયાસ કરાય છે.
   2. તેમાં ખાનગી અને જાહેર ઉત્પાદન વચ્ચે સંકલન સાધવાનો પ્રયાસ કરાય છે.
   3. તેમાં આગાહીઓ કરાય છે.
   4. તેમાં લક્ષ્યાંકો નક્કી કરાય છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   **(A) 1, 2, 3, 4** (B) 1, 2 (C) 3, 4 (D) 1, 4

## 57.3 વિકેન્દ્રિત આયોજન

1. નીચેનાં વિધાનો વાંચોઃ
   1. વિકેન્દ્રિત આયોજન સંતુલિત વિકાસ અને પ્રાદેશિક અસમાનતા ઘટાડવા માટેના અભિગમ તરીકે આઝાદી અગાઉ જ વિકસ્યું હતું.
   2. વિકેન્દ્રિત આયોજનની શરૂઆત બીજી પંચવર્ષીય યોજનાથી થઈ હતી.
   3. ડો. વી. એન. ગાડગિલે વર્ધા યોજના દ્વારા વિકેન્દ્રિત આયોજનનો રસ્તો બતાવ્યો હતો.
   4. અગિયારમી પંચવર્ષીય યોજનામાં વિકેન્દ્રિત આયોજન સંસાધનોના ચિરંતન સંચાલન માટે જરૂરી છે એમ સમજવામાં આવ્યું હતું.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 1, 2, 3 **(B) 1, 2, 3, 4** (C) 3, 4 (D) 2, 3
2. વિકેન્દ્રિત આયોજનથી કયા લાભ થતા હોવાનું જણાવાય છે?
   1. સ્થાનિક જ્ઞાન અને નિપુણતાનો ઉપયોગ.
   2. સહભાગી સામુદાયિક આયોજન.
   3. સંસાધનોનો અસરકારક ઉપયોગ.
   4. શાસન લોકોના રોજિંદા જીવનનો ભાગ બને.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 1, 2, 4 **(B) 1, 2, 3, 4** (C) 1, 3, 4 (D) 2, 3, 4
3. વિકેન્દ્રિત આયોજનથી કયો લાભ થતો હોવાનું જણાવાય છે?

   (A) સ્થાનિક સ્તરે મજબૂત લોકશાહીનો જન્મ

   (B) જરૂરિયાત-આધારિત વિકાસને પ્રોત્સાહન

   (C) સ્થાનિક માળખાગત સવલતોના નિર્માણને ટેકો

   **(D) ઉપરોક્ત તમામ**
4. ભારતમાં વિકેન્દ્રિત આયોજન સામે કયો અવરોધ છે?
   1. રાજ્ય સ્તરે રાજકીય ઈચ્છાશક્તિનો અભાવ.
   2. પંચાયતોને નાણાં, કાર્યો અને કર્મચારીઓ સોંપવા રાજ્ય સરકારો તૈયાર નથી.

3. મહિલાઓ અને અનુસૂચિત જાતિઓ તથા અનુસૂચિત જનજાતિઓના ક્ષમતા વિકાસ માટે ઓછા પ્રયાસો.
4. લોકોની સહભાગિતા માટે વ્યવસ્થિત કાર્યવાહીનો અભાવ.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 3, 4 **(B) 1, 2, 3, 4** (C) 1, 3 (D) 1, 2

5. ભારતમાં વિકેન્દ્રિત આયોજન આડે કયો અવરોધ છે?

(A) સક્રિય અને મજબૂત ગ્રામ સભાનો અભાવ.
(B) લોકો તમને અધિકારો વિશે સભાન નથી.
(C) સમુદાયો પંચાયતોના સત્તાધિકારને માન્ય રાખતા નથી.
**(D) ઉપરોક્ત તમામ**

6. ભારતમાં વિકેન્દ્રિત આયોજન આડે કયો અવરોધ છે?

1. સ્થાનિક રાજકારણ
2. સ્થાનિક સ્તરે ભદ્ર વર્ગનો પ્રભાવ
3. ચૂંટાયેલા નેતાઓને ટેકનિકલ ટેકાનો અભાવ
4. બિન-શરતી ભંડોળની પ્રાપ્યતાનો અભાવ

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2 (B) 2, 4 (C) 3, 4 **(D) 1, 2, 3, 4**

7. નીચેનાં વિધાનો વાંચોઃ

1. વિકેન્દ્રિત આયોજન એ રાજયથી નીચેના સ્તરનું વિસ્તારલક્ષી આયોજન છે.
2. વિકેન્દ્રિત આયોજનમાં નીચેથી ઉપર (bottom-up) જતી પ્રક્રિયા છે.
3. વિકેન્દ્રિત આયોજન રાષ્ટ્રીય આયોજનને પૂરક છે, તેનું વિરોધી નથી.
4. વિકેન્દ્રિત આયોજન એ કેન્દ્ર, રાજય અને સ્થાનિક સ્તરે થતી પ્રક્રિયા છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 3 (B) 1, 2, 4 **(C) 1, 2, 3, 4** (D) 2, 4

8. વિકેન્દ્રિત આયોજનમાં કયા સ્તરના આયોજનનો સમાવેશ થાય છે?

(A) ગ્રામ સભા (B) ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત
(C) જિલ્લા પંચાયત **(D) ઉપરોક્ત તમામ**

9. જિલ્લા સ્તરે આયોજન કરવું અને જિલ્લા યોજના ઘડવી એવું આયોજન પંચે ક્યારે નક્કી કર્યું?

**(A) 1969** (B) 1992 (C) 1989 (D) 1995

10. કઈ પંચવર્ષીય યોજનાથી વિકેન્દ્રિત જિલ્લા આયોજન માટે નક્કર પગલાં લેવાની શરૂઆત થઈ?

(A) પ્રથમ **(B) ચોથી** (C) બારમી (D) આઠમી

## 58. કેન્દ્ર-રાજ્યના નાણાકીય સંબંધો

1. નીચેનાં વિધાનોમાંથી કયું સાચું છે?

1. કેન્દ્ર પોતાની કર આવકમાંથી રાજ્યોને હિસ્સો આપે છે.
2. કેન્દ્ર કેટલાક વેરા નાખે છે કે જેથી આવક એ સંપૂર્ણપણે રાજ્યોને આપે છે.
3. કેન્દ્ર સરકાર રાજ્યોને સહાયક અનુદાન આપે છે.
4. કેન્દ્ર સરકાર રાજ્ય સરકારોને લોન આપે છે.

(A) 1, 2, 3 **(B) 1, 2, 3, 4** (C) 1, 4 (D) 1, 3

2. નીચેનાં વિધાનોમાંથી કયું સાચું છે?
   1. રાજ્યોની મિલકતોને કેન્દ્રીય ઘેરામાંથી મુક્તિ આપવામાં આવી છે.
   2. કેન્દ્રની મિલકતોને રાજ્યોના વેરામાંથી મુક્તિ આપવામાં આવી છે.
   3. રાજ્ય સરકારની કોઈ વેપાર-ધંધાકીય પ્રવૃત્તિ ઉપર વેરો નાખવા સંસદ કાયદો કરી શકે છે.
   4. રાજ્ય સરકાર કરવેરા નાખવાની પોતાની કેટલીક સત્તા કેન્દ્રને સોંપી શકે છે.

   (A) 1, 2 (B) 3, 4 **(C) 1, 2, 3, 4** (D) 1, 4

3. આંતર-રાજ્ય વેપાર ઉપર વેરા નાખવાની સત્તા કોની પાસે છે?

   **(A) કેન્દ્ર સરકાર** (B) રાજ્ય સરકાર (C) મહાનગરપાલિકા (D) A અને B બંને

4. નીચેનાં વિધાનોમાંથી કયું સાચું છે?
   1. બંધારણની રાજ્ય યાદીમાં જણાવાયેલા ના હોય એવા કોઈ પણ વેરા કેન્દ્ર લાદી શકે છે.
   2. બંધારણની સંયુક્ત યાદીમાં જણાવાયેલા ના હોય એવા કોઈ પણ વેરા કેન્દ્ર લાદી શકે છે.
   3. કેન્દ્ર સરકાર પોતાની યોજનાઓના અમલ માટે રાજ્યોને અનુદાન આપે છે.
   4. કેન્દ્ર સરકાર રાજ્યોને લોન આપે છે.

   (A) 1, 2, 3 **(B) 1, 2, 3, 4** (C) 1, 3, 4 (D) 1, 2, 4

5. કયા વેરા કેન્દ્ર સરકાર લાદે છે પણ તેની આવક રાજ્યોને આપે છે?

   (A) વસ્તુઓ ઉપરનાં ટર્મિનલ વેરા (B) ઉતારુઓ પરના ટર્મિનલ વેરા
   (C) શેર બજારના સોદા પરના વેરા **(D) ઉપરોક્ત તમામ**

6. કયા વેરા કેન્દ્ર સરકાર લાદે છે પણ તેની આવક રાજ્યોને આપે છે?

   (A) વાયદા બજાર પરનો વેરો (B) રેલવેનાં ભાડાં પરનો વેરો
   (C) રેલવેનાં નૂર પરનો વેરો **(D) ઉપરોક્ત તમામ**

7. રાજ્યો અને કેન્દ્ર વચ્ચેના નાણાકીય સંબંધોમાં તંગદિલી શા માટે છે?
   1. રાજકીય પક્ષો વચ્ચે વિચારધારાના મતભેદો છે.
   2. રાજ્યો નાણાકીય સ્વાયત્તતા ઈચ્છે છે.
   3. રાજ્યો કેન્દ્રનાં નાણાકીય સંસાધનોમાં જોરદાર કાપ ઈચ્છે છે.
   4. કેન્દ્ર ગ્રાન્ટ દ્વારા રાજકીય દબાણ રાજ્યો પર ઊભું કરે છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 1, 2, 3 (B) 1, 4 (C) 2, 3 **(D) 1, 2, 3, 4**

8. કેન્દ્ર-રાજ્ય નાણાકીય સંબંધોના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન સાચું છે?
   1. મજબૂત કેન્દ્ર અને નબળાં રાજ્યોની બંધારણની વિભાવના રાજ્યોને સ્વીકાર્ય નથી.
   2. રાજ્યોને કાર્યો બંધારણે સોંપ્યાં છે તે કરવા માટે તેમને સ્વાયત્તતા મળે તે જરૂરી છે.
   3. સ્વતંત્રતા બાદ કેન્દ્ર પોતાનાં કાર્યો વધારી રહ્યું છે અને રાજ્યો આશ્રિત બની રહ્યા છે.
   4. કેન્દ્રનાં નાણાકીય સંસાધનો મૂલ્ય સાપેક્ષ છે અને રાજ્યનાં મૂલ્ય અનપેક્ષ છે.

   **(A) 1, 2, 3, 4** (B) 1, 2, 4 (C) 1, 3, 4 (D) 1, 4

9. કેન્દ્ર અને રાજ્યો વચ્ચેનાં નાણાકીય સંબંધોના સંદર્ભમાં નીચેનાં વિધાનોમાંથી કયું સાચું છે?
   1. કેન્દ્ર કેટલાંક રાજ્યો પ્રત્યે ઉદાર બને છે અને કેટલાંક પ્રત્યે નહિ.
   2. રાજ્યોને કેટલાં નાણાં કેન્દ્ર પાસેથી સહાયક અનુદાન પેટે મળશે તેની અનિશ્ચિતતા હોય છે.
   3. કેન્દ્રની પ્રતિબદ્ધતાને અભાવે રાજ્યોને પોતાનું બજેટ ઘડવામાં મુશ્કેલી પડે છે.
   4. રાજ્યોને પોતાની વાર્ષિક યોજના આયોજન પંચ પાસે મંજૂર કરાવવી પડતી હતી.

   (A) 3, 4 (B) 1, 2 (C) 2, 4 **(D) 1, 2, 3, 4**

10. કેન્દ્ર-રાજ્ય સંબંધો વિશેની રાજ્યનગર સમિતિએ પોતાનો અહેવાલ ક્યારે સુપરત કર્યો હતો?
(A) 1978 (B) 1970 **(C) 1971** (D) 1979

11. કેન્દ્ર-રાજ્ય સંબંધો વિશેના સરકારિયા પંચે પોતાનો અહેવાલ ક્યારે સુપરત કર્યો હતો?
(A) 1992 (B) 1986 (C) 1990 **(D) 1988**

12. કેન્દ્ર અને રાજ્યોના સંબંધો વિશે બંધારણના કયા ભાગમાં જોગવાઈ કરાઈ છે?
(A) ભાગ-11 (B) ભાગ-10 (C) ભાગ-12 (D) ભાગ-9

13. કેન્દ્ર સરકારને વેરા નાખવાની સત્તા બંધારણ દ્વારા શામાં અપાઈ છે?
(A) અનુસૂચિ-11 **(B) અનુસૂચિ-7** (C) અનુસૂચિ-12 (D) અનુસૂચિ-5

14. રાજ્ય સરકારોને વેરા નાખવાથી સત્તા બંધારણ દ્વારા શામાં આપવામાં આવી છે?
**(A) અનુસૂચિ-7** (B) અનુસૂચિ-11 (C) અનુસૂચિ-2 (D) અનુસૂચિ-9

15. આંતર-રાજ્ય પરિષદની રચના કોણ કરે છે?
(A) દેશના ગૃહ પ્રધાન (B) કેન્દ્રીય પ્રધાનમંડળ
**(C) રાષ્ટ્રપતિ** (D) સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ

16. નીચેનામાંથી કયો પેરો નાખવાની સત્તા રાજ્યો પાસે છે?
1. ખેતીની આવક પરનો વેરો
2. ખેતીની જમીન પર વારસા વેરો
3. જમીનો અને મકાનો પરનો
4. વ્યવસાય અને વેપાર પરનો વેરો

ઉપરનાંમાંથી શું સાચું છે?
(A) 1, 2,3 (B) 1, 4 (C) 2, 4 **(D) 1, 2, 3, 4**

17. નીચેનામાંથી કયો વેરો નાખવાની સત્તા કેન્દ્ર પાસે છે?
(A) આબકારી જકાત (B) કસ્ટમ જકાત
(C) વ્યક્તિગત આવક વેરો **(D) ઉપરોક્ત તમામ**

18. નીચેનામાંથી કયો વેરો નાખવાની સત્તા કેન્દ્ર સરકાર પાસે છે?
(A) કંપની વેરો (B) સેવા વેરો (C) વારસા વેરો **(D) ઉપરોક્ત તમામ**

19. 2015-16થી કેન્દ્ર સરકારે કયો વેરો રદ કર્યો?
(A) વ્યક્તિગત આવક વેરો **(B) સંપત્તિ વેરો**
(C) સોદા વેરો (D) MAT

20. એક કરતાં વધારે રાજ્યોમાંથી પસાર થતી નદીઓના પાણીનાં ઉપયોગ, વિતરણ અને અંકુશ વિશે કોણ કાયદો કરી શકે છે?
(A) જે તે રાજ્યની વિધાનસભા **(B) સંસદ**
(C) A અને B બંને (D) A અને B માંથી એકેય નહિ

21. બંધારણની રાજ્ય યાદીમાં જણાવેલા કોઈ પણ વિષય વિશે કોના ઠરાવથી સંસદ કાયદો કરી શકે છે?
(A) લોકસભા **(B) રાજ્યસભા** (C) પ્રધાનમંડળ (D) રાષ્ટ્રપતિ

22. બંધારણમાંની રાજ્ય યાદીમાં અપાયેલા કોઈ પણ વિષય વિશે કાયદો કરવા માટે કોણે કેવી રીતે ઠરાવ કરવો પડે?
**(A) રાજ્યસભાએ બે-તૃતીયાંશ બહુમતીથી**
(B) રાજ્યસભાએ સાદી બહુમતીથી
(C) રાજ્યસભા અને લોકસભાની સંયુક્ત બેઠકમાં સાદી બહુમતીથી
(D) લોકસભાની સાદી બહુમતીથી

23. નીચેનાં વિધાનો વાંચોઃ
   1. રાજ્ય યાદીના વિષયો વિશે સંસદ કદી કાયદો કરી શકે નહિ.
   2. રાજ્ય યાદીના વિષયો વિશે કટોકટીની ઘોષણા થયેલી હોય ત્યારે સંસદ કાયદો કરી શકે છે.
   3. રાજ્યના કાયદા અને સંસદના કાયદા વચ્ચે જો અસંગતતા જણાય તો સંસદનો કાયદો જ અમલી બને.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) ફક્ત 1 (B) 1, 2 (C) ફક્ત 3 **(D) 2, 3**

24. નીચેનાં વિધાનો વાંચોઃ
   1. બે કરતાં વધારે રાજ્યો ઈચ્છે તો સંસદ તેમને માટે કોઈ પણ વિષય વિશે કાયદો કરી શકે છે.
   2. સંયુક્ત યાદીમાં જણાવાયો ના હોય એવા કોઈ પણ વિષય વિશે સંસદ કાયદો કરી શકે છે.
   3. રાજ્ય યાદીમાં જણાવાયો ના હોય એવા કોઈ પણ વિષય વિશે સંસદ કાયદો કરી શકે છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) ફક્ત 1 (B) ફક્ત 3 (C) 1, 2 **(D) 1, 2, 3**

## 59. નાણાં પંચ

1. નાણાં પંચ સામાન્ય રીતે શું કામ કરે છે?
   1. કેન્દ્રીય કરવેરાની ચોખ્ખી આવકમાંથી રાજ્યો માટે વહેંચણીપાત્ર ભંડોળ નક્કી કરે છે.
   2. વહેંચણીપાત્ર ભંડોળ રાજ્યો વચ્ચે કેવી રીતે વહેંચવું તે નક્કી કરે છે.
   3. રાજ્યોને તેમની નાણાકીય સ્થિતિ સુધારવા ભલામણો કરે છે.
   4. કેન્દ્રને તેની નાણાકીય સ્થિતિ સુધારવા ભલામણ કરે છે.

   ઉપરનાંમાંથી શુ સાચું છે?

   (A) 1, 2, 3 **(B) 1, 2, 3, 4** (C) 1, 2 (D) 2, 3, 4

2. કેન્દ્ર સરકાર નાણાં પંચની ભલામણ અનુસાર 2014-15 સુધી કયા વેરાની ચોખ્ખી આવકમાંથી રાજ્યોને અનુદાન આપતી રહી છે?
   1. આવક વેરો
   2. કંપની વેરો
   3. આવકારી જકાત
   4. કસ્ટમ જકાત
   5. સેવા વેરો
   6. સંપત્તિ વેરો

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 1, 2, 3 **(B) 1, 2, 3, 4, 5, 6** (C) 3, 4, 5, 6 (D) 1, 2, 3, 4

3. કેન્દ્રીય નાણાં પંચની નિમણૂક કોણ કરે છે?

   (A) વડા પ્રધાન (B) સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ

   **(C) રાષ્ટ્રપતિ** (D) કેન્દ્રીય પ્રધાન મંડળ

4. કેન્દ્રીય નાણાં પચ કોને પોતાનો અહેવાલ સુપરત કરે છે?

   (A) ઉપરાષ્ટ્રપતિ (B) લોકસભાના સ્પીકર **(C) રાષ્ટ્રપતિ** (D) વડાપ્રધાન

5. નાણાં પંચના સંદર્ભમાં રાષ્ટ્રપતિની કઈ જવાબદારી છે?

   (A) તેઓ નાણાં પંચની નિમણૂક કરે છે.

   (B) તેઓ નાણાં પંચનો અહેવાલ સ્વીકારે છે.

(C) તેઓ નાણાં પંચનો અહેવાલ અને તેના પરનો પગલાં અહેવાલ સંસદમાં રજૂ થાય તે જુએ છે.

**(D) ઉપરોક્ત તમામ**

6. નાણાં પંચ મોટે ભાગે કયાં ધોરણોને ધ્યાનમાં રાખીને રાજ્યો વચ્ચે કેન્દ્ર સરકારની ચોખ્ખી કર આવક વહેંચે છે?

(A) વસ્તી (B) વિસ્તાર

(C) રાજ્યોના કરવેરા ઉઘરાવવાના પ્રયાસો **(D) ઉપરોક્ત તમામ**

7. નાણાં પંચ મોટે ભાગે કયાં ધોરણોને ધ્યાનમાં રાખીને રાજ્યો વચ્ચે કેન્દ્ર સરકારની ચોખ્ખી કર આવક વહેંચે છે?

(A) વિસ્તાર (B) રાજ્યોના કરવેરા ઉઘરાવવાના પ્રયાસ

(C) ગરીબી **(D) ઉપરોક્ત તમામ**

8. બંધારંણની કઈ કલમોમાં નાણાં પંચની જોગવાઈ કરવામાં આવી છે?

(A) 230-231 **(B) 280-281** (C) 290-231 (D) 310-311

9. બંધારણની જોગવાઈ મુજબ નાણાં પંચનું કામ શું છે?

(A) રાજ્યની એકત્રિત નિધિમાં નાણાં વધે તે માટેનાં પગલાં સૂચવવાં.

(B) રાજ્ય નાણાં પંચની ભલામણોને આધારે રાજ્યમાં પંચાયતોનાં સંસાધનોને પૂરક બને તે રીતે રાજ્યની એકત્રિત નિધિ વધે તેવાં પગલાં સૂચવવાં.

(C) મજબૂત નાણાકીય વ્યવસ્થાના હિતમાં રાષ્ટ્રપતિ જે બાબત અંગે ભલામણ કરવાનું સૂચવે તે.

**(D) ઉપરોક્ત તમામ**

10. નાણાં પંચના સભ્યોની લાયકાત કોણ નક્કી કરે છે?

(A) વડા પ્રધાન (B) રાષ્ટ્રપતિ

**(C) સંસદનો કાયદો** (D) સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ

11. બંધારણના કયા ભાગમાં નાણાં પંચની રચનાની જોગવાઈ કરાઈ છે?

(A) ભાગ-4 **(B) ભાગ-12** (C) ભાગ-9 (D) ભાગ-10

12. નાણાં પંચની ભલામણ અનુસાર જે નાણાં કેન્દ્ર રાજ્યોને આપે છે તે કેવાં હોય છે?

(A) શરતી ભંડોળ **(B) બિન-શરતી ભંડોળ** (C) યોજનાકીય ખર્ચ (D) બિન-યોજનાકીય ખર્ચ

13. રાજ્યોને વહેંચણીપાત્ર ભંડોળમાંથી મળતા નાણાંમાં કયા નાણાં પંચે સૌથી વધારે વધારો કર્યો હતો?

(A) 12મું નાણાં પંચ (B) 13મું નાણાં પંચ **(C) 14મું નાણાં પંચ** (D) સાતમું નાણાં પંચ

14. નાણાં પંચ કોની વચ્ચે કેન્દ્રની કરવેરાની ચોખ્ખી આવકની વહેંચણી કરે છે?

1. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો
2. રાજ્યો
3. કેન્દ્ર સરકાર અને પંચાયતો
4. કેન્દ્ર સરકાર અને પાલિકાઓ

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 3 (B) 1, 3, 4 **(C) 1, 2, 3, 4** (D) 1, 2, 4

## 59.1 14મું નાણાં પંચ

1. 14મા નાણાં પંચે રાજ્યોને કેન્દ્રની ચોખ્ખી કર આવકમાંથી કેટલો હિસ્સો આપવા ભલામણ કરી?

(A) 32 ટકા (B) 36% **(C) 42 ટકા** (D) 43%

2. 14મા નાણાં પંચની ભલામણો કયા સમયગાળા માટે છે?

(A) 2016-21 **(B) 2015-20** (C) 2015-25 (D) 2012-17

3. 14મા નાણાં પંચના અધ્યક્ષ કોણ હતા?

(A) સી. રંગરાજન (B) કે. સી. પંત (C) મહાવીર ત્યાગી **(D) વાય. વી. રેડ્ડી**

4. 14મા નાણાં પંચના અહેવાલ અનુસાર કેન્દ્રની કુલ મહેસૂલી આવકના કેટલા ટકા રકમ રાજ્યોને 2019-20માં મળતી હશે?

**(A) 49.4** (B) 42 (C) 47.5 (D) 32.9

5. નાણાં પંચે રાજ્યોને વધારે નાણાં ફાળવ્યાં છે તેનો અર્થ શું થાય છે?

(A) રાજ્યોની નાણાકીય સ્વાયત્તતામાં વધારો થશે.

(B) રાજ્યોની નાણાકીય વ્યવસ્થા મજબૂત બનશે.

(C) રાજ્યો પોતે પોતાની યોજનાઓ, કેન્દ્ર એ કામ નહિ કરે.

**(D) ઉપરોક્ત તમામ**

6. 14માં નાણાં પંચે કેન્દ્ર સરકારની રાજકોષીય ખાધ દર વર્ષે કેટલી રાખવાની ભલામણ કરી છે?

**(A) GDPના 3%** (B) GDPના 2% (C) GDPના 3.3% (D) GDPના 2.8%

7. 14મા નાણાં પંચે શાના વિશે ભલામણ કરી છે?

(A) રાજ્યોને મળતી યોજનાકીય ખર્ચ માટેના કેન્દ્રના ટકામાં ઘટાડો કરવો.

(B) રાજ્યોને વહેંચણીપાત્ર ભંડોળમાંથી વધુ નાણાં આપવા.

(C) કેન્દ્ર સરકાર પંચાયતો અને પાલિકાઓને માટે વધુ નાણાં ફાળવો.

**(D) ઉપરોક્ત તમામ**

8. 14મા નાણાં પંચે 2015-20ના ગામા માટે પંચાયતી માટે કેન્દ્રના અનુદાન તરીકે કેટલાં નાણાં ફાળવ્યાં છે?

(A) રૂ. 4 લાખ કરોડ (B) રૂ. 50,000 કરોડ

**(C) રૂ. 2 લાખ કરોડ** (D) રૂ. 87,000 કરોડ

9. 14મા નાણાં પંચે પાલિકાઓ માટે 2015-20ના ગાળા માટે કેન્દ્રના અનુદાન તરીકે કેટલાં નાણાં ફાળવ્યાં છે?

(A) રૂ. 1 લાખ કરોડ **(B) રૂ. 87,000 કરોડ**

(C) રૂ. 1,12,228 કરોડ (D) રૂ. 52,530 કરોડ

10. 14માં નાણાં પંચની ભલામણોનો શો અર્થ થાય છે?

(A) રાજ્યોને કેન્દ્રની પાસેથી લેવાતી લોન સિવાય વધુ નાણાં મળશે.

(B) રાજ્યોને કેન્દ્રના અંકુશમાંથી રાજકોષીય સ્વતંત્રતા મળશે.

(C) રાજ્યોને પોતાની યોજનાઓ ઘડવા, તેમનો અમલ કરવા અને તેમના પર દેખરેખ રાખવા સ્વતંત્રતા મળશે.

**(D) ઉપરોક્ત તમામ**

11. કેટલાં રાજ્યોની મહેસૂલી ખાધ નિવારવા માટે 14મા નાણાં પંચે ખાસ રૂ. 1.95 લાખ કરોડની ગ્રાન્ટની ભલામણ કરી છે?

(A) 17 **(B) 11** (C) 18 (D) 19

12. 14મા નાણાં પંચે કેટલી કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ રાજ્યોને આપી દેવાની ભલામણ કરી હતી?

(A) 11 (B) 8 **(C) 30** (D) 24

13. 14મા નાણાં પંચે પંચાયતો અને પાલિકાઓને શાને આધારે નાણાં ફાળવ્યાં છે?

1. વસ્તી
2. ગરીબી
3. વિસ્તાર
4. બજેટમાં રાજકોષીય શિસ્ત

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 4 **(B) 1, 3** (C) 1, 2 (D) 2, 3

14. 14મા નાણાં પંચે કેવો કાયદો ઘડવાની ભલામણ કરી છે?
    **(A) દેવાની ટોચમર્યાદા અને રાજકોષીય જવાબદારી ધારો**
    (B) રાજ્ય દેવાંની ટોચમર્યાદા ધારો
    (C) રાજ્ય રાજકોષીય જવાબદારી અને બજેટ સંચાલન ધારો
    (D) ઉપરોક્ત તમામ

15. 14મા નાણાં પંચે શાની ભલામણ કરી છે?
    1. રાજ્યો મનોરંજન વેરા અને વ્યવસાય વેરાની સમીક્ષા કરે.
    2. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ વિજ્ઞાપન વેરો લાદે.
    3. ' મ્યુનિસિપલ બોન્ડ બહાર પાડવામાં આવે
    4. ન્યાયતંત્રની વ્યવસ્થાને મજબૂત બનાવવામાં આવે.

    ઉપરનાંમાંથી શું સાચું છે?
    **(A) 1, 2, 3, 4** (B) 1, 2, 3 (C) 1, 3, 4 (D) 1, 2, 4

16. 14મા નાણાં પંચે શાની ભલામણ કરી છે?
    (A) રાજ્યોને અમુક નિશ્ચિત ક્ષેત્રો માટે અનુદાન આપવું.
    (B) GSTના બદલામાં રાજ્યોને વળતર માટે ફંડ રચવું અને તે માટે કાયદો કરવો.
    (C) જાહેર સાહસોને 4 શ્રેણીમાં વહેંચવાં.
    **(D) ઉપરોક્ત તમામ**

17. 14મા નાણાં પંચે GSTના અમલથી રાજ્યોને થનારા નુકસાન સામે તેમને કેટલું અનુદાન આપવાની ભલામણ કરી છે?
    (A) 70% (B) 80% (C) 50% **(D) 100%**

18. 14મા નાણાં પંચની ભલામણોનું શું પરિણામ આવ્યું છે?
    (A) કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ હેઠળ રાજ્યોને મળતી ગ્રાન્ટ ઘટશે.
    (B) કેન્દ્રનો રાજકોષીય અવકાશ થોડોક ઘટશે.
    (C) રાજ્યોને કેન્દ્રની શરતો સિવાયનાં નાણાં વધુ મળશે.
    **(D) ઉપરોક્ત તમામ**

19. 14મા નાણાં પંચે રાજ્યો વચ્ચે વહેંચણીપાત્ર ભંડોળમાંથી વહેંચણી કરવા માટે કયો માપદંડ ધ્યાનમાં લીધો છે?
    1. વસ્તી
    2. વસ્તીલક્ષી ફેરફારો
    3. વિસ્તાર
    4. માથાદીઠ આવક
    5. વન વિસ્તારમાં રાજ્યનો હિસ્સો

    ઉપરનાંમાંથી શું સાચું છે?
    (A) 1, 2, 3, 4 (B) 1, 3, 4 **(C) 1, 2, 3, 4, 5** (D) 1, 3

20. 14મા નાણાં પંચની રચના ક્યારે થઈ હતી?
    (A) જાન્યુઆરી-2014 **(B) જાન્યુઆરી-2013** (C) ડિસેમ્બર-2013 (D) ઓગસ્ટ-2014

21. 14મા નાણાં પંચની ભલામણ મુજબ ઉત્તર પ્રદેશ અને બિહારને વહેંચણીપાત્ર ભંડોળમાંથી તેમને થોડા ઓછા પ્રમાણમાં નાણાં મળ્યાં હોવાનું કારણ શું છે?
    (A) તેમની વસ્તીમાં ખૂબ વધારો થયો છે. **(B) તેમનો વનવિસ્તાર ઘટ્યો છે.**
    (C) તેમનાં બજેટમાં મોટી પુરાંત છે. (D) તેમને ત્યાં ગરીબી ઘટી છે.

# 60. જાહેર દેવું

1. જાહેર દેવું એ સરકારની કઈ નીતિનો ભાગ છે?
   (A) નાણાકીય નીતિ (B) આયાત-નિકાસ નીતિ **(C) રાજકોષીય નીતિ** (D) ઉદ્યોગ નીતિ
2. કરવેરા કરતાં જાહેર દેવું શા માટે વધારે સારું સમજવામાં આવે છે?
   (A) કરવેરા ફરજિયાત હોય છે અને જાહેર દેવું મરજિયાત હોય છે.
   (B) કરવેરા લોકોને ગમતા નથી, સરકારને દેવું આપવાનું લોકોને ગમે છે.
   (C) કરવેરાથી આવક વધારવામાં વિલંબ થાય છે પણ દેવું તરત જ મળે છે.
   **(D) ઉપરોક્ત તમામ**
3. જાહેર દેવા અને ખાનગી દેવાની તુલના બધી જ રીતે ભૂલભરેલી છે એમ કોણ માને છે?
   (A) જોસેફ સ્ટિગ્લિટ્ઝ (B) ફ્રેડરિક વોન હાયેક **(C) એ. પી. લર્નર** (D) પોલ સેમ્યુલસન
4. દેવું એ કેવા પ્રકારની ચુકવણી છે?
   (A) ફરજિયાત **(B) મરજિયાત** (C) (a) અને (b) બંને (D) એક પણ નહીં
5. જો સરકાર જાહેર દેવાનો ઉપયોગ સંપત્તિના સર્જન માટે કરે તો તેને કેવા પ્રકારનું દેવું કહે છે?
   (A) અનુત્પાદકીય દેવું (B) ફરજિયાત દેવું (C) નિષ્ક્રિય દેવું **(D) ઉત્પાદકીય દેવું**
6. નીચેનામાંથી કઈ બાબતો માટે કરવામાં આવતું દેવું એ ઉત્પાદકીય છે?
   1. સિંચાઈ યોજનાઓ
   2. રસ્તાઓ બનાવવા
   3. સંદેશા વ્યવહાર માટે

   યોગ્ય વિકલ્પ પસંદ કરો:
   (A) માત્ર 1 (B) માત્ર 3 **(C) 1, 2 અને 3** (D) માત્ર 2
7. નીચેનામાંથી કયું દેવું દેશની ઉત્પાદન ક્ષમતામાં વધારો કરે છે?
   (A) ફરજિયાત દેવું **(B) ઉત્પાદકીય દેવું** (C) અનુત્પાદકીય દેવું (D) નિષ્ક્રિય દેવું
8. યુદ્ધ માટે કે જાહેર વહીવટના ખર્ચને પહોંચી વળવા માટે કરવામાં આવતું દેવું કેવા પ્રકારનું છે?
   **(A) અનુત્પાદકીય દેવું** (B) ઉત્પાદકીય દેવું (C) મરજિયાત દેવું (D) નિષ્ક્રિય દેવું
9. નીચેનાંમાંથી કયા પ્રકારના દેવાથી સરકારને આવક મળતી નથી?
   1. ઉત્પાદકીય દેવું
   2. અનુત્પાદકીય દેવું
   3. આંતરિક દેવું

   યોગ્ય વિકલ્પ પસંદ કરો:
   (A) માત્ર 1 (B) 1 અને 3 (C) 1 અને 2 **(D) માત્ર 2**
10. નીચેનાંમાંથી કયા પ્રકારના દેવાની ચુકવણી કરવેરા દ્વારા થઈ શકે નહિ?
    1. આંતરિક દેવું
    2. બાહ્ય દેવું
    3. ઉત્પાદકીય દેવું

    યોગ્ય વિકલ્પ પસંદ કરો:
    (A) 1 અને 3 **(B) માત્ર 2** (C) 1 અને 2 (D) માત્ર 1
11. જો દેવાની ચુકવણી માટે સરકાર જુદું ભંડોળ ઊભું કરે તો તેને કેવું દેવું કહે છે?
    (A) ઉત્પાદકીય દેવું (B) સક્રિય દેવું **(C) નિધિક દેવું** (D) ફરજિયાત દેવું

12. નિધિક દેવું શા માટે કરવામાં આવે છે?

**(A) કાયમી ઉત્પાદકીય અસ્કામત ઊભી કરવા.** (B) ત્વરિત ઊભી થયેલી નાણાકીય જરૂરિયાત પૂરી કરવા.

(C) ખેતી ક્ષેત્રના ખર્ચને પહોંચી વળવા. (D) ઉદ્યોગ ક્ષેત્રના વિકાસ માટે.

13. કેવા પ્રકારના દેવાની ચુકવણી સરકાર પોતાની આવકમાંથી કરે છે?

(A) નિધિક દેવું (B) ફરજિયાત દેવું (C) ઉત્પાદકીય દેવું **(D) અનિધિક દેવું**

14. અનિધિક દેવું શા માટે કરવામાં આવે છે?

(A) સેવા ક્ષેત્રે મોટા પાયે ફેરફારો કરવા. (B) કાયમી ઉત્પાદકીય અસ્કામત ઊભી કરવા.

**(C) ત્વરિત ઊભી થયેલી નાણાકીય જરૂરિયાત પૂરી કરવા.** (D) ઔદ્યોગિક વિકાસ માટે.

15. જો દેવાની ચુકવણી સરકાર નિશ્ચિત કરેલા સમય દરમ્યાન કરે તો તેને કેવા પ્રકારનું દેવું કહે છે?

(A) ઉત્પાદકીય દેવું (B) અનુત્પાદકીય દેવું **(C) નિષ્ક્રિય દેવું** (D) સક્રિય દેવું

16. કયા પ્રકારના દેવામાં સરકાર દેવાની કુલ રકમ પાછી ચૂકવવાનો કોઈ નિશ્ચિત સમય કે વાયદો આપતી નથી?

1. સક્રિય દેવું
2. નિષ્ક્રિય દેવું
3. ફરજિયાત દેવું

યોગ્ય વિકલ્પ પસંદ કરો:

**(A) માત્ર 1** (B) 1 અને 2 (C) 2 અને 3 (D) માત્ર 2

17. જાહેર દેવું થવાનાં મુખ્ય કારણો કયાં છે?

1. યુદ્ધ માટેનું ખર્ચ
2. મંદી
3. ફુગાવાને દૂર કરવો
4. આર્થિક વિકાસ
5. આર્થિક સ્થિરતા

યોગ્ય વિકલ્પ પસંદ કરો:

**(A) 1, 2, 3 અને 4** (B) 2, 3, 4 અને 5 (C) 1, 2, 3, 4 અને 5 (D) 1, 3, 4 અને 5

18. બાહ્ય લેણદારોને વ્યાજના સ્વરૂપમાં જે ચુકવણીઓ કરવામાં આવે છે તેને કયા પ્રકારનો બોજો કહે છે?

**(A) પ્રત્યક્ષ નાણાકીય બોજ** (B) પ્રત્યક્ષ વાસ્તવિક બોજ (C) પરોક્ષ નાણાકીય બોજ (D) પરોક્ષ વાસ્તવિક બોજ

19. દેવાને કારણે આર્થિક કલ્યાણમાં જે ઘટાડો થાય છે તે કેવા પ્રકારનો બોજો છે?

(A) પ્રત્યક્ષ નાણાકીય બોજ (B) પરોક્ષ નાણાકીય બોજ (C) પરોક્ષ વાસ્તવિક બોજ **(D) પ્રત્યક્ષ વાસ્તવિક બોજ**

20. નીચેનાંમાંથી કયા દેવાની ચુકવણી દરમ્યાન સંસાધનોની તબદીલી વિદેશમાં થાય છે?

(A) ઉત્પાદકીય દેવું **(B) બાહ્ય દેવું** (C) આંતરિક દેવું (D) ફરજિયાત દેવું

21. નીચેનાંમાંથી કયા દેવામાં સંસાધનોની પુનઃ વહેંચણી થાય છે?

**(A) આંતરિક દેવું** (B) બાહ્ય દેવું (C) ફરજિયાત દેવું (D) સક્રિય દેવું

22. કયા દેવાનો સમાજ પર પ્રત્યક્ષ નાણાકીય બોજ પડતો નથી?

(A) બાહ્ય દેવું (B) ફરજિયાત દેવું (C) ઉત્પાદકીય દેવું **(D) આંતરિક દેવું**

23. જાહેર દેવાને કારણે વપરાશી ખર્ચ ________ છે.

(A) વધે **(B) ઘટે** (C) સ્થિર રહે (D) ઘટતા દરે વધે

24. જાહેર દેવાને કારણે ખાનગી મૂડી રોકાણ ________ છે.

**(A) ઘટે** (B) સ્થિર રહે (C) વધે (D) ઘટતા દરે વધે

25. જાહેર ખર્ચની ઉત્પાદન પર કેવી અસર પડે છે?
(A) પ્રતિકૂળ (B) અનુકૂળ **(C) (a) અને (b) બંને** (D) અસર પડતી નથી.

26. આંતરિક દેવા અને બાહ્ય દેવામાં મૂળભૂત તફાવત છે એમ કોણ માને છે?
(A) જેન ટિનબર્જન (B) જ્યોર્જ જોસેફ સ્ટિગ્લર (C) રોનાલ્ડ કોઝ **(D) એ. પી. લર્નર**

27. રાજ્ય સરકારો કોની પાસેથી લોન લઈ શકે છે?
(A) કેન્દ્ર સરકાર (B) વિશ્વ બેંક (C) ADB **(D) ઉપરોક્ત તમામ**

28. જાહેર દેવાના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચો:
1. મહેસૂલી ખાધ ધરાવતાં રાજ્યોએ વ્યાપારી બેંકો પાસેથી લોન લેતાં અગાઉ RBIની પરવાનગી લેવી પડે છે.
2. રાજ્ય સરકારો નાણાં સંસ્થાઓ પાસેથી લોન લઈ શકે છે.
3. સામાન્ય રીતે રાજ્ય સરકારોને મળતી લોન પર વ્યાજનો દર વધારે હોય છે.
4. નાણાં પંચોએ રાજ્ય સરકારોને મળતી કેન્દ્ર સરકારની લોન પરનું ભારણ ઘટાડવા ભલામણો કરી છે.
ઉપરનાંમાંથી શું સાચું છે?
(A) 1, 4 **(B) 1, 2, 3, 4** (C) 2, 4 (D) 3, 4

29. બંધારણ હેઠળ કેન્દ્ર સરકારને શાની સત્તા છે?
1. તે રાજ્યો કેટલું દેવું લઈ શકે એ નક્કી કરી શકે છે.
2. તે રાજ્યોના દેવાની શરતો નક્કી કરી શકે છે.
ઉપરનાંમાંથી શું સાચું છે?
(A) ફક્ત 1 (B) ફક્ત 2 **(C) 1 અને 2** (D) એક પણ નહિ

30. નીચેનાં વિધાનોમાંથી કયું સાચું છે?
(A) રાજ્યોના કુલ દેવામાં સતત વધારો થતો ગયો છે. (B) કેન્દ્રના જાહેર દેવામાં સતત વધારો થતો ગયો છે.
(C) કેન્દ્રના આંતરિક દેવામાં સતત વધારો થયો છે. **(D) ઉપરોક્ત તમામ**

31. રાજ્યોના જાહેર દેવા વિશેના નીચેનાં વિધાનોમાંથી કયું સાચું છે?
(A) રાજ્યો ખર્ચ કરવામાં બેદરકાર છે તેથી દેવું વધે છે.
(B) તેઓ જાતે સંસાધનો ઊભાં કરતાં નથી માટે દેવું વધે છે.
**(C) A અને B બંને**
(D) રિઝર્વ બેંકે ધોરણો હળવાં કરતાં રાજ્યોનું દેવું વધ્યું છે.

## 60.1 આંતરિક દેવું

1. ભારત સરકારના આંતરિક દેવામાં શાનો સમાવેશ થાય છે?
(A) બજારમાં વેચાતી જામીનગીરીઓ
(B) બજારમાં ન વેચાતી જામીનગીરીઓ
(C) ટ્રેઝરી બિલ્સ
**(D) ઉપરોક્ત તમામ**

2. ભારત સરકારના જાહેર દેવામાં 90 ટકા કરતાં વધારે હિસ્સો શાનો રહ્યો છે?
(A) બાહ્ય દેવું **(B) આંતરિક દેવું**
(C) ખાનગી કંપનીઓનું દેવું (D) ઉપરનાંમાંથી એક પણ નહિ

3. માર્ચ-2013ના અંતે ભારત સરકારનું આંતરિક દેવું GDPના કેટલા ટકા હતું?
**(A) 37.3** (B) 53.5 (C) 42.6 (D) 28.7

4. ભારત સરકાર આંતરિક દેવું કોની પાસેથી લે છે?
(A) લોકો (B) વ્યાપારી બેંકો (C) સહકારી બેંકો **(D) ઉપરોક્ત તમામ**

5. ભારત સરકાર આંતરિક દેવું કોની પાસેથી લે છે?
(A) પ્રોવિડંટ ફંડ (B) કંપનીઓ (C) નાણાં સંસ્થાઓ **(D) ઉપરોક્ત તમામ**

6. ભારત સરકાર આંતરિક દેવું કોની પાસેથી લે છે?
(A) વીમા કંપનીઓ (B) RBI (C) મ્યુચ્યુઅલ ફંડો **(D) ઉપરોક્ત તમામ**

7. "આંતરિક દેવું એ દેવું નથી." - આ વિધાન કોનું છે?
**(A) એ. પી. લર્નર** (B) જેમ્સ બુકાનન (C) જે. એમ. કેઈન્સ (D) મિલ્ટન ફ્રીડમેન

8. આંતરિક દેવાનો બોજો વર્તમાન પ્રજા પર પડે છે એમ કોણ માને છે?
**(A) એ. પી. લર્નર** (B) એ. સી. પીગૂ (C) મિલ્ટન ફ્રીડમેન (D) રોનાલ્ડ કોઝ

9. આંતરિક દેવું ગમે તેટલું વધે તો પણ ચિંતાનું કારણ નથી એમ કોણ માને છે?
**(A) એ. પી. લર્નર** (B) એડમ સ્મિથ (C) જી. જે. સ્ટિગ્લર (D) જેમ્સ બુકાનન

10. આંતરિક દેવામાં સરકાર કોની પાસેથી ઉધાર લે છે?
1. લોકો
2. વેપારી બેંકો
3. નાણાકીય સંસ્થાઓ
4. કેન્દ્રીય બેંક
યોગ્ય વિકલ્પ પસંદ કરો:
**(A) 1, 2, 3 અને 4** (B) 2, 3 અને 4 (C) 1, 3 અને 4 (D) 1, 2 અને 4

11. આંતરિક દેવાનો બોજો ભવિષ્યની પ્રજા પર પડે છે એમ કોણ માને છે?
(A) આલ્ફ્રેડ માર્શલ (B) એ. પી. લર્નર (C) ડેવિડ રિકાર્ડો **(D) જેમ્સ બુકાનન**

12. ભારત સરકારના આંતરિક દેવામાં શાનો સમાવેશ થાય છે?
1. બજારમાંથી મેળવાતું ધિરાણ
2. બોન્ડ દ્વારા મેળવાતું ધિરાણ
3. નાની બચત
4. ટ્રેઝરી બિલ્સ મારફતે લેવાતી રકમ
ઉપરનાંમાંથી શું સાચું છે?
(A) 1, 2, 3 (B) 2, 3, 4 **(C) 1, 2, 3, 4** (D) 1, 3, 4

13. રાજ્ય સરકારના આંતરિક દેવામાં શાનો સમાવેશ થાય છે?
(A) પ્રોવિડન્ટ ફંડ (B) કેન્દ્ર સરકાર પાસેથી મેળવાતી લોન
(C) બેંકો અને નાણાં સંસ્થાઓ પાસેથી મેળવાતું ધિરાણ **(D) ઉપરોક્ત તમામ**

14. ભારત સરકારના જાહેર આંતરિક દેવાના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચો:
1. તે આરંભમાં વિકાસલક્ષી યોજનાઓ માટે દેવું લેતી હતી.
2. તે દેવાની રકમ મહેસૂલી ખર્ચ માટે પણ વાપરે છે.
3. તેનું આંતરિક દેવું કુલ આવકમાં લગભગ પાંચમા ભાગ કરતાં મોટો હિસ્સો ધરાવે છે.
ઉપરનાંમાંથી શું સાચું છે?
(A) ફક્ત 1 (B) ફક્ત 2 **(C) 1, 2, 3** (D) ફક્ત 3

## 60.2 બાહ્ય દેવું

1. વિદેશી દેવામાં સરકાર કોની પાસેથી દેવું લે છે?
   1. બીજા દેશની સરકાર
   2. IMF (આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ)
   3. WB (વિશ્વ બેંક)

   યોગ્ય વિકલ્પ પસંદ કરોઃ

   (A) 2 અને 3 **(B) 1, 2 અને 3** (C) 1 અને 3 (D) માત્ર 2
2. ભારતના વિદેશી દેવામાં શાનો સમાવેશ થાય છે?
   1. બહુપક્ષીય દેવું
   2. રાહતના વ્યાજના દરે પ્રાપ્ત થતું દેવું
   3. દ્વિપક્ષી દેવું
   4. વ્યાપારી દેવું

   યોગ્ય વિકલ્પ પસંદ કરોઃ

   (A) 1, 2 **(B) 1, 2, 3, 4** (C) 2, 3 (D) 3, 4
3. ભારતનું વિદેશી દેવું ભારતના રૂપિયામાં કયા દેશ માટે છે?

   (A) ચીન **(B) રશિયા** (C) જર્મની (D) જાપાન
4. ભારતના લાંબા ગાળાના વિદેશી દેવામાં શાનો સમાવેશ થાય છે?

   (A) IMFનું દેવું (B) બિન-નિવાસી ભારતીયોની થાપણો

   (C) વ્યાપારી દેવું **(D) ઉપરોક્ત તમામ**
5. ભારતના દ્વિપક્ષી વિદેશી દેવામાં શાનો સમાવેશ થાય છે?

   (A) રાહતના દરનું દેવું (B) બિન-સરકારી દેવું (C) જાહેર ક્ષેત્રનું દેવું **(D) ઉપરોક્ત તમામ**
6. ભારતના વિદેશી દેવામાં સૌથી વધુ દેવું કયું છે?

   **(A) વ્યાપારી દેવું** (B) ટૂંકા ગાળાનું દેવું

   (C) બિન-નિવાસી ભારતીયોની થાપણો (D) IMFનું દેવું
7. ભારતના રૂપિયાના દેવામાં શાનો સમાવેશ થાય છે?

   **(A) રશિયાનું સંરક્ષણ અને અન્ય દેવું** (B) IMFનું દેવું

   (C) વિશ્વ બેંકનું દેવું (D) ADBનું દેવું
8. ભારતના લાંબા ગાળાના દેવામાં શાનો સમાવેશ થાય છે?

   (A) બિન-નિવાસી ભારતીયોની થાપણો (B) રૂપિયાનું દેવું

   (C) નિકાસ ઉપરનું ધિરાણ **(D) ઉપરોક્ત તમામ**

## 61. અંદાજપત્રના પ્રકારો

1. કયા અંદાજપત્રમાં આવક અને ખર્ચ સમાન હોય છે?

   **(A) સમતોલ અંદાજપત્ર** (B) અસમતોલ અંદાજપત્ર

   (C) કામગીરી અંદાજપત્ર (D) શૂન્ય-આધારિત અંદાજપત્ર
2. અંદાજપત્ર કેવું હોય તો તેને અસમતોલ અંદાજપત્ર કહે છે?

   (A) ખાધવાળું (B) પુરાંતવાળું **(C) (a) અને (b) બંને** (D) એક પણ નહીં

3. અસમતોલ અંદાજપત્રના ખ્યાલ મુજબ તેજીના સમયગાળા દરમ્યાન અંદાજપત્ર કેવું હોવું જોઈએ?
(A) ખાધવાળું **(B) પુરાંતવાળું** (C) સમતોલ (D) અસમતોલ
4. અસમતોલ અંદાજપત્રના ખ્યાલ મુજબ મંદીમાં અંદાજપત્ર કેવું હોવું જોઈએ?
**(A) ખાધવાળું** (B) પુરાંતવાળું (C) મૂડી પુરાંતવાળું (D) મહેસૂલી પુરાંતવાળું
5. પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ કેવા પ્રકારના અંદાજપત્રમાં માનતા હતા?
(A) અસમતોલ અંદાજપત્ર **(B) સમતોલ અંદાજપત્ર**
(C) (a) અને (b) બંને (D) એક પણ નહીં
6. કયા પ્રકારના અંદાજપત્રમાં યોજનાની કામગીરીની વિગતો આપવામાં આવે છે?
(A) શૂન્ય-આધારિત અંદાજપત્ર (B) સામાન્ય અંદાજપત્ર
**(C) કામગીરી-આધારિત અંદાજપત્ર** (D) મૂડી અંદાજપત્ર
7. ભારત સરકારે કામગીરી અંદાજપત્રની વ્યવસ્થા કઈ સાલમાં દાખલ કરી હતી?
(A) 1980-81 (B) 1970-71 (C) 1956-57 **(D) 1975-76**
8. શૂન્ય-આધારિત અંદાજપત્રની શરૂઆત સૌ પ્રથમ કયા દાયકામાં થઈ હતી?
**(A) 1960** (B) 1950 (C) 1970 (D) 1980
9. શૂન્ય-આધારિત અંદાજપત્ર બનાવવાની શરૂઆત કોણે કરી હતી?
(A) હિન્દુસ્તાન લિવર **(B) ટેક્સાસ ઈન્સ્ટ્રુમેન્ટસ્ કંપની**
(C) જેનપેંગ કંપની (D) ક્રિસિલ
10. શૂન્ય-આધારિત અંદાજપત્રની શરૂઆત કોણે કરી હતી?
(A) જેમ્સ વિલ્સન (B) જિમી કાર્ટર (C) જ્યોર્જ બુશ **(D) પિટર ફિટ**
11. શૂન્ય-આધારિત અંદાજપત્ર સૌ પ્રથમ કયા દેશે અપનાવ્યું હતું?
(A) ભારત (B) ચીન **(C) અમેરિકા** (D) જાપાન
12. અમેરિકાના કયા રાજ્યમાં સૌ પ્રથમ શૂન્ય-આધારિત અંદાજપત્ર અપનાવવામાં આવ્યું હતું?
(A) ન્યૂ યોર્ક (B) ટેક્સાસ (C) પેન્સિલ્વેનિયા **(D) જ્યોર્જિયા**
13. કયા અંદાજપત્રમાં ભૂતકાળની ફાળવણીઓનો ઉલ્લેખ કરવામાં આવતો નથી?
**(A) શૂન્ય-આધારિત અંદાજપત્ર** (B) સામાન્ય અંદાજપત્ર
(C) કામગીરી-આધારિત અંદાજપત્ર (D) પરિણામ અંદાજપત્ર
14. ભારતમાં શૂન્ય-આધારિત અંદાજપત્રની શરૂઆત કઈ સાલમાં થઈ હતી?
(A) 1976 **(B) 1986** (C) 1996 (D) 2006
15. પરિણામ, વ્યૂહરચના અને પ્રવૃત્તિ એ કયા બજેટનાં તત્ત્વો છે?
(A) શૂન્ય-આધારિત અંદાજપત્ર **(B) કામગીરી અંદાજપત્ર**
(C) સમતોલ અંદાજપત્ર (D) અસમતોલ અંદાજપત્ર
16. "સરકાર અંદાજપત્રમાં ખર્ચ વધારીને એક સારું ઉદાહરણ રજૂ કરી શકે છે અને અર્થતંત્રમાં અસ્થિરતા આવતી ટાળી શકે છે." - આ વિધાન કોનું છે?
**(A) જે. એમ. કેઈન્સ** (B) મિલ્ટન ફ્રીડમેન (C) એડમ સ્મિથ (D) કે. કાર્ટર
17. શૂન્ય-આધારિત અંદાજપત્રથી કયા લાભ થાય છે?
1. સરકારના ખર્ચ ઉપર ચાંપતી નજર રહે છે.
2. આયોજન, બજેટ અને સમીક્ષા વચ્ચે સંકલન થાય છે.
3. અર્થતંત્રમાં પ્રાપ્ય સંસાધનોની કાર્યક્ષમ ફાળવણી શક્ય બને છે.

4. કામગીરી સુધારવા માટે સરકારને પ્રોત્સાહન મળે છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 3, 4 **(B) 1, 2, 3, 4** (C) 2, 3 (D) 1, 2

18. શૂન્ય-આધારિત અંદાજપત્રથી કયો લાભ થાય છે?
    1. બગાડપૂર્ણ અને નકામા ખર્ચ ઉપર નિયંત્રણ આવે છે.
    2. રાજકોષીય પરિસ્થિતિમાં સુધારો થાય છે.
    3. પ્રાથમિકતા ધરાવતાં ક્ષેત્રોમાં ખર્ચ કરવાનું વલણ વધે છે.
    4. સરકારની વિશ્વસનીયતા વધે છે.

    ઉપરનાંમાંથી શું સાચું છે?

    **(A) 1, 2, 3, 4** (B) 1, 2 (C) 2, 3, 4 (D) 1, 3, 4
19. કામગીરી અંદાજપત્રનો કયો અભિગમ બહુ લોકપ્રિય થયો નથી?

    (A) કાર્યક્રમ-આધારિત કામગીરી અંદાજપત્ર (B) પ્રવૃત્તિ-આધારિત ખર્ચ

    **(C) રોકાણલક્ષી અંદાજપત્ર** (D) કામગીરીના પ્રોત્સાહન સાથે બજેટની ફાળવણી
20. કયા પ્રકારના અંદાજપત્રમાં દરેક બાબતમાં કેટલું ખર્ચ થયું અને તેમાં શું સિદ્ધ થયું તે માપવામાં આવે છે?

    **(A) કામગીરી અંદાજપત્ર** (B) સમતોલ અંદાજપત્ર

    (C) અસમતોલ અંદાજપત્ર (D) રોકાણલક્ષી અંદાજપત્ર
21. કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરાતા દરેક વિભાગના કામગીરી અંદાજપત્રમાં શાનો સમાવેશ થાય છે?

    (A) વિભાગના કાર્યક્રમોની એકંદર કામગીરી (B) ખાતા હેઠળ કામ કરતી સંસ્થાઓની કામગીરી

    (C) મહિલાઓના વિકાસ માટેનું અંદાજપત્ર **(D) ઉપરોક્ત તમામ**
22. કામગીરી અંદાજપત્ર તૈયાર કરવાનો શો હેતુ હોય છે?
    1. સરકારી કર્મચારીઓમાં કામ પ્રત્યે જવાબદારી ઊભી થાય.
    2. પરિણામ લાવવા પર ધ્યાન કેન્દ્રિત કરાય.
    3. વધારે સારી શાસન વ્યવસ્થા ઊભી થાય.
    4. નિર્ધારિત સમયમાં લક્ષ્યાંકો પાર પડે.

    ઉપરનાંમાંથી શું સાચું છે?

    (A) 2, 4 (B) 1, 2, 3 (C) 1, 2 **(D) 1, 2, 3, 4**
23. સરકારના દરેક વિભાગ, ખાતા કે મંત્રાલયનાં કાર્ય, લક્ષ્યાંકો અને હેતુઓ નક્કી કરવામાં આવે છે. - આ વિધાન કયા અંદાજપત્ર માટે સાચું છે?

    **(A) કામગીરી અંદાજપત્ર** (B) સમતોલ અંદાજપત્ર

    (C) અસમતોલ અંદાજપત્ર (D) સામાન્ય અંદાજપત્ર
24. કોણ સમતોલ અંદાજપત્રના હિમાયતી ગણયા છે?

    **(A) પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ, મિલ્ટન ફ્રીડમેન** (B) જહોન મેનાર્ડ કેઈન્સ, મિલ્ટન ફ્રીડમેન

    (C) મિલ્ટન ફ્રીડમેન, જોસેફ સ્ટિગ્લિટ્ઝ (D) ડી. ટી. લાકડાવાલા, બી. આર. શિનોય
25. કામગીરી અંદાજપત્રના ચક્રમાં ક્રમવાર કઈ બાબતો આવે છે?

    **(A) નીતિ, આયોજન, બજેટ, કામગીરી, માપન, મૂલ્યાંકન**

    (B) મૂલ્યાંકન, નીતિ, બજેટ, આયોજન, કામગીરી, માપન

    (C) બજેટ, નીતિ, આયોજન, કામગીરી, માપન, મૂલ્યાંકન

    (D) કામગીરી, મૂલ્યાંકન, માપન, આયોજન, બજેટ, નીતિ

26. શૂન્ય-આધારિત અંદાજપત્રમાં શું કરવામાં આવે છે?
   1. ભૂતકાળમાં બજેટ અંગે જે નિર્ણયો લેવામાં આવ્યા હોય તેમને ધ્યાનમાં લેવાય નહિ.
   2. અગાઉના એકેએક નિર્ણયની સમીક્ષા થાય.
   3. વર્તમાન કાર્યક્રમો અને સૂચિત કાર્યક્રમોને એક જ સપાટી પરથી જોવાય.
   4. દરેક બાબત નવેસરથી વિચારવામાં આવે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   **(A) 1, 2, 3, 4** (B) 1, 2 (C) 2, 3 (D) 1, 2, 3

27. પરિણામ અંદાજપત્ર (outcome budget)માં શું હોય છે?
   1. જે હેતુ માટે નાણાંની જોગવાઈ કરાઈ હોય તે.
   2. હેતુ સિદ્ધ કરવા માટેના વિવિધ કાર્યક્રમો પાછળ થયેલું ખર્ચ.
   3. દરેક કાર્યક્રમ હેઠળ જે સેવા પૂરી પડાઈ હોય તેનું જથ્થામક વર્ણન.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   **(A) 1, 2, 3** (B) 1, 2 (C) 2, 3 (D) 1, 3

28. શૂન્ય-આધારિત અંદાજપત્રનો હેતુ શો છે?
   1. સરકારના તમામ અમલદારોને બજેટ બનાવવાની પ્રક્રિયામાં સામેલ કરવા.
   2. નવી પ્રવૃત્તિ શરૂ કરવા અને તે માટે નાણાકીય ફાળવણી કરવા વાજબી કારણો શોધવાં.
   3. અંદાજપત્રીય જોગવાઈઓની અસરકારકતાનું વિશ્લેષણ કરવું.
   4. જે કાર્ય સરકારે કરવાનું હોય તેના સ્પષ્ટ હેતુઓ નક્કી કરવા.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 1, 2, 3 (B) 1, 2, 4 **(C) 1, 2, 3, 4** (D) 2, 4

29. કામગીરી અંદાજપત્રમાં શાનો સમાવેશ થાય છે?
   1. જે તે વિભાગના કાર્યક્રમોની એકંદર કામગીરી.
   2. મહત્ત્વના કે નાણાકીય ખર્ચની દૃષ્ટિએ મોટા કાર્યક્રમો કે પ્રકલ્પોનો મૂલ્યાંકન અહેવાલ.
   3. ખાતા હેઠળ કામ કરતી સંસ્થાઓની કામગીરી.
   4. ખાતા હેઠળનાં જાહેર સાહસોની કામગીરી.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 2, 3, 4 (B) 1, 2, 3 (C) 3, 4 **(D) 1, 2, 3, 4**

30. કયા અંદાજપત્રમાં સરકારના નાણાકીય લક્ષ્યાંકો અને ભૌતિક લક્ષ્યાંકોની સિદ્ધિ અંગે રજૂઆત થાય છે?

   **(A) કામગીરી અંદાજપત્ર** (B) પરિણામ અંદાજપત્ર
   (C) સામાન્ય અંદાજપત્ર (D) સમતોલ અંદાજપત્ર

## 62. અંદાજપત્રની પ્રક્રિયા

### 62.1 કેન્દ્ર

1. અંદાજપત્રીય ચક્રને કેટલા તબક્કમાં વહેંચવામાં આવે છે?

   (A) બે **(B) ચાર** (C) પાંચ (D) સાત

2. અંદાજપત્રીય ચક્રના તબક્કાઓને ક્રમાનુસાર ગોઠવો:
   1. મંજૂરી
   2. અંદાજપત્રનું ઘડતર અને તેનું પ્રસ્તુતીકરણ
   3. હિસાબી તપાસણી

4. અમલ

યોગ્ય વિકલ્પ પસંદ કરો:

(A) 1, 2, 3 અને 4 (B) 4, 3, 2 અને 1 **(C) 2, 1, 4 અને 3** (D) 2, 1, 3 અને 4

3. અંદાજપત્રની દરખાસ્તો શેની માહિતી ધરાવે છે?
   1. હિસાબોનું વર્ગીકરણ
   2. ચાલુ વર્ષના અંદાજપત્રીય અંદાજો
   3. ચાલુ વર્ષના સંશોધિત અંદાજો
   4. આગામી નાણાકીય વર્ષ માટેના સૂચિત અંદાજો.

   યોગ્ય વિકલ્પ પસંદ કરો:

   (A) 1, 2, અને 3 (B) 1, 3 અને 4 (C) 1 અને 4 **(D) 1, 2, 3 અને 4**

4. અંદાજપત્રીય અંદાજો કઈ બાબતોને આવરે છે?

   (A) સ્થાયી ખર્ચાઓ (B) નવા ખર્ચાઓ **(C) (A) અને (B) બંને** (D) એક પણ નહીં

5. અંદાજપત્રીય પ્રક્રિયા કઈ કલમો અનુસાર કરવામાં આવે છે?

   (A) કલમ 110થી કલમ 115 **(B) કલમ 112થી કલમ 117**

   (C) કલમ 120થી કલમ 125 (D) કલમ 117થી કલમ 122

6. અંદાજપત્ર સરકારની આવક અને ચુકવણીને કેટલા ભાગમાં દર્શાવે છે?

   (A) 2 (B) 1 **(C) 3** (D) 5

7. અંદાજપત્રમાં સરકારની આવક અને ચુકવણીને કયા ત્રણ ભાગમાં વહેંચવામાં આવે છે?
   1. સંમિત નિધિ
   2. આકસ્મિક નિધિ
   3. જાહેર હિસાબ
   4. ખાનગી હિસાબ

   યોગ્ય વિકલ્પ પસંદ કરો:

   (A) 1, 3, અને 4 (B) 2, 3 અને 4 (C) 1, 2 અને 4 **(D) 1, 2 અને 3**

## 62.2 રાજ્ય

1. વિનિયોગ અધિનિયમ શું છે?

   (A) અંદાજપત્ર માટે રજૂ કરવામાં આવતો કાયદો

   **(B) રાજ્યના એકત્રિત નિધિમાંથી ખર્ચ કરવા માટે બંધારણની કલમ-204 હેઠળ પસાર થતો કાયદો**

   (C) રાજ્યના મૂડી ખર્ચને મંજૂર કરતો કાયદો

   (D) રાજ્યના આકસ્મિત નિધિમાંથી ખર્ચ કરવા માટે બંધારણની કલમ-202 હેઠળ પસાર થતો કાયદો

2. રાજ્યનું અંદાજપત્ર ઘડવાની પ્રક્રિયા દર વર્ષે કયારે શરૂ થાય છે?

   **(A) ચાલુ નાણાકીય વર્ષના ઓગસ્ટ માસમાં**

   (B) ચાલુ નાણાકીય વર્ષના ઓક્ટોબર માસમાં

   (C) વીતેલા નાણાકીય વર્ષના માર્ચ માસમાં

   (D) ચાલુ નાણાકીય વર્ષના જાન્યુઆરી માસમાં

3. બંધારણની કઈ કલમ હેઠળ રાજ્યપાલે ઘડેલા નિયમો અનુસાર અંદાજપત્ર તૈયાર કરવાની જવાબદારી નાણાં વિભાગને સોંપવામાં આવી છે?

   (A) કલમ- 202 **(B) કલમ- 166(3)** (C) કલમ- 243એચ (D) કલમ- 243(જી)

4. રાજ્યના અંદાજપત્ર ઘડતરના સંદર્ભમાં નીચેનાંમાંથી કયાં વિધાનો સાચાં છે?
 1. અંદાજપત્ર તૈયાર કરવાની જવાબદારી નાણાં વિભાગની છે.
 2. નાણાં વિભાગ વિવિધ વિભાગો દ્વારા સુપરત કરવામાં આવેલા વિભાગીય અંદાજોની ચકાસણી કરે છે.
 3. આવકના અંદાજ અંગે નાણાં વિભાગ આગામી વર્ષ માટેના અંદોજોને અસર કરતી ખાસ માહિતીઓ ધ્યાનમાં લે છે.
 4. સચિવોની અંદાજપત્ર બેઠકમાં તમામ વિભાગોના અંદાજોને આખરી સ્તોત્ર અપાય છે.

 (A) 1, 2, 3 (B) 1, 2, (C) 1, 3, 4 **(D) 1, 2, 3, 4**

5. રાજ્યના બજેટના સંદર્ભમાં અનુદાનની માગણીમાં કેટલો ઘટાડો કરવાને કાપ દરખાસ્ત તરીકે ઓળખવામાં આવે છે?

 **(A) રૂ. 100 કે રૂ. 1** (B) રૂ.1 લાખ (C) રૂ.1 કરોડ (D) વિધાનસભા ઈચ્છે તેટલી

6. બજેટમાં કાપ દરખાસ્ત માટે વિધાનસભ્યે કેટલા દિવસની નોટિસ આપવાની હોય છે?

 (A) 15 **(B) 3** (C) 18 (D) 8

7. બજેટના સંદર્ભમાં વિધાનસભામાં મૂકાતી કાપ દરખાસ્ત અંગનાં નીચેનાં વિધાનોમાંથી કયું સાચું છે?
 1. કોઈ પણ અનુદાનની માગણી પાછળની નીતિ પ્રત્યે નાખુશી દર્શાવવા માટે માગણીની રકમને એક રૂપિયા જેટલી ઘટાડવા કાપ દરખાસ્ત રજૂ થઈ શકે.
 2. કોઈક અનુદાનની માગણીની રકમમાં ઘટાડો કરવાની દરખાસ્ત પણ હોઈ શકે.
 3. સરકારની જવાબદારીવાળા કોઈક ક્ષેત્ર અંગે કોઈક ચોક્કસ ફરિયાદ રજૂ કરવા કાપ દરખાસ્ત રજૂ થઈ શકે.

 (A) ફક્ત 2 (B) ફક્ત 3 (C) 1, 2 **(D) 1, 2, 3**

8. રાજ્ય સરકારના બજેટના સંદર્ભમાં નીચેનાંમાંથી કયું વિધાન સાચું છે?

 (A) ખર્ચનું પૂરક પત્રક રાજ્યપાલ નક્કી કરે તે દિવસે વિધાનસભા સમક્ષ રજૂ થઈ શકે છે.
 (B) અંદાજપત્રના અમલ માટે વિનિમય વિધેયક રજૂ થાય છે.
 (C) અંદાજપત્ર રજૂ કરવામાં આવે તે દિવસે વિધાનસભામાં કોઈ ચર્ચા કરવામાં આવતી નથી.
 **(D) ઉપરોક્ત તમામ**

**9.** સમગ્ર અંદાજપત્ર વિશે વિધાનસભામાં કેટલા દિવસ ચર્ચા થાય?

 (A) **ચાર દિવસ કરતાં વધારે નહિ.** (B) લઘુતમ બે દિવસ
 (C) લઘુતમ 18 દિવસ (D) મહત્તમ 6 દિવસ

10. રાજ્યના અંદાજપત્રમાં શાની વિગતો રજૂ થાય છે?
 1. મૂડી આવક અને મહેસૂલી ખર્ચ
 2. મહેસૂલી આવક અને મહેસૂલી ખર્ચ
 3. જાહેર હિસાબ
 4. આકસ્મિક નિધિમાં લેવડદેવડ
 5. એકત્રિત નિધિમાં લેવડદેવડ

 ઉપરનાંમાંથી શું સાચું છે?

 (A) 1, 2 (B) 4, 5 (C) 3, 4, 5 (D) **1, 2, 3, 4, 5**

**11.** રાજ્યના અંદાજપત્રના સંદર્ભમાં નવા ખર્ચ અથવા નવી સેવા પરના ખર્ચ અંગેની જોગવાઈ બંધારણની કઈ કલમમાં કરવામાં આવી છે?

 (A) **કલમ-205(1)(ક)** (B) કલમ-204
 (C) કલમ-202(2) (D) કલમ-203(2)(ખ)

12. રાજ્યના અંદાજપત્રના સંદર્ભમાં વાર્ષિક નાણાંકીય પત્રકમાં શાનો સમાવેશ થાય છે?
 1. મહેસૂલી આવક 2. મહેસૂલી ખર્ચ
 3. આકસ્મિક નિધિ 4. જાહેર હિસાબ

5. એકત્રિત નિધિ

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) **1, 2, 3, 4, 5** (B) 1, 2

(C) 3, 5 (D) 3, 4, 5

13. રાજ્યના અંદાજપત્રના સંદર્ભમાં વાર્ષિક નાણાંકીય પત્રકમાં શાનો સમાવેશ થાય છે?

1. મૂડી ખર્ચ
2. મહેસૂલી ખર્ચ
3. મતપાત્ર ખર્ચ
4. બિન-મતપાત્રખર્ચ
5. યોજનાકીય ખર્ચ
6. બિન-યોજનાકીય ખર્ચ

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 2, 3, 4, 5, 6 (B) 1, 3, 5, 6

(C) **1, 2, 3, 4, 5, 6** (D) 2, 3, 5, 6

14. રાજ્યના અંદાજપત્રમાં બિન-સલામતપાત્ર ખર્ચનો અર્થ શું છે?

(A) જે ખર્ચ વિધાનસભાના મતને અધીન ન હોય તે.

(B) ભારતનાં બંધારણની કલમ-202(3) હેઠળ રાજ્યના એકત્રિત નિધિ ખાતે પાડવાનું જાહેર કરાયું હોય એવું ખર્ચ.

(C) જે ખર્ચ માટે પ્રધાનમંડળમાં મત ન લેવાય તે.

**(D) A અને B**

15. વિધામસભામાં અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા અંગેનાં નીચેનાં વિધાનોમાથી કયું વિધાન સાચું છે?

1. સામાન્ય ચર્ચા દરમ્યાન કોઈ પ્રસ્તાવ રજૂ થતો નથી.
2. તે દરમ્યાન અંદાજપત્ર મતદાન માટે મૂકાતું નથી.
3. અંદાજપત્રમાં સમાયેલા કોઈ સૈદ્ધાંતિક પ્રશ્ન વિશે તે દરમ્યાન ચર્ચા થાય છે.
4. તે દરમ્યાન આખા અંદાજપત્ર વિશે ચર્ચા થાય છે.

(A) 1, 2, 3 (B) 1, 2

(C) **1, 2, 3, 4** (D) 1, 3

## 63. જાહેર ખર્ચ

1. સરકાર દ્વારા જે ખર્ચ કરવામાં આવે છે તેને કેવું ખર્ચ કહે છે?

(A) ખાનગી ખર્ચ **(B) જાહેર ખર્ચ** (C) A અને B બંને (D) એક પણ નહીં.

2. સરકાર જાહેર ખર્ચ શા માટે કરે છે?

1. સરકારને જાળવવા.
2. સમાજ અને અર્થતંત્ર માટે.
3. બીજા દેશોને મદદ કરવા માટે.

યોગ્ય વિકલ્પ પસંદ કરોઃ

(A) 1અને 2 (B) 1 અને 3 **(C) 1, 2 અને 3** (D) 2 અને3

3. એડમ સ્મિથે જાહેર ખર્ચનું વર્ગીકરણ શેના આધારે કર્યું છે?

**(A) સરકારનાં કાર્યો** (B) સંરક્ષણ

(C) કિંમત (D) વસ્તુઓ

4. એડમ સ્મિથ સરકારનાં કાર્યોના આધારે ખર્ચના કેટલા પ્રકાર પાડે છે?
(A) 2 (B) 5 (C) 4 **(D) 3**

5. એડમ સ્મિથના મતે વ્યાપારી ખર્ચમાં શેનો સમાવેશ થાય છે?
(A) વહીવટ અને રક્ષણ **(B) ઉદ્યોગ અને વાણિજ્ય**
(C) આર્થિક વિકાસ (D) A અને B બંને

6. એડમ સ્મિથના મતે આર્થિક વિકાસ માટે જે ખર્ચ થાય છે તેને કેવું ખર્ચ કહેવાય છે?
(A) વ્યાપારી ખર્ચ (B) બિન-વિકાસલક્ષી ખર્ચ
(C) સંરક્ષણ ખર્ચ **(D) વિકાસલક્ષી ખર્ચ**

7. પ્રો. ડાલ્ટન જાહેર ખર્ચને કેટલા ભાગમાં વર્ગીકૃત કરે છે?
**(A) 2** (B) 3 (C) 4 (D) 5

8. પ્રો. ડાલ્ટન જાહેર ખર્ચને કયા બે ભાગમાં વર્ગીકૃત કરે છે?
1. વ્યાપારી ખર્ચ 2. અનુદાન
3. વિકાસલક્ષી ખર્ચ 4. ખરીદીની કિંમત
યોગ્ય વિકલ્પ પસંદ કરો:
(A) 1, 2 અને 3 (B) 1 અને 3 (C) 2 અને 4 **(D) 1 અને 4**

9. પ્રો. ડાલ્ટનના મતે અનુદાનમાં કઈ બાબતોનો સમાવેશ થાય છે?
(A) સંરક્ષણ અને વહીવટી ખર્ચ (B) શિક્ષણ માટે થતું ખર્ચ
(C) વૃદ્ધોને ચૂકવવામાં આવતું પેન્શન (D) આંતર-માળખાકીય સવલતો માટેનું ખર્ચ
યોગ્ય વિકલ્પ પસંદ કરો:
(A) 1 અને 4 (B) 1 અને 3 **(C) 2 અને 3** (D) 2 અને 4

10. એ. સી. પીગૂ જાહેર ખર્ચને કેટલા ભાગમાં વહેંચે છે?
(A) 3 **(B) 2** (C) 4 (D) 5

11. એ. સી. પીગૂ જાહેર ખર્ચને કયા બે ભાગમાં વર્ગીકૃત કરે છે?
(A) અનુદાન (B) સ્થાનાંતરિત ખર્ચ (C) વિકાસલક્ષી (D) બિન-સ્થાનાંતરિત ખર્ચ
યોગ્ય વિકલ્પ પસંદ કરો:
**(A) 2 અને 4** (B) 1અને 3 (C) 2 અને 3 (D) 1 અને4

12. એ. સી. પીગૂના મતે લોકોના ફાયદા માટે સરકાર જે ખર્ચ કરે છે તે કેવા પ્રકારનું છે?
(A) બિન-સ્થાનાંતરિત ખર્ચ **(B) સ્થાનાંતરિત ખર્ચ**
(C) A અને B બંને (D) ઉપરનાંમાંથી એક પણ નહિ.

13. સરકાર પોતાના ફાયદા માટે જે ખર્ચ કરે છે તેને એ. સી. પીગૂ કેવા પ્રકારનું કહે છે?
**(A) બિન-સ્થાનાંતરિત ખર્ચ** (B) સ્થાનાંતરિત ખર્ચ
(C) A અને B બંને (D) ઉપરનાંમાંથી એક પણ નહી.

14. વૃદ્ધોને મળતું પેન્શન એ એ. સી. પીગૂના મત મુજબ કયા પ્રકારનું ખર્ચ કહી શકાય?
(A) બિન-સ્થાનાંતરિત ખર્ચ **(B) સ્થાનાંતરિત ખર્ચ**
(C) A અને B બંને (D) એક પણ નહીં

15. જે. એસ. મિલ જાહેર ખર્ચના કેટલા પ્રકારો પાડે છે?
(A) 3 (B) 4 (C) 5 **(D) 2**

16. જે. એસ. મિલ જાહેર ખર્ચના કયા બે પ્રકારો પાડે છે?

(A) અનુદાન (B) ખરીદીની કિંમત (C) ફરજિયાત ખર્ચ (D) મરજિયાજ ખર્ચ

યોગ્ય વિકલ્પ પસંદ કરોઃ

(A) 1 અને 2 (B) 2 અને 3 **(C) 3 અને 4** (D) 1 અને 2

17. જે. એસ. મિલ સંરક્ષણ ખર્ચને કેવા પ્રકારનું ખર્ચ કહે છે?

**(A) ફરજિયાત ખર્ચ** (B) મરજિયાત ખર્ચ

(C) વહીવટી ખર્ચ (D) સ્થાનાંતરિત ખર્ચ

18. જે. એસ. મિલના મતે મરજિયાત ખર્ચમાં શેનો સમાવેશ થાય છે?

1. સંરક્ષણ ખર્ચ 2. શિક્ષણ માટે થતું ખર્ચ 3. આરોગ્ય માટે થતું ખર્ચ

ઉપરનાંમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરોઃ

(A) માત્ર 1 (B) માત્ર 2 (C) 1, 2 અને 3 **(D) 2 અને 3**

19. પ્રો. જે. આર. હિક્સ જાહેર ખર્ચને કેટલા ભાગમાં વહેંચે છે?

**(A) 3** (B) 2 (C) 5 (D) 4

20. પ્રો. જે. આર. હિક્સ જાહેર ખર્ચને ક્યા ત્રણ ભાગમાં વહેંચે છે?

1. સ્થાનાંતરિત ખર્ચ
2. સંરક્ષણ ખર્ચ
3. ફરજિયાત ખર્ચ
4. નાગરિક ખર્ચ
5. વિકાસલક્ષી ખર્ચ

યોગ્ય વિકલ્પ પસંદ કરોઃ

(A) 1, 2 અને 4 **(B) 2, 4 અને 5** (C) 2, 3 અને 4 (D) 1, 3 અને 5

21. જોડકાં જોડોઃ

| I | II |
|---|---|
| (a) જે. એસ. મિલ | (1) નાગરિક ખર્ચ |
| (b) એ. સી. પીગૂ | (2) મરજિયાત ખર્ચ |
| (c) પ્રો. જે.આર. હિક્સ | (3) ખરીદીની કિંમત |
| (d) પ્રો. ડાલ્ટન | (4) સ્થાનાંતરિત ખર્ચ |

યોગ્ય વિકલ્પ પસંદ કરોઃ

| | a | b | c | d |
|---|---|---|---|---|
| **(A)** | **2** | **4** | **1** | **3** |
| (B) | 1 | 3 | 4 | 2 |
| (C) | 4 | 2 | 1 | 3 |
| (D) | 3 | 1 | 4 | 2 |

22. જાહેર ખર્ચનો મુખ્ય ઉદ્દેશ કયો છે?

1. કાયદો અને વ્યવસ્થાની જાળવણી
2. આર્થિક વૃદ્ધિ અને વિકાસ
3. અસમાનતા ઘટાડવી
4. આર્થિક સ્થિરતા વધારવી

ઉપરનાંમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો:

(A) 1, 2 અને 3 (B) 2, 3 અને 4

**(C) 1, 2, 3 અને 4** (D) 1, 2 અને 4

23. જાહેર ખર્ચ વધવાનાં કારણો કયાં છે?

1. વિકાસલક્ષી કાર્યો
2. યુદ્ધ અને બાહ્ય સંરક્ષણ
3. આંતરિક અને બાહ્ય સુરક્ષા
4. કલ્યાણ રાજ્યનો આદર્શ
5. વસ્તી વધારો
6. આર્થિક આયોજન

ઉપરનાંમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો:

(A), 2, 4, 5 અને 6 (B) 1, 2, 4 અને 6

(C) 3, 4, 5 અને 6 **(D) 1, 2, 3, 4, 5 અને 6**

24. જાહેર ખર્ચ વધવાને કારણે કાર્ય અને બચત કરવાની શક્તિમાં શું થાય છે?

**(A) વધે** (B) ઘટે (C) સ્થિર રહે (D) કહી ન શકાય

25. એડોલ્ફ વેગ્નરે કઈ સાલમાં જાહેર ખર્ચનો સિદ્ધાંત આપ્યો હતો?

(A) 1895 (B) **1890** (C) 1900 (D) 1905

26. એડોલ્ફ વેગ્નરના મતે જો જાહેર ખર્ચ ________ ________ તો આર્થિક વિકાસ ઝડપી બને.

(A) **વધે** (B) ઘટે (C) સ્થિર રહે (D) નક્કી ન થઈ શકે.

## 63.1 જાહેર ખર્ચ ઉપર અંકુશ

1. જાહેર ખર્ચ ઉપર અંકુશ હોવાનો ઉદ્દેશ શું છે?

(A) જાહેર ખર્ચ ઓછું થાય. (B) જાહેર ખર્ચ ઘટે.

**(C) સરકાર દ્વારા થતા ખર્ચથી લોકોને યોગ્ય સેવા મળે.** (D) ઉપરોક્ત તમામ

2. ભારતમાં સરકારના જાહેર ખર્ચ ઉપર કેવી રીતે અંકુશ આવે છે?

(A) અંદાજ સમિતિ દ્વારા (B) જાહેર હિસાબ સમિતિ દ્વારા

(D) જાહેર સાહસ સમિતિ દ્વારા **(D) ઉપરોક્ત તમામ**

3. ભારતમાં જાહેર ખર્ચ ઉપર કેવી રીતે અંકુશ ઊભો થાય છે?

(A) નીતિ ઘડતર ઉપર નિયંત્રણ (B) નીતિના અમલ ઉપર દેખરેખ

(C) સરકારના બજેટ ઘડતર ઉપર અંકુશ **(D) ઉપરોક્ત તમામ**

4. ભારતમાં જાહેર ખર્ચ ઉપર કેવી રીતે અંકુશ ઊભો થાય છે?

(A) મતપાત્ર ખર્ચ જેના માટે મંજૂરી મળી હોય તે માટે જ થયું હોય એની કાળજી રખાય.

(B) CAG ના અહેવાલ વિશે જાહેર હિસાબ સમિતિ ચર્ચા કરે.

**(C) A અને B બંને**

(D) A અને B માંથી એક પણ નહિ

5. ભારતમાં જાહેર સાહસ સમિતિની રચના ક્યારે થઈ?

(A) 1950 **(B) 1964** (C) 1952 (D) 1957

6. ભારતમાં જાહેર હિસાબ સમિતિની રચના ક્યારે થઈ?

(A) 1959 **(B) 1956** (C) 1953 (D) 1950

7. રાજ્યોમાં બંધારણની કઈ કલમને આધારે જાહેર હિસાબ સમિતિની રચના વિધાનસભામાં કરવામાં આવે છે?

**(A) કલમ- 208(1)** (B) કલમ- 243 જી

(C) કલમ-320 (D) કલમ-302

8. જાહેર ખર્ચ ઉપર અંકુશ રાખવાનું સૌથી વધુ મોટું શસ્ત્ર કયું છે?

**(A) સંસદમાં થતી ચર્ચા** (B) માધ્યમોમાં ઉઠાવાતા મુદ્દા

(C) સંસદની સમિતિઓ (D) કારોબારી સમિતિઓ

9. જાહેર ખર્ચ ઉપર અસરકારક અંકુશ શા માટે ઊભો થતો નથી?

(A) સંસદમાં ચર્ચા માટે પૂરતો સમય હોતો નથી.

(B) સરકારને શાસક પક્ષના સાંસદો હંમેશાં ટેકો આપે છે.

(C) બજેટમાં વપરાતા પારિભાષિક શબ્દોની બધા સાંસદોને સમજ પડતી નથી.

**(D) ઉપરોકત તમામ**

10. જાહેર ખર્ચ ઉપર અસરકારક અંકુશ ઊભો ન થવાનું કારણ શું છે?

1. સંસદમાં કરવેરા વિશે જેટલી ચર્ચા થાય છે એટલી સરકારના ખર્ચ વિશે ચર્ચા થતી નથી.
2. સરકારની નીતિ વિશે જ સંસદમાં વધારે ચર્ચા થાય છે.
3. દરેક વિભાગના દરેક ખર્ચ વિશે વિગતવાર ચર્ચા સંસદમાં થતી જ નથી.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) ફક્ત 3 (B) ફક્ત 2 **(C) 1, 2, 3** (D) 1, 2

11. ભારત સરકારનું નાણાં મંત્રાલય જાહેર ખર્ચ ઉપર કેવી રીતે અંકુશ રાખે છે?

(A) નીતિઓને સૈદ્ધાંતિક મંજૂરી (B) કાર્યક્રમોને સૈદ્ધાંતિક મંજૂરી

(C) બજેટના અંદાજોમાંની જોગવાઈઓનો સ્વીકાર (D) ખર્ચ કરતાં પહેલાં આગોતરી મંજૂરી

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 3 (B) 2, 3, 4 (C) **1, 2, 3, 4** (D) 1, 2, 4

12. સરકારના જાહેર ખર્ચ ઉપર નિયંત્રણ આવે તેવો FRBM કાયદો સંસદે ક્યારે ઘડ્યો?

(A) 2007 (B) 2005 **(C) 2003** (D) 2001

## 64. હિસાબી પદ્ધતિઓ

1. હિસાબી નોંધમાં જે હકીકતોને નોંધવામાં આવે છે તેને શું કહે છે?

**(A) લેવડ-દેવડના વહેવારો** (B) હિસાબી તપાસણી

(C) હિસાબોનું વિભાગીકરણ (D) ઉપરોક્ત તમામ

2. હિસાબીકરણમાં શેનો સમાવેશ થાય છે?

(A) માહિતીની નોંધ (B) માહિતીનું વર્ગીકરણ

(C) માહિતીનું સંક્ષેપીકરણ **(D) ઉપરોક્ત તમામ**

3. દ્વિનોંધી નામા પદ્ધતિ શેની ઉપર આધારિત છે?

(A) કલ્પના **(B) હકીકતો** (C) (A) અને (B) બંને (D) ઓડીટ

4. સરકારી હિસાબીકરણ માટે કઈ પદ્ધતિ વાપરવામાં આવે છે?

(A) દ્વિનોંધી નામા પદ્ધતિ (B) મૂલ્ય પદ્ધતિ

**(C) એકનોંધી નામા પદ્ધતિ** (D) ઉપરોક્ત તમામ

5. નિયંત્રક અને સત્તાવાર હિસાબ તપાસનીશને લગતો કાયદો ક્યારે પસાર કરવામાં આવ્યો?

**(A) 1971** (B) 1980 (C) 1989 (D) 1981

6. કઈ સાલમાં ભારત સરકારે હિસાબી તપાસણીમાંથી હિસાબી જાળવણી છૂટી કરવાની યોજના મંજૂર કરી હતી?

**(A) 1971** (B) 1973 (C) 1975 (D) 1977

7. હિસાબોની વિભાગીકરણની યોજના ક્યારે દાખલ કરવામાં આવી હતી?
(A) 1 એપ્રિલ 1986
**(B) 1 એપ્રિલ, 1976**
(C) 1 મે, 1980
(D) 1 મે, 1989

8. કેન્દ્ર સરકારની સૂચનાઓ પ્રમાણે સમગ્ર મંત્રાલયના હિસાબોની સારણી તૈયાર કરવાનું કામ કોણ કરે છે?
**(A) એકીકૃત નાણાકીય સલાહકાર**
(B) નાણાં મંત્રી
(C) મુખ્ય મંત્રી
(D) ગૃહ મંત્રી

9. સ્વાયત્ત સંસ્થાઓ, નિગમો, સત્તાધીશો, ગ્રાંટ્સ, ધિરાણો વગેરેની ચુકવણીની વ્યવસ્થા કોણ કરે છે?
(A) મુખ્ય મંત્રી
(B) નાણાં મંત્રી
(C) ગૃહ મંત્રી
**(D) એકીકૃત નાણાકીય સલાહકાર**

10. એકીકૃત નાણાકીય સલાહકાર મુખ્ય હિસાબી સત્તાધીશ વતી કઈ ફરજો બજાવે છે?
1. દરેક ખાતાનું અંદાજપત્ર તૈયાર કરવું.
2. સંચાલકીય હિસાબોની કાર્યકુશળ પદ્ધતિ રજૂ કરવી.
3. પગાર, ભથ્થાં, કાર્યાલયોના આકસ્મિક અને વિવિધ પરચુરણ ખર્ચાઓની ચુકવણીની વ્યવસ્થા કરવી.
યોગ્ય વિકલ્પ પસંદ કરો:
(A) 1 અને 3
(B) 2 અને 3
(C) 1 અને 2
**(D) 1, 2 અને 3**

11. ભારત સરકારે ક્યારે વહીવટી સુધારણા આયોગનું ગઠન કર્યું હતું?
**(A) 1966**
(B) 1976
(C) 1986
(D) 2006

12. ભારત સરકારે વહીવટી સુધારણા આયોગની સૂચના હેઠળ જે સમિતિની રચના કરી તેમાં કોનો સમાવેશ કરવામાં આવ્યો હતો?
(A) નાયબ CAG
(B) નાણાં મંત્રાલયના સંયુક્ત સચિવ
(C) આયોજન પંચના પ્રતિનિધિ
**(D) ઉપરોક્ત તમામ**

13. સુધારેલ હિસાબીકરણના માળખાનો અમલ ભારત સરકારે ક્યારે કર્યો હતો?
(A) 1972
(B) 1977
**(C) 1974**
(D) 1966

14. વિભાગીય વર્ગીકરણે સરકારી કાર્યોને કેટલા જૂથમાં વિભાજિત કર્યાં છે?
(A) બે
**(B) ત્રણ**
(C) પાંચ
(D) સાત

15. સામાન્ય સેવાઓના વિભાગમાં શેનો સમાવેશ થાય છે?
1. પોલિસ
2. સંરક્ષણ દળો
3. અગ્નિશમન
4. વિદેશી બાબતો
યોગ્ય વિકલ્પ પસંદ કરો:
(A) 1, 2 અને 3
(B) 2, 3 અને 4
(C) 1, 3 અને 4
**(D) 1, 2, 3 અને 4**

16. સામાજિક સેવાઓના વિભાગમાં કઈ બાબતોનો સમાવેશ કરવામાં આવે છે?
1. શિક્ષણ
2. તબીબી રાહત
3. રહેઠાણ
4. સામાજિક સલામતી
5. કલ્યાણ

યોગ્ય વિકલ્પ પસંદ કરો:

(A) 1, 2, 3 અને 4 (B) 1, 2 અને 5 (C) 1, 3, 4 અને 5 **(D) 1, 2, 3, 4 અને 5**

17. આર્થિક સેવાઓના વિભાગમાં શેનો સમાવેશ કરવામાં આવે છે?

1. ઉત્પાદન
2. વ્યાપાર
3. વહેંચણી
4. નિયંત્રણ

યોગ્ય વિકલ્પ પસંદ કરો:

(A) 2, 3 અને 4 (B) 1 અને 4 (C) 1, 2 અને 4 **(D) 1, 2, 3 અને 4**

18. કોઈ એક પ્રવૃત્તિ કે કાર્યની કિંમત નક્કી કરવા માટે હિસાબોનું પૃથક્કરણ કરવામાં આવે તેને શું કહે છે?

(A) મૂલ્ય નિર્ધારિત હિસાબીકરણ (B) મૂડી ખર્ચ

(C) સંચાલકીય હિસાબીકરણ (D) હિસાબોનું વિભાગીકરણ

19. લોકશાહીના ચાર સ્તંભો કયા છે?

1. સંસદ
2. ન્યાયતંત્ર
3. વર્તમાનપત્રો
4. ઓડિટ
5. ચૂંટણી
6. બેંક

યોગ્ય વિકલ્પ પસંદ કરો:

(A) 1, 5, 6 અને 2 **(B) 1, 2, 3 અને 4**

(C) 3, 4, 5 અને 6 (D) 1, 3, 5 અને 6

20. બીજા વિશ્વ યુદ્ધ પૂર્વેના સમયના ઓડિટનાં મુખ્ય ઘટકો કયાં હતાં?

1. અંદાજપત્રીય જોગવાઈઓએ લગતું ઓડિટ
2. ખર્ચને અપાયેલી મંજૂરીને લગતું ઓડિટ
3. હિસાબો અને નાણાં વિનિયોગને લગતું ઓડિટ
4. ખર્ચાઓને લગતું ઓડિટ
5. યોગ્ય આચરણને લગતું ઓડિટ

યોગ્ય વિકલ્પ પસંદ કરો:

(A) 1, 2, 3 અને 4 (B) 1, 3, 4 અને 5

(C) 2, 3, 4 અને 5 **(D) 1, 2, 3, 4 અને 5**

21. પ્રાથમિક તબક્કામાં પારંપારિક ઓડિટ શેની સાથે સંબંધ ધરાવતું હતું?

(A) કાર્યદક્ષતા (B) અસરકારકતા **(C) કરકસર** (D) વિકાસ

22. મધ્ય તબક્કામાં પારંપારિક ઓડિટ શેની સાથે સંબંધ ધરાવતું હતું?

(A) કરકસર (B) કાર્યદક્ષતા **(C) (A) અને (B) બંને** (D) અસરકારતા

23. વર્તમાન તબક્કામાં પારંપારિક ઓડિટ શેની સાથે સંબંધ ધરાવે છે?

(A) કરકસર (B) કાર્યદક્ષતા (C) અસરકારકતા **(D) ઉપરોક્ત તમામ**

24. કાનૂની ઓડિટમાં શેનો સમાવેશ થાય છે?
   1. નામા પદ્ધતિનું ઓડિટ
   2. વિનિયોગ ઓડિટ
   3. વહીવટી ઓડિટ

   યોગ્ય વિકલ્પ પસંદ કરોઃ

   (A) માત્ર 2 **(B) બધાં જ** (C) 1 અને 3 (D) માત્ર 3

25. આંતરિક ઓડિટના ઉદ્દેશો કયા છે?
   1. આંતરિક અંકુશોની વિશ્વાસપાત્રતા ચકાસવી.
   2. ગેરરીતિઓ થતી અટકાવવી.
   3. હિસાબી અને અહેવાલો આપવાની પદ્ધતિઓની પર્યાપ્તતા ચકાસવી.

   યોગ્ય વિકલ્પ પસંદ કરોઃ

   (A) માત્ર 2 (B) 1 અને 3 **(C) બધાં જ** (D) માત્ર 1

26. નાણાકીય ઓડિટને કયા ખાતા દ્વારા હાથ ધરવામાં આવે છે?

   **(A) ભારતીય ઓડિટ અને હિસાબી ખાતું** (B) શિક્ષણ અને આરોગ્ય ખાતું

   (C) સંરક્ષણ ખાતું (D) ઉપરોક્ત તમામ

27. આવકોના ઓડિટમાં શેનો સમાવેશ થાય છે?

   (A) કેન્દ્ર કક્ષાના આવક વેરા (B) આયાત-નિકાસ વેરા

   (C) આબકારી જકાતની આવક **(D) ઉપરોક્ત તમામ**

## 65. CAG

1. કેગની નિમણૂક કોણ કરે છે?

   **(A) રાષ્ટ્રપતિ** (B) ઉપરાષ્ટ્રપતિ (C) વડા પ્રધાન (D) કોલેજિયમ સીસ્ટમ

2. રાજ્યના હિસાબો અંગેના કેગના અહેવાલ સૌ પ્રથમ કોના સમક્ષ રજૂ થાય છે?

   **(A) રાજ્યપાલ** (B) મુખ્ય સચિવ (C) વિધાનસભાના સ્પીકર (D) મુખ્ય પ્રધાન

3. કેગને હોદ્દા પરથી દૂર કેવી રીતે કરી શકાય?

   (A) સંસદનાં બન્ને ગૃહોના બહુમતી ઠરાવથી

   (B) પ્રધાનમંડળના ઠરાવથી

   **(C) સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિને જે રીતે હોદ્દા પરથી દૂર કરાય તે રીતે**

   (D) રાષ્ટ્રપતિ દ્વારા વડા પ્રધાનની સલાહથી

4. કેગ કોની સમક્ષ શપથ લે છે?

   (A) લોક સભાના સ્પીકર **(B) રાષ્ટ્રપતિ** (C) વડા પ્રધાન (D) ઉપરાષ્ટ્રપતિ

5. કેન્દ્રના હિસાબો અંગેના કેગના અહેવાલો સૌ પ્રથમ કોના સમક્ષ રજૂ થાય?

   (A) વડા પ્રધાન (B) લોકસભાના સ્પીકર (C) ઉપરાષ્ટ્રપતિ **(D) રાષ્ટ્રપતિ**

6. રાજ્ય સરકારની કંપનીઓનું ઓડિટ કેગ કયા કાયદા હેઠળ કરે છે?

   **(A) કંપની ધારો** (B) રાજકોષીય જવાબદારી અને સંચાલન ધારો

   (C) સેબી ધારો (D) ઉપરનાંમાંથી એક પણ નહીં.

7. ભારતના બંધારણની કઈ કલમોમાં કેગ વિશે જોગવાઈ કરાઈ છે?

   (A) કલમ-12થી 35 (B) કલમ-243જીથી 243પી

   **(C) કલમ-148થી 151** (D) કલમ-350થી 356

8. (1) કેગનો અહેવાલ વિધાનસભા સમક્ષ રજૂ થાય તે જોવાની જવાબદારી રાજ્યપાલની છે.
   (2) કેગનો અહેવાલ સંસદ સમક્ષ રજૂ થાય તે જોવાની જવાબદારી રાષ્ટ્રપતિની છે.
   (3) રાજ્ય સ્તરે કેગની નિમણૂક રાજ્યપાલ કરે છે.
   (4) રાજ્ય સ્તરે કેગના હિસાબો પ્રધાનમંડળ સમક્ષ રજૂ થાય છે.
   ઉપરનાંમાંથી શું સાચું છે?
   (A) 1, 3, 4 **(B) 1, 2** (C) 1, 2, 3 (D) 2, 3, 4
9. કેગના હોદ્દાની મુદ્દત કેટલી હોય છે?
   **(A) 5 વર્ષ અથવા 65 વર્ષની વય** (B) 6 વર્ષ અથવા 65 વર્ષની વય
   (C) 4 વર્ષ અથવા 65 વર્ષની વય (D) 6 વર્ષ અથવા 62 વર્ષની વય
10. "ભારતના બંધારણ હેઠળ સૌથી મહત્ત્વના અધિકારી કેગ છે" - એવું કોણે કહ્યું હતું?
   (A) જવાહરલાલ નેહરુ **(B) ડૉ. ભીમરાવ આંબેડકર**
   (C) ક. મા. મુન્શી (D) સરદાર પટેલ
11. કેગની ફરજો, સત્તાઓ અને સેવાની શરતો અંગેનો કાયદો ક્યારે ઘડાયો?
   (A) 1954 **(B) 1971** (C) 1976 (D) 1968
12. કેગ દ્વારા ઓડિટની જરૂર શા માટે છે?
   1. નાણાકીય વહીવટ ઉપર ધારાકીય નિયંત્રણ માટે.
   2. વહીવટમાં ઉત્તરદાયિત્વ લાવવા માટે.
   3. વહીવટ ઉપર બાહ્ય નિયંત્રણ લાવવા માટે.
   4. બિન-અધિકૃત ખર્ચ ઉપર અંકુશ લાવવા માટે.
   ઉપરનાંમાંથી શું સાચું છે?
   (A) 3, 4 **(B) 1, 2, 3, 4** (C) 1, 2 (D) 1, 2, 3
13. કેગ કોને પોતાનું રાજીનામું સુપરત કરે છે?
   **(A) રાષ્ટ્રપતિ** (B) લોકસભાના સ્પીકર (C) ઉપરાષ્ટ્રપતિ (D) વડા પ્રધાન
14. સંસદે કેગની ફરજો, સત્તાઓ અને સેવાની શરતો અંગેના કાયદામાં ક્યારે સુધારો કર્યો?
   (A) 1971 **(B) 1976** (C) 1981 (D) 1985
15. સંસદે કેગની ફરજો, સત્તાઓ અને સેવાની શરતો અંગેના કાયદામાં 1976માં શાને માટે સુધારો કર્યો?
   **(A) કેન્દ્ર સરકારના હિસાબો અને ઓડિટને અલગ કરવા.**
   (B) રાજ્યો માટે અલગ કેગની નિમણૂક કરવા.
   (C) કેગની હોદ્દાની મુદ્દત ઘટાડવા.
   (D) કેગ દ્વારા થતા ઓડિટનો વ્યાપ વધારવા.
16. બંધારણની કલમ-279માં શાની જોગવાઈ કરાઈ છે?
   1. કેગ કોઈ પણ વેરા કે જકાતની ચોખ્ખી આવક નક્કી કરે.
   2. કેગ રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકારની કુલ મહેસૂલી આવક નક્કી કરો.
   3. કેગ વેરા કે જકાતની ચોખ્ખી આવક વિશેનું પ્રમાણપત્ર આપે.
   4. કેગ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોની કુલ આવક વિશે પ્રમાણપત્ર આપે.
   ઉપરનાંમાંથી શું સાચું છે?
   (A) 1, 2 (B) 2, 3 **(C) 1, 3** (D) 2, 4

17. કેગ વિશે નીચેનાં વિધાનો વાંચો:

1. કેગના ઑડિટ અહેવાલો દ્વારા કારોબારીની સંસદ સમક્ષની જવાબદારી સુનિશ્ચિત થાય છે.
2. કેગ સંસદના એજન્ટ તરીકે કામ કરે છે.
3. કેગ માત્ર સંસદને જ જવાબદાર છે.
4. કેગની મંજૂરી પછી જ ભારતના એકત્રિત નિધિમાંથી કેન્દ્ર સરકાર નાણાં ઉપાડી શકે છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 4 (B) 1, 3 (C) 2, 3 **(D) 1, 2, 3**

## 66. જાહેર ક્ષેત્ર

1. નીચેનાં વિધાનો વાંચો:

1. 1991ની ઔદ્યોગિક નીતિ પછી પણ જાહેર ક્ષેત્રનું મહત્ત્વ ભારતીય અર્થતંત્ર તદ્દન ઘટી ગયું નથી.
2. જાહેર સાહસોમાં ફાળો ભારતના જીડીપીમાં 30% કરતાં વધારે છે.
3. ખાનગી કંપનીઓના શેર જાહેર ક્ષેત્રની કંપનીઓ પણ ખરીદે છે.
4. આઝાદી બાદના તરતના ગાળામાં મજબૂત જાહેર ક્ષેત્ર એક રાજકીય જરૂરિયાત પણ હતી.

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 3, 4** (B) 1, 2, 3, 4 (C) 2, 3, 4 (D) 1, 2, 4

2. ભારતમાં જાહેર સાહસોની સ્થાપના પાછળનો હેતુ કયો રહ્યો છે?

(A) દેશનો આર્થિક વૃદ્ધિ દર ઊંચો લઈ જવો.
(B) વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદનમાં સ્વાવલંબન સિદ્ધ કરવું.
(C) વ્યાપાર તુલામાં લાંબે ગાળે સંતુલન સિદ્ધ કરવું.
**(D) ઉપરોક્ત તમામ**

3. જાહેર સાહસોનું મહત્ત્વ કઈ રીતે છે?

1. નિકાસ કરવામાં તેમનું પ્રદાન મોટું છે.
2. સંગઠિત ક્ષેત્રે રોજગારીના સર્જનમાં તેઓ મોટો ફાળો આપે છે.
3. તેઓ આર્થિક સ્વાલંબન સિદ્ધ કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.
4. જીડીપીમાં તેમનો ફાળો મોટો છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3, 4** (B) 1, 2, 3 (C) 2, 3, 4 (D) 1, 3, 4

4. જાહેર સાહસ પુનર્રચના બોર્ડની રચના ભારત સરકારે ક્યારે કરી?

(A) 2005 (B) 2014 (C) 2006 **(D) 2004**

5. જાહેર સાહસોની કામગીરીમાં મહત્ત્વનાં ક્ષેત્રોમાં શાનો સમાવેશ થાય છે?

(A) કોલસો (B) વીજળી (C) પેટ્રોલિયમ (D) દૂરસંચાર

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3, 4** (B) 2, 3 (C) 1, 2 (D) 3, 4,

6. જાહેર સાહસ પુનર્રચના બોર્ડ શું કરે છે?

1. તે જાહેર સાહસોમાં મૂડીરોકાણ કરે છે.
2. તે જાહેર સાહસોના પુનરુત્થાન માટે સલાહ આપે છે.
3. તે જાહેર સાહસોને બંધ કરી દેવાની દરખાસ્ત કરે છે.

4. તે જાહેર સાહસોનું પુનરુત્થાન હાથ ધરે છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 2, 4 **(B) 2, 3** (C) 1, 4 (D) 1, 2, 3, 4

7. માર્ચ-2013ના અંતે કેન્દ્ર સરકારના જાહેર સાહસોની સંખ્યા કેટલી હતી?

(A) 236 (B) 277 (C) 134 (D) 168

8. માર્ચ-2013ના અંતે કેન્દ્ર સરકારે તેનાં જાહેર સાહસોમાં આશરે કેટલું રોકાણ કરેલું હતું?

**(A) રૂ. 8.51 લાખ કરોડ** (B) રૂ. 25.10 લાખ કરોડ

(C) રૂ. 28.23 લાથ કરોડ (D) રૂ. 16.13 લાખ કરોડ

9. 2012-13 માં કેન્દ્રનાં કેટલા જાહેર સાહસો નફો કરતાં હતાં?

(A) 48 **(B) 149** (C) 222 (D) 81

10. કેન્દ્ર સરકારનાં જાહેર સાહસોમાં સૌથી વધુ ખોટ કોણ કરે છે?

**(A) BSNL** (B) SAIL (C) GAIL (D) MTNL

11. કેન્દ્ર સરકારનાં જાહેર સાહસોમાં સૌથી વધુ નફો કોણ કરે છે?

**(A) ONGC** (B) BSNL (C) GAIL (D) CIL

12. માર્ચ-2009 સુધીમાં ભારત સરકારનાં કેટલાં સાહસો મુંબઈ શેર બજારમાં નોંધાયેલાં હતાં?

(A) 92 (B) 277 (C) 149 **(D) 41**

13. ભારત સરકારનાં જાહેર સાહસોમાં નવરત્ન કોને કહેવામાં આવે છે?

(A) તે મિનીરત્ન-1 હોય.

(B) છેલ્લા પાંચ એમઓયુમાંથી 3 એમઓયુમાં તેનું રેટિંગ ઘણું સારું હોય.

(C) નક્કી કરાયેલા કામગીરીના માપદંડોમાં તે 60 કે તેથી વધુ ગુણ ધરાવનારી કંપની હોય.

**(D) ઉપરોક્ત તમામ**

14. ભારત સરકારનાં જાહેર સાહસોમાં મહારત્ન કોને કહેવામાં આવે છે?

(A) તે નવરત્ન હોય.

(B) શેરબજારમાં સેબીની માર્ગરિખાઓ અનુસાર શેર ધરાવતી કંપની હોય.

(C) છેલ્લાં ત્રણ વર્ષ દરમ્યાન તેનું વાર્ષિક કામકાજ રૂ. 25000 કરોડ કરતાં વધારે હોય.

**(D) ઉપરોક્ત તમામ**

15. ભારત સરકારનાં કયાં સાહસો મહારત્ન છે?

(A) IOC, ONGC, NTPC, SAIL (B) SAIL, GAIL, NTPC

(C) GAIL. ONGC, NTPC **(D) IDPL, HPC, ONGC, NTPC**

16. ભારત સરકારના કયા સાહસને મહારત્ન તરીકે ઓળખવામાં આવે છે?

1. જેની આંતરરાષ્ટ્રીય બજારમાં મહત્વની હાજરી હોય.
2. છેલ્લાં 3 વર્ષ દરમ્યાન જેની સરેરાશ ચોખ્ખી વાર્ષિક સંપત્તિ રૂ. 15000 કરોડ હોય.
3. છેલ્લાં 3 વર્ષ દરમ્યાન જેનો સરેરાશ ચોખ્ખો વાર્ષિક નફો રૂ. 5000 કરોડ કરતાં વધારે હોય.
4. **ઉપરોક્ત તમામ**

17. ભારત સરકારનાં જાહેર સાહસો માટે મહારત્ન યોજના ક્યારે દાખલ કરવામાં આવી?

(A) 2003-04 (B) 2001-02 (C) 2014-15 **(D) 2010-11**

18. ભારતમાં રાજ્ય સ્તરનાં જાહેર સાહસો કેવી રીતે અસ્તિત્વમાં આવ્યો છે?

1. રાજ્યોની વિધામસભાઓના કાયદા દ્વારા.

2. કંપની દ્વારા-1956 હેઠળ જોઈન્ટ સ્ટોક કંપની તરીકે

3. સોસાયટીઝ એક્ટ-1912 હેઠળ સરકારી મંડળીઓ તરીકે

**4. ઉપરોક્ત તમામ.**

19. 1. રાજ્ય સ્તરનાં મોટા ભાગનાં સાહસો ખોટ કરે છે.

2. 1991 પછી પણ રાજ્ય સ્તરનાં સાહસોમાં રાજ્ય સરકારોનું રોકા વધતું ગયું છે.

3. રાજ્ય સ્તરનાં જાહેર સાહસોમાં મોટા ભાગનાં સાહસો ઉત્પાદન ક્ષેત્રમાં છે.

4. કામદારનું હિત સાચવવા માટે રાજ્ય સરકારોએ માંદાં ખાનગી એકમો સરકાર હસ્તક કર્યાં.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) ફક્ત 4 (B) ફક્ત 2 **(C) 1, 2, 3, 4** (D) 2, 3, 4

20. ભારતમાં રાજ્ય સ્તરનાં જાહેર સાહસો કયાં રાજ્યમાં છે?

(A) પશ્ચિમ બંગાળ (B) ગુજરાત

(C) બિહાર **(D) કેરળ**

## 66.1 સ્વાયત્તતા

1. ભારતમાં જાહેર ક્ષેત્રમાં સ્વાયત્તતા માટેનું તંત્ર ક્યારે ઊભું કરવામાં આવ્યું?

**(A) 1987-88** (B) 1991-92 (C) 1995-96 (D) 1998-99

2. ભારતમાં જાહેર ક્ષેત્રને સ્વાયત્તતા આપવા માટે કઈ પદ્ધતિ અપનાવાય છે?

(A) કાયદો કરાય.

**(B) મંત્રાલય અને જાહેર સાહસ વચ્ચે એમઓયુ થાય.**

(C) જાહેર સાહસ અને કર્માચારીઓ વચ્ચે કરાર થાય.

(D) કંપની બાબતોનું મંત્રાલય નિયમો ઘડે.

3. ભારતમાં જાહેર ક્ષેત્રને કેવી રીતે સ્વાયત્તતા આપવામાં આવી છે?

(A) જાહેર સાહસના સંચાલનમાં મંત્રાલયની રોજરોજની દરમ્યાનગીરી ઘટાડવામાં આવી.

(B) જાહેર સાહસોની કામગીરી સુધારણવામાં આવી.

(C) જાહેર સાહસોના સંચાલકોને સાહસનાં પરિણામે માટે જવાબદાર ગણાયાં.

**(D) ઉપરોક્ત તમામ**

4. જાહેર સાહસોમાં સ્વાયત્તતાનો અર્થ શો થાય છે?

(A) મૂડીરોકાણના સંચાલનમાં સ્વાયત્તતા

(B) મૂડીરોકાણ માટે નાણાં પ્રબંધની સ્વાયત્તતા

(C) નાણાકીય કામગીરી પર નજર રાખવાની સ્વાયત્તતા

**(D) ઉપરોક્ત તમામ**

5. જાહેર સાહસોમાં મૂડીરોકાણની સ્વાયત્તતાનો શાનો સમાવેશ થાય છે?

(A) પરિયોજનાની પસંદગીમાં સ્વાયત્તતા

(B) પરિયોજનાને અંગે અહેવાલો તૈયાર કરવાની સ્વાયત્તતા

(C) પરિયોજનાના મૂલ્યાંકન અંગે સ્વાયત્તતા

**(D) ઉપરોક્ત તમામ**

6. જાહેર સાહસોમાં સ્વાયત્તતામાં શાનો સમાવેશ થાય છે?

(A) મૂડીરોકાણ ક્ષેત્ર અંગેની પસંદગીની સ્વતંત્રતા

(B) દેવું કરવા અંગેની સ્વાયત્તતા

(C) પરિયોજનાઓ પર દેખરેખ રાખવાની સ્વતંત્રતા

**(D) ઉપરોક્ત તમામ**

7. જાહેર સાહસોને કામકાજની સ્વાયત્તતાનો અર્થ શો થાય છે?

(A) દેવા અને મૂડી વચ્ચેનું પ્રમાણ નક્કી કરવાની સ્વતંત્રતા

(B) કામકાજની મૂડીનું સ્રોત નક્કી કરવાની સ્વતંત્રતા

(C) નાણાં બજાર અને મૂડી બજાર વચ્ચે પસંદગી કરવાની સ્વતંત્રતા

**(D) ઉપરોક્ત તમામ**

8. નીચેનાં વિધાનો જાહેર સાહસોની સ્વાયત્તતાના સંદર્ભમાં વાંચોઃ

1. તેમણે સરકારે લાદેલી મર્યાદાના સંદર્ભમાં સ્વાયત્તતા ભોગવવાની હોય છે.
2. તેમને નકારકતાનાં ધોરણે નક્કી કરવાની સ્વતંત્રતા હોય છે.
3. તેમને મૂડી ખર્ચ અંગે નિર્ણય કરવાની સ્વાયત્તતા હોય છે.
4. તેમને મૂડીરોકાણ અંગે પસંદગી કરવાની સ્વતંત્રતા હોય છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3, 4** (C) 1, 2 (C) 2, 4 (D) 3, 4

9. જાહેર સાહસોની વિત્તીય સ્વાયત્તતાના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચોઃ

1. એ સંગઠનની બહારની ઘટના છે
2. જાહેર સાહસ જે વાતાવરણમાં કામ કરે છે તેમાંથી તે ઉદ્ભવે છે.
3. તેમની કામગીરી અંગે સંસદ ચર્ચા કરી શકે છે.
4. જાહેર સાહસોની કામગીરીની ટીકા માધ્યમો કરી શકે છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 2, 4 (B) 1, 2 **(C) 1, 2, 3, 4** (D) 3, 4

10. જાહેર સાહસોને વિત્તીય સ્વાયત્તતા આપવા અંગેનો નિર્ણય વ્યવહારમાં કોણ લે છે?

**(A) સરકાર** (B) અદાલતો (C) સંસદ (D) રાષ્ટ્રપતિ

11. જાહેર સાહસોને કઈ બાબતમાં સ્વાયત્તતા હોવી જરૂરી છે?

(A) ખર્ચની ફાળવણી (B) ભાવોના યોગ્ય માળખાની રચના

(C) નાણાં પ્રાપ્તિ માટેનાં સ્રોતોની પસંદગી **(D) ઉપરોક્ત તમામ**

12. જાહેર સાહસોને કઈ બાબતમાં સ્વાયત્તતા હોવી જરૂરી છે?

(A) વિત્તીય માહિતી અંગેની પ્રથાનું સર્જન (B) કામગીરીના હિસાબોનું લેખન

(C) હિસાબોને આખરી ઓપ આપવો **(D) ઉપરોક્ત તમામ**

13. જાહેર સાહસોની સ્વાયત્તતાના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચોઃ

1. સરકાર વસ્તુ કે સેવાનો ભાવ નક્કી કરી શકે છે.
2. કેગને તેમનું ઓડિટ કરવાની સૂચના સરકાર આપી શકે છે.
3. તેઓ નાગરિકોના મૂળભૂત અધિકારોનો ભંગ કરતા નિર્ણયો લઈ શકે નહિ.
4. માધ્યમો તેમની કામગીરીની ટીકા કરી શકે છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3, 4** (B) 1, 3 (C) 3, 4 (D) 1, 2

14. જાહેર સાહસની વિત્તીય સ્વયત્તતા શામાં સ્પષ્ટ થાય છે?
    (A) સેબી સાથે કરાયેલો કરાર
    (B) આર્ટિકલ્સ ઓફ એસોસીએશન
    (C) MoU
    **(D) B અને C**
15. જાહેર સાહસની નાણાકીય સ્વાયત્તતા અંગે તેના આર્ટિકલ્સ ઓફ એસોસીએશનમાં કયા મુદ્દાનો સમાવેશ કરવામાં આવ્યો હોય છે?
    1. કર્મચારીઓનું વેતન
    2. કર્મચારીઓની ભરતી
    3. કિંમત નિર્ધારણ
    4. મૂડીરોકાણ
    5. વેપારી ધોરણ
    6. દેવાની મર્યાદા

    ઉપરનાંમાંથી શું સાચું છે?
    (A) 1, 2, 3, 6 (B) 2, 3, 5, 6 (C) 3, 4, 5 **(D) 1, 2, 3, 4, 5, 6**
16. વિત્તીય સ્વાયત્તતા અંગે જાહેર સાહસના MoU માં કયા મુદ્દાનો સમાવેશ થયો હોય છે?
    (A) કિંમત નિર્ધારણ (B) મૂડીરોકાણ (C) નફાકારકતા **(D) ઉપરોક્ત તમામ**
17. જાહેર સાહસો વિત્તીય સ્વાયત્તતા કેવી રીતે ઊભી કરે છે?
    (A) જે તે અધિકારીને સત્તા સોંપીને
    (B) જૂથસભા મોજીને
    (C) પ્રત્યાયન સભા યોજીને
    **(D) ઉપરોક્ત તમામ**
18. જાહેર સાહસના વિત્તીય ઉત્તરદાયિત્વને સ્પર્શતું સંગઠનાત્મક સાધન કયું છે?
    (A) સ્પષ્ટ નાણાકીય કાર્યવાહીઓ
    (B) આંતરિક ઓડિટ
    (C) ખાનગી ઓડિટરો દ્વારા ઓડિટ
    **(D) ઉપરોક્ત તમામ**
19. જાહેર સાહસના વિત્તીય ઉત્તરદાયિત્વને સ્પર્શતું સંગઠનાત્મક સાધન કયું છે?
    (A) વિકેન્દ્રીકરણ
    (B) ઈષ્ટ કસોટીઓ પર આધારિત સંગઠન
    (C) સરકારના નાણાકીય સલાહકાર
    **(D) ઉપરોક્ત તમામ**
20. જાહેર સાહસના વિત્તીય ઉત્તરદાયિત્વનો સ્પર્શતું સંગઠનાત્મક સાધન કયું છે?
    (A) સંચાલક મંડળમાં સરકાર દ્વારા નિમણૂક
    (B) કેટલીક નાણાકીય બાબતોને સરકારની મંજૂરી
    (C) કેગ દ્વારા હિસાબોનું ઓડિટ
    **(D) ઉપરોક્ત તમામ**
21. જાહેર સાહસોની સ્વાયત્તતા ઉપર કેવી રીતે મર્યાદા લાદવામાં આવી છે?
    (A) સંસદની ચર્ચા
    (B) સંસદના કાયદામાં ફેરફાર
    (C) જે તે મંત્રાલયનો આદેશ
    (D) ઉપરોક્ત તમામ
22. જાહેર સાહસોની સ્વાયત્તતાના સંદર્ભમાં નીચેનાં વિધાનોમાંથી કયું સાચું છે?
    1. જાહેર હિતને આગળ ધરીને પ્રધાન જાહેર સાહસને આદેશ આપી શકે છે.
    2. સરકારની દરમ્યાનગીરીને પરિણામે તેમના દ્વારા ઉત્પન્ન થતી વસ્તુના ભાવ અને ઉત્પાદન ખર્ચને કોઈ સંબંધ હોતો નથી.
    3. જાહેર સાહસો અંગેનો વિભાગ તેમને માટે માર્ગદર્શિકા જાહેર કરે છે કે જે મોટે ભાગે આદેશો બની ગઈ છે.
    4. સંસદ સમક્ષ તેમના અહેવાલો રજૂ કરવા જરૂરી છે.

    (A) 1, 2 **(B) 1, 2, 3, 4** (C) 2, 3 (D) 3, 4

## 66.2 જવાબદારી અને નિયંત્રણ

1. જાહેર સાહસોના વિત્તીય ઉત્તરદાયિત્વનો શો અર્થ છે?
   **(A) તેઓ સંસદને જવાબદાર છે.**
   (B) તેઓ જે તે વિભાગને જવાબદાર છે.
   (C) તઓ રાષ્ટ્રપતિને સીધી રીતે જવાબદાર છે.
   (D) તેઓ પ્રધાનમંડળને જવાબદાર છે.
2. જાહેર સાહસોની વિસ્તીય જવાબદારીનો અર્થ શું છે?
   (A) તેઓ મહત્તમ નફો પ્રાપ્ત કરે.
   (B) તેઓ મહત્તમ સામાવિષ્ટ લાભ ઊભો કરે.
   (C) તેઓ નાણાં પ્રધાનને જવાબદાર બને.
   **(D) A અને B બંને**
3. જાહેર સાહસોની તેમની કામગીરીની બાબતમાં કોને જવાબદાર છે?
   1. સંસદ
   2. સરકાર
   3. કેગ
   4. અદાલતો
   5. માધ્યમો
   6. નાગરિકો

   ઉપરનાંમાંથી શું સાચું છે?
   (A) 1, 2, 3, 4 (B) 2, 4 (C) 1, 3 **(D) 1, 2, 3, 4, 5, 6**
4. જાહેર સાહસો નાગરિકો પ્રત્યે જવાબદાર છે તેનું કારણ બંધારણની કઈ કલમ છે?
   (A) કલમ- 303 **(B) કલમ-12** (C) કલમ 242 (D) કલમ- 123
5. જાહેર સાહસોનું વિત્તીય ઉત્તરદાયિત્વ કઈ બાબતને સ્પર્શે છે?
   (A) હિસાબોને લગતા મોટા નિર્ણયો. (B) સંગઠનને લગતી આંતરિક બાબતો.
   (C) બૃહદ્ વિત્તીય નીતિઓ. **(D) ઉપરોક્ત તમામ**
6. જાહેર સાહસોનું વિત્તીય ઉત્તરદાયિત્વ કઈ બાબતને સ્પર્શે છે?
   1. કંપની ધારો
   2. આંતરિક ઓડિટ
   3. સત્તાની સોંપણી
   4. નવા માસનો સંગ્રહ

   ઉપરનાંમાંથી શું સાચું છે?
   (A) 1, 2 **(B) 1, 2, 3, 4** (C) 3, 4 (D) ફક્ત 2
7. જાહેર સાહસોનું વિત્તીય ઉત્તરદાયિત્વ કઈ બાબતને સ્પર્શે છે?
   1. ડિવિડંડનો દર
   2. વિદેશી મૂડી પરત કરવી
   3. મૂડી વિસ્તરણનો કાર્યક્રમ
   4. વિત્તીય સોદાઓ પર નજર રાખવી

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 3 **(B) 1, 2, 3, 4** (C) 2, 4 (D) 1, 2

8. જાહેર સાહસો કઈ બાબત માટે જવાબ આપવા બંધાયેલાં છે?

(A) નાણાકીય પરિણામો (B) ઉત્પાદકતા

(C) ઉત્પાદનમાં વૃદ્ધિ **(D) ઉપરોક્ત તમામ**

9. કેગ દ્વારા જાહેર સાહસનું ઓડિટ કરવામાં આવે તો તેમાં કઈ બાબતને આવરી લેવામાં આવે છે?

(A) નાણાકીય ખર્ચ (B) કાર્યક્ષમતા

(C) કાનૂની ઔચિત્ય **(D) ઉપરોક્ત તમામ**

10. કેગ ક્યા જાહેર સાહસનું ઓડિટ કરે છે?

(A) કેન્દ્ર સરકારના (B) રાજ્ય સરકારના

**(C) A અને B બંને** (D) A અને B માંથી એકેય નહિ

11. કેગના અહેવાલોમાં જાહેર સાહસો વિશે કઈ ટીકા કરવામાં આવી છે?

(A) તેઓ બિન-નફાકારક છે.

(B) ઘણી વાર તેઓ આંતરિક ઓડિટ હાથ ધરતાં નથી.

(C) મૂડી ખર્ચ માટે નિયમાવલી તૈયાર કરાતી નથી.

**(D) ઉપરોક્ત તમામ**

12. કેગના અહેવાલોમાં જાહેર સાહસો વિશે કઈ ટીકા કરવામાં આવી છે?

1. તેઓ સંશોધન અને વિકાસની પ્રવૃત્તિ કરતાં નથી.
2. ઘણાં સાહસો બજેટ માટેની નિયમાવલી ધરાવતાં નથી.
3. ઘણાં સાહસો ખર્ચ માટેની નિયમાવલી ધરાવતા નથી.
4. તેમના સંચાલનનું સુસ્થાપિત માળખું નથી.

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3, 4** (B) 1, 2, 3 (C) 1, 2, 4 (D) 2, 3, 4

13. જાહેર સાહસોના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચો:

1. તેમને વધુ સ્વાયત્તતા આપવા માટે વાર્ષિક અહેવાલ એક મહત્ત્વનું સાધન બની શકે.
2. તેમના વાર્ષિક અહેવાલ સમયસર બહાર પડતા નથી.
3. તેમના વાર્ષિક અહેવાલો વિશે વિધાનસભામાં કે સંસદમાં ઝાઝી ચર્ચા જતી નથી.
4. તેમના વાર્ષિક અહેવાલો માત્ર રૂપરેખાત્મક હોય છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 3 **(B) 1, 2, 3, 4** (C) 2, 3, 4 (D) 1, 2, 4

## 66.3. ઉદારીકરણ અને ખાનગીકરણની અસર

1. ઉદારીકરણને લીધે ભારતમાં જાહેર ક્ષેત્ર ઉપર શી અસર થઈ?

1. જાહેર ક્ષેત્ર અને ખાનગીક્ષેત્ર વચ્ચે સ્પર્ધા થઈ.
2. જાહેર ક્ષેત્ર અને વિદેશી કંપનીઓ વચ્ચે સ્પર્ધા થઈ.
3. જાહેર ક્ષેત્રમાં સ્પર્ધાત્મકતાનો ઉમેરો થયો.
4. જાહેર ક્ષેત્ર વધારે પારદર્શક બન્યું.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 3 **(B) 1, 2, 3, 4** (C) 1, 2, 4 (D) 2, 3,4

2. ઉદારીકરણને લીધે ભારતમાં જાહેર ક્ષેત્ર ઉપર શી અસર થઈ?
   1. જાહેર ક્ષેત્ર માટે અનામત રખાયેલાં ક્ષેત્રોની સંખ્યા ઘટી.
   2. માંદાં જાહેર સાહસોને બંધ કરી દેવા કે તેમને પુનર્જીવિત કરવા માટેના પ્રયાસો થયા.
   3. સરકારે સ્વૈચ્છિક નિવૃત્તિ યોજના જાહેર કરી.
   4. જાહેર ક્ષેત્રની ઈક્વીટી મૂડી બજારમાં વેચવાની સરકારે શરૂઆત કરી.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 3, 4 (B) 2, 4 (C) 1, 2 **(D) 1, 2, 3, 4**

3. ઉદારીકરણને લીધે ભારતના જાહેર ક્ષેત્ર ઉપર શી અસર થઈ?

   (A) લોકો પાસે જાહેર ક્ષેત્રની કંપનીના શેર આવ્યો.

   (B) કેટલાંક જાહેર સાહસો શેર બજારમાં નોંધાયાં.

   (C) જાહેર ક્ષેત્રની કામગીરી વધારે પારદર્શક બની.

   **(D) ઉપરોક્ત તમામ**

4. ઉદારીકરણનો લીધે ભારતમાં જાહેર ક્ષેત્ર ઉપર શી અસર થઈ?

   (A) સરકારે કેટલાંક જાહેર સાહસો વેચી દીધાં.

   (B) સરકારે કેટલાંક જાહેર સાહસોમાં કેટલીક મૂડી વેચી.

   (C) સરકારે કેટલાંક જાહેર સાહસોની શેરબજારમાં નોંધણી કરાવી.

   **(D) ઉપરોક્ત તમામ**

5. ભારતમાં ખાનગીકરણને લીધે કયો લાભ થયો છે?
   1. સરકારી સાહસોમાં ઉત્પાદકતા અને કાર્યક્ષમતામાં વધારો.
   2. સરકારી સાહસોની આવકમાં વધારો.
   3. સરકારી સાહસોમાં ધરખમ માળખાગત ફેરફારો.
   4. સરકારી સાહસોની સંચાલન વ્યવસ્થામાં સુધારો.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 3, 4, (B) 2, 3 **(C) 1, 2, 3, 4** (D) 1, 2, 3

6. ભારતમાં ખાનગીકરણને પરિણામે કયો લાભ થયો છે?
   1. જાહેર ક્ષેત્રની નાણાકીય તંદુરસ્તીમાં સુધારો.
   2. સમગ્ર ઉદ્યોગની કામગીરીમાં સુધારો.
   3. ગ્રાહકોને ઝડપી અને તત્કાળ સેવા.
   4. જાહેર ક્ષેત્રના ઉત્પાદનમાં વધારો.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 1, 4 (B) 3, 4 **(C) 1, 2, 3, 4** (D) 2, 4

7. ભારતમાં ખાનગીકરણની શરૂઆત કયારે થઈ?

   **(A) 1991** (B) 1998 (C) 1999 (D) 2003

8. ભારતની ખાનગીકરણની નીતિનું મુખ્ય પાસું શું છે?

   (A) નાગરિકોને જાહેર સાહસોના શેરમાલિક બનવાનો હક છે.

   (B) જાહેર સાહસો રાષ્ટ્રની સંપત્તિ છે અને તે લોકોના હાથમાં હોવી જોઈએ.

   (C) ભારત સરકાર મૂડાવિસર્જન કરતી વખતે જાહેર સાહસોની કમ-સે-કમ 51 ટકા મૂડી પોતાની પાસે રાખશે.

   (D) **ઉપરોક્ત તમામ**

9. 2009માં નફો કરનારાં જાહેર સાહસોના સંદર્ભમાં ભારત સરકારે ખાનગીકરણની કઈ નીતિ અપનાવી?
   (A) જે જાહેર સાહસો શેરબજારમાં નોંધાયેલાં નથી અને છેલ્લાં ત્રણ વર્ષથી સતત નફો કરે છે તેમની શેરબજારમાં નોંધણી કરાવવી.
   (B) સરકાર કમ-સે-કમ 51 % ઈક્વીટી મૂડી પોતાની પાસે રાખશે.
   (C) ખાનગીકરણ માટે દરેક જાહેર સાહસના કિસ્સામાં અલગ અલગ રીતે વિચારાશે.
   **(D) ઉપરોક્ત તમામ.**

10 ભારત સરકારનો મૂડીવિસર્જન disinvestment વિભાગ કયા મંત્રાલય હેઠળ કામ કરે છે?
   **(A) નાણાં** (B) ઉદ્યોગ (C) ખાણકામ (D) સ્વતંત્ર મંત્રાલય છે.

11. ભારત સરકારે મૂડીવિસર્જન (disinvesment) કયા હેતુ સાથે કરવાની શરૂઆત કરી?
   1. સરકારનો નાણાકીય બોજો ઘટાડવો.
   2. જાહેર વિત્તની સ્થિતિ સુધારવી.
   3. સ્પર્ધાનું તત્ત્વ અને બજારની શિસ્ત દાખલ કરવાં.
   4. જાહેર માલિકી વ્યાપક પાયાની કરવી.
   5. બિન-આવશ્યક સેવાઓનું બિન-રાજકીયકરણ કરવું.
   6. આર્થિક વૃદ્ધિને પ્રોત્સાહન આપવું.
   ઉપરનાંમાંથી શું સાચું છે?
   (A) 1, 2, 4, 6 (B) 3, 4, 5, 6 **(C) 1, 2, 3, 4, 5, 6** (D) 1, 2, 4

12. ભારતમાં જાહેર સાહસોનું ખાનગીકરણ કેવી રીતે થયું છે?
   (A) સરકાર સાહસમાં 51% કરતાં વધારે શેર તો ધરાવે જ છે.
   (B) સરકાર 49% સુધીના શેર જાહેર સાહસમાં ધરાવે.
   (C) સરકાર જાહેર સાહસની 100% ઈક્વીટી મૂડી વેચે.
   **(D) ઉપરોક્ત તમામ**

13. ભારતમાં ખાનગીકરણ કેવી રીતે કરવામાં આવ્યું છે?
   1. 100 % ઈક્વીટી મૂડી કોઈ ખાનગી કંપનીને વેચવામાં આવે.
   2. કંપનીના શેર બીજા સાહસને વેચવામાં આવે.
   3. એક સાહસના શેર બીજા સાહસને વેચવામાં આવે.
   4. નાણાં સંસ્થાઓને હરાજી દ્વારા સાહસના શેર વેચવામાં આવે.
   ઉપરનાંમાંથી શું સાચું છે?
   **(A) 1, 2, 3, 4** (B) 1, 2, 3 (C) 2, 3,4 (D) 1, 3,4

14. ભારતમાં ખાનગીકરણ દ્વારા સૌથી વધુ આવક કરવાનો લક્ષ્યાંક કેન્દ્ર સરકારે ક્યારે રાખ્યો?
   (A) 2013-14 **(B) 2014-15** (C) 2001-02 (D) 2008-09

15. 2014-15ના બજેટમાં ભારત સરકારે ખાનગીકરણની આવક કેટલી અંદાજી હતી?
   (A) રૂ. 43500 કરોડ (B) રૂ. 12000 કરોડ
   **(C) રૂ. 58425 કરોડ** (D) રૂ. 27580 કરોડ

16. કેન્દ્ર સરકારને ખાનગીકરણથી સૌથી વધુ આવક કયારે થઈ?
   (A) 1992-93 (B) 2001-02 (C) 1998-99 **(D) 2012-13**

17. ભારતમાં જાહેર સાહસોનું ખાનગીકરણ કેવી રીતે થયું છે?
   (A) સરકાર એક્સચેન્જ ટ્રેડેડ ફંડ દ્વારા જાહેર સાહસના શેર વેચે.

(B) સરકાર જાહેર સાહસોના કર્મચારીઓને શેર વેચે.

(C) જાહેર સાહસ પોતાના શેર સરકાર પાસેથી પાછા ખરીદે.

**(D) ઉપરોક્ત તમામ**

18. ભારત સરકારે મૂડીવિસર્જન પંચની રચના ક્યારે કરી હતી?

(A) 1992 (B) 1990 **(C) 1996** (D) 2002

19. મૂડીવિસર્જન પંચના પ્રથમ અધ્યક્ષ કોણ હતા?

(A) વાય. વી. રેડ્ડી **(B) જી. વી. રામકૃષ્ણ** (C) આઈ. જી. પટેલ (D) સી. રંગરાજન

20. નીચેનાં વિધાનો વાંચોઃ

1. ભારતમાં ખાનગીકરણના લક્ષ્યાંકો ક્યારેક ક્યારેક પાર પડ્યા છે
2. ખાનગીકરણનો વિરોધ મંજૂર મંડળો કરે છે.
3. સામાજિક ક્ષેત્રે ખાનગીકરણથી શિક્ષણ અને આરોગ્ય સેવાઓ મોંઘી બની છે.
4. ખાનગીકરણ વિશે ભારતમાં રાજકીય સર્વસંમતિ પ્રવર્તતી નથી.

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3, 4** (B) 1, 2, 3 (C) 2, 3, 4 (D) 1, 3,4

21. ભારતમાં ખાનગીકરણની શરૂઆત કઈ ઔદ્યોગિક નીતિથી થઈ?

(A) 1990 (B) 1993 **(C) 1991** (D) 1980

## 67. ગ્રામ વિકાસ

1. ગ્રામ વિકાસની કોઈ પણ યોજનામાં શાનો સમાવેશ થાય છે?

(A) ગ્રામીણ સમુદાયનું સશક્તિકરણ.

(B) ગ્રામીણ વિસ્તારોના આર્થિક પાયામાં વિવિધીકરણ દાખલ કરવું.

(C) ખેતી ક્ષેત્રે સ્થિરતા લાવવી અને વિકાસ કરવો.

**(D) ઉપરોક્ત તમામ**

2. ગ્રામ વિકાસની કોઈ પણ યોજનામાં શાનો સમાવેશ થાય છે?

(A) ખુલ્લી જમીનોનું રક્ષણ કરવું.

(B) ભૌતિક માળખાગત સવલતો વિકસાવવી.

(C) વન વિસ્તારોનો વિકાસ કરવો.

**(D) ઉપરોક્ત તમામ**

3. ગ્રામ વિકાસની વિભાવનામાં શાનો સમાવેશ થાય છે?

(A) ગ્રામજનોના જીવનની ગુણવત્તામાં સુધારો કરવો.

(B) ગ્રામજનોની આર્થિક સુખાકારીમાં વધારો કરવો.

(C) પ્રાકૃતિક સંસાધનોના જથ્થામાં વધારો કરવો અને તેમનો ચિરંતન ઉપયોગ કરવો.

**(D) ઉપરોક્ત તમામ**

4. ગ્રામ વિકાસની વિભાવનામાં શાનો સમાવેશ થાય છે?

(A) ખેતીના ઉત્પાદનમાં વધારો

(B) બિન-ખેતીગત વ્યવસાયોમાં રોજગારીમાં વધારો

(C) ખેડૂતો અને ખેતમજૂરોના જીવનનિર્વાહમાં સુધારો

**(D) ઉપરોક્ત તમામ**

5. ગ્રામ વિકાસના કાર્યક્રમોના સિદ્ધાંતો કયા છે?
   1. જેમને જરૂર છે તેમના સુધી કાર્યક્રમનો લાભ પહોંચે.
   2. ગ્રામજનો કાર્યક્રમ ઉપર કાયમ માટે આધારિત ના થઈ જાય પણ સ્વતંત્ર રીતે જીવનનિર્વાહ ઊભો કરવા સક્ષમ બને.
   3. કાર્યક્રમ સ્થાનિક પરિસ્થિતિને અનુકૂળ હોય અને ટકાઉ હોય.
   4. ગ્રામજનો નવી ટેક્નોલોજીથી માહિતગાર થાય અને તેનો ઉપયોગ કરતા થાય.
   5. સ્થાનિક લોકો કાર્યક્રમનાં વિચાર, આયોજન, અમલ, દેખરેખ અને મૂલ્યાંકનમાં સહભાગી થાય.
   6. કાર્યક્રમમાં સ્થાનિક સંસાધનોનો અસરકારક ઉપયોગ થાય.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   **(A) 1, 2, 3, 4, 5, 6** (B) 1, 2, 3, 4
   (C) 2, 3, 4, 5 (D) 1, 3, 4, 6
6. ગ્રામ વિકાસના ખ્યાલમાં શાનો સમાવેશ થાય છે?
   (A) ગરીબીનું નિવારણ (B) રોજગારીનું સર્જન
   (C) માળખાગત સવલતોનો વિકાસ **(D) ઉપરોક્ત તમામ**
7. ગ્રામ વિકાસમાં ગ્રામજનોની કઈ ક્ષમતા વધારવાનો સમાવેશ કરવામાં આવે છે?
   (A) આર્થિક ક્ષમતા (B) માનવ ક્ષમતા (C) રાજકીય ક્ષમતા **(D) ઉપરોક્ત તમામ**
8. ગ્રામ વિકાસમાં ગ્રામજનોની કઈ ક્ષમતા વધારવાનો પ્રયાસ કરવામાં આવે છે?
   1. આર્થિક ક્ષમતા
   2. સામાજિક-સાંસ્કૃતિક ક્ષમતા
   3. રક્ષણાત્મક ક્ષમતા
   4. રાજકીય ક્ષમતા

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 1, 2, 3 (B) 1, 4 **(C) 1, 2, 3, 4** (D) 1, 3

## 67.1 ગ્રામ વિકાસની યોજનાઓ

1. પછાત પ્રદેશ અનુદાન ભંડોળ (BRGF) યોજના દેશના કેટલા જિલ્લામાં અમલમાં છે?
   (A) 213 **(B) 272** (C) 124 (D) 336
2. પછાત પ્રદેશ અનુદાન ભંડોળ (BRGF) યોજનાનો ઉદ્દેશ શો છે?
   (A) વિકાસમાં રહેલું પ્રાદેશિક અસંતુલન દૂર કરવું.
   (B) પછાત પ્રદેશોમાં સ્થાનિક સ્તરે માળખાગત સ્વલતો ઊભી કરવી.
   (C) પંચાયતોનું ક્ષમતાનિર્માણ કરવું.
   **(D) ઉપરોક્ત તમામ**
3. પછાત પ્રદેશ અનુદાન ભંડોળ (BRGF) યોજનાનો ઉદ્દેશ શો છે?
   (A) પછાત પ્રદેશોની પાલિકાઓનું ક્ષમતાનિર્માણ કરવું.
   (B) સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને વ્યવસાયી ટેકો પૂરો પાડવો.
   (C) પંચાયતોની કામગીરીમાં સુધારો કરવો.
   **(D) ઉપરોક્ત તમામ**

4. પછાત પ્રદેશ અનુદાન ભંડોળ (BRGF) યોજનાનો અમલ ગુજરાતમાં કયા જિલ્લામાં થાય છે?

1. બનાસકાંઠા 2. સાબરકાંઠા

3. ડાંગ 4. દાહોદ

5. પંચમહાલ 6. નર્મદા

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3, 4, 5, 6** (B) 1, 2, 3, 4 (C) 2, 3, 4, 6 (D) 1, 3, 4, 6

5. પછાત પ્રદેશ અનુદાન ભંડોળ (BRGF)નો અમલ ક્યારથી શરૂ થયો?

**(A) 2006-07** (B) 2009-10 (C) 2014-15 (D) 2002-03

6. પછાત પ્રદેશ અનુદાન ભંડોળ (BRGF) યોજના હેઠળ દરેક જિલ્લાને દર વર્ષે મહત્તમ કેટલી રકમ માળખાગત સવલતોના વિકાસ માટે પ્રાપ્ય બને છે?

**(A) મહત્તમ રૂ. 10 કરોડ** (B) રૂ. 20 કરોડ

(C) મહત્તમ રૂ. 25 કરોડ (D) મહત્તમ રૂ. 50 કરોડ

7. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના (PMGSY)ની શરૂઆત ક્યારે કરવામાં આવી?

**(A) 2000** (B) 2002 (C) 2004 (D) 2006

8. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના (PMGSY)ના સંદર્ભમાં નીચેનાં વિધાનોમાંથી કયું સાચું છે?

1. તે 100 ટકા કેન્દ્ર પુરસ્કૃત યોજના છે.
2. ગ્રામ વિસ્તારોને બારમાસી રસ્તાઓથી જોડવાનો તેનો ઉદ્દેશ છે.
3. મેદાની વિસ્તારોમાં 500થી વધુ વસ્તીવાળા તમામ વસવાટોને પાકા રસ્તાથી જોડવાનો તેનો ઉદ્દેશ છે.
4. પર્વતીય વિસ્તારો અને રણ વિસ્તારોમાં 250થી વધુ વસ્તીવાળા વસવાટોને પાકા રસ્તાથી જોડવાનો તેનો ઉદ્દેશ છે.

(A) 2, 3, 4 (B) 1, 2, 3 **(C) 1, 2, 3, 4** (D) 1, 3, 4

9. ભારત નિર્માણ યોજનાની જાહેરાત કોણે કરી હતી?

**(A) રાષ્ટ્રપતિ** (B) વડા પ્રધાન (C) ગ્રામ વિકાસ પ્રધાન (D) નાણાં પ્રધાન

10. ભારત નિર્માણ યોજનાનો આરંભ ક્યારે થયો?

(A) 2009 **(B) 2005** (C) 2007 (D) 2003

11. ઈન્દિરા આવાસ યોજના (IAY) નો આરંભ ક્યારે થયો?

**(A) 1985-86** (B) 1987-88 (C) 1999-2000 (D) 2000-01

12. ઈન્દિરા આવાસ યોજના હેઠળ કોને આવાસ માટે સહાય આપવામાં આવે છે?

1. SC
2. ST
3. લઘુમતીઓના BPL પરિવારો
4. મુક્ત થયેલા વેઠિયા મજૂરો
5. ગ્રામીણ BPL પરિવારો

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 5 (B) 3, 4, 5 **(C) 1, 2, 3, 4, 5** (D) 1, 2, 3

13. ઈન્દિરા આવાસ યોજનાના અમલ માટે કેન્દ્ર સરકાર કેટલું ભંડોળ પૂરું પાડે છે?

(A) 50 ટકા (B) 100 ટકા **(C) 75 ટકા** (D) 60 ટકા

14. ઈન્દિરા આવાસ યોજનાના અમલ માટે છેલ્લી માર્ગરેખાઓ ક્યારે બહાર પાડવામાં આવી?

**(A) 2011** (B) 2004 (C) 2014 (D) 2015

15. કેન્દ્રશાસિત પ્રદેશોમાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ કેન્દ્ર સરકાર કેટલો ફાળો આપે છે?

**(A) 100%** (B) 50% (C) 90% (D) 75%

16. ઈશાની રાજ્યો અને સિક્કિમને ઈન્દિરા આવાસ યોજના અન્વયે કેન્દ્ર સરકાર કેટલો ફાળો આપે છે?

(A) 100% **(B) 90%** (C) 60% (D) 75%

17. સ્વર્ણજયંતી ગ્રામસ્વરોજગાર યોજના (SGSY)ના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન સાચું છે?

1. તેનો ઉદ્દેશ BPL પરિવારોને ગરીબીની રેખાની ઉપર લાવવાનો છે.
2. તેમાં દરેક તાલુકામાં અમુક નિશ્ચિત આર્થિક પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે.
3. તેમાં ગ્રામીણ પરિવારોને સ્વસહાય જૂથોમાં સંગઠિત કરવામાં આવે છે.
4. તેની સફળતાનો આધાર કઈ આર્થિક પ્રવૃત્તિ પસંદ કરવામાં આવે છે તેના ઉપર છે.

(A) 3, 4 (B) 1, 2 **(C) 1, 2, 3, 4** (D) 2, 4

18. સ્વર્ણજયંતી ગ્રામ સ્વરોજગાર યોજના (SGSY)ના સંદર્ભમાં નીચેનાંમાંથી કયું વિધાન સાચું છે?

1. તેમાં સ્વસહાય જૂથોની રચના કરવામાં આવે છે.
2. તેમાં BPL પરિવારોને જ સ્વરોજગારી માટે સહાય મળે છે.
3. તેમાં સ્વરોજગારી માટે BPL પરિવારોને બેંકો સાથે જોડવામાં આવે છે.
4. તેમાં લાભાર્થી BPL પરિવારોની યાદીને ગ્રામ સભા મંજૂરી આપે છે.

(A) 1, 2 (B) 2, 4 (C) 1, 2, 3 **(D) 1, 2, 3, 4**

19. જિલ્લા સ્તરે ગરીબી નિવારણના કાર્યક્રમોનો અમલ કોણ કરે છે?

**(A) DRDA** (B) જિલ્લા પંચાયત

(C) જિલ્લા આયોજન મંડળ (D) જિલ્લા આયોજન સમિતિ

20. PURA યોજનાનો ખ્યાલ કોણે આપ્યો હતો?

**(A) એ. પી. જે. અબ્દુલ કલામ** (B) અટલ બિહારી વાજપેયી

(C) ઈન્દિરા ગાંધી (D) મનમોહનસિંહ

21. PURA કાર્યક્રમની શરૂઆત ભારત સરકારે ક્યારે કરી?

**(A) 2006** (B) 2004 (C) 2003 (D) 2001

22. PURA કાર્યક્રમનો ઈરાદો શો રખાયો છે?

(A) શહેરી વિસ્તારોમાં પ્રાપ્ય સવલતો ગ્રામ વિસ્તારોમાં પૂરી પાડવી.

(B) ગ્રામ વિસ્તારોને દુનિયા સાથે જોડાણ પૂરું પાડવું.

**(C) A અને B બંને**

(D) A અને Bમાંથી એકેય નહિ

23. PURA અંગેનાં નીચેનાં વિધાનોમાંથી કયું સાચું છે?

1. તેમાં જાહેર ભંડોળ વાપરવામાં આવે અને ખાનગી ક્ષેત્રની મૂડી અને નિષ્ણાત જ્ઞાનનો ઉપયોગ કરવામાં આવે.
2. ગ્રામ વિસ્તારોને તેમાં ભૌતિક, વીજાણુ અને જ્ઞાનલક્ષી જોડાણ પૂરું પાડવાનો ઉદ્દેશ છે.
3. તેમાં ગ્રામ વિસ્તારોને આર્થિક જોડાણ પૂરું પાડવાનો ઉદ્દેશ છે.
4. તેમાં ગ્રામ વિસ્તારોમાં જીવનનિર્વાહની તકો અને આધુનિક સવલતોની પ્રાપ્યતા વધારવાનો હેતુ છે.

(A) 1, 2, 3 (B) 2, 3, 4 **(C) 1, 2, 3, 4** (D) 1, 4

24. PURA કાર્યક્રમમાં 2012થી કઈ બાબતો ઉપર ધ્યાન કેન્દ્રિત કરાયું છે?

(A) પાણી પુરવઠો (B) સફાઈ

(C) ભૌતિક માળખાગત સવલતો **(D) ઉપરોક્ત તમામ**

25. ભારતમાં ગ્રામ વિકાસ માટેની સૌ પ્રથમ યોજના કઈ હતી?
(A) IRDP (B) JRY (C) NREP **(D) CDP**

26. ભારતમાં ગ્રામ વિકાસ માટેની સામુદાયિક વિકાસ યોજના (CDP) ક્યારે શરૂ કરવામાં આવી હતી?
**(A) 1952** (B) 1955 (C) 1958 (D) 1962

27. ભારત સરકારે જવાહર રોજગાર યોજના (JRY) ક્યારે શરૂ કરી હતી?
(A) 1980 (B) 1982 (C) 1985 **(D) 1989**

28. ભારતમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી (DRDA)ની સ્થાપના ક્યારે થઈ?
(A) 1990 (B) 1995 (C) 1998 **(D) 1993**

29. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાની શરૂઆત ક્યારે થઈ?
**(A) 2000** (B) 2002 (C) 2004 (D) 2006

30. ભારત નિર્માણ કાર્યક્રમની શરૂઆત ક્યારે થઈ?
(A) 2000 (B) 2003 **(C) 2005** (D) 2008

31. રાષ્ટ્રીય જીવનનિર્વાહ મિશન (NLM)નો આરંભ ભારત સરકાર દ્વારા ક્યારે કરવામાં આવ્યો?
**(A) 2009-10** (B) 2012-13 (C) 2015-16 (D) 2003-04

32. દુકાળ સંભવ વિસ્તાર કાર્યક્રમ (DPAP)નો આરંભ ક્યારે કરવામાં આવ્યો?
**(A) 1973-74** (B) 1952-53 (C) 1963-04 (D) 1984-85

33. ભારત સરકાર દ્વારા 20 મુદ્દાના કાર્યક્રમની શરૂઆત ક્યારે કરવામાં આવી?
(A) 1967 (B) 1958 (C) 1955 **(D) 1975**

34. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર કાર્યક્રમની શરૂઆત ક્યારે કરવામાં આવી?
**(A) 1980** (B) 1985 (C) 1990 (D) 1995

35. મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી ધારો (મનરેગા) ક્યારે ઘડાયો?
(A) 2008 (B) 2007 (C) 2006 **(D) 2005**

36. મનરેગાનો ઉદ્દેશ શો છે?
1. ગ્રામ વિસ્તારોના સૌથી નબળા લોકોને રોજગારી પૂરી પાડવી.
2. ગામડામાં પાણીની સુરક્ષામાં વધારો કરવો.
3. ગ્રામજનો માટે જીવનનિર્વાહની સુરક્ષા ઊભી કરવી.
4. વિકેન્દ્રિત અને ભાગીદારીપૂર્ણ આયોજનને મજબૂત કરવું.

ઉપરનાંમાંથી શું સાચું છે?
(A) 1, 2, 3 (B) 2, 3, 4 **(C) 1, 2, 3, 4** (D) 1, 4

37. મનરેગાનો હેતુ શો છે?
1. ગ્રામ વિસ્તારોમાં ટકાઉ અસ્કામતો ઊભી કરવી.
2. જમીનની ઉત્પાદકતામાં સુધારો કરવો.
3. ગ્રામ વિસ્તારોના લોકોને સામાજિક રક્ષણ પૂરું પાડવું.
4. પંચાયતોને મજબૂત બનાવી લોકશાહીનાં મૂળિયાં ઊંડાં કરવાં.

**(A) 1, 2, 3, 4** (B) 1, 2,3 (C) 2, 3, 4 (D) 1, 2, 4

38. મનરેગાના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચોઃ
1. તે કામનો બંધારણીય મૂળભૂત હક ઊભો કરે છે.
2. તે રોજગારીનો કાનૂની હક ઊભો કરે છે.

3. તે સવેતન રોજગારીની કાનૂની બાંયધરી આપે છે.
4. તે માંગ-આધારિત રોજગારી સર્જન યોજના છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 **(C) 2, 3, 4** (D) ફક્ત 4

39. મનરેગા હેઠળ ગ્રામ વિસ્તારોમાં કોઈ પણ પરિવારને એક નાણાકીય વર્ષમાં કેટલા દિવસની રોજગારી પૂરી પાડવાની જોગવાઈ છે?

**(A) 100** (B) 200 (C) 150 (D) 365

40. મનરેગાના અમલમાં રોજગારી પૂરી પાડવા માટેનું એકમ કયું છે?

(A) વ્યક્તિ **(B) પરિવાર** (C) ગામ (D) તાલુકો

## 67.2 બિન-સરકારી સંગઠનો

1. નીચેનાં વિધાનો બિન-સરકારી સંગઠનોના સંદર્ભમાં વાંચો:
   1. તેમની સ્થાપના નાગરિકો કરે છે
   2. તેમને સરકારો અને નાગરિકો નાણાં આપે છે.
   3. તેમને સખાવતી ટ્રસ્ટો નાણાં આપે છે.
   4. તે સ્વૈચ્છિક સંગઠનો છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   **(A) 1, 2, 3, 4** (B) 1, 2, (C) 3, 4 (D) 2, 4

2. 'બિન-સરકારી સંગઠન' શબ્દપ્રયોગ સૌ પ્રથમ ક્યારે થયો?

   (A) 1958 **(B) 1945** (C) 1969 (D) 1982

3. બિન-સરકારી સંગઠનો શાના પ્રત્યે અભિમુખ છે?

   (A) સેવાઓ પૂરી પાડવી. (B) ગરીબોની જરૂરિયાત પૂર્ણ કરવી
   (C) નાગરિકોને વિકાસમાં સહભાગી બનાવવા. **(D) ઉપરોકત તમામ**

4. બિન-સરકારી સંગઠનોના સંદર્ભમાં નીચેનાંમાંથી કયું વિધાન સાચું છે?
   1. તે ગરીબોનું સશક્તિકરણ કરે છે.
   2. તે વિકાસની પ્રક્રિયામાં ગરીબોની ભાગીદારી ઊભી કરે છે.
   3. તે ગરીબોને તેમના જીવનને અસર કરનારાં પરિબળો વિશે ખ્યાલ આપે છે.
   4. તે ગરીબોમાં જાગૃતિ આણે છે.

   (A) 1, 2, 3 **(B) 1, 2, 3, 4** (C) 3, 4 (D) 1, 2

5. વિશ્વ બેંક બિન-સરકારી સંગઠનોના કેવા ભાગ પાડે છે?
   1. પ્રોજેક્ટ્સ દ્વારા નાના પાયે ફેરફાર કરવા માંગતાં સંગઠનો.
   2. સરકાર સમક્ષ હિમાયત કરનારાં સંગઠનો.
   3. સખાવત કરનારાં સંગઠનો.
   4. સરકારની નીતિઓનો વિરોધ કરનારાં સંગઠનો.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   **(A) 1, 2,** (B) 2, 3, 4 (C) 1, 2, 3, 4 (D) 1, 3, 4

6. બિન-સરકારી સંગઠનોના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચો:
   1. ઘણાં સંગઠનો વ્યવસાયી ધોરણે કામ કરે છે.
   2. ઘણાં સંગઠનોમાં લોકો સ્વેચ્છાએ કામ કરે છે.

3. ઘણાં સંગઠનો સરકાર પાસેથી અનુદાન મેળવે છે.
4. ઘણાં સંગઠનો આંતરરાષ્ટ્રીય દાતા સંગઠનો પાસેથી નાણાં મેળવે છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 3 (B) 3, 4 **(C) 1, 2, 3, 4** (D) 1, 4

7. બિન-સરકારી સંગઠનોનો અર્થ શો છે?

**(A) તે સરકારથી સ્વતંત્ર છે.** (B) તે સરકારનું જ અનુદાન મેળવે છે

(C) તે સરકારની નીતિઓનો અમલ કરે છે. (D) તે સરકાર-વિરોધી કૃત્યોમાં જ સામેલ હોય છે.

8. બિન-સરકારી સંગઠનો ભારતમાં કેવો કાનૂની દરજ્જો ધરાવતાં હોઈ શકે છે?
1. તે પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ નોંધાયેલાં હોય.
2. તે સોસાયટી (મંડળી) તરીકે નોંધાયેલાં હોય.
3. તે બિન-નફાજનક કંપની તરીકે નોંધાયેલાં હોય.
4. તે ન નોંધયેલાં હોય.

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3, 4** (B) 1, 2 (C) 2, 3, (D) ફક્ત 4

9. બિન-સરકારી સંગઠનોની ટીકા કયા મુદ્દે કરવામાં આવે છે?
1. તેઓ સરકારની પ્રક્રિયા સમજતાં નથી.
2. તેઓ વધારે પડતાં આદર્શવાદી છે.
3. તેઓ પોતે પારદર્શક અને ઉત્તરદાયી નથી.
4. તેમના નેતાઓ ગરીબી નિવારણની વાતો કરે છે પણ પોતે વૈભવી જીવન જીવે છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 3 **(B) 1, 2, 3, 4** (C) ફક્ત 4 (D) ફક્ત 3

## 68. રાષ્ટ્રીય વિકાસ પરિષદ (National Development Concil-NDC)

1. રાષ્ટ્રીય વિકાસ પરિષદના અધ્યક્ષ કોણ હોય છે?

(A) રાષ્ટ્રપતિ

**(B) વડા પ્રધાન**

(C) આયોજન પંચના ઉપાધ્યક્ષ

(D) નાણાં પ્રધાન

2. રાષ્ટ્રીય વિકાસ પરિષદની સ્થાપના ક્યારે કરવામાં આવી?

(A) 1950 **(B) 1952** (C) 1963 (D) 1960

3. રાષ્ટ્રીય વિકાસ પરિષદ વિશેના નીચેનાં વિધાનોમાંથી કયું સાચું છે?

(1) તે બંધારણીય સંસ્થા છે.

(2) તે આયોજન પંચની સલાહકાર સંસ્થા હતી.

(C) તેની સલાહ માનવાનું આયોજન પંચ માટે અનિવાર્ય નહોતું.

(D) તે વિકાસ માટેની યોજનાઓ ઘડે છે.

**(A) 2, 3** (B) 1, 3 (C) 1, 2, 3, 4 (D) 2, 4

4. રાષ્ટ્રીય વિકાસ પરિષદ કયું કાર્ય કરે છે?

(A) તે પંચવર્ષીય યોજના ઘડવા માટેની માગરેખા તૈયાર કરતી હતી.

(B) તે આયોજન પંચ દ્વારા ઘડાયેલી પંચવર્ષીય યોજના વિશે વિચારણા કરતી હતી.

(C) તે દેશના વિકાસને અસર કરનારી સામાજિક અને આર્થિક નીતિઓ વિશે વિચાર-વિમર્શ કરતી હતી.

**(D) ઉપરોક્ત તમામ**

5. 1964માં રાષ્ટ્રીય વિકાસ પરિષદ દ્વારા કયા વિકાસ અંગે વિશેષ સમિતિની રચના કરાઈ?

1. ખેતી અને સિંચાઈ.
2. ઉદ્યોગ, વીજળી અને પરિવહન.
3. સામાજિક સેવાઓ.
4. પર્વતીય વિસ્તારોનો વિકાસ.
5. સંસાધનો.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 2, 3, 4, 5 **(B) 1, 2, 3, 4, 5** (C) 1, 2, 3, 4 (D) 1, 2, 4, 5

6. રાષ્ટ્રીય વિકાસ પરિષદની 43મી મીટિંગમાં કયા વિષય માટે સમિતિ રચવાનું નક્કી કરાયું હતું?

1. વસ્તી નિયંત્રણ. 2. રોજગાર સર્જન.
3. સાક્ષરતા. 4. વિકેન્દ્રીત આયોજન.
5. કરકસર 6. તબીબી શિક્ષણ.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 3 (B) 3, 4, 5, 6, (C) 2, 3, 4 **(D) 1, 2, 3, 4, 5, 6**

7. 2002ની રાષ્ટ્રીય વિકાસ પરિષદની બેઠકમાં કઈ સમિતિ રચવાનું નક્કી કરાયું હતુ?

1. ઈ-શાસન અને શાસનમાં સુધારા.
2. આંતરિક વેપાર આડેના અવરોધો દૂર કરવા.
3. રોકાણકારમિત્ર વાતાવરણ ઊભું કરવું.
4. પંચાયતી રાજ સંસ્થાઓનું નાણાકીય અને વહીવટી સશક્તિકરણ

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3, 4,** (B) 1, 2 (C) 2, 4 (D) 3,4

8. રાષ્ટ્રીય વિકાસ પરિષદમાં કોણ હોય છે?

1. વડા પ્રધાન
2. કેન્દ્રના તમામ પ્રધાનો
3. રાજ્યોના મુખ્ય પ્રધાનો
4. કેન્દ્રશાસિત પ્રદેશોના વહીવટદારો
5. આયોજન પંચના સભ્યો

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2 (B) 1, 2, 3 (C) 1, 2, 3, 4 **(D) 1, 2, 3, 4, 5**

## 69. વિકાસલક્ષી વહીવટ

1. ભારતમાં વિકાસલક્ષી વહીવટ શબ્દપ્રયોગ સૌ પ્રથમ કોણ કર્યો?

**(A) યુ. એલ. ગોસ્વામી** (B) જવાહરલાલ નેહરુ

(C) પી. સી. મહાલનોબિસ (D) બી. આર. આંબેડકર

2. વિકાસલક્ષી વહીવટમાં કયા ઘટકનો સમાવેશ થાય છે?
   1. પરિવર્તનલક્ષી હોવું
   2 ધ્યેયલક્ષી હોવું
   3. પ્રગતિશીલ હોવું
   4. આયોજન અને મૌલિકતા

   (A) 1, 2, 5 **(B) 1, 2, 3, 4** (C) 1, 3, 4 (D) 1, 2, 4

3. વિકાસલક્ષી વહીવટમાં કયા ઘટકનો સમાવેશ થાય છે?
   1. ઉચ્ચ પ્રેરણા, પહોંચી વળવાની ક્ષમતા
   2. ગ્રાહકલક્ષી હોવું
   3. સંચાલનલક્ષી કાર્યવાહીમાં સ્થિતિસ્થાપકતા
   4. સહયોગ, અસરકારક સંચાલન

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   **(A) 1, 2, 3, 4** (B) 1, 2, 3 (C) 1, 2 (D) 3, 4

4. વિકાસલક્ષી વહીવટનો શાની સાથે સંબંધ છે?

   (A) વિકાસલક્ષી આયોજન (B) આર્થિક વિકાસ માટેના સરકારી કાર્યક્રમો
   (C) કાર્યક્રમોનાં સારા પરિણામો **(D) ઉપરોક્ત તમામ**

5. 'વિકાસલક્ષી વહીવટને વિકાસ માટે મહત્તમ નવપ્રવર્તન કરવા સાથે સંબંધ છે.' - આ વિધાન કોનું છે?

   **(A) એડવર્ડ વિડનર** (B) ફ્રેડ રિગ્ઝ (C) મેક્સ વેબર (D) વુડ્રો વિલ્સન

6. 1. વિકાસલક્ષી વહીવટ આયોજિત પરિવર્તનનો વહીવટ છે.
   2. વિકાસલક્ષી વહીવટમાં લોકોના સહયોગને આવકારવામાં આવે છે.
   3. વિકાસલક્ષી વહીવટમાં નિયમોની સ્થિતિસ્થાપકતા જરૂરી છે.
   4. વિકાસલક્ષી વહીવટનો વ્યાપ ઘણો વિશાળ છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   **(A) 1, 2, 3, 4** (B) 2, 3 (C) 1, 2 (D) 1, 3, 4

7. વિકાસલક્ષી વહીવટની શાખાનો વિકાસ ક્યારે થયો?

   (A) પ્રથમ વિશ્વ યુદ્ધના અંતે **(B) બીજા વિશ્વ યુદ્ધના અંત બાદ**
   (C) સોવિયેત સંઘના પતન બાદ (D) ફ્રેન્ચ ક્રાંતિ બાદ

8. વિકાસલક્ષી વહીવટ વિશે નીચેનાં વિધાનો વાંચોઃ
   1. તે પરિવર્તનલક્ષી છે.
   2. તે ગતિશીલ અને ફેરફારક્ષમ છે.
   3. તેના હેતુઓ અનેક અને જટિલ છે.
   4. તે આયોજન ઉપર વિશેષ ભાર મૂકે છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 1, 2, 3 (B) 2, 3, 4 **(C) 1, 2, 3, 4** (D) 1, 3, 4

9. વહીવટી વિકાસ અને વિકાસલક્ષી વહીવટ એવાં બે પાસાંનો વિચાર કોણે કર્યો છે?

   (A) મેક્સ વેબર **(B) ફ્રેડ રિગ્ઝ** (C) વુડ્રો વિલ્સન (D) એડવર્ડ વીડનર

10. વિકાસલક્ષી વહીવટના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચોઃ
    1. તે લક્ષ્યાંક સિદ્ધિની અસરકારકતા ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે.

2. તેને નવાં કાર્યો સાથે સંબંધ છે.
3. તે વિકેન્દ્રીકરણમાં માને છે.
4. તે સંગઠનાત્મક પરિવર્તનનો પ્રતિકાર કરે છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3** (B) 1, 2, 3, 4 (C) 1, 2 (D) 2, 4

11. કયા પ્રદેશના સંદર્ભમાં વિકાસલક્ષી વહીવટ શબ્દપ્રયોગ કરવામાં આવે છે?

(A) એશિયા (B) આફ્રિકા (C) લેટિન અમેરિકા **(D) ઉપરોક્ત તમામ**

12. શાના સાધન તરીકે વિકાસલક્ષી વહીવટને જોવામાં આવે છે?

(A) શષ્ટ્ર નિર્માણ (B) સામાજિક વિકાસની યોજનાઓ
(C) આર્થિક વિકાસની યોજનાઓ **(D) ઉપરોક્ત તમામ**

13. વિકાસલક્ષી વહીવટના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચો:

1. તેમાં સરકાર પ્રેરિત પરિવર્તન થાય છે.
2. તેમાં નવી સંસ્થાઓનું સર્જન થાય છે.
3. તેમાં સમસ્યાના ઉકેલના સંદર્ભમાં રૂઢિચુસ્તતા નથી.
4. તેમાં લાભાર્થીઓની જરૂરિયાતોને ધ્યાનમાં લેવામાં આવે છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 3, 4 (B) 1, 2, 3 (C) 2, 4 **(D) 1, 2, 3, 4**

14. વહીવટી વિકાસ એટલે શું?

(A) વહીવટી વ્યવસ્થાની ક્ષમતા વધારવી. (B) સંસ્થાકીય વિકાસ કરવો.
(C) વહીવટી માળખાં સુધારવાં **(D) ઉપરોક્ત તમામ**

15. વિકાસલક્ષી વહીવટી વિશે નીચેનાં વિધાનો વાંચો:

1. તેમાં વિચાર, આયોજન, અમલ, દેખરેખ અને મૂલ્યાંકનમાં લોકોની ભાગીદારી ઊભી કરાય છે.
2. તેમાં સાધનોનો કાર્યક્ષમ ઉપયોગ કરાય છે.
3. તેમાં લાભાર્થીઓ ઓળખી કાઢવામાં આવે છે.
4. તેમાં નિશ્ચિત સમયગાળામાં લક્ષ્યાંકો પાર પાડવામાં આવે છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3, 4** (B) 1, 2, 3 (C) 1, 2 (D) 3, 4

16. 'બદલાતા વિશ્વમાં રાજ્ય' શીર્ષક હેઠળનો અહેવાલ વિશ્વ બૅન્કે ક્યારે બહાર પાડ્યો?

(A) 2001 (B) 1999 **(C) 1997** (D) 2003

17. વિશ્વ બૅન્ક સરકારનું મૂળભૂત કાર્ય કોને ગણાવે છે?

(A) કાયદાનો પાયો ઊભો કરવો. (B) ગરીબોને રક્ષણ પૂરું પાડવું.
(C) પર્યાવરણનું રક્ષણ કરવું. **(D) ઉપરોક્ત તમામ**

18. વિશ્વ બૅન્ક સરકારનું મૂળભૂત કાર્ય કોને ગણે છે?

(A) બિન-પક્ષપાતી નીતિઓનું ઘડતર કરવું. (B) પાયાની સામાજિક સેવાઓમાં રોકાણ કરવું.
(C) પાયાની માળખાગત સવલતોમાં રોકાણ કરવું. **(D) ઉપરોક્ત તમામ**

19. વિકાસને સ્થિર અને ચિરંતન બનાવવા વિશ્વ બૅન્ક શું સૂચન કરે છે?

(A) રાજ્ય વધુ ખર્ચ કરે. **(B) રાજ્ય સામાજિક બાબતો પર વિશેષ ધ્યાન આપે.**
(C) રાજ્ય ઉત્પાદન વધારવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરે. (D) રાજ્ય ભૌતિક માળખાગત સવલતો ઊભી કરે.

20. સરકાર અને નાગરિકો વચ્ચેનું અંતર ઘટાડવા વિશ્વ બૅન્કે નીચેનામાંથી કયું સૂચન કર્યું છે?

1. નીતિવિષયક નિર્ણયો અને પ્રાથમિકતાઓ વિશે વ્યાપક જાહેર ચર્ચા થાય.
2. વપરાશકારો અથવા લાભાર્થીઓની સીધી ભાગીદારી વધારવી.
3. જ્યાં વિકેન્દ્રીકરણ થાય ત્યાં નિયમોનું પાલન થાય.
4. સ્થાનિક સ્તરે જ જવાબદારી અને સ્પર્ધા ઊભાં થાય.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2 **(B) 1, 2, 3, 4** (C) 3, 4 (D) 1,4

21. વિશ્વ બૅન્ક રાજ્યનું પતન થયું હોવાનું કયું કારણ ગણાવે છે?

(A) રાજ્ય લોકસ્વીકૃતિ ગુમાવે છે. (B) નેતાઓ ભ્રષ્ટ, બેદરકાર અને અક્ષમ હોય છે.

(C) અધિકારીઓ ભ્રષ્ટ અને બેદરકાર હોય છે. **(D) ઉપરોક્ત તમામ**

22. રાજકીય વિકેન્દ્રીકરણની માંગ વિશ્વ બૅન્કના જણાવ્યા અનુસાર શાને કારણે વધી છે?

(A) નવી ટૅક્નોલોજીએ નવા વિકલ્પો ઊભા કર્યા છે.

(B) નાગરિકો, ઉત્પાદકો અને ગ્રાહકો નવી માગણીઓ રજૂ કરી રહ્યા છે.

(C) રાજકીય ફેરફારોએ સ્થાનિક માગણીઓને વાચા આપી છે.

**(D) ઉપરોક્ત તમામ**

23. આર્થિક વિકાસ માટે સરકારે કયું કાર્ય કરવું જરૂરી હોવાનું વિશ્વ બૅન્ક જણાવે છે?

(A) સમગ્ર અર્થતંત્રમાં સ્થિરતા જાળવવી. (B) ભાવોમાં વિકૃતિ ટાળવી.

(C) વ્યાપાર અને રોકાણને ઉદાર બનાવવા. **(D) ઉપરોક્ત તમામ**

24. વિશ્વ બૅન્કના જણાવ્યા મુજબ વિકેન્દ્રીકરણમાં શાનો સમાવેશ થાય છે?

(A) રાજ્યનાં કાર્યો ઉપલા સ્તરની સરકારમાંથી તબદીલ કરીને નીચલા સ્તરની સરકારને સોંપવાં.

(B) અંદાજપત્ર અને નીતિનિર્ધારણ નીચલા સ્તરની સરકારોને સોંપવાં.

(C) સંસાધનો નીચલા સ્તરની સરકારોને સોંપવાં.

**(D) ઉપરોક્ત તમામ**

25. "સારી સરકાર એ વૈભવ નથી, વિકાસ માટેની જરૂરિયાત છે." - આ વિધાન કોનું છે?

**(A) વિશ્વ બૅન્ક** (B) IMF (C) UNDP (D) UNSC

# ભાગ-10 ઉત્તરદાયિત્વ અને નિયંત્રણ

## 70. ઉત્તરદાયિત્વ

1. ઉત્તરદાયિત્વનો અર્થ શું છે?
   1. જે શાસન કરે છે તે જેના પર શાસન કરે છે તેને જવાબદાર છે.
   2. શાસન કરનાર બેફામપણે શાસન કરી શકે નહિ.
   3. લોકોને હક છે કે તેમના પર શાસન કરનારા પાસે તેઓ હિસાબ માગે.
   4. લોકશાહીમાં લોકો પ્રત્યેની શાસકોની જવાબદારી અનિવાર્ય છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 2, 4　(B) 2, 3, 4　**(C) 1, 2, 3, 4**　(D) 1, 2, 3
2. નીચેનાં વિધાનો વાંચો:
   1. ઉત્તરદાયિત્વ લોકશાહીની સંસ્થાઓમાં લોકોના વિશ્વાસનું સર્જન કરવામાં મદદરૂપ થઈ શકે નહિ.
   2. શાસન વ્યવસ્થા ઉત્તરદાયી હોય તો શાસકોને લોકોના વિકાસનાં કામો કરવાની ફરજ પાડે છે.
   3. ઉત્તરદાયિત્વ ઊભું કરનારું સૌથી મહત્ત્વનું સાધન ચૂંટણી છે.
   4. ન્યાયતંત્ર શાસકોને ઉત્તરદાયી બનાવી શકે.

   ઉપરનાંમાંથી સાચું શું છે?

   (A) 1, 2,3　(B) 1, 3, 4　**(C) 2, 3, 4**　(D) 1, 2, 4
3. ઉત્તરદાયિત્વ ઊભું કરનારું ઔપચારિક માળખું ભારતમાં કયું છે?

   (A) ચૂંટણી પંચ　(B) તકેદારી પંચ　(C) ભ્રષ્ટાચાર-વિરોધી કચેરી　**(D) ઉપરોક્ત તમામ**
4. ઉત્તરદાયિત્વ ઊભું કરનારું ઔપચારિક માળખું ભારતમાં કયું છે?

   (A) માનવ અધિકાર પંચ　(B) કેગ　(C) લોકપાલ　**(D) ઉપરોક્ત તમામ**
5. નીચેનાં વિધાનો વાંચો:
   1. ઉત્તરદાયિત્વનો સંબંધ સત્તા સાથે છે.
   2. લોકો સરકારી નિર્ણયો અને સરકારી કૃત્યો વિશેના પ્રશ્નોના જવાબો માગવાનો અધિકાર ધરાવે છે.
   3. ઉત્તરદાયિત્વ ઊભું કરવા માટે લોકશાહી સંસ્થાઓને મજબૂત બનાવવી પડે.
   4. વિકાસને ઉત્તરદાયિત્વ સાથે સંબંધ છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   **(A) 1, 2, 3, 4**　(B) 1, 2, 4　(C) 1, 2, 3　(D) 1, 3, 4
6. કોણ શાસકોનું ઉત્તરદાયિત્વ ઊભું કરવા માટે અગત્યનું છે?

   (A) મજૂર મંડળો　(B) રાજકીય પક્ષો　(C) ધંધાકીય મંડળો　**(D) ઉપરોક્ત તમામ**
7. ટ્રેનનો અકસ્માત થાય તો રેલવે ખાતામાં કર્મચારીની જવાબદારી નક્કી થાય એને કેવું ઉત્તરદાયિત્વ કહેવાય?

   **(A) સમાંતર**　(B) લંબરૂપ　(C) છૂટક　(D) સામૂહિક
8. જો શાસનમાં ઉત્તરદાયિત્વ ઊભું ના થાય તો -

   **(A) રાજ્ય મજબૂત નથી એવી છાપ ઊભી થાય છે.**　(B) રાજ્ય શાસકોને બેફામ બનતાં રોકી શકે છે.

   (C) કાયદાનું શાસન ઊભું થાય છે.　(D) કાયદા દ્વારા શાસન ઊભું થતું નથી.

9. કોઈ નગરપાલિકાની બસ સેવા કોના પ્રત્યે સીધું ઉત્તરદાયિત્વ ધરાવે છે?
   (A) રાજ્ય સરકાર **(B) નગરપાલિકા** (C) ઉતારુઓ (D) ગ્રાહક મંડળો
10. કોણ લોકો પ્રત્યે ઉત્તરદાયી છે?
   (A) સરકારી શાળાના શિક્ષકો
   (B) સરકાર દ્વારા કોન્ટ્રેક્ટ મેળવી રસ્તો બાંધનારા કોન્ટ્રેક્ટરો
   (C) પોલિસ
   **(D) ઉપરોક્ત તમામ**

## 71. નિયંત્રણ

1. "લોકશાહી સમાજમાં સત્તાને નિયંત્રણની જરૂર હોય છે." - એમ કોણે કહ્યું છે?
   (A) મિલ્ટન ફ્રીડમેન **(B) એલ. ડી. વ્હાઈટ** (C) મહાત્મા ગાંધી (D) લોર્ડ એક્ટન
2. "સત્તા મનુષ્યને ભ્રષ્ટ બનાવે છે અને સંપૂર્ણ સત્તા સંપૂર્ણ ભ્રષ્ટ બનાવે છે."- આ વિધાન કોનું છે?
   **(A) લોર્ડ એક્ટન** (B) બર્ટ્રાન્ડ રસેલ (C) જ્યાં પોલ સાર્ત્ર (D) મિલ્ટન ફ્રીડમેન
3. "જેમ વધુ સત્તા તેમ વધુ નિયંત્રણની જરૂર હોય છે." - આ વિધાન કોનું છે?
   (A) લોર્ડ એક્ટન (B) એલ્ટન માયો **(C) એલ. ડી. વ્હાઈટ** (D) ડેવિડ ઈસ્ટન
4. વહીવટી તંત્રમાં આંતરિક નિયંત્રણ કેવી રીતે સ્થપાય છે?
   (A) કાર્યક્ષમતા અંગે સર્વે (B) બજેટની પદ્ધતિ
   (C) શ્રેણીગત વ્યવસ્થા **(D) ઉપરોક્ત તમામ**
5. વહીવટી તંત્ર ઉપર બહારથી નિયંત્રણ કોણ ધરાવે છે?
   (A) ધારાગૃહ અને પ્રધાનમંડળ (B) ન્યાયતંત્ર
   (C) નાગરિકો **(D) ઉપરોક્ત તમામ**
6. વહીવટ તંત્ર ઉપર નિયંત્રણની જરૂર શા માટે છે?
   1. અમલદારો બેફામ ના બને.
   2. રાજકારણીઓ બેફામ ના બને.
   3. બંધારણીય જોગવાઈઓનું યોગ્ય પાલન થાય.
   4. કાનૂની જોગવાઈઓનું યોગ્ય પાલન થાય.
   ઉપરનાંમાંથી શું સાચું છે?
   (A) 1, 2, 3 **(B) 1, 2, 3, 4** (C) 3, 4 (D) 1, 2
7. લોકશાહીમાં સરકારનું સર્વોચ્ચ અંગ કયું હોય છે?
   (A) કારોબારી (B) ન્યાયતંત્ર **(C) ધારાગૃહ** (D) અમલદારશાહી
8. સરકારનું સર્વોચ્ચ અંગ લોકશાહીમાં શા માટે ધારાગૃહ હોય છે?
   **(A) તેમાં લોકોના પ્રતિનિધિઓ હોય છે માટે.** (B) તે કાયદા ઘડે છે માટે.
   (C) તે કાયદાનો અમલ કરે છે અને કરાવે છે માટે. (D) ઉપરોક્ત તમામ
9. સંસદીય પદ્ધતિમાં ભારતમાં કયો સિદ્ધાંત અમલમાં છે?
   **(A) સામૂહિક જવાબદારી** (B) અમલદારશાહી
   (C) વ્યક્તિગત ઉત્તરદાયિત્વ (D) સંસદીય વિકેન્દ્રીકરણ
10. નીચેનાં વિધાનો વાંચોઃ
   1. વ્યવહારમાં વહીવટ ઉપર ધારાકીય નિયંત્રણ અસરકારક હોતું નથી.

2. સંસદ પાસે વહીવટ ઉપર નિયંત્રણ માટે સમય હોતો નથી.
3. સંસદ પાસે વહીવટ ઉપર નિયંત્રણ રાખવા જરૂરી નિપુણતા હોતી નથી.
4. વારંવાર વટહુકમો બહાર પડે તો સંસદની કાયદો કરવાની સત્તા મર્યાદિત બની જાય છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2 **(B) 1, 2, 3, 4** (C) 3, 4 (D) 1, 2

11. 1. પ્રધાનમંડળ સંસદમાં બહુમતી ધરાવે છે તેથી તેના નિર્ણયોની અસરકારક આલોચના શક્ય બનતી નથી.
2. સંસદનું કદ મોટું હોય છે તેથી તેનું સંચાલન શક્ય બનતું નથી.
3. સંસદનો અંકુશ મોટે ભાગે રાજકીય પ્રકારનો હોય છે.
4. સંસદમાં મજબૂત વિરોધ પક્ષ જરૂરી છે.

ઉપરનાંમાંથી ક્યું વિધાન સંસદીય લોકશાહીના સંદર્ભમાં સાચું છે?

(A) 3, 4 (B) 1, 2 (C) 2, 3 **(D) 1, 2, 3, 4**

12. ભારતમાં રાજ્ય સરકાર તેનાં નીતિઓ અને કાર્યો માટે કોને જવાબદાર છે?

**(A) વિધાનસભા** (B) ગ્રામ સભા (C) રાજ્યપાલ (D) વડી અદાલત

13. ભારતમાં રાજ્યોમાં વહીવટી નીતિઓ કોણ ઘડે છે?

(A) રાજ્યપાલ **(B) વિધાનસભા** (C) મુખ્યપ્રધાન (D) પંચાયતો

14. વહીવટ ઉપર પ્રધાનમંડળ કેવી રીતે નિયંત્રણ ધરાવે છે?

(A) બજેટની વ્યવસ્થા દ્વારા (B) મહેકમની મંજૂરી અને નિમણૂક દ્વારા

(C) મુલકી સેવાની આચારસંહિતા દ્વારા **(D) ઉપરોક્ત તમામ**

15. વહીવટ ઉપર પ્રધાનમંડળ કેવી રીતે નાણાકીય અંકુશ ધરાવે છે?

(A) નીતિઓને મંજૂરી આપીને (B) કાર્યક્રમો અને યોજનાઓ ઘડીને

(C) આંતરિક ઓડિટની વ્યવસ્થા કરીને **(D) ઉપરોક્ત તમામ**

16. ભારતમાં કેન્દ્ર કે રાજ્ય સરકારમાં નિયમો અને નિયમનો કોણ ઘડે છે?

**(A) પ્રધાનમંડળ** (B) ધારાગૃહ (C) ન્યાયતંત્ર (D) રાષ્ટ્રપતિ

17. પ્રધાનમંડળ કાયદાના અમલ માટે નિયમો, નિયમનો અને પેટા કાયદા ઘડે એને શું કહેવાય છે?

**(A) ધારાકીય સત્તાની સોંપણી** (B) સત્તા વિશ્લેષ

(C) સત્તાધિકાર (D) કાનૂની સત્તાનું સંયોજન

## 72. અંકુશઃ ધારાકીય, કારોબારી, નાણાંકીય

### 72.1 ધારાકીય અંકુશ

1. વહીવટી તંત્ર ઉપર સંસદ સંસદીય લોકશાહીમાં કેવી રીતે અંકુશ રાખે છે?
   1. સાંસદો પ્રશ્નો પૂછે છે અને ચર્ચા કરે છે.
   2. સંસદ ઠરાવ પસાર કરે છે.
   3. બજેટ અને ઓડિટ દ્વારા અંકુશ રાખે છે.
   4. વિવિધ સમિતિઓ દ્વારા કાનૂન ઘડતરમાં અંકુશ રાખે છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 3 (B) 1, 3, 4 (C) 1, 3, 4 **(D) 1, 2, 3, 4**

2. સંસદનું પ્રાથમિક મહત્ત્વનું કાર્ય શું છે?

**(A) કાયદા ઘડવાનું** (B) નીતિઓ ઘડવાનું

(C) સત્તાધિકારી મંડળોની રચના કરવાનું (D) ઉપરોકત તમામ

3. સંસદ કેવી રીતે વહીવટ ઉપર અંકુશ રાખે છે?
   (A) કાયદા ઘડીને (B) કાયદામાં સુધારા કરીને
   (C) કાયદા રદ કરીને **(D) ઉપરોકત તમામ**
4. સંસદના કાયદા દ્વારા જાહેર વહીવટના સંદર્ભમાં શું નક્કી થાય છે?
   **(A) તેનું માળખું અને સંગઠન** (B) તેની સત્તાઓ
   (C) તેનાં કાર્યો અને કાર્યવાહીઓ **(D) ઉપરોકત તમામ**
5. કાયદાને આધારે કારોબારી નિયમો અને નિયમનો ઘડે તેને શું કહેવાય છે?
   (A) કાયદો ઘડવા સત્તાની સોંપણી (B) કારોબારી દ્વારા કાનૂન ઘડતર
   **(C) A અને B બંને** (D) A અને Bમાંથી એકેય નહિ
6. સંસદ કે વિધાનસભામાં પ્રશ્ન કલાકના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચોઃ
   1. તે દરેક બેઠકનો પ્રથમ કલાક હોય છે
   2. કોઈ પણ સાંસદ કે વિધાનસભ્ય પ્રશ્ન પૂછી શકે છે.
   3. પ્રધાનો તે દરમ્યાન પ્રશ્નોના જવાબ આપે છે.
   4. પ્રધાનોના જવાબ પ્રશ્ન કલાક દરમ્યાન મોટે ભાગે મૌખિક અને લેખિત હોય છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?
   **(A) 1, 2, 3, 4** (B) 1, 2 (C) 1, 3, 4 (D) 1, 4
7. પ્રશ્ન કલાક દરમ્યાન ધારાગૃહમાં સામાન્ય રીતે કેવો પ્રશ્ન પૂછાય છે?
   (A) તારાંકિત (B) અતારાંકિત
   (C) ટૂંકી નોટિસ **(D) ઉપરોક્ત તમામ**
8. પ્રશ્ન કલાક દરમ્યાન સંસદમાં પૂછાતા તારાંકિત પ્રશ્નના સંદર્ભમાં નીચેનાંમાંથી કયું વિધાન સાચું છે?
   1. તેનો જવાબ મૌખિક રીતે અપાય છે.
   2. તેમાં પૂરક પ્રશ્નો પૂછી શકાય છે.
   3. પ્રધાન તેનો જવાબ લેખિતમાં પણ આપી શકે.
   4. તેમાં પૂરક પ્રશ્નો પૂછી શકાય છે.

   (A) 3, 4 **(B) 1, 2** (C) 2, 4 (D) 3, 4
9. પ્રશ્ન કલાક દરમ્યાન સંસદમાં પૂછાતા અતારાંકિત પ્રશ્નના સંદર્ભમાં નીચેનાંમાંથી કયું વિધાન સાચું છે?
   1. તેનો જવાબ મૌખિક રીતે અપાય છે.
   2. તેનો જવાબ લેખિત રીતે અપાય છે.
   3. તેમાં પૂરક પ્રશ્નો પૂછી શકાય છે.
   4. તેમાં પૂરક પ્રશ્નો પૂછી શકાય છે.

   (A) 1, 4 (B) 2, 4 **(C) 2, 3** (D) 1, 2
10. પ્રશ્ન કલાક દરમ્યાન સંસદમાં પૂછાતા ટૂંકી નોટિસના સંદર્ભમાં નીચેનાંમાંથી કયું વિધાન સાચું છે?
   1. તે માટે ઓછામાં ઓછા 10 દિવસ અગાઉ નોટિસ આપવી પડે.
   2. તેનો જવાબ મૌખિક રીતે અપાય.
   3. તેનો જવાબ લેખિત રીતે અપાય.
   4. તે માટે ઓછામાં ઓછા બે દિવસની નોટિસ અપાય.

   (A) ફકત 4 **(B) 1, 2** (C) ફકત 1 (D) 1, 3

11. "ગૃહમાં પ્રશ્ન કલાકનો સમય વાસ્તવિક લોકશાહીનું એક સરસ ઉદાહરણ છે"- આ વિધાન કોનું છે?

**(A) અર્લ એટલી** (B) જેમ્સ કેલાઘન

(C) જવાહરલાલ નહેરુ (D) ઈંદિરા ગાંધી

12. ધારાગૃહના શૂન્ય કલાકના સમયગાળાના સંદર્ભમાં નીચેનાંમાંથી કયું વિધાન સાચું છે?

1. ગૃહની કાર્યવાહીના નિયમોમાં તેનો ઉલ્લેખ નથી.
2. સભ્યગૃહમાં અગાઉથી નોટિસ આપ્યા વિના કોઈ પણ મુદ્દો ઉઠાવી શકે છે.
3. 1962થી તેનું અસ્તિત્વ છે.

(A) ફક્ત 2 (B) ફક્ત 1 **(C) 1, 3, 4** (D) 1, 3

13. સંસદની કાર્યવાહીના સંદર્ભમાં ધ્યાન ખેંચાતી દરખાસ્ત કયારથી એક પ્રથા તરીકે શરૂ થઈ?

(A) 1966 (B) 1958 (C) 1962 **(D) 1954**

14. સંસદની કાર્યવાહીના સંદર્ભમાં ધ્યાન ખેંચાતી દરખાસ્ત વિશેના નીચેનાં વિધાનોમાંથી કયું સાચું છે?

1. જાહેર મહત્ત્વ ધરાવતા કોઈ મુદ્દા વિશે પ્રધાનનું ધ્યાન ખેંચવા સભ્ય આવી દરખાસ્ત રજૂ કરે છે.
2. સભ્ય પ્રધાન પાસેથી તેણે ઉઠાવેલા મુદ્દા વિશે અધિકૃત નિવેદન માગે છે.
3. તેનો ઉલ્લેખ ગૃહની કાર્યવાહીના નિયમોમાં થયેલો છે.

(A) ફક્ત 2 (B) ફક્ત 3 (C) 1, 2 **(D) 1, 2, 3**

15. સંસદમાં સરકારી ખાતરીઓ અંગેની સમિતિની શરૂઆત કયારે થઈ?

(A) 1983 **(B) 1953** (C) 1963 (C) 1973

16. સંસદમાં સરકારના વિભાગ વિશેના નીચેનાં વિધાનોમાંથી કયું સાચુ છે?

(A) 1999 (B) 1996 (C) 1985 **(D) 1993**

17. સંસદમાંની સ્થાયી સમિતિ વિશેનાં નીચેનાં વિધાનોમાથી કયું સાચું છે?

1. દરેક સ્થાયી સમિતિમાં 50 સભ્યો હોય છે.
2. દરેક સ્થાયી સમિતિમાં લોકસભાના 35 સભ્યો હોય છે.
3. દરેક સ્થાયી સમિતિમાં રાજ્યસભાના 15 સભ્યો હોય છે.
4. તેમાં લોકસભાના સભ્યોની નિમણૂક સ્પીકર કરે છે.
5. તેમાં રાજ્યસભાના સભ્યોની નિમણૂક ઉપરાષ્ટ્રપતિ કરે છે.

(A) 1, 2, 4 (B) 2, 3, 5 (C) 2, 3, 4 **(D) 1, 2, 3, 4, 5**

18. સંસદની સ્થાયી સમિતિ કયું કાર્ય કરે છે?

(A) મંત્રાલયની અનુદાનની માગણીઓ વિશે વિચાર કરવો.

(B) મંત્રાલય સંબંધી ખરડાઓ તપાસી જવા.

(C) મંત્રાલયના વાર્ષિક અહેવાલો વિશે વિચાર કરવો.

**(D) ઉપરોક્ત તમામ**

19. સરકારની ખાતરીઓ અંગેની સમિતિમાં કેટલા સભ્યો હોય છે?

(A) 35 (B) 25 **(C) 15** (D) 5

20. સરકારી ખાતરીઓ અંગેની સમિતિનું કાર્ય શું છે?

(A) ધારાગૃહમાં પ્રધાનો દ્વારા અપાયેલી ખાતરીઓ ચકાસવી.

(B) કેટલી હદ સુધી પ્રધાનો દ્વારા અપાયેલી ખાતરીઓનું પાલન થયું તે તપાસવું.

(C) ખાતરીઓનું પાલન કેટલા સમયમાં થયું તે ચકાસવું.

**(D) ઉપરોક્ત તમામ**

## 72.2 કારોબારી અંકુશ

1. જાહેર વહીવટમાં કારોબારી દ્વારા અંકુશની પદ્ધતિનો અર્થ શું છે?
   **(A) અમલદારોની કામગીરી ઉપર રાજકીય કારોબારીનું નિયંત્રણ**
   (B) રાજકીય કારોબારીની કામગીરી ઉપર અમલદારો દ્વારા અંકુશ
   (C) પ્રધાન મંડળ ઉપર વડા પ્રધાનનો અંકુશ
   (D) પ્રધાનમંડળ ઉપર ધારાગૃહનો અંકુશ
2. ભારતમાં પ્રધાનમંડળની ભૂમિકા કઈ છે?
   1. તે નીતિઓ અને કાર્યો માટે સંસદને સામૂહિક રીતે જવાબદાર છે.
   2. દરેક પ્રધાન પોતાનાં કાર્યો માટે વ્યક્તિગત રીતે જવાબદાર છે.
   3. રાજકીય કારોબારી વહીવટીતંત્ર ઉપર અંકુશ ધરાવે છે.
   4. કારોબારી અંકુશ સુધારાત્મક અને નિર્દેશાત્મક છે
   ઉપરનાંમાંથી શું સાચું છે?
   **(A) 1, 2, 3, 4** (B) 1, 2, 3 (C) 1, 2, 4 (D) 2, 3, 4
3. ભારતની સંસદીય લોકશાહીમાં વહીવટ પર કારોબારી અંકુશનો અર્થ શો થાય છે?
   1. કારોબારી વહીવટી નીતિઓ ઘડે છે.
   2. કારોબારી વહીવટી નીતિઓનાં અમલ ઉપર દેખરેખ રાખે છે.
   3. પ્રધાન જે તે વિભાગની નીતિ નક્કી કરે છે.
   **4. ઉપરોક્ત તમામ**
4. ભારતની સંસદીય પ્રથામાં કારોબારી અંકુશ કેવી રીતે ઊભો થાય છે?
   1. નીતિ નિર્ધારણ
   2. નીતિઓના અમલ માટે સંકલન અને દિશા નિર્દેશ
   3. વહીવટી સંસ્થાઓની કામગીરી પર અંકુશ
   **4. ઉપરોકત તમામ**
5. ભારતની સંસદીય પ્રથામાં કારોબારી અંકુશ કેવી રીતે ઊભો થાય છે?
   (A) બજેટ દ્વારા (B) મહેકમની નિમણૂક દ્વારા
   (C) કર્મચારીઓને હોદ્દા પરથી દૂર કરવાથી સંસ્થાના અમલ દ્વારા **(D) ઉપરોક્ત તમામ**
6.. ભારતની સંસદીય પ્રથામાં કારોબારી અંકુશ કેવી રીતે ઊભો થાય છે?
   (A) કર્મચારીઓની સેવાઓની શરતો અને નિયમો દ્વારા (B) કાયદાના અમલ માટે નિયમો ઘડીને
   (C) વટહુકમો બહાર પાડીને **(D) ઉપરોક્ત તમામ**

## 72.3 નાણાકીય અંકુશ

1. નાણાં મંત્રાલયના નાણાકીય અંકુશ વિભાગનો ઉદ્દેશ શો છે?
   1. રાજ્યની સંસ્થાઓ દ્વારા ઉપયોગમાં લેવાતી હિસાબી પદ્ધતિઓ ઘડવી અને મંજૂર કરવી.
   2. બધા જ નાણાકીય વ્યવહારો નિયમાનુસાર થાય તે સુનિશ્ચિત કરવું.
   3. તમામ નાણાકીય વ્યવહારોને મંજૂરી આપવી.
   4. હિસાબી વ્યવહારો પર દેખરેખ રાખવી.
   ઉપરનાંમાંથી શું સાચું છે?
   (A) 1, 3, 4 (B) 2, 3, 4 (C) 1, 2, 3 **(D) 1, 2, 3, 4**

2. નાણાકીય અંકુશ ગુજરાત સરકારનો નાણાં વિભાગ કેવી રીતે ધરાવે છે?
   1. તે વિવિધ વિભાગોની ઓડિટ સમિતિઓ ઉપર દેખરેખ રાખે છે.
   2. જાહેર હિસાબ સમિતિ સમક્ષ દરેક વિભાગ ખુલાસા આપે તેના ઉપર દેખરેખ રાખવી.
   3. સરકારી લોન મેળવતી સંસ્થા ઉપર દેખરેખ રાખવી.
   4. સરકારી સહાય મેળવતી સંસ્થા ઉપર દેખરેખ રાખવી.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   (A) 1, 2, 4 (B) 1,3, 4 **(C) 1, 2, 3, 4** (D) 1, 2
3. ગુજરાત સરકારના દરેક વિભાગની ઓડિટ કમિટી શું કરે છે?
   1. , જાહેર હિસાબ સમિતિનાં સૂચનોનું પાલન કરે છે.
   2. જાહેર સાહસ સમિતિનાં સૂચનોનું પાલન કરે છે.
   3. જાહેર હિસાબ સમિતિએ રજૂ કરેલાં વાંધા અંગે ખુલાસા કરે છે.
   4. **ઉપરોક્ત તમામ**
4. નાણાં મંત્રાલયનો ખર્ચ વિભાગ શાના ઉપર દેખરેખ રાખે છે?
   1. કેન્દ્ર સરકારની જાહેર વિત્ત સંચાલન વ્યવસ્થા
   2. રાજ્યોની નાણાકીય બાબતો
   3. બિન-યોજનાકીય ખર્ચ
   4. યોજનાકીય ખર્ચ
   5. મહત્ત્વની યોજનાઓનું મંજૂરી અગાઉનું મૂલ્યાંકન

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   **(A) 1, 2, 3, 4, 5** (B) 1, 2, 4 (C) 1, 2, 3 (D) 2, 4, 5
5. કેન્દ્રના નાણાં મંત્રાલયના ખર્ચ વિભાગની પ્રવૃત્તિમાં શાનો સમાવેશ થાય છે?
   (A) મંત્રાલયોના ખર્ચ ઉપર દેખરેખ (B) મહેકમ સંચાલનના નાણાકીય પાસા ઉપર દેખરેખ
   (C) નાણાકીય નિયમોને આધારે વહીવટ **(D) ઉપરોક્ત તમામ**
6. કેન્દ્રના નાણાં મંત્રાલયના ખર્ચ વિભાગની પ્રવૃત્તિમાં શાનો સમાવેશ થાય છે?
   (A) કેન્દ્ર સરકારના હિસાબો તૈયાર કરવા
   (B) ઓડિટનાં અવલોકનોને આધારે નાણાકીય વહીવટ સુધારવો
   (C) ખર્ચ ઉપર નિયંત્રણ રાખવા માટે અન્ય મંત્રાલયોને સહાય કરવી.
   **(D) ઉપરોક્ત તમામ**

## 73. માધ્યમોની ભૂમિકા

1. લોકશાહી સમાજમાં માધ્યમોની ભૂમિકાના સંદર્ભમાં કયો મુદ્દો અગત્યનો છે?
   (A) માહિતીમાં વૈવિધ્ય. (B) માધ્યમોની માલિકીમાં બહુલતા
   (C) પ્રકાશનની સ્વતંત્રતા. **(D) ઉપરોક્ત તમામ**
2. લોકશાહી સમાજમાં માધ્યમોની ભૂમિકાની સંદર્ભમાં કયો મુદ્દો અગત્યનો છે?
   (A) સંસ્કૃતિ અને મતમતાંતર (B) લોકશાહી રાજકીય વ્યવસ્થાને ટેકો
   (C) લોકોનો વિકાસ **(D) ઉપરોક્ત તમામ**
3. લોકશાહી સમાજમાં માધ્યમોની ભૂમિકા માટે કયો મુદ્દો અગત્યનો છે?
   (A) લોકોની સલામતી (B) રાજ્યની સલામતી
   (C) માધ્યમની સાર્વત્રિક પહોંચ **(D) ઉપરોક્ત તમામ**

2015/16 31308

4. લોકશાહી સમાજમાં માધ્યમોની ભૂમિકા શી છે?
   (A) સાચી વિગતો લોકો સમક્ષ રજૂ કરવી.
   (B) કોઈની પણ શેહશરમમાં આવ્યો વિના સત્ય રજૂ કરવું.
   (C) સરકારનાં કાર્યોની ટીકાત્મક ચર્ચા કરવી.
   **(D) ઉપરોક્ત તમામ**
5. ભારતમાં માધ્યમોની ભૂમિકા વિશે નીચેનાં વિધાનો વાંચોઃ
   1. તેમની ભૂમિકા માત્ર માહિતી પીરસવાની છે.
   2. તેમની ભૂમિકા માત્ર લોકરંજનની છે.
   3. તેમની ભૂમિકા સામાજિક ઉત્થાન માટે લોકશિક્ષણની છે.
   4. તેમની ભૂમિકા સરકારની પ્રવૃત્તિઓની યોગ્ય ટીકા કરવાની છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?
   (A) 1, 4 (B) 1, 2 **(C) 3, 4** (D) 2, 3
6. માધ્યમોની ભૂમિકા વિશે નીચેનાંમાંથી કયું વિધાન સાચું છે?
   1. તે રાજકીય વ્યવસ્થાના રખેવાળ છે.
   2. તે રાષ્ટ્રનિર્માણમાં એક મહત્ત્વનું પરિબળ છે.
   3. તે આમ આદમીને નેતાઓની નજીક લાવે છે.
   4. તે તમામ મહત્ત્વના રાજકીય પરિસ્થિતિ ઉપર પ્રકાશ ફેંકે છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?
   (A) 1, 2, 4 (B) 2, 3, 4
   (C) 1, 2, 3 **(D) 1, 2, 3, 4**
7. માધ્યમોના મહત્ત્વ વિશેનાં નીચેનાં વિધાનોમાંથી કયું સાચું છે?
   1. તે સંચારનું સૌથી લોકપ્રિય સાધન છે.
   2. તેણે દુનિયાને વૈશ્વિક ગ્રામ બનાવી છે.
   3. તે કોઈ પણ સામાજિક સમસ્યા વિશે ચર્ચા ઊભી કરે છે.
   4. તે કોઈ આર્થિક સમસ્યામાં લોકોનો રસ ઊભો કરે છે.
   5. તે રાજકીય સમસ્યા વિશે લોકોમાં જાગૃતિ લાવે છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?
   **(A) 1, 2, 3, 4, 5** (B) 1, 2, 3, 4
   (C) 1, 2, 3 (D) 3, 4, 5
8. માધ્યમોના મહત્ત્વ વિશેનાં નીચેનાં વિધાનોમાંથી કયું સાચું છે?
   1. તે સંચાર માટેનો સૌથી સરળ અને સસ્તો માર્ગ છે. 2. તે લોકોનું મનોરંજન કરે છે.
   3. તે સંશોધન અને વિશ્લેષણમાં મદદ કરે છે. 4. તે વિજ્ઞાપનને સરળ બનાવે છે.

   નીચેનાંમાંથી કયું સાચું છે?
   (A) 1, 2 (B) 1, 2, 3 **(C) 1, 2, 3, 4** (D) 1, 3
9. માધ્યમોની ફરજ કઈ છે?
   1. તે સાચી અને યોગ્ય માહિતી પૂરી પાડે.
   2. તે નીતિમત્તાનાં સ્વીકૃત્ત ધોરણો અનુસાર કામ કરે.
   3. તે લોકોનું પ્રતિનિધિત્વ કરે અને તેમને માટે બોલે.
   4. તે માહિતીનું અર્થઘટન કરે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 2, 3 (B) 1, 4 (C) 1, 2 **(D) 1, 2, 3, 4**

10. ભારતમાં માધ્યમોની શી ભૂમિકા છે?
    1. તે જ્ઞાતિવાદ અને કોમવાદનાં દૂષણો સામે લડે.
    2. તે લોકોને ગરીબી અને બેકારી સામે લડવામાં મદદ કરે.
    3. તે વિકાસલક્ષી પ્રયાસોને ઉજાગર કરે.
    4. તે અંધશ્રદ્ધાઓ દૂર કરવામાં લોકોને મદદ કરે.

    ઉપરનાંમાંથી શું સાચું છે?

    (A) 1, 2, 3 **(B) 1, 2, 3, 4** (C) 1, 2, 4 (D) 1, 3, 4

11. માધ્યમોની ભૂમિકા શી છે?
    1. તે ખૂબ ઝડપથી માહિતીનો ફેલાવો કરે છે.
    2. તે તમારે જેના સુધી સંદેશો પહોંચાડવો છે તેના સુધી સંદેશો પહોંચાડવામાં મદદ કરે છે.
    3. તે વિનામૂલ્યે તમારી વાતને પ્રસિદ્ધ કરે છે.
    4. તે નિર્ણયકર્તાઓ ઉપર પ્રભાવ પાડવાની કોશિશ કરે છે.

    ઉપરનાંમાંથી શું સાચું છે?

    (A) 1, 2, 3 (B) 2, 4 **(C) 1, 2, 3, 4** (D) 1, 2

12. માધ્યમોની કયા મુદ્દે ટીકા થાય છે?

    (A) તે પોતે પણ ધંધો કરે છે અને તેનો ઉદ્દેશ નફો કમાવાનો જ હોય છે.

    (B) તે અભદ્ર રજૂઆતોને પ્રોત્સાહન આપે છે.

    (C) તે જાહેરખબરો માટે સમાચારોનો ભોગ લે છે.

    **(D) ઉપરોક્ત તમામ.**

13. માધ્યમોના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચોઃ
    1. તે પારદર્શિતા લાવે છે.
    2. તે સુશાસન લાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.
    3. તે આર્થિક અને માનવ વિકાસને પ્રોત્સાહન આપે છે.
    4. તે હકીકતો, અભિપ્રાયો અને વિચારોને વ્યકત કરે છે.

    ઉપરનાંમાંથી શું સાચું છે?

    **(A) 1, 2, 3, 4** (B) 1, 4 (C) 1, 2 (D) 3, 4

## 74. હિતધારક સંગઠનો કે દાબ જૂથો

1. હિતધારક સંગઠનોના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચોઃ
    1. તેમાં સભ્યો સમાન વિચારો અને ઉદ્દેશો ધરાવે છે.
    2. તે સરકારી નીતિઓ પર પ્રભાવ પાડવાનો પ્રયાસ કરે છે.
    3. તે સરકારનું સંચાલન કરવાની ઈચ્છા ધરાવતાં નથી.
    4. તે પોતાના સભ્યોનાં હિતોનું રક્ષણ કરવામાં રસ ધરાવે છે.
    5. તે રાજકીય પ્રક્રિયા ઉપર પ્રભાવ પાડે છે.

    ઉપરનાંમાંથી શું સાચું છે?

    (A) 2, 3, 4 (B) 1, 2, 3, 5 **(C) 1, 2, 3, 4, 5** (D) 1, 3, 4, 5

2. હિતધારક સંગઠનો નીચેનાંમાંથી કોણ કહેવાય?
   (A) ગ્રાહક સુરક્ષા મંડળ (B) મજૂર મંડળ (C) વેપારીઓનું મંડળ **(D) ઉપરોક્ત તમામ**
3. હિતધારક સંગઠનોના સંદર્ભમાં નીચેનાંમાંથી કયું વિધાન સાચું છે?
   1. નીતિ ઘડતરની પ્રક્રિયામાં તેઓ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.
   2. તેઓ તેમના સભ્યોનું પ્રતિનિધિત્વ કરે છે.
   3. તેઓ અમુક વર્ગનું હિત સાચવવાનો પ્રયત્ન કરે છે.
   4. તેઓ કોઈક વિચારધારા સાથે સંબંધિત હોઈ શકે છે.
   (A) 1, 2, 3 (B) 2, 3, 4 **(C) 1, 2, 3, 4** (D) 1, 2, 4
4. નીચેનામાંથી કયું હિતધારક સંગઠન કહેવાય?
   (A) ભારતીય કિસાન સંઘ (B) ખેડૂત સમાજ (C) ખેત કામદાર યુનિયન **(D) ઉપરોક્ત તમામ**
5. હિતધારક સંગઠનોના સંદર્ભમાં નીચેનાંમાંથી કયું વિધાન સાચું છે?
   (A) તેમના સભ્યોમાં રહેલી હિતોની એકતામાંથી તેમના અભિગમોની એકરૂપતા જન્મે છે.
   (B) તેઓ શાસન કરવાની જવાબદારી ઉપાડ્યા વિના તેમનાં હિતોને આગળ ધપાવવા માગે છે.
   (C) તેઓ ધારાકીય, કારોબારીય અને ન્યાય શાખા અંગેના નિર્ણયો પર પ્રભાવ પાડવા માગે છે.
   **(D) ઉપરોક્ત તમામ**
6. નીચેનાંમાંથી કયું હિતધારક સંગઠન કહેવાય?
   (A) ગુજરાત વેપારી મહામંડળ
   (B) અમદાવાદ ટેક્સ્ટાઈલ મિલ ઓનર્સ એસોસીએશન
   (C) પ્રાથમિક શિક્ષક સંઘ
   **(D) ઉપરોક્ત તમામ**
7. હિતકારક સંગઠનોના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન સાચું છે?
   (A) તેઓ જાહેર નીતિ અને પરિવેશ સાથે સંબંધિત પરિબળો વચ્ચે કડીરૂપ બને છે.
   (B) તેઓ સરકાર ઉપર દબાણ લાવવા વિવિધ કાર્યક્રમો તેમના સભ્યો માટે આપે છે.
   (C) તેઓ માહિતી એકત્ર કરીને નીતિ નિર્ધારકોને આપે છે.
   **(D) ઉપરોક્ત તમામ**
8. હિતધારક સંગઠન નીચેનાંમાંથી કયું કહેવાય?
   (A) INTUC (B) AITUC (C) BMS **(D) ઉપરોક્ત તમામ**
9. હિતધારક સંગઠનોના સંદર્ભમાં નીચેનાંમાંથી કયું વિધાન સાચું છે?
   1. તે રાજકીય પક્ષોના ઉમેદવારોને ચૂંટણીમાં જીતાડવામાં મોટી ભૂમિકા ઘણી વાર ભજવે છે.
   2. સમાન હિત માટે કામ કરનારાં અનેક હિતધારક સંગઠનો હોઈ શકે છે.
   3. તેમાં બહારના નેતાઓ હોઈ શકે છે.
   4. તેમાંનાં ઘણાંમાં આવશ્યક એવા કૌશલ્યનો અભાવ પ્રવર્તે છે.
   (A) 1, 2 (B) 2, 4 **(C) 1, 2, 3, 4** (D) 1, 2, 4
10. હિતધારક સંગઠનોના સંદર્ભમાં નીચેનાંમાંથી કયું વિધાન સાચું છે?
    1. તે સંકુચિત પ્રાદેશિક લક્ષ્યાંકો ધરાવતાં હોઈ શકે.
    2. તે સમગ્ર સમાજનું હિત ધ્યાનમાં ના રાખે એમ પણ બને.
    3. તેઓ સમગ્ર સમાજને હડતાળ વગેરેનો આશરો લઈને બાનમાં લે એમ બની શકે.
    4. જ્યાં રાજકીય પક્ષો મજબૂત ના હોય ત્યાં સંગઠનોની ભૂમિકા વધારે મહત્ત્વની બને છે.

(A) 1, 2 (B) 2, 4 (C) 1, 3, 4 **(D) 1, 2, 3, 4**

11. દાબ જૂથોને "નવા સામ્રાજ્ય" તરીકે કોણે ઓળખાવ્યાં છે?

**(A) પ્રો. એસ. ફાઈનર** (B) વુડ્રો વિલ્સન (C) મિલ્ટન ફ્રીડમેન (D) ફ્રેડરિક વોન હાયેક

12. દાબ જૂથોને "બિન-અધિકૃત સરકાર" કોણે કહ્યાં છે?

(A) પ્રો. એસ. ફાઈનર (B) વુડ્રો વિલ્સન (C) હર્બર્ટ સાયમન **(D) રિચર્ડ ડી. લેમ્બર**

13. દાબ જૂથો કયું લક્ષણ ધરાવે છે?

(A) દાબ જૂથોમાં રાજકીય પક્ષો કરતાં વધારે લવચીકતા હોય છે.

(B) તેઓ લોબીઈંગ કરે છે.

(C) તેઓ લોબીઈંગ દ્વારા સરકારના નિર્ણયો પર પ્રભાવ પાડવાનું કામ કરે છે.

**(D) ઉપરોક્ત તમામ**

14. જી. એ. આલમંડ અને જી. બી. પોવેલના મતે દાબ જૂથોના કેટલા પ્રકાર છે?

**(A) 4** (B) 5 (C) 6 (D) 7

15. રાજકીય પક્ષ કેવું દાબ જૂથ કહેવાય?

**(A) સંસ્થાગત હિત જૂથ** (B) સંગઠિત હિત જૂથ (C) અનિયમિત હિત જૂથ (D) અસંગઠિત હિત જૂથ

16. જી. એ. આલમંડ અને જી. બી. પોવેલના મતે કયું દાબ જૂથ છે?

1. સંસ્થાગત હિત જૂથ
2. સંગઠિત હિત જૂથ
3. અનિયમિત હિત જૂથ
4. અસંગઠિત હિત જૂથ

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 3 **(B) 1, 2, 3, 4** (C) 1, 2 (D) 3, 4

17. ભારતમાં દાબ જૂથો કઈ પદ્ધતિ સરકારની નીતિઓ પર પ્રભાવ પાડવા માટે અજમાવે છે?

(A) દેખાવો યોજે (B) સરઘસો કાઢે (C) ધરણા યોજે **(D) ઉપરોક્ત તમામ**

18. ભારતમાં દાબ જૂથો કઈ પદ્ધતિ સરકારની નીતિઓ પર પ્રભાવ પાડવા માટે અજમાવે છે?

(A) હડતાળ પાડે (B) પ્રતીકાત્મક ઉપવાસ કરે (C) આમરણ ઉપવાસ કરે **(D) ઉપરોક્ત તમામ**

19. ભારતમાં દાબ જૂથોની કઈ મર્યાદા છે?

1. ઘણાં અલ્પજીવી હોય છે.
2. ઘણાં ખૂબ જ સ્વાર્થી હોય છે.
3. ઘણાં પાસે સંસાધનોનો અભાવ હોય છે.
4. ઘણાં પ્રદેશ કે ધર્મ-આધારિત હોય છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3, 4** (B) 1, 4 (C) 1, 2, 3 (D) 1, 3, 4

20. દાબ જૂથની શક્તિ શાને આધારે નક્કી થાય છે?

1. નેતૃત્વ
2. સભ્યસંખ્યા
3. નાણાકીય તાકાત
4. લોકોને આકર્ષવાની તરકીબો
5. સંગઠનાત્મક તાકાત

6. પ્રચાર-પ્રસારનાં સાધનોનો ઉપયોગ

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 **(C) 1, 2, 3, 4, 5, 6** (D) 2, 3, 5

## 75. નાગરિક સમાજ

1. "નાગરિક સમાજ એક સમાવેશક છત્રી જેવો ખ્યાલ છે કે જેમાં રાજ્ય બહારની અનેક સંસ્થાઓનો સમાવેશ થાય છે."- આ વિધાન કોનું છે?

**(A) જેફરી એલેક્ઝાંડર** (B) જ્યોર્જ હ્યુજિન્સ

(C) લેરી ડાયમંડ (D) હર્બર્ટ સાયમન

2. "નાગરિક સમાજ એક સંગઠિત સમાજ છે કે જેના ઉપર રાજ્ય શાસન કરે છે"- આ વિધાન કોનું છે?

**(A) એસ. કે. દાસ** (B) રાજીવ ગાંધી

(C) સી. સુબ્રમણ્યમ (D) ટી. ટી. કૃષ્ણમાચારી

3. નાગરિક સમાજનું લક્ષણ કયું છે?

1. તે સાર્વજનિક જાહેર હિત માટે પ્રયાસ કરે છે.
2. તે રાજ્ય સિવાયની સંસ્થાઓને આવરી લે છે.
3. તે સંગઠિત સમાજ તરફ નિર્દેશ કરે છે.
4. તે એવાં જૂથોનો બનેલો છે કે જે પરિવાર અને રાજ્ય વચ્ચે સેતું બને છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3, 4** (B) 1, 2 (C) 1, 2, 3 (D) 2, 4

4. નાગરિક સમાજનું લક્ષણ કયું છે?

(A) તેમાં મંડળો રચવાની સ્વતંત્રતા, વિચારોની સ્વતંત્રતા અને નાગરિક અધિકારો ગર્ભિત છે.

(B) તે રાજ્યથી સ્વતંત્ર અને સ્વાયત છે પણ રાજ્યની સત્તા હેઠળ છે.

(C) તે નાગરિકોના નાગરિકત્વ ઉપર ભાર મૂકે છે.

**(D) ઉપરોક્ત તમામ**

5. વીસમી સદીમાં નાગરિક સમાજનું તાત્વિક વિશ્લેષણ સૌ પ્રથમ કોણે કર્યું?

(A) વ્લાદિમિર લેનિન **(B) એન્ટોનિયો ગ્રામસી**

(C) ફ્રેન્ઝ કાફકા (D) જુર્ગેન હેબરમાસ

6. "નાગરિક સમાજ સંગઠિત સામાજિક જીવનના વાસ્તવનું પ્રતિનિધિત્વ કરે છે કે જે સ્વૈચ્છિક, સ્વનિર્મિત, મુખ્યત્વે સ્વસમર્પિત અને કાનૂની વ્યવસ્થા દ્વારા કે સહિયારો મૂલ્યો દ્વારા બદ્ધ છે"- આ વિધાન કોનું છે?

(A) એન્ટોનિયો ગ્રામસી **(B) લેરી ડાયમંડ**

(C) જુર્ગેન હેબરમાસ (D) મેક્સ વેબર

7. નાગરિક સમાજનું લક્ષણ કયું છે?

(A) તે રાજ્યનું વર્ચસ્વ ઘટાડવા માગે છે.

(B) તે બજારનું વર્ચસ્વ ઘટાડવા માગે છે.

(C) તે બજાર અને રાજ્યમાં નાગરિકોની સહભાગિતા ઈચ્છે છે.

**(D) ઉપરોક્ત તમામ**

8. નાગરિક સમાજનું લક્ષણ કયું છે?

(A) તે સરમુખત્યારશાહીનો વિરોધ કરે છે. (B) તે માનવ અધિકારોનું જતન ઈચ્છે છે.

(C) તે જાહેર મતને ઘડે છે. **(D) ઉપરોક્ત તમામ**

9. નાગરિક સમાજનાં કોનો સમાવેશ થાય છે?
   (A) બિન-સરકારી સંગઠનો
   (B) સહકારી મંડળીઓ
   (C) મહિલાઓનાં જૂથો
   **(D) ઉપરોક્ત તમામ**
10. નાગરિક સમાજમાં કોનો સમાવેશ થાય છે?
   (A) મંજૂર મંડળો
   (B) ખેડૂતોનાં મંડળો
   (C) સમુદાય-આધારિત સંગઠનો
   **(D) ઉપરોક્ત તમામ**
11. ભારતમાં નાગરિક સમાજમાં શાનો સમાવેશ થાય?
   (A) ગુજરાત ખેત કામદાર યુનિયન
   (B) મજૂર મહાજન સંઘ
   (C) SEWA
   (D) **ઉપરોક્ત તમામ**
**12.** એન્ટોનિયો ગ્રામસીના મતે નાગરિક સમાજ શું છે?
   (A) બુર્ઝવા વર્ચસ્વ માટેનું વાહન
   (B) મજૂરોનાં હિતો સાચવવા માટેનું સંગઠન
   (C) તે સાંસ્કૃતિક અને વૈચારિક મૂડી પૂરી પાડે છે.
   (D) A અને C
13. નીચેનાં વિધાનો વાંચો:
   1. તે બિન-સરકારી સંગઠનો અને સંસ્થાઓનો સમૂહ છે.
   2. તે સમાજમાં સરકાર અને બજાર સિવાયનું નાગરિકોનું ક્ષેત્ર છે.
   3. તે સમાજનાં સંગઠનો અને નાગરિકો છે કે જે સરકારથી સ્વતંત્ર છે.
   4. લોકશાહીના જતન અને સંવર્ધન માટે નાગરિક સમાજ અનિવાર્ય છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?
   (A) ફક્ત 4 (B) 1, 2 (C) 2, 3 (D) **1, 2, 3, 4**
14. નાગરિક સમાજ એટલે "પરિવાર અને રાજ્ય વચ્ચે દરમ્યાનગીરી કરે" તે એવી વ્યાખ્યા કોણે આપી છે?
   **(A) જી. ડબ્લ્યુ. એફ. હેગલ**
   (B) કાર્લ માર્ક્સ
   (C) મહાત્મા ગાંધી
   (D) લોકમાન્ય ટિળક
15. 1990 ના દાયકાથી નાગરિક સમાજ વિશે શું સમજવામાં આવ્યું?
   (A) વૈકલ્પિક સામાજિક અને આર્થિક વ્યવસ્થા ઊભી કરવા માટેની વ્યૂહાત્મક વ્યવસ્થા.
   (B) તે એક રાજકીય સમાજ છે.
   (C) તે વૈશ્વિકીકરણ ઊભાં કરેલાં દૂષણોનો વિરોધ કરે છે.
   **(D) ઉપરોક્ત તમામ**
16. નાગરિક સમાજ ક્યારે ઊભો થયો ગણાય છે?
   1. તે શાસન સામે પોતાનો મત અભિવ્યક્ત કરે.
   2. તે સરકાર પાસેથી સામાજિક જરૂરિયાતો સામે પ્રતિભાવ માગે છે.
   3. તે સરકાર તેના સ્વીકૃત વર્તનની સરહદ તોડે ત્યારે તેનો વિરોધ કરે છે.
   4. તે રાજ્ય અને બજાર જ્યારે શોષણ કરે છે ત્યારે તેનો વિરોધ કરે છે.

   ઉપરનાંમાંથી શું સાચું છે?
   (A) 1, 2, 4 (B) 1, 2, 3 **(C) 1, 2, 3, 4** (D) 2, 4
17. વિશ્વ બેંકના મત મુજબ શાનો સમાવેશ નાગરિક સમાજમાં થાય છે?
   1. બિન-સરકારી સંગઠનો
   2. સામુદાયિક જૂથો

3. મજૂર મંડળો
4. સખાવતી સંસ્થાઓ
5. વ્યવસાયી સંગઠનો
6. ધર્મ-આધારિત સંગઠનો

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 3 (B) 1, 2, 4, 6 **(C) 1, 2, 3, 4, 5, 6** (D) 2, 3, 4, 5

18. નાગરિક સમાજના સંદર્ભમાં નીચેનાં વિધાનોમાંથી કયું સાચું છે?
1. તેનું કદ અને કાર્યક્ષેત્ર વધતાં ગયાં છે.
2. તે સામાજિક સેવાઓ પૂરી પાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.
3. તે વિકાસસક્ષી કાર્યક્રમોના અમલમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.
4. તે વૈશ્વિક સ્તરે નીતિ ઘડતર ઉપર પ્રભાવ પાડે છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 2, 3 (B) 1, 2 (C) 1, 2, 3 **(D) 1, 2, 3, 4**

19. નાગરિક સમાજના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચોઃ
1. સરકાર નાગરિક સમાજને ચૂપ કરી દેવાના પ્રયાસો કરે છે.
2. લોકશાહીના જતન માટે ગતિશીલ નાગરિક સમાજ આવશ્યક છે.
3. નાગરિક સમાજ અન્ય ક્ષેત્રોને યોગ્ય કામ કરતાં કરે છે.
4. તે બજારની વિઘાતક અસરોને હળવી કરવાનો પ્રયાસ કરે છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3, 4** (B) 1, 2, 3 (C) 2, 3, 4 (D) 1, 2, 4

20. નાગરિક સમાજની ભૂમિકા કઈ છે?
1. તે સમાજની બજાર અને રાજ્ય નામની સંસ્થાઓના રખેવાળ તરીકે કામ કરે છે.
2. તે બજાર અને રાજ્યને પારદર્શક અને ઉત્તરદાયી બનાવે છે.
3. તે સામાજિક પ્રશ્નો અને પડકારો વિશે જાગૃતિ ફેલાવે છે.
4. તે પરિવર્તન માટે હિમાયત કરે છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 3, 4 (B) 2, 4 (C) 1, 2 **(D) 1, 2, 3, 4**

21. નાગરિક સમાજ કઈ ભૂમિકા અદા કરે છે?
1. તે નાગરિકોના અધિકારો માટે લડે છે.
2. તે નાગરિકોને જાહેર કાર્યમાં સામેલ કરે છે.
3. તે મૂળભૂત અને સાર્વત્રિક મૂલ્યોને પ્રોત્સાહન આપે છે.
4. બજાર અને રાજ્યની પ્રવૃત્તિઓ માટે તે ધોરણો ઘડે છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2 **(B) 1, 2, 3, 4** (C) 1, 2, 3 (D) 2, 3, 4

22. નાગરિક સમાજ કઈ ભૂમિકા અદા કરે છે?

(A) તે નાગરિકોને શિક્ષણ અને તાલીમ પૂરાં પાડે છે.

(B) તે શિક્ષણ, આરોગ્ય અને અન્ન સલામતી જેવાં ક્ષેત્રે સેવાઓ પૂરી પાડે છે.

(C) તે નાગરિકોનું ક્ષમતાનિર્માણ કરે છે.

**(D) ઉપરોક્ત તમામ**

23. નાગરિક સમાજ સામે કયો પડકાર છે?
(A) નાણાં ક્યાંથી મેળવવાં.
(B) લોકો પ્રત્યે વધુ ઉત્તરદાયી કેવી રીતે બનવું.
(C) વૈશ્વિક શાસનની પ્રક્રિયાઓમાં કેવી રીતે બનવું.
**(D) ઉપરોક્ત તમામ**

## 76. નાગરિકોનું ખતપત્ર અથવા અધિકારપત્ર (Citizen's Charter)

1. ગુજરાતમાં નાગરિકોનું ખતપત્ર ક્યારે દાખલ કરાયું?
(A) 1995 (B) 2002 **(C) 1998** (D) 2004
2. ગુજરાતમાં 2014 સુધીમાં કેટલાં નાગરિકોનાં ખતપત્રો પ્રકાશિત કરાયાં છે ?
(A) 215 **(B) 305** (C) 19 (D) 78
3. નાગરિકોનું ખતપત્ર ગુજરાતમાં કયા સ્તરે જાહેર કરાયું છે?
**(A) જિલ્લો** (B) તાલુકો
(C) રાજ્ય સરકારના વિભાગો (D) મહાનગરપાલિકા
4. નાગરિકોનું ખતપત્ર જાહેર કરવાનો ઈરાદો શું છે?
**(A) જિલ્લા સ્તરે વહીવટી તંત્ર અસરકારક અને જવાબદાર બને.**
(B) ભ્રષ્ટાચારનું નિવારણ થાય.
(C) નાગરિકો ઉપર ઓછા કરવેરા નખાય.
(D) ઉપરોક્ત તમામ
5. નાગરિક ખતપત્રમાં શાનો સમાવેશ થાય છે?
(A) જે તે કચેરીનું કામ (B) અરજી સાથે જોડવાના દસ્તાવેજો
(C) ફી ની વિગત **(D) ઉપરોક્ત તમામ**
6. નાગરિક ખતપત્રમાં શાનો સમાવેશ થાય છે?
(A) નાગરિકની અરજીના નિકાલની સમય મર્યાદા. (B) અરજી કોને સુપરત કરવી તે.
(C) અરજી સાથે જોડવાના દસ્તાવેજોની વિગતો. **(D) ઉપરોક્ત તમામ**
7. નાગરિક ખતપત્ર અનુસાર નાગરિકોની અરજી કયાં સ્વીકારાય છે?
(A) રાજ્ય સરકારનો જે તે વિભાગ **(B) જન સેવા કેન્દ્ર**
(C) તકેદારી પંચ (D) પોલિસ સ્ટેશન
8. નાગરિક ખતપત્રનો હેતુ શો છે?
1. લોકો ઝડપથી તેમનું કામ પતાવી શકે.
2. નિર્ધારિત સમયમાં સરકારી કચેરીમાં લોકોનું કામ પતે.
3. વહીવટી તંત્ર વિશે લોકોને જાણકારી મળે.
4. લોકો તેમની સમસ્યાઓના ઉકેલ માટેના હકો વિશે જાણે.
ઉપરનાંમાંથી શું સાચું છે?
(A) 1, 2, 4 **(B) 1, 2, 3, 4** (C) 1, 2, 3 (D) 2, 3, 4
9. કયા વિભાગમાં નાગરિક ખતપત્ર યોજનાનો અમલ થતો નથી?
(A) કાનૂની બાબતો અને સંસદીય બાબતોનો વિભાગ (B) વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ
(C) મોસમ પરિવર્તન વિભાગ **(D) ઉપરોક્ત તમામ**

10. ગુજરાતમાં 'આપણો તાલુકો, વાયબ્રન્ટ તાલુકો' (ATVT) કાર્યક્રમ ક્યારે શરૂ કરાયો?
(A) 2005 (B) 2009 (C) 2010 **(D) 2011**

11. ગુજરાતમાં ATVT કાર્યક્રમ હેઠળ શું કરવામાં આવ્યું છે?
(A) તાલુકા કક્ષાના વહીવટી તંત્રને સંગીન બનાવવું.
(B) દરેક તાલુકામાં જન સેવા કેન્દ્ર ઊભું કરવું.
(C) તમામ વિભાગની સેવાઓ જન સેવા કેન્દ્રમાં ઉપલબ્ધ કરાવવી.
**(D) ઉપરોક્ત તમામ**

12. ગુજરાતમાં જન સેવા કેન્દ્રની શરૂઆત ક્યારે થઈ?
(A) 2009 (B) 2001 **(C) 2004** (D) 2011

## 77. માહિતીનો અધિકાર

1. નીચેનાં વિધાનો જાહેર વહીવટમાં પારદર્શિતાના સંદર્ભમાં વાંચો:
1. શાસકો અને શાસિતો વચ્ચે શાસનના વ્યવહારની બાબતમાં બધું જ ખુલ્લું હોય તેનું નામ પારદર્શિતા.
2. પારદર્શિતા એટલે વહીવટમાં એક્સ-રે જેવી તપાસ.
3. પારદર્શિતા એટલે શાસકો તેમના શાસન અંગે લોકોથી કશું જ ના છુપાવે.
4. શાસકોના શાસન વ્યવહારમાં તપાસ કરવાનો લોકોને આબાધિત અધિકાર છે.
ઉપરનાંમાંથી શું સાચું છે?
(A) 1, 2 (B) 1, 2, 3 **(C) 1, 2, 3, 4** (D) 2, 4

2. ભારતમાં જાહેર સેવાઓ વિશે 'રિપોર્ટ કાર્ડ'ની પદ્ધતિ કોણે સૌ પ્રથમ શોધી કાઢી?
**(A) પબ્લિક અફેર્સ સેન્ટર - બેંગલોર** (B) સેવા - અમદાવાદ
(C) વાણી - દિલ્લી (D) કોમન કોઝ - દિલ્લી

3. ભારતમાં માહિતી અધિકાર ધારો ક્યારે અમલમાં આવ્યો?
(A) તા-2-10-2005 **(B) 12-10-2005** (C) તા-15-6-2005 (D) 23-4-2005

4. કેન્દ્રીય માહિતી પંચની રચના કોણ કરે છે?
(A) વડા પ્રધાન **(B) રાષ્ટ્રપતિ**
(C) વડા પ્રધાન અને લોકસભાના વિરોધ પક્ષના નેતા (D) રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ

5. માહિતીના અધિકારનો અર્થ શો છે?
1. સરકારી કામો, દસ્તાવેજો અને નોંધોનું નિરીક્ષણ.
2. સરકારી દસ્તાવેજો, નોંધોની નોંધ, સારાંશ કે પ્રમાણિત નકલો મેળવવી.
3. સામગ્રીના પ્રમાણિત નમૂના મેળવવા.
4. પ્રિન્ટ-આઉટ, ડિસ્ક, ફ્લોપી, ટેપ, વિડિયો કેસેટ કે બીજી કોઈ રીતે માહિતી મેળવવી.
ઉપરનાંમાંથી શું સાચું છે?
(A) ઉપરનાંમાંથી એક પણ નહિ. (B) 1, 2 **(C) 1, 2, 3, 4** (D) 2, 4

6. માહિતી અધિકાર ધારા હેઠળ માહિતીનો અર્થ શું છે?
(A) નોંધો અને દસ્તાવેજો (B) મેમો અને ઈ-મેલ
(C) અભિપ્રાયો અને સલાહ **(D) ઉપરોક્ત તમામ**

7. રાજ્ય માહિતી પંચની નિમણૂક કોણ કરે છે?
(A) મુખ્ય પ્રધાન **(B) રાજ્યપાલ**
(C) મુખ્ય પ્રધાન અને વિધાનસભાના વિપક્ષી નેતા (D) વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિની સલાહથી મુખ્ય પ્રધાન

8. રાજ્ય માહિતી પંચમાં મુખ્ય માહિતી કમિશનર ઉપરાંત કેટલા માહિતી કમિશનર હોય છે?
   (A) 10થી ઓછા નહિ **(B) 10થી વધુ નહિ** (C) 5 (D) 5થી 10
9. રાજ્ય માહિતી પંચમાં કોણ ફરિયાદ કરી શકે છે?
   (A) જાહેર માહિતી અધિકારીની નિમણૂક થઈ નથી માટે માહિતી મેળવવા માટે વિનંતી થઈ શકતી નથી.
   (B) જે માહિતી માટે વિનંતી કરવામાં આવી છે તે આપવાનો ઈન્કાર કરવામાં આવે.
   (C) નિશ્ચિત સમય મર્યાદામાં માહિતી મળી ના હોય.
   **(D) ઉપરોક્ત તમામ**
10. રાજ્ય માહિતી પંચને શાનો અધિકાર છે?
   (A) તે અપીલ સાંભળે. (B) વાજબી કારણ જણાય તો તપાસનો હુકમ કરે.
   (C) દીવાની અદાલત જેવી તમામ સત્તા. **(D) ઉપરોક્ત તમામ**
11. રાજ્ય માહિતી પંચને નીચેનામાંથી કઈ બાબતની સત્તા છે?
   1. દસ્તાવેજો અને સાક્ષીઓને તપાસવા માટે સમન્સ જારી કરવા.
   2. સોગંધનામા સાથે પુરાવા મેળવવા.
   3. દસ્તાવેજો શોધવા અને ચકાસવા.
   4. કોઈ પણ અદાલત કે કચેરીમાંથી જાહેર દસ્તાવેજો કે નકશા મેળવવા.
   ઉપરનાંમાંથી શું સાચું છે?
   (A) 1, 3 (B) 1, 4 **(C) 1, 2, 3, 4** (D) 1, 2
12. ભારતના માહિતી અધિકાર ધારાના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચો:
   1. માહિતી મેળવવા માટેની અરજી સાથે ફી ચૂકવવી જરૂરી છે.
   2. બીપીએલ માટે ફી ચૂકવવાનું જરૂરી નથી.
   3. માહિતી શા માટે માગવામાં આવી છે તેનાં કારણો આપવાનું જરૂરી નથી.
   4. માહિતી મેળવવા માટે કરાયેલી અરજીની તારીખથી 30 દિવસમાં માહિતી મળવી જોઈએ.
   ઉપરોક્ત વિધાનોમાંથી શું સાચું છે?
   **(A) 1, 2, 3, 4** (B) 1, 2, 3 (C) 2, 3, 4 (D) 1, 3
13. રાજ્ય માહિતી પંચ કોઈ જાહેર સત્તાવાળા પાસે પોતાના હુકમોનો અમલ કરવાની બાબતમાં કઈ સત્તા ધરાવે છે?
   1. અમુક નિશ્ચિત સ્વરૂપમાં માહિતી પૂરી પાડવી.
   2. વિવિધ શ્રેણીમાં માહિતીનું પ્રકાશન.
   3. કાયદા હેઠળ દંડ લાદવો.
   4. અરજદારને કોઈ નુકસાન થયું હોય તો તે માટે વળતર માગવું.
   ઉપરનાંમાંથી શું ખોટું નથી?
   (A) 1, 2, 3 **(B) 1, 2, 3, 4** (C) 2, 3, 4 (D) 3, 4
14. કોઈ પણ જાહેર સત્તાવાળાએ માહિતી અધિકાર ધારા હેઠળ કઈ માહિતી આપમેળે જાહેર કરવાની હોય છે?
   1. કાર્યો બજાવવા માટે તેના દ્વારા નક્કી કરાયેલાં ધોરણો.
   2. બજેટ, તમામ યોજનાઓ અને ખર્ચ.
   3. સબસિડીના કાર્યક્રમોના અમલની રીત.
   4. આપવામાં આવતી રાહતો અને પરવાના.
   ઉપરનાંમાંથી શું સાચું છે?
   (A) 2, 3, 4 (B) 1, 2, 4 (C) 1, 2, 3 **(D) 1, 2, 3, 4**

15. માહિતી અધિકાર ધારા હેઠળ કોણ માહિતી આપવા માટે બંધાયેલું છે?
(A) ગ્રામ પંચાયત (B) તાલુકા પંચાયત (C) જિલ્લા પંચાયત **(D) ઉપરોક્ત તમામ**

16. જાહેર માહિતી અધિકારીની ફરજ કઈ છે?
1. માહિતી માગનારને લેખિત વિનંતી કરવા મદદ કરે.
2. માહિતી માગનારને 30 દિવસમાં માહિતી આપે.
3. તે માહિતી માગનારને માહિતી ના આપે તો તે ન આપવાનાં કારણો જણાવવાં.
4. અન્ય સત્તાવાળા પાસે માહિતી હોય તો તેને પાંચ દિવસમાં અરજી મોકલી આપે.
ઉપરનાંમાંથી શું સાચું છે?
(A) 1, 2 (B) 1, 3 **(C) 1, 2, 3, 4** (D) 2, 4

17. માહિતી અધિકાર ધારા હેઠળ જો કોઈ વ્યક્તિના જીવન અને સ્વતંત્રતા સંબંધી માહિતી માગવામાં આવે તો તે કેટલા સમયમાં પૂરી પાડવાનું ફરજિયાત છે?
(A) 30 દિવસ (B) 5 દિવસ **(C) 48 કલાક** (D) 10 દિવસ

18. નીચેનાંમાંથી કોની પાસેથી માહિતી અધિકાર ધારા હેઠળ માહિતી માગી શકાય?
(A) સરકારનો કોઈ વિભાગ (B) વિધાનસભા સચિવાલય
(C) મહાનગરપાલિકા **(D) ઉપરોક્ત તમામ**

19. નીચેનામાંથી કોની પાસેથી માહિતી માંગી શકાય?
(A) સરકારની ગ્રાન્ટ મેળવતી શાળા (B) સરકારની ગ્રાન્ટ મેળવતી કોલેજ
(C) સરકારની ગ્રાન્ટ મેળવતી યુનિવર્સિટી **(D) ઉપરોક્ત તમામ**

20. માહિતી અધિકાર ધારા અન્વયે માહિતી પૂરી પાડવાની જેની ફરજ છે એ જાહેર સત્તાવાળા કોને કહેવાય છે?
(A) બંધારણ હેઠળ કે તેના દ્વારા રચાયેલાં સત્તામંડળો.
(B) સંસદના કોઈ કાયદા દ્વારા રચાયેલું સત્તામંડળ.
(C) વિધાનસભાના કોઈ કાયદા હેઠળ રચાયેલું સત્તામંડળ.
**(D) ઉપરોક્ત તમામ**

21. જો જાહેર માહિતી અધિકારી માહિતી ના પૂરી પાડે તો -
(A) જિલ્લા માહિતી પંચમાં અપીલ થઈ શકે. **(B) રાજ્ય માહિતી પંચમાં અપીલ થઈ શકે.**
(C) તાલુકા માહિતી પંચમાં અપીલ થઈ શકે. (D) શહેર માહિતી પંચમાં અપીલ થઈ શકે.

22. માહિતી અધિકાર ધારા હેઠળ કોને માહિતી ગણવામાં આવે છે?
(A) અખબારી નિવેદનો (B) પરિપત્રો અને હુકમો
(C) નમૂના અને લૉગબૂક **(D) ઉપરોક્ત તમામ**

23. માહિતી અધિકાર ધારા હેઠળ કોઈ ખાનગી સંસ્થાના સંદર્ભમાં શાની જોગવાઈ છે?
**(A) જાહેર સત્તાવાળા જે માહિતી ખાનગી સંસ્થા પાસેથી માગી શકે તે મળી શકે.**
(B) ખાનગી સંસ્થા પાસેથી કોઈ પણ માહિતી મળી શકે નહિ.
(C) ખાનગી સંસ્થાએ લોકોને માહિતી આપવી જરૂરી છે અને તે માટે તેણે પ્રાથમિક માહિતી અધિકારીની નિમણૂક કરવી પડે.
(D) અદાલતમાં જઈને જ ખાનગી સંસ્થા પાસેથી માહિતી મળી શકે.

24. માહિતી અધિકાર ધારો ભારતની સંસદે ક્યારે પસાર કર્યો?
(A) તા-3-10-2005 **(B) તા-15-06-2005** (C) તા-12-10-2005 (D) તા-31-12-2005

25. માહિતી અધિકાર ધારાના સંદર્ભમાં રાજ્ય સરકારની ભૂમિકા શું છે?
(A) લોકોને સાચી માહિતી સમયસર મળે તેને પ્રોત્સાહન આપવું.
(B) અધિકારીઓને માહિતી અધિકાર ધારા અંગે તાલીમ આપવી અને તે અંગેની સામગ્રી વિકસાવવી.
(C) ગ્રાહક માર્ગદર્શિકા તૈયાર કરવી અને તેનો પ્રચાર-પ્રસાર કરવો.
**(D) ઉપરોક્ત તમામ**

26. માહિતી અધિકાર ધારાના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચોઃ
1. રાજ્ય માહિતી પંચ કોઈ પણ સત્તામંડળના આદેશોને અધીન થશે નહિ.
2. રાજ્યપાલ રાજ્ય માહિતી કમિશનરને શપથ લેવડાવે છે.
3. રાજ્ય માહિતી પંચ રાજ્ય સરકારની મંજૂરીથી રાજ્યના જુદા જુદા ભાગોમાં અન્ય કચેરીઓ સ્થાપી શકે છે.
4. રાજ્ય માહિતી પંચમાં કમિશનરોની નિમણૂક માટેની નિમણૂક સમિતિના વડા રાજ્યપાલ હોય છે.
ઉપરનાંમાંથી શું સાચું છે?
(A) 2, 3, 4 **(B) 1, 2, 3** (C) 1, 3, 4 (D) 1, 2, 4

27. માહિતી અધિકાર ધારો લાવવાનો હેતુ શો છે?
1. લોકશાહી માટે માહિતગાર નાગરિકો જરૂરી છે.
2. માહિતીની પારદર્શકતા લોકશાહી પ્રજાસત્તાક માટે જરૂરી છે.
3. ભ્રષ્ટાચારને નાથવો છે.
4. સરકારો શાસિતો પ્રત્યે જવાબદાર બને.
ઉપરનાંમાંથી શું સાચું છે?
(A) 1, 2, 3 (B) 1, 3, 4 **(C) 1, 2, 3, 4** (D) 1, 2, 4

28. માહિતી કમિશનર વિશે નીચેનામાંથી કઈ બાબત સાચી છે?
1. તેમની નિમણૂક 5 વર્ષની મુદત માટે થાય છે.
2. તેઓ 65 વર્ષના થાય ત્યાં સુધી હોદ્દા પર રહે છે.
3. મુખ્ય માહિતી કમિશનરની નિમણૂક ફરીથી થતી નથી.
4. તેમને હોદ્દાના શપથ રાજ્યપાલ લેવડાવે છે.
ઉપરનાંમાંથી શું સાચું છે?
**(A) 1, 2, 3, 4** (B) 1, 4 (C) 2, 3 (D) 3, 4

29. માહિતી અધિકાર ધારા હેઠળ કોઈ પણ જાહેર સત્તાવાળાએ કઈ માહિતી આપમેળે જાહેર કરવાની છે?
(A) તેના અધિકારીઓ અને કર્મચારીઓની ડિરેક્ટરી.
(B) તેના દ્વારા થતાં ખર્ચ અને ફાળવણીના અહેવાલો.
(C) તેના દ્વારા રખાતા કે તેના અંકુશ હેઠળના વિવિધ પ્રકારના દસ્તાવેજોનું નિવેદન
**(D) ઉપરોક્ત તમામ**

30. માહિતી અધિકાર ધારા હેઠળ નિયમો બનાવવાની સત્તા કોની પાસે છે?
(A) કેન્દ્ર સરકાર (B) રાજ્ય સરકાર
(C) કોઈ પણ સક્ષમ સત્તાવાળા **(D) ઉપરોક્ત તમામ**

31. કેન્દ્રીય માહિતી પંચની નિમણૂક સમિતિમાં કોણ હોય છે?
(A) વડા પ્રધાન અને લોકસભાના અધ્યક્ષ
(B) વડા પ્રધાન, રાષ્ટ્રપતિ, લોકસભાના વિપક્ષી નેતા
(C) વડા પ્રધાન, લોકસભાના વિપક્ષી નેતા, ઉપરાષ્ટ્રપતિ

**(D) વડા પ્રધાન, લોકસભાના વિપક્ષી નેતા અને વડા પ્રધાન કહે તે પ્રધાન**

32. માહિતી કમિશનર તરીકેની નિમણૂક માટે કઈ લાયકાત છે?
   1. જાહેર જીવનમાં અગ્રણી વ્યક્તિ હોય.
   2. વિધાનસભાના સભ્ય ના હોય.
   3. સંસદના સભ્ય ના હોય.
   4. કોઈ વળતરજન્ય હોદ્દો ધરાવતા ના હોય.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   **(A) 1, 2, 3, 4** (B) 1, 2, 3 (C) 1, 2, 4 (D) 2, 3, 4

33. 'માહિતી અધિકાર ધારા હેઠળ માહિતી મેળવવા માટે સૌ પ્રથમ અરજી કોને કરવાની હોય છે?

   **(A) પ્રાથમિક માહિતી અધિકારી** (B) રાજ્ય માહિતી પંચ
   (C) રાજ્ય માહિતી અધિકારી (D) જિલ્લા માહિતી પંચ

34. રાજ્ય માહિતી પંચનો અહેવાલ કોની સમક્ષ રજૂ થાય છે?

   (A) વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ **(B) વિધાનસભા**
   (C) રાજ્યપાલ (D) મુખ્ય પ્રધાન

35. માહિતી અધિકાર ધારા હેઠળ કઈ માહિતી જાહેર ના થાય?
   1. રાજ્યની સલામતીને અસર કરે તેવી માહિતી.
   2. અદાલતે પ્રતિબંધ મૂક્યો હોય તેવી માહિતી.
   3. ધારાગૃહના વિશેષાધિકારનો ભંગ થતો હોય તેવી માહિતી.
   4. વિદેશી સરકાર પાસેથી મળેલી ખાનગી માહિતી.

   ઉપરનાંમાંથી શું સાચું છે?

   **(A) 1, 2, 3, 4** (B) 1, 2, 3 (C) 2, 3, 4 (D) 1, 3, 4

36. કોને માહિતી અધિકાર ધારા હેઠળ માહિતી આપવામાંથી મુક્તિ આપવામાં આવી છે?

   (A) CRPF (B) NSG (C) BSF **(D) ઉપરોક્ત તમામ**

37. રાજ્ય માહિતી પંચમાં ક્યારે અપીલ કરી શકાય?

   (A) જ્યારે પ્રાથમિક માહિતી અધિકારીની નિમણૂક ના થઈ હોય.
   (B) માહિતી આપવાનો પ્રાથમિક માહિતી અધિકારી ઈન્કાર કરે અને એ નિર્ણયને પ્રથમ અપીલ ઓથોરિટી માન્ય રાખે.
   (C) નિર્ધારિત સમય મર્યાદામાં કોઈ પ્રતિભાવ ના મળે.
   **(D) ઉપરોક્ત તમામ**

38. રાજ્ય માહિતી પંચમાં ક્યારે અપીલ કરી શકાય?

   (A) મળેલી માહિતી અપૂર્ણ લાગે.
   (B) મળેલી માહિતી ખોટી લાગે.
   (C) મળેલી માહિતી ગેરમાર્ગે દોરનારી લાગે.
   **(D) ઉપરોક્ત તમામ**

39. રાજ્ય માહિતી પંચને શાની સત્તા છે?
   1. પ્રાથમિક માહિતી અધિકારીની નિમણૂક માટે આદેશ આપવો.
   2. માહિતી આપવાનો ઈન્કાર થવાથી નુકસાન થયું હોય તો અરજદારને વળતર આપવું.
   3. કાયદાના પાલન અંગેનો અહેવાલ દર વર્ષે જાહેર સત્તાવાળા પાસેથી માગવો.
   4. અધિકારીઓ માટે તાલીમની જોગવાઈ કરવી.

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3, 4** (B) 1, 4 (C) 2, 4 (D) 2, 3

40. એપેલેટ ઓથોરિટી ચુકાદો આપે પછી કેટલા સમયમાં રાજ્ય માહિતી પંચમાં અપીલ કરી શકાય?

(A) 365 દિવસ **(B) 90 દિવસ** (C) 30 દિવસ (D) 15 દિવસ

41. માહિતી અધિકાર ધારા હેઠળ પ્રાથમિક માહિતી અધિકારીને ક્યારે દંડ થઈ શકે?

(A) અરજી સ્વીકારે નહિ (B) વાજબી કારણ વિના માહિતી આપવામાં વિલંબ કરે.

(C) બદઈરાદાથી માહિતી આપવાનો ઈન્કાર કરે. **(D) ઉપરોક્ત તમામ**

42. માહિતી અધિકાર ધારા હેઠળ પ્રાથમિક માહિતી અધિકારીને ક્યારે દંડ થઈ શકે?

(A) જાણી જોઈને ખોટી માહિતી આપે. (B) જે માહિતી માગવામાં આવી હોય તેનો નાશ કરે.

(C) માહિતી આપવા આડે અવરોધ ઊભો કરે. **(D) ઉપરોક્ત તમામ**

43. પ્રાથમિક માહિતી અધિકારીના નિર્ણય સામે પ્રથમ અપીલ કેટલા સમયમાં કરવી જરૂરી છે?

(A) 5 દિવસ (B) 60 દિવસ (C) 15 દિવસ **(D) 30 દિવસ**

44. રાજ્ય માહિતી પંચના નિર્ણય સામે ક્યાં અપીલ થઈ શકે?

**(A) વડી અદાલત** (B) જિલ્લા અદાલત (C) કલેક્ટર (D) DDO

45. માહિતી અધિકાર ધારાના અમલમાં પડતી મુસીબતો દૂર કરવાની સત્તા કોની છે?

**(A) સરકાર** (B) વડી અદાલત (C) સર્વોચ્ચ અદાલત (D) રાજ્ય તકેદારી પંચ

## 78. સામાજિક અન્વેષણ (Social Audit)

1. સામાજિક અન્વેષણ સામાન્ય રીતે કોણ કરે છે?

**(A) નાગરિક** (B) સરકાર (C) બિન-સરકારી સંગઠનો (D) સરકારી કંપનીઓ

2. સામાજિક અન્વેષણ શાને માટે હાથ ધરાય છે?

**(A) સરકારી યોજનાઓ માટે** (B) ખાનગી કંપનીઓ માટે

(C) સરકારી કંપનીઓ માટે (D) ખાનગી વેપાર-ધંધા માટે

3. સામાજિક અન્વેષણના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચોઃ

1. તે સતત ચાલતી પ્રક્રિયા છે.
2. તેમાં જાહેર યોજનાઓના ખર્ચનું જાહેર મૂલ્યાંકન કરાય છે.
3. તેમાં સરકારી યોજનાઓના અમલની ગુણવત્તા ચકાસતા થાય છે.
4. તેમાં સરકારી કાર્યક્રમના અમલની જથ્થાત્મક ચકાસણી થાય છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 3, 4 (B) 2, 4 (C) 1, 2 **(D) 1, 2, 3, 4**

4. સામાજિક અન્વેષણનો પાયાનો ઉદ્દેશ શું છે?

(A) સરકારી પરિયોજનાઓના અમલમાં પારદર્શિતા લાવવી.

(B) સરકારી યોજનાઓના અમલમાં ઉત્તરદાયિત્વ ઊભું કરવું.

(C) સરકારી નીતિઓ અને કાયદાઓના અમલમાં પારદર્શિતા અને ઉત્તરદાયિત્વ ઊભાં કરવાં.

**(D) ઉપરોક્ત તમામ**

5. ભારતમાં સામાજિક અન્વેષણની શરૂઆત સૌ પ્રથમ ક્યાં થઈ હતી?

(A) ગુજરાત (B) આંધ્રપ્રદેશ (C) મણિપુર **(D) રાજસ્થાન**

6. સામાજિક અન્વેષણથી કયો લાભ થાય છે?

(A) સમુદાયને સહભાગી સ્થાનિક આયોજનની તાલીમ મળે છે.

(B) સ્થાનિક લોકશાહીને પ્રોત્સાહન મળે છે

(C) સમુદાયની સહભાગિતાને પ્રોત્સાહન મળે છે.

**(D) ઉપરોક્ત તમામ**

7. સામાજિક અન્વેષણનો શો લાભ થાય છે?

(A) તકવંચિત જૂથોને લાભ મળે છે.

(B) સામૂહિક નિર્ણય પ્રક્રિયાને પ્રોત્સાહન મળે છે.

(C) માનવ સંસાધનો અને સામાજિક મૂડીનો વિકાસ થાય છે.

**(D) ઉપરોક્ત તમામ**

8. સામાજિક અન્વેષણમાં નાગરિકો સમક્ષ શું રજૂ થાય છે?

(A) બજેટની ફાળવણી. (B) લાભાર્થીઓનાં નામ.

(C) લાભાર્થીઓને થયેલો લાભ. **(D) ઉપરોક્ત તમામ**

9. સામાજિક અન્વેષણમાં નાગરિકો સમક્ષ શું રજૂ થાય છે?

(A) કોઈ પણ યોજનાનો લાભ લેનારાનાં નામ અને તેમણે કામ કર્યું હોય તો હાજરીપત્રક.

(B) નાણાકીય ચુકવણી કરાઈ હોય તો વાઉચરો.

(C) તમામ પ્રકારનાં બિલો અને વાઉચરો.

(D) ઉપરોક્ત તમામ

10. સામાજિક અન્વેષણમાં નાગરિકો સમક્ષ શું રજૂ થાય છે?

1. સરકારના હિસાબો.
2. નાગરિકોને સરકાર દ્વારા આપવામાં આવેલાં પરવાના, મુક્તિઓ, કરારો.
3. તમામ પ્રકારનાં નોંધણીપત્રકો.
4. **ઉપરોકત તમામ**

11. સામાજિક અન્વેષણ કરનારાને કયો અધિકાર હોવો જોઈએ?

1. અમલકર્તા સંસ્થા પાસેથી કોઈ પણ મુદ્દે ખુલાસો માગી શકે.
2. કોઈ પણ આવક કે ખર્ચ વિશે અમલકર્તા સંસ્થા પાસેથી ખુલાસો માગી શકે.
3. તમામ સરકારી પ્રવૃત્તિઓ અંગેના દસ્તાવેજો જોવા-તપાસવા માગી શકે.
4. તમામ સરકારી પ્રવૃતિઓ વિશેની નોંધો, અહેવાલોની ચકાસણી કરી શકે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 3 **(B) 1, 2, 3, 4** (C) 2, 3, 4 (D) 1, 3, 4

12. સામાજિક અન્વેષણમાં સરકાર દ્વારા નાગરિકો સમક્ષ શું રજૂ કરવામાં આવે છે?

1. તમામ પ્રકારનાં પ્રમાણપત્રો.
2. તમામ પ્રકારની મંજૂરીઓ.
3. તમામ પ્રકારના ખર્ચ વિશેની વિગતો.
4. તમામ વહીવટી અને વિકાસલક્ષી ખર્ચની વિગતો.

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3, 4** (B) 1, 2, 3 (C) 1, 2, 4 (D) 2, 3, 4

13. સામાજિક અન્વેષણના સંદર્ભમાં નીચેનાં વિધાનો વાંચોઃ

1. તે એક પ્રક્રિયા છે, પ્રસંગ નથી.
2. તે લોકશાહી સ્થાનિક શાસનના સિદ્ધાંત પર આધારિત છે.
3. તે કોઈ પણ સંગઠનની સામાજિક અને નૈતિક કામગીરી સુધારવા માટે તે માપવાની, સમજવાની અને રજૂ કરવાની રીત છે.

4. તે કોઈ પણ પ્રવૃત્તિની સામાજિક અસર ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે.

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3** (B) 2, 3, 4 **(C) 1, 2, 3, 4** (D) 3, 4

14. સામાજિક અન્વેષણનો ઉદ્દેશ શું છે?

(A) સામાજિક વિકાસ માટે પ્રાપ્ય સંસાધનો અને તેની જરૂરિયાતો વચ્ચેની ભૌતિક અને નાણાકીય ખાઈની આકારણી કરવી.

(B) લાભાર્થીઓમાં જાગૃતિ લાવવી.

(C) વિકાસલક્ષી કાર્યક્રમોની અસરકારકતા વધારવી.

**(D) ,ઉપરોક્ત તમામ**

15. સામાજિક અન્વેષણનો ઉદ્દેશ શું છે?

1. સ્થાનિક સ્તરે સેવાઓ પૂરી પાડનારામાં જાગૃતિ.
2. વિવિધ નીતિવિષયક નિર્ણયો ચકાસવા.
3. હિતધારકોનાં હિતો અને પ્રાથમિકતાઓને ધ્યાનમાં લેવાં.
4. જાહેર સેવા સમયસર ના મળે તો તેનાથી નાગરિકોને થતું નુકસાન જોવું.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 3 (B) 2, 4 **(C) 1, 2, 3, 4** (D) 3, 4

16. ગ્રામ વિસ્તારોમાં સામાજિક અન્વેષણ માટે સૌથી યોગ્ય સંસ્થા કઈ છે?

(A) ગ્રામ પંચાયત **(B) ગ્રામ સભા**

(C) સામાજિક ન્યાય સમિતિ (D) જિલ્લા પંચાયત

## 79. ફરિયાદ નિવારણ તંત્ર

1. ગુજરાત સરકારે નાગરિકોની ફરિયાદોના નિવારણ માટે કયો પ્રોજેક્ટ અમલમાં મૂક્યો છે?

(A) ઈ-ગ્રામ **(B) સ્વાગત**

(C) નિર્મલ ગ્રામ (D) ઉપરનાંમાંથી એક પણ નહિ

2. નાગરિકોની ફરિયાદોના નિવારણ માટેનો 'સ્વાગત' પ્રોજેક્ટ ગુજરાત સરકારની કોની કચેરી સાથે સંબંધિત છે?

**(A) મુખ્ય પ્રધાન** (B) નાણાં પ્રધાન (C) કાયદા પ્રધાન (D) મહેસૂલ પ્રધાન

3. નાગરિકોની ફરિયાદોના નિવારણ માટેના ગુજરાત સરકારના 'સ્વાગત' પ્રોજેક્ટની શરૂઆત ક્યારે થઈ?

(A) 2004 **(B) 2003** (C) 2014 (D) 2001

4. ગુજરાત સરકારના 'સ્વાગત' પ્રોજેક્ટ વિશે નીચેનાં વિધાનો વાંચો:

1. તેનો હેતુ સુશાસનને મજબૂત કરવાનો છે.
2. તેનો હેતુ નાગરિકોની ફરિયાદોનું ઝડપથી નિવારણ કરવાનો છે.
3. જો જરૂરી હોય તો નાગરિકોની ફરિયાદોનું નિવારણ છેક ઉપરનાં સ્તરથી થાય.
4. તેમાં સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા ફરિયાદોના નિવારણની ગુણવત્તા ઉપર દેખરેખ રખાય.

ઉપરનાંમાંથી શું સાચું છે?

**(A) 1, 2, 3, 4** (B) 3, 4 (C) 2, 4 (D) 1, 4

5. નાગરિકોની ફરિયાદોના નિવારણ માટેના ગુજરાત સરકારના 'સ્વાગત' પ્રોજેક્ટ વિશે નીચેનાં વિધાનો વાંચો:

1. તેમાં તમામ સ્તરે આવતી ફરિયાદોનું વિશ્લેષણ કરાય.
2. તેમાં તમામ સ્તરે ફરિયાદોના નિવારણની ગુણવત્તા પર ધ્યાન અપાય.

3. રાજ્ય અને જિલ્લા-તાલુકા સ્તરે ફરિયાદોના નિવારણ માટે વહીવટી તંત્રને મજબૂત કરવું.
4. છેક ઉપલા સ્તરે પણ નાગરિકોની ફરિયાદો ઉપર ધ્યાન અપાય.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 3 (B) 2, 3, 4 (C) 2, 4 **(D) 1, 2, 3, 4**

6. નાગરિકોની ફરિયાદોના નિવારણ માટેના ગુજરાત સરકારના પ્રોજેક્ટ 'સ્વાગત'નો લાભ શું છે?
(A) સામાન્ય નાગરિક રાજ્યના ઉચ્ચ સત્તાધીશનો સંપર્ક ફરિયાદના નિવારણ માટે કરી શકે છે.
(B) તે નાગરિકોનાં ખર્ચ અને સમય બચાવે છે
(C) પોતાની ફરિયાદની સ્થિતિ શું છે તે નાગરિક જાણી શકે છે.
**(D) ઉપરોક્ત તમામ**

7. 'સ્વાગત' પ્રોજેક્ટ હેઠળ ગુજરાતના મુખ્ય પ્રધાન ક્યારે ફરિયાદીને સાંભળે છે?
(A) દર મહિનામાં પ્રથમ સોમવારે **(B) દર મહિનાના ચોથા ગુરુવારે**
(C) દર મહિનાના ત્રીજા બુધવારે (D) દર મહિનાના બીજા શનિવારે

8. 'સ્વાગત' પ્રોજેક્ટ હેઠળ ગુજરાતમાં ફરિયાદોના નિવારણ ઉપર ક્યારે રાજ્ય, જિલ્લા અને તાલુકા સ્તરે ધ્યાન અપાય છે?
(A) દર મહિનાના પ્રથમ અને ત્રીજા શનિવારે **(B) દર મહિનાના ચોથા બુધવારે અને ગુરુવારે**
(C) દર મહિનાના પ્રથમ સોમવારે (D) દર મહિનાના બીજા અને ચોથા મંગળવારે

## 80. ગુજરાત નાગરિક જાહેર સેવા અધિકાર ધારો

1. ગુજરાત નાગરિક જાહેર સેવા અધિકાર ધારો ક્યારે ઘડાયો?
(A) 2014 **(B) 2013** (C) 2012 (D) 2006

2. ગુજરાત નાગરિક જાહેર સેવા અધિકાર ધારો શાનો હક ઊભો કરે છે?
(A) જાહેર સેવાઓ દરેક નાગરિકને નિર્ધારિત સમયમાં મળે.
(B) નાગરિકોની ફરિયાદોનું નિવારણ નિર્ધારિત સમય મર્યાદામાં થાય.
(C) જાહેર સેવાઓ વિનામૂલ્યે પ્રાપ્ત થાય.
**(D) A અને B**

3. ગુજરાત નાગરિક જાહેર સેવા અધિકાર ધારા હેઠળ ફરિયાદ નિવારણ અધિકારીની નિમણૂક ક્યાં થાય છે?
(A) રાજ્ય સરકારની તમામ કચેરીઓ (B) મહાનગરપાલિકાઓ
(C) નગરપાલિકાઓ **(D) ઉપરોક્ત તમામ**

4. ગુજરાત નાગરિક જાહેર સેવા અધિકાર ધારા હેઠળ ફરિયાદ નિવારણ અધિકારીની નિમણૂક ક્યાં થાય છે?
(A) જિલ્લા પંચાયત (B) તાલુકા પંચાયત (C) નોટિફાઇડ એરિયા **(D) ઉપરોક્ત તમામ**

5. ગુજરાત નાગરિક જાહેર સેવા અધિકાર ધારા હેઠળ જો ફરિયાદ નિવારણ અધિકારી ફરિયાદનો ઉકેલ ના લાવે તો કોને અપીલ કરી શકાય?
**(A) ડેઝિગ્નેટેડ ઓથોરિટી** (B) કલેક્ટર (C) DDO (D) TDO

6. ગુજરાત નાગરિક જાહેર સેવા અધિકાર ધારા હેઠળ જો ડેઝિગ્નેટેડ ઓથોરિટી ફરિયાદનું નિવારણ ના કરે તો કોને અપીલ કરી શકાય?
(A) રાજ્ય તકેદારી પંચ **(B) સ્ટેટ એપેલેટ ઓથોરિટી**
(C) જે તે જિલ્લાના S P (D) DDO

7. ગુજરાત નાગરિક જાહેર સેવા અધિકાર ધારા અન્વયે -
1. ફરિયાદનું નિવારણ ન કરનાર અધિકારીને દંડ થઈ શકે.
2. નાગરિકને વળતર મળી શકે.

3. રૂ. 10,000 સુધીનો દંડ અધિકારીને થઈ શકે.
4. દંડની રકમ અધિકારીના પગારમાંથી કપાય.

ઉપરનાંમાંથી શું સાચું છે?

(A) 1, 2, 3 (B) 1, 2, 4 **(C) 1, 2, 3, 4** (D) 1, 3, 4

8. ગુજરાત નાગરિક જાહેર સેવા અધિકાર ધારા હેઠળ સૌ પ્રથમ ફરિયાદ કોને કરવાની છે?

**(A) ફરિયાદ નિવારણ અધિકારી** (B) ડેઝિગ્નેટેડ ઓથોરિટી

(C) સ્ટેટ એપેલેટ ઓથોરિટી (D) કલેક્ટર

2015/16 31308



# લેખક પરિચય

પ્રો. હેમન્તકુમાર શાહ ગુજરાત વિદ્યાપીઠમાંથી અર્થશાસ્ત્ર વિષય સાથેની સમાજવિદ્યા વિશારદની સ્નાતક કક્ષાની પદવી ધરાવે છે. તેમણે ગુજરાત યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્ર વિષય સાથે ૧૯૭૯માં અનુસ્નાતકની પદવી પ્રાપ્ત કરી છે. ત્યાર બાદ તેમણે ગુજરાત વિદ્યાપીઠમાંથી શાંતિ સંશોધન વિદ્યા શાખામાં એમ.ફિલ.ની પદવી પ્રાપ્ત કરી હતી. તેમણે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્ર વિષયમાં પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. ઉપરાંત તેમણે ગુજરાત યુનિવર્સિટીમાંથી રાજ્યશાસ્ત્ર વિષયમાં પણ એમ.એ.ની પદવી પ્રાપ્ત કરેલી છે. અર્થશાસ્ત્રમાં એમ.એ.માં તેમણે યુનિવર્સિટીમાં દ્વિતીય ક્રમ અને રાજ્યશાસ્ત્રમાં યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ ઉપરાંત, તેમણે હિન્દી ભાષા અને સાહિત્યમાં ગૂજરાત વિદ્યાપીઠ અને રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ - વર્ધા (મહારાષ્ટ્ર)માંથી સ્નાતક કક્ષાની બે પદવીઓ પ્રાપ્ત કરેલી છે.

તેઓ અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર અને જાહેર વહીવટ વિષયોમાં અધ્યાપન કાર્ય કરે છે. અર્થશાસ્ત્ર વિષયમાં તેમનો અધ્યાપનનો ૨૦ વર્ષનો અનુભવ છે. છેલ્લાં ૧૬ વર્ષથી તેઓ અમદાવાદની એચ.કે.આર્ટ્સ કૉલેજમાં અર્થશાસ્ત્ર વિભાગમાં અધ્યાપન કાર્ય કરે છે. તેમણે ધ ટાઈમ્સ ઑફ ઈન્ડિયા અને ઈન્ડિયન એક્સપ્રેસ અખબારી જૂથોમાં વિવિધ અખબારોમાં ૧૪ વર્ષ પત્રકાર તરીકે કામ કર્યું હતું. છેલ્લે તેઓ ફાયનાન્સિયલ એક્સપ્રેસ અખબારમાં નાયબ મુખ્ય સમાચાર તંત્રી તરીકે કાર્ય બજાવતા હતા.

તેઓ લેખન કાર્યનો બહોળો અનુભવ ધરાવે છે. અર્થશાસ્ત્ર, વિકાસ, રાજ્યશાસ્ત્ર, પર્યાવરણ, પંચાયતી રાજ વગેરે ક્ષેત્રે તેમણે ૫૫ જેટલાં પુસ્તકો લખ્યાં છે. તેમણે નયામાર્ગ, અર્થસંકલન, વિશ્લેષણ, યોજના વગેરે જેવાં સામયિકો તથા ફાયનાન્સિયલ એક્સપ્રેસ, સંદેશ, ગુજરાત મિત્ર, ગુજરાત ગાર્ડિયન જેવાં અખબારોમાં આશરે ૨૫૦૦થી વધારે લેખો ઉપરોક્ત વિષયો વિશે લખ્યા છે. તેમણે ૧૫થી વધુ સંશોધનપત્રો વિવિધ પરિસંવાદો અને પરિષદોમાં રજૂ કર્યાં છે. તેઓ ઈન્ડિયન ઈકોનોમિક એસોસીએશન (આઈઈએ)ના કારોબારીના સભ્યપદે રહી ચૂક્યા છે. તેઓ હાલ ગુજરાત ઈકોનોમિક એસોસીએશન (જીઈએ)માં કારોબારીના સભ્યપદે કામ કરે છે. તેઓ અમદાવાદની અને ગુજરાતની સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવતા સ્પર્ધાત્મક પરીક્ષાઓના વર્ગોમાં વ્યાખ્યાન આપે છે. અમદાવાદની સરદાર પટેલ ઈન્સ્ટિટ્યુટ ઑફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન (સ્પિપા)માં પણ અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર અને જાહેર વહીવટ વિષયોમાં અધ્યાપન કાર્ય કરે છે. તેઓ ગુજરાત સરકારના રાજ્ય ગ્રામવિકાસ સંસ્થાન(એસઆઈઆરડી)માં વિવિધ વિષયો અંગે સરકારી અધિકારીઓને તાલીમ આપવા સાથે પણ જોડાયેલા છે. ૨૦૦૫-૦૬માં તેમણે ગુજરાત સરકારના દ્વિતીય રાજ્ય નાણાં પંચમાં કન્સલ્ટન્ટ તરીકે કામ કર્યું હતું અને નાણાં પંચનો અહેવાલ તૈયાર કરવામાં અગત્યની ભૂમિકા ભજવી હતી. તેઓ ગુજરાતનાં અને રાષ્ટ્રીય કક્ષાનાં વિવિધ બિન-સરકારી સંગઠનો સાથે પણ સક્રિય રીતે સંકળાયેલા છે.

ISBN: 978-93-853440-4-6

9 789385 344046

₹ 160/-

**યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય**
પાટનગર યોજના ભવન, ગુજરાત કોલેજ કમ્પાઉન્ડ (પાછળ)
જૂના શારદામંદિર ચાર રસ્તા, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : ૨૬૫૬૯૦૭૪ ♦ ૨૬૪૨૪૨૬૮ ♦ www.granthnirman.com